

નમો અરિહંતાણં
નમો સિધ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લેએ સવ્વ સાહુણં
એસો પંચ નમુકકારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

# જિનાગમ પ્રકાશન યોજના

પ. પૂ. આચાર્યશ્રી ઘાંસીલાલજી મહારાજ સાહેબ
કૃત વ્યાખ્યા સહિત

**DVD No. 2**
(Gujarati Edition)

**:: યોજનાના આયોજક ::**

શ્રી ચંદ્ર પી. દોશી - પીએચ.ડી.

website : www.jainagam.com

# SHRI BHAGAVATI SUTRA



## PART : 1

# શ્રી ભગવતી સૂત્ર : ભાગ– ૧

जैनाचार्य–जैनधर्मदिवाकर–पूज्यश्री–घासीलालजी–महाराज–
विरचितया प्रमेयचन्द्रिकाख्यया व्याख्यया समलङ्कृतं
हिन्दी-गुजर-भाषाऽनुवादसहितम्–

# ॥ भगवती-सूत्रम् ॥

# BHAGAVATI SUTRAM

प्रथमो भागः

नियोजकः

संस्कृत–प्राकृतज्ञ–जैनागमनिष्णात–प्रियव्याख्यानि–
पण्डितमुनि-श्रीकन्हैयालालजी-महाराजः

प्रकाशकः

राजकोटनिवासि–श्रेष्ठिनः श्रीमतः शामजीभाई वेलजीभाई
वीराणी तथा कडवीबाई वीराणी ट्रस्ट–प्रदत्त–द्रव्यसाहाय्येन
अ० भा० श्वे० स्था० जैनशास्त्रोद्धारसमितिप्रमुखः
श्रेष्ठि–श्रीशान्तिलाल–मङ्गलदासभाई–महोदयः

मु० राजकोट

| प्रथमा–आवृत्तिः | वीर–संवत् | विक्रम–संवत् | ईस्वीसन् |
|---|---|---|---|
| प्रति १००० | २४८७ | २०१७ | १९६१ |

मूल्यम्–रू० २०–०–०

મળવાનું ઠેકાણું :
શ્રી અ. ભા. શ્વે. સ્થાનકવાસી
જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ
ઠે. ગરેડિયા કુવારોડ, ગ્રીન લોજ
પાસે, રાજકોટ. (સૌરાષ્ટ્ર)

Published by :
Shri Akhil Bharat S. S.
Jain Shastoddhar Samti.
Garedia Kuva road. RAJKOT.
(Saurashtra) W. Ry India

×
પ્રથમ આવૃત્તિ : પ્રત ૧૦૦૦
વીર સંવત : ૨૪૮૭
વિક્રમ સંવત : ૨૦૧૭
ઈસ્વીસન : ૧૯૬૧
×

: મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ : : અમદાવાદ

# સ્વાધ્યાય માટે ખાસ સૂચના

(૧) આ સૂત્રના મૂલપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પ્રથમ પ્રહરે તથા ચોથા પ્રહરે કરાય છે.

(૨) પ્રાતઃઉષાકાળ, સન્ધ્યાકાળ, મધ્યાહ્ન, અને મધ્યરાત્રિમાં બે-બે ઘડી (૪૮ મિનિટ) વંચાય નહીં, સૂર્યોદયથી પહેલાં ૨૪ મિનિટ અને સૂર્યોદયથી પછી ૨૪ મિનિટ એમ બે ઘડી સર્વત્ર સમજવું.

(૩) માસિક ધર્મવાળાં સ્ત્રીથી વંચાય નહીં તેમજ તેની સામે પણ વંચાય નહીં. જ્યાં આ સ્ત્રીઓ ન હોય તે ઓરડામાં બેસીને વાંચી શકાય.

(૪) નીચે લખેલા ૩૨ અસ્વાધ્યાય પ્રસંગે વંચાય નહીં.

(૧) આકાશ સંબંધી ૧૦ અસ્વાધ્યાય કાલ.

(૧) **ઉલ્કાપાત**—મોટા તારા ખરે ત્યારે ૧ પ્રહર (ત્રણ કલાક સ્વાધ્યાય ન થાય.)

(૨) **દિગ્દાહ**—કોઈ દિશામાં અતિશય લાલવર્ણ હોય અથવા કોઈ દિશામાં મોટી આગ લગી હોય તો સ્વાધ્યાય ન થાય.

(૩) **ગર્જારવ**—વાદળાંનો ભયંકર ગર્જારવ સંભળાય. ગાજવીજ ઘણી જણાય તો ૨ પ્રહર ( છ કલાક) સ્વાધ્યાય ન થાય.

(૪) **નિર્ઘાત**—આકાશમાં કોઈ વ્યંતરાદિ દેવકૃત ઘોરગર્જના થઈ હોય, અથવા વાદળો સાથે વીજળીના કડાકા બોલે ત્યારે આઠ પ્રહર સુધી સ્વાધ્યાય ન થાય.

(૫) **વિદ્યુત**—વિજળી ચમકવા પર એક પ્રહર સ્વાધ્યાય ન થા.

(૬) **યૂપક**—શુક્લપક્ષની એકમ, બીજ અને ત્રીજના દિવસે સંધ્યાની પ્રભા અને ચંદ્રપ્રભા મળે તો તેને યૂપક કહેવાય. આ પ્રમાણે યૂપક હોય ત્યારે રાત્રિમાં પ્રથમા ૧ પ્રહર સ્વાધ્યાય ન કરવો.

(૭) **યક્ષાદીપ્ત**—કોઈ દિશામાં વીજળી ચમકવા જેવો જે પ્રકાશ થાય તેને યક્ષાદીપ્ત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૮) **ધુમિક કૃષ્ણ**—કારતકથી મહા માસ સુધી ધૂમાડાના રંગની જે સૂક્ષ્મ જલ જેવી ધૂમ્મસ પડે છે તેને ધૂમિકાકૃષ્ણ કહેવાય છે. તેવી ધૂમ્મસ હોય ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૯) **મહિકાશ્વેત**—શીતકાળમાં શ્વેતવર્ણવાળી સૂક્ષ્મ જલરૂપી જે ધુમ્મસ પડે છે. તે મહિકાશ્વેત છે ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૧૦) **રજઉદ્ઘાત**—ચારે દિશામાં પવનથી બહુ ધૂળ ઉડે. અને સૂર્ય ઢંકાઈ જાય. તે રજઉદ્ઘાત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૨) ઔદારિક શરીર સંબંધી ૧૦ અસ્વાધ્યાય

(૧૧-૧૨-૧૩) હાડકાં-માંસ અને રૂધિર આ ત્રણ વસ્તુ અગ્નિથી સર્વથા બળી ન જાય, પાણીથી ધોવાઈ ન જાય અને સામે દેખાય તો ત્યારે સ્વાધ્યાય ન કરવો. ફૂટેલું ઇંડુ હોય તો અસ્વાધ્યાય.

(૧૪) **મળ-મૂત્ર**—સામે દેખાય, તેની દુર્ગન્ધ આવે ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૫) **સ્મશાન**—આ ભૂમિની ચારે બાજુ ૧૦૦/૧૦૦ હાથ અસ્વાધ્યાય.

(૧૬) **ચંદ્રગ્રહણ**—જ્યારે ચંદ્રગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૮ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૭) **સૂર્યગ્રહણ**—જ્યારે સૂર્યગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૧૨ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૬ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૮) **રાજવ્યુદ્ગત**—નજીકની ભૂમિમાં રાજાઓની પરસ્પર લડાઈ થતી હોય ત્યારે, તથા લડાઈ શાન્ત થયા પછી ૧ દિવસ-રાત સુધી સ્વાધ્યાય ન કરવો.

(૧૯) **પતન**—કોઈ મોટા રાજાનું અથવા રાષ્ટ્રપુરુષનું મૃત્યુ થાય તો તેનો અગ્નિસંસ્કાર ન થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહીં તથા નવાની નિમણુંક ન થાય ત્યાં સુધી ઊંચા અવાજે સ્વાધ્યાય ન કરવો.

(૨૦) **ઔદારિક શરીર**—ઉપાશ્રયની અંદર અથવા ૧૦૦-૧૦૦ હાથ સુધી ભૂમિ ઉપર બહાર પંચેન્દ્રિયજીવનું મૃતશરીર પડ્યું હોય તો તે નિર્જીવ શરીર હોય ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો.

(૨૧થી ૨૮) **ચારે મહોત્સવ અને ચાર પ્રતિપદા**—આષાઢ પૂર્ણિમા, (ભૂતમહોત્સવ), આસો પૂર્ણિમા (ઇન્દ્ર મહોત્સવ), કાર્તિક પૂર્ણિમા (સ્કંધ મહોત્સવ), ચૈત્ર પૂર્ણિમા (યક્ષમહોત્સવ, આ ચાર મહોત્સવની પૂર્ણિમાઓ તથા તે ચાર પછીની કૃષ્ણપક્ષની ચાર પ્રતિપદા (એકમ) એમ આઠ દિવસ સ્વાધ્યાય ન કરવો.

(૨૯થી ૩૦) પ્રાતઃકાલે અને સન્ધ્યાકાળે દિશાઓ લાલકલરની રહે ત્યાં સુધી અર્થાત્ સૂર્યોદય અને સૂર્યાસ્તની પૂર્વે અને પછી એક-એક ઘડી સ્વાધ્યાય ન કરવો.

(૩૧થી ૩૨) મધ્ય દિવસ અને મધ્ય રાત્રિએ આગળ-પાછળ એક-એક ઘડી એમ બે ઘડી સ્વાધ્યાય ન કરવો.

ઉપરોક્ત અસ્વાધ્યાય માટેના નિયમો મૂલપાઠના અસ્વાધ્યાય માટે છે. ગુજરાતી આદિ ભાષાંતર માટે આ નિયમો નથી. વિનય એ જ ધર્મનું મૂલ છે. તેથી આવા આવા વિકટ પ્રસંગોમાં ગુરુની અથવા વડીલની ઇચ્છાને આજ્ઞાને જ વધારે અનુસરવાનો ભાવ રાખવો.

# स्वाध्याय के प्रमुख नियम

(१) इस सूत्र के मूल पाठ का स्वाध्याय दिन और रात्री के प्रथम प्रहर तथा चौथे प्रहर में किया जाता है ।

(२) प्रातः ऊषा-काल, सन्ध्याकाल, मध्याह्न और मध्य रात्री में दो-दो घडी (४८ मिनिट) स्वाध्याय नहीं करना चाहिए, सूर्योदय से पहले २४ मिनिट और सूर्योदय के बाद २४ मिनिट, इस प्रकार दो घड़ी सभी जगह समझना चाहिए।

(३) मासिक धर्मवाली स्त्रियों को स्वाध्याय नहीं करना चाहिए, इसी प्रकार उनके सामने बैठकर भी स्वाध्याय नहीं करना चाहिए, जहाँ ये स्त्रियाँ न हों उस स्थान या कक्ष में बैठकर स्वाध्याय किया जा सकता है ।

(४) नीचे लिखे हुए ३२ अस्वाध्याय-प्रसंगो में वाँचना नहीं चाहिए—

(१) आकाश सम्बन्धी १० अस्वाध्यायकाल

(१) **उल्कापात**—बड़ा तारा टूटे उस समय १ प्रहर (तीन घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२) **दिग्दाह**—किसी दिशा में अधिक लाल रंग हो अथवा किसी दिशा में आग लगी हो तो स्वाध्याय नहीं करना चाहिए ।

(३) **गर्जारव**—बादलों की भयंकर गडगडाहट की आवाज सुनाई देती हो, बिजली अधिक होती हो तो २ प्रहर (छ घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(४) **निर्घात**—आकाश में कोई व्यन्तरादि देवकृत घोर गर्जना हुई हो अथवा बादलों के साथ बिजली के कडाके की आवाज हो तब आठ प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(५) **विद्युत**—बिजली चमकने पर एक प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(६) **यूपक**—शुक्ल-पक्ष की प्रथमा, द्वितीया और तृतीया के दिनो में सन्ध्या की प्रभा और चन्द्रप्रभा का मिलान हो तो उसे यूपक कहा जाता है। इस प्रकार यूपक हो उस समय रात्री में प्रथमा १ प्रहर स्वाध्याय नहीं करना चाहिए ।

(७) **यक्षादीप्त**—यदि किसी दिशा में बिजली चमकने जैसा प्रकाश हो तो उसे यक्षादीप्त कहते हैं, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(८) **धूमिका कृष्ण**—कार्तिक से माघ मास तक धूँए के रंग की तरह सूक्ष्म जल के जैसी धूमस (कोहरा) पड़ता है उसे धूमिका कृष्ण कहा जाता है इस प्रकार की धूमस हो उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(९) **महिकाश्वेत**—शीतकाल में श्वेत वर्णवाली सूक्ष्म जलरूपी जो धूमस पड़ती है वह महिकाश्वेत कहलाती है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(१०) **रजोद्घात**—चारों दिशाओं में तेज हवा के साथ बहुत धूल उडती हो और सूर्य ढँक गया हो तो रजोद्घात कहलाता है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(२) ऐतिहासिक शरीर सम्बन्धी १० अस्वाध्याय—

(११,१२,१३) हाड-मांस और रुधिर ये तीन वस्तुएँ जब-तक अग्नि से सर्वथा जल न जाएँ, पानी से धुल न जाएँ और यदि सामने दिखाई दें तो स्वाध्याय नहीं करना चाहिए । फूटा हुआ अण्डा भी हो तो भी अस्वाध्याय होता है ।

(१४) **मल-मूत्र**—सामने दिखाई हेता हो, उसकी दुर्गन्ध आती हो तब-तक अस्वाध्याय होता है ।

(१५) **श्मशान**—इस भूमि के चारों तरफ १००-१०० हाथ तक अस्वाध्याय होता है ।

(१६) **चन्द्रग्रहण**—जब चन्द्रग्रहण होता है तब जघन्य से ८ मुहूर्त और उत्कृष्ट से १२ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१७) **सूर्यग्रहण**—जब सूर्यग्रहण हो तब जघन्य से १२ मुहूर्त और उत्कृष्ट से १६ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१८) **राजव्युद्गत**—नजदीक की भूमि पर राजाओं की परस्पर लड़ाई चलती हो, उस समय तथा लड़ाई शान्त होने के बाद एक दिन-रात तक स्वाध्याय नहीं करना चाहिए ।

(१९) **पतन**—कोई बड़े राजा का अथवा राष्ट्रपुरुष का देहान्त हुआ हो तो अग्निसंस्कार न हो तब तक स्वाध्याय नहीं करना चाहिए तथा उसके स्थान पर जब तक दूसरे व्यक्ति की नई नियुक्ति न हो तब तक ऊंची आवाज में स्वाध्याय नहीं करना चाहिए ।

(२०) **औदारिक शरीर**—उपाश्रय के अन्दर अथवा १००-१०० हाथ तक भूमि पर उपाश्रय के बाहर भी पञ्चेन्द्रिय जीव का मृत शरीर पड़ा हो तो जब तक वह निर्जीव शरी वहाँ पड़ा रहे तब तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२१ से २८) **चार महोत्सव और चार प्रतिपदा**—आषाढ़ी पूर्णिमा (भूत महोत्सव), आसो पूर्णिमा (इन्द्रिय महोत्सव), कार्तिक पूर्णिमा (स्कन्ध महोत्सव), चैत्र पूर्णिमा (यक्ष महोत्सव) इन चार महोत्सवों की पूर्णिमाओं तथा उससे पीछे की चार, कृष्ण पक्ष की चार प्रतिपदा (ऐकम) इस प्रकार आठ दिनों तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२९ से ३०) प्रातःकाल और सन्ध्याकाल में दिशाएँ लाल रंग की दिखाई दें तब तक अर्थात् सूर्योदय और सूर्यास्त के पहले और बाद में एक-एक घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

(३१ से ३२) मध्य दिवस और मध्य रात्री के आगे-पीछे एक-एक घड़ी इस प्रकार दो घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

उपरोक्त अस्वाध्याय सम्बन्धी नियम मूल पाठ के अस्वाध्याय हेतु हैं, गुजराती आदि भाषान्तर हेतु ये नियम नहीं है । विनय ही धर्म का मूल है तथा ऐसे विकट प्रसंगों में गुरू की अथवा बड़ों की इच्छा एवं आज्ञाओं का अधिक पालन करने का भाव रखना चाहिए ।

श्री भगवतीसूत्र भाग प्रथम (श. १, उ. १-५) की

## विषयानुक्रमणिका


| अनु. | विषय | पाना नं. |
|---|---|---|
| १ | मंगला चरण | १ |
| २ | प्रथम उद्देशककी अवतरणा | १७ |
| ३ | विआहपन्नती शब्दका अर्थ | १८ |
| ४ | मंगलाचरणकी आवश्यकता | २१ |
| ५ | अर्हदादि नर्मकार विचार | २२ |
| ६ | पूर्वपश्वान्नमस्कार चर्चा | २७ |
| ७ | ब्राह्मीलिपि नमस्कार विचार | २९ |
| ८ | मगलाचरणावश्यत्तकता चर्चा | ३० |
| ९ | विषयादि अनुबन्ध चतुष्टय चर्चा | ३१ |
| १० | दश उद्देशकार्थ संग्रहगाथा का अर्थ | ३३ |
| ११ | भावश्रुत नमस्कार | ३४ |
| १२ | राजगृहनगर और श्रेणिकराजका वर्णन | ३५ |
| १३ | श्री महावीरस्वामी का वर्णन | ३५ |
| १४ | श्री गौतमस्वामी का वर्णन | ४८ |
| १५ | श्री गौतमस्वामी का जातश्रद्धादि विशेषणो का वर्णन | ५२ |
| १६ | से (अथ) शब्दकी व्याख्या | ५४ |
| १७ | भदन्त शब्दकी व्याख्या | ५४ |
| १८ | चलमाणे चलिये ईत्यादि नवपदकी व्याख्या | ५५ |
| १९ | गौतमस्वामी के नव प्रश्न करने का कारण | ६३ |
| २० | नवपदों के नानार्थादि का कथन | ६४ |
| २१ | नानार्थादि के विषयमें चतुर्भडी | ६५ |
| २२ | प्रश्नसूत्रमें भडद्वय ग्रहण का वर्णन | ६६ |
| २३ | उत्पन्नपक्षस्य शब्दकी व्याख्या | ६६ |
| २४ | चलमाणे चलिये ईत्यादि पदकी व्याख्या | ६८ |
| २५ | विगतपक्ष शब्दकी व्याख्या | ६९ |
| २६ | चलनच्छेदनादि प्रश्न का कारण | ७० |
| २७ | नैरयिकोंकी स्थिति आदिका कथन | ७२ |
| २८ | पूर्वाहत (पहले लियाहुआ आहार) आदि पूर्व पूद्गलभडोका निरुपण | ७७ |
| २९ | पूर्वाहारितादि के पुद्गलोंका निरुपण | ७८ |
| ३० | नारकजीवों के पुद्गलभेद का निरुपण | ७९ |

| | | |
|---|---|---|
| ३१ | पुद्गल सूत्र का वर्णन | ८० |
| ३२ | प्रकृतिका अपरिवर्तनादिका वर्णन | ८३ |
| ३३ | कर्मपुद्गलविषय का निरूपण | ८३ |
| ३४ | कर्मबंधका निरूपण | ८७ |
| ३५ | असुरकुमारादि वक्तव्यताका निरूपण | ८९ |
| ३६ | नारकियों के आहारादिका वर्णन | ९२ |
| ३७ | नागकुमार वक्तव्यता का निरूपण | ९४ |
| ३८ | पृथिवीकायिकादि जीवोंका निरूपण | ९५ |
| ३९ | पृथिवीकायिकादि जीवों के आहारादिका वर्णन | ९७ |
| ४० | द्वीन्द्रिय जीवों का वर्णन | १०१ |
| ४१ | द्वीन्द्रिय जीवोंका आहारादि निरूपण | १०४ |
| ४२ | तेइन्द्रिय चतुरिन्द्रिय जीवों का निरूपण | १०४ |
| ४३ | पचेन्द्रि जीवोंका और उनके आहारादि का निरूपण | १०६ |
| ४४ | वानव्यन्तरादिका और उनकी स्थिति आदिका निरूपण | १०८ |
| ४५ | आत्मारंभादिका वर्णन | ११० |
| ४६ | नैरयिकोंकी आत्मारम्भादि वक्तव्यताका निरूपण | ११३ |
| ४७ | ज्ञानादि वक्तव्यताका निरूपण | ११७ |
| ४८ | असंवृत अनगारका निअपण | ११९ |
| ४९ | संवृत अनगारका निरूपण | १२३ |
| ५० | असंयत जीवों के अधिकारका निरूपण | १२६ |
| ५१ | वानव्यन्तर देवों के स्वरूप का निरूपण | १३० |


## द्वितीय उद्देशक का प्रारंभ


| | | |
|---|---|---|
| ५२ | द्वितिय उद्देशक के विषयोका निरूपण | १३२ |
| ५३ | राजगृह नगरमें समवसरण का निरूपण | १३४ |
| ५४ | कृतकर्म भोगनेका निरूपण | १३६ |
| ५५ | नारक जीवों के स्वरूपका निरूपण | १३८ |
| ५६ | नारकजीवोंके कर्म वर्णादि विषयका निरूपण | १४२ |
| ५७ | असुरकुमारादि वक्तव्यताका निरूपण | १४९ |
| ५८ | पृथिवीकायिकादि चतुरिन्द्रियान्त जीवोका निरूपण | १५४ |
| ५९ | पञ्चेन्द्रिय तिर्यग्योनिक जीवोंका निरूपण | १५७ |
| ६० | मनुष्योंके आहार आदिका निरूपण | १५९ |
| ६१ | देवों के आहार आदिका निरूपण | १६२ |
| ६२ | सलेश्य जीवोंके आहार आदिका निरूपण | १६३ |
| ६३ | लेश्याके स्वरूपका निरूपण | १६७ |
| ६४ | संसारसंस्थान कालका निरूपण | १६८ |

૬૫ અન્તક્રિયા (મોક્ષ વિચાર) કા નિરૂપણ ૧૭૪
૬૬ ઉપપાત પ્રકરણકા નિરૂપણ ૧૭૫
૬૭ અસંજ્ઞી જીવોંકી આયુકા નિરૂપણ ૧૮૨


### તૃતીય ઉદ્દેશકકા પ્રારંભ


૬૮ તૃતીય ઉદ્દેશક કે વિષયોંકા સંક્ષેપસે નિરૂપણ ૧૮૬
૬૯ કાંક્ષામોહનીય કર્મકા નિરૂપણ ૧૮૭
૭૦ જિનોદિતકે સત્યત્વકા પ્રતિપાદન ૧૯૭
૭૧ ભગવદ્વાક્ય કે શ્રદ્ધાપૂર્વક આરાધકત્વકા નિરૂપણ ૧૯૭
૭૨ અસ્તિત્વ નાસ્તિત્વ આદિકા નિરૂપણ ૧૯૮
૭૩ અત્રેહાદિગમનીયકા નિરૂપણ ૨૦૨
૭૪ કાંક્ષામોનીયકર્મ બન્ધકે સ્વરૂપકા નિરૂપણ ૨૦૩
૭૫ કાંક્ષામોહનીય કર્મકે ઉદીરણાદિકે સ્વરૂપકા વર્ણન ૨૦૮
૭૬ નારકીય જીવોંકે કાંક્ષામોહનીય કર્મકે વેદનાદિકે સ્વરૂપકા નિરૂપણ ૨૧૬
૭૭ શ્રમણકે વિષયમેં કાંક્ષામોહનીયકર્મકે વેદનકા સ્વરૂપ ૨૧૯


### ચતુર્થ ઉદ્દેશક પ્રારંભ


૭૮ ચતુર્થ ઉદ્દેશકકી અવતરણિકા ૨૨૯
૭૯ કર્મપ્રકૃતિ કે સ્વરૂપકા નિરૂપણ ૨૩૦
૮૦ ઉપસ્થાનાપક્રમણ (સ્વીકાર કરના ઔર હટના) કે સ્વરૂપકા નિરૂપણ ૨૩૧
૮૧ કર્મકે વેદન કિયે બિના ઉસસે મોક્ષ (છુટકારા) નહીં હોનેકા કથન ૨૩૯
૮૨ પુદ્ગલ વિચારકા નિરૂપણ ૨૪૩
૮૩ છદ્મસ્થાદિકોંકા સિદ્ધિ પ્રકરણ ૨૪૫


### પાંચવા ઉદ્દેશક પ્રારંભ


૮૪ પાંચવા ઉદ્દેશકકા વિષય કથન ૨૫૩
૮૫ નારકાદિ (૨૪) ચોઇસ દણ્ડકોંકે આવાસોંકા નિરૂપણ ૨૫૩
૮૬ ૨૪ ચોઇસ પ્રકાર કે દણ્ડકોંમેં સ્થિતિસ્થાનકા નિરૂપણ ૨૫૮
૮૭ રત્નપ્રભામેં સ્થિતિસ્થાનકા નિરૂપણ ૨૬૫
૮૮ રત્નપ્રભામેં અવગાહના સ્થાનકા નિરૂપણ ૨૭૦
૮૯ રત્નપ્રભા પૃથિવીમેં સ્થિત નારકીય જીવોંકે શરીર આદિકા નિરૂપણ ૨૭૨

| | | |
|---|---|---|
| ९० | रत्नप्रभा पृथिवीके नरकावासमें स्थित नारकजीवों के शरीरसंहनन (असिथरचना) का निरुपण | २७४ |
| ९१ | रत्नप्रभामें स्थित नारक जीवोंकी लेश्याका निरुपण | २७६ |
| ९२ | रत्नप्रभामें स्थित नारकजीवोंके द्रष्टिद्वारका निरुपण | २७७ |
| ९३ | रत्नप्रभामें स्थित नारकजीवोंके ज्ञानद्वारका निरुपण | २७८ |
| ९४ | रत्नप्रभालेश्यामें योगद्वारका निरुपण | २७९ |
| ९५ | रत्नप्रभालेश्यामें उपयोग द्वारका निरुपण | २८० |
| ९६ | शर्करादि शेषपृथिवीकी लेश्याका वर्णन | २८० |
| ९७ | असुरकुमारादि के स्थितिस्थानका निरुपण | २८२ |
| ९८ | पृथिवीकायिकादि एकेन्द्रिय जीवोंके स्थितिस्थान आदिका निरुपण | २८४ |
| ९९ | द्वीन्द्रियसे चतुरिन्द्रि तकके जीवोंके स्थितिस्थान आदिका निरुपण | २८८ |
| १०० | पञ्चेन्द्रिय तिर्यग्योनिक जीवोंके स्थितिस्थान आदिका वर्णन | २९० |
| १०१ | मनुष्योंके स्थितिस्थान आदिका वर्णन | २९२ |
| १०२ | वानव्यन्तर आदिकोंके स्थितिस्थान आदिका वर्णन | २९३ |

विषयानुक्रमणिका समाप्त ।

## મંગલાચરણ—

અન્વયાર્થ—(**दलितभवभारं**) ભવના ભારનો બિલકુલ નાશ કરનારા, (**महास्फारं**) કેવળ જ્ઞાન રૂપી અસાધારણ જ્યોતિથી દેદીપ્યમાન, તથા (**गलित-तरसारे**) નિરાકુલતારૂપ સુખસારથી સર્વથા રહિત એવા (**संसारे**) આ સંસારમાં (**निवसताम्**) અનાદિ કાળથી ભ્રમણ કરનારા જીવોના (**कृतिरजोऽपहारे बहुबल-समीरं**) ભવભ્રમણના કારણભૂત કર્મરૂપી રજસમૂહને ઉડાડવામાં પ્રલયકાળના પ્રચંડ વાયુના જેવા, અને તેથી (**सारं**) સારભૂત એવો (**धीरं जिनवरं महावीरं**) ધીર જિનેન્દ્ર મહાવીરને (**नमन्**) નમસ્કાર કરીને હું (**अलीकेङ्गितमतिनिवारीं भगवतीं टीके**) મિથ્યાત્વવાળી મતિને દૂર કરનાર ભગવતી સૂત્રની ટીકા કરૂં છું.

વિશેષાર્થ—ટીકાકારે ભગવાન મહાવીરને નમસ્કાર કરવાનું કારણ તેમના અસાધારણ ગુણો છે, એવું અહીં દર્શાવ્યું છે, કારણ કે જૈનસિદ્ધાંતમાં મોક્ષ-માર્ગના નેતા, કર્મરૂપી પર્વતોને ભેદનારા અને વિશ્વતત્વોના જ્ઞાતા આત્માને જ ઉપાસના કરવા લાયક માન્યા છે. "**दलितभवभारं**" ભવના ભારને તે વ્યક્તિ જ દલિત કરી શકે છે કે જે આત્માના સ્વભાવને ભુલાવી દેનાર અથવા તેનો ઘાત કરનાર કર્મો પર વિજય મેળવે છે. જન્મ જરા અને મરણને જ ભવ કહે છે. 'ભવ' પદ ઉપલક્ષણ પદ છે. આ પદ દ્વારા ટીકાકારે મહાવીર પ્રભુને "કર્મના ભેદનારા" કહ્યા છે. "**गलिततरसारे संसारे निवसताम् कृतिरजोऽपहारे बहुबलसमीरं**" આ પદો દ્વારા તેમણે પ્રભુમાં મોક્ષમાર્ગનું નેતૃત્વ દર્શાવ્યું છે. કારણ કે જન્મ, જરા અને મરણની વ્યાધિમાંથી નિર્મુક્ત થયેલ આત્મા જ બીજા જીવોને તે વ્યાધિથી નિર્મુક્ત એવા મોક્ષના માર્ગે દોરી શકે છે. "**महास्फारं**" પદ એ બતાવે છે કે જે રીતે ઘણા ભારે સ્ફાર (વિશાળ નિર્મળ) પ્રકાશમાં સમસ્ત જ્ઞેય (જાણવા યોગ્ય) પદાર્થો દેખાવા લાગે છે તેજ પ્રમાણે તેમના કેવળજ્ઞાનરૂપ સ્ફાર (વિશાલ) નિર્મળ પ્રકાશમાં ત્રિકાળવર્તી સમસ્ત જ્ઞેય પદાર્થો પોત પોતાની અનંત પર્યાયો સહિત દર્પણમાં જેમ પ્રતિબિંબ દેખાય તેમ દેખાવા લાગે છે. તેથી તેમને વિશ્વતત્ત્વના

જ્ઞાતા કહે છે. આ પ્રકારના અસાધારણ ગુણોથી યુકત એવા અન્તિમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુને ટીકાકારે નમસ્કાર કર્યા છે. કારણ કે ઇષ્ટ દેવતાના ગુણોની સ્તુતિ કરવાથી જીવોને કલ્યાણમાર્ગની સંસિદ્ધિ પ્રાપ્ત થાય છે. આ સૂત્ર અર્થરૂપે ભગવદ્વાણી રૂપ છે. તેથી તેનું અધ્યયન કરવાથી જીવોની મિથ્યાત્વવાળી મતિનું સમ્યક્ મતિના રૂપે પરિણમન થાય છે. આ કથન દ્વારા આ શાસ્ત્રમાં ટીકાકારે ઉપાદેયતા બતાવી છે ॥ ૧ ॥

અન્વયાર્થ—( **उदयगिरिशिरस्तः उद्गमं प्राप्नुवत्या** ) ઉદયાચલ પર્વતના શિખર ઉપરથી ઉદિત થયેલ ( **भानुभासा इव** ) સૂર્યની પ્રભા જેમ કમળોને વિકસિત કરીને સંસારની સમસ્ત વસ્તુઓને પ્રકાશિત કરે છે, એજ પ્રમાણે ( **चरमजिनवरस्यात् उद्गमं प्राप्नुवत्या** ) અન્તિમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુના મુખમાંથી નીકળેલ ( **भगवत्या** ) આ ભગવતી સૂત્ર ( **भविकहृदयकञ्जं स्मेरतां प्रापयन्त्या** ) ભવ્ય જીવોનાં હૃદયકમળોને વિકસિત કરતું ( **लोके** ) આ લોકમાં ( **जीवतत्त्वादिवस्तु विलसति** ) જીવાદિ તત્વોને પ્રકાશિત કરે છે.

વિશેષાર્થ—આ ભગવતી સૂત્ર અન્તિમ તીર્થંકર પ્રભુ મહાવીરના મુખમાંથી ઉદ્ભૂત (પ્રકટ) થયું છે. તેથી તેમાં સ્વતઃ પ્રમાણતા રહેલી છે. પરતઃ પ્રમાણતા નથી, તે વાતનું "**चरमजिनवरास्यादुद्गमं प्राप्नुवत्या**" દ્વારા સમર્થન થયું છે. જેવી રીતે સૂર્ય સરોવરોમાં ઉગેલાં કમળોને વિકસિત કરતો થકો જગતના અન્ય પદાર્થોને પણ પ્રકાશિત કરે છે, એજ પ્રમાણે પ્રભુના મુખમાંથી પ્રકટ થયેલ આ ભગવતીસૂત્ર પણ ભવ્યજીવોના ચિત્તને આનંદિત કરતું–જીવ અજીવ આદિ સમસ્ત તત્ત્વોને યથાર્થ રૂપે પ્રકાશિત કરે છે–તેમનું પ્રતિપાદન કરે છે. ॥૨॥

અન્વયાર્થ—( **वीरमुखाद्रित उदिता** ) અન્તિમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુના મુખરૂપી હિમાચલમાંથી નીકળેલી, ( **शमिताऽशेषतमा** ) સમસ્ત અજ્ઞાનરૂપી અંધકારનો બિલકુલ નાશ કરનારી ( **काचित् प्रभा** ) ભગવતીસૂત્રરૂપ આ કોઈ અપૂર્વ પ્રભા કે જેને ( **गणीशकलिता** ) ગણધરોએ કેન્દ્રિત કરી છે. અને જે ( **नृश्रुति–गगने चलिता** ) મનુષ્યોના કર્ણપ્રદેશરૂપ આકાશમાં વ્યાપ્ત થયેલ છે તે ( **ध्वान्तं हरतात्** ) અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરે.

વિશેષાર્થ—જેવી રીતે ગગનમંડળમાં આમ તેમ ફેલાયેલ સૂર્યનાં કિરણોને એક વિશેષ પ્રકારના કાચની મદદથી કેન્દ્રિત કરી લેવાય છે. અને એમ

કરવાથી તે વસ્ત્રોને સળગાવી શકે છે, એ અનુભવસિદ્ધ છે. એજ પ્રમાણે પ્રભુની દિવ્ય દેશના જ્યારે ગણધરો દ્વારા કેન્દ્રિત કરવામાં આવે છે ત્યારે તે જીવોના મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ કરીને કર્મરૂપી ઇન્ધન (કાષ્ઠ)ને સળગાવી નાખે છે. ॥૩॥

અન્વયાર્થ—( **वसन्ते** ) વસંતઋતુમાં ( **तरुराजीव** ) વૃક્ષપંક્તિ જેવી રીતે (**विराजते**) સુંદર લાગે છે, અને ( **भूषणावल्या** ) આભૂષણોથી ( **देहभाजाम्** ) માણસોના ( **तनुरिव** ) શરીર જેવાં શોભે છે, એજ પ્રમાણે ( **भगवत्या इयं भूः विराजते** ) આ ભગવતીસૂત્રથી આ ભૂમંડળ પણ સુશોભિત લાગવા માંડે છે.

વિશેષાર્થ—શાસ્ત્રકારોએ સંસારને હેય પદાર્થ બતાવ્યો છે, પણ અહીં તે સુંદર લાગવાની જે વાત કહી છે તેનું કારણ એ છે કે જીવને મુક્તિની જે પ્રાપ્તિ થાય છે તે સંસારપૂર્વક જ થાય છે. સંસારમાં રહીને જ જીવ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ કરી શકે છે, ખાસ કરીને મનુષ્યપર્યાયમાં જ આ માર્ગની પ્રાપ્તિના કારણરૂપ ભગવતીસૂત્રનું યથાર્થ જ્ઞાન જ છે. તેથી ભગવતીસૂત્રથી જ આ ભૂમિ શોભે છે. એટલે કે માનવભવરૂપ સંસારની શોભા ભગવતીસૂત્ર (તેમાં પ્રતિપાદિત સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર)થીજ છે. અન્ય વસ્તુથી તે શોભા નથી. તેથી જેમ વૃક્ષોનું હરાભરાપણું વસન્તાધીન મનાય છે અને જેમ વ્યવહારમાં શારીરિક સૌંદર્ય ભૂષણાધીન ગણાય છે, તેમ આધ્યાત્મમાર્ગમાં માનવભવરૂપ સંસારની સાર્થકતા સમ્યગ્જ્ઞાન આદિની પ્રાપ્તિમાં મનાય છે. ॥૪॥

અન્વયાર્થ—( **हंसपङ्क्त्या मानसं इव** ) હંસપંક્તિવડે માનસરોવર જેમ શોભે છે, ( **मैत्र्या मानसं इव** ) મૈત્રીભાવથી જેમ મન શોભે છે ( **भविनां मानसं** ) એજ પ્રમાણે ભવ્ય જીવોનાં અંતઃકરણ ( **विदावत्या सारवत्या भगवत्या परं विराजते** ) જ્ઞાનરૂપ આ સારભૂત ભગવતીથી યુકત થઈને ખૂબ સુશોભિત બને છે.

વિશેષાર્થ—આ શ્લોક દ્વારા ચોથા શ્લોકનો ભાવાર્થ જ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. સંસારના જીવો બે રાશિમાં વહેંચાયેલા છે. (૧) ભવ્ય રાશિ અને (૨) અભવ્યરાશિ. જે લોકોમાં સમ્યગ્દર્શન આદિ ગુણોને પોતાની અંદર જગાડવાની યોગ્યતા હોય છે તેમને ભવ્ય, અને તેનાથી વિપરીત પ્રકારના જીવોને અભવ્ય કહે છે. ભવ્ય જીવોના અંતઃકરણ જ આ ભાવશ્રુતરૂપ ભગવતીથી વિરાજિત થઇ શકે છે અભવ્યનાં નહીં. એવું શા કારણે બને છે? તેના જવાબ રૂપે એમ કહી શકાય કે તેમની યોગ્યતા જ એવી હોય છે. જેમ હંસપંક્તિઓ માનસરોવરમાં જ

આનંદ કરે છે–અન્ય સરોવરોમાં નહીં, મૈત્રીભાવ મનમાં જ સ્થાન જમાવે છે· અન્ય ઇન્દ્રિયોમાં નહીં, આ વાત જેમ સ્વાભાવિક ગણાય છે તેમ એ પણ એક સ્વાભાવિક વાત છે કે પ્રભુની દેશનારૂપ આ ભગવતીરૂપ ભાવશ્રુત પણ ભવ્ય જીવોનાજ હૃદયમાં સ્થાન જમાવે છે–અભવ્યોનાં હૃદયોમાં નહીં ॥૫॥

અન્વયાર્થ—(**तत्त्वद्रवां**) જીવાદિક તત્વરૂપ રસને ઉત્પન્ન કરનારી એટલે કે તેના વાસ્તવિક સ્વરૂપને બતાવનારી (**आत्मानुभूतिमकरन्दततिप्रजुष्टाम्**) તથા આત્માની અનુભૂતિરૂપ પરાગપુંજ (પુષ્પરજ)થી યુક્ત એવી (**एतां**) આ (**भगवतीकमलालिम्**) ભગવતીરૂપ કમળપંક્તિ–કે જે (**नित्यं नवां**) નિત્ય નવીન જ લાગ્યા કરે છે, અને જે (**सुखसवां**) અવ્યાબાધ સુખને ઉત્પન્ન કરે છે, તેનું (**भविनो मिलिन्दाः**) જે ભવ્યજીવ રૂપ ભ્રમર (**सततं नितरां आस्वादयन्ति**) નિરંતર ઇચ્છાનુસાર અત્યંત આસ્વાદન કરે છે તેઓ (**सुचित्ताः**) નિર્મળ ચિત્તવાળાં બની જાય છે.

વિશેષાર્થ—કમળોના મકરંદ ( પુષ્પરસ)નું પાન કરનારા ભ્રમરો સુચિત્ત (નિર્મળ ચિત્તવાળા) થતા નથી પણ મદોન્મત્ત થાય છે, એ વાત પ્રસિદ્ધ છે, કારણ કે વનસ્પતિકાયના રસોમાં માદકતા ઉત્પન્ન કરવાનો ગુણ હોય છે તેથી તેનું પાન કરનાર જીવ જીવાદિકના યથાર્થ સ્વરૂપનો જ્ઞાતા થઇ શકતો નથી, અને તે પોતાના આત્માની અનુભૂતિ પણ કરી શકતો નથી. તથા કમળપંક્તિ નિત્ય નવીન રૂપ ધારણ કરતી નથી પણ ધીરે ધીરે જીર્ણશીર્ણ થાય છે. તેના રસના પાનથી જે આનંદની અનુભૂતિ થાય છે તે કેવળ સાન્ત (અન્ત સહિતની) અને દુઃખોદયથી યુક્ત રહ્યા કરે છે પણ આ ભગવતીરૂપ કમળપંક્તિ એવી નથી. કારણ કે તેના યથાર્થ રહસ્યરૂપ રસનો અનુભવ કરવાથી જીવને જીવાદિક તત્ત્વોના જ્ઞાનની સાથે સાથે પોતાના આત્માની પણ અનુભૂતિ થાય છે. તેથી તે જીવ અશુભ ક્રિયાઓથી વિરક્ત થઇને શુભ ક્રિયાઓના સેવનમાં લીન થઇને ધીરે ધીરે શુદ્ધોપયોગમાં પહોંચી જાય છે. તે સમયની તેની તે પરિણતિ નિત્ય નવીન બનીને અવ્યાબાધ સુખની જનક બને છે. અને તે ધારા સ્થિર થતાંજ તે જીવ સુચિત્ત ( નિર્મળચિત્ત ) થઇને કેવળ નિજ આત્મસ્વરૂપમાં લીન બની જાય છે, એટલે કે મુકિતનો અધિકારી બની જાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે— આ ભગવતીના રહસ્યરૂપ રસનું પાન કરવાથી જીવાદિક પદાર્થોનો જ્ઞાતા બનીને જીવ ધીમે ધીમે પોતાની નબળાઇ દૂર કરીને ભેદવિજ્ઞાનના પ્રભાવથી પોતાના

નિજ સ્વરૂપનો જ્ઞાતા બની જાય છે. એટલે કે ભૂલને મૂળમાંથી શોધી કાઢીને તેને દૂર કરે છે અને પોતાના નિજ સ્વરૂપને ઓળખી લે છે. તેની આ સમજણ જ્યારે સ્થિરરૂપે એકરસ થઇ જાય છે ત્યારે તે સુચિત્ત થયો ગણાય છે. અને એ પ્રકારની સુચિત્તતા હોવી એજ જીવની મુક્તિ છે. ॥ ૬ ॥

અન્વયાર્થ—(**इव**) જેમ (**चकोरनिकुरम्बं**) ચકોર પક્ષીઓનો સમૂહ (**शारद्यपूर्णशशिशीतलशुद्धरश्मिराज्या**) શરદઋતુના પૂર્ણ ચન્દ્રમાનાં કિરણોથી (**अतिगाढम् तृप्यति**) અત્યંત આનંદમગ્ન થાય છે, એજ પ્રમાણે (**अदः सूक्ष्मधीशालिजीवनिकुरम्ब**) આ કુશાગ્ર બુદ્ધિવાળો (સમ્યગ્ બુદ્ધિવાળો) જીવસમૂહ પણ (**भगवतीरसनेन अमन्दमोदम् वहति**) ભગવતીના રસના આસ્વાદનથી અમન્દ (અત્યંત) આનંદને પામે છે.

વિશેષાર્થ—કવિઓના કથનાનુસાર ચકોર પક્ષી ચન્દ્રિકાનું પાન કરીને તૃપ્તિ પામે છે, અને જો તેમને શરદ પૂનમની ચન્દ્રિકાનું પાન કરવા મળે તો તેઓ પોતાના સદ્ભાગ્યની પ્રશંસા કરતાં કરતાં તેનું પાન કરે છે. અને તેનું પાન કરતાં તેમને અરુચિ થતી નથી. તેઓ પોતાને ઘણાજ ભાગ્યશાળી ગણે છે. એજ પ્રમાણે જ્ઞાનાવરણીય આદિ કર્મોના ઉદયથી આચ્છાદિત બનેલા સંસારી જીવોને પણ સદ્ગુરુનો ઉપદેશ સાંભળવાની તક મળે તો તેઓ પોતાની જાતને ઘણી જ ભાગ્યશાળી માને છે. પણ એવી પરિણતિ આસન્નભવ્ય (જલ્દી મોક્ષ જનાર) જીવોને જ થાય છે. પણ જો તેમને સાક્ષાત્ તીર્થંકરની વાણીરૂપ ભગવતીના રસનું આસ્વાદન કરવાનો અવસર મળે તો તેમના જેવો શ્રેષ્ઠ ભાગ્યશાળી આ સંસારમાં બીજો કોણ હોઈ શકે? તો ભાગ્યશાળી જીવોને આ ભગવતીના રસાસ્વાદનથી જેવો આનંદ મળે છે તેવો આનંદ પુણ્યોદયથી પ્રાપ્ત થયેલા સંસારના કોઈ પણ પદાર્થના સેવનથી મળતો નથી. તે આશય દર્શાવવા માટે આ શ્લોક લખ્યો છે. અહીં "**सूक्ष्मधीशालिजीव**" પદ દ્વારા "આસન્ન ભવ્ય જીવ" ગ્રહણ કરવામાં આવેલ છે. ॥૭॥

અન્વયાર્થ—(**चन्द्रोदये**) ચન્દ્રમા ઉદય પામે ત્યારે (**यथा**) જેમ (**स्वं स्थानं अत्यजत् कुमुदकाननम्**) પોતાના સ્થાનને નહીં છોડવા છતાં પણ કુમુદવન (**मृगाङ्कम् उपगूहयितुं**) જાણે કે ચન્દ્રમાને આલિંગન કરવાને માટે આતુર થયા

કરે છે, (तथा) એ જ પ્રમાણે (भगवतीप्रकटीभवे) ભગવતી પ્રકટ થતાં (अमी भव्याः) તે ભવ્ય જીવો (मोक्षश्रियं समुपगूहयितुं यतन्ते) મોક્ષલક્ષ્મીને ભેટવાને માટે ઉત્કંઠિત થાય છે.

વિશેષાર્થ—એ તો માત્ર કલ્પનાની વાત જ છે કે ચન્દ્રમાનો ઉદય થતાં કુમુદવન પ્રફુલ્લિત થઇને તેને પોતાનો હિતૈષી માનીને જાણે કે તેને ભેટવા ચાહે છે. કારણ કે ત્યારે તે શીતલ, મંદ, સુગંધ, સમીર—વાયુની લહેરોથી ડોલવા લાગે છે. તે કારણે દર્શકોના મનમાં એવી કલ્પના ઉદય પામે છે કે તે પોતાના હિતૈષી ચન્દ્રને આલિંગન કરવાને માટે ઉત્સુક બન્યું છે. એ વાત તો કલ્પના માત્ર છે પણ ભગવતી (સમ્યગ્જ્ઞાન)નો ઉદય થતાં તો ભવ્યજનો મુક્તિશ્રીનું આલિંગન કરવાને માટે વાસ્તવિક ઉત્સુક બની જાય છે. કારણ કે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા વિના સમ્યગ્જ્ઞાનરૂપ ભગવતીનો ઉદય આત્મામાં થતો નથી. તેથી તેવા જીવોનો સંસારનિવાસ અર્ધપુદ્ગલપરાવર્તન માત્ર જ બાકી રહી જાય છે. એ સિદ્ધાંતો દ્વારા માન્ય થયેલ હકીકત છે. આ શ્લોક દ્વારા એ વાતને જ પ્રકટ કરવામાં આવી છે. ॥ ૮ ॥

અન્વયાર્થ—સ્પષ્ટ છે ॥ ૯ ॥

વિશેષાર્થ—કામધેનુ અને ચિન્તામણિ તો જીવોની આલોકસંબંધી ચિન્તાઓને દૂર કરી શકે છે. તેમનામાં પારલૌકિક ચિન્તાઓ દૂર કરવાનું સામર્થ્ય હોતું નથી. પણ જ્યારે તે બન્ને કરતાં પણ શ્રેષ્ઠ એવું ભગવતીનું જ્ઞાન જ્યારે આત્મામાં ઉદય પામે છે ત્યારે જીવની આલોક અને પરલોકની સઘળી ચિન્તાઓ નાશ પામે છે. તેનું કારણ એ છે કે સમ્યગ્જ્ઞાનીનો આત્મા સાંસારિક સમસ્ત અવસ્થાઓને કર્મકૃત વિકાર માનીને તેમાં રાગદ્વેષ રાખતો નથી. અને "એક દ્રવ્ય બીજા દ્રવ્યના ગુણ સ્વભાવમાં પરિવર્તન કરી શકતું નથી, પ્રત્યેક દ્રવ્ય પોતાનાજ ગુણ સ્વભાવમાં પરિણમન કરવાના સ્વભાવવાળું છે" એવું સમજીને તે જળથી ભિન્ન કમળની જેમ સંસારાવસ્થામાં પોતાની પ્રવૃત્તિ રાખે છે. તેથી કોઇ પણ ચિન્તામાં એવું સામર્થ્ય હોતું નથી કે તે કોઇ પણ પ્રકારે તે વીરની સામે ટકી શકે. એજ વાત આ શ્લોકમાં સમજાવવામાં આવી છે. ॥૯॥

અન્વયાર્થ—(यः) જે ભવ્ય જીવ (अमुष्यां) આ ભગવતીમાં (दृढतरीं श्रद्धां धरेत्) ગાઢતર શ્રદ્ધા ધારણ કરે છે (सः) તે (नूनम्) ખરેખર (कर्मबन्धेभ्यो मुक्तः) કર્મબંધથી રહિત થઈને (शिवपदं व्रजेत्) મુક્તિસ્થાનને પ્રાપ્ત કરે છે.

વિશેષાર્થ—સંસારના બંધનમાંથી મુક્ત થવાને માટે આગમો પર અતિચાર રહિત શ્રદ્ધા રાખવી તે અનિવાર્ય ગણાય છે. તેમાં ભવ્ય જીવો જ શ્રદ્ધા રાખે છે. અભવ્ય જીવો શ્રદ્ધા રાખતા નથી. એવું સિદ્ધાંતમાં કહ્યું છે. ભગવતી સૂત્ર આગમ છે. આગમના પ્રભાવથી જીવમાં હેય અને ઉપાદેયનો વિવેક જાગીને તે વિવેકનો વિકાસ થતો રહે છે. મુક્તિમાર્ગમાં સમ્યગ્દર્શનને સર્વપ્રથમ ઉપાદેય કહ્યું છે. તેના આધારે જ જ્ઞાનમાં સમીચીનતા આવે છે. કેટલીક બાબતોને લીધે શ્રદ્ધામાં દોષ આવતો રહે છે. જેને કારણે સમ્યગ્દર્શન મલિન થતું રહે છે. તે દોષોનું વિસ્તારપૂર્વક વર્ણન શાસ્ત્રોમાં કરવામાં આવ્યું છે, તેથી તે દોષોથી રહિત એવી જે શ્રદ્ધા હોય છે તેને દઢતર શ્રદ્ધા કહે છે. ભગવતીમાં એવી દઢતર શ્રદ્ધા રાખનાર જીવ અવશ્ય કર્મબંધનથી મુકત થઈને શિવપદ પામે છે. ॥૧૦॥

અન્વયાર્થ—સ્પષ્ટ છે. ॥૧૧॥૧૨॥

વિશેષાર્થ–આ ભગવતીસૂત્રનાં પદોની સંખ્યા બે લાખ અઠયાસી હજાર(૨૮૮૦૦૦) ની છે. તેને અમૃતરૂપ બતાવવાનું કારણ એ છે કે તે મુક્તિ અપાવનાર છે. ॥૧૧॥

જેવી રીતે વિષમંત્ર વિષની વેદનાને દૂર કરે છે. તેવી જ રીતે આ ભગવતીસૂત્ર રૂપ મંત્ર જીવોના રાગદ્વેષરૂપી જહેરને બિલકુલ નાશ કરી દે છે. રાગદ્વેષરૂપ જહેર ઉતરી જતાં આ જીવ સ્વસ્થ બની જાય છે. એ સ્વસ્થતા જ અમરપણું છે. એ માટે જ ભગવતીસૂત્રને ધારણ કરવાવાળા જીવને અમરપણું પ્રાપ્ત થવાનું કહ્યું છે. ॥ ૧૨ ॥

અન્વયાર્થ–(सर्वथा इमाम् आराधयन्) નિરંતર આ ભગવતીસૂત્રની આરાધના કરનાર મનુષ્ય (स्वात्मानन्दसाम्राज्ये) પોતાના આત્મસામ્રાજ્યમાં (सार्वभौमायमानः) ચક્રવર્તી રાજા સમો બની (किं उत्तमम् सुखं न लभते) તે શું ઉત્તમ સુખોને પ્રાપ્ત નથી કરતો ? અર્થાત્ અવશ્ય પ્રાપ્ત કરે છે,

વિશેષાર્થ—જે માનવી પોતાના મન વચન અને કાયા એમ ત્રણે યોગે કરી હમેશાં સમ્યક્જ્ઞાન રૂપી ભગવતીસૂત્રની આરાધના કરવામાં તલ્લીન રહે છે તે પોતાના આંતર સ્વરૂપનો વિશિષ્ટ જ્ઞાની બને છે. "પોતાનું આત્મસ્વરૂપ કેવું છે?" (પોતે કેટલે ઉભો છે) તેનો ખ્યાલ તે આત્માને અનાદિ કાળથી પોતાના સંસર્ગમાં રહેલાં મિથ્યાત્વને લીધે આવેલો હોતો નથી. તેથી ગુરુ આદિના સદુપદેશથી અનુરકત થવાથી જીવાત્મા પોતાના સ્વત્વને (આંતર સ્વરૂપને) જાણતો થાય છે. અને ત્યારેજ મિથ્યાત્વનાં પડળો હળવાં કરતો થાયછે. એમ આત્મા પોતાની સ્થિતિને જાણતો સમજતો આગળ વધે છે તેમ તેમ આત્મોન્નતિના ક્ષેત્રમાં આગળ વધતો પોતાનાં સમગ્ર વિઘ્નસમુદાયોને પરિહા- રતો સફળતાને વરે છે, વળી જેમ સંસારમાં રહેલો માનવી લૌકિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરીને અપૂર્વ આનંદને અનુભવે છે, તેવી રીતે આધ્યાત્મિક આરા- ધના કરતો પુરુષ અધ્યાત્મ માર્ગમાં સફળતા મેળવી અપૂર્વ આનંદરસનો લાભ મેળવે છે. તે લૌકિક આનંદની અપેક્ષા વિશિષ્ટ હોય છે. એથીજ તેના ભોગવ- નારને બીજાની અપેક્ષાએ ચક્રવર્તિની બરાબરીમાં સુખી ગણવામાં આવે છે. કેમકે તે બધીજ રીતે ઉત્તમ સુખને કોઈ પણ જાતના જરા પણ શોક વિનાજ આત્મિક આનંદ મેળવનારા હોય છે. એવીજ રીતે આત્મીય આનંદરૂપ સામ્રાજ્યમાં વિહરનારા માનવીને સાર્વભૌમિક ચક્રવર્તી જેવો બતાવાયો છે તે ફકત એવા અભિ- પ્રાયથી દર્શાવાયો છે કે એવો આત્મા સમસ્ત આનંદને ભોગવવાવાળો હોય છે.॥૧૩॥

અન્વયાર્થ—(**इदं सूत्रं**) આ સૂત્ર (**अवनीतले**) સંસારમાં રહેલા (**मिथ्यात्व-अंधकारं**) મિથ્યાત્વરૂપ અંધકારને (**विनिर्जयत्**) દૂર કરે છે. માટે કે શું (**चण्डमार्तण्डतेजः किं न स्पर्धते**) પ્રચંડ સૂર્યના તેજની સાથે એ બરાબરી નથી કરતું? ખરેખર બરાબરી કરેજ છે. ॥૧૪॥

વિશેષાર્થ—એ વાત નિર્વિવાદ છે કે અંધકારને દૂર કરનાર સૂર્ય છે. પરંતુ જે અંધકારને સૂર્ય પણ નષ્ટ કરી શકતો નથી તેને આ ભગવતીસૂત્ર દૂર કરે છે. તેથી સૂર્યથી પણ અધિક પ્રકાશમાન આ સૂત્ર છે. કહેવાનો ભાવ એ છે કે અંધકારમાં રહેલી વસ્તુ વિષે મનુષ્યને જ્ઞાન નથી હોતું. અંધકાર અને મિથ્યાત્વ બન્ને એકજ શ્રેણીનાં છે. મિથ્યાત્વરૂપી અંધારપટને દૂર કરવા સૂર્ય શકિતમાન નથી. કેમકે એટલું સામર્થ્ય સૂર્યમાં નથી. એ સમર્થપણું તો આ સૂત્રમાંજ છે. કેમકે–ભગવતીસૂત્રના અધ્યયન વડે ઉત્પન્ન થતા સમ્યક્જ્ઞાનથી અજ્ઞાન-

રૂપ મિથ્યાત્વ નાશ પામે છે. તેથીજ આ સૂત્રની ઉપમા સૂર્યથી પણ અધિક પ્રકાશપૂર્ણ અહીં બતાવાઇ છે. વળી કોઈ અહીં એમ શંકા કરે કે જેવી રીતે સૂર્ય અંદરના અન્ધકારરૂપ અજ્ઞાનને દૂર કરવા અસમર્થ છે તેવી રીતે આ ભગવતી સૂત્ર પણ બાહ્ય અંધકારને નાશ કરવામાં અસમર્થ છે. માટે એમાં સૂર્યની અપેક્ષા વિશિષ્ટતાનું પ્રતિપાદન કેવી રીતે સંગત માની શકાય? તો એવી આશંકા કરવી ઉચિત નથી, કેમકે આ ભગવતીસૂત્રના અધ્યયન, મનન, અને ચિન્તવનથી સમ્યક્જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને એના વડે ક્ષપકશ્રેણીને પ્રાપ્ત કરીને જીવ ચાર ઘાતી કર્મોનો નાશ કરે છે ત્યારે તેને અનંત તેજવાળા કેવળજ્ઞાન રૂપ સૂર્યનો ઉદય થાય છે જે અંતર અને બાહ્ય બન્ને અંધકારોનો નાશ કરે છે. માટેજ સૂર્યની અપેક્ષાએ ભગવતીસૂત્રની વિશિષ્ટતા છે. ॥ ૧૪ ॥

અન્વયાર્થ-(यथा) જેમ (संसारकान्तारे भ्रमताम्) આ સંસારરૂપી અટવીમાં ભટકતા (भविनाम्) ભવ્ય જીવોને (इदम्) આ સૂત્ર (विश्रान्त्यै) વિશ્રાન્તિ માટે (वर्णपत्राढयः) અક્ષરરૂપ પત્રોથી યુકત (कल्पवल्लीवमण्डपः) કલ્પલતાના મંડપ સમું છે.

વિશેષાર્થ—આ સંસારરૂપી વનમાં મિથ્યાત્વ અને અવિરતિ આદિ પડળોથી ઘેરાએલો આ જીવાત્મા અનાદિ કાળથી ભટકયાં કરે છે. સંસારમાં ભ્રમણ થવામાં કારણરૂપ કર્મ જીવાત્માના પોતાનાં કર્મો જ્યાં સુધી નષ્ટ ન થયા હોય ત્યાં સુધી આ તેનું ભમવું બંધ થતું નથી. અને આ ભવભ્રમણના કારણોનો નાશ કરનાર —અટકાવનાર આ ભગવતીસૂત્ર છે કેમકે એનું અધ્યયન કરનારને હેય અને ઉપાદેયનું એટલે માગવાનું અને લેવાનું વિવેકજ્ઞાન ઉત્પન્ન થાય છે. આ વિવેકજ્ઞાનને પામતાં જીવાત્મા સંસારમાં પરિભ્રમણ કરાવતાં કારણોથી વિરકતત્વ અનુભવે છે.અને આજ વિશ્રાન્તિ જીવાત્મા માટે છે. જેમ શ્રમિત પથિકને કલ્પલતાનો મંડપ વિશેષ આનંદદાયક બને છે, એવી જ રીતે સંસારમાં ભમતાં ભમતાં થાકી ગએલા માનવીને આ ભગવતીસૂત્ર કલ્પલતા સમું વિશેષ આનંદદાયી નિવડે છે. એટલે કે આ સૂત્રના યથાવત્ અધ્યયન કરવાથી તથા તેમાં ચિંધેલા માર્ગે અનુસરવાથી જીવાત્માનું સંસારમાં ભટકવું અટકી જાય છે. આ એક જાતની આત્મા માટે વિશ્રાન્તિ છે, અને આ વિશ્રાન્તિ અપાવનાર ભગવતીસૂત્ર છે. કેમકે આ સૂત્ર સાક્ષાત્ ભગવાન શ્રી મહાવીર પ્રભુની વાણીરૂપ છે. અને ભગવાનની વાણીમાં એ શકિત છે કે જે ભવ્ય જીવાત્મા એની આરાધના મન વચન અને કાયાની એકાગ્રતાએ કરે છે તેનું ભવોભવ ભટકવાનું અટકી જાય છે, અને એ રીતે મોક્ષરૂપ અક્ષય આનંદને પ્રાપ્ત કરે છે.॥૧૫॥

અન્વયાર્થ—(**वर्णप्राकारसंयुक्तं**) અક્ષરરૂપ કોટથી સુસજ્જ (**शास्त्रतत्त्व-मयं**) શાસ્ત્રમાં વર્ણવેલા તત્ત્વ રૂપ સારથી ભરપૂર એવું (**इदं भगवतीसूत्रं**) આ ભગવતીસૂત્ર (**नगरं**) નગર સમું (**राजतेतराम्**) અત્યંત શોભાયુકત છે.

વિશેષાર્થ—જેવી રીતે કોઇ નગર રત્ન મણિ માણેક આદિથી સુસજ્જ એવા કોટથી શોભી ઉઠે છે. તેવી રીતે આ ભગવતીસૂત્ર પણ શાસ્ત્રવચનરૂપ તત્ત્વોથી સભર અને વર્ણરૂપ કોટથી શોભે છે. ભગવતીસૂત્રને અહીં નગરની ઉપમાએ નવાજ્યું છે, એનું કારણ એજ કે નગરમાં નિવાસ કરનાર મનુષ્યને ચોર લુટેરા આદિનો ભય નથી હોતો. તેમાં રહેવાથી દરેક વ્યવહારિક પ્રવૃત્તિમાં નિપુણ થવાય છે. સમય અનુસાર કામ કરવાની આદત પડે છે. લોકોની મનો-વૃત્તિ પારખવાની કળા એમનામાં આવી જાય છે. ભગવતીસૂત્રનો આશરો લેનાર ભવ્યજન અન્ય તીર્થિકોની દુષ્ટ યુકિતઓથી પોતાના સિદ્ધાન્તરૂપ ધનની રક્ષા કરે છે અને દરેક આત્મકલ્યાણની પ્રવૃત્તિઓમાં સદા સાવચેત રહે છે. સમય સમયે ધાર્મિક ક્રિયાઓ આદરવા માટે હમેશાં તત્પર રહે છે. મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિને બરાબર પારખી એમના વ્યવહારાદિ કાર્યોનો સૂક્ષ્મદૃષ્ટિએ ઉપયોગ કરી આચરણમાં નિપુણ બનતા હોય છે. માટેજ આ ભગવતીસૂત્રને અહીં નગરની ઉપમાએ બતાવ્યું છે. ॥૧૬॥

અન્વયાર્થ--(**शान्तिक्षांत्यादिसेनाढयमोक्षसम्राडधिष्ठितम्**) આ ભગવતીસૂત્ર રૂપ નગર શાન્તિ અને ક્ષાન્તિ આદિ ગુણરૂપ સેનાવાળા મોક્ષરૂપી સમ્રાટ્થી વિભૂષિત છે. તથા પરમઆનંદ સન્દોહરૂપ મહોત્સવથી ભરપૂર છે.

વિશેષાર્થ—રાજાનો નિવાસ હંમેશાં નગરમાં હોય છે ગામડામાં નહિ; અને કોઈ નહિને કોઈ હમેશાં મહોત્સવો ઉજવાતા હોય છે. એવી જ રીતે ભગવતીસૂત્રરૂપી નગરમાં મોક્ષરૂપ રાજાનો નિવાસ હોય છે. પરમ આનન્દરૂપ મહોત્સવ પણ ઉજવાયા કરે છે.–દુઃખદર્દનું નામ માત્ર નહિ. કહેવાનો અર્થ એ કે ભગવતીસૂત્રની આરાધના કરનારા મનુષ્યમાં શાન્તિ ક્ષાન્તિ આદિ ઉત્તમ ગુણો પ્રકટ થતા હોય છે. ॥૧૭॥

અન્વયાર્થ—(**यद्वा**) અને વળી (**अमुकम्**) આ ભગવતીસૂત્ર (**प्रमुद्गत्तलवर्तिनः**)

ભગવાનના હૃદયમાં વસેલા (ज्ञानमहासिन्धोः) જ્ઞાનરૂપ મહાસમુદ્રની (उच्छलितः भङ्गः) ઉછળી રહેલી એક લહરી છે જે (गणिश्रुतितटे भाति) ગણધરોના કાનરૂપી તીરે આવીને શોભી ઉઠી છે.

વિશેષાર્થ—જેવી રીતે મહાસમુદ્રના ઊંડાણમાંથી ઉછળી આવેલી લહર સમુદ્રના કિનારે આવી અટકી જાય છે. તેવીજ રીતે ભગવાન શ્રી મહાવીર સ્વામીના હૃદયારવિંદમાંથી બારઅંગના જ્ઞાનરૂપ મહાસાગરમાંથી ઉછળી આવેલી સ્યાદ્‌વાદરૂપ લહર ગણધરોના કર્ણપ્રદેશમાં આવીને થંભી રહી છે. કહેવાનો આશય એ છે કે દ્વાદશાંગરૂપ જ્ઞાનસમુદ્રના આદ્ય વિધાતા શ્રી મહાવીર ભગવાન પોતેજ છે અને તેમની વાણી સાંભળીને શાસ્ત્રરૂપે જન્માવનાર ગણધરો હોય છે. તેથીજ ભગવતીસૂત્રમાં સુધર્મા સ્વામીએ જે જે વિષયો સમજાવ્યા છે તે તેમના પોતાના નથી; પરંતુ તિર્થંકર ભગવાન દ્વારા કહેવાએલા વિષયોનુંનિરૂપણ છે. એટલા માટે જ આ સ્વતઃ પ્રમાણભૂત હોવાથી નિઃસંદેહ સ્વીકારી શકાય છે. કેમકે વીતરાગ, સર્વજ્ઞ અને હિતોપદેશક પ્રભુ મહાવીરનાં વચનોમાં નિર્દોષપણું હોવાથી કોઈ પણ પ્રકારનો વિસંવાદ ન હોય. ॥૧૮॥

અન્વયાર્થ—(यद्वा) અને વળી. (प्रत्यक्षरात्न्यस्य) આત્માના સમ્યગ્ દર્શન વગેરે ગુણો છે તેની (अचिन्त्यमहिमावल्या) અકલ્પ્ય મહિમા ભર્યા આ ભગવતીસૂત્ર (भविनाम्) ભવ્ય જીવોના (इष्टपूर्तये) સર્વ ઈચ્છા પૂર્ણ કરવા માટે (चित्रचिन्तामणीयते) અદ્‌ભુત ચિંતામણિસ્વરૂપ છે.

વિશેષાર્થ—ચિન્તામણિ રત્ન પોતાના અચિન્ત્ય મહિમાના પ્રભાવ વડે દરેક યાચક ગણ પ્રત્યેક અભિલાષા પૂર્ણ કરે છે એવી જગતમાં તેની પ્રસિદ્ધિ છે. પણ આટલો પ્રભાવ હોવા છતાં એનામાં એ શકિત નથી કે તે જીવાત્માઓની મોક્ષની અભિલાષા પૂરી શકે; ભગવતીસૂત્ર એવું છે કે જેના પ્રભાવથી આત્મામાં સમ્યગ્દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર આદિ મોક્ષસાધક સદ્‌ગુણો ઉત્પન્ન થાય છે. અને તેના અદ્‌ભુત પ્રભાવથી પોતાની ઇષ્ટ વસ્તુની–મોક્ષની–પ્રાપ્તિ થાય છે. એમ પ્રસિદ્ધ ચિંતામણિ રત્નની અપેક્ષાએ આ ભગવતીસૂત્ર એક પ્રકારના અદ્‌ભુત ચિન્તામણિ છે.॥ ૧૯ ॥

અન્વયાર્થ—(एतस्य) આ ભગવતીસૂત્રના (प्रत्येकं पदं) પ્રત્યેક પદ (उत्तमं) ઉત્તમ–નિર્દોષ છે. (अन्यूनाधिकम्) ઓછાપણું તેમજ અધિકપણું

નહિ તેવું (हिः) ખરેજ (सहस्रांशोः तेजः न्यूनाधिकं प्रजायते) સૂર્યનું તેજ પોતાના સ્વભાવથી કોઈ વખત પણ વત્તું ઓછું થતું નથી.

વિશેષાર્થ—આ ભગવતીસૂત્રના પ્રત્યેક પદ ઉત્તમ લક્ષણમાં સભર હોય છે. અને યોગ્ય હોય છે.–એમાં ઓછા તેમજ અધિકપણાના દોષરહિત હોય છે.

અન્વયાર્થ—(अमृताम्बुनिधेः अम्बु) ક્ષીર સાગરનું જળ (समास्वादयितुः कृते) થોડા પણ આસ્વાદ કરનારને માટે (प्रसिद्धतरमाधुर्या) જેની મિઠાશ પ્રસિદ્ધ છે તેવી (न्यूनाधिकं भवेत् किमु) ઓછાવત્તાપણું કદી હોય ખરૂં ?.... અર્થાત્‌ નહિ.

વિશેષાર્થ—જેની મિઠાશ પ્રસિદ્ધ છે તેવા ક્ષીર સાગરના જળને પીનાર સર્વને....પછી તે બાળક હોય કે વૃદ્ધ હોય; એવા સહુ કોઇને તેની મીઠાશમાં કદી પણ ફેરફાર પડતો નથી. વૃદ્ધને મીઠાશ વધુ કે બાળકને ઓછું એવુ કશુંજ હોતું નથી. ક્ષીરસાગરના જળમાં મિઠાશ પણ ઓછાવત્તાપણા જેવી હોતી નથી. એવીજ રીતે ભગવતીસૂત્રનાં પ્રત્યેક પદ પોતાની અદ્‌ભુત ગુણોરૂપ માધુરીથી ભરપૂર છે. તેનું સેવન કરતા–અધ્યયન કરતા કોઇપણ મનુષ્ય–બાળક વૃદ્ધ ને એક પદ પણ ભણવા થકી તેની તરહ પોતાનો પૂર્ણ પ્રભાવ પ્રકટ કરેછે. જરાપણ ઓછાવત્તાપણું નથી હોતું. ॥ ૨૧ ॥

અન્વયાર્થ—(यथा) જેમ (कामगवी) કામધેનુ (सर्वप्राणिनां कामपूरिका) સમસ્ત પ્રાણીઓની સર્વ ઇચ્છાઓને પૂર્ણ કરી આવે છે (तथा भगवती) તેમજ ભગવતીસૂત્ર પણ છે. એવું (शंकारहितं प्रतिभासते) શંકારહિત જણાય છે.

વિશેષાર્થ—આ જગતમાં જેમ કહેવાય છે કે કામધેનુ એ દરેક પ્રાણીની સર્વ ઇચ્છા–આકાંક્ષાઓ પૂરી કરે છે એવીજ રીતે આ ભગવતીસૂત્ર તેના આરાધકોની મોક્ષપ્રાપ્તિ કરવાની ઇચ્છાને પણ સિદ્ધ કરી આપે છે. અને તે નિઃશંક છે. ॥૨૨॥

અન્વયાર્થ—(कामधेनुः प्राचीना वा नवीना वा इति न कथ्यते) કામધેનુ નવી છે અથવા તે પુરાણી છે એવી રીતે તેને વિષે કહેવાતું નથી. પરંતુ (अस्याः सुधोपमं क्षीरं पीयते) તેનું ફકત અમૃતસમું દુધ પાન કરવામાં આવે છે. ॥ ૨૩ ॥

અન્વયાર્થ—( एवं ) એવી રીતે ( महोज्ज्वलः ) निर्दोष–અતિ શુભ્ર ( भगवती सारः ) ભગવતીસૂત્રનો સાર–તત્ત્વ ( मतिशालिभिः ) બુદ્ધિશાળી પુરુષો વડે ( सेव्यते ) સેવાય છે. પરંતુ ( तत्प्राचीननवीनत्वे अचिन्तद्भिः ) તેનું સેવન કરતી વખતે તેની પ્રાચીનતા કે નવીનતા વિષે વિચારાતું નથી.

વિશેષાર્થ—કામધેનુ પુરાણા સમયની હોવાથી તેનું દૂધ સારૂં હશે, અને તે નવી છે માટે તેના દૂધમાં કોઇ ફરક હશે, એવી રીતના વિચારો કામધેનુના દૂધ પીતી વેળાએ નથી થતા હોતા, કારણ કે કામધેનુ પ્રાચીન હો કે અર્વાચીન, પરંતુ તેનું દૂધ તો હમેશાં અમૃતસમું ફળદાયી હોય છે જ. એવીજ રીતે ભગવતીસૂત્રનાં તત્ત્વ જુનાં–પુરાણાં છે માટે ઉત્તમ નિર્દોષ, અને નવાં છે માટે કાંઈક ફેરફારવાળાં, અથવા તો એવા નહિ હોય, એવી વિચારણા બુદ્ધિશાળી પુરુષો કરતા નથી હોતા. કેમકે તેઓ જાણે છે કે તે કોઈ પણ સ્થિતિમાં હોવા છતાંયે તેના અધ્યયન તેમજ સેવનથી અમૃતસમી મોક્ષપ્રાપ્તિ કરાવનાર હોવાથી અમૃતસમાન ફળ આપે છે જ. ॥ ૨૪ ॥

અન્વયાર્થ—( यथा कल्पतरोः पुष्पं ) જેમ કલ્પવૃક્ષનું ફુલ ( जीर्णतानवता च्युतम् ) જીર્ણતા અને નવોદિતપણા રહિત છે. ( तथा ) તેવી રીતે ( एतस्यापि सूत्रस्य ) આ સૂત્રના ( प्रत्यक्षरम् उदीक्ष्यताम् ) પ્રત્યેક અક્ષર જાણવાં જોઈએ.

વિશેષાર્થ—કલ્પવૃક્ષનાં પુષ્પ કોઈ પણ સ્થિતિમાં નથી જીર્ણ થતાં કે નથી નવાં થતાં. તે તો હરદમ હરિયાળાં રહે છે. આમ થવાનું કારણ એ છે કે તેનો એવો સ્વભાવ જ હોય છે. ભગવતીસૂત્રના પ્રત્યેક અક્ષરનું પણ એમ જ છે. કોઇ એમાં નવીન હોતા નથી અથવા જુના થતા નથી, એટલે કે નવા ઉમેરાતા નથી કે જુના કાઢી નાખવામાં આવતા નથી. કેમકે તે તો તિર્થંકરોની પરંપરાથી ઉતરી આવેલા છે,–અને અસલ સ્વરૂપમાં છે. જીર્ણતા અને નવીનતા એ પારસ્પરિક સાપેક્ષ શબ્દો છે. જ્યાં જીર્ણતા નથી ત્યાં નવીનતા નથી અને જ્યાં નવીનતા નથી ત્યાં જીર્ણતા નથી. સદા એકરૂપતા છે. માટે એના અર્થમાં કોઇપણ પ્રકારનું જુદાપણું નહિ આવવું જોઇએ. વળી જો અહીં એવી આશંકા સેવવામાં આવે કે શબ્દ તો સ્વયં સ્વઅર્થ પ્રકટ કરી શકતા નથી. એનો અભિધેયાર્થ

તો તેના પ્રયોગ કરવાવાળાની મરજી મુજબ થાય છે. માટે જો પ્રયોકતા નિર્દોષ છે તો એનો કહેવાનો અર્થ નિર્દોષ માનવામાં આવે. અને જો પ્રયોકતા સદોષ છે તો તેનો કહેવાનો અર્થ પણ સદોષ જ માનવામાં આવે, તો જો એમજ છે તો પછી અહીં ભગવતીસૂત્રના પ્રત્યેક અક્ષરને કલ્પવૃક્ષના પુષ્પ સમાન એક રસ કેવી રીતે કહેવામાં આવ્યો છે, તો એનો ઉત્તર એ છે કે તે શ્રી તિર્થંકર ભગવાનદ્વારા પ્રતિપાદિત હોવાની અપેક્ષાએ બતાવવામાં આવ્યાં છે. એમ તો પદાર્થને પરિણામિનિત્ય માન્યો છે. એકરસ કહેવાનો આશય એ છે કે એના અર્થમાં કોઇ પણ કાળમાં અન્યથાપણું થવાની આશંકા હોતીજ નથી. પ્રમાણથી અબાધિત અર્થનોજ એ પ્રતિપાદન કરે છે. ॥૨૫॥

અન્વયાર્થ—( **अस्य अर्थतः** ) આ ભગવતીસૂત્રના અર્થ ચિન્તવન કરનારને, **तथा (पठनपाठनतः) श्रुतेः** ભણનારને તથા ભણાવનારને તથા સાંભળનાર માનવીને (**यत्फलं स्यात्**) જે ફળ મળે છે ( **तत्** ) તેજ ફલ ( **तदासक्तचित्तानां मानवानां प्रजायते** ) તેમાં પૂર્ણ શ્રદ્ધા રાખનારને પણ મળે છે.

વિશેષાર્થ—આ સૂત્રનો એવો મહિમા છે કે જે માનવ એનું અર્થ ચિન્તવન કરતો જે ફળ મેળવે છે તેજ ફળ તેનું અધ્યયન કરનાર અથવા તેને શ્રદ્ધાપૂર્વક એકાગ્રચિત્તે સાંભળનાર માનવને પણ એજ ફળ પ્રાપ્ત થાય છે. અહીં કોઈને એવી આશંકા ઉત્પન્ન થાય કે '**अमृत**'—જેવા શબ્દના અર્થ ચિન્તવન કરનાર પુરુષ–અથવા તેની (અમૃતની) પ્રશંસા વાંચતો અથવા ભણતો પુરુષ તથા તેને સાંભળતો પુરુષ અમૃતરૂપ રસ–ફળથી તૃપ્તિ મેળવી શકયો હોય એમ દેખી શકાતો નથી તો આપ આ વિષે એમ કેમ કહી શકો ? તો તેનો જવાબ એ છે કે આ ભગવતીસૂત્રનો મહિમા અકળિત અને અકથ્ય છે. આંબલી–લીંબુ વગેરે પદાર્થોની ઉપર ફકત દૃષ્ટિ પડવાથીજ મોંમાં પાણી છુટે છે તો આ બાબત વિષે તર્કવિતર્કની જરૂર કેમ હોઇ શકે ? કેમકે દરેકે દરેક પદાર્થના જુદા જુદા સ્વભાવ હોય છે; ભગવતીસૂત્રના અર્થ ચિન્તવન કરતી વેળાએ માનવીની માનસિક વૃત્તિઓ અન્ય વિચારોમાંથી શુભ વિચારોમાં પરોવાય છે, જેથી પુણ્ય પ્રકૃતિઓમાં અનુભાગ અને સ્થિતિ અધિક પડે છે. અને પાપપ્રકૃતિઓના રસમાં મંદતા આવી જાય છે. તેમ તેમ તન્મય બનીને જે એનું પઠનપાઠન કરે છે અથવા

એકાગ્ર મને શ્રવણ કરે છે તેઓને પણ એજ ફળની પ્રાપ્તિ થાય છે. એજ અપેક્ષા અનુસાર અહીં ચિંતવનકાર, ભણનાર અને ભણાવનાર અથવા તેના શ્રોતાને સમાનફળભોક્તા દર્શાવ્યા છે. ॥ ૨૬ ॥

અન્વયાર્થ—(**इव**) જેમ (**कलायुक्तः**) સંપૂર્ણ કલા જેની પાસે છે તે (**कलाधरः**) ચન્દ્રમા. ( **शीतलैः किरणैः** ) શીતળ કિરણો વડે. (**अखिलं जगत्** ) આ સમસ્ત સંસારને (**शीतयति**) શીતળ બનાવે છે-શાંતિ અર્પે છે.એ જ રીતે ( **इदं सूत्रं**) આ સૂત્ર ( **स्वपाठाद्यैः** ) પોતાના પઠનપાઠન આદિરૂપ કિરણસમૂહથી સંસારને શાંતિ પ્રદાન કરે છે.

વિશેષાર્થ—ચન્દ્રનો જાતિસ્વભાવ છે કે સારાયે દિવસની તપી ઉઠેલી ધરતીને પોતાની શીતળ કિરણધારા વડે શાન્તિ પમાડવી.—તેવીજ રીતે મતમતાંતરથી અશાન્ત બનેલા, અથવા વિષયકષાય આદિના સંસર્ગથી આત્મકલ્યાણના માર્ગથી વિમુખ બની જઇ દુર્ગતિના દુઃખો સહન કરતા કરતાં તપ્ત બનેલાં પ્રાણીઓને આ સૂત્ર પોતાની સ્યાદ્વાદમય કથન શૈલી રૂપ શીતળ કિરણોવડે પ્રશાંત કરે છે, અને ભણવા ભણાવવા આદિદ્વારા સદ્દમાર્ગ પ્રકાશક સમ્યક્‌જ્ઞાનરૂપ શાંતિ ભાવ પ્રદાન કરે છે. ॥ ૨૭ ॥

અન્વયાર્થ—(**यथा**) જેમ (**स्पर्शमणिस्पर्शात्**) પારસમણિના સ્પર્શથી (**आयसं हेमताम् याति**) લોખંડ સોનારૂપ બને છે. (**तथा**) તેવી રીતે (**अस्यापि अंश पाठाद्यात् शाश्वतीं सिद्धिं**) આ (સૂત્ર)ના અંશમાત્ર પઠનપાઠન આદિ કરવાથી શાશ્વત સિદ્ધિને (**अश्नुते**) મેળવે છે.

વિશેષાર્થ—જેમ પારસમણિનો પોતાનો સ્વભાવ છે કે પોતાના સંઘર્ષ માત્રથી લોખંડ જેવાને પણ સુવર્ણની કોટિમાં લાવી મૂકે છે. તેવી રીતે મન વચન અને કાયાની પૂર્ણ એકાગ્રતાએ યોગ્ય રીતે આ ભગવતીસૂત્રનું અંશમાત્ર પણ અધ્યયન કરનાર, કરાવનારને અવિનાશી મુક્તિરૂપ લક્ષ્મીના સ્વામી બનાવી મૂકે છે. કહેવાનું તાત્પર્ય એ કે સૂત્રના થોડાક પણ વાંચનને કારણે મિથ્યાત્વનો અભાવ થઇ જીવાત્મામાં સમ્યક્‌જ્ઞાનનો અસ્તિત્વ પેદા થાય છે. અને તેમાં વાસ થવાથી સમ્યક્‌ચારિત્રની પૂર્ણ આરાધના વડે જીવાત્મા તેજ ભવથી અથવા બીજા ભવોથી મોક્ષના પથગામી થઇ વિજેતા બની જાય છે. ॥૨૮॥

અન્વયાર્થ—(पीतं) પીવાએલું (क्षीराम्बुनिधेः नीरं इव) ક્ષીર સાગરના પાણીની સમાન (पठितं एतत्) પઠિત આ સૂત્ર (नूनं आनीचाद् सज्जनावधि सर्वं जगत् तर्पयते) નીચ પુરુષથી માંડી સજ્જન પુરુષ સુધી સમસ્ત જગતને આત્મશાંતિ પ્રદાન કરે છે.

વિશેષાર્થ—જેમ ક્ષીરસાગરનું જળપાન કરતાં નીચ અથવા સજ્જન પુરુષને આનંદપ્રદાન જરા પણ ભેદભાવ રાખ્યા વિના એકજ રૂપે કરે છે.–એકજ રીતે બન્ને કોટીના જીવાત્માને શાંતિ બક્ષે છે, એવીજ રીતે ભગવતીસૂત્રને કોઇપણ કોટિના માનવી–નીચ અગર તો સજ્જન ભણે ભણાવે–સાંભળે સંભળાવે અથવા ચિંતવન કરે, તેને પણ પરમશાંતિ અને અનંત આનંદ આપે છે.–આનંદ પણ એકજ રૂપે બન્ને કોટીવાળા મેળવે છે. નીચ અને સજ્જનના ભેદ અહીં નથી હોતો. આનંદ પ્રદાનની ધારા સતત અને અસ્ખલિત વહેતી રહે છે. ॥ ૨૯ ॥

અન્વયાર્થ—(इतरैः बुधैः टीकिताऽपि एषा पुनः टीक्यते) આ ભગવતી સૂત્રની ટીકા બીજા કેટલાક મહાપુરુષોએ કરેલી છે. તેમ છતાં હું ઘાસીલાલ મુનિ તે ઉપર ટીકા લખું છું. (गरुडेन गते मार्गे किं अन्यैः खगैः न गम्यते) ગરૂડથી જવાએલા માર્ગે શું બીજા પંખી ન જઇ શકે ?અર્થાત્–જઇ શકે છે.

વિશેષાર્થ–ગરૂડના પ્રસ્થાનમાર્ગે કોઇ પક્ષી ન જઇ શકે એવો બાધ નથી, તેવી રીતે બીજા આચાર્યોએ આ ભગવતીસૂત્રની ટીકા કરી હોવા છતાં મ્હારે ટીકા નહિ કરવી, એવું કાંઇ નથી. ગરૂડ દ્વારા જવાએલા માર્ગે બીજા પક્ષીઓને જવાનું સુલભ થઇ પડે છે તેમ બીજા આચાર્યો દ્વારા રચાએલી આ ભગવતીસૂત્રની ટીકાથી મ્હને પણ ટીકા કરવામાં સુલભતા રહેશે એવા અભિપ્રાયે હું ટીકા લખવા પ્રેરાઉં છું. ॥ ૩૦ ॥

શ્રી જિનેશ્વરની વાણીને નમસ્કાર કરીને હું ઘાસીલાલ મુનિ શ્રી મહાવીરપ્રભુની વાણીને આધીન રહી મ્હારી આવડત અનુસાર વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ—ભગવતીસૂત્રની પ્રમેયચન્દ્રિકા નામની ટીકા રચું છું. ॥ ૩૧ ॥

## ગુજરાતી અનુવાદ

જેમણે રાગદ્વેષ આદિ સમસ્ત કલેશોને સારી રીતે જીતી લીધા છે એવા મહાવીર પ્રભુએ સંસારરૂપી કાદવમાં ફસાયેલા જીવોના ઉદ્ધારને માટે પોતાના ગણધરોને દ્વાદશાંગીરૂપ પ્રવચનનો ઉપદેશ દીધો. આ દ્વાદશાંગીરૂપ પ્રવચન મિથ્યાત્વ રૂપી અંધકારનો નાશ કરનાર છે, શ્રદ્ધારૂપ જ્યોતિ પ્રગટાવનાર છે, તત્ત્વ અને અતત્ત્વનું વિવેચક છે, અમૃતપાન સમાન હિતકારક છે, ચમકતા ચન્દ્રની ચાંદનીની જેમ હૃદયને પ્રફુલ્લિત કરનાર છે, સ્વપ્નમાં દેખેલી વસ્તુની જાગૃત અવસ્થામાં પ્રાપ્તિ થતાં જેટલો આનંદ થાય તેટલો આનંદ-સુખ દેનાર છે. કોઇ ખજાનાની પ્રાપ્તિ થતાં જેવું સુખ મળે તેવા સુખનું જનક છે, સમસ્ત સંતાપોને દૂર કરનાર છે, સંસાર રૂપી સમુદ્રને પાર જવા માટે નાવ સમાન છે, મિથ્યાત્વના ગાઢ અંધકારનો નાશ કરવા માટે સૂર્ય સમાન છે, અને સ્વર્ગ અને મોક્ષનાં સુખ દેવામાં ચિન્તામણિ રત્ન સમાન છે. ભગવાન મહાવીર દ્વારા ઉપદિષ્ટ આ દ્વાદશાંગી રૂપ પ્રવચન ક્ષપકશ્રેણી પર પહોંચવા માટે એક સુંદર માર્ગ છે, તે કર્મરૂપ શત્રુઓનું દમન કરનાર છે, અને કેવળજ્ઞાન, કેવળદર્શન ઉત્પન્ન કરનાર છે. જેમ પાણીની મદદથી વસ્તુપરની રજ ધોઇ શકાય છે તેમ તે કર્મરૂપ રજને ધોઇ નાખે છે. જેમ મંત્રથી સર્પનું નિવારણ કરી શકાય છે તેમ તેની મદદથી સાંસારિક ભોગો રૂપી સર્પોનું નિવારણ થાય છે. જેવી રીતે પવન આકાશમાં રહેલા મેઘ-પટલોને વેર-વિખેર કરી નાખે છે તેમ આ દ્વાદશાંગીરૂપ પ્રવચન પણ કર્મરૂપ મેઘપટલને આત્માથી તદ્દન અલગ કરીને વેર-વિખેર કરી નાખે છે. જેવી રીતે પૂર્વ દિશા ભાસ્કર (સૂર્ય)ને જન્મ આપે છે, તેવી રીતે આ બાર અંગરૂપ પ્રવચન દ્વારા પણ કેવલજ્ઞાનરૂપ સૂર્યનો જન્મ થાય છે. જેવી રીતે કલ્પવૃક્ષ યાચકને ઇચ્છિત પદાર્થની પ્રાપ્તિ કરાવે છે તેવી રીતે આ દ્વાદશાંગીરૂપ પ્રવચન પણ તેનું સેવન કરનારને સાદિ (આદિ સહિત) અનંત (અંતરહિત) મુક્તિના સામ્રાજ્યરૂપ ઇચ્છિત અર્થની પ્રાપ્તિ કરાવે છે.

શ્રી તીર્થંકરની કૃપાથી વિવિધ લબ્ધિઓ પ્રાપ્ત કરનાર અને ગુણોના ભંડાર એવા શ્રી સુધર્મા સ્વામીએ આ પ્રવચનને પોતાના મનમાં સંકલિત કરીને સમસ્ત જીવોના ઉપકારને માટે પોતાના શિષ્ય શ્રી જંબૂસ્વામીને તેનો ઉપદેશ આપ્યો છે. તે પહેલાં તેમણે જીવ, અજીવ, સ્વસમય (સ્વસિદ્ધાંત), પરસમય, (પરસિદ્ધાંત) આદિ વસ્તુસ્તોમના પ્રરૂપક ચોથા સમવાયાંગનું નિરૂપણ કર્યું હતું. ત્યાર પછી '**विआहपन्नत्ती**' નામના પાંચમાં અંગની પ્રરૂપણા કરી છે. તેનું બીજું નામ '**भगवतीसूत्र**' છે. તેથી "અર્વાચીન વચનરૂપ તાદૃશ શબ્દાત્મક આગમમાં લોકોને વિશ્વાસ નહીં રહે" એવી શંકા પણ નિર્મૂળ થઇ જાય છે. કારણ કે તેના અર્થથી કર્તા તો તીર્થંકર જ છે. તેમણે જ સૌથી પહેલાં અર્થથી તેનો ઉપદેશ આપ્યો છે. તેમનાં વચનોમાં કોઇ પણ પ્રકારનો રાગદ્વેષ હોતો નથી કારણ કે તીર્થંકર વીતરાગ-રાગદ્વેષથી રહિત હોય છે. તેથી તેમના વચનોમાં પ્રામાણિક્તા મનાય છે.

## વિઆહપન્નતી શબ્દ કા અર્થ

હવે અહિં **विआहपन्नत्ती** શબ્દનો અર્થ કહે છે—

"**विआहपण्णत्ती**" શબ્દની બાર પ્રકારની સંસ્કૃત છાયા છે. (૧) વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ: (૨) વ્યાખ્યાપ્રજ્ઞાપ્તિ: (૩) વ્યાખ્યાપ્રજ્ઞાન્તિ: (૪) વિવાહપ્રજ્ઞપ્તિઃ (૫) વિવાહપ્રજ્ઞાપ્તિ: (૬) વિવાહપ્રજ્ઞાન્તિ: (૭) વિબાધપ્રજ્ઞપ્તિ: (૮) વિબાધપ્રજ્ઞાપ્તિ: (૯) વિબાધપ્રજ્ઞાન્તિ: (૧૦) વિગાહપ્રજ્ઞપ્તિ: (૧૧) વિગાહપ્રજ્ઞાપ્તિ: (૧૨) વિગાહપ્રજ્ઞાન્તિ:

હવે એ બાર પ્રકારની છાયામાંની પ્રત્યેક છાયાનો અર્થ બતાવવામાં આવે છે–

(૧) **व्याख्याप्रज्ञप्तिः** નામની પહેલી છાયામાં '**वि**' અને **आङ्** ઉપસર્ગ પૂર્વક '**ख्या**' ધાતુ છે. '**ख्या**' ધાતુનો અર્થ 'પ્રકથન કરવું.' તેને '**अङ्**' પ્રત્યય લગાડવાથી 'વ્યાખ્યા' શબ્દ બને છે. તેનો અર્થ આ પ્રમાણે થાયછે– **वि**=વિવિધ પ્રકારે, **आ**=સમન્તાત, **ख्या**=કથન કરવું **व्याख्या** અને તેમની **प्रज्ञप्ति**=

પ્રરૂપણા છે તેનો ભાવાર્થ આ પ્રમાણે છે–જેમાં વિવિધ પ્રકારના સમસ્ત જીવ અજીવ આદિ પ્રદાર્થવિષયક કથનરૂપ પ્રરૂપણા અભિવિધિપૂર્વક અથવા મર્યાદા પૂર્વક પ્રગટ કરવામાં આવે છે તેનું નામ વ્યાખ્યા છે. અહીં "आङ्" મર્યાદા કે અભિવિધિના અર્થમાં વપરાયેલ છે. એજ વાત "समन्तात्" પદથી પ્રગટ કરી છે. "મર્યાદા" શબ્દનો અર્થ અહીં "પરસ્પર અસંકીર્ણ–વિશાળ–લક્ષણકથન પૂર્વક" થાય છે. તથા "અભિવિધિ" એટલે "સમસ્ત જ્ઞેય પદાર્થોની વ્યાપ્તિ પૂર્વક" કહેવાનો ભાવાર્થ એ છે કે–આ જે જીવાજીવાદિવિષયક પ્રરૂપણાઓ કરવામાં આવી છે તે પરસ્પર અસંકીર્ણ–વિશાળ–લક્ષણકથનપૂર્વક કરવામાં આવી છે. અથવા આ જે પ્રરૂપણાઓ કરી છે તે એવી નથી કે જે કોઇ કોઇ જ્ઞેય પદાર્થોમાં જ વ્યાપ્ત હોય, પણ તે સમસ્ત જ્ઞેય પદાર્થોમાં વ્યાપ્ત છે. આ પ્રકારની જીવાજીવાદિ-વિષયક પ્રરૂપણાઓનું નિરૂપણ જે શાસ્ત્રમાં સંશય, વિપર્યય અને અનધ્યવસાય આદિ દોષ રહિત કરવામાં આવ્યું છે તે શાસ્ત્રનું નામ "व्याख्याप्रज्ञप्ति" છે. તેનું તાત્પર્ય એ છે કે ભગવાન મહાવીરસ્વામીએ ગૌતમ આદિ શિષ્યોની સમક્ષ જીવ, અજીવ આદિ પદાર્થોનું કથન તેમણે પૂછેલા પ્રશ્નો પ્રમાણે જે મર્યાદા કે અભિવિધિપૂર્વક કરેલું છે તે વ્યાખ્યા છે. અને શ્રી સુધર્માસ્વામીએ પોતાના શિષ્ય શ્રી જંબૂસ્વામી સમક્ષ તે વ્યાખ્યાનું નિરૂપણ નિર્દોષ રીતે કર્યું છે. તેથી તેને પ્રજ્ઞપ્તિ કહેલ છે. આ રીતે 'व्याख्याप्रज्ञप्ति' નામની પહેલી છાયાનો અર્થ સ્પષ્ટ કરવામાં આવ્યો.

(૨) 'व्याख्याप्रज्ञाप्तिः' આ બીજી સંસ્કૃત છાયાનો અર્થ આ પ્રમાણે છે–વ્યાખ્યા અને પ્રજ્ઞા એ બન્નેમાં દ્વન્દ્વસમાસ થયો છે. આ રીતે 'વ્યાખ્યા' અને 'પ્રજ્ઞા' એ બન્ને સ્વતંત્ર શબ્દો બની જાય છે. તેમાંના 'વ્યાખ્યા' શબ્દનો અર્થ કથન અને 'પ્રજ્ઞા' શબ્દનો અર્થ પદાર્થોના કથનમાં કારણભૂત વ્યાખ્યાતાનું જ્ઞાન છે. તે બન્નેની પ્રાપ્તિ શ્રી ભગવતીસૂત્રનાં અધ્યયનથી જીવોને થાય છે. અથવા "व्याख्यासु प्रज्ञा" આ રીતે સપ્તમીતત્પુરુષ સમાસ કરવાથી 'વ્યાખ્યાપ્રજ્ઞા' શબ્દ બને છે. તેનો અર્થ–"વ્યાખ્યાઓ કરવાના હેતુભૂત જ્ઞાનની પ્રાપ્તિ જેના દ્વારા થાય છે તેને વ્યાખ્યાપ્રજ્ઞાપ્તિ કહે છે." કહેવાનું તાત્પર્ય એ છે કે પદાર્થનું પ્રતિપાદન કરનાર વ્યાખ્યાન જ્યારે વાંચવામાં કે સાંભળવામાં આવે ત્યારે જેવું સમ્યગ્જ્ઞાન થાય છે તેના કરતાં પણ વિલક્ષણ સમ્યગ્જ્ઞાન શ્રી ભગવતીસૂત્રના અધ્યયનથી થાય છે. આ રીતે વ્યાખ્યાયોગ્ય પ્રજ્ઞાની પ્રાપ્તિ આ ભગવતીસૂત્રનું અધ્યયન કરનારને થાય છે તેથી તેનું નામ વ્યાખ્યાપ્રજ્ઞાપ્તિ પણ હોઇ શકે છે. (૨)

(૩) હવે તેની ત્રીજી સંસ્કૃત છાયા 'व्याख्याप्रज्ञात्ति'નો અર્થ સમજાવવામાં આવે છે–વ્યાખ્યા અને પ્રજ્ઞા એ બન્નેની, અથવા વ્યાખ્યાઓમાં પ્રજ્ઞાનું (आत्ति) ગ્રહણ જેના દ્વારા થાય છે તેનું નામ વ્યાખ્યાપ્રજ્ઞાત્તિ છે.

(૪) "विवाहप्रज्ञप्तिः" નામની ચોથી છાયાનો અર્થ આ પ્રમાણે છે–वि=વિશિષ્ટ અનેवाहाः=પ્રવાહો,વિશિષ્ટ નયપ્રમાણુવિષયક અથવા પદાર્થવિષયક પ્રવાહો(વિસ્તારો;ની સમજણ જેમાં આપવામાં આવી છે તેને વિવાહપ્રજ્ઞપ્તિ કહે છે. તેના દ્વારા એ વાતનું પ્રતિપાદન થાય છે કે ભગવતીસૂત્ર વાંચનારને નય અને પ્રમાણના પ્રવા-હોનું જ્ઞાન ઘણી જ સરલતાથી મળી જાય છે.

(૫) ' विवाहप्रज्ञाप्ति ' – આ સંસ્કૃત છાયાનો અર્થ આ પ્રમાણે થાય છે– " विविधो = नानाप्रकारको वाहः = विवाहः, विविधो विवाहः यस्यां सा विवाहा, विवाहा चासौ प्रज्ञा चेति विवाहप्रज्ञा, तस्या आप्तिः भवति यस्याः सकाशात् सा विवाहप्रज्ञाप्तिः " – નય પ્રમાણવિષયક અથવા પદાર્થવિષયક અનેક પ્રકારનાં પ્રવાહ જેમાં છે તેનું નામ વિવાહ છે. એવી વિવાહરૂપ પ્રજ્ઞાની પ્રાપ્તિ જેનાથી થાય છે તેને વિવાહપ્રજ્ઞાપ્તિ કહે છે. ભગવતીસૂત્રનું અધ્યયન કરનારમાં વિવિધ પ્રવાહરૂપે પ્રજ્ઞા ઝળકી ઉઠે માટે તેનું વિવાહપ્રજ્ઞાપ્તિ નામ સાર્થક છે.

(૬) विवाहप्रज्ञात्ति" વિવાહરૂપ (વિવિધ પ્રકારના પ્રવાહ રૂપ) પ્રજ્ઞા બુદ્ધિની आत्ति આદાન–ગ્રહણ જેના દ્વારા પ્રાપ્ત થાય છે તે શાસ્ત્રને વિવાહપ્રજ્ઞાત્તિ કહે છે.

(૭) " विबाधप्रज्ञप्ति " વિબાધ બાધારહિત – પ્રમાણભૂત જ્ઞાન જેના દ્વારા પ્રાપ્ત થાય છે તેનું નામ 'વિબાધપ્રજ્ઞપ્તિ' છે. આ અર્થ દ્વારા એમ બતાવવામાં આવ્યું છે કે ભગવતીસૂત્રનું અધ્યયન કરનારને જીવ, અજીવ આદિ વિષયોનું જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તે બાધાદિ દોષોથી રહિત અને વસ્તુનું યથાર્થ સ્વરૂપ પ્રગટ કરનાર હોય છે'

(૮) "विबाधप्रज्ञाप्ति" વિબાધરૂપ પ્રજ્ઞાની પ્રાપ્તિ જેના દ્વારા થાય છે તેને 'વિબાધ પ્રજ્ઞાપ્તિ' કહે છે. આ રીતે સમાસ–વિગ્રહ કરીને એમ બતાવવામાં આવ્યું છે કે ભગવતીસૂત્ર પ્રમાણાન્તરની બાધાથી રહિત પ્રજ્ઞાની પ્રાપ્તિ માટે સૌથી વધારે સાધક છે.

(૯) " विबाधप्रज्ञात्ति " વિબાધરૂપ પ્રજ્ઞાનું આદાન (ગ્રહણ) જેના દ્વારા થાય છે તેને 'વિબાધપ્રજ્ઞાત્તિ' કહે છે.

(૧૦) 'विगाहप्रज्ञाप्ति' – वि = વિશિષ્ટ, गाह = પ્રવેશ. જેના દ્વારા વિશિષ્ટ પ્રવેશ થાય તેને 'विगाह' કહે છે. એવું વિગાહરૂપ જ્ઞાન – અર્થપ્રરૂપણ જેના દ્વારા થાય છે તેને 'વિગાહપ્રજ્ઞપ્તિ' કહે છે. આ રીતે સમાસ–વિગ્રહ કરીને એમ બતાવવામાં આવ્યું છે કે ભગવતીસૂત્રનું અધ્યયન કરનારને સૂક્ષ્મ, સ્થૂલ, અને દૂરાસન્નવર્તી સમસ્ત પ્રમેયો પદાર્થો વિષે વિલક્ષણ બુદ્ધિ ઉત્પન્ન થઇ જાય છે.

(૧૧) 'विगाहप्रज्ञाप्ति' પદાર્થ તત્ત્વના મનનરૂપ વિવિધ ગાહ (પ્રવેશ) જેના દ્વારા થાય છે એવી પ્રજ્ઞાનું નામ 'વિગાહપ્રજ્ઞા' છે. તેની પ્રાપ્તિ જેનાથી થાય છે તેને 'વિગાહપ્રજ્ઞાપ્તિ' કહે છે. આ રીતે સમાસ–વિગ્રહ કરવાથી એવો અર્થ પ્રગટ થાય છે કે "ભગવતીસૂત્રના અધ્યયનથી સમસ્ત પદાર્થોના તત્ત્વના સારાસારનું વિવેચન કરવાની બુદ્ધિ પ્રાપ્ત થાય છે.

(૧૨) 'विगाहप्रज्ञात्ति' = વિશિષ્ટ ગાહ (પ્રવેશ) જેના દ્વારા થાય તેને વિગાહ કહે છે. વિગાહરૂપ પ્રજ્ઞા જેના દ્વારા ગ્રહણ થાય છે તેને 'વિગાહપ્રજ્ઞાત્તિ' કહે છે.

આ રીતે " विआहपण्णत्ति " શબ્દની બાર પ્રકારની સંસ્કૃત છાયાના અર્થનું વિવેચન અહીં સુધીમાં કરવામાં આવ્યું છે.

હવે 'ભગવતી' શબ્દની સાર્થકતા બતાવવામાં આવે છે કે—આ પાંચમાં અંગમાં ' ભગવતી ' શબ્દ કેવી રીતે સાર્થક છે ? એટલે કે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિને 'ભગવતી' વિશેષણ શા માટે લગાડયું છે ? સૂત્રકાર આ વિશેષણના પ્રયોગ દ્વારા તેમાં પૂજ્યતા પ્રગટ કરે છે, કારણ કે તેનું વ્યાખ્યાન તીર્થંકર પ્રભુની દેશનારૂપ છે. આ શાસ્ત્ર દ્વારા તે દેશનાને લોકોનું હિત કરવાની ભાવનાથી પ્રગટ કરેલ છે.

એટલે કે જે પ્રકારની દેશના પ્રભુએ દીધી છે તેને અનુરૂપ શબ્દો જ આ સૂત્રમાં પણ યોજાયા છે તેથી આ પાંચમાં અંગમાં ભગવતી શબ્દઘટક જે ભગવત્ત્વ વિશેષણ છે તે અન્ય સૂત્રોના કરતાં–અન્ય છદ્મસ્થજનકૃત સૂત્રોના કરતાં–આ સૂત્રમાં મહત્તા પ્રગટ કરે છે. એટલે કે 'ભગવતી' વિશેષણ દ્વારા આ સૂત્રમાં અતિપૂજ્યતા દર્શાવવાનો સૂત્રકારનો હેતુ છે. "ભગવત્"નો અતિપૂજ્યતાના અર્થમાં પ્રયોગ થાય છે. જેમ કે "तत्र भगवाँस्तीर्थकरः"માં ઐશ્વર્યને 'ભગ' નામ આપેલું છે. એ ઐશ્વર્ય જેનામાં મોજૂદ છે તેને ભગવતી કહે છે. આ બધા કથનનો નિચોડ એ છે કે આ શાસ્ત્ર અતિપૂજ્ય છે. એ વાત તેની સાથે વપરાયેલ 'ભગવતી' શબ્દથી સમજી શકાય છે.

## મંગલાચરણ કી આવશ્યકતા

શાસ્ત્રોની રચના કરતી વખતે બધા શાસ્ત્રકારો મંગળાચરણ કરે છે. આ શાસ્ત્રની પણ શરૂઆત થઇ રહી છે તેથી સમસ્ત જીવોનું કલ્યાણ કરનાર આ શાસ્ત્રની રચનામાં કોઇ પણ જાતનું વિઘ્ન ન આવે, અને કોઈ પણ જાતના વિઘ્ન કે હરકત વિના તેની સારી રીતે સમાપ્તિ થઇ જાય, તથા તેનું અધ્યયન કરનારમાં દીર્ઘાયુષ્યતા રહે, તથા ગુરુપરંપરાપ્રાપ્ત શિષ્યજનોને શાસ્ત્રનો પ્રારંભ કરતી વખતે મંગળાચરણ કરવાની શિક્ષા મળે, તથા શિષ્યપરંપરામાં ભગવતીસૂત્રનો વ્યવચ્છેદ ન થાય, એ સઘળા અભિપ્રાયોથી પ્રેરાઇને સૂત્રકારે શાસ્ત્રની શરૂઆતમાં મંગળાચરણ કરેલ છે. મંગલ બે પ્રકારનાં હોય છે–(૧) દ્રવ્યમંગળ અને (૨) ભાવમંગળ. દ્રવ્યમંગળ રૂપ જે લોકપ્રસિદ્ધ દહી, અક્ષત (ચોખા) આદિ પદાર્થો છે તેઓ દ્વારા વિઘ્નોનો આત્યન્તિક રૂપે વિનાશ થતો નથી, કારણ કે તેમના સદ્ભાવમાં પણ વિઘ્નોનો નાશ થતો હોય એવું જોવા મળતું નથી, અને કદાચ તેનાથી વિઘ્નોનો નાશ થઇ જાય તો પણ ભવિષ્યમાં તે વિઘ્ન ન આવી પડે એવું બનતું નથી. તેથી શાસ્ત્રકર્તાની દૃષ્ટિએ દ્રવ્યમંગલ વિઘ્નોનો નાશ કરવામાં અનૈકાન્તિક અને અનાત્યન્તિક હોવાથી, તેમને તે વધારે ઉપયોગી લાગ્યું નથી. તેથી શાસ્ત્રનો પ્રારંભ કરતી વખતે દ્રવ્યમંગલનો ઉપયોગ ન કરતાં ભાવમંગલનો ઉપયોગ કરવાનું શ્રી સુધર્મા સ્વામીને યોગ્ય લાગ્યું છે. કારણ કે ભાવમંગળ જ વિઘ્નોના ઐકાન્તિક અને આત્યન્તિક નાશ કરવામાં સાધક બને છે. તેથી તે ભાવમંગળજ અભિલષિત ફળ પ્રાપ્ત કરવાને સમર્થ છે, એવું તેઓ ચોક્કસ માનતા હતા. એ નિશ્ચયાનુસાર શ્રીસુધર્માસ્વામીએ શરૂઆતમાં ભાવમંગળરૂપ પંચપરમેષ્ઠિને નમસ્કાર કર્યાં છે, જો કે તપ, સંયમ આદિ અનેક વસ્તુઓ ભાવમંગળરૂપ છે છતાં પણ પંચપરમેષ્ઠિને નમસ્કાર રૂપ જે મંગળાચરણ કર્યું છે તે "**एसो पंचनमुक्कारो सव्वपावप्पाणासणो, मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं**"–"આ પંચ નમસ્કાર સમસ્ત પાપોનો નાશ કરનારાં છે અને સમસ્ત મંગલોમાં આદ્ય મંગળ છે" આ આગમપ્રસિદ્ધ આદેશાનુસાર કરેલ છે. જ્ઞાનાવરણ આદિ જે આઠ પ્રકારનાં કર્મ છે તે વિઘ્નરૂપ બને છે. તે કર્મો જીવના કોઇ પણ કાર્યમાં નડતરરૂપ થયા કરે છે. તેથી આ જે આઠ પ્રકારના કર્મો તેમાં નડતરરૂપ છે–તેમાં વિઘ્નરૂપ છે,

તેમનો નાશ કરવાના કારણરૂપ હોવાથી પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવારૂપ ભાવમંગલનું શાસ્ત્રકારો આચરણ કરે છે. એ પંચપરમેષ્ઠી લોકમાં સર્વોત્તમ છે, શરણાગતવત્સલ છે, અને પરમ મંગલરૂપ છે. તેથી તેમને કરાતાં નમસ્કાર પણ સર્વ પ્રકારે મંગલરૂપ છે, તથા સર્વ શ્રુતસ્કંધના આભ્યંતરરૂપ છે. તેથી શાસ્ત્રને પ્રારંભે તે પ્રકારનાં નમસ્કાર કરવા તે તદ્દન યોગ્યજ છે. એ આશયથી શ્રી સુધર્માસ્વામી સર્વ પ્રથમ નમસ્કાર સૂત્ર કહે છે "**नमो अरिहंताणं**" ઇત્યાદિ

(**नमो अरिहंताणं**) અર્હંતોને નમસ્કાર હો, (**नमो सिद्धाणं**) સિદ્ધોને નમસ્કાર હો, (**नमो आयरियाणं**) આચાર્યોને નમસ્કાર હો, (**नमो उवज्झायाणं** ઉપાધ્યાયોને નમસ્કાર હો, (**णमो लोए सव्वसाहूणं**) લોકમાં સર્વ સાધુઓને નમસ્કાર હો.

## અર્હદાદિ નમસ્કાર વિચાર

આ સૂત્રમાં '**नमः**' નૈપાતિક પદ છે. જેનાથી અર્થનો બોધ થાય તેનું નામ પદ છે. પદના પાંચ પ્રકાર છે–(૧) નૈપાતિક, (૨) નામિક, (૩) ઔપસર્ગિક, (૪) આખ્યાતિક અને (૫) મિશ્ર. "**च**" "**वा खलु**" ઇત્યાદિ નૈપાતિક પદ છે. "**अश्वः' गजः**" વગેરે નામિક પદ છે. "**प्र, परा**" આદિ ઔપસર્ગિક પદ છે. '**भवति**' આદિ આખ્યાતિક પદ છે. "**संयतः पाचकः**" આદિ મિશ્રપદ છે. ઉપરોક્ત પ્રકારોમાં "**नमः**" નૈપાતિક પદ છે. અર્હંત આદિ જે નમસ્કાર્ય (નમસ્કારને પાત્ર) છે. તેમનાં વાચક પદોની શરૂઆતમાં તથા અન્તે જેનું નિપતન (ઉપયોગ) થાય–એટલે કે અર્હંત આદિ પદોની શરૂઆતમાં અને અન્તે જે નમસ્કાર આદિ વાચક શબ્દ લાગે તેને નૈપાતિક પદ કહે છે. આ '**नमः**' પદ તે પ્રકારનું છે. તેનો અર્થ દ્રવ્યસંકોચરૂપ અને ભાવસંકોચરૂપ થાય છે. બન્ને હાથ, બન્ને પગ અને મસ્તક, એ પાંચ અંગોને નમાવવા તેનું નામ દ્રવ્યસંકોચ છે. સંકોચ નમસ્કારરૂપ હોય છે. માન, મદ આદિનો પરિત્યાગ કરવો તેનું નામ ભાવસંકોચ છે. અર્હંત આદિના ગુણોના વિષયમાં લીન થયેલું મન અર્હંત આદિના ગુણોનું વારંવાર સ્મરણ કરતું હોય છે, તેથી તે ક્રિયા ભાવનમસ્કારરૂપ બની જાય છે નૈપાતિકપદ દ્રવ્યસંકોચ અને ભાવસંકોચનું વાચક હોય છે, એવું કહેવાય છે. તે નમસ્કાર હાથ, પગ આદિ પાંચ અંગોના સંકોચરૂપ અને માન આદિના ત્યાગરૂપ હોય છે. તે નમસ્કાર કોને કર્યાં છે? ઉત્તર–"**अरिहंताणं**"–અર્હંતને કર્યાં છે. વંદન, નમન આદિ ક્રિયાઓને માટે અને અશોક આદિ આઠ મહાપ્રાતિહાર્યોને માટે જે યોગ્ય હોય તેમને અર્હંત કહે છે. અથવા તીર્થંકર નામગોત્ર આદિના બંધથી યુક્ત હોવાને લીધે જેઓ મુક્તિમાં જવાને યોગ્ય હોય છે તેમને અર્હંત કહે છે. "**अरिहंताणं**" પદની બીજી પણ ઘણી છાયાઓ થઇ શકે છે. તે વાત જાણવાની જિજ્ઞાસા ધરાવનારે મારાદ્વારા લખાયેલ આવશ્વકસૂત્રની મુનિતોષિણી નામની ટીકા વાંચી જવી. લોકમાં

એવું બને છે કે જે કોઇ થોડો ઉપકાર પણ કરે છે તેમને પોતાના હિતૈષી માનીને લોકો નમસ્કાર કરે છે એ જ કારણે અહીં સૌથી પહેલા નમસ્કાર અર્હંત ભગવાનને કર્યાં છે, કારણકે અનેક ભવપરંપરાથી જેમણે દુઃખોનો અભાવ પ્રાપ્ત કર્યો નથી એવા જીવોને નિરતિશય (અત્યંત) પરમાનંદરૂપ મોક્ષમાર્ગના તેઓ પ્રદર્શક બને છે તે કારણે તેઓ સમસ્ત જીવોના પરમ ઉપકારક છે. તેથી એવા પરમ ઉપકારી અર્હંત પ્રભુમાં આપો આપજ નમસ્કાર પ્રાપ્ત કરવાની યોગ્યતા આવી જાય છે.

"**नमो सिद्धाणं**"– સિદ્ધોને નમસ્કાર હો. "**सितं ध्मातं यैस्ते सिद्धाः**" આ વ્યુત્પત્તિ અનુસાર જ્ઞાનાવરણ આદિ આઠ પ્રકારના જે કર્મો બાંધ્યા હોય છે તેને '**सित**' કહે છે. આ સિતનો પ્રદીપ્ત શુકલધ્યાનરૂપ અગ્નિ દ્વારા જેમણે જડમૂળમાંથી નાશ કર્યો છે તેમને '**सिद्ध**' કહે છે. એવાં સિદ્ધોને અહીં નમસ્કાર કર્યાં છે. અથવા–ગતિવાચક '**षिधू**' ધાતુને '**क्त**' પ્રત્યય લગાડવાથી '**सिद्ध**' પદ બને છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે. જેમણે પુનરાવૃત્તિથી રહિત લોકના અગ્રભાગમાં આવેલ સિદ્ધસ્થાનને પ્રાપ્ત કર્યું છે, તેમને સિદ્ધ કહે છે. અથવા–સંરાદ્ધાર્થક '**षिधू**' ધાતુને '**क्त**' પ્રત્યય લગાડવાથી '**सिद्ध**' પદ બને છે. જેઓ કૃતકૃત્ય થઇ ગયા છે તેમને સિદ્ધ કહે છે, એવો તેનો અર્થ થાય છે. મોક્ષ પ્રાપ્તિને માટે જ સઘળા જીવો દ્વારા બધા પ્રકારના પ્રયત્નો થાય છે. એ સિદ્ધોએ તે મોક્ષ પ્રાપ્ત કરી લીધો છે તેથી તેમને કૃતકૃત્ય થયેલા માનવામાં આવે છે, કારણ કે હવે તેમને કંઇ પણ કરવાનું બાકી રહ્યું નથી. અથવા–શાસ્રાર્થક '**षिधु**' ધાતુને '**क्त**' પ્રત્યય લગાડવાથી '**सिद्ध**' શબ્દ બને છે આ ધાતુના અર્થ પ્રમાણે જેઓ શાસનકર્તા થયા છે તેમને સિદ્ધો કહે છે. મંગલાર્થક '**षि ्**' ધાતુની મદદથી જો 'સિદ્ધ' શબ્દ બનાવવામાં આવે તો તેનો અર્થ આ પ્રમાણે થાય–અજર, અમર આદિરૂપ મંગળતા જેમણે પ્રાપ્ત કરી છે તેમને સિદ્ધ કહે છે.

અથવા 'સિદ્ધ' શબ્દ નિત્યપર્યાયવાચી હોય છે. તે રીતે જોઇએ તો જેઓ નિત્ય–વિનાશરહિત છે તેમને સિદ્ધ કહી શકાય. અથવા 'સિદ્ધ' શબ્દ પ્રસિદ્ધિસૂચક છે. તે અર્થ પ્રમાણે જેમણે પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી છે તેમને સિદ્ધ કહે છે. આ રીતે સિદ્ધ શબ્દનો આ પ્રમાણે અર્થ નક્કી થાય છે. જેઓ પોતાના નિર્મળ ગુણસમૂહથી ભવ્ય જીવોના સમૂહમાં ખ્યાતિ પામ્યા છે તેમને સિદ્ધ કહે છે. એવા સિદ્ધોને નમસ્કાર હો. કહ્યું પણ છે–

**"ध्मातं सितं येन पुराणकर्म, यो वा गतो निर्वृतिसौधमूर्ध्नि।**
**ख्यातोऽनुशास्ता परिनिष्ठतार्थो, यः सोऽस्तु सिद्धः कृमङ्गलो मे ॥ १ ॥"**

જેમણે પૂર્વોપાર્જિત કર્મરૂપ સિતનો બિલકુલ નાશ કરી નાખ્યો છે, અથવા જેઓ મુક્તિરૂપ મહેલના અગ્રભાગે વિરાજમાન થઇ ગયા છે, અથવા જેઓ પોતાના નિર્મળ ગુણોથી પ્રસિદ્ધ છે, અથવા જેઓ શાસનકર્તા (ધર્મશાસન પ્રવર્તાવનાર) થઇ ચુકયા છે, અથવા જેઓ કૃતકૃત્ય થઇ ગયા છે, અથવા જેઓ મંગળરૂપ બની ગયા છે, તેમને સિદ્ધ કહે છે. એવા સિદ્ધ પરમાત્મા મારૂં મંગળ કરનારા હો. (૧)

સિદ્ધસ્થાનને જેમણે પ્રાપ્ત કર્યું છે અને જેઓ જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ ગુણોથી યુક્ત છે, એવા સિદ્ધો નિત્ય હોવાને કારણે, તથા પોતાના વિષયમાં આનંદાતિશયના કર્તા હોવાને કારણે ભવ્ય જીવો પ્રત્યે અતિશય ઉપકારકર્તા છે. તેથી તેઓ નમસ્કારને પાત્ર છે.

"नमो आयरियाणं" આચાર્યોને નમસ્કાર હો. 'आङ्' ને 'चर्' ધાતુ લગાડી તેની પાછળ 'ण्यत्' લગાડવાથી 'આચાર્ય' પદ બને છે. તેનો અર્થ આ પ્રમાણે છે–

જેઓ મર્યાદાપૂર્વક સેવાય છે તેમનું નામ આચાર્ય છે. એટલે કે જિન. શાસનનો ઉપદેશ દેનાર હોવાથી જ્ઞાનાભિલાષી શિષ્યો દ્વારા જેમનું સેવન કરાય છે, તેમને આચાર્ય કહે છે. તેઓ જિનશાસનના ઉપદેશક હોય છે, તેથી આચાર્ય કહેવાય છે. તેમને નમસ્કાર હો. કહ્યું પણ છે–

"सुत्तत्थविऊ लक्खण,–जुत्तो गच्छस्स मेढिभूओ य।
गणतत्तिविप्पमुक्को, अत्थं वाएइ आयरिओ ॥ १ ॥"

જેઓ સૂત્રાર્થના જ્ઞાતા છે, આચાર્યને યોગ્ય લક્ષણોવાળા છે, ગચ્છના નેતા છે, ગણની ચિન્તાથી રહિત અર્થાત્ ગણના ભારથી નહીં થાકનાર છે, એવા આચાર્ય અર્થની વાચના કરે છે (૧)

અથવા–આચારોમાં જેઓ નિષ્ણાત હોય તેમને આચાર્ય કહે છે. જ્ઞાનાચાર આદિ પાંચ પ્રકારના જે આચારો શાસ્ત્રોમાં વર્ણવ્યા છે તેનું તેઓ પોતે પાલન કરે છે તથા તેના પાલનનો ઉપદેશ બીજાને આપે છે. અને બીજા લોકોને તે આચારો જેઓ બતાવે છે, તેમને આચાર્ય કહે છે. કહ્યું પણ છે–

"पंचविहं आयारं, आयरमाणा तहा पभासंता।
आयारं दंसंता, आयरिया तेण वुच्चंति ॥ १ ॥"

જેઓ પાંચ પ્રકારના આચાર પોતે પાળે છે, બીજાને તે આચારો પાળવાનો ઉપદેશ દે છે અને જેઓ તેનું પાલન કરીને બતાવે છે તેમને આચાર્ય કહે છે. (૧) બીજી જગ્યાએ પણ કહ્યું છે–

"आचिनोति च शास्त्रार्थमाचारे स्थापयत्यपि।
स्वयमाचरते यस्मादाचार्यस्तेन कथ्यते ॥ १ ॥"

જે કારણે તેઓ શાસ્ત્રોના અર્થનો સંગ્રહ કરે છે, અન્ય જીવોને પણ આચાર પળાવે છે, અને જાતે પણ તે આચારને આચરણમાં ઉતારે છે, તે કારણે તેમને આચાર્ય કહે છે. (૧)

એવા આચાર્યોને નમસ્કાર હો. તેઓ નમસ્કારને યોગ્ય તે માટે કહ્યા છે કે તેઓ આચારના ઉપદેશક હોવાથી જીવોના પરમ ઉપકારક છે.

"नमो उवज्झायाणं"–ઉપાધ્યાયોને નમસ્કાર હો–જેમની પાસે આવીને શિષ્યો આગમશાસ્ત્રનો અભ્યાસ કરે છે તેમને ઉપાધ્યાય કહે છે. 'अधि' ઉપસર્ગ પૂર્વક 'इण्' ધાતુના ઉપયોગી ઉપાધ્યાય શબ્દ બને છે. તેનો અર્થ આ પ્રમાણે છે–

જેમના દ્વારા શિષ્યોને વધારે પ્રમાણમાં શાસ્ત્રોનું જ્ઞાન થાય છે તેમને ઉપાધ્યાય કહે છે. અને "इङ् स्मरणे" આ સ્મરણાર્થક 'इङ्' ધાતુ વડે જ્યારે ઉપાધ્યાય શબ્દ બનાવવામાં આવે ત્યારે તેનો અર્થ આ પ્રમાણે થાય છે–જેઓ શિષ્યોને અધિક પ્રમાણમાં પ્રવચનનું સ્મરણ કરાવે છે તેમને ઉપાધ્યાય કહે છે. કહ્યું પણ છે–

"बारसंगो जिणक्खाओ, सज्झाओ कहिओ बुहे।
तं उवदिसंति जम्हा, उवज्झाया तेण वुच्चंति ॥१॥"

જિનેન્દ્રદેવ દ્વારા કથિત બાર અંગ (દ્વાદશાંગ) રૂપ સ્વાધ્યાય (સૂત્ર) ગણધર આદિ દેવોએ કહેલ છે, તે સ્વાધ્યાય (સૂત્ર)નો ઉપદેશ આપનાર ઉપાધ્યાય છે. તેથી તેમને ઉપાધ્યાય કહે છે. (૧)

અથવા–"ध्यै चिन्तायाम्" આ ધાતુને 'उप' અને 'आङ्' ઉપસર્ગ લગાડવાથી ઉપાધ્યાય શબ્દ બને છે. ઉપ=પાસે, 'आङ्'=સંપૂર્ણ, તેથી તેનો આ અર્થ થાય છે–જેની પાસે જીવાદિ પદાર્થ સંબંધી ચિન્તન સર્વપ્રકારે થાય છે, તેઓ ઉપાધ્યાય કહેવાય છે. અથવા 'उप' અને 'अधि' ઉપસર્ગ પૂર્વક 'आय' શબ્દથી ઉપાધ્યાય શબ્દ બને છે, તેનો અર્થ આ પ્રમાણે છે–જેમની સમીપે શિષ્યોને ઇષ્ટ ફળની પ્રાપ્તિ અધિક રૂપે થાય છે તેમને ઉપાધ્યાય કહે છે. અથવા–"उपनीय स्वसमीपं आनीय शिष्यान् अध्यापयन्ति ते उपाध्यायाः" જેઓ પોતાની પાસે લાવીને શિષ્યોને ભણાવે છે તેઓ ઉપાધ્યાય છે. અથવા–"पुंस्याधिर्मानसी व्यथा" અમરકોષના આ કથન પ્રમાણે આ પ્રકારનો અર્થ થાય છે–'आधि=માનસિક પીડા, आय=ગમન–અલગ થવું. માનસિક પીડાઓ જેમના દ્વારા દૂર થાય તેમનું નામ ઉપાધ્યાય છે. અથવા उप+अध्याय મળીને ઉપાધ્યાય શબ્દ બને છે–'अध्याय'માં જે નકાર વાચક 'अ' ઉપસર્ગ છે તે કુત્સિત અર્થમાં વપરાયો છે. "कुत्सितः ध्यायश्चिन्ता-अध्यायः" કુત્સિતધ્યાનને અધ્યાય કહે છે. 'उप' એટલે ઉપહત–વિનષ્ટ. સંસારમાં પરિભ્રમણના કારણરૂપ માનસ ચિન્તન જેમના દ્વારા નષ્ટ થઇ ગયું છે તેમને ઉપાધ્યાય કહે છે. તે ઉપાધ્યાયો સંપ્રદાય પ્રાપ્ત અર્હત્પ્રવચન ભવ્યજીવોને શીખવે છે. તેથી ભવ્યજીવોનો તેઓ અતિશય ઉપકાર કરે છે. તેથી તેઓ નમસ્કારને પાત્ર ગણાય છે.

"नमो लोए सव्वसाहूणं" લોકમાં સર્વ સાધુઓને નમસ્કાર હો, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન, સમ્યક્ ચારિત્ર અને તપ દ્વારા જે મોક્ષ સાધે છે, એટલે કે જ્ઞાનદર્શનાદિ મોક્ષમાર્ગ દ્વારા જેઓ મોક્ષની આરાધના કરે છે તેમને સાધુ કહે છે. અથવા–ત્રસ, સ્થાવર, સૂક્ષ્મ, બાદર આદિ રૂપ સમસ્ત જીવોમાં જેઓ સમાન ભાવ રાખે છે તેમને સાધુ કહે છે. અથવા સંયમનું પાલન કરનારને જેઓ સહાયતા આપે છે તેમને સાધુ કહે છે કહ્યું પણ છે–

"निव्वाणसाहए जोए, जम्हा साहेंति साहुणो।
समा य सव्वभूएसु, तम्हा ते भावसाहुणो ॥१॥"

નિર્વાણસાધક યોગને સાધવાને કારણે, તથા સર્વ જીવો પ્રત્યે સમતા રાખવાને કારણે તેમને ભાવસાધુ કહે છે. સર્વસાધુ પદ દ્વારા સમસ્ત સાધુઓ સમજવાના છે. 'સર્વ' અને 'સાધુ' મળીને કર્મધારય સમાસ રૂપ 'સર્વસાધુ' પદ બન્યું છે. અહીં જે સાધુનું વિશેષણ 'સર્વ' મૂક્યું છે, તેના દ્વારા સામાયિક આદિ પ્રભેદવાળા, તથા પુલાક આદિક, જિનકલ્પિક, પ્રતિમાકલ્પિક, યથાલન્દ, પરિહારવિશુદ્ધિકલ્પિક, સ્થવિરકલ્પિક, સ્થિતકલ્પિક, અસ્થિતકલ્પિક, કલ્પાતીત ભેદવાળા સાધુઓ પણ ગ્રહણ કરેલ છે. તથા પ્રત્યેકબુદ્ધ, સ્વયંબુદ્ધ, અને બુદ્ધબોધિત ભેદવાળા, તથા ભરત આદિ ક્ષેત્રોમાં રહેનારા તથા સુષમદુષ્ષમકાલવર્તી સઘળા સાધુઓનો સમાવેશ થયેલો સમજવાનો છે. આ સર્વપદના પ્રભાવે સમસ્ત સર્વજ્ઞમતાનુયાયી સાધુઓમાં સમાનરૂપથી નમસ્કાર માટેની પાત્રતા માનવામાં આવેલ છે. એટલે કે તેઓ નમસ્કાર કરવાને યોગ્ય છે–અન્ય સાધુઓ નથી. આ 'સર્વ' શબ્દનો પ્રયોગ અરિહંત આદિમાં પણ કરવો જોઇએ. નહીં તો સમસ્ત અર્હંત ભગવાનોને અનમસ્કારથી ન્યૂનતા દોષ લાગશે.

હવે સૂત્રકાર એ વાત બતાવે છે કે 'સર્વસાધુ' પદમાં "સાર્વસાધુ" પદનો સમાવેશ થયેલો માનવો જોઇએ, એમ કરવાથી બૌદ્ધ આદિ મતાનુયાયી સાધુઓની વાતનું નિરાકરણ થઇ જશે. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે – જેઓ સર્વજીવોને માટે હિતાવહ હોય – તેમને આત્મકલ્યાણ રૂપ ઇષ્ટની પ્રાપ્તિ કરાવનાર હોય – તેમને 'સાર્વ' કહે છે. એવા સમસ્ત જીવોના હિતસાધક જે સાધુઓ હોય તેમને 'સાર્વસાધુ' કહે છે. સર્વજ્ઞમતાનુયાયી સાધુઓ જ સમસ્ત જીવોનું હિત કરનાર હોય છે. અથવા – "**सार्वस्य साधवः**" – **सार्वसाधवः** – '**सार्व**' પદથી "સમસ્ત જીવો પ્રત્યે સમાનતા રાખવાની જિનેન્દ્રદેવની આજ્ઞાનું પાલન કરનારા સાધુ" એવો અર્થ ગ્રહણ કરવો જોઇએ. એવા સાધુને સાર્વસાધુ કહે છે. આ કથનથી એ વાતનું નિરાકરણ થઇ જાય છે કે અન્યમતાનુયાયી સાધુઓ 'સાર્વસાધુ' નથી. અથવા – સાર્વ – અર્હંત પ્રભુને તેમની આજ્ઞા આદિના પાલન દ્વારા જેઓ સાધે છે તેઓ સાર્વસાધુ છે. અથવા – શ્રવ્ય – શ્રવણ કરવા યોગ્ય પ્રવચનમાં જેઓ નિપુણ છે તેઓ શ્રવ્યસાધુ છે. અથવા મોક્ષાનુકૂળ પ્રવચનોના ઉંપદેશક શ્રવ્યસાધુ છે. કુત્સિત પ્રવચનોથી પોતાની જાતને અલગ રાખીને તે સાધુઓ સંસારરૂપ કીચડમાં ફસાયેલા જીવોને મોક્ષમાર્ગનો ઉંપદેશ દઇને તેમનો ઉદ્ધાર કરવામાં તેઓ સર્વ રીતે સદા સમર્થ હોય છે, અને એ રીતે તેઓ લોકો પર ઘણો જ ઉંપકાર કરતા હોય છે, તેથી ભવ્યજનો તેમને નમસ્કારને યોગ્ય માને છે. કહ્યું પણ છે–

**"असहाए सहायत्तं, करेंति मे संजमं करेंतस्स।**
**एएणं कारणेयं, णमामि हं सव्वसाहूणं ॥१॥"**

સંયમનું પાલન કરનારા અને અસહાય હાલતમાં તે સાધુજનો સહાય કરે છે. તે કારણે હું સર્વ સાધુઓને નમસ્કાર કરૂં છું.

શંકા—આ નમસ્કાર મંત્રમાં સિદ્ધોનો પાઠ ભલે જુદો રહે—તેમાં કંઈ વાંધા જેવું નથી. પણ જો **'साध्नोति स्व—पर—कार्यमिति साधुः'** આ વ્યુત્પત્તિ પ્રમાણે સ્વ અને પરનું કાર્ય સાધનારને સાધુ માનવામાં આવે છે તો સ્વ પર કાર્યસાધકતાનો ગુણ સાધુથી લઈને અર્હંત, આચાર્ય અને ઉપાધ્યાયમાં રહેલો જ હોય છે. તો શા માટે અર્હંત આદિ પદોનો સ્વતંત્ર સૂત્રો દ્વારા પ્રયોગ કરવામાં આવ્યો છે? જો તેના જવાબમાં એમ કહેવામાં આવે કે તેમને અલગ અલગ નમસ્કાર કરવા માટે એમ કર્યું છે તો તેમ કહેવું તે પણ બરાબર નથી, કારણ કે **"नमो लोए सव्वसाहूणं"** આ એક જ સૂત્રસ્થ સાધુપદથી સમસ્ત અર્હંત આદિને નમસ્કાર કર્યાનું સિદ્ધ થઈ જાય છે. કારણ કે તેઓ બધા સાધુ છે. વળી જો એમ કહેવામાં આવે કે એ બધા સાધુ તો છે, પણ અહીં તો ભિન્ન ભિન્ન રૂપે નમસ્કાર કર્યા છે તેની વિવક્ષા છે. એમ કહેવું તે પણ બરાબર નથી, કારણ કે એ રીતે જો અહીં વિવક્ષા માની લેવામાં આવે તો પછી એ રીતે ભિન્ન ભિન્ન અર્હંત આદિના નામોચ્ચારણપૂર્વક આયુષ્યની પૂર્ણતા થાય ત્યારે પણ બધાને નમસ્કાર કરવાનું બની શકશે નહીં. તો આ પ્રકારની આશંકા ઠીક ન ગણાય.

## પૂર્વપશ્ચાન્નમસ્કાર ચર્ચા

ઉત્તર – જેમ **"सर्वेभ्यो मनुष्येभ्यो नमः"**–"સમસ્ત મનુષ્યોને નમસ્કાર હો." આ રીતે સઘળા મનુષ્યોને નમસ્કાર કરવાથી નમસ્કારકર્તા માંડલિક રાજાઓ, અને ચક્રવર્તી આદિ મહાપુરુષોને નમસ્કાર કરવાનું ફળ પ્રાપ્ત કરતો નથી. એટલે કે સામાન્ય રીતે માનવમાત્રને નમસ્કાર કરવામાં આવે ત્યારે પણ માંડલિક રાજા આદિને નમસ્કાર થયા ગણાય છે, કારણ કે તેઓ પણ મનુષ્ય તો છે જ, પણ એટલુંજ કરવાથી તેમને નમસ્કાર કરવાથી જે ફળ પ્રાપ્ત થવું જોઈએ તે ફળ પ્રાપ્ત થતું નથી. એ જ પ્રમાણે **"सर्वसाधुभ्यो नमः"** આ રીતે સાધુમાત્રને નમસ્કાર કરવાથી અર્હંત આદિને નમસ્કાર કરવાથી જે ફળ મળવું જોઈએ તે મળતું નથી. એ ફળ તો ત્યારે જ મળશે કે જ્યારે તેમને અલગ રીતે નમસ્કાર કરવામાં આવે. તેથી એ જ પ્રકારનો વિચાર કરીને સામાન્ય અર્હંત આદિમાં સાધુરૂપતા હોવા છતાં પણ સૂત્રકારે જુદો જુદો ઉલ્લેખ કરીને નામોચ્ચરણપૂર્વક નમસ્કાર કર્યા છે.

શંકા—એ વાત ઠીક છે. પણ અહીં નમસ્કાર કરવામાં વ્યતિક્રમ (ક્રમનો ફેરફાર) શા માટે કરવામાં આવ્યો છે. જો નમસ્કાર ન કરવા યોગ્ય વ્યતિયોને નમસ્કાર કરવામાં આવતાં હોય, અને નમસ્કાર કરવા યોગ્ય વ્યક્તિયોને નમસ્કાર કરવામાં વ્યતિક્રમ કરવામાં આવતો હોય તો તેના કારણરૂપ ત્રણ બાબતો હશે, (૧) દારિદ્રય, (૨) મરણ અને (૩) ભય. તેનું તાત્પર્ય એ છે કે નમન કરવા લાયક વ્યક્તિયોને નમસ્કાર કરવામાં વ્યતિક્રમ થાય તો એ દારિદ્રયાદિક દોષ ઉદ્‌ભવે છે એવી શિષ્ટ જનોની માન્યતા છે. તો એ દૃષ્ટિએ જોતાં અહીં સિદ્ધોને સૌથી પહેલાં નમસ્કાર કરવા જોઇતા હતા. કારણ કે તેઓ કૃતકૃત્ય છે—તેમણે અષ્ટકર્મોનો સર્વથા વિનાશ કરી નાખ્યો છે—તેથી તેઓ એ બધાના કરતાં શ્રેષ્ઠ છે. તેમની પછી અર્હંત આદિને નમસ્કાર થવા જોઇએ. પણ જિનસદૃશ શ્રી સુધર્મા-સ્વામીએ આ ક્રમને છોડીને અર્હંત ભગવાનોને નમસ્કાર કર્યાં છે તેનું કારણ શું છે?

ઉત્તર—આ જાતની જે આશંકા ઉભી કરવામાં આવી છે તે હેતુને સમજ્યા વિના કરવામાં આવેલ છે. તેનો સીધો અને સાદો જવાબ એ જ છે કે પાઠક્રમ કરતાં અર્થક્રમ બળવાન હોય છે. પ્રકૃતમાં અર્થની દૃષ્ટિએ અર્હંતોને જ પ્રધાન ગણ્યા છે— “**अरहंतुवएसेणं सिद्धा नज्जंति तेण अरहाई**” આગમનું એવું કથન છે કે— “અર્હંત ભગવાનના ઉપદેશથી જ સિદ્ધોનું સ્વરૂપ જાણી શકાય છે.” વળી તીર્થના પ્રવર્તક અર્હંત જ હોય છે, સિદ્ધ હોતા નથી, તેથી જીવોને ધર્મ દેશનાની પ્રાપ્તિ અર્હંત દ્વારા જ થાય છે. તેથી તેઓ જીવો પર પ્રત્યક્ષ ઉપકાર કરનાર છે.

જો અહીં એવી આશંકા કરવામાં આવે કે જેમ સિદ્ધોનું સ્વરૂપ અર્હંત ભગવાન બતાવે છે તેથી તેમને સિદ્ધ ભગવાનો કરતાં પ્રધાન (શ્રેષ્ઠ) માનવામાં આવે છે, એજ પ્રમાણે કાળાંતરે અર્હંતો વિષેનું જ્ઞાન પણ આચાર્યો કરાવે છે તેથી તેમને પણ અર્હંતો કરતાં પ્રધાન માનવા જોઇએ, અને તે રીતે તેમનામાં પણ પરમ પરોપકારિતા હોવાથી અર્હંતોની પહેલાં તેમને નમસ્કાર કરવા જોઇએ.

આ પ્રકારની આશંકાનો ઉત્તર એ છે કે અર્હંત ભગવાનોનાં ઉપદેશથીજ આચાર્યાદિકોમાં ઉપદેશ દ્વારા અર્થબોધકતા હોય છે—એટલે કે આચાર્ય આદિ જે ઉપદેશ આપે છે તેનો મૂળ સ્રોત તો તેમને અર્હંત ભગવાનોના ઉપદેશમાંથી જ પ્રાપ્ત થાય છે. તેઓ કદી પણ સ્વતંત્ર રીતે ઉપદેશ દેતા નથી. તેમને અર્હંત પ્રભુના ઉપદેશ દ્વારા જે બોધ પ્રાપ્ત થાય છે તે પ્રમાણે જ તેઓ ભવ્ય જીવોને અર્હંત આદિનું સ્વરૂપ વગેરે સમજાવે છે. આ રીતે આચાર્ય મહારાજના ઉપદેશમાં સ્વતંત્રતા નથી. પરતંત્રતા છે. બીજું—આચાર્યો અર્હંત પ્રભુની પરિષદારૂપ હોય છે. એટલે કે તેમની સભાના સભ્ય હોય છે. તેથી તેઓ તેમને અધીન હોય છે. અર્હંત પ્રભુ તો અર્થની સમજણ આપવામાં સદા સ્વતંત્ર હોય છે—આચાર્યને આધીન હોતા નથી. એ વાત પણ સમજાવવાને માટે આચાર્યને પહેલાં નમસ્કાર ન કરતાં અર્હંત પ્રભુને જ સૂત્રકારે પહેલાં નમસ્કાર કર્યાં છે. એજ પ્રમાણે ઉપાધ્યાય પણ અર્હંત પ્રભુને આધીન હોય છે.

વાસ્તવિક દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો અર્હંત પ્રભુના કેવળ ઘાતિયા કર્મો નાશ થયાં હોય છે, પણ સિદ્ધ ભગવાનોનાં આઠે કર્મો નાશ પામ્યાં છે. એ રીતે સિદ્ધ ભગવાનોમાં જ ઉત્કૃષ્ટતા લાગે છે. પણ એવું હોવા છતાં તેમનામાં શરીર આદિનો અભાવ હોય છે, તેથી સિદ્ધ પરમાત્માઓ ઉપદેશ દેતા નથી અને તીર્થની પ્રવૃત્તિ પણ કરતા નથી. પણ અર્હંત પ્રભુના ઘાતિયા કર્મોનો ક્ષય થઈ જવાથી તેઓ કેવળ જ્ઞાની હોય છે અને ભવ્યજીવોને મોક્ષમાર્ગનો યથાવત્ ઉપદેશ દે છે–રાગદ્વેષનો નાશ થઇ જવાને લીધે તેમનો ઉપદેશ પ્રમાણભૂત હોય છે. અને અઘાતિયા કર્મોનું અસ્તિત્વ રહેવાથી તેમનામાં શરીર આદિનું અસ્તિત્વ રહે છે તેથી તેઓ ઉપદેશ આપી શકે છે. આ રીતે તેમના દ્વારા લોકોપકાર થતો રહે છે. તે ઉપકારને કારણે લોકોમાં તેઓ સર્વોત્કૃષ્ટ ગણાય છે. આ સર્વોત્કૃષ્ટતાને લીધે સૂત્રકારે અહીં તેમને સૌથી પહેલાં નમસ્કાર કર્યાં છે. ॥ સૂ. ૧ ॥

આ રીતે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરીને હવે શ્રી સુધર્માસ્વામી શ્રુતજ્ઞાનમાં મદદરૂપ લિપિજ્ઞાન હોવાથી ભાષાલિપિને નમસ્કાર કરવાના ઉદ્દેશથી કહે છે **''नमो'' इत्यादि.**

## બ્રાહ્મીલિપિ નમસ્કાર વિચાર

**'' नमो बंभीए लिवीए'** બ્રાહ્મીલિપિને નમસ્કાર હો. **'अ'**થી શરૂ કરીને **'ह'** સુધીની જે વર્ણરૂપ ભાષા છે તેને લિપિ કહે છે. અમરકોષમાં **'' ब्राह्मी तु भारती भाषा, गीर्वाग् वाणी सरस्वती ''** આ શ્લોકાર્ધ દ્વારા એવું જ કહ્યું છે. આ ભાષાની સંકેતરૂપ લિપિનું નામ બ્રાહ્મીલિપિ છે. તેનો ભાવાર્થ એ છે કે પુસ્તકો વગેરેમાં 'अ' આદિ અક્ષરરૂપ જે સાંકેતિક રચના નજરે પડે છે તે બ્રાહ્મીલિપિ છે. અથવા – ઋષભદેવ પ્રભુએ પોતાની પુત્રી બ્રાહ્મીને અઢાર પ્રકારની લિપિ બતાવી હતી, તેથી તે લિપિને બ્રાહ્મીલિપિ કહી છે. લિપિજ્ઞાન શ્રુતજ્ઞાનમાં સહાયક થતું હોવાથી સુધર્માસ્વામીએ ભાવશ્રુતજ્ઞાનના કારણરૂપ આ લિપિજ્ઞાનરૂપ ભાષાલિપિને **''नमो बंभीए लिवीए''** આ સૂત્રદ્વારા નમસ્કાર કર્યાં છે. શ્રુતજ્ઞાનની પ્રાપ્તિમાં લિપિજ્ઞાન મદદરૂપ બને છે કારણ કે લિપિજ્ઞાનથી લિપિના સાંકેતિક શબ્દોનું સ્મરણ થાય છે. ત્યારબાદ શબ્દથી અર્થજ્ઞાન થાય છે. તેથી ભગવાન તીર્થંકર દ્વારા ઉપદિષ્ટ અર્થને સમજાવવાને માટે તે તીર્થંકરકથિત અર્થનું બોધક જે શબ્દસમુદાયરૂપ દ્રવ્યશ્રુત છે તેને લિપિબદ્ધ કરવાની કામનાવાળા શ્રી સુધર્મા સ્વામી ભાવલિપિને વંદણા કરવારૂપ નમસ્કાર કરે છે. અહીં દ્રવ્યલિપિને નમસ્કાર કર્યાં નથી કારણ કે– ભાવશ્રુતના વિષયમાં દ્રવ્યલિપિ સહેજ પણ મદદરૂપ થતી નથી, તેથી તે ભાવશ્રુતની બોધક થઇ શકતી નથી. ભાવશ્રુતની બોધક તો ભાવલિપિ જ થાય છે, એવી દઢ શ્રદ્ધા તેમના હૃદયમાં થયેલી છે, તેથી લિપિજ્ઞાનરૂપ ભાવલિપિનું માહાત્મ્ય પ્રગટ કરીને તેઓ તેને નમસ્કાર કરે છે. ભાવશ્રુતમાં ભાવલિપિ કારણરૂપ હોવાથી તેમાં પૂજ્યતા છે, તે કારણે તેમણે અહીં ભાવશ્રુતને પહેલાં નમસ્કાર ન કરતાં ભાવશ્રુતની કારણભૂત ભાવલિપિને **'' नमो बंभीए लिवीए ''** આ સૂત્રદ્વારા નમસ્કાર કર્યાં છે.

અભયદેવસૂરિકૃત વૃત્તિમાં—"**संज्ञाऽक्षररूपं द्रव्यश्रुतं नमस्कुर्वन्नाह—नमो बंभीए लिवीए**" એવું જે કહ્યું છે તે બરાબર નથી. કારણ કે પુસ્તક આદિમાં વિદ્યમાન (રહેલ) જે અકારાદિ વર્ણસંકેતરૂપ લિપિ છે તે દ્રવ્યશ્રુતરૂપ નથી. દ્વાદશાંગીરૂપ જે અર્હત્પ્રવચન શાસ્ત્ર છે તેને જ શ્રુત કહે છે. આ શ્રુત જ્યારે કોઈ જીવને શિક્ષિત સ્થિત યાવદ્વાચનોપગત તો થાય છે પણ તે જીવ તેમાં વાચના પૃચ્છના આદિ ક્રિયા દ્વારા વર્તમાન થતો હોવા છતાં પણ જ્યારે તેના ઉપયોગથી રહિત રહે છે ત્યારે આગમની અપેક્ષાએ તે જીવને દ્રવ્યશ્રુત માનવામાં આવે છે. આચાર આદિ આગમને પૂર્ણઘોષ અને કંઠોષ્ઠવિપ્રમુક્ત થઈને પઠન કરનાર સાધુ આદિને જ્યારે તેમના અર્થનું જ્ઞાન હોતું નથી ત્યારે તે સાધુ આદિ જન તેમાં ઉપયોગરહિત હોવાથી દ્રવ્યશ્રુત ગણાય છે. અનુયોગદ્વારમાં દ્રવ્યશ્રુતનું આ પ્રમાણે જ વર્ણન કર્યું છે. વર્ણોની સંકેતરૂપ જે લિપિ છે તે શબ્દસ્વરૂપ જ હોતી નથી. કારણ કે ત્યાં તો વર્ણનું જ ઉચ્ચારણ થાય છે લિપિ યુક્ત તેના સંકેતનું નહીં. પુસ્તકાદિનું શ્રુત તો શિક્ષિત યાવદ્વાચનોપગત જ થઈ શકતું નથી, તેથી તેમાં દ્રવ્યશ્રુતતા હોતી નથી, તો પુસ્તકાદિગત લિપિમાં દ્રવ્ય શ્રુતતાની સંભાવના કેવી રીતે હોઈ શકે? કોઈ પણ રીતે હોઈ શકે નહીં. હવે આ વિષયમાં બીજું શું કહેવું?

## મંગલાચરણાવશ્યકતા ચર્ચા

શાસ્ત્રકારે વિઘ્નોનો નાશ કરવાના હેતુથી શાસ્ત્રના આરંભમાં મંગલાચરણ કર્યું છે. પણ શાસ્ત્ર પોતે જ મંગલસ્વરૂપ છે તો વિઘ્નોનો નાશ કરવાની શક્તિ તેમાં રહેલી જ હોય છે તો શાસ્ત્રકારે '**नमो अरिहंताणं**" આદિ દ્વારા ફરીથી મંગલાન્તર કેમ કર્યું છે? સૂર્યને પ્રકાશિત કરવા માટે બીજા સૂર્યના તેજની આવશ્યકતા રહે છે ખરી? જો સૂર્યના દર્શન કરાવવા માટે બીજા સૂર્યની જરૂર પડતી નથી તો શાસ્ત્ર પોતે જ જ્યારે મંગલરૂપ છે તો તેના આરંભે બીજા મંગલાચરણની કોઈ પણ આવશ્યકતા રહેતી નથી માટે એમ કરવું અનાવશ્યક છે. જો તેના જવાબરૂપે એમ કહેવામાં આવે કે મંગલાન્તર કરવું અના-

વશ્યક નથી, કારણ કે "**अधिकस्य अधिकं फलं**" આ કહેવત પ્રમાણે અધિકનું અધિક ફળ મળે છે. તેથી મંગલાંતર વિલક્ષણ ફળ આપનાર હોવાથી સાર્થક માની શકાય, એ કથનનું પણ કોઈ મહત્ત્વ રહેતું નથી, કારણ કે આ કથનથી અનવસ્થા દોષની પ્રસક્તિ પ્રાપ્ત થાય છે. કારણ કે જો પ્રકૃત શાસ્ત્ર પોતે જ મંગલરૂપ છે. અને તેમાં પણ વિલક્ષણ ફળની પ્રાપ્તિને માટે જ જો મંગલાન્તર કરવામાં આવતું હોય તો તે રીતે વિલક્ષણ ફળની પ્રાપ્તિને માટે ત્રીજું મંગ-લાન્તર પણ કરવું જોઈએ અને એ રીતે બીજા અને ત્રીજા મંગલાંતરમાં પણ વિલક્ષણ ફળ પ્રાપ્ત કરવા માટે ચોથું મંગલાંતર કરવું જોઈએ. આમ કરવા બેસીએ તો મંગલાંતર કરવાની અવસ્થાનો પાર જ આવશે નહીં. તેથી અનવસ્થા-દોષ કે જે મૂળમાં જ ક્ષતિરૂપ છે તેનું શમન થશે નહીં.

ઉત્તર :—શંકાકારની આ શંકા ઠીક છે કે જો શાસ્ત્ર પોતે જ મંગલરૂપ હોય તો તેમાં અન્ય મંગળની શી આવશ્યકતા છે? પણ શિષ્યજનોના મનમાં "**मङ्गलं जातमिति प्रत्ययार्थम्**" શાસ્ત્રમાં મંગલાચરણ કરવામાં આવ્યું છે તે વિશ્વાસ જમાવવા માટે, તથા ગણધરાદિ વિશિષ્ટ પુરુષોએ પણ પહેલાં મંગલા-ચરણ કરેલું છે, એવો શિષ્ટ પુરુષોનો જે આચાર છે તેનું બરાબર પરિપાલન કરવા માટે મંગલરૂપ શાસ્ત્રમાં પણ મંગલાચરણ કરવાની આવશ્યકતા રહે છે.

## વિષયાદિ અનુબન્ધ ચતુષ્ટય ચર્ચા

શંકા—શાસ્ત્રકાર શાસ્ત્રની શરૂઆતમાં જ એ વાત સ્પષ્ટ કરે છે કે આ શાસ્ત્રમાં અમુક સંબંધ છે, તેનો અમુક અધિકારી છે, તેમાં અમુક વિષય આવે છે, અને તેનું અમુક પ્રયોજન છે. તેને અનુબન્ધ ચતુષ્ટય કહે છે. ગ્રન્થના આરંભે આ અનુબંધ ચતુષ્ટયનો ઉલ્લેખ કર્યા વિના મંગલાચરણ પ્રશંસનીય મનાતું નથી એમ લોકોમાં કહેવાય છે. આ લૌકિક ઉક્તિ પ્રમાણે આ શાસ્ત્રના આરંભે આ ચારે વાત ગ્રંથકારે અવશ્ય કહેવી જોઈએ, કારણ કે તેમ કરવાથી શ્રોતાજનો તેના અધ્યયનમાં પ્રવૃત્ત થાય છે. તેથી શ્રોતૃપ્રવૃત્તિજનક (શ્રોતાઓમાં પ્રવૃત્તિ પેદા કરનાર) હોવાને કારણે શાસ્ત્રકારને શાસ્ત્રની શરૂઆતમાં અનુબંધ ચતુષ્ટયનું કથન કરવું અત્યંત આવશ્યક ગણાય છે. જો શાસ્ત્રકાર એમ ન કરે

એટલે કે વિષયથી રહિત શાસ્ત્રનું નિર્માણ કરે તો "આ શાસ્ત્ર વિષયહીન છે" એવું સમજીને કોઈ પણ પ્રેક્ષાવાન વ્યક્તિ તેમાં પ્રવૃત્તિશાળી જ નહીં થાય પણ તેના પ્રત્યે તેનામાં ઉપેક્ષા વૃત્તિજ જાગશે. આ રીતે જો શાસ્ત્રકાર શાસ્ત્ર લખવાનું પ્રયોજન બતાવે નહીં તો કાકદન્તની પરીક્ષાની જેમ પ્રયોજન રહિત વસ્તુમાં કોઈ પણ પ્રવૃત્ત થશે નહીં એટલે કે કાગડાને દાંત જ હોતા નથી તો તેના દાંતની કસોટી કરવી તે નિરર્થક ગણાય છે, તેમ આ શાસ્ત્ર લખવાનું પ્રયોજન શરૂઆતમાં ન બતાવવામાં આવે તો લોકો તેમાં પ્રવૃત્ત થાય નહીં. જ્યાં સુધી સંબંધ અને અધિકારી બતાવવામાં નહીં આવે ત્યાં સુધી કોઈ પણ રીતે શ્રોતાજનો તેમાં પ્રવૃત્ત થશે નહીં. તેથી વિષય આદિનું પ્રદર્શન અહીં આવશ્યક બને છે. પણ શાસ્ત્રકારે તે બતાવ્યું નથી તો મંગલાચરણને પ્રશસ્ત કેવી રીતે માની શકાય?

ઉત્તરઃ—શંકાકારનું આ કથન બરાબર નથી. તેણે આવું કહેવું જોઈએ નહીં. કારણ કે શાસ્ત્રકારે અનુબંધચતુષ્ટયનું પ્રદર્શન કરેલ છે જ. તે આ રીતે–થયું છે—

શાસ્ત્રકારે આ શાસ્ત્રનું જે "વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ" નામ આપ્યું છે, તે નામ દ્વારા જ અભિધેયનું કથન થઈ જાય છે. આ રીતે વિષયરૂપ અભિધેયના કથનથી શ્રોતાજનો તેમાં પ્રવૃત્ત થશે. તેથી તે અભિધેય રહિત નથી, એ વાત તો સિદ્ધ થઈ જાય છે. કહેવાનો ભાવાર્થ એ છે કે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ શબ્દ દ્વારા જ સૂત્રકારે તે વાત પ્રગટ કરી છે કે જીવ અજીવ આદિ પદાર્થોનું સ્વરૂપ કહેવાને નિમિત્તે આ શાસ્ત્ર રચાયું છે. એ જ તેનું અભિધેય છે. શ્રોતાજનોને તેના દ્વારા એ પદાર્થોનો બોધ થવારૂપ સાક્ષાત્–ફળ મળે છે, અને પરમ્પરા ફળ મોક્ષ છે. આ પ્રકૃત શાસ્ત્ર આપ્તવાકયરૂપ છે. અને આપ્ત એવાં વાકયોનો જ પ્રયોગ કરે છે કે જે સાક્ષાત્‌રૂપે અથવા તો પરમ્પરારૂપે મોક્ષનું પ્રયોજક હોય છે. જો એ વાકયો એવાં ન હોત તો રથ્યા–પુરૂષ (બજારૂ પુરુષ)ની જેમ આપ્તત્વ જ સંભવી શકે નહીં. આ રીતે શાસ્ત્રનું અધ્યયન કરવાથી શ્રોતાજનોના (અધ્યયન કરનારના) જીવાદિક પદાર્થોનો બોધ થવારૂપ સાક્ષાત પ્રયોજન, અને મોક્ષપ્રાપ્તિરૂપ પરમ્પરા પ્રયોજન સિદ્ધ થાય છે. આ રીતે બન્ને પ્રકારના પ્રયોજન સિદ્ધ થતાં હોવાથી

આ શાસ્ત્ર પ્રયોજનવિહીન નથી પણ સપ્રયોજન છે, એ વાત પણ સિદ્ધ થઈ જાય છે. અહીં શાસ્ત્ર અને અભિધેયનો પ્રતિપાદ્ય અને પ્રતિપાદક ભાવરૂપ સંબંધ—વાચ્ય-વાચક ભાવરૂપ સંબંધ—આપો આપ જાણી શકાય છે. અહીં જીવાજીવાદિક પદાર્થ પ્રતિપાદ્ય-વાચ્ય છે અને આ શાસ્ત્ર પ્રતિપાદક-વાચક છે. આ રીતે પ્રતિપાદ્ય અને પ્રતિપાદકના સંબંધથી આ શાસ્ત્ર વિહીન નથી. જીવ અજીવ આદિ પદાર્થોના સ્વરૂપને જાણવાની જિજ્ઞાસા ધરાવનારા જ તેના અધિકારી છે. આ પ્રમાણે વિષય, અધિકારી, પ્રયોજન અને સંબંધ, આ અનુબંધચતુષ્ટયનું પ્રદર્શન થયેલું હોવાથી તે વિષયસંબંધી કોઈ ખામી તેમાં રહેતી નથી. આટલું જ પ્રતિપાદન કરવાથી અનુબન્ધચતુષ્ટયનું સ્પષ્ટીકરણ થઈ જાય છે.

## દશ ઉદ્દેશકાર્થ સંગ્રહગાથા કા અર્થ

આ ભગવતીસૂત્રાત્મક શાસ્ત્ર એક શ્રુતસ્કંધરૂપ છે. તેમાં સો (૧૦૦) શતક છે. શતકને અધ્યયન પણ કહે છે. તે શતકોમાં દસ હજાર ઉદ્દેશક છે, છત્રીસ હજાર પ્રશ્ન છે, તેમાં બે લાખ અઠયાસી હજાર પદ છે, પહેલા શતકમાં દસ ઉદ્દેશક છે. ઉદ્દેશક શતકના એક અવયવ (વિભાગ) રૂપ હોય છે. શાસ્ત્રને સમજી શકવાના કારણરૂપ વિધિ અનુસાર આચાર્ય દ્વારા શિષ્યને કહેવામાં આવે કે "આટલા ભાગનું તમે અધ્યયન કરો." એટલા ભાગનું નામ ઉદ્દેશ અથવા ઉદ્દેશક છે. આ વ્યુત્પત્તિ પ્રમાણે અધ્યયનના એક દેશને (વિભાગને) જ ઉદ્દેશ કહે છે. આ દસ પ્રકારના ઉદ્દેશોને શિષ્યો સુખેથી હૃદયંગમ કરી શકે તે નિમિત્તે તે તે ઉદ્દેશનો પહેલો શબ્દ લઈને પ્રથમ શતકના તે દસ ઉદ્દેશોનો સંગ્રહ કરવાને માટે સૂત્રકાર આ સંગ્રહ ગાથા કહે છે—'रायगिह' ઇત્યાદિ.

"रायगिह" પદમાં સાતમી વિભક્તિના પ્રત્યયનો લોપ થયેલ છે. તેનો એવો અર્થ થાય છે કે રાજગૃહ નામના નગરમાં ભગવાન શ્રી વર્ધમાન સ્વામીએ દસે ઉદ્દેશોના અર્થ બતાવ્યા હતા. એ જ પ્રમાણે બીજી જગ્યાએ પણ વિભક્તિનો સંબંધ જોડી લેવો. દસ ઉદ્દેશકોમાં જે પહેલો ઉદ્દેશક છે તે 'ચલન' વિષે છે. તે "चलमाणे चलिए" ઇત્યાદિ અર્થનો નિર્ણય કરનારાં સૂત્રોથી બતાવવામાં આવ્યો છે (૧). બીજા ઉદ્દેશમાં 'दुःख' વિષે વાત કરવામાં આવી છે; તે વાત "दुक्खे" પદ દ્વારા કહેવામાં આવી છે. તે દુઃખરૂપ વિષયનું પ્રતિપાદન "जीवेणं भंते ! सयंकडं दुक्खं वेएइ" ઇત્યાદિ સૂત્રોથી કરવામાં આવ્યું છે(૨). ત્રીજા ઉદ્દેશકનો વિષય 'काङ्क्षाप्रदोष' છે, તેનું કથન "जीवाणं भंते! कंखामोहणिज्जे कम्मे कडे" ઇત્યાદિ સૂત્રથી કરવામાં આવ્યું છે.(૩) ચોથા ઉદ્દેશકનો વિષય પ્રકૃતિ એટલે કે કર્મના ભેદો છે. તેનો નિર્ણય "कइ भंते! कम्मपगडीओ पण्णत्ताओ" ઇત્યાદિ પ્રશ્નોત્તરોથી કરેલો છે(૪). પાંચમાં ઉદ્દેશકનો વિષય રત્નપ્રભા

આદિ પૃથ્વીઓ છે. તેનું કથન "**कइ णं भंते ! पुढवीओ पण्णत्ताओ**" આદિ સૂત્રોદ્વારા કરવામાં આવ્યું છે (૫). છઠ્ઠા ઉદ્દેશકનો વિષય '**जावंते**' શબ્દથી યુક્ત છે. તેનું વર્ણન કરનારાં "**जावइयाओ णं भंते ! ओगासंतराओ**" ઇત્યાદિ સૂત્રો છે(૬). સાતમાં ઉદ્દેશકનો વિષય '**नेरइए ण**' શબ્દથી ઉપલક્ષિત છે. તેનું કથન "**नेरइए णं भंते ! नेरइएसु उववज्जमाणे**" ઇત્યાદિ સૂત્રો દ્વારા થયું છે (૭). "**बाले**"બાલ શબ્દના લક્ષણવાળું આઠમું ઉદ્દેશક છે. તેનું કથન '**एगंतबाले णं भंते ! मणुस्से**" આ સૂત્રો દ્વારા કર્યું છે(૮). ગુરુ વિષેનું નવમું ઉદ્દેશક છે. તેનું કથન "**कहं णं भंते ! जीवा गरुयत्तं हव्वमागच्छंति**" આદિ સૂત્રો દ્વારા પ્રગટ કરવામાં આવ્યું છે(૯). "**चलणाओ**" તે બહુવચનાન્ત પદ છે. તે બહુવચનાન્ત પદના નિર્દેશથી ચલન આદિ વિષયો દશમાં ઉદ્દેશકમાં બતાવવામાં આવ્યા છે. તે વિષય "**अन्नउत्थिया णं भंते एवमाइक्खंति एवं खलु चलमाणे अचलिए**" ઇત્યાદિ સૂત્રદ્વારા પ્રગટ થયેલ છે(૧૦). આ ક્રમથી પહેલા શતકના ૧૦ ઉદ્દેશોના વિષયો સંક્ષિપ્તમાં આ પ્રકૃત ગાથા દ્વારા આપવામાં આવ્યો છે. ॥ गा. १ ॥

શાસ્ત્રના આરંભે, શાસ્ત્રની મધ્યમાં અને શાસ્ત્રને અંતે મંગલાચરણ કરવું જોઇએ. એવી શિષ્ટ પુરુષોની પરમ્પરા છે. તે પરમ્પરાને ધ્યાનમાં રાખીને સૂત્રકારે "**नमो अरिहंताणं**" ઇત્યાદિ સૂત્ર દ્વારા શાસ્ત્રની શરૂઆતમાં મંગલાચરણ તો કર્યું જ છે. છતાં પણ તેઓ પ્રથમ શતકની શરૂઆતમાં વિશેષ રૂપે મંગલાચરણ કરતા કહે છે—"**नमो सुयस्स**" इत्यादि।

## ભાવશ્રુત નમસ્કાર

શ્રુત ને નમસ્કાર હો. દ્વાદશાંગીરૂપ અર્હત્પ્રવચનને અહીં શ્રુત કહેલ છે. સૂત્રકારે એ શ્રુતને અહીં નમસ્કાર કર્યા છે. પહેલાં ભાવલિપિને નમસ્કાર કરીને હવે સૂત્રકાર ભાવલિપિના કારણભૂત ભાવશ્રુતને નમસ્કાર કરે છે 'શ્રુત' પદના પ્રયોગ દ્વારા અહીં 'ભાવશ્રુત' લેવામાં આવેલ છે. તે ભાવશ્રુત દ્વાદશાંગીરૂપ અર્હત્પ્રવચનને માનવામાં આવેલ છે. અહીં શ્રુતને જે નમસ્કાર કરવાનું વિધાન કરવામાં આવ્યું છે તે શ્રુત અને શ્રુતવાનમાં અભેદનો ઉપચાર કરીને જ કરવામાં આવેલ છે. કહેવાનો ભાવાર્થ એ છે કે—દ્વાદશાંગીરૂપ પ્રવચન અર્હંત ભગવાનના મુખમાંથી બહાર આવેલ છે. તેથી અર્હંત ભગવાન અને તેમના દ્વારા અપાયેલ દ્વાદશાંગીરૂપ પ્રવચનમાં ભેદ હોવા છતાં ભેદ માનેલ નથી. ભેદની તરફ દૃષ્ટિ જ ન રાખવી તે અભેદનો ઉપચાર છે. તે અભેદોપચારથીજ શ્રુતને નમસ્કાર કર્યા છે–લિપિસમુદાયાત્મક શ્રુતને નમસ્કાર કર્યા નથી. કારણ કે ભાવલિપિની જેમ ભાવશ્રુતજ નમસ્કાર કરવા યોગ્ય બને છે. સૂ૦૩

પહેલાં પ્રથમ શતકના ૧૦ ઉદ્દેશોના વાચ્યાર્થ કયા કયા છે? તે સંક્ષિપ્તમાં કહેવામાં આવેલ છે. તે અનુસાર "જે રીતે ઉદ્દેશ બતાવવામાં આવ્યા છે તે રીતે જ નિર્દેશ થાય છે" આ ન્યાયરૂપ ક્રમને ખ્યાલમાં રાખીને

સૌથી પહેલાં પ્રથમ ઉદ્દેશકનો અર્થ જ સવિસ્તાર સમજાવવો જોઈએ. તેથી પહેલા ઉદ્દેશકના અર્થને વિસ્તારથી કહેવાને માટે તૈયાર થયેલ શ્રી સુધર્માસ્વામી તેથી પહેલાં ગુરુપર્વક્રમ લક્ષણ સંબંધને બતાવતાં જંબૂસ્વામીને આ સૂત્ર કહે છે—
'**तेणं कालेणं**' ઈત્યાદિ,

## રાજગૃહનગર ઔર શ્રેણિકરાજ કા વર્ણન

(**तेणं कालेणं तेण समएणं**) તે કાળે અને તે સમયે (**रायगिहे नामं-नयरे होत्था**) રાજગૃહ નામનું નગર હતું (**वण्णओ**) તે રાજગૃહ નગરનું વર્ણન ઔપપાતિક સૂત્રમાં વર્ણવાયેલ ચંપા નગરીના વર્ણન જેવું સમજવું. (**तस्स णं रायगिहस्स नयरस्स**) તે રાજગૃહ નગરની (**बहिया**) બહાર (**उत्तरपुरत्थिमे दिसीभाए**) ઈશાન કોણમાં (**गुणसिलए नामं**) ગુણશિલક નામનું (**चेइए होत्था**) વ્યન્તરાયતન હતું. (**सेणिए राया चेल्लणा देवी**) તે સમય રાજગૃહ નગરમાં શ્રેણિક રાજા રાજ્ય કરતા હતા. તેમની રાણીનું નામ ચેલણાદેવી હતું.

ભાવાર્થ—અવસર્પિણી કાળના ચોથા આરાનું આ વર્ણન છે. જ્યારે શ્રમણ ભગવાન મહાવીર વિચરતા હતા ત્યારે રાજગૃહ નગરનો શાસક શ્રેણિક રાજા હતો. તેની પટરાણીનું નામ ચેલણા હતું સૂત્રકારે અહીં રાજગૃહ નગરનું વિશેષ વર્ણન કર્યું નથી. "**वर्णक**" શબ્દથી તેનું કેવળ સૂચન જ કર્યું છે. ઔપપાતિક સૂત્રમાં ચંપાનગરીનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે. ત્યાં ચંપા નગરીનું વર્ણન કરનારાં જેટલાં વિશેષણો છે તે બધાં સ્ત્રીલિંગ (નારી જાતિનાં) છે. ચંપાનગરીના વર્ણનમાં વપરાયેલાં સ્ત્રીલિંગ પ્રત્યય વાળાં વિશેષણોની જગ્યાએ પુલ્લિંગ (નર જાતિ)ના પ્રત્યયવાળાં વિશેષણો વાપરવાથી રાજગૃહ નગરનું વર્ણન થશે. વળી ચંપા નગરીના શાસક કોણિક રાજા અને તેમની પટરાણી ધારિણીનું જેવું વર્ણન તે સૂત્રમાં કર્યું છે. બરાબર તેવું જ વર્ણન શ્રેણિક રાજા અને તેમની પટરાણી ચેલણા દેવીનું સમજી લેવું. ઔપપાતિક સૂત્રની ટીકાનું નામ '**पीयूषवर्षिणी टीका**' છે. ઉપરોક્ત વર્ણન જાણવાની જિજ્ઞાસા રાખનારાને માટે આ ટીકા જરૂર જોવા જેવી છે. ॥ ૪ ॥

## શ્રી મહાવીરસ્વામી કા વર્ણન

તે કાળે તે સમયમાં ફરી શું થયું ? તે કહે છે—'**तेणं कालेणं**' ઇત્યાદિ.

(**तेणं कालेणं तेणं समएणं**) તે કાળે અને તે સમયે (**आइगरे**) આદિકર (**तित्थगरे**) તીર્થંકર (**सयंसंबुद्धे**) સ્વયં સંબુદ્ધ, (**पुरिसुत्तमे**) પુરુષોત્તમ, (**पुरिससीहे**)

પુરુષસિંહ, (**पुरिसवरपुंडरीए**) પુરુષવરપુંડરીક–પુરુષોમાં પુંડરીક સમાન, (**पुरिसवर-गंधहत्थी**) પુરુષવરગંધહસ્તી–પુરુષોમાં ગંધહસ્તી સમાન, (**लोगुत्तमे**) લોકોત્તમ, (**लोगनाहे**) લોકનાથ, (**लोगहिए**) લોક હિતકારક, (**लोगप्पईवे**) લોક પ્રદીપ, (**लोयपज्जो-यगरे**) લોકપ્રદ્યોતકર, (**अभयदए**) અભય દેનારા, (**चक्खुदए**) ચક્ષુદાતા, (**मग्गदए**) માર્ગદય–મોક્ષમાર્ગ બતાવનાર, (**सरणदए**) શરણદાતા, (**जीवदए**) જીવદાતા, (**बोहिदए**) બોધિલાભ દેનાર, (**धम्मदए**) ધર્મદય, (**धम्मदेसए**) ધર્મની દેશના આપનાર, (**धम्मनायए**) ધર્મનાયક, (**धम्मसारहिए**) ધર્મસારથિક, (**धम्मवरचाउरंतचक्कवट्टी**) ધર્મવર ચાતુરંત ચક્રવર્તી, (**दीवो**) દ્વીપતુલ્ય (**ताणं**) રક્ષણ કરવાને સમર્થ, (**सरण-गई**) શરણે જનારને શરણ આપનાર, (**पइट्ठा**) પ્રતિષ્ઠાસ્વરૂપ (**अप्पडिहयवर-नाणदंसणधरे**) અપ્રતિહત શ્રેષ્ઠ જ્ઞાનદર્શન ધારણ કરનાર, (**वियट्टछउमे**) વ્યાવૃત્તછદ્મા (**जिणे**) જિન (**जावए**) જાપક (**तिण्णे**) તીર્ણ (**तारए**) તારક, (**बुद्धे**) બુદ્ધ, (**बोहए**)બોધક, (**मुत्ते**) મુક્ત, (**मोयए**) મોચક–મુક્ત કરાવનાર, (**सव्वन्नू**) સર્વજ્ઞ, (**सव्वदरिसी**) સર્વદર્શી, એવા (**समणे भगवं महावीरे**) શ્રમણ ભગવાન મહાવીર કે જે (**सिव–मयल–मरुय–मणंत–मक्खय–मव्वाबाह–मपुणरावत्तियं**) શિવ, અચલ, અરુજ, અનંત, અક્ષય, વ્યાબાધા રહિત, પુનરાવૃત્તિરહિત, (**सिद्धि-गइनामधेयं ठाणं**) સિદ્ધિગતિ નામના સ્થાનને (**संपाविउकामे**) પ્રાપ્ત કરવાવાળા, તેઓ વિહાર કરતાં કરતાં તે ગુણશિલક વ્યંતરાયતનમાં પધાર્યા. અહીં (**जाव समोसरणं**) સમવસરણ સુધીનું વર્ણ જોડી લેવાનું છે.

અહીં સૂત્રકારે આ સૂત્ર દ્વારા એ બતાવ્યું છે કે જેમના ગુણોનો સમૂહ વાણી દ્વારા વર્ણવી શકાય તેમ નથી તથા વજ્રર્ષભનારાચ સંહનનને કારણે જેમનું શરીર અત્યંત સુંદર છે એવા ભગવાન મહાવીર સ્વામી અપ્રતિબંધ વિહાર કરતાં કરતાં રાજગૃહ નગરમાં આવેલા તે ગુણશિલક વ્યંતરાયતનમાં પધાર્યા. ભગવાન મહાવીર પ્રભુ કેવા હતા તે વાત ઉપરોક્ત વિશેષણો દ્વારા બતાવવામાં આવી છે. તે વિશેષણોનો સ્પષ્ટ અર્થ આ પ્રમાણે છે—

"**श्राम्यति इति श्रमणः**" તીવ્ર તપસ્યા કરવામાં જેઓ પ્રયત્નશીલ રહે છે તેમને શ્રમણ કહે છે. જેઓ ભગ–સમગ્ર ઐશ્વર્ય–વાળા હોય છે તેમને ભગવાન

કહે છે. ચોવીસમા તીર્થંકર કે જેઓ આ અવસર્પિણી કાળમાં અંતિમ તીર્થંકર થયા તેમનું નામ મહાવીર છે. "મહાવીર" નામ ગુણ પ્રમાણે છે. "મહાવીર" પદમાં જે 'વીર' શબ્દ છે તેની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે. "**विशेषतः शिवपदम् इयर्ति इति वीरः**" વિશેષ રૂપે જે શિવપદને પ્રાપ્ત કરે છે તેને વીર કહે છે. અથવા—**विदारयति कर्मरिपून् इति बीरः**" જે કર્મરૂપી શત્રુઓનો નાશ કરે છે તેને વીર કહે છે. અથવા—"**अनन्यानुभूतमहातपःश्रिया विराजते इति वीरः**" અસાધારણ તપઃશ્રીથી જે શોભાયમાન હોય છે તેને વીર કહે છે. અથવા— "**आन्तरमोहमहाबलनिर्दलनार्थमनन्ततपोवीर्यं व्यापारयति इति–वीरः**" આંતરિક શત્રુરૂપ મોહકર્મના મહાન બળનો નાશ કરવાને માટે જે અનંત તપથી યુક્ત એવા પોતાના અનંત વીર્યનો ઉપયોગ કરે છે તે વીર છે. એવા વીર સામાન્ય જિનને મનાય છે. આ સામાન્ય જિનની અપેક્ષાએ જે મહાન વીર હોય તેમને મહાવીર કહે છે. મહાવીર પ્રભુમાં મહત્ત્વ ગુણથી યુક્ત વીરત્વ હતું તેનું પ્રતિપાદન આ રીતે થઇ શકે છે—તેઓ વિવિધ પરિષહો અને ઉપસર્ગોની સામે પણ અડગ રહ્યા હતા. અને જન્મ સમયે તેમણે પોતાના અંગુઠા વડે સુમેરુ પર્વતને પણ કંપાવ્યો હતો. ભગવાન મહાવીર પ્રભુને આદિકર કહેવાનું કારણ એ છે કે તેમણે પોતાના શાસનની અપેક્ષાએ પહેલેથી જ શ્રુતચારિત્ર રૂપ ધર્મનું પ્રરૂપણ કર્યું છે. સંસાર રૂપ મહાસાગર જેના દ્વારા પાર કરાય છે તેનું નામ તીર્થ છે. એવું તીર્થ પ્રવચન ગણાય છે. અથવા પ્રવચનનો આધાર ચતુર્વિધ સંઘ હોય છે તેથી ચતુર્વિધ સંઘને તીર્થ કહે છે. તે તીર્થની સ્થાપના કરવાનો સ્વભાવ ભગવાનમાં હોય છે. તેથી તેમને તીર્થંકર કહે છે. ભગવાનને 'સ્વયં સંબુદ્ધ' કહેવાનું કારણ એ છે કે ભગવાનને સારામાં સારા બોધની જે પ્રાપ્તિ થાય છે તે કોઇના ઉપદેશથી તેમને પ્રાપ્ત થતી નથી. પણ તેઓ જાતે જ તે બોધ પ્રાપ્ત કરે છે. જ્ઞાનાદિક અનંત ગુણોવાળા હોવાથી ભગવાન મહાવીરને પુરુષોત્તમ કહ્યા છે. ભગવાન મહાવીરને જે પુરુષ સિંહનું વિશેષણ આપવામાં આવ્યું છે તેનું કારણ એ છે કે તેઓ સમસ્ત પુરુષોમાં સિંહ સમાન હતા. સિંહમાં સૌથી વધારે શૌર્યગુણ હોય છે. એજ રીતે ભગવાન મહાવીરમાં પણ રાગદ્વેષ આદિ શત્રુઓને પરાજિત કરવાનું અદ્ભુત શૌર્ય રૂપ પરાક્રમ પ્રગટરૂપે વિદ્યમાન હતું. અથવા તેઓ સિંહના જેવા પુરુષ હોવાથી તેમને પુરુષસિંહ કહેવામાં આવ્યા છે. પ્રભુને 'પુરુષવરપુંડરીક' કહેવાનું કારણ એ છે કે તેઓ વરપુંડરીક–શ્રેષ્ઠ પુંડરીક જેવા પુરુષ હતા જે સર્વોત્તમ ધવલ કમળ થાય છે તેને વરપુંડરીક કહે છે. ભગવાનને વરપુંડરીકની ઉપમા આપવાનું કારણ એ છે કે તેઓ સમસ્ત પ્રકારના અશુભ મળથી રહિત હતા, તથા સમસ્ત શુભ અનુભાવોથી પરિશુદ્ધ હતા. અથવા—જેમ પુંડરીક કાદવમાંથી પેદા થાય છે, અને પાણીમાં રહીને જ પોતાનો વિકાસ સાધે છે પણ તે તે બન્નેની સાથે સંબંધ રાખતું નથી. તેમનાથી અલિપ્ત જ રહે છે અને જળની ઉપર રમણીય દેખાય છે, અને પોતાના અનુપમ ગુણોને પ્રભાવે સુર, અસુર અને મનુષ્યો દ્વારા

શિરોધાર્ય બને છે, એજ પ્રમાણે પ્રભુ પણ કર્મરૂપી પંકમાંથી ઉત્પન્ન તો થયાં અને ભોગરૂપ જળથી વૃદ્ધિ પણ પામ્યાં, છતાં પણ તે બન્નેથી અલિપ્ત (દૂરજ) રહ્યા. તથા ગુણરૂપ સંપત્તિનું સ્થાન હોવાને કારણે કેવળજ્ઞાન આદિ ગુણોના પ્રભાવથી તેઓ સમસ્ત ભવ્યજનો દ્વારા શિરોધાર્ય બન્યા. તેથી પ્રભુને 'પુરુષવર ગંધહસ્તી' કહેવાનું કારણ એ છે કે તેઓ ગંધહસ્તીના જેવાં હતા. ગંધહસ્તીનાં નીચેનાં લક્ષણો કહ્યાં છે—

यस्य गन्धं समाघ्राय, पलायन्ते परे गजाः ।
तं गन्धहस्तिनं विद्यान्नृपते र्विजयावहम् ॥ १ ॥ इति "

જેની ગંધથી બીજાં બધા હાથીઓ ભાગી જાય છે તથા જે પોતાના રાજાને યુદ્ધમાં વિજય અપાવે છે તે હાથીને ગંધહસ્તી કહે છે. જેવી રીતે ગંધહસ્તીની ગંધ આવતાં જ બીજા હાથીઓ આમ તેમ ભાગી જઈને કોઈ જગ્યાએ છૂપાઇ જાય છે એજ રીતે પ્રભુના અતિશયોનો પ્રભાવ જ એવો અદ્ભુત હોય છે કે તેઓ જ્યાં જ્યાં વિહાર કરે છે ત્યાં ત્યાંના ઉપદ્રવો, લૂંટફાટ મરકી આદિ સઘળા ઉત્પાતો શાન્ત પડી જાય છે. જેવી રીતે ગંધહસ્તીનો આશ્રય કરનાર રાજા વિજયી નીવડે છે તેવી રીતે પ્રભુનો આશ્રય લેનાર ભવ્ય ગણ સદા વિજયીજ બન્યા કરે છે. આ રીતે બન્નેમાં સમાનતા રહેલી છે. "**विहरणसमीरणगन्धसम्बन्धतः**" નો અર્થ એવો છે કે જેવી રીતે ગંધહસ્તીની સુગંધથી બીજા હાથીઓ ભાગી જાય છે એજ રીતે પ્રભુના વિહારરૂપ પવનની સુગંધથી ઇતિ (ખેતીનો નાશ કરનાર ઉપદ્રવ), પવનનું તોફાન, રોગચાળો વગેરે ઉપદ્રવ રૂપી અન્ય હાથીઓ પણ બીજી દિશાઓમાં નાસી જાય છે. પ્રભુ ચોત્રીસ અતિશયો અને વાણીના પાંત્રીસ ગુણો વડે વિરાજમાન હોવાથી ભવ્યલોકોમાં ઉત્તમ મનાય છે. તેથીજ તેમને લોકોત્તમ વિશેષણ લગાડયું છે. 'લોકનાથ' પદ એ બતાવે છે કે પ્રભુ ભવ્યજનોનું યોગક્ષેમ કરનાર હોય છે. તેથી તેઓ તેમના નેતા હોય છે. "**लोकहितः**" પદ એ બતાવે છે કે એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના જેટલા જીવો છે તેમની રક્ષા કરવાનો ઉપાય પ્રભુ બતાવે છે. તે રીતે એકેન્દ્રિય આદિ સર્વ પ્રાણીગણના હિતરૂપ રક્ષાનો ઉપાય બતાવતા હોવાથી તેમને 'લોકહિત' કહેલા છે........

જે રીતે દીપક સમસ્ત જીવોને સરખો પ્રકાશ આપે છે, પણ તે પ્રકાશનો લાભ આંધળો માણસ ઉઠાવી શકતો નથી-દેખતો માણસ જ તે પ્રકાશ જન્ય સુખને ભોગવી શકે છે. એજ રીતે ભવ્ય જનો જ ભગવાનના અનુભાવથી ઉત્પન્ન થયેલ પરમાનંદને ભોગવી શકે છે. અભવ્ય જીવો ભોગવી શકતા નથી. કારણ કે અભવ્ય જીવોના મનમાં અનાદિ કાળથી જે મિથ્યાત્વરૂપ અંધકારનો થર જામ્યો હોય છે તે પ્રભુની દેશનાથી દૂર થતો નથી. તેથી વિશિષ્ટ આત્મતત્ત્વનો પ્રકાશ તેમને મળી શકતો નથી. પણ ભવ્યજીવોની બાબતમાં એવું બનતું નથી. કારણ કે પ્રભુની દેશના દ્વારા તેમના અનાદિકાળના મિથ્યાત્વરૂપ અંધકારના થર દૂર થઇ જાય છે. તેથી તેમને વિશિષ્ટ આત્મતત્ત્વનાં દર્શન થવા માંડે છે. આ

વાતને સમજાવવા માટે સૂત્રકારે પ્રદીપનું દૃષ્ટાંત આપ્યું છે. લોકપદથી અહીં સામાન્યલોક ગ્રહણ ન કરતાં ભવ્યલોક ગ્રહણ થયેલ છે. "**लोकप्रद्योतकर**" પદ એ વાત સિદ્ધ કરે છે કે પ્રભુ પોતાના જ્ઞાનથી લોક અને અલોકરૂપ સમસ્ત પદાર્થોને પ્રકાશિત કરવાના સ્વભાવ વાળા હોય છે. "**लोक्यते इति लोकः**" આ વ્યુત્પત્તિ પ્રમાણે 'લોક' શબ્દથી અહીં લોક અને અલોક બન્નેનો સમાવેશ કરાયો છે. કારણ કે કેવળજ્ઞાન દ્વારા તે બન્નેના યથાર્થ સ્વરૂપને જોઇ શકાય છે. 'અભયદય' પદ એ બતાવે છે કે પ્રભુ કોઇને પણ ભય પમાડતા નથી. પ્રભુ ઉપસર્ગ દેનારને અને પ્રાણોનો નાશ કરવામાં આનંદ માનનાર જીવોને પણ ભય પમાડતા નથી તેથી તેમને 'અભયદય' કહેવામાં આવ્યા છે. "**भयानाम् अभावोऽभयम्**" મોક્ષ સાધવામાં ઉત્કૃષ્ટ ધૈર્યરૂપ જે અક્ષોભ લક્ષણની આવશ્યક્તા રહે છે તે પ્રભુ ભવ્યજનોને આપે છે. એટલે કે ભવ્યજીવોને તેઓ એવો ઉપદેશ આપે છે કે જેના પ્રભાવથી મુક્તિ સાધવાના કાર્યમાં કોઈ પણ સંયોગોમાં તેઓ ધૈર્યથી વિચલિત થતા નથી. પ્રતિકૂલ સંયોગોમાં પણ તેઓ કદી ક્ષુભિત થતા નથી. અથવા અભયા–સમસ્ત જીવોને સંકટોમાંથી છોડાવનારી દયા-અનુકંપા હોય છે. તે અનુકંપા તેમનામાં હોવાથી તેમને 'અભયદય' કહેવામાં આવ્યા છે. ચક્ષુદય (ચક્ષુદાતા) પદ એ બતાવે છે કે–જેમ હરણાદિ જાનવરોથી વ્યાપ્ત વનમાં લૂંટારા દ્વારા લૂંટાઇને, આંખો પર પટ્ટી બાંધીને તથા હાથ પગ જકડી લઇને ખાડામાં હડસેલી દેવાયેલી વ્યક્તિની આંખો પરની પટ્ટી ખસેડી નાખીને તેને દેખતો કરીને માર્ગે ચડાવી દેનાર ઉપકારી માણસને જેવીરીતે ચક્ષુદાયી ગણવામાં આવે છે, એવીરીતે આ ભવાટવીમાં રાગદ્વેષ રૂપી લૂંટારા દ્વારા જે જીવોના આત્મગુણ રૂપી ધનને લૂંટી લેવામાં આવ્યું છે, અને દુરાગ્રહ રૂપી પટ્ટી વડે જેમની અન્તરંગ શ્રુતજ્ઞાનરૂપ આંખો જકડી લેવામાં આવી છે તથા મિથ્યાત્વરૂપ ભયંકર ખાડામાં જેમને હડસેલી દેવામાં આવ્યા છે એવા જીવોની નિખિલ વસ્તુના વાસ્તવિક સ્વરૂપને બતાવનારી (પ્રકાશક) જે શ્રુતજ્ઞાનરૂપ આંખો છે-જે આંખો પર દુરાગ્રહરૂપ પટ્ટી મજબૂત રીતે બાંધેલી છે, તે પટ્ટીને દૂર કરીને પ્રભુએ તેમને સાચા જ્ઞાનરૂપ ચક્ષુનું પ્રદાન કર્યું છે. અને મુક્તિનો રાહ બતાવ્યો છે. તેથી ભગવાનને ચક્ષુદાયી કહ્યા છે. અહીં ચક્ષુ અને જ્ઞાનમાં સમસ્ત વસ્તુઓના વાસ્તવિક સ્વરૂપને બતાવવાની શક્તિ હોવાથી સમાનતા પ્રગટ કરવામાં આવી છે. તેથી ચક્ષુ શબ્દનો અર્થ જ્ઞાન-શ્રુતજ્ઞાન લેવામાં (ઘટાવવામાં) આવ્યો છે. એજ વાતને સૂત્રકાર બીજી રીતે સમજાવે છે–"**मार्गदय**" રત્નત્રયાત્મક જે મોક્ષમાર્ગ છે તે અહીં 'માર્ગ' શબ્દથી ગ્રહણ કરાયેલ છે. અથવા વિશિષ્ટ ગુણસ્થાનોમાં પહોંચાડનાર જે ક્ષયોપશમ ભાવ છે તે 'માર્ગ' શબ્દથી ગ્રહણ કરાયેલ છે. તે માર્ગદય-તે માર્ગદાતા–તે માર્ગે લઈ જનાર મૂળરૂપે તો પ્રભુજ હોય છે. તેથી તેમને 'માર્ગદય' કહેવામાં આવ્યા છે. '**शरणदय**'–શરણ

એટલે રક્ષણસ્થાન. કર્મરૂપી શત્રુઓને અધીન થવાથી વ્યાકુળ બનેલા જીવોને પ્રભુએ પોતાની દિવ્ય દેશના દ્વારા મોક્ષરૂપ રક્ષણસ્થાન બતાવ્યું. તેથી તેમને શરણદય કહેવામાં આવ્યા છે. અથવા પ્રભુએ તે જીવોને પોતાની દિવ્ય દેશના દ્વારા કર્મોથી પોતાની રક્ષા કરવાનો ઉપાય બતાવ્યો. તેથી પ્રભુને શરણદય કહે છે. "**जीवदय**" શબ્દનો અર્થ એ છે કે પ્રભુની સંકટમોચનરૂપ દયા કોઈ અમુક જ પ્રાણીઓ પર રહી નથી પણ એકેન્દ્રિયથી લઇને પંચેન્દ્રિય સુધીના બધા જીવો પ્રત્યે એક સરખી રહી છે. તેથી પ્રભુને જીવદય કહ્યા છે. અથવા મુનિજન જેના દ્વારા જીવિત રહે છે તે જીવ છે. એવો જીવ સંયમ છે. આ સંયમ જીવનને જે દે છે તેને જીવદય કહે છે. "**बोहिदय**" જિનપ્રણીત ધર્મની મૂળભૂત જે તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ રુચિ છે તેને 'બોધિ' કહે છે. તે બોધિ દેનારા પ્રભુ હોવાથી તેમને 'બોધિદય' કહ્યા છે. "**धर्मदय**" દુર્ગતીમાં પડતાં જીવોને તેનાથી બચાવે છે તેનું નામ ધર્મ છે. એવા તે ધર્મને શ્રુત-ચારિત્રરૂપ કહ્યો છે. પ્રભુની દેશના દ્વારા જીવોને તે ધર્મની પ્રાપ્તિ થાય છે, તેથી પ્રભુને ધર્મદય કહેલ છે. 'ધર્મદેશક'–પ્રભુ એજ ધર્મનો ઉપદેશ આપે છે, તેથી તેમને ધર્મદેશક કહેવામાં આવ્યા છે. તેઓ ધર્મના નેતા હોવાથી તેમને 'ધર્મનાયક' અને ધર્મના સારથિ હોવાથી તેમને 'ધર્મસારથિ, કહેલ છે. જેવી રીતે સારથિ રથમાં બેઠેલી વ્યક્તિઓને સુખપૂર્વક તેમને જવાને સ્થાને પહોંચાડે છે. અને રથ આડે માર્ગે ન ચડી જાય તેની પૂરેપૂરી કાળજી રાખે છે, એજ પ્રમાણે ભગવાનરૂપી સારથિ પણ ધર્મરૂપી રથદ્વારા ભવ્યજનોને તેમના અભીષ્ટ સ્થાને મુક્તિપુરમાં–પહોંચાડે છે, અને કુવાદીઓ સામે ધર્મનું રક્ષણ કરે છે, તે કારણે તેમને 'ધર્મસારથિ' કહેલ છે. આ રીતે અહીં ભગવાનમાં સારથિત્વનું આરોપણ થવાથી ધર્મમાં રથત્વનું આરોપણ અભિવ્યકત થાય છે, તેની આ પરંપરિત રૂપક અલંકાર છે. '**धम्मवरचाउरंतचक्कवट्टी**'–'ધર્મવરચાતુરન્તચક્રવર્તી,–દાન, શીલ, તપ અને ભાવ એ ચારે દ્વારા જીવોની નરકાદિ ચાર ગતિયો અને ચાર કષાયોનો નાશ કરી નાખે છે, અથવા જેના સેવનથી ચાર કષાયો અને ચાર ગતિયોનો નાશ થઇ જાય છે, અથવા દાન, શીલ, તપ અને ભાવ એ ચારેને લીધે જે શોભે છે, અથવા જેના દાનાદિક ચાર અવયવ છે, અથવા જેના દાનાદિક ચાર સ્વરૂપ છે, તેનું નામ ચાતુરન્ત છે. તેને સ્વાર્થિક '**અણ્**' પ્રત્યય લાગવાથી ચતુરન્તમાંથી ચાતુરન્ત બની જાય છે. આ ચાતુરન્ત જ જન્મ, જરા અને મરણનું ઉચ્છેદક હોવાથી તેને ચક્ર સમાન માનેલ છે, વર શ્રેષ્ઠ જે ચાતુરન્તચક્ર હોય છે તેને 'વરચાતુરન્તચક્ર' કહે છે. 'વર' પદ દ્વારા તેમાં 'રાજચક્ર'ના કરતાં શ્રેષ્ટતા બતાવવામાં આવેલ છે, કારણ કે તે બન્ને લોકનું સાધક હોય છે. ધર્મ જ એવું 'વરચાતુરન્તચક્ર' છે તેના જેવું બીજું કંઇ પણ હોતું નથી. 'વર' પદ દ્વારા સૌગતાદિ ધર્મનું નિરાકરણ થઇ જાય છે, કારણ કે તે સાચા ધર્મ નથી પણ ધર્મનો અભાસ જ છે. તેમાં ધર્માભાસતા એ

માટે છે કે તેમાં તાત્ત્વિક અર્થનું પ્રતિપાદન કરવાનું સામર્થ્ય બિલકુલ નથી. તે કારણે તેમાં વરત્વ (શ્રેષ્ઠતા) નથી. આ ધર્મવર ચાતુરન્ત પ્રમાણે જ વર્તન કરવાનો જેમનો સ્વભાવ હોય છે તેમને 'ધર્મવર ચાતુરન્ત ચક્રવર્તી' કહે છે, ચક્રવર્તી પદ દ્વારા છએ ખંડના અધિપતિની સાથે સાદૃશ્ય-સમાનતા બતાવવામાં આવેલ છે જે આ રીતે છે-ઉત્તર દિશામાં હિમવાન અને બાકીની ત્રણે દિશામાં ત્રણ સમુદ્ર, એ ચાર પૃથ્વિના વિભાગ છે- એ ચારેમાં જેનું અધિપત્ય ચાલે છે તેને ચાતુરન્ત કહે છે. તથા ચક્રરત્ન વિશેષથી પ્રવૃત્તિ કરવાનો જેનો સ્વભાવ છે તેને ચક્રવર્તી કહે છે. ચાતુરન્તરૂપ જે ચક્રવર્તી તેને ચાતુરન્ત ચક્રવર્તી કહે છે. ન્યાયની દૃષ્ટિએ શ્રેષ્ઠ એવા ચાતુરન્ત ચક્રવર્તીને ધર્મવર ચાતુરન્ત ચક્રવર્તી કહે છે. 'धर्माः पुण्य-यम-न्याय-स्वभावाऽऽचारसोमपाः' આ અમરકોષના કથનાનુસાર ધર્મ શબ્દનો અર્થ ન્યાય થાય છે. તેનું તાત્પર્ય એ છે કે જેમ ભૂમંડળમાં બીજા રાજાઓ કરતાં ચક્રવર્તી રાજાનો પ્રભાવ વધારે હોય છે એજ પ્રમાણે બીજા ધર્મપ્રણેતાઓ કરતાં ભગવાનનો પ્રભાવ પણ વધારે પડે છે. તે કારણે અહીં તેમને ધર્મવર ચાતુરન્ત ચક્રવર્તી કહેવામાં આવ્યા છે અથવા—ચાતુરન્ત જે ચક્ર તેને જ ચાતુરન્ત ચક્ર કહેલ છે. શ્રેષ્ઠ ચાતુરન્ત ચક્રને વરચાતુરન્ત ચક્ર કહેલ છે. શ્રેષ્ઠ (વર) ચાતુરન્તના જેવો જે ધર્મ તેને ધર્મવર ચાતુરન્ત કહેલ છે. એ ધર્મવર ચાતુરન્ત પ્રમાણે જ વર્તવાનો અને બીજાની પાસે તેવું વર્તન કરાવવાનો જેમનો સ્વભાવ હોય છે તેમને ધર્મવર-ચાતુરન્ત ચક્રવર્તી કહે છે. જેમ સમુદ્રમાં ડૂબતાં જીવોને માટે દ્વીપ આશ્રયસ્થાન બને છે તેમ સંસારસમુદ્રમાં ડૂબતાં જીવોને માટે ભગવાન આશ્રયદાતા હોવાથી તેમને દ્વીપ વિશેષણ લગાડયું છે. કર્મોથી ત્રાસેલા ભવ્યજીવોની રક્ષા કરવાનું સામર્થ્ય પ્રભુમાં છે તેથી તેમને ત્રાણરૂપ બતાવ્યા છે. "શરણાગતિ" પદથી એજ વાત સ્પષ્ટ થઈ છે કે પ્રભુ ભવ્યજીવોને માટે જેમ ત્રાણરૂપ છે, એજ પ્રમાણે આશ્રયસ્થાનરૂપ છે. ત્રણે કાળમાં પોતે પ્રાપ્ત કરેલા વિશુદ્ધ સ્વરૂપથી ભગવાન વિચલિત થતાં નથી-એટલે કે તેમના તે શુદ્ધ સ્વરૂપનો કદી પણ નાશ થતો નથી. તેથી તેઓ પ્રતિષ્ઠા સ્નરૂપ છે. "अप्रतिहतवरज्ञानदर्शनधरः" પદ એ બતાવે છે કે પ્રભુ જે અનંત જ્ઞાન અને અનંત દર્શનને ધારણ કરે છે તે અનંતજ્ઞાન અને અનંતદર્શન આવરણ રહિત છે. ભિત્યાદિ આવરણોથી તે કદી પણ સ્ખલિત થતાં નથી. એટલે કે ભિત્યાદિ આવરક દ્રવ્ય તેમને જ્ઞેય પદાર્થો જાણતા રોકી શકતું નથી. ભિત્યાદિય આવરક દ્રવ્ય જે જ્ઞાનદર્શનમાં જ્ઞેય પદાર્થને જાણવામાં નડનરરૂપ બને છે તે જ્ઞાનદર્શનને પ્રતિહત જ્ઞાનદર્શન કહે છે. આ રીતે જે જ્ઞાનદર્શન પ્રતિહત હોતાં નથી તેમને અપ્રતિહત જ્ઞાનદર્શન કહે છે. એવા અપ્રતિહત જ્ઞાનદર્શનને ધારણ કરનારને 'અપ્રતિહત જ્ઞાનદર્શનધર' કહે કહે છે. અપ્રતિહત જ્ઞાનદર્શનધરનો ઉપર પ્રમાણે અર્થ થાય છે. "व्यावृत्तछद्मा" પદ એ બતાવે છે કે પ્રભુના આત્મામાંથી જ્ઞાનાવરણ આદિ ચાર ઘાતિયા કર્મો નિવૃત્ત થઈ ગયાં છે. આ પદનો અવયવાર્થ આ પ્રમાણે છે-જેના દ્વારા આત્માના

કેવળજ્ઞાન કેવળદર્શન આદિ ગુણોને આવૃત્ત કરી નાખવામાં આવે છે તેનું નામ છદ્મ છે. ઘાતિયા કર્મોનો સમૂહ એ પ્રકારનો છદ્મ છે. તે જ્ઞાનાવરણ આદિ કર્મસમૂહનો જેમના દ્વારા નાશ થઈ જાય છે તેમને 'વ્યાવૃત્તછદ્મા' કહે છે. **'जिनः'** શબ્દ એ બતાવે છે કે રાગદ્વેષ આદિ અંદરના શત્રુઓને જીતીને જ આત્મા જિન બની શકે છે. ભગવાન મહાવીર સ્વામીએ પણ રાગદ્વેષ આદિ અંદરના શત્રુઓને જીત્યા હતા તેથી તેમને જિન કહેવામાં આવેલ છે. **''जापकः''** પદ એ બતાવે છે કે પ્રભુ પોતાની દેશના દ્વારા ભવ્ય જીવોને રાગદ્વેષ આદિ શત્રુઓને જીતવાની પ્રેરણા આપે છે. તેથી પ્રભુને જાપક કહ્યા છે. **''तिण्णे''** પદ એ બતાવે છે કે પ્રભુ પોતે ચાર ગતિ વાળા સંસાર સમુદ્રને તરી ગયા છે. **''तारए''** પદ એ બતાવે છે કે પ્રભુ અન્ય ભવ્ય જીવોને પણ સંસાર સમુદ્ર તરાવી દે છે. ભગવાને જાતે જ બોધ પ્રાપ્ત કર્યો છે, કોઇએ તેમને બોધ આપ્યો નથી. એ વાત 'બુદ્ધ' પદ દ્વારા બતાવવામાં આવી છે. 'બોધક' પદ એમ બતાવે છે કે પ્રભુ અન્ય જીવોને બોધ આપે છે. ભગવાનને મુક્ત કહેવાનું કારણ એ છે કે તેઓ પોતે કર્મબંધનમાંથી છૂટી ગયા છે અને બીજા ભવ્ય-જીવોને પણ તેઓ કર્મબંધનમાંથી છોડાવે છે. ત્રિકાળવર્તી સમસ્ત દ્રવ્યોના ગુણપર્યાયોને ભગવાન યથાર્થ રીતે જાણે છે, તેથી તેમને સર્વજ્ઞ કહ્યા છે. સામાન્ય રીતે સમસ્ત પદાર્થોના યથાર્થ સ્વરૂપના તેઓ દ્રષ્ટા છે, તેથી તેમને સર્વદર્શી કહેવામા આવ્યા છે. શિવ, અચલ આદિ વિશેષણો સદ્ગતિને લગાડ-વામાં આવ્યાં છે. તેનો અર્થ આ પ્રમાણે છે–**शिव**–સર્વ ઉપદ્રવોથી રહિત હોવાને કારણે કલ્યાણ સ્વરૂપ. **अचल**–સ્વાભાવિક અને પ્રાયોગિક બન્ને પ્રકારની ચલન ક્રિયાથી રહિત. **अरुज**–આધિવ્યાધિથી રહિત. **अनंत**–જેનો નાશ થતો નથી તેવું. **अक्षय**–અવિનાશી સ્વભાવનું. **अव्याबाध**–દ્રવ્ય અને ભાવ રૂપે જ્યાં પીડા બિલકુલ નથી અને તે કારણે જે પીડા રહિત છે. **अपुनरावृत्ति**–જ્યાં ગયા પછી જીવને સંસારમાં ફરી પાછાં આવવું પડતું નથી. એવા પુનરાગમનથી રહિત સિદ્ધિ ગતિ નામના સ્થાનને પ્રાપ્ત કરનારા તે ભગવાન હતા, એ પ્રકારનો સંબંધ જોડી લેવો.

સૂત્રમાં **''जाव समोसरणं''** એવો જે પાઠ આવ્યો છે તે પરથી એમ સમજી લેવાનું છે કે સમવસરણના વિષયમાં અન્ય આગમ શાસ્ત્રોમાં જેટલો પાઠ આવતો હોય તે સમસ્ત પાઠને અહીં ગ્રહણ કરી લેવો. તે પાઠ આ પ્રમાણે છે–**''अरहा जिणे केवली''** થી લઇને **''अप्पाणं भावेमाणे विहरइ''** અહીં સુધીનો પાઠ-તે પાઠનો આ પ્રમાણે અર્થ થાય છે–

**'अरहा '** જેમના જ્ઞાન આગળ કોઇ પણ વસ્તુ છૂપી રહી શકતી નથી. એટલે કે જેઓ ત્રિકાળવર્તી સમસ્ત પદાર્થોના સ્વરૂપને સ્પષ્ટ રીતે જાણે છે–(યથાર્થ જ્ઞાતા છે) તેમને **' अरहा '** કહે છે–**''न रहः यस्य सः अरहाः''** **' अरहस् '** શબ્દ સકારાન્ત છે. તેનો અર્થ એવો થાય છે કે જેમણે કેવળજ્ઞાનના પ્રભાવથી લોકાલોકના વસ્તુ સમૂહને હસ્તામલકવત્ કરી લીધો છે–હાથમાં રહેલા આમળાંનું સ્વરૂપ જેમ જાણી શકાય છે તેમ લોકાલોકની પ્રત્યેક વસ્તુનું સ્વરૂપ જે જાણી શકે છે. તેમને **' अरहा '** કહે છે.

તે કારણે જ ભગવાન મહાવીર પ્રભુને ' अरहा ' કહેલ છે. રાગદ્વેષ આદિના વિજેતા હોવાથી તેઓ જિન હતા. કેવળજ્ઞાનવાળા હોવાથી તેઓ કેવલી હતા. તેમના શરીરની ઊંચાઈ સાત હાથની હતી. તેઓ સમચતુરસ્ર સંસ્થાનવાળા હતા. જે સંસ્થાનમાં હાથ, પગ, ઉપર અને નીચેના ભાગો, એ ચારે વિભાગો સમર્થ્યને શુભ લક્ષણવાળા હોય છે. તે સંસ્થાનને સમચતુરસ્ર સંસ્થાન કહે છે. સંસ્થાન એટલે આકાર. સમ એટલે બરાબર–સપ્રમાણ. ચતુરસ્ર એટલે ચાર. 'અસ્ર' એટલે હાથ, પગ આદિ વિભાગ. પ્રભુનું સંહનન વજ્રઋષભનારાચ હતું. ખીલડાના આકારના હાડકાનું નામ વજ્ર છે. વજ્રના ઉપર વીંટળાયેલી પટ્ટી જેવા વિશિષ્ઠ અસ્થિને ઋષભ કહે છે. બન્નેના મર્કટબંધને નારાચ કહે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જે શરીરના વેષ્ટન–કીલો, (ખીલીનાં આકારનાં હાડકાં) અને અસ્થિ વજ્રમય હોય તેને 'વજ્રઋષભનારાચ' સંહનન કહે છે. પરિવેષ્ટિત બન્ને હાડકાંઓ ઉપર અને ત્રણ હાડકાંઓને મજબૂત કરવાને માટે ખીલીના આકારનું વજ્ર નામનું હાડકું જે સંહનનમાં બેસાડેલું હોય છે તે સંહનને વજ્રઋષભનારાચ સંહનન કહે છે. અસ્થિબંધની વિશિષ્ટ રચનારૂપ સંહનન હોય છે. પ્રભુના શરીરની અંદર રહેલા વાયુનો વેગ સદા તેમને અનુકૂળ રહ્યા કરે છે. તે વાયુનો પ્રકોપ કદી તેમને નડતો નથી. તેથી તેમને અનુકૂળ વાયુવેગવાળા કહ્યા છે. પ્રભુનું ગુદાશય કંકપક્ષીના ગુદાશય જેવું હોય છે. એજ વાત ' કંકગ્રહણી ' શબ્દ દ્વારા બતાવવામાં આવી છે. ' कवोयपरिणामे ' પદ એ વાત બતાવે છે કે પ્રભુનો આહારપરિપાક કપોતના આહારપરિપાક જેવો હોય છે. એટલે કે–જેમ કબુતરની જઠરાગ્નિ પથ્થરનાં કણોને પણ પચાવી શકે છે. તેમ પ્રભુની જઠરાગ્નિ અન્ત, પ્રાન્ત આદિ સર્વ પ્રકારના આહારને પચાવી દે છે. શકુનિ એટલે પક્ષી. પક્ષીનું ગુદાશય મળના સંપર્કથી તદ્દન રહિત હોય છે. અને પૃષ્ટ ભાગ ઘણો સુંદર હોય છે. પાર્શ્વ ભાગ પણ મનોહર હોય છે અને છાતીનો ભાગ પણ સુરમ્ય હોય છે. એજ પ્રમાણે પ્રભુનાં અંગો પણ સુંદર હોય છે. પદ્મ–કમલ, ઉત્પલ–નીલકમલ, અથવા પદ્મ એટલે પદ્મક નામનું સુગંધિ દ્રવ્ય અને ઉત્પલ એટલે ઉત્પલકુષ્ટ નામનું સુગંધિ દ્રવ્યની જેવી સુગંધિ હોય છે તેવી સુગંધિથી યુક્ત વાયુ પ્રભુના શ્વાસોચ્છ્વાસમાંથી નીકળે છે, અને વાયુથી પ્રભુનું મુખ સદા સૌરભથી યુકત રહે છે. પ્રભુનું શરીર કાન્તિમય હોય છે. પ્રભુના શરીરના માંસપિંડ રોગરહિત, સર્વોત્તમ ગુણવાળા શ્વેત અને અનુપમ હોય છે. પ્રભુનું શરીર જલ્લ. મલ્લ, કલંક, સ્વેદ અને રજના દોષથી રહિત હોવાને લીધે સદા નિર્મળ રહે છે. હવે ' જલ્લ '

શબ્દનો અર્થ સમજાવવામાં આવે છે. પરસેવો સૂકાઇ જતાં શરીર પર જે મેલ જામે છે તેને જલ્લ કહે છે. શરીરને ચોળવાથી તેના ઉપરથી જે કાળા કાળા મેલના થર નીકળે છે તેને ' જલ્લ ' કહે છે. જે રજ શરીર પર એવી ચોટી જાય છે કે તેને ઘણી મુશ્કેલીથી દૂર કરી શકાય છે, અને જે શરીર પર જામીને કઠણ થઈ જાય છે એવા મેલને ' મલ્લ ' કહે છે. શરીર પર જે નકામા તલ, મસા આદિ નીકળે છે તેમને 'કલંક' કહે છે, સાધારણ પરસેવાને સ્વેદ કહે છે. સાધારણ ધૂળને રજ કહે છે. તે બધાંને કારણે શરીરમાં જે મલીનતા આવે છે તેને દોષ કહે છે. પ્રભુનું શરીર એ જલ્લ, મલ્લ આદિ સઘળા દોષોથી રહિત હોય છે. તેથી તેમનું શરીર નિર્મળ રહે છે. પ્રભુના અંગો અને ઉપાંગો અનુપમ કાન્તિને લીધે સદા ચળકયા કરે છે. પ્રભુનું મસ્તક ઘણું જ પુષ્ટ હતું. તેમાં મસ્તક સંબંધી જેટલાં શુભ લક્ષણો હોય છે તે સઘળાં મોજૂદ હતાં. તે મસ્તક ઉન્નત કૂટ (શિખર)ના આકારનું હતું. નિર્માણ નામકર્મ દ્વારા બહુ જ સંભાળ પૂર્વક તેનું નિર્માણ (રચના) થયું હતું. પ્રભુના મસ્તકનાં કેશ શાલ્મલિ વૃક્ષના ફળના ખંડ સમાન અતિ કોમળ હતાં. નીચેનો શિરો ભાગ તો કઠણ હતો. પણ ઉપર ઉગેલાં કેશ શાલ્મલિ વૃક્ષના ફળની અંદર રહેલા રેસા જેવાં કોમળ હતાં. શાલ્મલિ વૃક્ષનાં ફળ તો કઠણ હોય છે. પણ તેમની અંદર રહેલા રેસા નરમ અને કોમળ હોય છે. તેથી મસ્તકને શાલ્મલિવૃક્ષના ફળ સાથે અને કેશને તે ફળની અંદરના રેસા સાથે સરખાવવામાં આવેલ છે. પ્રભુના એ સમસ્ત કેશ ઘણાં જ નિર્મળ હતાં, પ્રશસ્ત–ઉત્તમ હતાં, સૂક્ષ્મ–ઘણાં જ બારીક હતાં, સારાં લક્ષણોવાળાં હતાં, સુંદર સુગંધથી યુકત હતાં, સુન્દર મનોહર હતાં, તથા તે કેશ ભુજમોચકવત્–એક પ્રકારના નીલરત્ન સમાન, ભૃંગ સમાન, નીલી ગુટિકાની જેમ, કાજળ સમાન, અને ઉલ્લાસયુક્ત ભ્રમરસમૂહની સમાન કાળાં હતાં. તથા તે કેશ છૂટાં છવાયાં ન હતાં. પણ ઘન હતાં, અને કુંચિત–વક્રીભૂત એટલે કે કુંડળની જેમ વાંકડીયાં હતાં, અને પ્રદક્ષિણાવર્ત હતાં.

શ્રીમહાવીર સ્વામીના કેશોત્પત્તિ સ્થાનનું વર્ણન આ પ્રમાણે છે.(दालिमपुप्फ०इत्यादि) ભગવાનનાં કેશનું ઉગમસ્થાન દાડમનાં ફૂલનાં જેવું રક્ત વર્ણનું, અગ્નિમાં તપાવેલા સુવર્ણના વર્ણ જેવું નિર્મળ અને અત્યંત મુલાયમ હતું. (छत्तागारु०इत्यादि) એજ પૂર્વોકત વિશેષણોને સૂત્રકાર બીજી રીતે કહે છે–ભગવાનનો મસ્તકપ્રદેશ વર્તુળાકાર અને ઉન્નત હોવાને લીધે છત્રના આકારનો લાગતો હતો. (निव्वण०इत्यादि) ભગવાનનું લલાટ વ્રણ વિનાનું, વિષમતા વિનાનું અને 'लष्ट' સુંદર હતું. તે मृष्ट–શુદ્ધ અને આઠમના ચન્દ્રમંડળ જેવું હતું. (उडुवइ०इत्यादि) ભગવાનનું મુખ શરદપુનમના ચન્દ્રના જેવું તેજસ્વી હતું, એટલે કે જેમ શરદપુનમનો ચન્દ્ર પ્રભાસમૂહથી ભરેલો હોય છે તેમ પ્રભુનું મુખ પણ પ્રભાસમૂહથી ભરેલું હતું, અને સૌમ્ય-સુંદર હતું. જેવી રીતે શરદઋતુનો ચન્દ્ર પૂર્ણપ્રભાથી વ્યાપ્ત રહે છે અને ઘણો સુંદર લાગે છે એજ પ્રમાણે પ્રભુનું મુખ પણ સુંદર લાગતું હતું. (अल्लीण०) પ્રભુના બન્ને કાન સપ્રમાણ હોવાથી પ્રભુને શોભનકર્ણ વાળા કહેલ છે. (पीण-

मंसल०) પ્રભુના બન્ને કપોલ પ્રદેશ પુષ્ટ અને માંસલ હતા. (आणामिय०) પ્રભુની બન્ને ભ્રમરો નમાવેલા ધનુષ્યના જેવી સુંદર હતી, અને કાળાં વાદળોની પંક્તિના જેવી તનુ-પાતળી, શ્યામ અને સ્નિગ્ધ હતી. ( अवदा० ) પ્રભુની બન્ને આંખો વિકસિત સફેદ કમળના જેવી હતી. ( कोआसिय० ) પ્રભુની બન્ને આંખો કમળના જેવી વિકસિત અને શ્વેત હતી. (गरुला०) પ્રભુનું નાક ગરુડની ચાંચ જેવું દીર્ઘ, સરળ અને ઉન્નત હતું. ( उवचिय० ) પ્રભુનો અધરોષ્ઠ સુસંસ્કૃત વિદ્રુમના જેવો તથા બિમ્બફળના જેવો લાલ હતો. ( पंडुरससि० इत्यादि ) પ્રભુની દંતપંક્તિ શ્વેત ચન્દ્રખંડના જેવી નિર્મળ, અતિ સ્વચ્છ શંખ, ગોક્ષીર-ગાયનું દૂધ, પાણીનાં ફીણ, શ્વેત પુષ્પ, જલકણ અને મૃણાલિકા જેવી સફેદ હતી. (अखंडदंते० इत्यादि) પ્રભુના દાંત અખંડ હતા—એટલે કે જેટલા દાંત દંતપંક્તિઓમાં હોવા જોઇએ એટલા જ હતા. વધારે પણ ન હતા અને ઓછા પણ ન હતા. તે દાંત અસ્ફુટિત હતા—તેમાં એક પણ દાંત તૂટેલો ન હતો, અવિરલ હતા—દૂર દૂર ન હતા. સુસ્નિગ્ધ મજબૂત અને સુજાત હતા. એક દાંતની શ્રેણીના જેવા અનેક દાંત હતા. ( हुतवह०इत्यादि ) પ્રભુનું તાળવું અને જીભ અગ્નિમાં તપાવીને લાલ કરેલ, વળી પાણી દ્વારા ધોવામાં આવેલ, માટે અગ્નિમાં તપાવેલ સુવર્ણના સમાન અત્યંત રકત વર્ણના હતા. (अवट्ठिय०इत्यादि) પ્રભુની શ્મશ્રુ-દાઢી-મૂંછ અવર્દ્ધનશીલ અને સુવિભકત હતી. બે ભાગોમાં સારી રીતે વિભકત થયેલી હતી, તથા શોભાયુક્ત હતી-બેડોળ ન હતી. (मंसल०) પ્રભુની હડપચી (દાઢીનો ભાગ) માંસલ અને પુષ્ટ હતી, સુંદર આકારની, પ્રશસ્ત-અતિરમણીય તથા વ્યાઘ્રની હડપચી (દાઢ) સમાન દીર્ઘ હતી. (चउरंगुल०इत्यादि) ભગવાનની ડોક તેમના પોતાના ચાર આંગળ પ્રમાણ પહોળી હતી, તથા ઉન્નત હોવાથી અને ત્રિવલિથી યુકત હોવાનેકારણે ઉત્તમ શંખની રેખા જેવી શોભતી હતી. (वरमहिस०इत्यादि) પ્રભુના બન્ને સ્કંધ શ્રેષ્ઠ મહિષ-પાડા, વરાહ-સૂવર, સિંહ, શાર્દૂલ, વૃષભ અને ઉત્તમ હાથીના સ્કંધ જેવા પ્રતિપૂર્ણ-પ્રમાણયુકત, અને વિપુલ-સામુદ્રિકશાસ્ત્રોક્ત લક્ષણોથી યુકત હતા. (जुगसंनिभ०इत्यादि) પ્રભુની બન્ને ભુજાઓ ગાડીના યુગના જેવી લાંબી, પુષ્ટ, અને મનોહર હતી અને તેની બન્ને કોણીઓનો નીચેનો ભાગ ઘણોજ મજબૂત હતો. તેમનો આકાર ઘણો જ સુંદર હતો અને તે સુશ્લિષ્ટ, વિશિષ્ટ, સઘન અને દૃઢ હતો. તેનાં સંધિસ્થાનો સ્નાયુઓ દ્વારા ઘણી સારી રીતે બાંધેલાં હતાં અને નગરના શ્રેષ્ઠ આગળિયાના જેવા તે વર્તુળાકાર હતા. (भुजगीसर० इत्यादि ) પ્રભુના બન્ને બાહુ કંઇક લેવાને માટે દંડની જેમ ફેલાવેલ ભુજંગેશ્વરના વિશાલ (લાંબા) શરીરના સમાન લાંબા હતા. ( रत्ततलो० इत्यादि ) પ્રભુની બન્ને હથેલી રકત વર્ણની હતી, ઘણી મજબૂત હતી. એટલે કે પૃષ્ઠ ભાગમાં ઉન્નત હતી, કોમળ હતી અને માંસલ હતી. સુજાત-સુંદર હતી, શુભ ચિહ્નોથી યુકત અને છિદ્રજાળથી રહિત હતી. (पीवरकोमल०इत्यादि) પ્રભુના હાથની આંગળીઓ પુષ્ટ, કોમળ અને ઘણી જ ઉત્તમ હતી. (आयंबतंब० इत्यादि) પ્રભુના નખ આતામ્રતામ્ર-તાંબાની જેમ આછા લાલ રંગના હતા. તલિન,-પાતળા, શુચિ-શુદ્ધ, રુચિર-મનોજ્ઞ, અને સ્નિગ્ધ-મુલાયમ હતા. પ્રભુના હાથમાં ચન્દ્રાકારની, શંખની, ચક્રની, અને દક્ષિણાવર્તક સ્વસ્તિકની રેખાઓ હતી. (चंदसूर०

इत्यादि) પ્રભુના હાથમાં ચન્દ્ર, સૂર્ય આદિની જે રેખાઓ હતી તે પ્રશસ્ત ફળ દેનારી હતી. ( **कणग०** ) પ્રભુનું વક્ષઃસ્થળ કનકપાષાણુ જેવું નિર્મળ હતું. શુભ લક્ષણો વાળું હતું, સમતલ, પુષ્ટ અને અતિવિશાળ હતું. અને તેના પર શ્રીવત્સ ચિહ્ન હતું. (**अकरंडुय०इत्यादि**) પ્રભુનું શરીર એવું હતું કે હાડકાં તો દેખાતાં જ ન હતાં. "કરંડુય" શબ્દનો અર્થ પૃષ્ઠ ભાગનું હાડકું થાય છે. ભગવાનનો દેહ કનકના જેવી કાન્તિ વાળો હતો, નિર્મળ હતો, સુંદર હતો, રોગાદિ બાધાઓથી રહિત હતો, તથા ઉત્તમ પુરુષના ૧૦૦૮ લક્ષણોથી યુક્ત હતો. પ્રભુના બન્ને પાર્શ્વભાગો સન્નત-નીચેની તરફ અવનત, પ્રમાણસરના, સુંદર, શુભલક્ષણો વાળા, સમુચિત પરિમાણ વાળા અને પુષ્ટ હતા. ( **उज्जुय-सम०इत्यादि**) પ્રભુની રોમપંકિત સરળ, સઘન, સર્વોત્તમ, સૂક્ષ્મ, મુલાયમ, શોભીતી, ચળકતી અને મનોહર હતી. (**झसविहग०इत्यादि**) પ્રભુનું ઉદર માછલી અને પક્ષીના પેટ સમાન સુંદર હતું, પુષ્ટ હતું. પ્રભુની ઇન્દ્રિયો પવિત્ર હતી. જો કે ઇન્દ્રિયો દ્વારા મળ બહાર નીકળતો હોય છે, પણ પ્રભુના અતિશયના પ્રભાવે પ્રભુની ઇન્દ્રિયો નિર્મળ હતી તેથી અહીં તેમને નિર્મળ કહી છે. પ્રભુની નાભિ પદ્મકોશના જેવી ગંભીર હતી. તથા તે ગંગા નદીના ઘૂમરીઓ ખાતા તરંગોના જેવી ચંચળ, ચક્રના જેવી ગોળ, રવિકિરણોથી વિકસિત કમળના જેવી ગંભીર અને વિશાળ હતી. પ્રભુના શરીરનો મધ્ય ભાગ-કટિપ્રદેશ (**साहय०इत्यादि**) મધ્યમાં ખાંચવાળી ત્રિપાઇની જેમ, મુસળની જેમ, દર્પણદંડની જેમ, ઉત્તમ સુવર્ણની મૂઠની જેમ અને શ્રેષ્ઠ વજ્રની જેમ કૃશ-પાતળો હતો. પ્રભુનો કટિપ્રદેશ રોગાદિરહિત હોવાને કારણે પ્રસન્ન થયેલા શ્રેષ્ઠ ઘોડાના કટિપ્રદેશ જેવો અને એમ જ સિંહના કટિપ્રદેશ જેવો શ્રેષ્ઠ અને ગોળ હતો. પ્રભુનો ગુહ્યભાગ શ્રેષ્ઠ ઘોડાના ગુહ્યભાગ સમાન સુંદર હતો. તથા તે સુલક્ષણસંપન્ન-ઉત્તમ જાતિના ઘોડાના ગુહ્યભાગ જેવો મળના સંપર્કથી તદ્દન રહિત હતો. (**वरवारण०इत्यादि**) પ્રભુની ચાલ શ્રેષ્ઠ ગજરાજની ચાલ જેવી સુંદર હતી. અને તેમનું પરાક્રમ પણ શ્રેષ્ઠ ગજરાજના પરાક્રમ જેવું હતું. (**गयससण० इत्यादि**) પ્રભુના બન્ને ઉરુ-સાથળ સુંદર હાથીની સૂંઢના જેવાં હતાં (**समुग्ग०इत्यादि**) પ્રભુના બન્ને ઢીંચણ સંપુટના ઉપર નીચેના ભાગોની સંધિની જેમ અત્યંત ઢંકાયેલ હતા એટલે કે માંસથી પુષ્ટ હતા, તે કારણે ઘૂંટણોના હાડકાં દેખાતાં ન હતાં. (**एणी० इत्यादि** ) પ્રભુની બન્ને જાંઘો હરિણીની જાંઘો જેવી હતી. કુરુવિંદ એક પ્રકારનું તૃણ, અને વર્ત્ત-વણેલી દોરીની જેમ ગોળ હતી. તથા ક્રમશઃ પાતળી થતી જતી હતી. અથવા કુરુવિન્દાવર્ત નામનું એક વિશિષ્ટ આભૂષણ હોય છે, તેના જેવી હતી. પ્રભુના પગના ગુલ્ફ એડિયોની પાસેની ગાંઠો-સંસ્થિત-સુંદર આકાર વાળી, સુશ્લિષ્ટ-સુમિલિત અને માંસલ હોવાને કારણે ગૂઢ-અદશ્ય હતી. (**सुप्पइट्ठिय०इत्यादि**) પ્રભુના બન્ને પગ કાચબાના જેવા સુંદર હતા. એટલે કે સંકુચિત અંગ વાળા કાચબાના પૃષ્ઠ ભાગ જેવાં પ્રભુનાં ચરણ હતાં. પ્રભુના પગની આંગળીઓ ક્રમશઃ હીયમાન અને વર્દ્ધમાન હતી, તથા સુસંહત-વિભિન્ન હોવા છતાં પણ સંમિલિત હતી ( **उणय०इत्यादि** ) તે આંગળીઓના નખ સહેજ સહેજ ઊંચા, આછા લાલ અને મુલાયમ હતા.

પ્રભુના ચરણોનો તળભાગ (रक्तुप्पल०इत्यादि) લાલ કમળનાં પત્તાં જેવો અતિ કોમળ અને લાલ હતો.

(नगनगर०इत्यादि) પ્રભુના ચરણોમાં પર્વતનાં, નગરનાં, મકરનાં (મગરનાં) સાગરનાં અને ચક્રનાં ચિહ્નો હતાં. એ સિવાય સ્વસ્તિક આદિ શુભસૂચક અને માંગલિક ચિહ્નો પણ હતાં. પ્રભુનું રૂપ અતિશય સુંદર હતું. પ્રભુનું તેજ (हुयवह०इत्यादि) ધુમાડાથી રહિત પ્રજ્વલિત અગ્નિ જેવું, વારંવાર ચમકતી વિજળી જેવું અને તરુણ રવિ કિરણોના જેવું હતું. પ્રભુ કર્મોના આસ્રવથી રહિત હતા, મમતાથી રહિત હતા, પરિગ્રહની ગ્રંથિથી રહિત હતા, છિન્નસ્રોત હતા—ભવપ્રવાહથી રહિત હતા, દ્રવ્યમળ અને ભાવમળ, એ બન્ને પ્રકારના મળથી રહિત હતા. દ્રવ્યમળની અપેક્ષાએ ભગવાનનું શરીર નિર્મળ હતું. અને ભાવમળની અપેક્ષાએ કર્મબંધના કારણરૂપ મળથી પ્રભુ રહિત હતા. એજ વાતનું વધારે સ્પષ્ટી· કરણ કરવાને માટે સૂત્રકાર કહે છે—

ભગવાન પ્રેમ (આસક્તિ) થી, રાગથી (વિષયોમાં અનુરાગથી), દ્વેષ (અપ્રીતિ)થી, અને મોહથી તદ્દન રહિત હતા. પ્રભુ નિર્ગ્રન્થ પ્રવચનના ઉપદેષ્ટા હતા. સુવર્ણ આદિ દ્રવ્યગ્રન્થથી અને મિથ્યાત્વ આદિ ભાવ ગ્રન્થથી જે રહિત હોય છે તેને નિર્ગ્રન્થ કહે છે. અન્યના કલ્યાણને માટે જે સારી રીતે કહેવામાં આવે છે તેને પ્રવચન કહે છે. પ્રભુ એજ નિર્ગ્રન્થ પ્રવચનના એટલે નિરારમ્ભ અને નિષ્પરિગ્રહ ધર્મના ઉપદેશક હતા. પ્રભુ સાર્થનાયક હતા, મોક્ષને માર્ગે પ્રયાણ કરતા ભવ્યસમૂહને સાર્થ કહે છે. એજ સાર્થના પ્રભુ નાયક હતા. શ્રુતચારિત્રરૂપ ધર્મના પ્રભુ સંસ્થાપક હતા. તપ, સ્વાધ્યાય આદિમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈને કર્મની નિર્જરાને નિમિત્તે જેઓ શ્રમ ઉઠાવે છે તેમને શ્રમણ કહે છે. પ્રભુ તે શ્રમણોના અધિપતિ હતા—એટલે કે પ્રભુ ચતુર્વિધ સંઘના અધિપતિ હતા. પ્રભુ ચારે પ્રકારના શ્રમણસંઘની વૃદ્ધિ કરનારા હતા. અથવા–અગ્રેસર હતા. તીર્થંકર ભગવાનોના જે ચોત્રીસ અતિશયો (વિશિષ્ટ પ્રભાવો) હોય છે તે અતિશયોથી પ્રભુ વિરાજમાન હતા. કેશોનું ન વધવું, નખ ન વધવા, દાઢીમૂછના વાળ ન વધવા તે પહેલો અતિશય છે. બીજા જે અતિશયો છે તેનું વર્ણન સમવાયાંગસૂત્રમાંથી વાંચી લેવું. પ્રભુ સત્યવચન સંબંધી પાંત્રીસ અતિશયોથી યુક્ત હતા—એટલે કે વાણીના પાંત્રીસ ગુણોથી યુક્ત હતા. વાણીના તે પાંત્રીસ ગુણો મારે લખેલી આચારાંગ સૂત્રની આચારચિન્તામણિ ટીકાના પહેલા અધ્યયનની અવતરણામાં વર્ણવેલ છે. ત્યાંથી જોઈ લેવા. અતિશયોને પ્રભાવે એટલે અતિશયોના પ્રભાવથી પ્રભુ આકાશગત ચક્ર, આકાશગત છત્ર અને આકાશગત બે ચામરોથી યુક્ત હતા. આકાશમાં રહેલ પાદપીઠસહિતના સ્ફટિકનિર્મિત સિંહાસનથી અતિશયોને પ્રભાવે ઉપલક્ષિત–યુક્ત હતા. જેમની આગળ ધર્મધ્વજને દેવો ચલાવતા હતા, એવા ભગવાન પોતાના આજ્ઞાવર્તી ચૌદ હજાર શ્રમણો અને છત્રીસહજાર આર્યિકાઓના પરિવારવાળા તીર્થંકર પરિપાટી પ્રમાણે વિહાર કરતા થકા એક ગામથી બીજે ગામ વિચરતા 'સંયમમાં

કોઈ પણ પ્રકારે બાધા નડે નહીં' એવી રીતે અપ્રતિબદ્ધ વિહાર કરતા કરતા રાજગૃહ નગરમાં આવેલા ગુણશિલક ચૈત્યમાં આવી પહોંચ્યા. ત્યાં આવીને તેમણે વનપાલની પાસે ત્યાં થોભવાની આજ્ઞા માગી. તે પ્રકારની આજ્ઞા મળતાં ભગવાન તેમાં પ્રવેશ્યા અને સંયમ અને તપની આરાધના કરતા તે ચૈત્યમાં થોભ્યા. સમવસરણનું આ પ્રકારનું વર્ણન અહીં સમજી લેવું. આ સમવસરણના વર્ણનમાં સાધુ આદિનું વર્ણન ઔપપાતિક સૂત્રમાં " **समणस्स भगवओ महावीरस्स अंतेवासी बहवे समणा भगवंतो अप्पेगइया उग्गपव्वइया** " ઈત્યાદિ વાકયો દ્વારા કરવામાં આવ્યું છે તેનો પણ અહીં સમાવેશ કરી લેવો. તથા તેજ સૂત્રમાં અસુરકુમાર, ભવનપતિ, વાનવ્યન્તર, જ્યોતિષ્ક, અને વૈમાનિક દેવોનું ભગવાનની સમક્ષ આવવાનું જે વર્ણન કર્યું છે તેનો પણ અહીં સમાવેશ કરી લેવો. (સૂ. ૫)

## શ્રી ગૌતમસ્વામી કા વર્ણન

" **परिसा निग्गया** " **इत्यादि ।**

શ્રમણ ભગવાન મહાવીરના આગમનના સમાચાર સાંભળીને નગરજનોના સમુદાય રૂપ (**परिसा**) પરિષદ ભગવાનના દર્શન કરવાને માટે નગરમાંથી (**निग्गया**) નીકળી. ઔપપાતિક સૂત્રમાં જે પ્રકારે રાજનિર્ગમનું અને અન્તઃપુર નિર્ગમનું તથા તેમના દ્વારા કરાયેલ પ્રભુની પર્યુપાસનાનું વર્ણન કરવામાં આવ્યું છે તે સમસ્ત વર્ણન અહીં પણ સમજી લેવાનું છે. પ્રભુએ (**धम्मो कहिओ**) ધર્મકથાના વર્ણનમાં જે પદ આવ્યા છે તેમના અર્થ મારા દ્વારા લખાયેલ પીયૂષવર્ષિણી ટીકામાં સ્પષ્ટતાપૂર્વક આપવામાં આવેલ છે તો જિજ્ઞાસુઓએ તે ટીકા અવશ્ય વાંચવી. (**पडिसा पडिगया**) ભગવાનની ધર્મદેશના સાંભળીને, ભગવાનને વંદણા નમસ્કાર કરીને, ભગવાનની ધર્મકથાની પ્રશંસા કરતી તે પરિષદ જે દિશાએથી આવી હતી તે દિશામાં પાછી ફરી. ॥ સૂ. ૬ ॥

" **तेणं कालेणं ते समएणं** " **इत्यादि ।**

(**तेणं कालेणं तेणं समएणं**) તે કાળે અને તે સમયે (**समणस्स भगवओ महावीरस्स**) શ્રમણ ભગવાન મહાવીરના (**जेट्ठे अंतेवासी**) જ્યેષ્ઠ અંતેવાસી-સૌથી મોટા શિષ્ય- (**इंदभूई णामं अणगारे**) ઈન્દ્રભૂતિ નામના અણગાર હતા. (**गोयमगोत्ते**) તેમનું ગોત્ર ગૌતમ હતું. (**सत्तुस्सेहे**) તેઓ સાત હાથ ઊંચા હતા (**समचउरंससंठाणसंठिए**) તેઓ સમચતુરસ્ર સંસ્થાનવાળા – સપ્રમાણ

અંગોવાળા હતા. (**वज्जरिसह–नाराय–संघयणे**) તેઓ વજ્રઋષભનારાચ સંહનન વાળા હતા. (**कणगपुलगणिघसपम्हगोरे**) કસોટી પથ્થર પર દોરેલી સોનાની રેખા જેવા, કમળના પરાગ તંતુઓ સમાન તેઓ ગોરા વર્ણના હતા. (**उग्गतवे**) તેઓ ઘણાજ ઉગ્ર તપસ્વી હતા. (**दित्ततवे**) તેઓ દીપ્તતપવાળા હતા, અને (**तत्ततवे**) તપ્તતપથી યુક્ત હતા. (**महातवे**) તેઓ મહાન તપસ્વી હતા, (**घोर-तवे**) અતિ ઘોર–કઠિન તપ કરનારા હતા, (**ओराले**) ઉદાર હતા, (**घोरे**) ઘોર હતા, (**घोरगुणे**) તેઓ એવા ઘોર ગુણોવાળા હતા કે તેમના જેવા મૂળ ગુણો ધરાવવા અન્ય લોકો પોતાને અસમર્થ માનતા હતા. (**घोरतवस्सी**) તેઓ ઘોરતપસ્વી હતા—અર્થાત્ આકરામાં આકરાં તપ કરનારા હતા, (**घोरबंभचेरवासी**) ઘોર ઉત્કૃષ્ટ બ્રહ્મચર્યનું પાલન કરવાના સ્વભાવવાળા હતા, (**उच्छूढसरीरे**) તેમણે શારીરિક સંસ્કારોનો પરિત્યાગ કર્યો હોવાથી જાણે કે તેમણે શરીરને છોડી દીધું હોય એવુંજ લાગતું હતું. (**संखित्तविउलतेयलेस्से**) વિપુલ તેજોલેશ્યાને તેમણે પોતાના શરીરની અંદર જ દબાવી રાખી હતી. (**चोद्दसपुव्वी**) તેઓ ચૌદ પૂર્વના પાઠી હતા, (**चउनाणोवगए**) ચાર જ્ઞાનને ધારણ કરનાર હતા, (**सव्वक्खरसन्निवाई**) **સર્વાક્ષરસન્નિપાતી એક અક્ષરના જ્ઞાનથી તમામ અક્ષરોને** જાણવાવાળી લબ્ધિના ધારી હતા. એવા એ ઇન્દ્રભૂતિ અણગાર (**समणस्स भगवओ महावीरस्स**) શ્રમણ ભગવાન મહાવીરથી (**अदूरसामंते**) વધારે દૂર પણ નહીં અને નજીક પણ નહીં એવી જગ્યાએ (**उड्ढजाणू अहोसिरे**) ઘુંટણોને ઉંચા કરીને અને માથાને નમાવીને (**झाणकोट्ठोवगए**) ધ્યાનરૂપી કોઠામાં બેઠા હતા. તે સમયે તેઓ પોતાના આત્માને સંયમ અને તપથી ભાવિત કરી રહ્યા હતા. આ રીતે તેઓ ભગવાન મહાવીર પાસે (**विहरइ**) રહેતા હતા.

ટીકાના શબ્દોનો ભાવાર્થ—ઇન્દ્રભૂતિને અહીં જ્યેષ્ઠ અંતેવાસી કહ્યા છે તેનું કારણ એ છે કે તેઓ સમસ્ત સંઘના નાયક હતા. અને સંયમ પર્યાયની અપેક્ષાએ સૌથી પ્રથમ હતા. તેઓ ગૃહસ્થ ન હતા પણ અણગાર–મુનિ પર્યાયથી યુક્ત હતા. આ વાત 'અણગાર' પદ દ્વારા બતાવી છે. મુનિ હતા એટલુંજ નહીં પણ તેઓ નિંદિત ગોત્રના ન હતા પણ 'ગૌતમ' જેવા ઊંચ ગોત્રના હતા. તેમના શરીરનું

પ્રમાણ ઓછું કે વધારે ન હતું પણ પૂરા સાત હાથની તેમની ઊંચાઈ હતી, એ વાત **'सप्तहस्तोत्सेध'** પદ દ્વારા બતાવી છે. નિશ્ચિત પરિમાણ યુક્ત હતા એટલુંજ નહીં પણ તેમનામાં હીન લક્ષણો પણ ન હતાં, તે વાત 'સમચતુરસ્રસંસ્થાન' પદ દ્વારા પ્રગટ થાય છે. જે સંસ્થાન (આકાર) ચારે કોર સમાન વિભાગવાળા હોય છે તેને સમચતુરસ્ર સંસ્થાન કહે છે. માન અને ઉન્માન (લંબાઇ અને પહોળાઇ) પ્રમાણોમાં ન્યૂનતા કે અધિકતા ન હોવાથી, અંગ અને ઉપાંગોની અવિકલતા હોવાથી, તથા ઉપર અને નીચે તુલ્યતા હોવાથી તે સંસ્થાન સમ હોય છે, અને અવિકલ અવયવો હોવાને લીધે ચતુરસ્ર હોય છે. પોતાના અંગુલના માપની અપેક્ષાએ એકસોઆઠ૧૦૮ અંગુલ પ્રમાણ ઊંચા અંગ અને ઉપાંગોથી યુક્ત તે એક પ્રકારનો આકાર હોય છે. અથવા યુક્તિનિર્મિત લેપ્યક(ચિત્ર)ના જેવું જે સંસ્થાન હોય છે તે સંસ્થાનને સમચતુરસ્ર સંસ્થાન કહે છે. ઇન્દ્રભૂતિ અણગાર તે સંસ્થાનથી યુકત હતા. આવા સંસ્થાનથી યુક્ત હતા એટલુંજ નહી પણ તેઓ હીન સંહનનવાળા પણ ન હતા. એ બતાવવા માટે 'વજ્રઋષભનારાચ સંહનન' પદ મૂકયું છે. વજ્ર, ઋષભ અને નારાચ એ ત્રણે પદોનો અર્થ આ પ્રમાણે છે– વજ્ર એટલે ખીલી, ઋષભ એટલે પટ્ટી, અને નારાચ એટલે મર્કટબંધ. સંહનન એટલે હાડકાંઓનું ખાસ પ્રકારનું બંધન. જે સંહનનમાં વજ્ર, ઋષભ અને નારાચ હોય છે તે સંહનનને વજ્રઋષભનારાચ સંહનન કહે છે. ઇન્દ્રભૂતિ અણગાર એ પ્રકારના ઉત્કૃષ્ટ સંહનન વાળા હતા. હીન સંહનન વાળા ન હતા. તેઓ આવાં ઉત્કૃષ્ટ સંહનન વાળા હતા એટલું જ નહીં પણ સુંદર વર્ણ વાળા હતા–નિંદ્યવર્ણ વાળા ન હતા એ બતાવવાને માટે "**कणगपुलगनिघसपम्हगोरे**" પદ મૂકયું છે. તેનો અર્થ આ પ્રમાણે થાય છેઃ—

કનક એટલે સુવર્ણ. પુલક એટલે લેશ. અને નિઘસ એટલે કસોટી પથ્થર પર ખેંચેલી રેખા. પુલક વિશેષ શુદ્ધ હોય છે. તેથી જ્યારે કસોટી પથ્થર પર તેનો કસ કાઢવામાં આવે છે ત્યારે તેની રેખા ઘણી જ ચકચકિત હોય છે. પુલકની કસોટી પર દોરેલી રેખા સાથે ઉપમા આપી શકાય તેવા પદ્મના કિંજલ્ક–પરાગ સમાન ગૌરવર્ણ વાળા ઇન્દ્રભૂતિ અણગાર હતા, એમ

કહેવામાં આવ્યું છે એટલે કે તેમના શરીરની કાન્તિ કમનીય–અતિશય સુંદર હતી. ઉત્કૃષ્ટકાન્તિસંપન્ન હોવા છતાં પણ કેટલાક માણસો ચરિત્રહીન હોય છે. પણ ઇન્દ્રભૂતિ અણગાર એવા ન હતા તે બતાવવા માટે "उग्गतवे" પદ મૂક્યું છે. એ પદ એમ બતાવે છે કે તેઓ ઉગ્ર તપ કરતા હતા. બીજા લોકો જે તપ કરવાની કલ્પના પણ ન કરી શકે તેવાં ઉગ્ર તપ તેઓ આચરતાં હતાં. કર્મરૂપી ગહન વનને જલાવવાને સમર્થ હોવાને કારણે તેમનું તપ હુતાશન –અગ્નિ–ના જેવું જાજ્વલ્યમાન હતું. તેથી તેમને દીપ્તતપ વિશેષણ લગાડયું છે. 'તપ્તતપ' પદ એ બતાવે છે કે તેમણે જે જે તપ આદર્યાં હતાં તે બધાં શાસ્ત્ર મર્યાદા અનુસાર પાળ્યાં હતાં. તેમણે એવાં એવાં તપ કર્યાં હતાં કે સામાન્ય માણસ તો એવાં તપ કદી પણ કરી ન શકે. 'महातवे' પદ એ બતાવે છે કે તેઓ ઇચ્છારૂપ દોષથી રહિત હોવાને કારણે પ્રશસ્ત તપ–આકરાં તપ કરતા હતા. 'घोरतवे' પદ દ્વારા એ બતાવવામાં આવ્યું છે કે તેઓ જે જે તપ તપતા હતા, તે તે તપ ઘણાં જ ઘોર–કઠિન હતાં. વિશાલ તપશ્ચરણને કારણે તેઓ ઉદાર હતા. કાયર લોકોને માટે અશકય લાગે તેવાં તપો આચર· વાને લીધે તેઓ ભીમ હતા. અથવા તેઓ સ્વભાવે ઉદાર હતા અને પરીષહ, ઇન્દ્રિયના વિષય અને કષાયરૂપ શત્રુઓનો વિનાશ કરવામાં કઠોર હતા. અથવા આત્મનિરપેક્ષ હોવાને કારણે તપસ્યામાં લીન હતા, અને તેથી તેમને 'ઘોર' કહેલ છે. તેમને ઘોરગુણયુક્ત કહેવાનું કારણ એ છે કે તેમના જે મૂલગુણાદિક હતા તે અન્ય પાસત્થા આદિ દ્વારા જીવનમાં ઉતારી શકાય તેમ ન હતા. પારણું કરતી વખતે વિવિધ અભિગ્રહો ધારણ કરતા હોવાથી તેઓ દુષ્કર તપસ્યા કરનારા હતા. અને તેથીજ તેમને ઘોરતપસ્વી કહ્યા છે. જે બ્રહ્મચર્ય વ્રત સામાન્ય જીવો ધારણ કરી શકતા નથી તે દારુણ બ્રહ્મચર્યમાં વસવાનો તેમનો સ્વભાવ હતો, તેથી તેમને ઘોરબ્રહ્મચર્યવાસી કહેલ છે. તેઓ શારીરિક સંસ્કાર (સ્નાન, કેશની સફાઈ વગેરે)થી રહિત હતા. તેથી એમનું શરીર એવું લાગતું હતું કે જાણે તેમણે તે શરીરને છોડી દીધુંજ હોય તેથી તેઓને 'ઉચ્છૂઢશરીર' કહેલ છે. કહેવાનો ભાવાર્થ એ છે કે તેઓ શરીરસંસ્કાર પ્રત્યે નિઃસ્પૃહ હતા. તેથી તેમણે શારીરિક સંસ્કાર કરવા છોડી દીધાં હતા. અથવા શરીર પર તેમને બિલકુલ મમત્વ ન હતું. "संक्षिप्त–विपुल–तेजोलेश्यः" પદ એ દર્શાવે છે કે વિશિષ્ટ તપસ્યાને પ્રભાવે તેમને તેજોલેશ્યાની પ્રાપ્તિ થઈ ગઇ હતી, જે તેજોલેશ્યા અનેક યોજન પ્રમાણ ક્ષેત્રમાં રહેલી વસ્તુઓને બાળી નાખવાની શક્તિ ધરાવતી હતી. છતાં પણ તેઓ તેનો ઉપયોગ કરતા નહીં પણ તેને પોતાના શરીરની અંદરજ દબાવી રાખી હતી. તેઓ ચૌદ પૂર્વ અને ચાર જ્ઞાનના ધારક હતા, તથા તેઓ સર્વાક્ષરસંનીપાતી લબ્ધિથી યુક્ત હતા, અર્થાત્ સર્વ અક્ષરોના નિર્ણયથી જે અર્થ થાય છે તે અર્થના જ્ઞાતા હતા 'उर्ध्वजानु' શબ્દનો અર્થ ઉત્કુટાસન થાય છે. એટલે કે ઇન્દ્રભૂતિ ઉત્કુટાસને બેઠા હતા, તેમનું મુખ નીચે નમેલું હતું. આ સ્થિતિમાં તેમની નજર ઉપર પણ ન પડતી અને તિરછી

પણ ન પડતી. "ध्यानकोष्ठापगतः" પદ એ બતાવે છે કે—જેમ કોઠીમાં રહેલું અનાજ આમ તેમ ફેલાતું નથી, એજ પ્રમાણે ધ્યાનથી નિયંત્રિત ઇન્દ્રિયો અને અંતઃકરણની વૃત્તિયો બહારની તરફ દોરાતી ન હતી. એટલે કેઇન્દ્રભૂતિ નિયંત્રિતચિત્તવૃત્તિવાળા હતા. (સૂ. ૭)

**'तए णं से भगवं गोयमे'** इत्यादि ।

## શ્રી ગૌતમસ્વામી કા જાતશ્રધ્ધાદિ વિષેશણો કા વર્ણન

**(तए णं)** ત્યાર પછી **(जायसड्ढे)** જાત શ્રદ્ધાવાળા, **(जायसंसए)** જાતસંશયવાળા **(जायकोऊहल्ले)** જેમનામાં કુતૂહલ ઉત્પન્ન થયું છે તેવા, **(उप्पण्णसड्ढे)** ઉત્પન્ન શ્રદ્ધાવાળા. **(उप्पण्णसंसए)** ઉત્પન્ન સંશયવાળા, **(उप्पण्णकोऊहल्ले.)** ઉત્પન્નકુતૂહલવાળા **(संजायसड्ढे)** સંજાત શ્રદ્ધાવાળા, **(संजायसंसए)** સંજાતસંશયવાળા, **(संजायकोऊहल्ले)** સંજાત કુતૂહલવાળા, **(समुप्पण्णसड्ढे** સમુત્પન્ન શ્રદ્ધાવાળા **(समुप्पण्णसंसए)** સમુત્પન્ન સંશય વાળા, **(समुप्पण्णकोऊहल्ले)** સમુત્પન્ન કુતૂહલવાળા **(से भगवं गोयमे)** તે ભગવાન ગૌતમ **(उट्ठाए उट्ठेइ)**. ઉત્થાન શક્તિ દ્વારા પોતાના આસનેથી ઉઠયા. **(उट्ठाए उट्ठित्ता.)** ઉત્થાનશક્તિ વડે ઉઠીને **(जेणेव समणे भगवं महावीरे)** જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા **(तेणेव उवागच्छइ)** ત્યાં પહોંચ્યા. **(उवागच्छित्ता)** ત્યાં પહોંચીને **(समणं भगवं महावीरं)** શ્રમણભગવાન મહાવીરની **(तिक्खुत्तो आयाहिण-पयाहिणं करेइ)** તેમણે ત્રણવાર આદક્ષિણ પ્રદક્ષિણા કરી. **(करित्ता)** આદક્ષિણ પ્રદક્ષિણા કરીને **(वंदइ नमंसइ)** વંદના કરી, નમસ્કાર કર્યાં. **(वंदित्ता नमंसित्ता)** વંદણા, નમસ્કાર કરીને **(णच्चासन्ने नाइदूरे)** બહુ પાસે પણ નહીં અને બહુ દૂર પણ નહીં, એટલે કે ઉચિત સ્થાને બેસીને, **(अभिमुहे विणएणं पंजलिउडे)** ભગવાનની સામે વિનયપૂર્વક બન્ને હાથ જોડીને અને તે બન્ને હાથને લલાટ પર રાખીને **(सुस्सूसमाणे नमंसमाणे)** તેમનાં વચન સાંભળવાની ઇચ્છાથી નમસ્કાર અને **(पज्जुवासमाणे)** પર્યુપાસના કરતા થકા **(विणएणं)** વિનયપૂર્વક **(एवं वयासी)** આ પ્રમાણે બોલ્યા.(૮)

ટીકાર્થ—'तए णं' પદદ્વારા સૂત્રકાર એ બતાવે છે કે જ્યારે તેઓ ધ્યાનમાંથી નિવૃત્ત થયા ત્યારે આ વાત બની. "जायसड्ढे" પદ એ બતાવે છે કે તત્ત્વ નિર્ણયવિષયક ઇચ્છા તેમને પહેલાં ન થઇ પણ જ્યારે તેઓ ધ્યાનમાંથી નિવૃત્ત થયા ત્યારે તે પ્રકારની ઇચ્છા સામાન્યરૂપે તેમના ચિત્તમાં જાગી. એટલે કે આગળ જે અર્થતત્ત્વ વર્ણન કરવામાં આવવાનું છે, તેને વિષે જાણવાની ઇચ્છા તેમના મનમાં ઉત્પન્ન થઈ. એમ થવાનું કારણ એ હતું કે તેમને એ વિષયમાં સંશય ઉત્પન્ન થયો હતો. સંશયને જ્ઞાનનો એક દોષ ગણવામાં આવે છે, જે સંશયને કારણે પદાર્થનું યથાર્થ સ્વરૂપ સમજતી વખતે ચિત્તની વૃત્તિ અસ્થિર બની જાય છે. કોઇ પણ કોટિમાં તે સ્થિરતા ધારણ કરતી નથી.

સંશય થવાનું કારણ એ હતું કે ભગવાન મહાવીર સ્વામીએ "**चलमाणे चलिए**" આ સૂત્રમાં વર્તમાન કાળમાં 'ચાલતા' અર્થને ભૂતકાળમાં 'ચાલ્યા ગયા' રૂપે ઉલ્લેખ કર્યો છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જે વર્તમાનમાં ચલનક્રિયા રૂપે પરિણમી રહેલ છે એજ ભૂતકાળની ક્રિયારૂપે એજ સમયે પરિણમેલ કેવી રીતે માની શકાય. વર્તમાન કાળ અને ભૂતકાળ એ બન્ને કાળ એક બીજાથી વિરુદ્ધ હોય છે તો તેમનામાં યુગપત્–એકીસાથે એકાર્થવિષયતા કેવી રીતે આવી શકે છે. જ્યારે પ્રભુએ તેમને યુગપત્–એકીસાથે એકાર્થવિષયતા કહી છે ત્યારે ઇન્દ્રભૂતિને તે બાબતમાં સંશય થાય તે સ્વાભાવિક છે, કારણ કે તે પ્રકારના કથનથી તો વર્તમાનકાળ અને ભૂતકાળમાં સમાનતા આવી જાય છે. "**जायकोऊहल्ले**" પદ એ બતાવે છે કે જ્યારે ઇન્દ્રભૂતિના મનમાં તે સંશય પેદા થયો ત્યારે તેમના ચિત્તમાં તે ઉત્સુકતા પણ વધી કે **હું જ્યારે ભગવાનને આ પ્રશ્ન પૂછીશ ત્યારે ભગવાન તેનો કેવો જવાબ આપશે.** આ રીતે ઉત્તર સાંભળવાની ઉત્સુકતા–આતુરતા વધી ગઇ હતી. કુતૂહલનો અર્થ અહીં ગમ્મત સમજવાનો નથી. પણ ઇચ્છા સમજવાનો છે. "**उप्पण्णसड्ढे**" પદ દ્વારા સૂત્રકાર એમ દર્શાવે છે કે પહેલાં કદી પણ ન ઉત્પન્ન થઇ હોય એવી શ્રદ્ધા તેમનામાં ઉત્પન્ન થઇ ચુકી હતી. કદાચ કોઇને શંકા થાય કે '**जातश्रद्ध**' પદ દ્વારાજ '**उत्पन्नश्रद्ध**' અર્થ સમજી જવાય છે તો પછી અહીં તે કથનની પુનરૂક્તિ કરવાનો શો આશય છે? તો તે શંકાનો આ પ્રમાણે ઉત્તર છે— સૂત્રકારે જે એવું કથન કર્યું છે તેનું કારણ '**हेतु–हेतुमद्भाव**'નું પ્રદર્શન કરાવાનો છે. જાતશ્રદ્ધનું તાત્પર્ય એ છે કે તેમની શ્રદ્ધા પ્રવૃત્તિમાં આવી ગઇ છે, પણ એ વાત વિચારવા જેવી છે કે જ્યાં સુધી શ્રદ્ધા ઉત્પન્ન જ થઇ ન હોય ત્યાં સુધી તે પ્રવૃત્તિશાલિની કેવી રીતે બની શકે? ઉત્પન્ન થયા પછી જ પ્રવૃત્તિશાલી બની શકે. તેથી એ વાતને સમર્થન મળે છે કે ઉત્પન્ન શ્રદ્ધા, જાતશ્રદ્ધાને માટે હેતુરૂપ છે. અને જાતશ્રદ્ધા હેતુમત્ રૂપ છે. એજ પ્રમાણે **ઉત્પન્નસંશય અને જાતકૌતુહલનો હેતુ – હેતુમદ્ભાવ ઘટાવી લેવો જોઇએ.** એજ વાતને "**श्रद्धायाः स्वरूपस्य तिरोहितत्वे जातश्रद्धः तस्याः स्वरूपस्य प्रादुर्भावे तु उत्पन्नश्राद्धः**" દ્વારા સ્પષ્ટ કરવામાં આવી છે. જ્યાં સુધી જીવમાં શ્રદ્ધાનું સ્વરૂપ તિરોહિત (છૂપુ) રહે છે ત્યાં સુધી તે જીવને 'જાતશ્રદ્ધ' કહેવાય પણ તેનામાં શ્રદ્ધાના સ્વરૂપનો જેવો પ્રાદુર્ભાવ થાય છે કે તુરત જ તેને 'ઉત્પન્નશ્રદ્ધ' કહેવામાં આવે છે. "**संजातश्राद्धः संजातसंशयः, संजातकुतूहलः, समुत्पन्नश्रद्धः, समुत्पन्न–संशयः** અને **समुत्पन्नकुतूहलः**" એ છ પદોમાં જે '**सम्**' ઉપસર્ગ છે તે પ્રકર્ષ આદિનો વાચક છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે–જેનામાં વિશેષતર પ્રમાણમાં શ્રદ્ધા ઉત્પન્ન થઇ છે તેને 'સંજાતશ્રદ્ધ' કહે છે. એજ પ્રમાણે 'સંજાતસંશય' અને 'સંજાતકુતૂહલ' શબ્દનો અર્થ પણ સમજી લેવો. સમુત્પન્નશ્રદ્ધનો ભાવાર્થ આ પ્રમાણે છે–

જેને સર્વ પ્રકારે શ્રદ્ધા ઉત્પન્ન થઇ ચૂકી છે તેને 'સમુત્પન્નશ્રદ્ધ' કહેવાય છે. એજ પ્રમાણે સમુત્પન્નસંશય અને સમુત્પન્નકુતૂહલનો અર્થ પણ સમજી લેવો. શ્રદ્ધા આદિનો અર્થ તો કહી દેવામાં આવ્યો છે. આ વાતનું તાત્પર્ય એટલું જ છે કે પ્રશ્ન કરવાની ઇચ્છારૂપ શ્રદ્ધાને કારણે જ કુતૂહલ અને સંશય

પેદા થયા હતા. કારણ કે જ્યારે ઇન્દ્રભૂતિના મનમાં સંશય થયો ત્યારેજ તેમને પ્રશ્ન પૂછવાની ઇચ્છા અને કુતૂહલ થયા કે પ્રભુ મારા પ્રશ્નોનો ઉત્તર કેવી રીતે દેશે ? હું આ અર્થને તેમની પાસેથી કેવી રીતે સમજું ? બાકીનાં પદોનો અર્થ સરળ છે. ॥સૂ. ૮॥

"से नूणं चलमाणे चलिए" ઇત્યાદિ

## સે (અથ) શબ્દ કી વ્યાખ્યા

મૂલાર્થ–શ્રી ગૌતમ સ્વામી ભગવાન મહાવીરને પૂછે છે–હે ભગવાન ! જે ચાલી રહેલ છે તે ચાલી ચૂકયું, જેની ઉદીરણા થઇ રહી છે, તે ઉદીરિત-ઉદીર્ણ થઇ ચૂકયું, જેનું વેદન થઇ રહ્યું છે તે વેદિત થઇ ચૂકયું, જે પ્રહીણ થઇ રહ્યું છે તે પ્રહીણ થઇ ચૂકયું, જે છેદાઇ રહ્યું છે તે છેદાઇ ચૂકયું, જે ભેદાઇ રહ્યું છે તે ભેદાઈ ચૂકયું જે જળી રહ્યું છે તે જળી ચૂકયું, જે મરી રહ્યું છે તે મરી ચૂકયું અને જેની નિર્જરા થઇ રહી છે તે નિર્જીર્ણ થઈ ચૂકયું, એમ જે કહેવામાં આવ્યું છે તે કથન શું બરાબર છે ?

ભગવાને જવાબ આપ્યો–'હા ગૌતમ ! 'જે ચાલી રહ્યું છે તે ચાલી ચૂકયુ' ઇત્યાદિ કથન બરાબર છે.

ટીકાર્થ—મૂળમાં '**से**' શબ્દ '**तत्**' શબ્દના અર્થમાં કહેલો છે. '**तत्**' શબ્દ પૂર્વપ્રક્રાન્ત અર્થનો પરામર્શક હોય છે. તથા "**चलत्**" ને તીર્થંકરોએ જે '**चलित**" કહેલ છે, તે **चलत्** , **चलितम्** ઇત્યાદિ રૂપ વચનજ પ્રકૃતમાં **तत्** પદથી લેવાયેલ છે.

અથવા "**से**" શબ્દ '**अथ**' શબ્દના અર્થમાં પણ વપરાય છે. કારણ કે મગધ દેશમાં આ પ્રકારે જ તેનો ઉપયોગ કરવામાં આવે છે. '**अथ**' શબ્દનો અર્થ વાકયોપન્યાસ અથવા પ્રશ્ન સ્વરૂપ હોય છે. તેથી "**से**" શબ્દથી વાકયના આરંભનું અથવા પ્રશ્નનું સૂચન થાય છે.

શંકા–મંગળ અથવા આનન્તર્ય આદિક '**अथ**' શબ્દના અર્થ પણ થાય છે. તો પછી એ અર્થમાં અહીં તેને કેમ ગ્રહણ કરતા નથી ?

## ભદન્ત શબ્દ કી વ્યાખ્યા

ઉત્તર–તેને એ અર્થમાં તો ત્યારે જ ગ્રહણ કરી શકાત કે જ્યારે તેની આગળ કોઇ વાત (પ્રસંગ) ચાલ્યો આવતો હોત. એવું તો અહીં બન્યું નથી તેથી '**अथ**' શબ્દ અહીં તેનું આનન્તર્ય દર્શાવતો નથી. અને '**अथ**' શબ્દ અહીં મંગલાર્થવાચક પણ નથી કારણ કે પોતાના સંશયનું નિવારણ કરવા માટે તીર્થંકરને પ્રશ્ન પૂછવાની અભિલાષા વાળા ગૌતમસ્વામીએ મંગળ કરીને તેમને પૂછયું છે, એવી કલ્પના લોક અને શાસ્ત્રમાં પ્રસિદ્ધ નથી. તેથી અહીં '**अथ**' શબ્દ પ્રશ્નાર્થવાચક જ લાગે છે. "**नूनम्**" શબ્દ નિશ્ચયાર્થમાં વપરાયો છે. "**भन्ते**" શબ્દ ગુરુનું ધ્યાન પોતાની તરફ દોરવાને માટે વપરાયો છે. '**भद्**' ધાતુ કલ્યાણાર્થક અને સુખાર્થક છે. અને '**भदन्त**' શબ્દનો અર્થ હે કલ્યાણ

સ્વરૂપ અથવા હે સુખસ્વરૂપ થાય છે. અથવા–"**भज्यते=सेव्यते मोक्षार्थिभिरसौ· भजन्तः**" જેનું મોક્ષાર્થીઓ દ્વારા સેવન થાય છે તે ભજન્ત છે. અથવા "**भजते–सेवते मोक्षमार्ग इति यः सः भजन्तः**" જે સમ્યગ્ દર્શન આદિરૂપ મોક્ષમાર્ગનું સેવન કરે છે તેને ભજન્ત કહે છે. અથવા–"**ज्ञानतपोगुणदीप्त्या भ्राजते इति भ्राजन्तः**" જ્ઞાન, તપ અને ગુણોની દીપ્તિથી જે ચળકે છે તેને ભ્રાજન્ત કહે છે. અથવા–જે ભયનો નાશ કરનાર છે. તે 'ભયાન્ત' છે, અથવા ચાર ગતિરૂપ ભવનો જે વિનાશક છે તેને 'ભવાન્ત' કહે છે. તેમને સંબોધવાને માટે તે ભદન્ત, ભજન્ત આદિ શબ્દો વપરાય છે. પૃષોદરાદિ ગણ દ્વારા આ બધા શબ્દોની સિદ્ધિ થાય છે. આદિથી શરૂ કરીને "**भन्ते**" સુધીનો આસંદર્ભ પાંચમાં અંગ–ભગવતીસૂત્ર–ના પહેલા શતકના પહેલા ઉદ્દેશકનો સંબંધ બતાવ-વાને માટે કહેવામાં આવેલ છે. આ સંબંધથી પ્રાપ્ત પાંચમાં અંગના પહેલા શતકના **પહેલા ઉદ્દેશકનું પ્રથમ સૂત્ર "चलमाणे चलिए" ઇત્યાદિ છે.**

## ચલમાણે ચલિયે ઇત્યાદિ નવ પદ કી વ્યાખ્યા

શંકા—શ્રી ગૌતમસ્વામીએ પાંચમાં અંગના પહેલા શતકના પહેલા ઉદ્દેશકના આરંભે આ પ્રકારનો અર્થ દર્શાવનાર પ્રશ્ન શા માટે પૂછયો. બીજો કોઈ પ્રશ્ન કેમ ન પૂછયો ?

સમાધાનઃ—ધર્મ, અર્થ આદિ ચાર પ્રકારના પુરુષાર્થોમાં મોક્ષ જ પરમ-પુરુષાર્થ છે. તે પરમપુરુષાર્થના સાધક જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે. અને મોક્ષ પુરુષાર્થ સાધ્ય છે. તથા જ્ઞાનાદિકોથી મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. તેથી જ્ઞાનાદિકને તેના સાધનરૂપ ગણેલ છે. આ પ્રમાણે મોક્ષ અને જ્ઞાનાદિકોનો જે કાર્ય–કારણરૂપ સંબધદ્વયાત્મક નિયમદ્વય છે, તેનું શિક્ષણ આ સૂત્ર દ્વારા અપાય છે તેથી "**शासनात् शास्त्रम्**" એ વ્યુત્પત્તિ પ્રમાણે આ સૂત્ર શાસ્ત્ર છે. કહેવાનો ભાવાર્થ એ છે કે આ પ્રારંભિક સૂત્ર કર્મક્ષયનું સૂચક છે તેથી તેને સૌથી પહેલાં કહેવામાં આવ્યું છે. નિયમદ્વયની શિક્ષા તે એ રીતે આપે છે કે મોક્ષપુરુષાર્થ સમ્યગ્દર્શનાદિથી જ થાય છે–બીજાં દ્વારા નહીં, તથા સમ્યગ્

દર્શન આદિ સાધન મોક્ષપુરુષાર્થને માટે જ છે અન્યને માટે નથી. આ રીતે આ બન્ને નિયમોનો આ સૂત્ર નિશ્ચય કરાવે છે. તેથી તે સૂત્ર શાસ્ત્રસ્વરૂપ છે. પોતાના વિપક્ષના નાશથી જ મોક્ષપુરુષાર્થની જીવને પ્રાપ્તિ થાય છે. મોક્ષનો વિપક્ષ બંધ ગણાય છે. કર્મની સાથેના જીવના સંબંધને જ બંધ કહે છે. તે કર્મોનો ક્ષય બતાવવાને માટે જ "चलमाणे चलिए" ઇત્યાદિ ઉપક્રમ કર્યો છે.

શંકા—જે વસ્તુ વર્તમાન ક્રિયાના વિષયરૂપ હોય તે શું. ભૂતકાળની ક્રિયાના વિષયરૂપ વ્યપદેશને યોગ્ય હોઈ શકે ખરી ? ન જ હોઇ શકે, કારણ કે વર્તમાનકાળ–સંબંધી ધર્મનો અને ભૂતકાળ–સંબંધી ધર્મનો વિરોધ છે. વિરોધી બે ધર્મોનું એક કાળમાં એકાધિકરણરૂપે અસ્તિત્વ સંભવી શકતું નથી. કારણ કે તેમની વચ્ચે સહાનવસ્થાનરૂપ–સાથે ન રહેવારૂપ વિરોધ છે. જેમ કે—ઘંટમાં (ઘડામાં) ઘટત્વધર્મ રહેલો હોય છે અને પટમાં (વસ્રમાં) પટત્વગુણ રહેલો હોય છે. પણ તે બન્ને ગુણો એકજ જગ્યાએ રહી શકતા નથી, કારણ કે તેમનામાં સહાનવસ્થાનરૂપ (સાથે ન રહેવારૂપ) વિરોધ હોય છે. એજ પ્રમાણે ભૂતકાળ અને વર્તમાનકાળમાં પણ સહાનવસ્થાનરૂપ વિરોધ હોય છે. તો પછી "चलमाणे चलिए" સૂત્ર દ્વારા આપ તે બન્નેની એકત્ર અવસ્થિતિ (અસ્તિત્વ) નું પ્રતિપાદન કેવી રીતે કરો છો ? એજ પ્રમાણે "उदीरिज्जमाणे उदीरिए" સૂત્રમાં ઉદીર્યમાન ધર્મ વર્તમાનકાળ વિષયક છે અને ઉદીરિત ધર્મ ભૂતકાળ વિષયક છે. તેથી વર્તમાનકાળની તે ઉદીરણા શું અતીતકાળ (ભૂતકાળ) ની હોઇ શકે છે ? કદી પણ એવું બની ન શકે. એજ પ્રમાણે "वेइज्जमाणे वेइए" "पहिज्जमाणे पहीणे" "छिज्जमाणे छिन्ने" भिज्जमाणे भिन्ने" " दज्झमाणे दड्ढे " भिज्जमाणे भडे" "णिज्जरिज्जमाणे णिज्जिण्णे" એ સૂત્રો વિષે પણ એમ જ જાણવું. "चलमाणे चलिए" ઇત્યાદિ નવ પદોમાં "शतृ" "शानच्" એ બે પ્રત્યય વર્તમાનકાળના બોધક છે. એ નિયમ પ્રમાણે "शानच्" પ્રત્યય વર્તમાનકાળનો બોધક છે અને ચલિત આદિ પદોમાં 'क्त' પ્રત્યય ભૂતકાળનો બોધક છે. આરીતે વર્તમાનકાળવિષયક ચલત્ આદિકોમાં ભૂતકાલવિષયત્વ કેવી રીતે સંભવી શકે છે ? આ પ્રમાણે સંજોગો હોવાથી "चलमाणे चलिए" એવું આપ કેવી રીતે કહો છો ? આ પ્રમાણે "चलमाणे चलिए" ઇત્યાદિ નવ પ્રશ્નો ગૌતમ સ્વામીએ ભગવાનને પૂછ્યા. તેનો સ્વીકાર કરતા ભગવાને કહ્યું, "हंता" 'हंत' પદ કોમળ આમંત્રણરૂપે આવે છે. અથવા 'હે ગૌતમ ! તેં જે પૂછ્યું છે તે એ પ્રમાણે જ છે" એવી તે વિષયમાં પોતાની સ્વીકૃતિ આપવારૂપ છે. એટલે કે ભગવાન મહાવીર ગૌતમ ગણધરને કહે છે કે હે ગૌતમ ! 'चलमाणे चलिए' થી શરૂ કરીને "णिज्जरिज्जमाणे णिज्जिण्णे" સુધીના જે પ્રશ્નો તમે પૂછ્યા તે એ પ્રમાણે જ છે (તેમાં કોઇ સંશય કરવા જેવું નથી) એવો ભગવાનનો અભિપ્રાય છે. હવે તે પ્રશ્નોનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—'चलमाणे चलिए' એ પહેલું સૂત્ર કર્મવિવેચક છે તેથી જ સૂત્રકારે સૌથી પહેલું તેનું કથન કર્યું છે.

તે સૂત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે-પોતાની સ્થિતિના ક્ષયથી ઉદયમાં આવેલ-ફલદાનની સન્મુખ થયેલ-જે કર્મ છે તેને 'ચલિત' અથવા 'उदित' કહેવામાં આવે છે. કર્મોનો જે ચલનકાલ છે તેને 'उदयावलिका' કહે છે. તે ઉદયાવલિકાના અસંખ્યાત સમય હોય છે. તે સમયોને 'આદિ' 'મધ્ય' અને 'અવસાન' એ ત્રણ ભાગોમાં વહેંચી નાખવામાં આવ્યા છે. એટલે કે સમયના તે ત્રણ ભાગ પડે છે.

તેમની નિયત સંખ્યા સર્વજ્ઞ જ જાણી શકે છે-કોઇ છદ્મસ્થજન જાણી શકતો નથી. કર્મપુદ્ગલોના અનન્ત સ્કંધ હોય છે, અને પ્રત્યેક સ્કંધમાં અનંત અનંત પ્રદેશો હોય છે. તે કર્મપુદ્ગલો પ્રતિસમય ક્રમશઃ ઉદયાવલિકામાં આવતાં રહે છે. સમય, કાળનો અત્યંત સૂક્ષ્મ ભાગ છે. આ ઉદયાવલિકાનો જે પ્રથમ ચલન સમય છે-એટલે કે પ્રારંભ થવાનો જે પ્રથમ સમય છે-તેમાં ઉદયમાં આવેલ જે કર્મ હોય તે જ "ચલિત" ઉદયમાં આવી ચૂક્યું-એ પ્રમાણે કહેવાય છે.

શંકા-"चलत्"-'ઉદયમાં આવી રહેલ છે' એવો જે નિર્દેશ છે તે તો વર્તમાનકાળની અપેક્ષાએ થાય છે. એટલે કે "चलत्" એવું જે કહેવામાં આવે છે તે ત્યાં મોજૂદ છે તેથી વર્તમાનકાળનો નિર્દેશ થાય છે. અને 'चलित' 'ભૂતકાળમાં થઇ ચૂક્યું' એ દૃષ્ટિએ જોતાં ત્યાં ભૂતકાળનો નિર્દેશ થાય છે-તે વર્તમાનમાં ત્યાં નથી. તો પછી વર્તમાન અને ભૂતમાં અભેદ (એકત્વ) આપ કેવી રીતે બતાવો છો? બે વિરોધી પદાર્થોમાં અભેદનો વ્યવહાર હોઇ શકતો નથી. જેમ કે-પુણ્ય અને પાપમાં અભેદ (એકત્વ) નો વ્યવહાર થતો નથી. પ્રકાશ અને અંધકારમાં અભેદનો વ્યવહાર થતો નથી. જ્યારે બે પદાર્થો વચ્ચે તાદાત્મ્ય ન હોય ત્યારે તેમની વચ્ચે અભેદનો વ્યવહાર થતો નથી. તે તાદાત્મ્ય ન હોવાનું કારણ એ છે કે તેમની વચ્ચે પરસ્પર વિરોધ હોય છે. વિરોધી પદાર્થોમાં એવી વિરૂદ્ધતા હોય છે કે તેઓ એક જ જગ્યાએ સાથે સાથે રહી શકતા નથી. જો વિરોધી પદાર્થોમાં તાદાત્મ્ય માની લેવામાં આવે તો તેમની વચ્ચે નીલોત્પલની જેમ પરસ્પરમાં વિરોધ જ ન રહે. એજ પ્રમાણે જો વર્ત-

માનત્વ અને ભૂતત્વમાં પરસ્પરમાં વિરોધ હોય તો તેમના આધારભૂત પદાર્થો જે "चलमाणे चलिए" આદિ છે તેમનું એકત્ર સહાવસ્થાન (સાથે રહેવાનું) કેવી રીતે સંભવી શકે છે?

ઉત્તર–જેવી રીતે પટાદિકોની ઉત્પત્તિના સમયે (કાપડ આદિ વણવાનું શરૂ થાય ત્યારથીજ) એટલે તાર ભરવાનું કામ શરૂ થાય ત્યારથી 'પટ ઉત્પન્ન થઇ રહ્યો છે' એવું વ્યવહારમાં બોલાય છે, અને એજ વ્યવહારથી પટ તૈયાર થઈ રહ્યો છે, એવો નિશ્ચય કરાય છે–તેની ઉત્પદ્યમાનતાનો નિર્ણય કરાય છે. એટલે કે હજી પટ તૈયાર થયો નથી પણ બની રહ્યો છે. તૈયાર થવા માંડયો છે. એ રીતે ઉત્પદ્યમાનને જ ઉત્પન્ન થયેલ માની લેવાય છે, એવું વ્યવહારમાં જોવા મળે છે, અને એજ વ્યવહારના આધારે "उत्पद्यमान एव पट उत्पन्नो भवतीति" એમ કહી દેવાય છે. એજ પ્રમાણે चलत् ને 'चलित' કહેવાય છે. એટલે કે જે ઉદયમાં આવી રહેલ છે તે ઉદયમાં આવી ચૂકયું છે, એવો વ્યવવહાર થઇ જાય છે. જો તે બાબતમાં એમ કહેવામાં આવે કે પટમાં ઉત્પદ્યમાનતા વર્તમાનકાળ છે અને ઉત્પન્નતા ભૂતકાળ છે. છતાં પણ ઉત્પદ્યમાન પટને ઉત્પન્ન થઇ ગયો, એવી રીતે માની લેવામાં આવે છે તેનું કારણ એ છે કે પટ એવુંજ એટલે પટરૂપે ઉત્પન્ન થઇ જાય છે–ભિન્ન રીતે ઉત્પન્ન થતો નથી. તેથી 'થઇ રહ્યું છે" તેને 'થઇ ચૂકયું છે' એમ કહેવામાં કોઇ પણ વાંધો આવતો નથી. એજ પ્રમાણે ઉદયમાં આવી રહેલ કર્મને ઉદયમાં આવી ચૂકયાં માનવામાં આપને શી મુશ્કેલી છે?

શંકા—આપે તો બહુ વિચિત્ર વાત કહી–પ્રથમતન્તુપ્રવેશસમયે જ પટની ઉત્પત્તિ માની લેવાની આપે જે વાત કરી તે કેવી રીતે માની શકાય?. જો ત્યાં પટ જ નથી તો તેની ઉત્પત્તિ કેવી? એતો પ્રથમતંતુપ્રવેશથી માડીને છેવટના તંતુપ્રવેશ સમયે થાય છે–ત્યારે જ પટ ઉત્પન્ન થઇ ગયો, એવું કહી શકાય, પણ વચ્ચે જ એવા પ્રકારનો વ્યવહાર કરવામાં આવે તો તેને કેવી રીતે પ્રામાણિક માની શકાય? આ રીતે આપે "चलमाणे चलिए" નું પ્રતિપાદન કરવા જે દૃષ્ટાંત આપ્યું છે તે સિદ્ધ થતું નથી. દૃષ્ટાંત સિદ્ધ થવું

જોઇએ પણ આ પ્રમાણે વિચાર કરતાં આ દૃષ્ટાંત સિદ્ધ જ થતું નથી. દાર્ષ્ટાન્તિક (જે સિદ્ધાંત સિદ્ધ કરવા માટે દૃષ્ટાંત અપાતું હોય) નું પ્રતિપાદન કરવામાં અસિદ્ધ દૃષ્ટાંત સાધક થતું નથી, એવો પ્રામાણિક પુરુષોનો મત છે.

ઉત્તર—એમ કહેવું જોઇએ નહીં, કારણ કે તંતુપ્રવેશના પ્રથમસમયરૂપ ઉત્પત્તિક્રિયાકાળે જો પટને ઉત્પન્ન થયેલો ન માનવામાં આવે તો તે પ્રથમ ક્રિયા નિરર્થક (નિષ્ફળ) જ ગયેલી ગણવી જોઇએ. કાર્યની ઉત્પત્તિ કરવી એ તો ક્રિયાનું ફળ છે. જો તે પ્રથમ ક્રિયા ફળને ઉત્પન્ન કરતી ન હોય તો તે સફળ કેવી રીતે થઇ શકે ? જો પ્રથમ સમયમાં પટને ઉત્પન્ન થયેલો ન માન· વામાં આવે તો ઉત્તર (પાછળની) ક્ષણપરમ્પરામાં પણ તે કેવી રીતે ઉત્પન્ન થઇ શકે છે? એટલે કે ઉત્પન્ન થઇ શકે જ નહીં. પૂર્વક્ષણ અને ઉત્તરક્ષણમાં એવી કોઇ વિશેષતા તો નથી કે પૂર્વક્ષણમાં અનુત્પન્ન પટ ઉત્તરક્ષણમાં ઉત્પન્ન થઇ જાય. પૂર્વક્ષણ ક્રિયારૂપ છે અને ઉત્તરક્ષણ પણ ક્રિયારૂપ છે. તેથી જો તે બન્નેમાં ક્રિયારૂપે વિશેષતા ન હોય-એટલે કે તે બન્ને ક્ષણ ક્રિયારૂપ જ હોય- તો એમ માનવું જ પડે કે જો પ્રથમ ક્રિયાકાળમાં પટ ઉત્પન્ન થતો નહીં હોય તો તે ત્યાર પછીની ક્ષણપરમ્પરામાં પણ ઉત્પન્ન થઈ શકતો નથી. જો ઉત્તર અન્તિમ ક્રિયા દ્વારા પટની ઉત્પત્તિ થાય છે એવું આપ માનતા હો તો એ પણ માનવું જ જોઇએ કે પ્રથમ ક્રિયાથી પણ પટની ઉત્પત્તિ થાય છે. જો પ્રથમ ક્રિયાથી પટ ઉત્પન્ન થતો ન હોય તો તે અન્તિમ ક્રિયાથી પણ ઉત્પન્ન થઇ શકતો નથી. આ રીતે માનવામાં આવે તો પટનું ઉત્પાદન જ કદી થઈ શકે નહીં. પણ એવું તો લાગતું નથી કે અન્તિમ તંતુ પ્રવેશના સમયે પણ પટ ઉત્પન્ન થતો ન હોય. તેથી એ માનવું જ જોઈએ કે પ્રથમ તંતુ પ્રવેશના સમયે જ અવયવી પટનો કેટલોક ભાગ તો ઉત્પન્ન થઇ જાય છે. બાકીનો જે ભાગ ઉત્પન્ન થવાનો બાકી રહે છે તે દ્વિતીય ક્રિયાથી ઉત્પન્ન થાય છે. એજ પ્રમાણે પટનો જે જે વિભાગ આગલી ક્રિયાઓમાં ઉત્પન્ન થતો નથી તે તે ભાગ અન્તિમ કાળ સુધીની ક્રિયાઓ દ્વારા ક્રમશઃ ઉત્પન્ન થઈ જાય છે. આ રીતે અન્તિમતંતુપ્રવેશકાળે પટનું નિર્માણ થઇ ગયું, એમ વ્યવહારમાં કહે- વાય છે. ઉત્તરક્રિયાની સાર્થકતા (સફળતા) તો તેમાં જ છે કે તે પ્રથમ ક્ષણની ક્રિયાના કાર્યથી નિરપેક્ષ રહે. તેથી જેમ પ્રથમ સમયે જ ઉત્પદ્યમાન પટને ઉત્પન્ન થયો કહી દેવાય છે તેમ અસંખ્યાત સમયની પ્રમાણ વાળી ઉદયાવલિકાના પ્રથમ સમયથી માંડીને ઉદયમાં આવેલાં કર્મપુદ્ગલોને 'ચલિત'–ઉદયમાં આવી ચૂકયાં-એમ કહી દેવાય છે. કારણ કે ચલનોન્મુખ થયેલ કર્મ જો ઉદયાવલિકાના પ્રથમ સમયમાં ઉદયમાં ન આવે તો પ્રથમ સમયમાં કર્મપુદ્ગલોના ઉદયરૂપ ચલનથી રહિત એવી તે ક્રિયાને ક્રિયા જ ન માની શકાય. તથા જો તે કર્મ- પુદ્ગલ પ્રથમ સમયમાં ઉદયમાં ન આવે તો દ્વિતીય, તૃતીય આદિ સમયમાં પણ તે ઉદયમાં નહીં આવી શકે. કારણ કે કર્મપુદ્ગલોના ઉદયરૂપ ચલનથી રહિત તે પ્રથમ સમય કરતાં અન્ય દ્વિતીય આદિ સમયોમાં શી વિલક્ષણતા

હોઈ શકે છે ? કોઈ પણ વિલક્ષણતા હોતી નથી. કારણ કે ક્રિયાત્વસામાન્ય-રૂપ ધર્મની સર્વત્ર સમાનતા છે. તે કારણે જેવી રીતે અન્તિમ સમય કર્મપુદ્‌ગલોની ઉદયરૂપ ચલન ક્રિયાને આપ માનો છો તેવી રીતે પ્રથમ સમયમાં પણ તેમની તે ચલનરૂપ ક્રિયા અવશ્ય માનવી જોઇએ. આ રીતે વિચાર કરતાં સર્વ સમયોમાં સમાનતા હોવાથી અન્તિમ સમયમાં જ તે ક્રિયા માનવામાં આવે અને પ્રથમ સમયમાં તેને માનવામાં ન આવે તે વાત યુક્તિથી રહિત જ છે.

ફરી—કર્મોની સ્થિતિ પરિમિત હોય છે તે કારણે કર્મોને ઉદયમાં ન આવવાનો એક એવો સમય પણ આવી જાય છે કે જેમાં યોગ્ય ભવાત્મા કર્મ-રહિત બની જાય છે. ઉદયાવલિકા કાળના આદિ સમયમાં જ કર્મોના કોઈ કોઇ અંશનો ઉદય માન્યો છે. જે કર્મો ઉદયાવલિકા કાળના આદિ સમયમાં ઉદયમાં આવે છે તે ઉદયાવલિકા કાળના દ્વિતીયાદિ સમયોમાં ઉદયમાં આવતાં નથી. જો ઉત્તરાદિ સમયોમાં તે પ્રથમ સમયમાં થયેલો ઉદય ચાલુ રહે તો તે પ્રથમ સમયે થયેલ ઉદયના ચલનમાં જ સમસ્ત ઉદયાવલિકાના સમયોનો ક્ષય થઈ જશે એટલે કે આદિ ચલનમાં જ ઉદયાવલિકાનો સર્વકાળ સમાપ્ત થઇ જશે તો પછી કદી પણ કર્મોનો અન્ત થઈ શકશે જ નહીં. બીજું–ઉદયાવલિકાના પ્રથમ સમયમાં જેટલાં કર્મના અંશ ઉદયમાં આવી ગયા છે તેમનેજ આવલિકાના દ્વિતીયાદિ સમયોમાં ઉદયમાં આવ્યા માની લેવામાં આવે તો પછી આવલિકાના તે દ્વિતીયાદિ બધા સમયોને નિરર્થક જ માનવા પડશે. કારણ કે તેમની ક્યાંય સફળતા તો થઈ નથી. પ્રથમ સમયના કર્મોદયના અંશની અપેક્ષાએ તેમની સફળતા માની શકાય નહીં, કારણ કે તે અંશનો ઉદય તો પ્રથમ સમયમાં જ થઈ ચૂક્યો છે. તેથી જો ચરમ સમયમાં પ્રથમાદિ સમયે આવેલ ઉદયાંશ વગરના બાકીના કર્માંશ ઉદયમાં આવતા હોય તો તે વાત અવશ્ય માનવી જ પડશે કે ઉદયાવલિકાના સર્વ સમયોમાં કર્મ ભિન્ન ભિન્ન અંશે ઉદયમાં આવતું રહે છે. તેથી સ્વવર્તમાનતામાં ઉદયમાં આવેલ તે કર્મ પોત–પોતાના પૂર્વ અંશોની અપેક્ષાએ ઉદયમાં આવી ચૂક્યું, એવા કથનમાં કોઇ દોષ રહેતો નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે–ઉદયાવલિકાના અસંખ્યાત સમય હોય છે. તે સમયોમાં કર્મપુદ્‌ગલ ક્રમશઃ ઉદયમાં આવતાં રહે છે. તેથી કર્મનો જેટલો અંશ ઉદયાવલિકાના જે જે સમયમાં ઉદયમાં આવી ચૂક્યો છે તે અપેક્ષાએ તે કર્મ ઉદયાવલિકાના ઉત્તર સમયોમાં (પછીના સમયોમાં) ઉદયમાં આવવા છતાં પણ ચલિત કહેવાય છે. અને અત્યારે જેટલા અંશે ઉદયમાં આવી રહેલ છે તેટલા અંશે **"चलमाणे"** છે. આ પ્રકારે વિચારવામાં આવે તો આ અપેક્ષા કથનમાં કોઈ વિરોધ નથી. તેથી **"चलमाणे चलिए"** સૂત્રને તદ્દન નિર્દોષ કહેવામાં આવેલ છે. (૧)

**"उदीरिज्जमाणे उदीरिए"** ઉદીર્યમાણ કર્મને ઉદીરિત કહેવું એ પણ બરાબર છે. ઉદયમાં નહીં આવેલાં પણ આગામી લાંબે કાળે ઉદયમાં આવવાને યોગ્ય જે કર્મદલિકો છે તેમને વિશિષ્ટ અધ્યવસાયરૂપ કરણ દ્વારા ખેંચીને ઉદયાવલિકામાં લાવવા તેનું નામ ઉદીરણા છે. તે ઉદીરણા અસંખ્યાત સમયની

હોય છે. આ ઉદીરણા દ્વારા પ્રથમ સમયમાં જ ઉદીર્યમાણ કર્મ ઉત્પદ્યમાન પટમાં ઉત્પન્નત્વની જેમ ઉદીરિત થાય છે. તેથી ઉદીર્યમાણ કર્મને જ ઉદીરિત રૂપે વ્યવહારમાં બોલાય છે. (૩)

"**वेइज्जमाणे वेइए**" વેદ્યમાન કર્મને વેદિત કહેવું તે પણ બરાબર છે. કર્મજન્ય ફળને ભોગવવું-અનુભવન કરવું તેનું નામ વેદન છે. અબાધાકાળ પછી જ કર્મનો ઉદય થાય છે; એટલે કે કર્મનો બંધ પડતાં જ કર્મ પોતાનું ફળ દેતું નથી. પણ અબાધકાળ પસાર થયા પછી જ કર્મ પોતાનું ફળ આપે છે, એવું સિદ્ધાંતનું કથન છે. તેથી વિવક્ષિત કર્મના અબાધકાળની જેટલી સ્થિતિ પડી હોય તે સ્થિતિની સમાપ્તિ થતાં ઉદયાવસ્થામાં આવેલાં કર્મનો અથવા ઉદીરણા દ્વારા ઉદયમાં લાવવામાં આવેલ કર્મનો જે ફલાનુભવ થાય છે તેને વેદન કહે છે. તે વેદનનો કાળ અસંખ્યાત સમયનો છે, તેથી આદ્ય (શરૂઆતના) સમયમાં વેદ્યમાન કર્મ-ભોગવાતું કર્મ-ભોગવી લીધું, એમ વ્યવહાર થાય છે (૩)

"**पहिज्जमाणे पहीणे**" પ્રહીયમાણ કર્મને પ્રહીણ કહેવામાં પણ કોઈ દોષ નથી. જીવ પ્રદેશોની સાથે જકડાયેલાં કર્મનું તે પ્રદેશોથી અલગ થવું તેનું નામ 'પ્રહીણ' છે. તે પ્રહીણનો કાળ પણ અસંખ્યાત સમયનો છે. અસંખ્યાત સમય વાળા પ્રહીણના પ્રથમ સમયમાં પ્રહીયમાન કર્મની કેટલેક અંશે પ્રહીણતા થાય છે. તેથી અંશતઃ પ્રહીયમાન કર્મને પ્રહીણ કહેવામાં કોઇ વાંધો નડતો નથી. એટલે કે જીવ પ્રદેશોમાંથી અંશતઃ પણ જુદા પડી રહેલા કર્મને જુદા પડી ગયા, એમ કહેવામાં કોઇ દોષ નથી.(૪)

"**छिज्जमाणे छिन्ने**" છેદાતાં કર્મોને છેદાઇ ગયાં કહેવામાં પણ દોષ નથી. આઠ કરણોમાંનું અપવર્તના નામનું જે ચોથું કરણ છે તેના દ્વારા કર્મની દીર્ઘકાળની સ્થિતિને ન્યૂન કરવી-ઓછા સમય વાળી કરવી તેનું નામ છેદન છે. આ કરણમાં સ્થિતિ અને રસને કમ કરવાનો (હ્રાસ કરવાનો) સ્વભાવ હોય છે. આ પ્રકારના અપવર્તનાકરણરૂપ છેદનની સ્થિતિ પણ અસંખ્યાત સમયની છે. એ છેદનના પ્રથમ સમયમાં છેદાતાં કર્મને છિન્ન ( છેદાઈ ગયું ) કહેવામાં કોઈ દોષ નથી, તે પૂર્વોક્ત પટના દૃષ્ટાંત દ્વારા સિદ્ધ થાય છે. તેથી છિદ્યમાન કર્મને છિન્ન કર્મ કહેવામાં આવે છે (૫).

"**भिज्जमाणे भिन्ने**" ભેદાતાં કર્મોને ભેદાઇ ગયાં કહેવામાં પણ દોષ નથી. ચિરકાલ સંચિત શુભ અને અશુભ કર્મના તીવ્ર રસને અપવર્તના કરણ દ્વારા મંદ કરવો તેનું નામ '**भिदना**' ભેદાવું છે. અથવા મંદ રસ વાળાં શુભ અને અશુભ કર્મોને ઉદ્વર્તનાકરણ દ્વારા તીવ્ર રસ દેનાર કરવું તેનું નામ **भिदना**-ભેદાવું છે. ( આઠ કરણોમાંના ત્રીજા કરણનું નામ ઉદ્વર્તનાકરણ છે ). આ કરણમાં એવો સ્વભાવ હોય છે કે તે કર્મની સ્થિતિ અને રસમાં વૃદ્ધિ કરે છે. આ ભેદનની સ્થિતિ પણ અસંખ્યાત સમયની હોય છે. પટના દૃષ્ટાંતમાં બતાવેલી યુક્તિ અનુસાર પ્રથમ સમયમાં ભેદાતા કર્મને 'ભેદાઈ ગયુ' કહેવામાં કોઈ દોષ નથી(૬).

"दज्झमाणे दड्ढे" જે જળી રહ્યું છે તેને જળી ગયું કહેવામાં પણ દોષ નથી. કર્મદલિક રૂપી કાષ્ઠને ધ્યાનરૂપ અગ્નિ દ્વારા તેમના સ્વભાવથી રહિત કરવા તેનું નામ દાહ-(જળવું તે) છે. જે કર્મદલિકો પહેલાં કર્મરૂપ પર્યાયે પોતામાં રહેલાં હતાં તેમને અકર્મરૂપ પર્યાયથી આક્રાન્ત બનાવવા તેને જ કર્મોનો દાહ-કર્મોનું જલન કહે છે. જેવીરીતે અગ્નિ દ્વારા બળીને ભસ્મ થયેલ કાષ્ઠ પોતાનું સ્વરૂપ છોડી દે છે અને ભસ્મ રૂપે પરિણમે છે, તેવી જ રીતે ધ્યાન રૂપ અગ્નિ દ્વારા કર્મદલિકોનું દહન થાય છે. તેથી તેમના સ્વરૂપનું અપનયન થાય છે, અને તેઓ અકર્મત્વ પર્યાયમાં પરિણમે છે, તેને જ કર્મોનું દહન કહ્યું છે. આ દાહની અન્તર્મુહૂર્તની સ્થિતિ હોય છે. અંતર્મુહૂર્તના અસંખ્યાત સમય હોય છે. તેથી આદિ સમયમાં જે કર્મદલિકનું દહન થઇ રહ્યું હોય તેને 'દહન થઇ ગયું' એમ કહેવામાં દોષ નથી. (૭)

"मिज्ज माणे मडे" મરતાં (ક્ષય પામતાં) કર્મોને મરી ચૂક્યાં ક્ષય થઈ ગયાં. કહેવામાં દોષ નથી. કર્મના દલિકોનો ક્ષય થવો એટલે તેમનું મરણ થયું કહેવાય છે. એવા મરણની કાળસ્થિતિ પણ અસંખ્યાત સમયની હોય છે. જન્મના પ્રથમ સમયથી લઇને આવીચિમરણ થતું રહેતું હોવાથી મરણનો સદ્ભાવ પ્રત્યેક ક્ષણે જોવા મળે છે. તેથી મરતાં કર્મોને મરી ગયેલાં કહેવામાં વાંધો નથી. મરણ પાંચ પ્રકારનાં છે-(૧) આવીચિમરણ, (૨) અવધિમરણ, (૩) આત્યંતિક-મરણ, (૪) બાલમરણ અને (૫) પંડિતમરણ. आ=ચારે તરફથી, वीचि= પ્રતિક્ષણ અનુભવમાં આવતાં અયુષ્કર્મનાં દલિકની દ્વીતિયાદિ આયુષ્કકર્મના દલિકના ઉદયથી વિનાશરૂપ અવસ્થા જે મરણમાં થાય છે તે મરણને 'आवी-चिमरण' કહે છે. આ પ્રમાણે આવીચિમરણનો અવયવાર્થ થાય છે. અથવા- ચારે તરફથી વીચિ (તરંગો)નાં જેવું જે મરણ હોય છે તેને આવીચિમરણ કહે છે. જેવી રીતે એક જળતરંગની પાછળ બીજું. અને તેની પાછળ ત્રીજું એમ એકની પાછળ બીજાં જળતરંગો પ્રતિક્ષણ આવતાં જ રહે છે તેમ જન્મ-કાળથી લઇને એક આયુષ્કકર્મ દલિકના ક્ષય પછી બીજા આયુષ્કકર્મ દલિકનું આગમન થતું જ રહે છે અને તેનો નાશ થતો રહે છે. તે નાશને જ આવી-ચિમરણ કહે છે. આ આવીચિમરણથી આયુષ્કકર્મનાં દલિકોનો પ્રતિસમય ક્રમશઃ ક્ષય થતો રહે છે. તેથી તેના પ્રથમ સમયમાં આયુષ્કકર્મના મરણના સદ્ભાવને લીધે મરતાં આયુષ્કર્મને મૃત કહેવામાં આવે છે. (૮)

"निज्जरिज्जमाणे निज्जिण्णे" 'જે કર્મની નિર્જરા શરૂ થઈ ગઈ છે તે કર્મ નિર્જીર્ણ થઈ ગયું" એ કથન પણ સત્ય છે. ફરીથી ઉત્પત્તિ ન થાય એવી રીતે કર્મપુદ્ગલોનો ક્ષય થવો તેનું નામ નિર્જરા છે. નિર્જરામાં કર્મોનો આત્યંતિક વિનાશ થાય છે. તે નિર્જરાની કાળસ્થિતિ પણ અસંખ્યાત સમયની હોય છે. તેથી તેના પ્રથમ સમયે જ નિર્જરણથી ક્ષીયમાણ કર્મમાં નિર્જણત્વનો વ્યવહાર થઇ શકે છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે પટોત્પત્તિના દૃષ્ટાંત અનુસાર નિર્જરાના પ્રથમ સમયમાં ક્ષય થતાં કર્મને ક્ષીણ થઇ ગયેલું માની લેવામાં આવે છે. તેથી "**निर्जीर्यमाणं निर्जीणम्**" એવું કથન કરી શકાય છે (૯).

શંકા—જેમણે સાક્ષાત્ ભગવાનના મુખે જ સમસ્ત વિષયોનું જ્ઞાન મેળવ્યું છે, સમસ્ત વિષયોના જ્ઞાતા હોવાને કારણે જેમણે દ્વાદશાંગીની રચના કરી છે, તથા આ દ્વાદશાંગીની રચના કરવાને લીધે જેઓ સમસ્ત શ્રુત વિષયના જ્ઞાતા ગણાય છે, તથા વિવિધ લબ્ધિયોના ધારક, સર્વજ્ઞતુલ્ય નિરૂપક, તથા સર્વ સંશયોના ઉચ્છેદક હોવાથી જેઓ સર્વજ્ઞસમાન ગણાય છે, એવા ગૌતમસ્વામીએ બાલ જીવોની જેમ આ પ્રકારના સંદિગ્ધપદાર્થવિષયક પ્રશ્નો શા માટે પૂછયા ? કહ્યું પણ છે–

## ગૌતમસ્વામી કે નવ પ્રશ્ન કરને કા કારણ

**" संखाईए उ भवे, साहइ जं वा परो उ पुच्छेज्जा ।**
**ण यत्राणं अणाइसेसी, वियाणई एस छउमत्थो ॥१॥ "**

જે છદ્મસ્થ અતિશયજ્ઞાનયુક્ત હોય છે તે અન્ય દ્વારા પૂછવામાં આવે તો સંખ્યાતીત ભવો કહી દે છે, કારણ કે તેનું જ્ઞાન તે ધરાવે છે. આ વચનાનુસાર છદ્મસ્થ હોવા છતાં પણ ગૌતમસ્વામીને સર્વજ્ઞકલ્પ માન્યા છે. તેથી સર્વજ્ઞકલ્પ ગૌતમ સ્વામી એવા પ્રશ્નો પૂછે તે યોગ્ય લાગતું નથી.

સમાધાન—ગૌતમ સ્વામીને સર્વજ્ઞ કલ્પ માન્યા છે–સર્વજ્ઞ માન્યા નથી. તેથી ઉપરોક્ત ગુણો હોવા છતાં પણ છદ્મસ્થ હોવાને કારણે તેમના જ્ઞાનમાં અનાભોગતાનો (અપરિપૂર્ણતાનો) સંભવ રહે છે. કહ્યું ણુપ છે—

**" न हि नामानाभोगः, छद्मस्थस्येह कस्यचिन्नास्ति ।**
**यस्माज्ज्ञानावरणं, ज्ञानावरणप्रकृतिकर्म ॥ १ ॥ "**

છદ્મસ્થમાં અનાભોગ–અપરિપૂર્ણતા હોતી નથી. એ વાત બરાબર નથી–છદ્મસ્થ માત્રમાં અનાભોગ ( અપરિપૂર્ણતા ) હોય છે જ. કારણ કે જ્ઞાન પર આવરણ કરનારા જ્ઞાનાવરણકર્મ તો તેમને હોય છે જ.

આ રીતે જોતાં છદ્મસ્થોમાં જ્યારે જ્ઞાનાવરણકર્મનું અસ્તિત્વ હોય છે. તો ગૌતમ પણ છદ્મસ્થ હતા. તેથી તેમનામાં પણ જ્ઞાનવરણકર્મનું અસ્તિત્વ હતું જ. તેથી તેમના જ્ઞાનમાં પરિપૂર્ણતા ન હતી. તેથી તેઓ સર્વજ્ઞ ભગવાનને આ પ્રકારના પ્રશ્નો પૂછે તેમાં કંઇ પણ અજુગતું લાગતું નથી. અથવા નિશ્ચિતરૂપે "**चलमाणे चलिए**" ઇત્યાદિ સૂત્રોને સમજવા છતાં પણ પોતાના જ્ઞાનમાં સંવાદકતા સાધવાને માટે પણ પ્રશ્નો પૂછી શકે છે. અથવા જાણવા છતાં પણ ગૌતમસ્વામી એ આશયથી પ્રશ્નો પૂછે છે કે મારા પ્રશ્નોના ઉત્તર ભગવાન દેશે તેથી ભદ્ર પ્રકૃતિના ભવ્ય જીવોને પણ સરળતાથી બોધ મળશે. અથવા મેં જે વસ્તુ મારા શિષ્યોને સમજાવી છે તે જ વસ્તુ જો ભગવાનના સ્વમુખે તેઓ સાંભળશે તો તેમને મારાં વચનોમાં અતૂટ શ્રદ્ધા જામશે, એવો વિચાર કરીને પણ તેમણે સર્વજ્ઞ ભગવાનને એ પ્રશ્નો પૂછયા હશે. અથવા–"શિષ્ય પૂછે અને

ગુરુ ઉત્તર આપે" આ પ્રકારની જે સૂત્ર રચનાની મર્યાદા છે તેનું પાલન કરવાને માટે જાણવા છતાં પણ તે પ્રશ્નો ગૌતમસ્વામીએ પૂછ્યા હોય. આ પ્રમાણે "**चलमाणे चलिए**" આદિ નવ પદ કર્મને અધિકૃત કરીને વર્તમાન અને ભૂતકાળની સમાનાધિકરણુતાની જિજ્ઞાસાથી પૂછાયા છે અને નિર્ણય કરીને તેમના ઉત્તર દેવામાં આવ્યા છે. ॥ સૂ. ૯ ॥

## નવ પદોં કે નાનાર્થાદિ કા કથન

હવે સૂત્રકાર "ચલનાદિક એ નવ પદો પરસ્પર સમાનાર્થક છે કે ભિન્નાર્થક· છે" એ પ્રશ્નનો નિર્ણય કરવાને માટે કહે છે—'**एए णं भंते ?**' ઇત્યાદિ.

(**भंते**) હે ભદન્ત ! (**एए**) તે (**नव**) નવ (**पया**) પદો (**किं**) શું (**एगट्ठा**) એક અર્થ વાળાં છે ? (**णाणाघोसा**) વિવિધ ઘોષ વાળાં છે ? કે (**णाणावंजणा**) વિવિધ વ્યંજન વાળાં છે ? (**उदाहु**) અથવા-(**णाणट्ठा**) અનેક અર્થ વાળાં, (**णाणा-घोसा**) અનેક ઘોષ વાળાં, (**णाणावंजणा**) અને અનેક વ્યંજન વાળાં છે ?

(**गोयमा !**) હે ગૌતમ ! (**चलमाणे चलिए, उदीरिज्जमाणे उदीरिए, वेइ·ज्जमाणे वेइए, पहिज्जमाणे पहीणे, एए णं चत्तारि पया एगट्ठा**) ચલમાન ચાલી ચુક્યું, ઉદીર્યમાણ ઉદીર્ણ થઇ ચુક્યું, વેદ્યમાન વેદિત થયું, અને પ્રહીયમાન પ્રહીણ થયું, એ ચાર પદ (**उप्पण्णपक्खस्स**) ઉત્પન્ન પક્ષની અપેક્ષાએ એકાર્થ-વાળાં છે, (**णाणाघोसा**) વિવિધ ઘોષ વાળાં છે, (**णाणावंजणा**) અને વિવિધ વ્યંજન વાળાં છે. તથા (**विगयपक्खस्स छिज्जमाणे छिन्ने, भिज्जमाणे भिन्ने, दज्झमाणे दड्ढे, मिज्जमाणे मडे, णिज्जरिज्जमाणे निज्जिण्णे, एए णं पंच पया णाणट्ठा, णाणाघोसा, णाणावंजणा**) વિગત પક્ષની અપેક્ષાએ છિદ્યમાન છેદાઇ ગયું, ભિદ્યમાન ભેદાઇ ગયું, દહ્યમાન બળી ગયું, મ્રિયમાણ મરી ચૂક્યું અને નિર્જીર્યમાણ નિર્જીર્ણ થઇ ગયું એ પાંચ પદ વિવિધ અર્થવાળાં, વિવિધ ઘોષ વાળાં, અને વિવિધ વ્યંજન વાળાં છે.

# નાનાર્થાદિ કે વિષયમેં ચતુર્ભંડી

પૂર્વોકત આ સૂત્રમાં " णं " પદ વાકયાલંકારમાં વપરાયું છે. આ સૂત્રદ્વારા સૂત્રકાર પૂર્વોક્ત ચલનાદિ નવ પદો પરસ્પર તુલ્યાર્થ વાળાં છે કે ભિન્ન અર્થવાળાં છે, તે પ્રશ્નનું નિરાકરણ કરે છે—

જેમનો એક જ પ્રકારનો અર્થ થતો હોય તે પદોને એકાર્થ પદો કહે છે. ઉદાત્ત, અનુદાત્ત, અને સ્વરિત, એ અનેક પ્રકારના ઘોષ છે. એ વિવિધઘોષ વાળાં પદોને 'નાનાઘોષ' પદો કહે છે. ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત, એ વિવિધ પ્રકારના ઉચ્ચારણ છે. એવાં ઉચ્ચારણોથી યુક્ત જે પદો હોય છે તેમને નાના ઘોષ વાળાં કહે છે. કકાર આદિ વિવિધ પ્રકારના અક્ષરોનું નામ જે પદોમાં હોય તે પદોને 'નાના વ્યંજન વાળાં' પદો કહે છે. " उदाहु " પદ 'અથવા' અર્થનું વાચક છે. જેમનો જુદા જુદા પ્રકારનો અર્થ થતો હોય તે પદોને 'વિભિન્નાર્થ' પદો કહે છે. નીચેના ચાર પદોમાં આ પ્રકારની ચતુર્ભંગી છે– (૧) સમાનાર્થ સમાન વ્યંજન, (૨) સમાનાર્થ વિવિધ વ્યંજન, (૩) ભિન્નાર્થ સમાન વ્યંજન, (૪) ભિન્નાર્થ ભિન્નવ્યંજન. કેટલાંક પદો એક જ અર્થ વાળાં અને સમાન વ્યંજન વાળાં હોય છે, જેમ કે ક્ષીર-ક્ષીર. ક્ષીર, ક્ષીર એ બે પદો છે, છતાં પણ તેમનામાં સમાનાર્થતા અને સમાનવ્યંજનતા છે. આ ચતુર્ભંગીના પ્રથમ ભંગનું દૃષ્ટાંત છે, ૧. કેટલાંક પદો સમાનાર્થ વાળાં હોવા છતાં ભિન્ન ભિન્ન વ્યંજન વાળાં હોય છે, જેમ કે " पयो दुग्धम् " આ બન્ને પદો જો કે જુદા જુદા વ્યંજનાક્ષરો વાળાં છે તો પણ, તેમની વચ્ચે અર્થની સમાનતા હોવાથી સમાનાર્થક છે. કારણ કે દૂધ અને 'પયસ્' બન્ને શબ્દોનો અર્થ દૂધ થાય છે. આ ચતુર્ભંગીના બીજા ભંગનું દૃષ્ટાંત છે ૨. કેટલાંક પદો ભિન્નાર્થક હોવા છતાં પણ સમાન વ્યંજન વાળાં હોય છે, જેમ કે 'જિન''જિન' 'જિન' પદ સમાન વ્યંજન વાળું હોવા છતાં પણ જુદા જુદા અર્થ દર્શાવે છે. એજ વાત હૈમીનામમાળાકોશમાં કહી છે. "अर्हन्नपि"ઇત્યાદિ-જિનેન્દ્ર દેવને જિન કહે છે, સામાન્ય કેવલીને જિન કહે છે, કામદેવ, નારાયણ અને હરિને પણ જિન કહે છે. આ રીતે 'જિન' પદ સમાન વ્યંજન વાળું હોવા છતાં પણ જુદા જુદા અર્થ દર્શાવે છે. ચતુર્ભંગીના ત્રીજા ભંગનાં આ ઉદાહરણો છે ૩. કેટલાંક પદો ભિન્ન ભિન્ન અર્થ વાળા અને જુદા જુદા વ્યંજન વાળાં હોય છે. જેમ કે घट–ઘડો, पट–વસ્ત્ર, लकुट –લાકડી વગેરે પદો. તે પદો જુદા જુદા અર્થવાળાં અને જુદા જુદા વ્યંજનાક્ષરો-વાળાં છે. આ ચોથો ભંગ છે ૪.

## પ્રશ્નસૂત્રમેં ભડદ્વય ગ્રહણ કા વર્ણન

શંકા—આ ક્રમ પ્રમાણે જો ચાર ભંગ સંભવિત હોય છે તો પછી આ પ્રશ્ન સૂત્રમાં બીજા ભંગ અને ત્રીજા ભંગનો જ સંગ્રહ શા માટે કર્યો છે ?

ઉત્તર—આ પ્રશ્ન વાકયોમાં "**चलमाणे चलिए**" ઇત્યાદિ સ્થળોમાં જુદા જુદા વ્યંજનો જ દેખાય છે તેથી ભિન્ન ભિન્ન વ્યંજનોને લીધે બીજા અને ચોથા ભંગનો જ સંગ્રહ કરાયો છે. સમાન વ્યંજનો નહીં હોવાથી પહેલો અને ત્રીજો ભંગ ગ્રહણ કરાયો નથી. જો સમાન વ્યંજનો હોત તો પહેલો અને ત્રીજો ભંગ પણ ગ્રહણ કરાયો હોત.

આ સૂત્રમાં "**एए णं भंते ! नव पया किं एगट्ठा, णाणाघोसा, णाणावंजणा ? उदाहु णाणट्ठा ! णाणाघोसा ! णाणावंजणा !**" અહીં સુધી પ્રશ્ન વાકય છે. "**गोयमा**" પદથી શરૂ કરીને "**विगयपक्खस्स**" સુધી ઉત્તર વાકય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે "**चलमाणे चलिए**" આદિ જે ચાર પદો છે તે સમાનાર્થક છે, નાના-વિવિધ-ઘોષવાળાં અને નાના વ્યંજનોવાળાં છે. અને "**छिज्जमाणे छिण्णे**" આદિ જે પાંચ પદો છે તે જુદા જુદા અર્થવાળાં, જુદા જુદા ઘોષવાળાં અને જુદા જુદા વ્યંજનવાળાં છે. આ કથન દ્વારા સૂત્રકારે પૂર્વોક્ત બે ભંગોને અહીં ગ્રહણ કર્યા છે.

શંકા—"**चलमाणे चलिए**" ઇત્યાદિ ચાર પદોમાં ભિન્નાર્થતા સ્પષ્ટ રીતે લાગે છે. છતાં આપ તેમાં સમાનાર્થતા કેવી રીતે કહો છો ?

## ઉત્પન્નપક્ષસ્ય શબ્દ કી વ્યાખ્યા

ઉત્તર—તેમાં જે સમાનાર્થતા કહી છે તે ઉત્પન્ન પક્ષની અપેક્ષાએ કહી છે. (**उत्×पद्×क्त**) **उत्** ઉપસર્ગ **पद्** ધાતુની આગળ મૂકીને પછી ભૂતકાળનો **क्त** પ્રત્યય લગાડવાથી ઉત્પન્ન શબ્દ બને છે. '**द्**'નો '**न**' અને '**क**'ના '**त**'નો '**न**' થઇ જાય છે. ઉત્પન્ન શબ્દનો અર્થ ઉત્પાદન થાય છે. "**पक्ष परिग्रहे**"ના અનુ-સાર પક્ષ શબ્દનો અર્થ સ્વીકાર કરવો થાય છે. આ રીતે 'ઉત્પન્નપક્ષ'નો અર્થ 'ઉત્પાદને અંગીકાર કરવો' થાય છે. "**उत्पन्नपक्षस्य**"માં જે છઠ્ઠી વિભક્તિ થઇ છે તે ત્રીજી વિભક્તિના અર્થમાં થઇ છે. તેથી તેનું તાત્પર્ય "ઉત્પાદને અંગીકાર કરવાથી '**चलमाणे चलिए**' ઇત્યાદિ ચારે પદોમાં સમાનાર્થતા સંગત છે" એમ લાગે છે.

અથવા–ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય, એ ત્રણ પ્રત્યેક સદ્‌વસ્તુના ધર્મ છે. તેમાંનો ઉત્પાદ નામનો વસ્તુનો જે ધર્મ છે તે ધર્મનું પ્રતિપાદન કરનારાં એ ચાર પદ છે. આ ઉત્પત્તિરૂપ પર્યાય કેવળ જ્ઞાનના ઉત્પાદનરૂપ જ છે. કારણ કે કર્મવિચારના પ્રસ્તાવમાં કર્મવિનાશનાં બે ફળ બતાવ્યાં છે. (૧) કેવળ

જ્ઞાનની ઉત્પત્તિરૂપ ફળ અને (૨) મોક્ષની પ્રાપ્તિરૂપ ફળ. હજી સુધી જીવને કેવળ જ્ઞાનની ઉત્પત્તિ થઇ નથી તેથી ઉત્પાદપક્ષ મુખ્ય છે. કેવળજ્ઞાનની ઉત્પત્તિને માટે જ સંયમગ્રહણ, કઠિન તપસ્યા, ઘોર પરીષહ, અને ઉપસર્ગ સહન આદિમાં જીવ પ્રવૃત્ત થાય છે. જે જીવને કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું હોય તે જીવને જ મોક્ષ મળે છે. મોક્ષ પ્રત્યે અન્વય અને વ્યતિરેકને લીધે જ કેવળજ્ઞાનમાં કારણતાનો નિશ્ચય કરવામાં આવ્યો છે. કારણ વિના કાર્યની ઉત્પત્તિ જ સંભવી શકતી નથી. જો કારણ વગર પણ કાર્યની ઉત્પત્તિ થવા માંડે તો કોઇ પણ તૃપ્તિનો અર્થી તૃપ્તિને નિમિત્તે ભોજનાદિ બનાવવાનો જે પ્રયત્ન કરે છે તે ન કરે, અને રસોઇ ખાવા ઇચ્છતી કોઈ પણ વ્યક્તિ ચૂલો જ ન સળગાવત. તથા કોઈ પણ વ્યક્તિ કેવળજ્ઞાનને માટે ચેષ્ટા (પ્રયત્ન) જ ન કરત. આ પ્રમાણે કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટેની પ્રવૃત્તિને અભાવે જીવની સાથે અનાદિ કાળથી ચાલ્યો આવતો સંસાર કોઈ પણ રીતે નષ્ટ થઇ શકે નહીં. 'ચલન' આદિ એ ચાર પદોનો ક્રમ આ પ્રમાણે છે– કર્મની સ્થિતિ જ્યારે ક્ષય પામી જાય છે–અથવા કર્મની જ્યારે ઉદીરણા થાય છે ત્યારે ક્ષયને લીધે અથવા ઉદીરણાને લીધે, જીવની સાથે અનાદિ-કાળથી બંધને પામેલાં જે શુભ અને અશુભ કર્મ હોય છે તે ચાલવા માંડે છે– ફલદાન દેવાને માટે સન્મુખ થઇને ઉદયમાં આવે છે. જે કર્મ ઉદયમાં આવે છે, એટલે કે પોતાનું ફળ દે છે–તે કર્મનું ફળ ભોગવી લેવામાં આવે છે. જ્યારે કર્મ પોતાનું ફળ આપી દે છે ત્યારે તે જીવથી પ્રહીણ-અલગ થઈ જાય છે. અને કર્મ અલગ થતાં જ જીવમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થવાથી જીવને મોક્ષની પ્રાપ્તિ થાય છે. જેમ સૂર્યનો ઉદય થાય ત્યારે મકાનની અંદરનો સમસ્ત પદાર્થ–સમૂહ પ્રકાશિત થઈ જાય છે, એજ પ્રમાણે કેવળજ્ઞાનનો ઉદય થાય ત્યારે તેના પ્રભાવથી ત્રિકાળવર્તી સમસ્ત જ્ઞેય પદાર્થો પ્રકાશિત થઈ જાય છે, એટલે કે જેમ દર્પણમાં પ્રતિબિંબ ચમકી ઉઠે છે તેમ તે કેવળજ્ઞાની આત્માને સમસ્ત જ્ઞેય પદાર્થોનું યથાર્થ દર્શન થાય છે. તેથી કેવળજ્ઞાનની ઉત્પાદરૂપ પર્યાય પક્ષના અભિપ્રાયે "**चलमाणे चलिए**" ઈત્યાદિ ચાર પદ સમજવા જોઈએ. આ રીતે દ્વિતીય ભંગ કે જે સમાનાર્થ વિવિધ વ્યંજનરૂપ છે તેમાં "**चलमाणे चलिए**" આદિ ચાર પદ છે. એજ ભંગની અપેક્ષાએ તેમને સમાનાર્થક અને જુદા જુદા વ્યંજનવાળાં બતાવ્યાં છે. આ પ્રકારનો એ બીજો ભંગ છે. તથા–"**छिज्जमाणे छिन्ने**" ઈત્યાદિ જે પાંચ પદો છે તેમની અપેક્ષાએ ભિન્નાર્થ ભિન્નવ્યંજન નામનો ચોથો ભંગ દર્શાવ્યો છે.

અથવા–"हन्ता गोयमा ! चलमाणे चलिए" ઇત્યાદિ ઉત્તર પ્રતિપાદક સૂત્રનો આ પ્રમાણે અર્થ કરવો જોઇએ-કર્મ બે પ્રકારનાં હોય છે.–(૧) સામાન્ય કર્મ અને(૨) વિશેષ કર્મ. સ્થિતિબંધ, અનુભાગબંધ આદિ વિશેષણોથી રહિત જે કર્મ હોય છે તેને સામાન્ય કર્મ કહે છે. તથા સ્થિતિબંધ આદિ વિશેષણોથી યુકત જે કર્મ હોય છે તેને વિશેષ કર્મ કહે છે. એમાંના સામાન્ય કર્મની અપેક્ષાએ ચલનાદિ ચાર પદ એકાર્થવાળાં અને જુદા જુદા વ્યંજનવાળાં કહેલાં છે.

"छिज्जमाणे छिण्णे" ઇત્યાદિ પાંચ પદો વિશેષ કર્મની અપેક્ષાએ વિવિધ અર્થ વાળાં અને વિવિધ વ્યંજનવાળાં બતાવ્યાં છે. તેમાંનું "छिज्जमाणे छिण्णे" નામનું જે પહેલું પદ છે તે સ્થિતિબંધ નામના બંધરૂપ વિશેષણથી યુક્ત હોવાથી તેને વિશેષ કર્મ કહ્યું છે. અધ્યવસાય વિશેષથી જીવદ્વારા ગૃહીત જે કર્મદલિક છે તેની સ્થિતિકાળનું જે નિયમન છે, તેનું નામ સ્થિતિબંધ છે. એટલે કે કર્મમાં સ્વભાવ બનવાની સાથેજ તે સ્વભાવમાંથી અમુક સમય સુધી ચલિત ન થવાની મર્યાદા પણ પુદ્ગલોમાં નિર્ણીત થાય છે. એ કાળમર્યાદાના નિર્માણનેજ સ્થિતિબંધ કહે છે. સયોગી કેવલી ભગવાન અન્તકાળે યોગોનો નિરોધ કરવાને માટે દીર્ઘકાળની સ્થિતિવાળા વેદનીય, નામ અને ગોત્ર, એ ત્રણ કર્મોના સ્થિતિકાળને અપવર્તનાકરણદ્વારા અન્તર્મુહૂર્તકાળ પ્રમાણવાળાં કરે છે, એને જ કર્મોની સ્થિતિનો ઘાત કહે છે. આ રીતે કર્મોની જે દીર્ઘકાળની સ્થિતિ છે તેને અલ્પ સમયની કરવી તેને જ 'छिज्जमाणे छिण्णे' કહે છે–છેદાતાં કર્મોને છેદાયાં કહે છે.

"भिज्जमाणे भिण्णे" જે કર્મોનું ભેદન ચાલુ થઇ ગયું તે ભેદાઈ ચૂકયાં એવું જે કહેવામાં આવે છે તે અનુભાગબંધ વાળા કર્મની અપેક્ષાએ કહેવાય છે. કર્મપુદ્ગલોનો શુભ અથવા અશુભ, ઘાતી અથવા અઘાતીરૂપ જે રસ હોય છે તેનું નામ અનુભાગ બંધ છે. સયોગી કેવલી ભગવાન કર્મોની સ્થિતિનો ઘાત કરતી વખતે તેમના રસનો પણ ઘાત કરે છે. આ રસઘાત એટલે જ કર્મોનું ભેદન. સ્થિતિઘાત કરતાં રસઘાત ઘણો જ વધારે થાય છે. એવા રસઘાતની અપેક્ષાએ "छिद्यमानं छिन्नं" સૂત્ર કહેવામાં આવ્યું છે. "छिज्जमाणे छिण्णे" આ સૂત્રમાં સ્થિતિઘાતની અપેક્ષાએ છિદ્યમાનને છિન્ન કહેલ છે. અને આ "भिज्जमाणे भिण्णे" સૂત્રમાં રસઘાતની અપેક્ષાએ ભિદ્યમાન-ભેદાતા-ને ભિન્ન–ભેદાઈ ગયું-કહેલ છે. આ રીતે છેદન અને ભેદનમાં વિભિન્નાર્થતા સ્પષ્ટ થાય છે.

"**दज्झमाणे दड्ढे**" સૂત્ર કર્મોના પ્રદેશબંધની અપેક્ષાએ કહેલ છે. મન, વચન અને કાયના પરિસ્પંદનરૂપ ક્રિયાવિશેષના કર્તા એવા કષાય યુક્ત જીવની સાથે જુદા જુદા સ્વભાવવાળાં કર્મપુદ્ગલોના સ્વભાવાનુસાર જે અમુક અમુક પરિમાણ વિભાગ સાથે સંબંધ થાય છે, તેનું નામ પ્રદેશબંધ છે. પ્રદેશબંધમાં ગ્રહણ કરાયા પછી જુદા જુદા સ્વભાવે પરિણમનારી કર્મપુદ્ગલરાશિ સ્વભાવાનુસાર અમુક અમુક પરિમાણમાં વહેંચાઇ જાય છે. એ પરિમાણવિભાગને જ પ્રદેશબંધ કહે છે. એવાં પ્રદેશ-બંધવાળાં કર્મોનું શુકલધ્યાનરૂપ અગ્નિ દ્વારા દહન થાય છે. તે કારણે જ 'દહ્ય-માન'ને 'દગ્ધ' કહેવામાં આવેલ છે. તથા "**मिज्झमाणे मडे**" "જે કર્મના મરણનો પ્રારંભ થઇ ગયો છે તે કર્મ મરી ગયું એવું પદ આયુકર્મની અપેક્ષાએ કહેવામાં આવ્યું છે કારણકે આયુકર્મ સંબંધી જે પુદ્ગલો છે તેમનો પ્રતિસમય ક્ષય થતો રહે છે. તેમનો પ્રતિસમય ક્ષય થવો તેનું નામ જ મરણ છે. દાહ (દહન) કરતાં મરણમાં ભિન્નતા દેખાય છે. તે ભિન્નતાને કારણે "**दह्यमानं दग्धं**" કરતાં '**म्रियमाणं मृतम्**' સૂત્રમાં ભિન્નાર્થતાનું પ્રતિપાદન થાય છે. ભિન્નાર્થવાળાં હોવાને કારણે જ "**म्रियमाणं मृतम्**" પદ દ્વારા આયુકર્મને ગ્રહણ કરવામાં આવ્યું છે. જ્યાં સુધી આયુકર્મની સત્તા રહે છે ત્યાં સુધીજ 'જીવ જીવે છે' એમ વ્યવહાર થાય છે. પણ જેવું આયુકર્મ જીવથી અલગ થયું કે 'જીવ મરી ગયો' એમ કહેવાય છે. જો કે આ પદથી સામાન્ય મરણ કહ્યું છે પણ 'મરણ' શબ્દનો અહીં વિશિષ્ટ અર્થ જ ગ્રહણ કરવો જોઈએ. તેનું કારણ એ છે કે આ સંસારમાં રહેલો જીવ અનેક વાર અનેક દુઃખરૂપ મરણનો અનુભવ કરતો રહે છે. પણ એવા દુઃખરૂપ મરણનું અહીં વર્ણન કર્યું નથી. અહીં તો એ પ્રકારના મરણની વાત કરી છે કે જે મરણ અપુનર્ભવરૂપ હોય, સર્વકર્મક્ષયાત્મક હોય અને મોક્ષદાયી હોય. એવા મરણને કેવલી મરણ કહેછે અને તેનું જ અહીં વર્ણન કરાયું છે. એવા મરણનો અત્યાર સુધી આ જીવે કદી પણ અનુભવ કર્યો નથી–આવું મરણ અનનુભૂત હોવાથી તેને વિશિષ્ટ મરણ કહ્યું છે.

## વિગતપક્ષ શબ્દ કી વ્યાખ્યા

તથા "**निज्जिणमाणे निज्जिण्णे**" "જેમની નિર્જરા થવી શરૂ થઇ તેમની નિર્જરા થઇ ચૂકી" આ પદ સમસ્ત કર્મોના અભાવની અપેક્ષાએ કહે-વામાં આવ્યું છે. આ પહેલાં જીવે કદી પણ સમસ્ત કર્મોના અભાવરૂપ નિર્જરણ કર્યું નથી. "**जॄ**" ધાતુની આગળ 'निः' ઉપસર્ગ છે. અને તે "**जॄ**" ધાતુને '**क्त**' પ્રત્યય લગાડવાથી '**निर्जीर्ण**' પદ બને છે. તેનો અર્થ 'સમસ્ત કર્મોનો આત્યન્તિક ક્ષય" થાય છે. આ અર્થની અપેક્ષાએ આ પદમાં છેદન, ભેદન આદિ પૂર્વોક્ત પદો કરતાં ભિન્નતા દેખાય છે. તેથી આ પદને પૂર્વોક્ત પદો કરતાં ભિન્ન અર્થવાળું ગણાવ્યું છે.

શંકા—"निर्जीयमाणंनिर्जीर्णम्" ઇત્યાદિ જે પદો છે તેઓ વિશેષ વિવક્ષાની અપેક્ષાએ જુદા જુદા અર્થવાળાં છે. પણ સામાન્યની અપેક્ષાએ કયા પક્ષને લીધે પ્રવૃત્ત થાય છે ?

ઉત્તર—વિગતપક્ષને લીધે તેઓ પ્રવૃત્ત થાય છે. 'वि' ઉપસર્ગ સાથે 'गम्' ધાતુને 'क्त' પ્રત્યય લગાડવાથી વિગત શબ્દ બને છે. "વસ્તુઓનો અવસ્થાન્તર ગમનરૂપ વિનાશ" એવો તેનો અર્થ થાય છે. આ રીતે વિગત પક્ષનો આધાર લઇને એ પદો પ્રવૃત્ત થાય છે એમ સમજી લેવું. ઉત્પાદ પક્ષ વર્તમાનકાળ અને ભવિષ્યકાળને વિષય કરનારો છે અને વિગતપક્ષ ભૂતકાળ અને વર્તમાનકાળને વિષય કરનારો છે. આ રીતે વિગતપક્ષ અને ઉત્પાદપક્ષ વચ્ચેનો ભેદ સિદ્ધ થાય છે. વિવક્ષિત પુરુષની અપેક્ષાએ સમસ્ત કર્મોનો ક્ષય વિગમત્વ ગણાય છે. જીવે કદી પણ સર્વકર્મક્ષયનો અનુભવ કર્યો નથી. તેથી સર્વકર્મક્ષય એકાન્તતઃ ઉપાદેય છે. તથા સમસ્ત કર્મોના ક્ષયને માટે જ પુરુષોના પ્રયત્નો હોય છે. "छिद्यमानं छिन्नं" ઇત્યાદિ પદો વિગમાર્થક છે તે આ રીતે છે–'છિદ્યમાન' પદથી સ્થિતિખંડરૂપ વિગમનું કથન થયું છે. 'ભિદ્યમાન' પદથી રસખંડરૂપ વિગમનું કથન થયું છે, 'દહ્યમાન' પદથી કર્મદાહરૂપ વિગમનું, 'મ્રિયમાણ' પદથી આયુષ્કકર્મના અભાવરૂપ વિગમનું, અને 'નિર્જીર્યમાણ' પદથી સમસ્ત કર્મોના અભાવરૂપ વિગમનું કથન કર્યું છે. આ રીતે એ પાંચે પદો કર્મોના અભાવરૂપ વિગતપક્ષને આધારે કહેવામાં આવ્યાં છે તેથી તેમને વિગતપક્ષાશ્રિત કહેવામાં આવ્યાં છે. આ પૂર્વોક્ત કથન દ્વારા "चलमाणे चलिए" આદિ નવ પદોને શા માટે પ્રથમ સૂત્રરૂપે ગ્રહણ કરવામાં આવ્યા છે, તેનું સમાધાન થઈ જાય છે. કારણ કે આ સૂત્રમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિનું અને સમસ્ત કર્મોના વિનાશનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તે કારણે જ સૌથી પહેલાં આ સૂત્રનું કથન કર્યું છે. અથવા–"चलमाणे चलिए" ઇત્યાદિ પદોમાં કર્મ પદનો તો અભાવ છે. તે કારણે કર્મવિષયક તેનું વ્યાખ્યાન ન કરતાં સામાન્યરૂપે જ તેનું વ્યાખ્યાન કરવું જોઈએ. તે વ્યાખ્યાન આ પ્રમાણે છે–"चलमाणे चलिए" સૂત્રમાં 'ચલન' શબ્દનો અર્થ અસ્થિરત્વ–વસ્તુઓની ઉત્પત્તિ છે. "उदीरिज्जमाणे उदीरिए" પદમાં ઉદીરણાનો અર્થ સ્થિર પદાર્થના પ્રેરકરૂપ છે. અને તે પ્રેરણા ચલનસ્વરૂપજ છે. "वेइज्जमाणे वेइए" સૂત્રમાં 'वेइज्जमाण' પદની સંસ્કૃત છાયા "व्येजमान" થાય છે. व्येजमान એટલે કંપમાન. જે કંપી રહ્યું છે તે કંપી ચૂકયું, એવો આ સૂત્રનો અર્થ થાય છે. કંપન પણ સ્વસ્વરૂપની અપેક્ષાએ ઉત્પાદજ છે.

## ચલનચ્છેદનાદિ પ્રશ્ન કા કારણ

"पहिज्जमाणे पहीणे" સૂત્રમાં 'પ્રહીણ'નો અર્થ 'પ્રભ્રષ્ટ'–પ્રપતિત' છે. જે પડી રહ્યું છે તે પડી ચૂકયું. આ રીતે 'પ્રહીણ' પણ ચલનરૂપ જ છે. અને ચલનાદિક આ ચાર પદો ગતિવાચક હોવાથી સમાનાર્થક છે. આ કારણથી તે

ચલનાદિક પદો ચલનત્વ આદિ પર્યાયથી ઉત્પન્ન સ્વરૂપ પક્ષના પ્રતિપાદક છે– એટલે કે તેમનું કથન કરનારા છે. તથા " छिज्जमाणे छिण्णे " "જે છેદાઈ રહ્યું છે તે છેદાઈ ચૂકયું " ઇત્યાદિ પાંચ પદો પણ કર્મવિષક વ્યાખ્યાન કરવા સિવાય અન્ય વિષયનું વ્યાખ્યાન કરવાને પણ સમર્થ છે, કારણ કે છેદન, ભેદન, દહન આદિ ધર્મો કર્મ સિવાયની અન્ય વસ્તુઓના પણ ધર્મરૂપે સંભવી શકે છે. તેમની વચ્ચે આ રીતે ભિન્નાર્થતા સમજવી જોઈએ. જેમકે કુહાડી આદિ બાહ્ય સાધનો દ્વારા વૃક્ષાદિને કાપવું તેનું નામ છેદન છે. ભાલા આદિ દ્વારા દેહને અથવા તેના અંગોને કાપવાં તેનું નામ ભેદન છે. અગ્નિ દ્વારા કાષ્ઠને બાળવું તેનું નામ દહન છે. શરીરનો છેલ્લો શ્વાસ બંધ થવો તેનું નામ મરણ છે, અને અત્યન્ત જીર્ણતા–પુરાણતાને નિર્જરા કહે છે. આ રીતે એ દરેક પદ જુદા જુદા અર્થ બતાવનાર છે, છતાં પણ સામાન્ય રીતે તો એક વિનાશરૂપ અર્થનું જ કથન કરે છે.

શંકા—આપ ચલનાદિ સૂત્રો તથા છેદન, ભેદન, અને દહનાદિ સૂત્રોનું કથન કરી રહ્યા છો પણ ચલન, છેદન આદિ એ બધું અતત્ત્વરૂપ છે. પ્રકૃત શાસ્ત્રમાં તેમનો વિચાર કરવો એટલે શાસ્ત્રની શાસ્ત્રતાનો જ નાશ કરવો એવું લાગે છે, કારણ કે તત્ત્વોનું શાસન કરનારાં શાસ્ત્રોને જ સાચાં શાસ્ત્રો કહેવાય છે. આ બધું તત્ત્વરૂપ તો નથી જ–અતત્ત્વરૂપ છે. અતત્ત્વોનું કથન કરનાર શાસ્ત્રોને પણ જો સાચાં શાસ્ત્રો માનવામાં આવે તો લૌકિક શાસ્ત્રોને પણ શાસ્ત્ર રૂપે માનવા જોઇએ.

ઉત્તર—અનાદિ કાળથી પ્રવૃત્ત મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ અને યોગોની સહાયતાને લીધે જીવદ્વારા અનંત ભવોથી ઉપાર્જિત જે કઠિન, કઠિનતર, અને કઠિનતમ અનંત કર્મદલિક છે, જેમનુ અન્ય ઉપાયો દ્વારા સમુચ્છેદન થવું અશકય છે, તેમના છેદન આદિરૂપ તત્ત્વના વિચારમાં પ્રવૃત્ત થયેલ શાસ્ત્રમાં શાસ્ત્રતાનો વ્યાઘાત થતો નથી. એટલે કે આ ચલનાદિરૂપ ધર્મ અતત્ત્વ નથી પણ તત્ત્વ જ છે. તેથી પ્રકૃત શાસ્ત્રમાં તેમને વિષે વિચાર કરવામાં શાસ્ત્રની શાસ્ત્રતા જતી રહેતી નથી. વળી–નિશ્ચય નયનો આધાર લઇને વસ્તુના સ્વરૂપનું નિરૂપણ કરવાનો પ્રારંભ થયો છે તેથી આ નય તો ચાલતી વસ્તુને ચાલી ચૂકી માને છે. પણ જે વ્યવહાર નય છે તે એવું માનતો નથી, તે તો ચલિતને જ ચલિત માને છે–જે વસ્તુ ચાલી ચૂકી છે તેને જ ચાલી ચૂકેલી માને છે. અને નિશ્ચયનય તો ચાલતી વસ્તુને પણ ચાલી ચૂકેલી માને છે. તેથી નિશ્ચય નયની અપેક્ષાએ ચાલતી વસ્તુને ચાલી ચૂકી કહેવામાં અતત્ત્વ રૂપતા નથી. આ વિષયની વધારે માહિતી મેળવવા માટે બીજાં શાસ્ત્રો વાંચવા. ॥ સૂ. ૧૦ ॥

## नैरयिकवक्तव्यता—

" णेरइयाणं भंते ! केवइयं कालं ठिई पन्नत्ता ? " ઈત્યાદિ.

(भंते !) હે ભદન્ત ! (नेरइयाणं) નારકોની (ठिई) સ્થિતિ (केवइयं कालं-पन्नत्ता) કેટલા કાળની કહી છે ?

ઉત્તર— (गोयमा !) હે ગૌતમ ! (जहण्णेणं दसवाससहस्साइं) ઓછામાં ઓછી દસ હજાર વર્ષની અને (उक्कोसेण' तेत्तीसं सागरोवमाइं ठिई पण्णत्ता) વધારેમાં વધારે તેત્રીસ સાગરોપમની સ્થિતિ કહી છે (भंते !) હે ભદન્ત (नेरइयाणं केवइकालस्स आणमंति वा पाणमंति वा ऊससंति वा णीससंति वा) નારક જીવો કેટલા કાળે શ્વાસ લે છે અને કેટલા કાળે ઉચ્છ્વાસ કાઢે છે ?

ઉત્તર-(जहा ऊसासपए) હે ગૌતમ ! ઉચ્છ્વાસ પદમાં કહ્યા પ્રમાણે તે જાણવું. પ્રશ્ન-(णेरइया णं भंते ! आहारट्ठी ?) હે ભદન્ત ! નારક જીવોને આહારની ઇચ્છા થાય છે કે નહીં ? ઉત્તર-(जहा पण्णवणाए पढमए अहारुद्देसए तहा भाणियव्वं) પ્રજ્ઞાપનાના આહાર પદના પ્રથમ ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે તેનો ઉત્તર સમજવો. गाहा-ગાથા-(ठिई उस्सासाऽऽहारे किं वा ऽऽहारेंति सव्वओ वा वि । कइ भागं सव्वाणि व कीसव भुज्जो परिणमंति ?) નારક જીવોની ભવ સ્થિતિ, તેમનો ઉચ્છ્વાસ, તેમનો આહાર, તે આહારનું પ્રમાણ, તેઓ જે આહાર લે છે તે શું સર્વ આત્મ પ્રદેશો દ્વારા લે છે ? સર્વ આહારક દ્રવ્યોનો આહાર કરે છે ? તથા આહારક દ્રવ્યોને તેઓ વારંવાર કયા રૂપે પરિણમાવે છે ? ઇત્યાદિ બાબતો વિષે આ ગાથા કહેવામાં આવી છે. આ ગાથા દ્વારા સૂત્રકારે નારક જીવોની સ્થિતિ આદિનો વિચાર કર્યો છે.

શંકા—અહીં તો એવા વિષયનો વિચાર કરવો જોઈએ કે જેનો વિચાર કરવાથી વિલક્ષણ ફળવાળા મોક્ષની સાક્ષાત્ રૂપે અથવા તો પરમ્પરા રૂપે પ્રાપ્તિ થાય. નારક જીવોના સ્વરૂપનો, તેમના ભેદોપભેદનો, તેમની સ્થિતિ અને આહાર આદિનો વિચાર કરવાથી મોક્ષ મળવાનો સંભવ નથી. તો આ નારક સંબંધી વિષયનું પ્રદર્શન શા માટે કર્યું છે ?

ઉત્તર—આવી શંકા કરવી જોઈએ નહીં. કારણ કે અહીં પણ "चलमाणे-चलिए" एएण भंते ! नव पया" ઈત્યાદિ પહેલાંના એ બે સૂત્રોમાં મોક્ષ તત્ત્વનું જ પ્રતિપાદન કરાયું છે. તે મોક્ષ જીવોને જ પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી જીવ મોક્ષની પ્રાપ્તિ કરતા નથી ત્યાં સુધી સંસારરૂપ મેલથી મલિન બનેલો હોય છે. અને એજ કારણે તે કર્મોથી જકડાયેલો-બંધ દશાવાળો હોય છે. એવા બંધ દશાને પામેલા જીવોના નારક આદિ ૨૪ પ્રકાર શાસ્ત્રોમાં કહ્યા છે તે પ્રકારો આ પ્રમાણે છે—(૧) નૈરયિક (૨) દસ અસુર કુમાર આદિ, (૩) પાંચ પૃથ્વીકાય આદિ, (૪) ત્રણ દ્વીન્દ્રિય આદિ વિકલત્રય, (૫) એક પંચેન્દ્રિય તિર્યંચ, (૬) એક મનુષ્ય, (૭) એક વ્યન્તર (૮) એક જ્યોતિષ્ક અને એક વૈમાનિક, આ રીતે બધા મળીને જીવના ૨૪ ભેદ છે.

નારક આદિ જીવોની અત્યંત દુઃખી હાલત આદિનું શ્રવણ કરવાંથી વિવેકી જીવોના મનમાં વૈરાગ્ય ભાવ જાગે અને તેથી તેઓ સંસારનો અને સંસારના કારણ રૂપ કર્મના સ્વરૂપનો અનિત્યત્વાદિ ભાવો દ્વારા બરાબર વિચાર કરે અને તેનો વિચાર કરીને અનિત્ય સંસાર, શરીર અને ભોગો પ્રત્યે निर्विण्ण–વૈરાગ્યવાન બનીને બંધ દશાથી રહિત બનવાને માટે મોક્ષના સાધનરૂપ સમ્યગ્દર્શન આદિની આરાધના કરવામાં પ્રવૃત્ત થાય, અને સમ્યગ્દર્શનાદિની આરાધનાની પરમ્પરા દ્વારા શશ્વત ગતિરૂપ જે મોક્ષ છે તેની પ્રાપ્તિ કરે, એ ખ્યાલથી નારકોની સ્થિતિ આદિ વિષયનું વર્ણન સાર્થક છે. તેની સાર્થકતાને લીધે આ વિષયનું પ્રતિપાદન કરનાર જે શાસ્ત્ર છે તે પણ સાર્થક બની જાય છે અને તત્ત્વનું પ્રરૂપક બની જાય છે. હવે આ બાબતમાં વધુ કહેવાની આવશ્યકતા નથી. પ્રકૃત વિષયને જ સ્પષ્ટ કરવામાં આવે છે—નરકના જીવોને 'નૈરયિક' કહે છે. ઇષ્ટ ફળની પ્રાપ્તિ કરાવનાર કર્મો જે સ્થાનેથી નીકળી ગયાં છે, તે સ્થાનને 'निरय' કહે છે. એટલે કે દુઃખોથી વ્યાપ્ત એવા વિશિષ્ટ સ્થાનને निरय (નરક) કહે છે. તે સ્થાનોમાં જે જીવો ઉત્પન્ન થાય છે તેમને નૈરયિક (નારક) કહે છે. આ સ્થાનોમાં પ્રાણાતિપાત આદિ પાપોનાં ફળ ભોગવવાને માટે જે જીવો ઉત્પન્ન થાય છે તેમને નૈરયિક કહે છે. એવા નૈરયિક (નારક) જીવોની સ્થિતિના વિષયમાં એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે—"હે ભગવાન ! નારક જીવોની સ્થિતિ કેટલા કાળની હોય છે? અહીં 'સ્થિતિ' શબ્દનો ભાવાર્થ આ પ્રમાણે છે—તે સ્થાનમાં, તે પર્યાય રહેવાનો કાળ તેને સ્થિતિ કહી છે. એટલે કે ત્યાં તેમનું આયુષ્ય કેટલું હોય છે? તેનો ઉત્તર આપતાં ભગવાન કહે છે—"હે ગૌતમ ! જો નારક જીવ નરકાયુના ઉદયથી નરકમાં ઉત્પન્ન થાય છે તો ત્યાં તેને રહેવાનો કાળ ઓછામાં ઓછો દસ હજાર વર્ષનો છે. તેને 'જઘન્ય આયુ' કહે છે. આ કથન પહેલી નરકની અપેક્ષાએ કરવામાં આવ્યું છે. નરકમાં જે વધારેમાં વધારે કાળ છે તેને 'ઉત્કૃષ્ટ આયુ' કહે છે. ત્યાં તે ઉત્કૃષ્ટ આયુ ૩૩ સાગરોપમનું છે. તે તેત્રીસ સાગરોપમનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાતમી નરકની અપેક્ષાએ કહેલ છે, કારણ કે ત્યાં જ એટલું બધું આયુષ્ય કહ્યું છે.

ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને બીજો પ્રશ્ન પૂછે છે–"હે ભદન્ત ! નારક જીવો કેટલા કાળને અંતરે શ્વાસોચ્છ્વાસ લે છે? એજ પ્રશ્ન 'आणमंति पाणमंति वा' આ 'ति' અન્ત પદો દ્વારા વ્યક્ત કર્યો છે. "आनन्ति" એટલે શ્વાસ લે છે. 'प्राणन्ति' એટલે શ્વાસ છોડે છે. એજ 'आनप्राण' શબ્દોના સ્પષ્ટ અર્થ સૂત્રકારે "ऊससंति वा णीससंति वा" એ ક્રિયાપદો દ્વારા સ્પષ્ટ કર્યો છે. "आनन्ति" શબ્દનો સ્પષ્ટ અર્થ "उच्छ्वसन्ति" છે અને "प्राणन्ति" શબ્દનો સ્પષ્ટ અર્થ "निःश्वसन्ति" છે. અથવા–'आनन्ति वा प्राणन्ति वा' આ ક્રિયાપદો દ્વારા આભ્યન્તરની શ્વાસ અને ઉચ્છ્વાસરૂપ ક્રિયાઓ ગ્રહણ કરવામાં આવી છે એવો કોઈ કોઈ વિદ્વાનોનો મત પડે છે.

આ પ્રશ્નનો ઉત્તર આપતાં પ્રભુ કહે છે–"હે ગૌતમ ! "जहा ऊसासपए" પ્રજ્ઞાપના સૂત્રનું સાતમું પદ ઉચ્છ્વાસ છે. એ પદમાં આ વિષયનું જે રીતે વર્ણન કરાયું છે તે રીતે આ પ્રશ્નનો ઉત્તર સમજવો. તે પદ આ પ્રમાણે છે– **"गोयमा ! समयं संतयामेव वा आणमंति वा पाणमंति वा ऊससंति वा नीससंति वा"** હે ગૌતમ ! અત્યંત દુઃખી હોવાને લીધે તે નારક જીવો નિરંતર શ્વાસોચ્છ્વાસ લીધા કરે છે. લોકોમાં પણ એવું જ દેખાય છે કે જે અત્યંત દુઃખી હોય છે તે નિરંતર શ્વાસ લીધા કરે છે. તેમનો શ્વાસોચ્છ્વાસ સહેજ વાર પણ અટકતો નથી. કહેવાનો ભાવાર્થ એ છે કે–તેઓ અત્યંત દુઃખી હોવાને કારણે અટકયા વિના નિરંતર હાય હાય કરતા શ્વાસ લીધા કરે છે. એવો એક પણ સમય નથી હોતો કે જ્યારે તેમના શ્વાસોચ્છ્વાસમાં આંતરો ( રુકાવટ ) પડતો હોય.

શંકા–સૂત્રકારે "**उच्छ्वसन्ति निःश्वसन्ति**" એ બન્ને પદોની પુનરુક્તિ શા માટે કરી છે ? કારણ કે '**आनन्ति प्राणन्ति**' એ બે પદોમાં જ તેનો અર્થ આવી જાય છે.

ઉત્તર–એમ કહેવું જોઇએ નહીં, કારણ કે સ્પષ્ટ અર્થનું પ્રતિપાદન કરવા માટે જ એવું કરવામાં આવ્યું છે.

"**णेरइया भंते आहारट्ठी**" હે ભદન્ત ! નારક જીવોને આહાર લેવાની ઇચ્છા થાય છે ખરી ? જે આહારને માટે પ્રાર્થના કરવાના સ્વભાવવાળા કે તેના પ્રયોજનવાળા હોય છે તેને આહારાર્થી કહે છે. શું નારક જીવો તેવા આહારાર્થી હોય છે ખરા ? તેનો ઉત્તર આપતાં ભગવાન કહે છે "હે ગૌતમ ! પ્રજ્ઞાપના સૂત્ર નામના ચોથા ઉપાંગનો પહેલો ઉદ્દેશક આહારપદોદ્દેશક છે. આ પ્રજ્ઞાપનાના અઠ્યાવીસમા આહારપદનો પહેલો ઉદ્દેશક છે એટલે કે આહારપદના બે ઉદ્દેશક છે તેમાંનો આ પહેલો ઉદ્દેશક છે. "**आहारोद्देशक**"માં પદ શબ્દનોલોપ થઇ ગયો છે, તેથી '**आहारोद्देशक**'થી '**आहारपदोद्देशक**' એવું સમજવું જોઇએ. તાત્પર્ય એ છે કે પ્રજ્ઞાપના સૂત્રનું અઠ્યાવીસમું પદ 'આહારપદ' છે. તેના બે ઉદ્દેશકોમાંથી પહેલું આહારોદ્દેશક છે. તેના અનેક દ્વારોમાં તેમના આહાર સંબંધી વર્ણન કરવામાં આવ્યું છે. એજ દ્વારોના સંગ્રહને માટે સ્થિતિ અને પ્રાણનરૂપ બે દ્વારોને પહેલાં બતાવવા "**ठिई उस्ससाऽऽहारे**" આ ગાથા કહી છે. તેમાં નારક જીવોની સ્થિતિ (આયુકાળ), ઉચ્છ્વાસ નિશ્વાસ, આહારવિષયક વિધિ વગેરે બાબતોનું કથન કર્યું છે. નારકોની સ્થિતિ અને શ્વાસોચ્છ્વાસ, એ બે વિષયની પ્રરૂપણા તો આગળના પ્રશ્નોત્તર વાકયોમાં થઈ ગઈ છે. હવે જે આહાર વિષેની વાત બાકી રહી છે તેનું પણ તેમાં કથન કર્યું છે. આ વિષયને અનુલક્ષીને પહેલાં "**णेराइयाणं भंते ! आहारट्ठी**" એ પ્રશ્ન પૂછયો છે. અને "**जहा पण्णवणाए पढमए आहारुद्देसए, तहा भणियव्वं**" આ સૂત્ર દ્વારા તેનો ઉત્તર અપાયો છે.

તેનો ભાવાર્થ આ પ્રમાણે છે-શું નારક જીવોને આહારની ઇચ્છા થાય છે? તેનો ઉત્તર આ પ્રમાણે છે-હા, તેમને આહારની ઇચ્છા થાય છે. નારક જીવોના આહાર બે પ્રકારના હોય છે (૧) આભોગનિર્વર્તિત અને (૨) અનાભોગનિર્વર્તિત. "હું આહાર કરું" એવી ઇચ્છાપૂર્વક જે આહાર કરવામાં આવે છે તે આહારને આભોગનિર્વર્તિત આહાર કહે છે, પણ તે પ્રકારની ઇચ્છા વિના જે આહાર કરવામાં આવે છે તેને અનાભોગનિર્વર્તિત આહાર કહે છે. જેમ કે વર્ષાઋતુમાં પેશાબ આદિ વધુ પ્રમાણમાં થાય છે ત્યારે એમ લાગે છે કે શરીરમાં જળનાં પુદ્ગલો ઘણા વધારે પ્રમાણમાં પ્રવેશ કરી ચૂકયાં છે તે કારણે મૂત્રાદિક અધિક પ્રમાણમાં પેદા થાય છે. તો જે રીતે શીત પુદ્ગલોનો ઇચ્છા કર્યા વિના શરીરમાં પ્રવેશ થઈ જાય છે તે રીતે નારક જીવો દ્વારા પણ ઇચ્છા કર્યા વિના જે આહાર લેવાય છે. તેને અનાભોગનિર્વર્તિત આહાર કહે છે. તે બે પ્રકારના આહારોમાં આ જે અનાભોગનિર્વર્તિત આહાર છે તેને માટે પ્રત્યેક સમયે નારક જીવોમાં ઇચ્છા ઉત્પન્ન થતી રહે છે, એટલે કે અત્યંત તીવ્ર ક્ષુધાવેદનીય કર્મના ઉદયથી પ્રત્યેક સમયે એજ આહાર આદિ રૂપે તેમની આહાર વિષયક ઇચ્છા જાગતી રહે છે. અથવા જે આહાર ઘણા જ લાંબા સમય સુધી ખાઈ શકાય તેવો હોય છે તેને એકદમ ગ્રહણ કરી લેવો તેનું નામ આનુસામયિક ભોગ છે. આ આનુસામયિક ભોગ રૂપે નારક જીવોનો આહાર હોય છે. આ રીતે "ठिई" ઇત્યાદિ જે આ સંગ્રહ ગાથા છે, તેના દ્વારા નારક જીવોના આહાર સંબંધી સંક્ષેપમાં વિવેચન કર્યું છે.॥સૂ. ૧૧॥

નારકોના આહાર વિષે ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીર સ્વામીને ચાર પ્રશ્નો પૂછયા છે તે પ્રશ્નો અને તેમના ભગવાને આપેલા જવાબોની પ્રરૂપણા આ સૂત્ર દ્વારા કરવામાં આવી છે-"**नेरइयाणं भंते**" ઇત્યાદિ। પહેલો પ્રશ્ન-(**भंते**) હે ભદન્ત! (**नेरइयाणं पुव्वाहारिया पोग्गला परिणया**) નારક જીવોનાં શરીરની સાથે તેમના દ્વારા પૂર્વકાળે-ભૂતકાળમાં-આહારના વિષયભૂત થયેલાં પુદ્ગલસ્કંધો પરિણત-સંબંધ પામ્યા હોય છે ખરાં? બીજો પ્રશ્ન-(**आहारिया-आहरिज्जमाणा पोग्गला परिणया?**) પૂર્વકાળે આહારના વિષયભૂત બનેલાં તથા વર્તમાનકાળમાં આહાર રૂપે ગ્રહણ થઈ રહેલાં પુદ્ગલસ્કંધો તેમનાં શરીરની સાથે પરિણત-સંબંધ પામ્યાં હોય છે ખરાં? ત્રીજો પ્રશ્ન-અથવા (**अणाहारिया आहरिज्जस्समाणा पोग्गला परिणया?**) જે હજી સુધી આહારના વિષયભૂત બન્યાં નથી અને ભવિષ્યમાં પણ આહારના વિષયભૂત બનવાના નથી એવાં પુદ્ગલસ્કંધો તેમનાં શરીરની સાથે પરિણત-સંબંધ પામ્યાં હોય છે? જો કે

અહીં પ્રશ્નવાચક શબ્દ નથી છતાં પણ 'काकु' દ્વારા પ્રશ્નનો બોધ થાય છે.

ઉત્તર-(गोयमा) હે ગૌતમ ! (नेरइयाणं पुव्वाहारिया पोग्गला परिणया, आहारिया, आहारिज्जमाणा पोग्गला परिणया परिणमंति च) નારક જીવો દ્વારા જે પુદ્ગલસ્કંધો પૂર્વકાળે આહાર રૂપે ગ્રહણ કરાયાં હોય છે, તે તો તેમનાં શરીરની સાથે પહેલાં જ સંબંધિત થઈ ચૂકયાં હોય છે. આ પહેલા પ્રશ્નનો ઉત્તર છે. તથા જે પૂર્વકાળે આહાર રૂપે ગ્રહણ કરાયેલાં પુદ્ગલસ્કંધો છે, તથા વર્તમાનકાળે જે પુદ્ગલસ્કંધો આહાર રૂપે ગ્રહણ કરાઇ રહ્યાં છે તેઓ ક્રમશઃ શરીરની સાથે સંબંધિત થઈ ચૂકયાં છે અને સંબંધિત થઈ રહ્યાં છે. એટલે કે પૂર્વકાળે આહાર રૂપે ગ્રહણ કરાયેલ પુદ્ગલસ્કંધો તો પૂર્વકાળે જ નારક જીવોનાં શરીર સાથે સંબંધ પામી ચૂકયાં છે અને જે પુદ્ગલસ્કંધો વર્તમાન-કાળમાં આહાર રૂપે ગ્રહણ કરાઇ રહ્યાં છે તેઓ તેમનાં શરીરની સાથે સંબંધ પામી રહ્યાં છે-એટલે કે પરિણમી રહ્યાં છે. પરિણમી ચૂકયાં નથી. આ બીજા પ્રશ્નનો ઉત્તર છે. (अणाहारिया आहारिज्जस्समाणा पोग्गला नो परिणया परिणमिस्संति) જે પુદ્ગલસ્કંધો હજી સુધી આહાર રૂપે ગ્રહણ કરાયાં નથી, તેઓ તો હજી સુધી તેમનાં શરીરની સાથે સંબંધ પામ્યાં નથી, અને જે પુદ્ગલ-સ્કંધો આહાર રૂપે હવે પછી ગ્રહણ કરાવાના છે, તેઓ હવે પછી તેમનાં શરીર સાથે સંબંધ પામશે-હજી સંબંધ પામ્યાં નથી. આ ત્રીજા પ્રશ્નનો ઉત્તર છે. તથા (अणाहारिया अणाहारिज्जस्समाणा पोग्गला नो परिणया परिणमिस्संति) જે પુદ્ગલસ્કંધો હજી સુધી આહારરૂપે ગ્રહણ થયાં નથી અને ભવિષ્યમાં પણ આહાર રૂપે ગ્રહણ થવાનાં નથી તેઓ તેમનાં શરીર સાથે પહેલાં સંબંધ પામ્યાં નથી અને ભવિષ્યમાં સંબંધ પામશે નહીં.

ટીકાર્થ—સૂત્રકારે આ સૂત્ર દ્વારા નારકોના આહાર વિષયક પ્રશ્નોના સ્પષ્ટ ઉત્તર આપ્યા છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળની અપેક્ષાએ તે પ્રશ્નો પૂછ્યા છે. એ રીતે ત્રણ પ્રશ્નોનો નિર્ણય થયો છે. અને "જે પુદ્ગલસ્કંધોને હજી સુધી આહારરૂપે ગ્રહણ કર્યાં નથી અને ભવિષ્યમાં જે આહારરૂપે ગ્રહણ કરાવવાના નથી" એ ચોથા પ્રશ્નનો પણ નિર્ણય થયો છે. એ રીતે જે ચાર પ્રશ્નો અહીં પૂછયા છે તેમનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે-આહાર વર્ગણાનાં જે પૌદ્ગલિક-

સ્કન્ધોને નારક જીવોએ ભૂતકાળમાં આહારરૂપે ગ્રહણ કર્યાં છે તે પૌદ્ગલિકસ્કંધોને અહીં "પુવ્વાહારીયા" પદથી ગ્રહણ કરેલ છે. તથા ગૃહિત પુદ્ગલસ્કંધોને શરીરની સાથે જે સંબંધ થાય છે તે 'પરિણય' શબ્દથી સમજાવ્યો છે. જ્યારે આ પ્રકારનો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે–જે પૌદ્ગલિકસ્કંધોને નારક જીવોએ ભૂતકાળમાં આહાર રૂપે ગ્રહણ કર્યાં હતાં તેમનું પરિણમન તો ભૂતકાળમાં જ થઈ ગયું છે, કારણ કે જ્યારે તેમને આહાર રૂપે ગ્રહણ કરવામાં આવ્યાં ત્યારે જ તેમનું પરિણમન-શરીર સાથેનો સંબંધ શક્ય બને છે. તેથી જે પરિણમન તેમનામાં થઇ ગયું તે વર્તમાનકાળે નથી. આ રીતે ભૂતકાળની દૃષ્ટિએ આ પહેલા પ્રશ્નનો ઉત્તર અપાયો છે. વર્તમાનકાળમાં જે પુદ્ગલસ્કંધો આહાર રૂપે લેવાઇ રહ્યાં છે તેમનું પરિણમન પણ થઇ રહ્યું છે. આ બીજા પ્રશ્નનો ઉત્તર છે. તથા ભવિષ્યકાળમાં જે પૌદ્ગલિકસ્કંધો આહાર રૂપે ગ્રહણ થશે તેમનું પરિણમન ભવિષ્યકાળમાં જ થશે. આ રીતે ત્રીજા પ્રશ્નનો ઉત્તર પણ મળ્યો. અને જે પૌદ્ગલિકસ્કંધો અત્યાર સુધી આહાર રૂપે ગૃહીત થયાં નથી અને ભવિષ્યમાં પણ જે ગૃહીત થવાની શકયતા નથી, એવાં પૌદ્ગલિકસ્કંધો પહેલાં શરીરની સાથે સંબંધ પામ્યાં નથી અને ભવિષ્યમાં પણ શરીરની સાથે સંબંધ પામશે નહીં.

## પુર્વાહત ( પહલે લિયાહુઆ આહાર ) આદિ પૂર્વ પૂદ્ગલભડો કા નિરૂપણ

આ ચાર પ્રશ્નોના ભંગ ૬૩ પ્રશ્નોરૂપે બની જાય છે. તે આ પ્રમાણે—

(૧) પૂર્વાહૃત–(૧) (ભૂતકાળમાં આહારના વિષયરૂપ બની ગયેલાં પૌદ્ગલિકસ્કંધ)

(૨) આહ્રિયમાણ–(૨) વર્તમાનકાળમાં આહારના વિષયભૂત બની રહેલાં પૌદ્ગલિકસ્કંધ

(૩) આહરિષ્યમાણ–(૩) ભવિષ્યકાળમાં આહારના વિષયભૂત બનનારાં પૌદ્ગલિકસ્કંધ.

(૪) અનાહૃત–(૪) જે પુદ્ગલસ્કંધ હજી સુધી આહારના વિષયભૂત બન્યાં નથી.

(૫) અનાહ્રિયમાણ–(૫) જે પુદ્ગલસ્કંધ વર્તમાનકાળમાં આહારના વિષયભૂત બની રહ્યું નથી.

(૬) અનાહરિષ્યમાણ–(૬) જે પુદ્ગલસ્કંધ ભવિષ્યકાળમાં આહારના વિષયભૂત બનશે નહીં

આ છ પદોમાંના પ્રત્યેક પદનો આશ્રય લેવાથી એક સંયોગી છ ભંગ બની જાય છે. તે આ પ્રમાણે છે–(૧) પૂર્વાહૃત, (૨) આહ્રિયમાણ, (૩) આહરિષ્યમાણ, (૪) અનાહૃત, (૫) અનાહ્રિયમાણ, (૬) અનાહરિષ્યમાણ. બે પદોના સંયોગથી આ જ છ પદોના દ્વિસંયોગી ભંગ ૧૫ બની જાય છે. ત્રણ પદોના સંયોગથી તેમના ત્રિસંયોગી ૨૦ ભંગ બની જાય છે. ચાર પદોના સંયોગથી તેમના ચતુઃસંયોગી ૧૫ ભંગ બની જાય છે. પાંચ પદોના સંયોગથી તેમના પંચસંયોગી ૬ ભંગ બની જાય છે અને છ પદોના સંયોગથી એક સંયોગી

એક ભંગ બની જાય છે. એ બધા ભંગોનો સરવાળો ૬૩ થઈ જાય છે. જીજ્ઞાસુઓએ તે તમામ ભેદ આ સૂત્રની ટીકામાં જોઇ લેવા.

## પૂર્વાહારિતાદિ કે પુદ્રલોં કા નિરૂપણ

**'नेरइयाणं भंते पुव्वाहारियाया पोग्गला.'** इत्यादि ।

**(भंते)** હે ભદન્ત ! **(नेरइयाणं पुव्वाहारिया)** નારક જીવોએ જે પૌદ્ગલિક-સ્કન્ધોને પૂર્વકાળે પોતાના આહારના વિષયભૂત બનાવ્યા છે એવાં એ પૌદ્ગલિકસ્કંધો **(चिया)** શું ચિત થયા હોય છે ? **(पृच्छा)** એવો પ્રશ્ન અહીં ઉદ્ભવે છે.

ઉત્તર-**(जहापरिणया तहा चिया वि)** જે પ્રકારે તેઓ પરિણત થયા હોય છે એ જ પ્રકારે તેઓ ચિત પણ થયા હોય છે. **(एवं उवचिया, उदीरिया, वेइया, निज्जिया)** એ જ પ્રમાણે તેઓ ઉપચિત થયા હોય છે, ઉદીરિત થયા હોય છે, વેદિત થયા હોય છે અને નિર્જીર્ણ થયા હોય છે. **(गाहा)** ગાથા—**(परिणय, चिया य उवचिया, उदीरिया वेइयाय निज्जिन्ना । एक्केकम्मि पदम्मि, चउव्विहा पोग्गला होंति)** (૧) પરિણત, (૨) ચિત, (૩) ઉપચિત, (૪) ઉદીરિત, (૫) વેદિત, અને (૬) નિર્જીર્ણ, એ પદોમાંના દરેક પદમાં ચાર પ્રકારના પુદ્ગલ હોય છે.

ટીકાર્થ-**परिणत**-પરિણામનો સંબંધ શરીર સાથે છે. તેથી શરીરની સાથે જે પરિણામરૂપ સંબંધ છે તે સંબંધને લીધે પુદ્ગલોમાં ચયાદિક પણ થાય છે. આ વિષયનું સ્પષ્ટીકરણ કરવાને માટે જ સૂત્રકારે અહીં આ ચયાદિક પદોનું કથન કર્યું છે. સૌથી પહેલો પ્રશ્ન અહીં એ ઉદ્ભવે છે કે-પૂર્વકાળે આહાર રૂપે નારકો દ્વારા પુદ્ગલસ્કંધો ગ્રહણ કરાય છે અને તેમનું પરિણામ તેમનાં શરીરમાં થાય છે તો આ શરીરસંબંધરૂપ પરિણામથી ગૃહીત પુદ્ગલોમાં ચયાદિક પણ થવા જોઇએને ? તો તે પ્રશ્નના જવાબમાં કહ્યું છે કે હા, તે પુદ્ગલોમાં ચયાદિક પણ થાય છે. તે ચયાદિ સૂત્ર પરિણામ સૂત્ર જેવાં જ છે. તેથી અતિદેશથી એ ચયાદિ સૂત્ર પરિણામસૂત્રના અનુસાર જ સમજવા યોગ્ય છે. એ જ વાતને સૂત્રકારે "**( जहा परिणया तहा चिया वि )**" ઇત્યાદિ પદો દ્વારા બતાવી છે-જેવી રીતે તેઓ પરિણત થયા છે તેવી રીતે તેઓ ચિત પણ થયા છે. શરીરમાં પુષ્ટિ પેદા થવી તેનું નામ 'ચિત' છે. વિશેષરૂપે પુષ્ટિ થવી તેનું નામ 'ઉપચિત' છે. સ્વભાવથી અનુદય પ્રાપ્ત ( ઉદયમાં ન આવ્યા-હોય તેવાં) પુદ્ગલોને કરણવિશેષ દ્વારા ઉદયપ્રાપ્ત કર્મદલિકોમાં પ્રક્ષિપ્ત કરીને તેમનું જે વેદન થાય છે તેનું નામ 'ઉદીરિત' છે. ઉદીરણાનું આ પ્રકારનું લક્ષણ છે-જે કર્મકરણના દ્વારા ખેંચીને ઉદયમાં લવાય છે તેને ઉદીરણા કહે છે.

પોતાના રસરૂપ વિપાક દ્વારા પ્રતિ સમય તીવ્ર, મન્દરૂપ ફળ દેવાની શકિત-વિશેષથી અનુભવમાં-ભોગવવામાં આવતા જે અપરિસમાપ્ત સંપૂર્ણ રસવાળા કર્મપુદ્ગલો છે તેમનું નામ 'વેદિત' છે. પ્રતિસમય સંપૂર્ણરૂપે પોતાના વિપાકના ક્ષયને પામેલાં જે કર્મપુદ્ગલો હોય છે તેમને 'નિર્જીર્ણ' કહે છે. જે પુદ્ગલો શરીરની સાથે સંબંધ સાધે છે તેમને આહૃત કહે છે. તે આહૃત પુદ્ગલ ચિત હોય છે, ઉપચિત હોયછે, વેદિત હોય છે, ઉદીરિત હોય છે અને નિર્જીર્ણ હોય છે. એ પરિણત, ચિત, ઉપચિત આદિ દરેક પદમાં (૧)-આહૃત-આહાર કરાયેલ (૨) આહૃત આહ્રિયમાણ-આહાર કરાયેલ અને જેનો આહાર કરાઇ રહ્યો છે તે, (૩) અનાહૃત આહરિષ્યમાણ-આહાર નહીં કરાયેલ અને ભવિષ્યમાં આહાર કરાનાર, (૪) અનાહૃત અનાહરિષ્યમાણ-આહાર નહીં કરાયેલ અને ભવિષ્યમાં આહાર નહીં કરાનાર, એ ચાર, ચાર પ્રકારનાં પુદ્ગલ હોય છે. અને એ ચાર, ચાર પ્રકારનાં પુદ્ગલોજ પ્રશ્ન અને ઉત્તરના વિષયભૂત છે ॥ સૂ.૧૩॥

## નારક જીવોં કે પુદ્ગલભેદ કા નિરૂપણ

"**नेरइयाणं भंते ! कइविहा पोग्गला भिज्जंति**" इत्यादि ।

(**भंते**) હે ભદન્ત ! (**नेरइयाणं कइविहा पोग्गला**) નારક જીવોના કેટલા કેટલા પ્રકારનાં પુદ્ગલ વિવિધ ભેદવાળાં હોય છે ? (**गोयमा !**) હે ગૌતમ ! (**कम्मदव्ववग्गणमहिकिच्च**) કર્મ દ્રવ્ય વર્ગણાને આશ્રિત કરીને (**दुविहा**) બે પ્રકારનાં (**पोग्गला**) પુદ્ગલો (**भिज्जंति**) વિવિધ ભેદવાળાં હોય છે. (**तंजहा**) તે આ પ્રમાણે હોય છે-(**अणूचेव, बायराचेव**) (૧) સૂક્ષ્મ અને (૨) બાદર. (**भंते**) હે ભદન્ત ! (**नेरइयाणं कइविहा पोग्गला चिज्जंति**) નારક જીવોના કેટલા પ્રકારનાં પુદ્ગલોનો સામાન્યરૂપે ચય થાય છે ? (**गोयमा !**) હે ગૌતમ ! (**आहारदव्ववग्गणमहिकिच्च**) આહાર દ્રવ્ય વર્ગણાને આશ્રિત કરીને (**दुविहा**) બે પ્રકારના (**पोग्गला**) પુદ્ગલ (**चिज्जति**) ચય પામે છે. (**तं जहा**) તે આ પ્રમાણે છે-(**अणूचेव बायरा चेव**) (૧) અણુ અને (૨) બાદર. (**एवं उवचिज्जंति**) ઉપચયમાં પણ એ જ પ્રમાણે સમજવું. (**नेरइयाणं भंते ! कइविहे पोग्गले उदीरेंति**) હે ભદન્ત ! નારક જીવો કેટલા પ્રકારનાં પુદ્ગલોની ઉદીરણા કરે છે ? (**गोयमा**) હે ગૌતમ ! નારક જીવો (**कम्मदव्ववग्गणमहिकिच्च**) કર્મદ્રવ્યવર્ગણાને આશ્રિત કરીને (**दुविहे-पोग्गले उदीरेंति**) બે પ્રકારનાં પુદ્ગલોની ઉદીરણા કરે છે. (**तं जहा**) તે પ્રકારો આ પ્રમાણે છે-(**अणूचेव बायराचेव**) અણુઓની (સૂક્ષ્મ) અને બાદરોની. (**सेसावि एवं चेव भाणियव्वा**) બાકીનાં પદોનું પણ આ પ્રમાણે જ કથન

સમજી લેવાનું છે. ( वेदेंति, णिज्जरेंति, ओवट्टिंसु ओवट्टेंति, ओवट्टिस्संति, संकामिंसु, संकामेंति, संकामिस्संति, णिहत्तिंसु, णि हत्तेंति, णिहत्तिस्संति, णि कायिंसु, णिकायिंति, णिकायिस्संति, सव्वेसु वि कम्मदव्ववग्गणमहिकिच्च ) હે ભદન્ત ! નારક જીવો કેટલા પ્રકારનાં પુદ્દગલોનું વેદન કરે છે ? હે ગૌતમ ! બે પ્રકારનાં પુદ્દગલોનું વેદન કરે છે-સૂક્ષ્મ પુદ્દગલોનું અને બાદર પુદ્દગલોનું. હે ભદન્ત ! નારક જીવો કેટલા પ્રકારનાં પુદ્દગલોની નિર્જરા કરે છે ? હે ગૌતમ ! નારક જીવો સૂક્ષ્મ અને બાદર એ રીતે બે પ્રકારનાં પુદ્દગલોની નિર્જરા કરે છે. આ બધું કથન કર્મદ્રવ્યવર્ગણાને આશ્રિત કરીને કરવામાં આવ્યું છે તેમ સમજવું. એ જ પ્રમાણે અપવર્તન, સંક્રમણ, નિધત્ત અને નિકાચિત, એ પદોમાં પણ કર્મદ્રવ્યવર્ગણાને આશ્રિત કરીને પૂર્વોક્ત રીતે જ કથન થયેલું સમજવું. પરંતુ એ પદોમાં એ કથન ત્રિકાળની અપેક્ષાએ થયેલું સમજવાનું છે. જેમ કે—નારક જીવોએ પહેલાં ભૂતકાળમાં કર્મદ્રવ્યવર્ગણાનાં અણુ અને બાદર પુદ્દગલોનું અપવર્તન કર્યું, ઉદ્વર્તન કર્યું. તેમનું અપવર્તન ઉદ્વર્તન તેઓ વર્તમાનકાળમાં કરે છે અને ભવિષ્યકાળમાં તેઓ તેનું અપવર્તન ઉદ્વર્તન કરશે. એજ પ્રમાણે નારક જીવોએ પહેલાં ભૂતકાળમાં કર્મદ્રવ્યવર્ગણાનાં સૂક્ષ્મ અને બાદર પુદ્દગલોનું સંક્રમણ કર્યું હતું, તેઓ વર્તમાનકાળમાં તેમનું સંક્રમણ કરે છે અને ભવિષ્યકાળમાં સંક્રમણ કરશે. નારક જીવોએ ભૂતકાળમાં કર્મદ્રવ્યવર્ગણાનાં સૂક્ષ્મ અને બાદર પુદ્દગલોનું નિધત્તકરણ કર્યું હતું, વર્તમાનકાળમાં તેમનું નિધત્તકરણ તેઓ કરે છે અને ભવિષ્યકાળમાં પણ તેમનું નિધત્તકરણ કરશે. નારક જીવોએ ભૂતકાળમાં કર્મદ્રવ્યવર્ગણાઓનાં સૂક્ષ્મ અને બાદર પુદ્દલોનું નિકાચિતકરણ કર્યું હતું, વર્તમાનકાળમાં તેઓ તેમનું નિકાચિતકરણ કરે છે અને ભવિષ્યમાં પણ કરશે. આ સઘળું વક્તવ્ય કર્મદ્રવ્યવર્ગણાને આશ્રિત કરીને કરવામાં આવ્યું છે તેમ સમજવું.

## પુદ્ગલ સૂત્ર કા વર્ણન

ટીકાર્થ—પુદ્દગલોનો અધિકાર ચાલતો હોવાથી પુદ્દગલોને આધારે જ સૂત્રકારે આ ૧૮ ( અઢાર ) સૂત્રો કહ્યાં. છે. “ नेरइयाणं भंते ! ” ઈત્યાદિ પદો દ્વારા ગૌતમ સ્વામી ભગવાન મહાવીર પ્રભુને પૂછે છે કે હે ભગવાન્ ! નારક જીવોના કેટલા પ્રકારના પુદ્દગલ ભેદાય છે ? તેનું તાત્પર્ય એ છે કે તીવ્ર, મંદ અને મધ્યમરૂપે રસમાં જે ભેદ (ભેદન) થાય છે તે ભેદ દ્વારા નારક જીવોનાં કેટલા

પ્રકારનાં કર્મપુદ્ગલ અનેક ભેદવાળાં થાય છે ? એટલે કે ઉદ્વર્તનાકરણ અને અપવર્તનકરણ, એ બે કારણો દ્વારા નારકજીવોનાં મંદરસવાળાં કર્મપુદ્ગલ તીવ્ર રસવાળાં થાય છે અને તીવ્રરસવાળાં કર્મપુદ્ગલ મંદ રસવાળાં થાય છે. આ પ્રશ્નનો ઉત્તર આપતાં ભગવાન કહે છે કે હે ગૌતમ ! "**कम्मदव्ववग्गण-महिकिच्च**" કર્મદ્રવ્યવર્ગણાની અપેક્ષાએ બે પ્રકારનાં કર્મપુદ્ગલ વિવિધ-ભેદવાળાં થાય છે. સમાન જાતીય દ્રવ્યોની રાશિને દ્રવ્યવર્ગણા કહે છે. ઔદારિક આદિ દ્રવ્યોની પણ એવી દ્રવ્યવર્ગણા હોય છે. તેથી એવી ઔદારિક આદિ દ્રવ્ય. વર્ગણાના નિવારણને માટે "**कम्म**" પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે. કર્મરૂપ જે દ્રવ્યવર્ગણા છે. તેનું નામ કર્મદ્રવ્યવર્ગણા છે. અથવા કર્મદ્રવ્યોની જે વર્ગણા છે તેમને કર્મદ્રવ્યવર્ગણા કહે છે. એવી કર્મદ્રવ્યવર્ગણાની અપેક્ષાએ નારક જીવોનાં બે પ્રકારનાં પુદ્ગલોને વિવિધ ભેદવાળાં કહ્યાં છે. કહેવાનું તાત્પર્ય એ છે કે ઔદારિક આદિ દ્રવ્યોમાંનું એક માત્ર કર્મદ્રવ્ય જ એવું છે કે જે સૂક્ષ્મ હોય છે. એ કર્મદ્રવ્યોની અપેક્ષાએ જ સૂક્ષ્મતા અને સ્થૂલતા હોય છે-અન્ય દ્રવ્યોની અપેક્ષાએ એવું હોતું નથી. તેથી નારક જીવોનાં જે પુદ્ગલદ્રવ્યોને વિવિધ ભેદવાળાં કહેવામાં આવેલ છે તે કર્મદ્રવ્યવર્ગણાની અપેક્ષાએ જ સમજવું જોઈએ-અન્ય દ્રવ્યવર્ગણાની અપેક્ષાએ સમજવાનું નથી.

હવે સૂત્રકાર આહાર દ્રવ્યનો આશ્રય લઈને ચય અને અપચય બતાવે છે- પહેલાં ગૌતમ સ્વામી પ્રશ્ન પૂછે છે કે '**भंते**, હે ભદન્ત ! "**नेरइयाणं कइविहा-पोग्गला चिज्जंति**" નારક જીવોનાં કેટલા પ્રકારનાં પુદ્ગલો ચય પામે છે ? પ્રશ્ન-કાર એમ પૂછવા માગે છે કે કેટલા પ્રકારનાં પુદ્ગલોનો નારક જીવોને સામાન્ય રૂપે ચય થાય છે ?

ઉત્તર હે ગૌતમ ! આહારદ્રવ્યવર્ગણાની અપેક્ષાએ સૂક્ષ્મ અને સ્થૂલ એવા બે પ્રકારના આહારદ્રવ્યવર્ગણાનાં પુદ્ગલોનો ચય નારક જીવોને થાય છે ઉપચયના વિષયમાં પણ એમ સમજવું. આ વિષયનું વક્તવ્ય આ પ્રમાણે છે- હે ભદન્ત ! નારક જીવોના કેટલા પ્રકારનાં પુદ્ગલદ્રવ્યો ઉપચિત થાય છે- (ઉપચય પામે છે) ? ઉત્તર-આહારદ્રવ્યવર્ગણાની અપેક્ષાએ બે પ્રકારનાં પુદ્ગલ દ્વારા ઉપચય પામે છે-(૧) સૂક્ષ્મ અને (૨) સ્થૂલ. 'ચય' સૂત્રની જેમ આ આલાપકનો-ઉપચયનો અર્થ સમજવો. ઉપચય એટલે વિશેષરૂપે વૃદ્ધિ થવી. ચય અને ઉપચય એ બન્ને શરીરાશ્રિત હોય છે અને શરીર આહાર પર આધાર રાખે છે-તે કારણે ચય અને ઉપચય વિષયક બન્ને સૂત્રોમાં "**आहारद्रव्यवर्गणाम-धिकृत्य**" એવું કહેલ છે. હવે સૂત્રકાર કર્મદ્રવ્ય વર્ગણાનો આશ્રય લઈને કહે છે- પ્રશ્ન-હે ભદન્ત ! નારક જીવો કેટલા પ્રકારનાં પુદ્ગલોની ઉદીરણા કરે છે ? ઉત્તર-હે ગૌતમ ! કર્મદ્રવ્યવર્ગણાની અપેક્ષાએ નારક જીવ બે પ્રકારનાં પુદ્ગલોની

ઉદીરણા કરે છે, (૧) સૂક્ષ્મ અને (૨) સ્થૂલ. ' सेसा वि एवं चेव" બાકીનાં પદોનાં વિષયમાં-વેદન અને નિર્જરણ વિષે-પણ એમ જ સમજવું તેનું તાત્પર્ય આ પ્રમાણે છે-નારક જીવ કર્મદ્રવ્યવર્ગણાની અપેક્ષાએ સૂક્ષ્મ અને સ્થૂલ, એ બે પ્રકારનાં પુદ્‌ગલોનું વેદન કરે છે અને એ જ બે પ્રકારનાં પુદ્‌ગલોની નિર્જરા કરે છે. કર્મદ્રવ્યોનું જ ઉદીરણ, વેદન અને નિર્જરણ થાય છે. તે કારણે જ ' कम्मदव्व-वग्गणमहिकिच्च ' એવો પાઠ મૂકયો છે. કર્મદ્રવ્યવર્ગણાના સૂક્ષ્મ અને સ્થૂલ બન્ને પ્રકારનાં પુદ્‌ગલોનું નારક જીવો અપવર્તન કરે છે, ભવિષ્યકાળમાં તેઓ તેનું અપવર્તન કરશે, અને ભૂતકાળમાં તેમણે તેમનું અપવર્તન કર્યું હતું. એજ વાત " ओवट्टेंति", "ओवट्टिसंति " અને "ओवट्टिंसु" આ પદો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. ખાસ અધ્યવસાય દ્વારા કર્મોની સ્થિતિમાં હીનતા લાવવી તેનું નામ 'અપવર્તન' છે. અહીં 'અપવર્તન' પદ 'ઉદ્વર્ત્તન' નું ઉપલક્ષક છે. તેથી અપવર્તન પદ દ્વારા ઉદ્વર્ત્તન પણ ગ્રહણ કર્યું છે. અધ્યવસાય વિશેષથી કર્મોની સ્થિતિમાં વૃદ્ધિ કરવી તેનું નામ 'ઉદ્વર્ત્તન' છે નારક જીવો પોતાના કર્મોની સ્થિતિને સંક્રમિત પણ કરે છે. એક કર્મપ્રકૃતિનું બીજી કર્મપ્રકૃતિ રૂપે પરિણમન થવું તેનું નામ 'સંક્રમણ' છે. આઠે મૂળ પ્રકૃતિયોનું પરસ્પરમાં સંક્રમણ થતું નથી' એવો નિયમ છે. એટલે કે એક મૂળ પ્રકૃતિ બીજી મૂળ પ્રકૃતિના રૂપમાં બદલાતી નથી. પણ ઉત્તર પ્રકૃતિયોમાં એવો નિયમ નથી. ઉત્તર પ્રકૃતિયોમાં સમાન જાતીય પ્રકૃતિયોનું તેમની સમાન જાતીય બીજી પ્રકૃતિયોમાં પણ સંક્રમણ જોવા મળે છે. એટલે કે એક પ્રકૃતિ બદલાઇ જઈને બીજી પ્રકૃતિરૂપ બની જાય છે. જેમ કે-મતિજ્ઞાનાવરણ બદલાઇને શ્રુતજ્ઞાનાવરણ આદિરૂપ થઈ જાય છે. ત્યારે ઉદયકાળમાં તે તેનું ફળ એ જ રૂપે દે છે. તો પણ કેટલીક એવી ઉત્તર પ્રકૃતિયો છે કે જેમનું પરસ્પરમાં સંક્રમણ થતું નથી. જેમ કે-દર્શન મોહનીયનું ચારિત્ર મોહનીયરૂપે અને ચારિત્ર મોહનીયનું દર્શન મોહનીય-રૂપે સંક્રમણ થતું નથી. પરન્તુ દર્શનમોહનીયના ઉપભેદો (અવાન્તર ભેદો)નું પરસ્પરમાં સંક્રમણ થવાનો અને ચરિત્ર મોહનીયના અવાન્તર ભેદોનું પરસ્પરમાં સંક્રમણ થવાનો સંભવ અવશ્ય છે. એ જ પ્રમાણે ચારે આયુઓનું પરસ્પરમાં સંક્રમણ થતું નથી.

## પ્રકૃતિ કા અપરિવર્તનાદિ કા વર્ણન

એ વિષયને " मूलप्रकृत्यभिन्नानामुत्तरप्रकृतीनामध्यवसाय-विशेषणपरस्परं संचारणम् " આ પાઠ દ્વારા સમજાવ્યો છે. મૂળ પ્રકૃતિયોથી અભિન્ન ઉત્તર પ્રકૃતિયોનો જે અધ્યવસાય વિશેષ દ્વારા પરસ્પરમાં સંચાર થાય છે તેનું નામ સંક્રમણ છે. એ વાત જ કહી છે.–મૂળપ્રકૃતિયો કરતાં અભિન્ન એવી ઉત્તર પ્રકૃતિયોનું જે અધ્યવસાય વિશેષ દ્વારા અરસપરસમાં બદલવાનું કાર્ય થાય છે તેનું નામ જ 'સંક્રમ' છે. આ સંક્રમણની ક્રિયામાં અમૂર્ત આત્માનું મોહનીય, અને ચારિત્ર મોહનીય સિવાયની બધી પ્રકૃતિયોનો ઉત્તર પ્રકૃતિરૂપ સંચાર થાય છે. એ વાતને દૃષ્ટાન્ત દ્વારા આ પ્રમાણે સમજાવી શકાય–જેમકે સાતાવેદનીય કર્મનો અનુભવ કરતા કોઇ જીવને કંડરીકની જેમ એવી અશુભ કર્મની પરિણુતિ થઇ કે જેને લીધે સાતાવેદનીયકર્મ અસાતાવેદનીય રૂપે પરિણમી જાય. એ જ પ્રમાણે અન્ય જગ્યાએ પણ એમ જ સમજી લેવું જોઈએ. જેમકે અસાતાવેદનીયકર્મનો અનુભવ કરતા અનાથી જેવા કોઈ જીવનું અસાતાવેદનીય-કર્મ પણ શુભ અધ્યવસાયનાપ્રભાવથી શાતવેદનીય રૂપે પરિણમે છે.

## કર્મપુદ્ગલ વિષય કા નિરૂપણ

"निहत्तिंसु, निहत्तंति निहत्तिस्संति" ઈત્યાદિ પદો દ્વારા એમ પૂછવામાં આવ્યું છે કે–નારક જીવોએ ભૂતકાળમાં કેટલા પ્રકારનાં કર્મપુદ્ગલોનો નિધત્ત કર્યો, વર્તમાનકાળમાં કેટલા પ્રકારનાં કર્મપુદ્ગલોનો નિધત્ત કરે છે, અને ભવિષ્યકાળમાં કેટલા પ્રકારનાં કર્મપુદ્ગલોનો નિધત્ત કરશે ? એ પ્રશ્નોનો જવાબ આપતાં પ્રભુ કહે છે-હે ગૌતમ ! નારક જીવોએ કર્મદ્રવ્યવર્ગણા સૂક્ષ્મ અને સ્થૂલ પુદ્ગલોનું ભૂતકાળમાં નિધત્તકરણ કર્યું વર્તમાનકાળમાં તેઓ તેનું નિધત્તકરણ કરે છે, અને ભવિષ્ય. કાળમાં પણ તેઓ તેમનું નિધત્તકરણ કરશે. પછીનાં સૂત્રોમાં પણ એ પ્રમાણે જ સમજવું પરસ્પર વિશ્લિષ્ટ કર્મપુદ્ગલોનો સંચય કરીને તેમને ધારણ કરવા

તેનું નામ 'નિધત્ત' છે. કર્મની આ એવી અવસ્થા છે કે જે ઉદ્વર્ત્તના અને અપવર્તનાકરણ સિવાયના અન્ય કરણોની વિષયભૂત હોતી નથી. એટલે કે તે અવસ્થામાં ઉદીરણા અને સંક્રમણ થતાં નથી. નિધત્ત અવસ્થા પામેલાં કર્મોનાં ઉદ્વર્ત્તના અને અપવર્તના, એ બે કરણ હોય છે. "निकाइंसु, निकायंति, निकाइस्संति" નારક જીવોએ ભૂતકાળમાં કર્મદ્રવ્યવર્ગણાઓનાં સૂક્ષ્મ અને સ્થૂલ પુદ્‌ગલોને નિકાચિત કર્યાં, વર્તમાનકાળમાં તેઓ તેમનું નિકાચન કરે છે અને ભવિષ્યકાળમાં પણ તેઓ તેમનું નિકાચન કરશે. ભિન્ન ભિન્ન પુદ્‌ગલોનું પરસ્પરની સાથે એકમેક થવું તેનું નામ નિકાચિતકરણ છે. એટલે કે જે કરણમાં જુદા જુદા કર્મપુદ્‌ગલો પરસ્પરમાં-એક બીજામાં અવગાહી થઈ જાય છે તે કરણનું નામ નિકાચિતકરણ છે. જેવી રીતે અગ્નિમાં તપાવીને અને ટીપી ટીપીને સોયોના સમૂહને એકમેક કરી નાખવામાં આવે છે એ જ પ્રમાણે નિકાચિતકરણ દ્વારા પણ કર્મપુદ્‌ગલ બધાં કરણોના અવિષયભૂત બનીને આપસમાં એકમેક થઇને રહે છે. કહેવાનું તાત્પર્ય એવું છે કે અનેક સોયોના સમૂહને પહેલાં અગ્નિમાં તપાવવામાં આવે અને પછી હથોડી વડે ખૂબ ટીપવામાં આવે તો તે સોયો એકમેકમાં એવી મળી જાય છે કે તેમાંની એક પણ સોયને કોઈ પણ રીતે અલગ કરી શકાતી નથી. એજ પ્રમાણે આત્માના તીવ્ર પરિણામો દ્વારા એકત્રિત થયેલાં કર્મપુદ્‌ગલો આપસમાં-એકમેકની સાથે એવાં મળી જાય છે કે તેમને ભોગવ્યા વિના છુટકારો જ થઈ શકતો નથી. કોઈ પણ કરણ દ્વારા એમાં થોડો પણ ફેરફાર થઈ શકતો નથી. "सव्वेसु वि" અપવર્તન, સંક્રમણ, નિધત્ત, નિકાચન, એ પદોમાં "कम्मदव्ववग्गणमहिकिच्च" નો સંબંધ બધે જોડી લેવો જોઈએ, કારણ કે એ અપવર્તન આદિ કર્મદ્રવ્યની અપેક્ષાએ થાય છે. ભેદાદિ પદોનો સંગ્રહ કરનારી ગાથાનો અર્થ સ્પષ્ટ છે. તેમાં એ વિશેષતા છે કે "भिज्जंति" પદથી લઈને "निज्जरेंति" સુધીનાં પદો વર્તમાનકાળ રૂપે દર્શાવ્યાં છે. અને અપવર્તન, સંક્રમણ, નિધત્ત, અને નિકાચન, એ પદોમાં વર્તમાન, ભૂત અને ભવિષ્ય એ ત્રણે કાળનો નિર્દેશ કરાયો છે. તેથી એ અપવર્તન આદિક ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળના નિર્દેશથી વાચ્ય કહેવાયા છે. તેથી અહીં એમ સમજી લેવું જોઈએ કે જે રીતે અપવર્તન આદિ પદોમાં ત્રણે કાળનો નિર્દેશ કરાયો છે, એજ રીતે ન્યાયની સમાનતા હોવાને કારણે ભેદાદિકોમાં પણ તે ત્રણે કાળનો નિર્દેશ સમજી લેવો જોઈએ. પરન્તુ સૂત્રકારે અહીં સૂત્રમાં તેમની બાબતમાં એવો નિર્દેશ કર્યો નથી તેનું કારણ એ છે કે ભૂત અને ભવિષ્યરૂપે ભેદાદિકોનું વર્ણન થયું નથી. એજ કારણે સૂત્રકારે ભેદાદિ પદોમાં ત્રણે કાળોનો નિર્દેશ કર્યો નથી. ભેદન, ચયન, ઉપચયન, ઉદીરણ, વેદન અને નિર્જરણમાં વર્તમાનકાળ સંબંધી છ ભેદ થઈ જાય છે. અને અપવર્તન, સંક્રમણ, નિધત્ત અને નિકાચન, એ ચારમાં ત્રણ કાળના યોગથી ૧૨ ભેદ થાય છે. એમને એકત્ર કરવાથી (છ + બાર મળીને) ૧૮ સૂત્રી (અષ્ટાદશ સૂત્રી) થઈ જાય છે.॥સૂ. ૧૪॥

"णेरइयाणं भंते ! जे पोग्गले" इत्यादि ।

(भंते) હે ભદન્ત ! (नेरइया) નારક જીવો (जे पोग्गले) જે પુદ્ગલોને (तेया कम्मत्ताए) તૈજસ કાર્માણરૂપે (गेण्हंति) ગ્રહણ કરે છે ( ते किं तीतकालसमए गेण्हंति) તેમને તેઓ શું ભૂતકાળના સમયમાં ગ્રહણ કરે છે ? કે (पडुप्पण्णकालसमये-गेण्हंति) વર્તમાનકાળના સમયમાં ગ્રહણ કરે છે ? કે (अणागयकाल समये गेण्हंति) ભવિષ્યકાળના સમયમાં ગ્રહણ કરે છે ?

(गोयमा !) હે ગૌતમ ! ( णोतीतकालसमये गेण्हंति, णो अणागयकालसमये गेण्हंति, पडुप्पण्णकालसमये गेण्हंति ) તેઓ તેમને ભૂતકાળના સમયમાં ગ્રહણ કરતા નથી, પણ વર્તમાનકાળના સમયમાં ગ્રહણ કરે છે.

(भंते) હે ભદન્ત ! (नेरइया) નારક જીવો (तेया कम्मत्ताए) તૈજસ કાર્મણ-રૂપે (गहिए) ગ્રહણ કરેલાં (जे पोग्गले) જે પુદ્ગલોની (उदीरेंति) ઉદીરણા કરે છે (ते) તે (किं) શું (तीतकालसमयगहिए पोग्गले उदीरेंति) ભૂતકાળના સમયે ગ્રહણ કરેલાં પુદ્ગલોની ઉદીરણા કરે છે ? કે (पडुप्पण्णकालसमयघेप्पमाणे पोग्गले उदीरेंत्ति) વર્તમાનકાળ સમયે ગ્રહણ કરાઈ રહેલાં પુદ્ગલોની ઉદીરણા કરે છે ? કે (गहणसमयपुरक्खडे पोग्गले उदीरेंति) કે જેમનો ઉદયકાળ ભવિષ્યમાં આવવાનો છે એવાં પુદ્ગલોની ઉદીરણા કરે છે ?

(गोयमा !) હે ગૌતમ ! ( अतीतकालसमयगहिए पोग्गले उदीरेंति) તેઓ ભૂતકાળે ગ્રહણ કરેલાં પુદ્ગલોની ઉદીરણા કરે છે. (णो पडुप्पण्णकालसमयघेप्पमाणे पोग्गले उदीरेंति, णो गहणसमयपुरक्खडे पोग्गले उदीरेंति) વર્તમાન-કાળમાં ગ્રહણ કરાઈ રહેલાં પુદ્ગલોની ઉદીરણા કરતા નથી અને ભવિષ્યકાળમાં ઉદયમાં આવનારાં પુદ્ગલોની ઉદીરણા કરતા નથી. (एवं वेदेंति णिज्जरेंत्ति) એજ પ્રમાણે વેદન અને નિર્જરણ કરવા વિષે પણ સમજી લેવું.

ટીકાર્થ—પુદ્ગલનો અધિકાર ચાલતો હોવાથી સૂત્રકારે આ ચાર સૂત્રો પુદ્ગલના વિષયમાં જ કહ્યાં છે–"णेरइयाणं भंते" વગેરે- હે ભદન્ત ! નારક જીવો જે પુદ્ગલોને તૈજસ શરીર અને કાર્મણ શરીરરૂપે ગ્રહણ કરે છે એટલે કે નારક જીવો જે પુદ્ગલોને તૈજસ અને કાર્મણ શરીરરૂપે પરિણમાવે છે તે પુદ્ગલો શું તેમના દ્વારા ભૂતકાળના સમયે ગ્રહણ કરાયાં હોય છે ? કે વર્તમાનકાળના સમયે ગ્રહણ કરાઈ રહ્યાં હોય એવાં હોય છે ? કે ભવિષ્યકાળ સમયે ગ્રહણ થવાના છે એવાં હોય છે ? અહીં "तेयाकम्मत्ताए" પદ દ્વારા તૈજસ શરીર અને કાર્મણ શરીર લેવામાં આવ્યું છે. અતીત (ભૂત) કાળનો જે સમય તેને અતીતકાળ સમય કહે છે. અથવા–અતીતકાળરૂપ જે ઉત્સર્પિણી આદિનો સમય પરમનિકૃષ્ટ અંશ-તેનું નામ અતીતકાળ સમય છે. કાલસમયમાં કાળરૂપ સમય જ ગ્રહણ કરાયો છે, આચાર આદિરૂપ સમય નહીં. તથા કાળ પણ સમયરૂપે જ ગ્રહણ કરાયો-

છે, કૃષ્ણાદિ વર્ણરૂપે નહીં. શંકા–કાળ અને સમયમાં જો સમાનરૂપે એકાર્થતા રહેલી છે તો એક દ્વારા જ અન્યનો બોધ થઈ જાય છે, પદાન્તર રાખવાની શી આવશ્યક્તા છે ?

ઉત્તર–એવી શંકા અસ્થાને છે, કારણ કે કાળ અને સમયમાં એકાર્થકતા–સમાનાર્થકતા નથી, પણ ભિન્નાર્થકતા છે. તેથી એકથી બીજાના અર્થની પ્રાપ્તિ થવી અસંભવિત છે. તેથી સમય અને કાળ, એ બન્ને પદો અહીં મૂકયાં છે. તે બન્ને પદો જ પોત પોતાના વાચ્યાર્થ (કહેવાયોગ્ય અર્થ)નું પ્રતિપાદન કરાવે છે, તેથી તેઓ નિરર્થક નથી પણ સાર્થક જ છે.

ગૌતમ સ્વામીના પ્રશ્નોનો ઉત્તર દેતાં ભગવાન કહે છે કે હે ગૌતમ ! નારક જીવો જે પુદ્ગલોને તૈજસ અને કાર્મણ શરીર રૂપે ગ્રહણ કરે છે તે ભૂતકાળના સમયમાં કે ભવિષ્યકાળના સમયમાં ગ્રહણ કરતા નથી. કારણ કે તે બન્ને કાળ અને સમય વિષયાતીત હોય છે. તેથી અતીત (ભૂત) અનાગત (ભવિષ્ય) કાળવિષયક પુદ્ગલોને ગ્રહણ કરવાનો નિષેધ કરાયો છે. તે બન્ને–કાળ અને સમય–ને વિષયાતીત દર્શાવવાનું કારણ એ છે કે અતીતકાળ સમયે તો તેઓ વિનષ્ટ થઇ ચુકયા હોય છે અને ભવિષ્યકાળ સમયે તેઓ અનુત્પન્ન હોવાને કારણે તે સમયે તેમનો સદ્ભાવ હોતો નથી વર્તમાન કાળ અને સમયમાં પણ તેઓ એ પુદ્ગલોને જ ગ્રહણ કરે છે કે જે સંમુખ આવેલાં હોય છે–સંમુખ ન હોય એવાં પુદ્ગલોને નહીં. ઉદીરણાવિષયક પ્રશ્નમાં પણ એજ સમજવાનું છે કે નારક જીવો પૂર્વે તૈજસ કાર્મણરૂપે ગ્રહણ કરેલાં પુદ્ગલોની જ ઉદીરણા કરે છે, પણ વર્તમાન-કાળ અને સમયે ગ્રહણ કરવામાં આવતાં કે ભવિષ્યમાં ગ્રહણ કરાનારાં પુદ્ગલોની ઉદીરણા કરતા નથી, કારણ કે પૂર્વકાળમાં ગ્રહણ કરેલાં પુદ્ગલોની જ ઉદીરણા થાય છે. જેમનો ગ્રહણ સમય વર્તમાન સમયથી પછીનો સમય હોય છે તે પુદ્ગલો " **गहणसमयपुरक्खडे** " છે. એટલે કે જે પુદ્ગલ ભવિષ્યકાળના સમયમાં ગ્રહણ થવાનાં છે તેઓ '**गहणसमयपुरक्खड**' શબ્દના વાચ્યાર્થ છે. તેમની અને વર્તમાનકાળમાં ગ્રહણ થઈ રહેલાં પુદ્ગલોની ઉદીરણા થતી નથી. જે પુદ્ગલો વર્તમાનકાળે ગ્રહણ કરાઈ રહ્યાં છે અને ભવિષ્યકાળે જેમને ગ્રહણ કરવાનાં છે, તેઓ અગૃહીત હોવાને કારણે ઉદીરણાને યોગ્ય હોતાં નથી, કારણ કે તે સમયે તેમનો સદ્ભાવ હોતો નથી. ઉદીરણા સૂત્રની જેમ જ વેદના અને નિર્જરણ સૂત્રની વ્યાખ્યા પણ સમજવાની છે. ॥ સૂ. ૧૫ ॥

હવે સૂત્રકાર કર્મના અધિકાર કર્મ વિષેનાં આઠ સૂત્રો કહે છે—

“णेरइया णं भंते ! जीवाओ” ઇત્યાદિ.

(भंते) હે ભદન્ત ! (णेरइया जीवाओ चलिय कम्मं बंधति) નારક જીવો જીવપ્રદેશથી ચલિત કર્મનો બંધ કરે છે ? કે (अचलियं कम्मं बंधंति) અચલિત કર્મનો બંધ કરે છે ?

(गोयमा !) હે ગૌતમ ! (णो चलियं कम्मं बंधति) નારક જીવો ચલિત કર્મનો બંધ કરતા નથી, (अचलियं कम्मं बंधन्ति) અચલિત કર્મનો બંધ કરે છે.

(भंते) હે ભદન્ત ! (णेरइया णं जीवाओ किं चालियं कम्मं उदीरेंति) નારક જીવો જીવપ્રદેશથી ચલિત કર્મની ઉદીરણા કરે છે, કે (अचलियं कम्मं-उदीरेंति) અચલિત કર્મની ઉદીરણા કરે છે ?

(गोयमा !) હે ગૌતમ ! (णो चलियं कम्मं उदीरेंति) નારક જીવો ચલિત કર્મની ઉદીરણા કરતા નથી, પણ (अचलियं कम्मं उदीरेंति) અચલિત કર્મની ઉદીરણા કરે છે. (एवं वेदेंति, उवट्टेंति, संकामेंति, निहत्तेंति, णिकायेंति, सव्वेसु-अचलियं, नो चलिय) એજ પ્રમાણે નારક જીવો અચલિત કર્મનું વેદન કરે છે, ચલિત કર્મનું નહીં. અચલિત કર્મની ઉદ્વર્તના કરે છે, ચલિત કર્મની નહીં. નારકજીવો અચલિત કર્મનું સંક્રમણ કરે છે. ચલિત કર્મનું નહીં, અને અચલિત કર્મનું નિકાચન કરે છે ચલિત કર્મનું નહીં. આ રીતે આ બધાં પદો સાથે અચલિત કર્મનો પ્રયોગ કરવો જોઇએ, ચલિત પદનો નહીં. (भंते) હે-ભદન્ત ! (णेरइया णं किं जीवाओ चलियं कम्मं णिज्जरेंति) નારક જીવો જીવ-પ્રદેશથી ચલિત કર્મની નિર્જરા કરે છે કે (अचलियं कम्मं णिज्जरेंति) અચલિત કર્મની નિર્જરા કરે છે ? (गोयमा !) હે ગૌતમ ! નારક જીવો (चलियं कम्मं-णिज्जरेंति) ચલિત કર્મની નિર્જરા કરે છે, પણ (णो अचलियं कम्मं णिज्जरेंति) અચલિત કર્મની નિર્જરા કરતા નથી. આ વાત જે ગાથામાં બતાવી છે તે ગાથાનો અર્થ આ પ્રમાણે છે–બંધ, ઉદય, વેદન, અપવર્તન સંક્રમણ, નિધત્ત અને નિકાચનમાં અચલિત કર્મ હોય છે અને નિર્જરામાં ચલિત કર્મ હોય છે.

ટીકાર્થ—“जीवाओ” પદ દ્વારા અહીં જીવ પ્રદેશો ગ્રહણ કરવામાં આવેલ છે. જે કર્મ જીવપ્રદેશમાં નહીં રહેવાના સ્વભાવવાળું હોય છે તે કર્મને ચલિત કર્મ કહે છે, અને ચલિતથી ઉલટા સ્વભાવનું જે કર્મ હોય છે તેને અચલિત કર્મ કહે છે. પ્રશ્નો અને ઉત્તરો ઉપર લખવામાં આવ્યા છે. પહેલા પ્રશ્નના ઉત્તરમાં કહ્યું છે કે નારક જીવો અચલિત કર્મનો બંધ કરે છે. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે–જ્યારે જીવ રાગાદિ ભાવોથી પરિણત થાય છે ત્યારે તે જ્યાં આત્મા રહે છે ત્યાં રહેલો યોગ પોતાના સમસ્ત પ્રદેશોની સાથે કર્મનો બંધ કરે છે. તે બંધના કારણરૂપ તેનો મન, વચન અને કાયનો યોગ હોય છે. જેવી રીતે ચીકણા વસ્ત્રથી કોઇ પ્રાણીના શરીરનું મર્દન કરવામાં આવ્યું હોય

તો તે પ્રાણી રજ આદિ મેલના સંગ્રહરૂપ બંધ બાંધે છે, તેવી રીતે જીવના કષાય ભાવો જ કર્મ બંધના કારણરૂપ હોય છે. જ્યારે જીવ રાગાદિ કષાયોથી યુક્ત હોય છે ત્યારે તે કર્મનાં યોગ્ય પુદ્‌ગલોનું ગ્રહણ સમસ્ત આત્મ પ્રદેશોથી કરે છે. તે કર્મોના આગમનનું કારણ તેના મન, વચન અને કાયની ક્રિયારૂપ યોગ હોય છે. એજ વાત આ ગાથા દ્વારા પ્રગટ કરવામાં આવી છે. જે દેશમાં જીવ રહેલો હોય છે તે દેશગત કર્મનો જ બંધ કરે છે-અન્ય દેશગત કર્મનો નહીં, અને અયોગ્ય કર્મનો પણ નહીં. જ્યાં સુધી જીવ રાગાદિ ભાવોથી આવૃત્ત (યુક્ત) થતો નથી ત્યાં સુધી તે કર્મનો બંધ બાંધતો નથી, અને મન, વચન અને કાય, એ ત્રણેના યોગોથી જીવ રહિત હોય ત્યાં સુધી તે કર્મબંધ બાંધતો નથી. બંધ વિષેનું વક્તવ્ય ઉપર પ્રમાણે છે.

ગૌતમ સ્વામી બીજો પ્રશ્ન પૂછે છે કે હે ભગવન્! નારક જીવ જીવ-પ્રદેશથી ચલિત કર્મની ઉદીરણા કરે છે કે અચલિત કર્મની ઉદીરણા કરે છે? તે પ્રશ્નના જવાબમાં મહાવીર સ્વામી કહે છે કે હે ગૌતમ! નારક જીવ જીવ-પ્રદેશથી અચલિત કર્મની જ ઉદીરણા કરે છે, ચલિત કર્મની નહીં. એજ પ્રમાણે તેઓ અચલિત કર્મનું જ વેદન કરે છે (અનુભવ કરે છે), ચલિત કર્મનું નહીં. તેઓ અચલિત કર્મનું જ અપવર્તન કરે છે, ચલિત કર્મનું નહીં. એટલે કે તેઓ અધ્યવસાય વિશેષ દ્વારા તેમની સ્થિતિ આદિમાં હીનતા (ન્યૂનતા) લાવી દે છે. અપવર્તન એટલે અધ્યવસાય વિશેષ દ્વારા સ્થિતિ આદિને ઓછી કરી નાખવી. મૂળ પ્રકૃતિયોથી અભિન્ન એવી ઉત્તર પ્રકૃતિયોને પરસ્પરમાં બદલી નાખવી તેનું નામ સંક્રમણ છે. જુદાં જુદાં કર્મપુદ્‌ગલોને એક બીજાની સાથે એકત્રિત કરીને ધારણ કરવા તેનું નામ 'નિધત્ત' છે. નિધત્ત અને ઉદ્વર્તના, અપવર્તનાકરણ સિવાયના બીજાં કરણોના વિષયભૂત થતાં નથી. પર-સ્પર વિશ્લિષ્ટ કર્મપુદ્‌ગલોનું જ જે કરણમાં એકમેક થઇ જવાનું બને છે તે કરણને નિકાચિતકરણ કહે છે એટલે કે જે કરણમાં કર્મપુદ્‌ગલ અંદરો અંદર એક બીજાંની અંદર અવગાહી થઇ જાય છે તે કરણનું નામ નિકાચિતકરણ છે જેવી રીતે સોયોના સમૂહને અગ્નિમાં તપાવીને હથોડી વડે ટીપવાથી બધી સોયો એક બીજાની સાથે મળી જાય છે તેવી રીતે નિકાચિતકરણ દ્વારા પણ કર્મપુદ્‌ગલ સમસ્ત કરણોના અવિષયભૂત બનીને અરસ્પરસ એકત્રિત થઇને રહે છે. આ બધાંમાં અચલિત કર્મને જ ગ્રહણ કરવાનું છે, ચલિતને નહીં. કહેવાનું તાત્પર્ય એ છે કે–નારક જીવો જીવપ્રદેશોથી અચલિત કર્મોનું જ વેદન, અપવર્તન આદિ કરે છે, ચલિત કર્મોનું વેદન આદિ કરતા નથી. નિર્જરાના વિષયમાં ગૌતમ સ્વામીએ જે પ્રશ્ન પૂછયો છે તે પ્રશ્નના જવાબમાં ભગવાને કહ્યું છે કે નારક જીવો જીવપ્રદેશોથી ચલિત કર્મની જ નિર્જરા કરે છે, અચલિત કર્મોની નિર્જરા કરતા નથી. રસ રહિત પુદ્‌ગલોની આત્મ પ્રદેશોમાંથી અવસા-તના થવી તેનું નામ નિર્જરા છે. તે નિર્જરા આત્મપ્રદેશથી ચલિત કર્મપુદ્‌ગલની જ થાય છે, અચલિત કર્મપુદ્‌ગલની થતી નથી. બંધ આદિ આઠેમાં–'બંધ'થી

લઇને 'નિકાચન' સુધીમાં અચલિત કર્મ હોય છે. અને નિર્જરામાં ચલિત કર્મ હોય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે નારક જીવો જીવપ્રદેશોથી અચલિત કર્મોનો જ બંધ બાંધે છે, અચલિત કર્મની જ ઉદીરણા કરે છે, અચલિત કર્મોનું જ વેદન કરે છે. આ રીતે 'નિકાચન' સુધી આ પ્રકારનો પાઠ સમજી લેવો. તથા તેઓ ચલિત કર્મની જ નિર્જરા કરે છે. એટલો જ તેમની વચ્ચે તફાવત છે. ગાથાનો અર્થ પહેલાં જ આપી દેવામાં આવ્યો છે. ગાથામાં જે 'उदय' શબ્દ આવ્યો છે તેના દ્વારા 'ઉદીરણા'ને ગ્રહણ કરવાની છે. 'બંધ' પદથી બંધનું પ્રતિપાદન કરનાર સૂત્ર, 'उदय'થી ઉદીરણાનું પ્રતિપાદન કરનાર સૂત્ર, 'वेद'થી વેદનાનું પ્રતિપાદક સૂત્ર, "ओयट्ट" થી અપવર્તનનું પ્રતિપાદન કરનાર ચોથું સૂત્ર, "संकमे" થી સંક્રમણ પ્રતિપાદક પાંચમું સૂત્ર, 'णिहत्तण' થી નિધત્ત પ્રતિપાદક છટ્ઠું સૂત્ર અને "णिकाये" થી નિકાચન સૂત્ર, એ સાતે સૂત્રોમાં અચલિત કર્મ લેવામાં આવ્યું છે. એટલે કે એ સાત સૂત્રોમાં અચલિત કર્મનો જ બંધ આદિ થાય છે તેમ કહ્યું છે. તથા આઠમા સૂત્રમાં એવું કહ્યું છે કે-જીવપ્રદેશોથી ચલિત કર્મની જ નિર્જરા થાય છે, અચલિત કર્મની નહીં. આ પ્રકારનાં તે આઠ સૂત્ર છે, અને આ પ્રકારનો તે સંગ્રહણી ગાથાનો અર્થ છે

॥ **नैरयिकविषयकवक्तव्य समाप्त** ॥

## અસુરકુમારાદિ વત્તકવ્યતાકા નિરૂપણ

**અસુરકુમાર આદિના વકતવ્યનો પ્રારંભ—**

"असुर कुमाराणं भंते" इत्यादि ।

(**भंते!**) હે ભદન્ત! (**असुरकुमाराणं ठिई केवइयं कालं पण्णत्ता ?**) અસુર કુમારોની સ્થિતિ કેટલા કાળની કહી છે? (**गोयमा !**) હે ગૌતમ! (**जहाण्णेणं दसवाससहस्साइं उक्कोसेणं सातिरेगं सागरोवमं**) ઓછામાં ઓછી દસ હજાર વર્ષની અને વધારેમાં વધારે એક સાગરોપમથી થોડી વધારે સ્થિતિ અસુરકુમારોની કહી છે. (**असुरकुमाराणं भंते ! केवइकालस्स आणमंति वा पाणमंति वा**) હે ભદન્ત! અસુરકુમારો કેટલા કાળે શ્વાસ લે છે અને શ્વાસ છોડે છે?

(गोयमा !) હે ગૌતમ ! (जहण्णेणं सत्तण्हं थोवाणं उक्कोसेणं साइरेगस्स पक्खस्स आणमंति वा पाणमंति वा) તેઓ ઓછામાં ઓછા સાત સ્તોકરૂપ કાળને આંતરે અને વધારેમાં વધારે એક પક્ષ (પખવાડિયું) થી થોડા વધારે સમયને આંતરે શ્વાસ લે છે અને શ્વાસ છોડે છે. (असुरकुमाराणं भंते ! आहारट्ठी ?) હે ભદન્ત ! અસુરકુમારો આહારની ઇચ્છા કરે છે ખરા ? (हंता ! आहारट्ठी) હા, તેઓ આહારની ઇચ્છા કરે છે. (भंते ! असुरकुमाराणं केवइकालस्स आहारट्ठे समुप्पज्जइ ?) હે ભદન્ત ! અસુરકુમારોને કેટલા કાળ પછી આહારની ઇચ્છા ઉત્પન્ન થાય છે ? (गोयमा !) હે ગૌતમ ! (असुरकुमाराणं दुविहे आहारे पण्णत्ते) અસુરકુમારોના બે પ્રકારના આહાર કહ્યા છે, (तं जहा) તે પ્રકારો આ પ્રમાણે છે- (आभोगनिव्वत्तिए अणाभोगनिव्वत्तिए) આભોગનિવર્તિત અને અનાભોગનિવર્તિત. (तत्थ णं जे से अणाभोगनिव्वत्तिए) તેમાંનો જે અનાભોગનિર્વાતત આહાર છે (से) તે (अणुसमयं अविरहिए) પ્રત્યેક સમયે વિના કોઇ પ્રકારની (आहारट्ठे) આહારની ઇચ્છાએ (समुप्पज्जइ) વિષયભૂત થતો રહે છે. તથા (गोयमा !) હે ગૌતમ ! (तत्थ णं जे से आभोगनिव्वत्तिए से जहण्णेणं चउत्थभत्तस्स, उक्कोसेणं साइरेगस्स वाससहस्सस आहारट्ठे समुप्पज्जइ) જે આભોગનિર્વર્તિત આહાર છે તે ઓછામાં ઓછા ચતુર્થભક્તને (એક ઉપવાસ) આંતરે અને વધારેમાં વધારે એક હજાર વર્ષ કરતાં થોડા વધારે સમયને આંતરે આહારની અભિલાષાનો વિષય બને છે. (असुरकुमाराणं भंते ! किं आहारं आहारेंति) હે ભગવન ! અસુરકુમાર કેવા પ્રકારનો આહાર લે છે ? (गोयमा !) હે ગૌતમ ! (दव्वओ) દ્રવ્યની અપેક્ષાએ (अणंतपएसिआइं दव्वाइं खित्तकाल, भाव पन्नवणागमेणं, सेसं जहा नेरइयाणं जाव) અનન્ત પ્રદેશવાળાં દ્રવ્યોનો આહાર કરે છે, ઇત્યાદિ બધું ક્ષેત્ર, કાળ, ભાવના વિષયમાં પ્રજ્ઞાપના સૂત્રોક્ત વક્તવ્ય પ્રમાણે સમજવું. તથા આહાર સિવાયનું બધું વર્ણન 'यावत्' સુધી નારક જીવોના પ્રકરણમાં જે વર્ણન છે તે પ્રમાણે જાણવું. (तेणं तेसिं पोग्गला कीसत्ताए भुज्जो भुज्जो परिणमंति ?) હે ભદન્ત ! તે અસુરકુમારો દ્વારા આહાર રૂપે ગ્રહણ કરાયેલાં તે પુદ્ગલો વારંવાર કયા કયા આકારે પરિણમે છે ? (गोयमा !) હે ગૌતમ !

તેમણે આહાર રૂપે ગ્રહણ કરેલાં તે પુદ્ગલો (सोइंदियत्ताए) શ્રોત્રેન્દ્રિયરૂપથી, (जाव फासिंदियत्ताए) સ્પર્શન ઇન્દ્રિય સુધીની ઇન્દ્રિયો રૂપે, પરિણમે છે. (सुरूवत्ताए) સુરૂપપણે, (सुवण्णत्ताए) સુવર્ણપણે, (इट्ठत्ताए) ઇષ્ટપણે, (इच्छियत्ताए) ઇચ્છિતપણે, (कंतत्ताए) કાન્તપણે, (पियत्ताए) પ્રિયપણે, (मणुन्नत्ताए) મનોજ્ઞપણે (मणमत्ताए) પરમાનંદોત્પાદકપણે, (भिज्जियत्ताए) જોવાનો લોભ ઉત્પન્ન કરાવવાપણે, પરિણમે છે. (उड्ढत्ताए) ઉર્ધ્વતામાં પરિણમે છે, (णो अहत्ताए) નીચાપણામાં પરિણમતા નથી. (सुहत्ताए णो दुहत्ताए) સુખપણામાં પરિણમે છે દુઃખપણામાં નહીં. (भुज्जो भुज्जो परिणमंति) ઉપરોક્ત પ્રકારે તે પુદ્ગલો વારંવાર પરિણમન કરતાં રહે છે. (भंते!) હે ભદન્ત! (असुरकुमाराणं पुव्वाहारिया पोग्गला परिणया) શું ભૂતકાળમાં અસુરકુમારોના આહારના વિષયરૂપ બનેલાં પુદ્ગલોનું પરિણમન થઈ ચૂક્યું હોય છે? (असुरकुमाराभिलावेण जहा णेरइयाणं जाव नो अचलियं कम्मं निज्जरेंति) નારક જીવોના વિષયમાં આ વિષયનું જે પ્રમાણે કથન કરવામાં આવ્યું છે તે પ્રમાણે જ "અચલિત કર્મની નિર્જરા કરતા નથી" ત્યાં સુધીનું કથન અસુરકુમારો વિષે પણ સમજી લેવું.

ટીકાર્થ—'ચોવીસ દંડક'માં નારક જીવોના વક્તવ્ય પછી અસુરકુમારોનું વક્તવ્ય આવે છે—એ ક્રમ પ્રમાણે જ અસુરકુમારોનું વર્ણન કરવામાં આવી રહ્યું છે. આ વક્તવ્યમાં સૌથી પહેલાં દેવલોકમાં તેમની સ્થિતિ-દેવલોકમાં રહેવાના કાળ-વિષે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે. તે પ્રશ્નના જવાબમાં ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું છે કે અસુરકુમારોની જઘન્ય-ઓછામાં ઓછી-સ્થિતિ દસ હજાર વર્ષની છે અને ઉત્કૃષ્ટ-વધારેમાં વધારે-સ્થિતિ એક સાગરોપમ કરતાં થોડી વધારે છે. અસુરકુમારોની આ જે ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે તે બલિ નામના અસુરકુમારરાજની અપેક્ષાએ કહી છે. કહ્યું પણ છે કે—"चमरबलिसारमहियं" "ચમરેન્દ્રનું આયુષ્ય સાગરોપમનું છે અને બલીન્દ્રનું આયુષ્ય સાગરોપમથી થોડું વધારે છે." ત્યાર બાદ ગૌતમ સ્વામીએ પૂછ્યું છે કે—અસુરકુમાર દેવો કેટલા કાળને આંતરે "आणमंति वा पाणमन्ति वा" આભ્યન્તરિક શ્વાસોચ્છ્વાસ લે છે અને છોડે છે? તથા—"ऊससंती वा नीससंती वा" બાહ્ય શ્વાસોચ્છ્વાસ લે છે અને છોડે છે? તેના જવાબરૂપે ભગવાને તેમને સમજાવ્યું છે કે હે-ગૌતમ! તેઓ સાત સ્તોકને આંતરે શ્વાસોચ્છ્વાસ લે છે. આ કથન જઘન્ય-ઓછામાં ઓછા-કાળની અપેક્ષાએ કર્યું છે. સ્તોકનું લક્ષણ આ પ્રમાણે છે—હૃષ્ટપુષ્ટ, વૃદ્ધાવસ્થાથી રહિત, અને કોઇ પણ પ્રકારના રોગાદિ ઉપદ્રવથી રહિત એવા પ્રાણીનો જે એક શ્વાસ અને નિઃશ્વાસ થાય છે તેને 'પ્રાણ' કહે છે. એવાં સાત પ્રાણોનો એક 'સ્તોક' બને છે. સાત સ્તોકનો એક 'લવ' થાય છે. ૭૭ (સત્તોતેર) લવનું એક મુહૂર્ત થાય છે. શ્વાસોચ્છ્વાસનું આ જે જઘન્ય અને ઉત્કૃષ્ટ કાળ પ્રમાણે બતાવ્યું છે તે જઘન્ય સ્થિતિવાળાઓનું જઘન્યની અપેક્ષાએ બતાવ્યા પ્રમાણે હોય છે અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળાઓનું ઉત્કૃષ્ટની

અપેક્ષાએ બતાવ્યા પ્રમાણે હોય છે. અસુરકુમાર દેવોના શ્વાસોચ્છ્વાસનો ઉત્કૃષ્ટ કાળ એક પક્ષ (પખવાડિયા)થી થોડા વધારે છે એમ સમજવુ.

## નારકિયોં કે આહારાદિકા વર્ણન

વળી ગૌતમ સ્વામી આ પ્રમાણે પૂછે છે–અસુરકુમારોને આહારની ઇચ્છા થાય છે ખરી ? તે પ્રશ્નનો જવાબ આપતાં ભગવાન સમજાવે છે કે હે ગૌતમ ! અસુરકુમારોને આહારની ઇચ્છા થાય છે. “हंता” પદ સ્વીકારના અર્થમાં વપરાયું છે. અસુરકુમાર દેવોને કેટલા સમયે આહારની ઇચ્છા થાય છે ? તેના જવાબમાં કહ્યું છે કે અસુરકુમાર દેવોનો આહાર બે પ્રકારનો હોય છે–(૧) આભોગ નિવર્તિત અને (૨) અનાભોગનિવર્તિત. “હું આહાર કરૂં” એ પ્રકારની ઇચ્છા-પૂર્વક જે આહાર કરાય છે તેને આભોગનિવર્તિત આહાર કહે છે. અને “હું આહાર કરૂં” એ પ્રકારની વિશિષ્ટ અભિલાષા વિના પણ જે આહાર લેવાતો રહે છે તેને અનાભોગ નિવર્તિત આહાર કહે છે. તે આહાર વર્ષાઋતુમાં પ્રચુર (મોટા પ્રમાણમાં) અભિવ્યજ્યમાન શીત પુદ્ગલોના આહારના જેવો હોય છે. તેનો વિસ્તૃત અર્થ આ શાસ્ત્રના ૧૧માં સૂત્રની ટીકામાં-નારક પ્રકરણમાં-કહેલ છે. તો જિજ્ઞાસુઓએ તે ત્યાંથી વાંચી લેવો. તેમાંનો જે અનાભોગનિવર્તિત આહાર છે તેની ઇચ્છા નિરંતર થયા કરે છે. અતિતીવ્ર ક્ષુધાવેદનીય કર્મના ઉદયથી તેની ઇચ્છા પ્રતિક્ષણ થયા કરે છે. એટલે કે એક ક્ષણનું પણ અંતર તેમાં પડતું નથી. તથા આભોગનિવર્તિત આહાર ઓછામાં ઓછા એક ઉપવાસને આંતરે લેવાય છે. એક ઉપવાસને આંતરે જે આહાર બતાવ્યો છે તે જઘન્ય સ્થિતિની અપેક્ષાએ કહ્યો છે. ઉત્કૃષ્ટની અપેક્ષાએ આભોગનિવર્તિત આહાર એક હજાર વર્ષથી થોડા વધુ સમયને આંતરે લેવાય છે. એટલે કે એટલો સમય વ્યતીત થયા પછી તે આહાર લેવાય છે. તેનો ભાવાર્થ એવો છે કે-ઉત્કૃષ્ટ સ્થિતિવાળા અસુરકુમારોને એક હજાર વર્ષથી થોડા વધુ સમય વ્યતીત થાય ત્યારે આહાર લેવાની ઇચ્છા થાય છે.

આહારના વિષયમાં વળી ગૌતમ સ્વામી પ્રભુને પ્રશ્ન પૂછે છે–“હે ભદન્ત ! અસુરકુમારોનો આહાર કેવો હોય છે ?” તેના જવાબમાં પ્રભુ કહે છે કે હે-ગૌતમ ! દ્રવ્યની અપેક્ષાએ તેમનો આહાર અનંત પ્રદેશયુક્ત દ્રવ્યોનો હોય છે-એટલે કે અનંત પ્રદેશવાળાં દ્રવ્યોનો આહાર તેઓ કરે છે. એજ પ્રમાણે ક્ષેત્ર અને કાળના વિષયમાં પ્રજ્ઞાપના સૂત્રમાં જે કથન કર્યું છે તે પ્રમાણે સમજવું. તથા આહાર સિવાયના વિષયોનું કથન નારક જીવોના પ્રકરણમાં પ્રતિપાદિત કર્યા પ્રમાણે સમજવું. અને તે “यावत्” પાઠ સુધી–એટલે કે પુદ્ગલના પ્રશ્નો આવે ત્યાં સુધી સમજવું.

ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને પૂછે છે કે હે ભદન્ત ! આહારરૂપે ગ્રહણ કરાયેલાં તે પુદ્ગલો કયા રૂપે વારંવાર પરિણમે છે? તેના જવાબમાં પ્રભુએ કહ્યું કે હે ગૌતમ! અસુરકુમારો દ્વારા આહારરૂપે ગ્રહણ કરાયેલ તે પુદ્ગલો શ્રોત્રેન્દ્રિયરૂપે, ચક્ષુરિન્દ્રિયરૂપે, ઘ્રાણેન્દ્રિયરૂપે, જિહ્વાઇન્દ્રિયરૂપે અને સ્પર્શનેન્દ્રિય-રૂપે પરિણમે છે. મૂળ સૂત્રમાં જ 'यावत्' (સુધી) પદ મૂકયું છે તે દ્વારા "चक्खिदियत्ताए, घाणिंदियत्ताए, जिब्भिदियत्ताए" પદોનો સમાવેશ કરવાનો છે. તેનું તાત્પર્ય એ છે કે તે પુદ્ગલો ચક્ષુઇન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, અને જિહ્વાઇન્દ્રિય-રૂપે પરિણમે છે. ઇન્દ્રિયોરૂપે પરિણમેલ તે પુદ્ગલો શારીરિક સૌંદર્યરૂપે, ગૌરાદિ સુંદર વર્ણરૂપે, મનોહર આકૃતિરૂપે, મનોવાંછિત સૌંદર્યરૂપે, કાન્તિ-યુક્તતારૂપે, પ્રેમોત્પાદકરૂપે, મનને હરણ કરનારરૂપે, દર્શકજનોનાં ચિત્તને પરમા-આનંદ આપવારૂપે, જોવાની ઇચ્છા ઉત્પન્ન કરવારૂપે, ગુરુપરિણામરૂપે નહીં પણ લઘુપરિણામરૂપે, દુઃખરૂપે નહીં પણ સુખરૂપે વારંવાર પરિણમે છે.

વળી ગૌતમ સ્વામી પૂછે છે કે હે ભદન્ત! પૂર્વકાળે આહાર રૂપે ગ્રહણ કરાયેલ પુદ્ગલો શું પરિણામને પ્રાપ્ત કરી ચૂકયાં હોય છે?

આ પ્રશ્નના જવાબમાં પ્રભુ તેમને કહે છે કે આ વિષયનું કથન નારકના પ્રકરણમાં ૧૨માંથી ૧૪માં સુધીના સૂત્રોમાં "चलियं कम्मं निज्जरेंति" સુધીના પાઠમાં બતાવ્યા પ્રમાણે સમજવું. ત્યાં તે વિષય નારક જીવોને અનુલક્ષીને કહેવામાં આવેલ છે. તો ત્યાં 'નારક જીવો' ને બદલે 'અસુરકુમાર' પદ મૂકવાથી અસુરકુમારોએ પૂર્વકાળમાં ગ્રહણ કરેલાં પુદ્ગલોના પરિણામ વિષેના પ્રશ્નનો ઉત્તર મળી જશે. "भिज्झियत्ताए" અહીં 'પિધાન' શબ્દની જેમ 'अ' નો લોપ થયો છે. તેથી જેમ 'પિધાન' માં 'અપિધાન' શબ્દ માની લેવાય છે તેમ અહીં પણ "अभिध्या" શબ્દ માની લેવાયો છે. "अभिध्या" એટલે લોભ. એ લોભ જેને થયો હોય છે તેને 'अभिध्यित' કહે છે. અભિધ્યિતનો ભાવ જ અભિધ્યિતા છે. જોવાની ઇચ્છાના લોભની જે ઉત્પાદકતા છે તે જ અભિધ્યિતા છે.

અસુરકુમારોના કથનને નારકોના કથન પ્રમાણે કહેવાનો આશય એ છે કે "ठिईऊसासाहार" ઈત્યાદિ ગાથાઓમાં કહેવામાં આવેલાં ૪૦સૂત્ર, "परिणयं चिया" આ ગાથામાં કહેલાં ૬ સૂત્ર, "भेदियचिया" આ ગાથામાં કહેલાં ૧૮ સૂત્રો અને "बंधोदय" ઇત્યાદિ ગાથામાં કહેલાં ૮ સૂત્રો, એ રીતે કુલ ૭૨ સૂત્રો નારક જીવોના પ્રકરણમાં આવી ગયાં છે. તે ૭૨ સૂત્રો અસુરાદિ ૨૩ દંડકોમાં સમાન છે. ॥સૂ. ૧૭॥

## નાગકુમારોના વક્તવ્યનો પ્રારંભ—

(भंते!) હે ભદન્ત! (नागकुमाराणं केवइयं कालं ठिई पण्णत्ता?) નાગકુમાર દેવોની ભવસ્થિતિ કેટલા સમયની કહી છે? (गोयमा!) હે ગૌતમ! (जहण्णेणं दसवाससहस्साइं) ઓછામાં ઓછી દસ હજાર વર્ષની અને (उक्कोसेणं) વધારેમાં વધારે (देसूणाइं दो पलिओवमाइं) બે પલ્યોપમથી સહેજ ઓછા કાળની કહી છે. (भंते!) હે ભદન્ત! (नागकुमाराणं केवइकालस्स आणमंति वा४) નાગકુમારદેવો કેટલા સમયને આંતરે શ્વાસ લે છે અને શ્વાસ છોડે છે? (गोयमा!) હે ગૌતમ! (जहण्णेणं सत्तण्हं थोवाणं) નાગકુમારો ઓછામાં ઓછા સાત સ્તોકને આંતરે અને (उक्कोसेणं मुहुत्तपुहुत्तस्स आणमंतिवा ४) વધારેમાં વધારે પૃથકત્વ મુહૂર્ત્તને આંતરે શ્વાસ લે છે અને શ્વાસ છોડે છે. (नागकुमारा णं आहारट्ठी) હે ભદન્ત! નાગકુમારોને આહારની ઇચ્છા થાય છે ખરી? (हता आहारट्ठी) હા, તેમને આહારની ઇચ્છા થાય છે. (भंते!) હે ભદન્ત! (नागकुमारा णं केवइकालस्स आहारट्ठे समुप्पज्जइ?) નાગકુમારોને કેટલા સમયને આંતરે આહારની ઇચ્છા થાય છે? (गोयमा!) હે ગૌતમ! (नागकुमाराणं दुविहे आहारे पण्णते) નાગકુમારોના આહાર બે પ્રકારના કહ્યા છે (तं जहा) તે પ્રકારો આ પ્રમાણે છે—(आभोगनिव्वत्तिए, अणाभोगनिव्वतिए) (૧) આભોગનિવર્તિત અને (૨) અનાભોગનિવર્તિત. (तत्थणं जे से अणाभोगनिव्वत्तिए से अणुसमयं अविरहिए आहारट्ठे समुप्पज्जइ) તેમાંનો જે અનાભોગનિવર્તિત આહાર છે તેની ઇચ્છા નાગકુમારોને પ્રતિક્ષણે નિરંતર થયા જ કરે છે. (तत्थ णं जे से आभोगनिव्वत्तिए से जहण्णेणं चउत्थभतस्स, उक्कोसेणं दिवस पुहुत्तस्स) તથા જે આભોગનિવર્તિત આહાર છે તેની ઇચ્છા ઓછામાં ઓછા એક દિવસને આંતરે અને વધારેમાં વધારે દિવસ પૃથકત્વને આંતરે થાય છે. (सेसं जहा असुरकुमाराणं जाव नो अचलियं कम्म निज्जरंति, एवं सुवण्णकुमाराणं वि जाव थणियकुमाराणंति) બાકીનો આખો વિષય અસુરકુમારોની જેમ "यावत् नो अचलियं कम्मं निज्जरंति"—"અચલિત કર્મની નિર્જરા કરતા નથી" ત્યાં સુધીના પાઠ પ્રમાણે જ સમજવો. એજ પ્રમાણે સુવર્ણ કુમારોના વિષયમાં પણ સ્થિતિ આદિની સમાનતા જાણવી. આ સમાનતા સ્તનિતકુમારો સુધીના વિષયમાં સમજવાની છે.

ટીકાર્થ—આ સૂત્રમાં "નાગકુમારોની સ્થિતિ કેટલી કહી છે?" આ પ્રશ્નના જવાબમાં વધારેમાં વધારે સ્થિતિ બે પલ્યોપમથી થોડી ઓછી કહે-

વામાં આવી છે. તે ઉત્કૃષ્ટ સ્થિતિ ઉત્તર શ્રેણી તરફ રહેલા નાગકુમારોની અપેક્ષાએ કહેવામાં આવી છે. કહ્યું પણ છે—दाहिण दिवड्ढ पलियं दो देसूणुतरिल्लाणं " દક્ષિણ દિશામાં રહેલા નાગકુમારોની સ્થિતિ દોઢ પલ્યોપમની છે અને ઉત્તર દિશામાં રહેલા નાગકુમારોની સ્થિતિ બે પલ્યોપમથી થોડી ઓછી છે.

ગૌતમ સ્વામીએ શ્વાસોચ્છ્વાસ આદિના વિષયમાં બીજા જે પ્રશ્નો પૂછ્યા છે અને તે પ્રશ્નોના જે જવાબો મહાવીર પ્રભુએ આપ્યા છે તે બધાનું સ્પષ્ટીકરણ સૂત્રાર્થ કરતી વખતે થઈ ગયું છે. તેથી તે બાબતમાં બીજું કંઈ પણ કહેવાનું નથી. ભવનવાસી દેવોના આ પ્રમાણે દસ ભેદ છે. અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર, વાયુકુમાર અને સ્તનિતકુમાર અસુરકુમાર અને નાગકુમારોની સ્થિતિ આદિનું વર્ણન સૂત્રકારે અહીં કર્યું છે. સુવર્ણકુમાર આદિ બાકીના દેવોની સ્થિતિ આદિનું વર્ણન તેમણે " जाव थणियकुमाराणं " આ પાઠ દ્વારા સૂચિત કર્યું છે. તેનું તાત્પર્ય એ છે કે વિદ્યુત્ કુમાર આદિના વિષયનું વકતવ્ય અસુરકુમારના વકતવ્ય પ્રમાણે જ સમજવું ॥ સૂ. ૧૮ ॥

## પૃથિવીકાયિકાદિ જીવોં કે આહારાદિ કા વર્ણન

पृथिवी कायिकादिनिरूपण—

" पुढवी काइयाणं भंते " इत्यादि—

( भंते ! ) હે ભદન્ત ! ( पुढवी काइयाणं केवइयं कालं ठिई पणत्ता ? ) પૃથિવી કાયિક જીવોની સ્થિતિ કેટલા કાળની કહી છે ? ( गोयमा ! ) હે ગૌતમ ! ( जहण्णेणं ) ઓછામાં ઓછી ( अंतो मुहुत्तं ) અંતર્મુહૂર્તની અને ( उक्कोसेणं ) વધારેમાં વધારે ( बावीसवास सहस्साइं ) બાવીસ હજાર વર્ષની પૃથ્વીકાયિક જીવોની સ્થિતિ કહી છે. ( भंते ! ) હે ભદન્ત ! ( पुढवी काइयाणं केवइकालस्स आणमंति वा पाणमंति वा ? ) પૃથ્વી કાયિક જીવો કેટલા સમયને આંતરે શ્વાસોચ્છ્વાસ લે છે અને છોડે છે ? ( गोयमा ) હે ગૌતમ ! (वेमायाए आणमंतिवा) પૃથ્વીકાયિક જીવોની શ્વાસોચ્છ્વાસની ક્રિયાનો કોઇ નિશ્ચિત સમય નથી, કારણ કે તે વિષમકાળ વાળી હોય છે. ( पुढवीकाईया आहारट्ठी ? ) હે ભદન્ત ! પૃથ્વીકાયિક જીવોને આહારની ઇચ્છા થાય છે ખરી ? ( हंता आहारट्ठी ) હા, તેમને આહારની ઇચ્છા થાય છે. ( पुढवीकाईयाणं भंते ! केवइकालस्स आहारट्ठे समुप्पज्जइ ? ) હે ભદન્ત ! પૃથ્વીકાયિક જીવોને કેટલા કાળે આહાર લેવાની ઇચ્છા ઉત્પન્ન થાય છે ? ( गोयमा । अणुसमयं अविरहिए आहारट्ठे समुप्पज्जइ ) હે ગૌતમ ! તેમને નિરન્તર, અવિલમ્બ રૂપે આહારની ઇચ્છા થયા કરે છે. ( पुढवीकाइयाणं भंते ! किं आहारं आहारेंति ? ) હે ભદન્ત : પૃથ્વી કાયિક જીવો

શેનો આહાર કરે છે ? (ગોયમા !) હે ગૌતમ ! (दव्वओ जहा नेरइयाणं) પૃથ્વી કાયિક જીવો દ્રવ્યની અપેક્ષાએ નારક જીવોની જેમ અનંત પ્રદેશવાળાં દ્રવ્યોનો આહાર કરે છે. (जाव निव्वाघाएणं छद्दिसिं) જો તેઓ વ્યાઘાતયુક્ત ન હોય તો છએ દિશાએથી આહાર લે છે, (वाघायं पडुच्च) અને વ્યાઘાત સહિત હોય તો (सिय तिद्दिसिं) કોઇ વાર ત્રણ દિશાએથી (सिय चउद्दिसिं) કોઈ વાર ચાર દિશાએથી, (सिय पंच दिसिं) અને કોઇ વાર પાંચ દિશાએથી આહાર લે છે. (वन्नओ काल-नील-पीत लोहिय-सुक्किल्लाइं) વર્ણની અપેક્ષાએ કાળા, નીલા, પીળા, લાલ, હળદર જેવા રંગવાળાં અને સફેદ રંગવાળાં દ્રવ્યોનો આહાર લે છે. (गंधओ) ગંધની અપેક્ષાએ (सुब्भि गंधाइयं) સુગંધિત અને દુર્ગંધિત દ્રવ્યોનો આહાર લે છે. (रसओ) રસની અપક્ષાએ (तित्ताइयं) તિક્તાદિ રસવાળાં દ્રવ્યોનો આહાર લે છે. (फासओ) સ્પર્શની અપેક્ષાએ (कक्खडाई) કર્કશ આદિ સ્પર્શવાળાં દ્રવ્યોનો આહાર લે છે. (सेसं तहेव) આ સિવાયનું જે કથન બાકી રહેતું હોય તે નારક જીવોના આહાર વિષેના કથન પ્રમાણે જ સમજવું. પણ નારક જીવોના આહાર કરતાં તેમના આહારમાં જે (णाणत्तं) ભેદ છે તે આ પ્રમાણે છે. (कइ भागं आहारेंति, कइ भागं फासाइंति ?) હે ભદન્ત ! પૃથિવીકાયિક જીવો કેટલા ભાગનો આહાર કરે છે અને કેટલા ભાગનો સ્પર્શ કરે છે ? (गोयमा ! असंखिज्जभागं आहारेंति अणंत भागं फासाइंति जाव) હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવો અસંખ્યાત ભાગનો આહાર કરે છે અને અનંતમાં ભાગનો સ્પર્શ કરે છે. (तेसिं पोग्गला कीसत्ताए भुज्जो २ परिणमंति ?) હે ભદન્ત ! તેમના દ્વારા આહારના વિષયભૂત બનેલાં પુદ્‌ગલો કયા આકારે વારંવાર પરિણમે છે ? (ગોયમા !) હે ગૌતમ ! (फासिंदिय वेमायताए भुज्जो २ परिणमंति) તે પુદ્‌ગલો સ્પર્શન ઇન્દ્રિયની વિવિધતામાં વારંવાર પરિણમતાં રહે છે. (सेसं जहा नेरइयाणं, जाव नो अचलियं कम्मं निज्जरेंति, एवं जाव वणस्सइकाइयाणं, नवरं ठिई वण्णेयव्वा जाजस्स उस्सासो वेमायाए) બાકીનું બધું નારકોની જેમ જ સમજવું. કયાં સુધી ? “તેઓ અચલિત કર્મની નિર્જરા કરતા નથી” ત્યાં સુધી. એ જ પ્રમાણે અપ્‌કાયિક, તેજઃકાયિક, વાયુકાયિક અને વનસ્પતિ કાયિક સુધીના વિષયમાં સમજવું. તેમાં વિશેષતા એટલી જ છે કે જેની જે સ્થિતિ હોય તે કહેવી જોઇએ. તેમના ઉચ્છ્વાસ કાળનું પ્રમાણ કેટલું છે તે જાણી શકાય તેમ નથી. તેથી તેને વિવિધ પ્રકારનું કહેવામાં આવેલ છે.

ટીકાર્થ—ભવનપતિયોની સ્થિતિ આદિનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર દંડકક્રમઅનુસાર પૃથિવીકાયિક આદિ જીવોની સ્થિતિ આદિનું “पुढवी काइयाणं” ઇત્યાદિ સૂત્રો દ્વારા નિરૂપણ કરે છે. તેમાં તેમણે પૃથ્વીકાય આદિની સ્થિતિ વગેરેનું પ્રશ્નોત્તર દ્વારા વર્ણન કર્યું છે. ગૌતમ સ્વામીએ જ્યારે તેમના આયુષ્યકાળ બાબત પ્રશ્ન પૂછયો ત્યારે ભગવાને તેમને જવાબ આપ્યો કે હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવોનું આયુષ્ય ઓછામાં ઓછું અન્તમુહૂર્તનું અને વધારેમાં વધારે બાવીસ હજાર વર્ષનું હોય છે. ૪૮ પળ જેટલા કાળને એક

મુહૂર્ત કહે છે. જો તેમાં એક સમયની પણ ન્યૂનતા હોય તો તે કાળને અન્ત મુંહૂર્ત કહે છે, કારણ કે તે કાળ એક મુહૂર્તથી ઓછો હોય છે. પૃથ્વીકાયિક જીવોની બાવીસ હજાર વર્ષની જે ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે તે ખરપૃથિવીની અપેક્ષાએ કહેલ છે. કહ્યું પણ છે—

"सण्हा य सुद्ध१२ वालुय१४, मणोसिला१६ सक्करा१८ य खर पुढवी२२।
एगं बारस चोद्दस सोलह अट्ठार बावीसा" ॥ इति।

श्लक्ष्ण—સૂક્ષ્મ—બારીક, શુદ્ધ—ઉપયોગમાં ન લેવાયેલી માટી, વાલુકા (રેતી), મનઃશિલા, શર્કરા, અને ખરપૃથિવી, એ છ પૃથિવીકાયોની સ્થિતિ અનુક્રમે એક હજાર, બાર હજાર, ચૌદ હજાર, સોળ હજાર, અઢાર હજાર અને બાવીસ હજાર વર્ષની હોય છે.

## પૃથિવીકાયિકાદિ જીવોં કે આહારાદિ કા વર્ણન

ગૌતમ સ્વામીએ પ્રભુને પૃથિવીકાયિક જીવોના શ્વાસોચ્છવાસના વિષયમાં પ્રશ્ન પૂછ્યો ત્યારે પ્રભુએ તેમની શ્વાસોચ્છ્વાસની ક્રિયાને વિષમ કાળવાળી કહી છે કારણ કે તેમની તે ક્રિયા કેટલા કાળમાં થાય છે તેનું નિરૂપણ કરવું શકય નથી. તેથી તેને વિમાત્રાવાળી કહી છે. વિષમ અથવા વિવિધ જે માત્રા—કાળ વિભાગ—તેને વિમાત્રા કહે છે. આ વિમાત્રાએ—વિવિધ કાળ વિભાગે—તેઓ શ્વાસોચ્છ્વાસ લે છે.

પૃથિવીકાયિક જીવોને આહારની અભિલાષા ઉત્પન્ન થવા બાબત ગૌતમ સ્વામીએ જે પ્રશ્ન પૂછયો છે તેના જવાબરૂપે ભગવાને તેમને સમજાવ્યું છે "हंता आहारट्ठी"—"હા, તેમને આહારની ઇચ્છા થાય છે." તો તેના અનુસંધાનમાં એ પ્રશ્ન ઉદ્ભવવો સંભવિત બને છે કે તેમને કેટલા કાળને આંતરે આહાર લેવાની ઇચ્છા થાય છે. તેના જવાબમાં પ્રભુએ તેમને સમજાવ્યું છે કે તેમને પ્રતિસમય કોઈ પણ જાતના વિલમ્બ વિના આહારની ઇચ્છા થયા કરે છે. એવો એક પણ સમય વ્યતીત થતો નથી કે જ્યારે તેમને આહારની ઇચ્છા ઉત્પન્ન ન થતી હોય. તેઓ કેવા પ્રકારનો આહાર કરે છે? ભગવાને તે પ્રશ્નનો આ પ્રમાણે જવાબ દીધો—દ્રવ્યની અપેક્ષાએ તેઓ નારક જીવોની જેમ અનંત પ્રદેશવાળાં પુદ્ગલોનો આહાર કરે છે, ક્ષેત્રની અપેક્ષાએ અસંખ્યાત પ્રદેશાવગાહી પુદ્ગલોનો આહાર કરે છે, કાળની અપેક્ષાએ જઘન્ય, મધ્યમ, અને ઉત્તમ એ સ્થિતિમાંની કોઇ પણ સ્થિતિવાળાં આહારયોગ્ય પરિણામવાળાં પુદ્ગલોનો આહાર કરે છે, તથા ભાવની અપેક્ષાએ વર્ણ, રસ, ગંધ, અને સ્પર્શ એ ચાર ગુણોવાળાં પુદ્ગલોનો આહાર કરે છે.

આ વિષયનું નિરૂપણ પ્રજ્ઞાપના સૂત્રના ૨૮માં પદના પહેલા આહારોદ્દેશમાં કરવામાં આવ્યું છે. તો તે પ્રમાણે અહીં પણ સમજવાનું છે. ત્યાં તે કથન

નારકોના આહારના વિષયમાં કર્યું છે. એજ વાત સૂત્રકારે અહીં "**जहा नेरइयाणं**" પદ દ્વારા કહી છે. "**जाव निव्वाघाएणं छद्दिसिं**" વ્યાઘાત ન હોય તો છએ દિશાઓનાં પુદ્‌ગલોનો આહાર થાય છે. આહારનો વ્યાઘાત લોકાન્તના નિષ્કુટોમાં (ખૂણાઓમાં) પણ સંભવિત હોય છે–તેમના સિવાયનાં અન્ય સ્થાનોમાં નહીં. તેથી વ્યાઘાત રહિત સ્થળમાં છએ દિશાઓમાંથી (પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉર્ધ્વદિશા અને અધોદિશામાંથી) એ પૃથિવી કાયિક જીવો આહાર ગ્રહણ કરે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે તે છ દિશાઓમાં રહેલાં આહાર યોગ્ય પુદ્‌ગલોને પૃથિવી કાયિક જીવો આહારાર્થે ગ્રહણ કરે છે. છ દિગ્વિભાગોનું યંત્ર આ પ્રકારનું હોય છે––

| | | |
|---|---|---|
| | પૂર્વ ૧ | |
| ઉત્તર ૩ | ઉર્ધ્વ ૫<br>અધ: ૬ | દક્ષિણ ૪ |
| | પશ્ચિમ ૨ | |

વ્યાઘાતની અપેક્ષાએ એટલે કે અંતરાયની દૃષ્ટિએ "**सियतिदिसिं**" ઈત્યાદિ રૂપે સૂત્રકારે કહ્યું છે–"વ્યાઘાત નિષ્કુટોમાં (ખૂણાઓમાં) જ સંભવિત થાય છે, બીજાં સ્થાનોમાં નહીં" આમ હોવાથી ત્રણ દિશાઓમાં રહેલાં પુદ્‌ગલોને તે જીવો આહારાર્થે ગ્રહણ કરે છે. કેવી રીતે ? એ હવે સમજાવવામાં આવે છે– જ્યારે પૃથિવી કાયિક જીવ અધસ્તન ખૂણામાં અથવા ઉપરિતન ખૂણામાં રહેલ હોય છે ત્યારે અધઃપ્રદેશમાં અલોક જ રહે છે, તથા પૂર્વદિશા અને દક્ષિણ· દિશામાં પણ અલોક રહે છે. આ રીતે ત્રણે દિશાઓ જ્યારે અલોકથી આવૃત (વીંટળાયેલ) રહે છે ત્યારે અલોકથી આવૃત રહેવાને કારણે તે દિશાઓ સિવાયની દિશાઓમાંથી જ પૃથિવી કાયિક જીવો આહાર ગ્રહણ કરે છે. એજ પ્રમાણે ઉપરિતન ખૂણામાં પણ સમજવું. એટલે કે જ્યારે પૃથિવી કાયિક જીવ ઉપરિતન ખૂણામાં (નિષ્કૂટમાં) રહેલ હોય છે ત્યારે અધઃપ્રદેશમાં અલોક જ હોય છે. તથા પૂર્વ અને દક્ષિણ દિશામાં પણ અલોક હોય છે. આ રીતે તે ત્રણે દિશાઓ અલોકથી આવૃત હોવાને કારણે તે સિવાયની ત્રણે દિશાઓમાંથી જ પૃથિવી કાયિક જીવોનો આહાર ગ્રહણ થાય છે. "**सिय चउद्दिसिं**" જ્યારે નીચે અને ઉપર, એ બન્ને જગ્યાએ અલોક હોય છે ત્યારે ચારે દિશાઓમાં રહેલા પુદ્‌ગલોને તે જીવો આહારને માટે ગ્રહણ કરે છે. "**सिय पंच दिसिं**" જ્યારે પૂર્વ આદિ છ દિશાઓમાંની કોઈ એક દિશામાં અલોક હોય છે ત્યારે તે જીવો પાંચ દિશાઓમાં રહેલાં પુદ્‌ગલોને આહારને માટે ગ્રહણ કરે છે. હવે સૂત્રકાર એ બતાવે છે કે વર્ણ આદિની અપેક્ષાએ પૃથિવી કાયિક જીવો

કેવાં પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે? વર્ણની અપેક્ષાએથી આ પૃથિવીકાયિક જીવો કાલ નીલ આદિ પાંચે વર્ણોયુકત પુદગલોનો આહાર કરે છે.

ગંધની અપેક્ષાએ સુગંધ યુક્ત અને દુર્ગંધ યુક્ત, રસની અપેક્ષાએ તિક્ત, કડવો, કષાય, ખાટો અને મધુર એ પાંચ રસથી યુક્ત, સ્પર્શની અપેક્ષાએ કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, અને રૂક્ષ, એ આઠ પ્રકારના સ્પર્શવાળાં પુદ્ગલોનો આહાર પૃથિવી કાયિક જીવો કરે છે. **'सेस'** તેમના આહારના વિષયમાં જે કથન કર્યું છે તે સિવાયનું બધું કથન **"तहेव"** નારક જીવોના પ્રકરણમાં નારક જીવોના આહારના વિષયમાં કહ્યા પ્રમાણે જ સમજવું. તે કથન આ પ્રમાણે છે—"**जाइं भंते ! लुक्खाइं आहारेंति ताइं किं पुट्ठाइं अपुट्ठाइं ? जाइं पुट्ठाइं ताइं किं ओगाढाइं अणोगाढाइं**" ઇત્યાદિ.

હે ભદન્ત ! જે રૂક્ષ આહાર પુદ્ગલોને તેઓ આહાર રૂપે ગ્રહણ કરે છે તે રૂક્ષ આહાર પુદ્ગલો આત્મ પ્રદેશોની સાથે સ્પૃષ્ટ હોય છે કે અસ્પૃષ્ટ હોય છે? એટલે કે આત્મપ્રદેશોની સાથે સ્પૃષ્ટ રૂક્ષ આહાર પુદ્ગલોને તેઓ આહારરૂપે ગ્રહણ કરે છે કે આત્મપ્રદેશોની સાથે અસ્પૃષ્ટ આહાર પુદ્ગલોને તેઓ આહારરૂપે ગ્રહણ કરે છે? જો તેઓ આત્મપ્રદેશોની સાથે સ્પૃષ્ટ એવાં આહાર પુદ્ગલોને ગ્રહણ કરતા હોય તો પ્રશ્ન એ ઉદ્ભવે છે કે તે આત્મપ્રદેશોની સાથે સ્પૃષ્ટ પુદ્ગલો અવગાઢ હોય છે કે અનવગાઢ હોય છે? અવગાઢ એટલે આત્મપ્રદેશોની સાથે એક ક્ષેત્રાવગાહી એવો અર્થ થાય છે. ઇત્યાદિ સમસ્ત વક્તવ્ય ૧૧માં સૂત્રમાં કહેલાં નારક પ્રકરણ પ્રમાણે જ સમજવું.

"**णाणत्त**" એટલે ભેદ. તેનું તાત્પર્ય એ છે કે નારકજીવો કરતાં પૃથિવીકાયિક જીવોના આહારના વિષયમાં ભેદ રહેલો હોય છે. તે ભેદ આ પ્રમાણે છે- ગૌતમ સ્વામીએ પ્રભુને આ પ્રમાણે પ્રશ્ન પૂછયો કે-હે ભદન્ત ! પૃથિવી કાયિક જીવો કેટલા ભાગનો આહાર કરે છે અને કેટલા ભાગનો સ્પર્શ કરે છે? એટલે કે સ્પર્શેન્દ્રિયથી આહારના કેટલા ભાગનો સ્પર્શ કરે છે? અથવા સ્પર્શેન્દ્રિયથી આસ્વાદન કરે છે? સ્પર્શેન્દ્રિયથી ગ્રહણ કરે છે? ઉપલભન્ત પ્રાપ્ત કરે છે? તે પ્રશ્ન દ્વારા એમ પૂછવામાં આવ્યું છે કે જેમ રસનેન્દ્રિયરૂપ પર્યાપ્તિથી પર્યાપ્તક બનેલા જીવો-તૈયાર થયેલ રસનેન્દ્રિયવાળા જીવો-રસના ઇન્દ્રિય દ્વારા આહારનો ઉપભોગ કરે છે."આસ્વાદન કરે છે" એમ કહેવાય છે, એજ પ્રમાણે સ્પર્શન ઇન્દ્રિય દ્વારા આહારનો ઉપભોગ કરતા પૃથિવી કાયિક જીવો "આસ્વાદન કરે છે" એવું કહી શકાય ખરું? ત્યારે પ્રભુ ગૌતમ સ્વામીને જવાબ આપે છે કે-હે ગૌતમ ! પૃથિવી કાયિક જીવો આહારપુદ્ગલોના અસંખ્યાતમાં ભાગનો આહાર કરે છે તથા સ્પર્શન ઇન્દ્રિય વડે આહાર પુદ્ગલોના અનંતમાં ભાગનો સ્પર્શ કરે છે. અહીં "**यावत्**" શબ્દથી "**पुढवी**-

काइयाणं भंते ! जे पोग्गले आहारत्ताए गेण्हंति तेणं" ઈત્યાદિ પાઠનો સમાવેશ કરવો જોઈએ. તેનો અર્થ આ પ્રમાણે છે–હે ભદન્ત ! પૃથિવી કાયિક જીવો જે પુદ્‌ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે તે પુદ્‌ગલો કયા આકારે ("भुज्जो २")- વારંવાર પરિણમે છે? ભગવાન મહાવીર સ્વામીએ તે પ્રશ્નનો જવાબ આ પ્રમાણે આપ્યો છે–હે ગૌતમ ! પૃથિવી કાયિક જીવો દ્વારા જે પુદ્‌ગલો આહાર-રૂપે ગ્રહણ કરાય છે તે સ્પર્શન ઇન્દ્રિયની વિમાત્રા રૂપે વારંવાર પરિણમે છે. વિવિધ પરિણામ વિભાગને વિમાત્રા કહે છે. તે પૃથિવી કાયિક જીવોને ફક્ત સ્પર્શેન્દ્રિય જ હોય છે. તેથી તે સ્પર્શેન્દ્રિયની અપેક્ષાએ આહારરૂપે ગ્રહણ થયેલ પુદ્‌ગલો કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ એ આઠ સ્પર્શોમાંથી કોઈ એક સ્પર્શરૂપે વારંવાર પરિણમ્યા કરે છે. "सेसं जहा नेरइयाणं इति" આ પ્રમાણેનું જે કથન છે તેનો ભાવાર્થ આ પ્રકારનો છે.— "पुढवी काइयाणं भंते ! पुव्वाहारिया पोग्गला परिणया" ઈત્યાદિ–"હે ભદન્ત ! પૃથિવીકાયિક જીવો દ્વારા પૂર્વકાળે ગ્રહણ કરાયેલ પુદ્‌ગલો શું પરિણત થઇ શકે છે?" ઈત્યાદિ નારક પ્રકરણમાં આવતો પાઠ અને તેના જવાબરૂપે કહેવામાં આવેલ "नो अचलियं कम्मं निज्जरेंति" અહીં સુધીનો પાઠ પૃથ્વીકાયિક જીવોના આહારના વિષયમાં પણ લાગુ પડે છે. "एवं जाव वणस्स काइयाणं" એ પ્રમાણે જે કહ્યું છે તેનું તાત્પર્ય એવું છે કે–પૃથિવીકાયિક સૂત્રોની જેમ જ અપૂકા-યિક સૂત્ર, તેજસ્કાયિક સૂત્ર, વાયુકાયિક સૂત્ર અને વનસ્પતિ કાયિક સૂત્ર સમજવું. પણ એ જીવોની સ્થિતિના વિષયમાં જે વિશેષતા છે તે "नवरं" દ્વારા કહેવામાં આવી છે જે આ પ્રમાણે છે–કહ્યું પણ છે કે—

बावीसइ सहस्सा, सत्त सहस्साइं तिन्न अहोरत्तं ।
वाए तिन्नि सहस्सा, दसवास सहस्सियारुक्खे ॥१॥"

પૃથિવીકાયિક આદિ સઘળા જીવોની જઘન્ય (ઓછામાં ઓછી) સ્થિતિ તો અન્ત-મુહૂર્તની જ છે. પણ અપ્‌કાયિક જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત હજાર વર્ષની છે, તેજસ્કાયિક જીવોની ત્રણ અહોરાત્ર (દિવસ રાત) ની છે, વાયુકાયિક જીવોની ત્રણ હજાર વર્ષની છે અને વનસ્પતિકાયિક જીવોની દસ હજાર વર્ષની છે.

"उच्छासो वेमायाए" "ઉચ્છ્‌વાસકાળ વિમાત્રાએ થાય છે," એમ કહેવાનું કારણ એ છે કે તે જીવો કેટલા કાળે શ્વાસોચ્છ્‌વાસ ગ્રહણ કરે છે તે જાણી શકાતું નથી. ॥ સૂ. ૧૯ ॥

## द्वीन्द्रिय प्रस्ताव—

**" बे इंदियाणं ठिई भाणियव्वा " इत्यादि ।**

**(बेइंदियाणं ठिई भाणियव्वा)** દ્વીન્દ્રિય જીવોના વક્તવ્યમાં બે ઇન્દ્રિયોવાળા જીવોની ભવસ્થિતિનું કથન થવું જોઇએ. **(उस्सामो वेमायाए)** તેમનો શ્વાસોચ્છ્વાસ વિમાત્રાથી થાય છે તેમ કહેવું જોઇએ. **(बेइंदियाणं आहारे पुच्छा)** તે દ્વીન્દ્રિય જીવોનો આહાર કેવો હોય છે તે પ્રકારનો પ્રશ્ન પૂર્વોક્ત જીવોની જેમ ઉદ્ભવવો જોઇએ. એટલે કે આ પ્રકારનો પ્રશ્ન પૂછવો જોઇએ-હે ભદન્ત ! દ્વીન્દ્રિય જીવોને આહારની ઇચ્છા થાય છે ખરી ? અને તેનો એવો જવાબ મળવો જોઇએ કે- હા, તેમને આહારની ઇચ્છા થાય છે. **(अणाभोग निव्वत्तिए तहेव)** અનાભોગ નિર્વર્તિત આહાર આગળ બતાવ્યા પ્રમાણે થાય છે. એટલે કે દ્વીન્દ્રિય જીવો આભોગનિવર્તિત અને અનાભોગનિવર્તિત, એ બન્ને પ્રકારનો આહાર લે છે. તેમાંનો જે અનાભોગનિવર્તિત આહાર હોય છે તે નારક જીવોના અનાભોગનિવર્તિત આહારની જેમ જ થાય છે. **(तत्थणं जे से आभोगनिव्वत्तिए)** તથા જે આભોગનિવર્તિત આહાર હોય છે તે **(सेणं असंखेज्ज समइए अंतो मुहुत्तिए)** અસંખ્યાત સમયવાળા અન્તર્મુહૂર્તમાં લેવાય છે. તે અન્તર્મુહૂર્તરૂપ સમય અહીં **(वेमायाए)** વિમાત્રાથી લેવાયો છે **(आहारट्ठे समुप्पज्जइ)** આ રીતે દ્વીન્દ્રિય જીવોને આભોગનિવર્તિત આહારની ઇચ્છા વિમાત્રાથી અસંખ્યાત સમયવાળા અન્તર્મુહૂર્તમાં થાય છે. **( सेसं तहेव जाव अणंतभागं आसायंति)** આ સિવાયનું બાકીનું સમસ્ત કથન નારક જીવોના આહાર વિષેના પ્રકરણમાં " **अणंतभागं-आसायंति**" ત્યાં સુધી બતાવ્યા પ્રમાણે સમજવું. તે પ્રકરણમાં આપેલો પાઠ આ પ્રમાણે છે–"**बेइंदिया किं आहारं आहारयंति**"–બે ઇન્દ્રિય જીવો કેવા પ્રકારનો આહાર કરે છે" ત્યાંથી શરૂ કરીને " **बेइंदियाणं भंते ! जो पोग्गले आहारत्ताए गिण्हंति तेणं तेसिं पोग्गलाण सेयालंसि कइभागं आहारंति ? कइभागं आसायंति ? गोयमा ! असंखेज्जइ भागं आहारेंति**"-"હે ભદન્ત ! દ્વીન્દ્રિય જીવ જે પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે તે પુદ્ગલોના કેટલામા ભાગને તેઓ આહારરૂપે ગ્રહણ કરે છે ? અને કેટલામા ભાગનું આસ્વાદન કરે છે ? ઉત્તર–હે ગૌતમ ! તેઓ અસંખ્યાતમા ભાગનો આહાર કરે છે." ત્યાં સુધીનું બધું વર્ણન નારક જીવોના વર્ણન પ્રમાણે જ સમજવું. આસ્વાદનના વિષયમાં એજ સૂત્રમાં એવું કહેવામાં આવ્યું છે કે બે ઇન્દ્રિય જીવો આહારરૂપે ગ્રહણ કરેલ પુદ્ગલોના અનંતમા ભાગનું રસના ઇન્દ્રિય દ્વારા આસ્વાદન કરે છે. **(बेइंदियाणं भंते ! जो पोग्गले आहारत्ताए गेण्हंति ते किं सव्वे आहारेंति णो सव्वे आहारेंति ?)** હે-ભદન્ત ! દ્વીન્દ્રિય જીવો જે પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે, તે બધાં

પુદ્ગલોનો તેઓ આહાર કરે છે કે તે બધાં પુદ્ગલોનો તેઓ આહાર કરતા નથી?

(गोयमा !) હે ગૌતમ ! (बेइंदियाणं दुविहे आहारे पण्णत्ते બેઈન્દ્રિય જીવોના આહાર બે પ્રકારના કહ્યા છે. (तं जहा) તે પ્રકારો આ પ્રમાણે છે– (लोमाहारे पक्खेवाहारे य (૧) લોમાહાર અને (૨) પ્રક્ષેપાહાર. (जे पोग्गले लोनाहारत्ताए गेण्हंति ते सव्वे अपरिसेसिए आहारेंति) જે પુદ્ગલોને તેઓ લોમાહારરૂપે ગ્રહણ કરે છે તે બધાંને તેઓ પૂરે પૂરા ખાઈ જાય છે. (जे पोग्गले पक्खेवाहारत्ताए गेण्हंति तेसिं णं पोग्गलाणं असंखिज्ज भागं आहारेंति) તથા જે પુદ્ગલોને તેઓ પ્રક્ષેપાહારરૂપે ગ્રહણ કરે છે, તેમના અસંખ્યાતમાં ભાગનો તેઓ આહાર કરે છે, (अणेगाइं च णं भागसहस्साइं अणास्साइज्जमाणाइं अफासाइज्जमाणाइं विद्धंसं आगच्छंति) બાકીના અનેક હજાર ભાગોનો વિના ચાખ્યે અને વિનાસ્પર્શ કર્યે નાશ થઈ જાય છે. (ए ए सिं णं भंते ! पोग्गलाणं अणासाइज्जमाणाणं अफासाइज्जमाणाणं य कयरे हिंतो अप्पावा बहुया तुल्ला वा विसेसाहियावा ?) હે ભદન્ત ! તે નહીં ચખાયેલ અને નહીં સ્પર્શ પામેલ પુદ્ગલોમાંના કયાં પુદ્ગલોથી ઓછાં છે ? કયાં પુદ્ગલો કયાં કરતાં વધારે છે ? કયાં પુદ્ગલો કયાં પુદ્ગલોની સમાન છે ? કયાં પુદ્ગલો કયાં પુદ્ગલોથી વિશેષાધિક છે ? (गोयमा !) હે ગૌતમ ! (सव्वत्थो वा पुग्गला अणासाइज्जमाणा, अफासाइज्जमाणा अणंत गुणा) જે પુદ્ગલો ચાખવામાં આવ્યાં હોતાં નથી તે પુદ્ગલોની સંખ્યા સૌથી ઓછી હોય છે, અને સ્પર્શ કર્યા વિનાના પુદ્ગલોની સંખ્યા અનંત ગણી હોય છે.

(बेइंदियाणं भंते ! जे पोग्गले आहारत्ताए गिण्हंति तेणं तेसिं पुग्गला कीसत्ताए भुज्जो २ परिणमंति ?) હે ભદન્ત ! બે ઇન્દ્રિય જીવો જે પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે તે પુદ્ગલો કેવા આકારે વારંવાર પરિણમે છે ?

(गोयमा !) હે ગૌતમ ! (जिब्भिंदिय फासिंदिय वेमायाए भुज्जो २ परिणमंति) જિહ્વા ઇન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયની વિવિધતાએ તે પુદ્ગલો વારંવાર પરિણમે છે. (बेइंदियाणं पुव्वाहारिया पोग्गला परिणया ?) હે ભદન્ત ! બે ઇન્દ્રિય જીવો દ્વારા પૂર્વકાળે આહારરૂપે ગ્રહણ કરાયેલ પુદ્ગલો પરિણત થઈ ચુકયાં હોય છે કે નહીં ? (तहेव जाव नो अचलियं कम्मं निज्जरेंति) આ બધી બાબત ''नो अचलियं कम्मं निज्जरेंति'' સુધીના પાઠ પ્રમાણે આગળ મુજબ સમજવી.

ટીકાર્થ—આ સૂત્ર દ્વારા સૂત્રકારે બે ઇન્દ્રિય જીવોની સ્થિતિ વગેરેનું નિરૂપણ કર્યું છે, કારણ કે એકેન્દ્રિય જીવોની સ્થિતિ વગેરેનું નિરૂપણ તો આગળ કરવામાં આવ્યું છે. આ સૂત્રમાં તેમણે બે ઇન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ (આયુષ્ય) બાર વર્ષની કહી છે. ઉચ્છ્વાસ વિમાત્રાવાળો કહ્યો છે. ''विमात्रा'' પદમાં वि ઉપસર્ગ વિષમ અર્થનો વાચક છે અને 'मात्रा' કાળવિભાગનો વાચક છે. જ્યાં કાળનો વિભાગ નક્કી કરવો અશકય હોય તેનું નામ વિમાત્રા છે. બે ઇન્દ્રિય જીવો કેટલા કાળે શ્વાસોચ્છ્વાસ લે છે તે નિશ્ચિત કરીને કહી શકાતું નથી. તેથી તેમના શ્વાસોચ્છ્વાસને વિમાત્રાવાળો કહ્યો છે. બે ઇન્દ્રિય જીવોના આહારના વિષયમાં પૂછાયેલ પ્રશ્નના જવાબમાં એમ બતાવવામાં આવ્યું છે કે તેઓ બન્ને પ્રકારનો આહાર ગ્રહણ કરે છે. ''આહાર

કરૂં” એવી ઇચ્છા વિના જે આહાર ગ્રહણ કરાય છે તે આહારને અનાભોગ-નિર્વર્તિત આહાર કહે છે. અને તે અનાભોગનિવર્તિત આહારની અભિલાષા તેમને અવિલમ્બપણે નિરન્તર થતી રહે છે. નારક જીવોના આહારના પ્રકરણમાં જે પ્રમાણે તેમના આ આહારનું કથન કર્યું છે તે પ્રમાણે જ કથન બેઇન્દ્રિય જીવોના આહારના વિષયમાં સમજવું. “હું આહાર કરૂં” આ પ્રકારની ઇચ્છા-પૂર્વક જે આભોગનિવર્તિત આહાર લેવાય છે તે બેઇન્દ્રિય જીવો અસંખ્યાત સમયવાળા અન્તર્મુહૂર્તમાં લે છે. અને તે અન્તર્મુહૂર્ત પણ અહીં વિમાત્રારૂપે લેવાયું છે. કારણ કે અન્તર્મુહૂર્તની અસંખ્યાત સમયતાને લીધે તે અસંખ્યાત ભેદવાળો હોય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે બે ઇન્દ્રિય જીવોના આભોગનિવર્તિત આહારનો કાળ અસંખ્યાત સમય કહ્યો છે. તે અસંખ્યાત સમય અવસર્પિણી આદિ રૂપ પણ હોઈ શકે છે. તેથી અસંખ્યાત સમયરૂપ અવસર્પિણી કાળ ગ્રહણ ન કરવાને માટે અહીં અસંખ્યાત સમયવાળો અન્તર્મુહૂર્તકાળ લેવામાં આવ્યો છે. અન્તર્મુહૂર્ત પણ અસંખ્યાત સમયનું હોય છે. તેથી તેમનો તે આહાર કયા સમયે થાય છે તે પણ નક્કી થઈ શકતું નથી. તેથી તેને વિમાત્રા વાળો કહ્યો છે. વિમાત્રાની અપેક્ષાએ અસંખ્યાત સમયવાળા બે ઇન્દ્રિય જીવનો આહાર બે પ્રકારનો કહ્યો છે.–(૧) રોમાહાર (લોમાહાર) અને (૨) પ્રક્ષેપાહાર. જે આહાર કાલાદિકોમાં બહુમૂત્રતાથી જાણી શકાય છે તે આહારને લોમાહાર કહે છે, તથા જે આહાર કોળિયા દ્વારા મુખમાં મૂકાય છે તે આહારને પ્રક્ષે-પાહાર કહે છે. રોમ દ્વારા જે પુદ્ગલો વર્ષાદિ ઋતુઓમાં શરીરમાં પ્રવેશ પામે છે તેને રોમાહાર કહે છે. રોમ દ્વારા શરીરમાં પ્રવેશ થયેલાં પુદ્ગલોનું જ્ઞાન બહુમૂત્રતાથી થાય છે. રોમાહાર દ્વારા જે પુદ્ગલોને બે ઇન્દ્રિય જીવો આહારરૂપે ગ્રહણ કરે છે તે પુદ્ગલો સંપૂર્ણ રીતે આહારમાં ઉપયુક્ત થઈ જાય છે તેમાંનું એક પણ પુદ્ગલ આહારમાં ઉપયુક્ત થતું ન હોય એવું બનતું નથી. બે ઇન્દ્રિય જીવો પ્રક્ષેપાહાર દ્વારા જે પુદ્ગલોને ગ્રહણ કરે છે તે પુદ્ગલોમાં આ પ્રકારની વિશેષતા હોય છે–પ્રક્ષેપાહાર દ્વારા જે પુદ્ગલો આહારને માટે ગ્રહણ કરાય છે તે બધાં પુદ્ગલો બે ઇન્દ્રિય જીવોના આહારમાં ઉપયુક્ત થાય છે એવું બનતું નથી, પણ તે ગૃહીત પુદ્ગલોમાંના અસંખ્યાત પુદ્ગલો જ એવાં હોય છે કે જે આહારના કામમાં આવે છે બાકીના ગૃહીત પુદ્ગલોમાં એવાં કેટલાય હજાર ભાગ હોય છે કે જે રસનાઇન્દ્રિય દ્વારા સ્વાદના વિષયભૂત બનતાં નથી, અને સ્પર્શેન્દ્રિય દ્વારા સ્પર્શ પણ પામતાં નથી. પણ તેઓ નષ્ટ થઈ જાય છે. અહીં નષ્ટ થઈ જવાનું તાત્પર્ય એવું છે કે જે પુદ્ગલોને દ્વીન્દ્રિય જીવો પ્રક્ષેપાહાર દ્વારા ગ્રહણ કરે છે, તે ગૃહીત પુદ્ગલોના કેટલાય હજાર ભાગ આસ્વાદ કે સ્પર્શના વિષયભૂત બન્યા વિના જ સૂક્ષ્મ અને સ્થૂલ રૂપે (કેટલાંક પુદ્ગલ) શરીરની બહાર અને કેટલાંક પુદ્ગલ શરીરની અંદર જ નાશ પામે છે. હવે એ પ્રશ્ન ઉદ્ભવે છે કે જે પુદ્ગલો સ્વાદ કે સ્પર્શના વિષયભૂત બનતાં નથી અને જેમનો શરીરની બહાર કે અંદર નાશ થઈ જાય છે તે પુદ્ગલોમાંના કયાં પુદ્ગલો કયાં પુદ્ગલોથી ઓછાં છે? કયાં પુદ્ગલો વધારે હોય છે? કયાં પુદ્ગલો સમાન છે? અને કયાં પુદ્ગલો વિશેષાધિક છે? આ

## દ્વીન્દ્રિય જીવોં કા આહારાદિ નિરૂપણ

પ્રશ્નના જવાબમાં ભગવાને કહ્યું છે-કે હે ગૌતમ! જે પુદ્ગલો અનાસ્વાદ્યમાન છે એટલે કે ફક્ત રસનાઇન્દ્રિયના વિષયભૂત જ બન્યાં છે તેઓ સ્તોક (ઓછાં) છે-એટલે કે અસ્પૃશ્યમાન પુદ્ગલોના અનન્ત ભાગવર્તી છે. તથા જે અસ્પૃશ્યમાન-ફક્ત સ્પર્શેન્દ્રિયના વિષયભૂત છે-સ્પર્શેન્દ્રિય ગમ્ય છે-તે પુદ્ગલો રસના ઇન્દ્રિયને વિષયભૂત બનેલાં પુદ્ગલો કરતાં અનંત ઘણા છે. વળી ગૌતમ સ્વામી પ્રશ્ન પૂછે છે કે હે ભદન્ત! દ્વીન્દ્રિય જીવો જે પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે તે પુદ્ગલો કયા આકારે વારંવાર પરિણમ્યાં કરે છે? તેના જવાબમાં પ્રભુએ કહ્યું કે હે ગૌતમ! દ્વીન્દ્રિય જીવોને સ્પર્શન અને રસના, એ બે ઇન્દ્રિયો જ હોય છે. તેથી આહારરૂપે ગ્રહણ કરાયેલાં તે પુદ્ગલો વારંવાર જિહ્વા ઇન્દ્રિય અને સ્પર્શન ઈન્દ્રિય રૂપે પરિણમિત થયાં કરે છે. વળી ગૌતમ સ્વામી પૂછે-છે કે હે ભદન્ત! તે દ્વીન્દ્રિય જીવોએ જે પુદ્ગલોને આહારરૂપે પૂર્વકાળે ગ્રહણ કર્યા હોય છે તે પુદ્ગલો શું પરિણમન પામી ચૂક્યાં હોય છે? ત્યારે પ્રભુ તેમને આ પ્રમાણે સમજાવે છે કે હે ગૌતમ! આ વિષયના સંબંધમાં નારક જીવોના આહાર વિષયક પ્રકરણમાં જે પ્રમાણે કહેવામાં આવ્યું છે તે પ્રમાણે જ દ્વીન્દ્રિય જીવો વિષે પણ સમજવું. એટલે કે નારક પ્રકરણમાં કહેલ પરિ-ણામથી લઈને ચય, ઉપચય, ઉદીરણા, વેદન અને નિર્જીર્ણ સુધીનો સમસ્ત વિષય દ્વીન્દ્રિય જીવોને લાગુ પાડી શકાય છે ॥સૂ. ૨૦॥

## તેઈન્દ્રિય ચતુરરિન્દ્રિય જીવોં કા નિરૂપણ

### तेइन्द्रियचतुरिन्द्रिय निरूपणम्—

'तेइंदियचउरिंदियाणं' इत्यादि।

(तेइंदिय चउरिंदियाणं णाणत्तं ठिइए) ત્રણ ઇન્દ્રિયોવાળાં અને ચાર ઈન્દ્રિયો વાળાં જીવોની સ્થિતિમાં ભેદ છે. બાકીનો સમસ્ત વિષય દ્વીન્દ્રિય જીવો પ્રમાણે

જ છે. (जाव अणेगाइं च णं भाग सहस्साइं अणाघाइज्जमाणाइं अफासाइज्जमाणाइं निद्धंसं आगच्छंति) અનેક હજાર ભાગ સૂંઘ્યા વિના, ચાખ્યા વિના અને સ્પર્શ કર્યા વિના નષ્ટ થઈ જાય છે, ત્યાં સુધીનું કથન દ્વીન્દ્રિય જીવો પ્રમાણે જ સમજવું. (ए ए सिंणं भंते ! पोग्गलाणं अणाघाइज्जमाणाणं ३ पुच्छा) પ્રશ્ન- હે ભદન્ત ! તે નહીં સૂંઘાયેલાં, નહીં ચખાયેલાં અને નહીં સ્પર્શાયેલાં પુદ્દગલોમાંથી કયાં પુદ્દગલો કયાં પુદ્દગલોથી ઓછાં છે ? કયાં વધારે છે ? કયાં સમાન છે? અને કયાં પુદ્દગલો વિશેષાધિક છે ? ઉત્તર-(गोयमा !) હે ગૌતમ ! (सव्वत्थोवा पुग्गला अणाघाइज्जमाणा, अणासाइज्जमाणा, अणंत गुणा अफासाइज्जमाणा अणंतगुणा ) સૂંઘ્યા વિનાના પુદ્દગલો સૌથી ઓછાં હોય છે. તેના કરતાં અનંત ગણા પુદ્દગલો ચાખ્યા વિનાના હોય છે. અને જે પુદ્દગલોનો સ્પર્શ કરાયો નથી તે પુદ્દગલો તો ચાખ્યા વિનાના પુદ્દગલો કરતાં પણ અનંત ગણા છે. (तेइंदिया णं घाणिंदिय जिब्भिंदिय-फासिंदिय वेमायाए भुज्जो २ परिणमंति) ત્રણ ઇન્દ્રિયોવાળાં જીવો દ્વારા ગૃહીત આહાર પુદ્દગલો ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શન ઇન્દ્રિયની વિમાત્રાએ વારંવાર પરિણમે છે. (चउरिंदियाणं चक्खिंदिय-घाणिंदिय-जिब्भिंदिय-फासिंदियताए भुज्जो २ परिणमंति) ચાર ઇન્દ્રિયોવાળા જીવો દ્વારા ખવાયેલો આહાર ચક્ષુઇન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયરૂપે વારંવાર પરિણમે છે.

ટીકાર્થ—આ સૂત્ર દ્વારા સૂત્રકારે તે ઇન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોની સ્થિતિ આદિનું વર્ણન કર્યું છે. આ પહેલાં બે ઇન્દ્રિય જીવોની સ્થિતિ આદિનું વર્ણન સૂત્રકારે કર્યુ છે. દ્વીન્દ્રિય જીવો અને તે ઇન્દ્રિય તથા ચતુરિન્દ્રિય જીવોના વર્ણનમાં જે ભેદ છે તે તેમની સ્થિતિ, શ્વાસ અને આહારના વિષયમાં છે. એ વાત જાણવાને માટે જ ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને પૂછે છે કે હે ભદન્ત ! તે ઇન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોની સ્થિતિ કેટલા કાળની છે? ત્યારે ભગવાન તેમને જવાબ આપે છે-હે ગૌતમ ! "जहन्नेणं अंतोमुहुत्तं" ઓછામાં ઓછી અન્તર્મુહૂર્તની અને "उक्कोसेणं" વધારેમાં વધારે "तेइंदियाणं" તેઇન્દ્રિય જીવોની સ્થિતિ "एगूणपन्नासं" ૪૯ "राइंदियाणं" રાત્રિદિવસની હોય છે. "चउरिंदियाणं" અને ચતુરિન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ "छम्मासा" છ માસની અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની હોય છે. તેઇન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવો કેટલા કાળે શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે તે જાણી શકાતું નથી. તેથી તેમના શ્વાસોચ્છ્વાસનો કાળ વિમાત્રાવાળો કહ્યો છે. તે બન્નેનું આહાર વિષયક સૂત્ર આ પ્રમાણે છે–"ते इन्द्रिय चउरिंदियाणं भंते ! जे पोग्गले आहारत्ताए गेण्हंति ते किं सव्वे आहारंति नो सव्वे आहारंति ?" ઇત્યાદિ જે પૃથિવીકાય વિષેના સૂત્રમાં કહ્યું છે તે બધું અહીં "यावत्" પદથી ગ્રહણ કરાયેલ છે."अणेगाइ च णं भाग-सहस्साइं अणाघाइज्जमाणाइं अणासाइज्जमाणाइं अफासाइज्जमाणाइं विद्धंसं आगच्छंति"

આ સૂત્રનો ભાવાર્થ એવો છે કે જે પુદ્ગલો પ્રક્ષેપાહાર દ્વારા ગ્રહણ કરાય છે તેમના અનેક હજાર ભાગ એવાં હોય છે કે જે ઘ્રાણેન્દ્રિય ગમ્ય બનતાં નથી, રસનેન્દ્રિય ગમ્ય બનતાં નથી અને સ્પર્શેન્દ્રિય ગમ્ય પણ બનતાં નથી. અને તેઓ શરીરની અંદર અને બહાર જ નાશ પામે છે. હવે ગૌતમ સ્વામીએ તેમના ઓછા અને વધુ પણાના વિષયમાં પ્રશ્ન પૂછ્યો છે–હે ભદન્ત ! આ જે અનાઘ્રાયમાન (સૂંઘ્યા વિનાના), અનાસ્વાદ્યમાન, અને અસ્પૃશ્યમાન પુદ્ગલો છે તેમાના કયાં પુદ્ગલો કયાં પુદ્ગલો કરતાં અલ્પ છે ? કયાં કોના કરતાં વધારે છે ? કયાં કોની બરાબર છે ? અને કયાં કોના કરતાં વિશેષાધિક છે ? ત્યારે પ્રભુએ ગૌતમને જવાબ આપ્યો છે કે હે ગૌતમ ! અનાઘ્રાયમાન પુદ્ગલો સૌથી ઓછાં છે. અનાઘ્રાયમાન પુદ્ગલો કરતાં અનાસ્વાદ્યમાન પુદ્ગલો અનંત ગણા વધારે છે, અને અનાસ્વાદ્યમાન પુદ્ગલો કરતાં અસ્પૃશ્યમાન પુદ્ગલો અનંત ગણા વધારે છે. પરિણામ સૂત્રમાં જે આ પ્રમાણે કહ્યું છે કે-આહારરૂપે ગૃહીત જે પુદ્ગલો છે તેમનું તે ઇન્દ્રિય જીવોની ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયરૂપે વિમાત્રાએ પરિણમન થયા કરે છે, તેનો ભાવાર્થ આ પ્રમાણે છે—

એ ત્રેન્દ્રિય જીવોમાં તે ગૃહીત પુદ્ગલો વિષમ માત્રાએ કયારેક ઘ્રાણેન્દ્રિય રૂપે, કયારેક જિહ્વેન્દ્રિયરૂપે અને કયારેક સ્પર્શેન્દ્રિયરૂપે વારંવાર પરિણમતાં રહે છે. એ જ પ્રમાણે ચતુરિન્દ્રિય જીવો દ્વારા પ્રક્ષેપાહારરૂપે ગૃહીત તે પુદ્ગલો વિષમ માત્રાએ ચક્ષુઇન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયરૂપે વારંવાર પરિણમતાં રહે છે. ॥ સૂ. ૨૧ ॥

## પચેન્દ્રિ જીવોં કા ઔર ઉનકે આહારાદિ કા નિરૂપણ

### पंचेन्द्रियजीव निरूपणम्—

"पंचेन्द्रिय तिरिक्ख योणियाणं" इत्यादि ।

(पंचेंदिय तिरिक्ख योणियाणं) પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળાની (ठिई भाणियव्वा) સ્થિતિનું વર્ણન આ પ્રસ્તાવમાં કરવું જોઈએ. (उस्सासो वेमायाए) ઉચ્છ્વાસ વિમાત્રાવાળો કહેવો જોઈએ. (आहारो अणाभोग निव्वत्तिओ अणुसमयं अविरहिओ) તેઓ બન્ને પ્રકારનો આહાર કરે છે. તેમાંનો જે અનાભોગનિવર્તિત આહાર છે તે વિરહ વિના પ્રતિસમય થતો રહે છે. તથા-(आभोगनिव्वत्तिओ जहण्णेणं अंतोमुहुत्तस्स, उक्कोसेणं छट्ठभत्तस्स) જે આભોગનિવર્તિત આહાર છે તે ઓછામાં ઓછા અન્તર્મુહૂર્ત પછી અને વધારેમાં વધારે બે દિવસ પછી થાય છે. (सेसं·

जहा चउरिंदियाणं जाव नो अचलियं कम्मं णिज्जरेंति) બાકીનું સમસ્ત કથન ચતુરિન્દ્રિય જીવો પ્રમાણે જ સમજવું. અને "તેઓ અચલિત કર્મની નિર્જરા કરતા નથી, ચલિત કર્મની નિર્જરા કરે છે" ત્યાં સુધીનું કથન ચતુરિન્દ્રિય જીવો પ્રમાણે જ સમજવું. (एवं मणुस्साण वि.) મનુષ્યોના સંબંધમાં પણ એજ પ્રમાણે સમજવું. (णवरं) મનુષ્યમાં વિશેષતા એ છે કે (आभोगनिव्वत्तिए जहण्णेणं अंतोमुहुत्तेणं, उक्कोसेणं अट्ठमभत्तस्स) તેમનો આભોગનિવર્તિત આહાર ઓછામાં ઓછો અન્તર્મુહૂર્ત પછી અને વધારેમાં વધારે ત્રણ દિવસ પછી થાય છે. (सोइंदिय वेमायत्ताए भुज्जो भुज्जो परिणमंति) તેમના દ્વારા આહારરૂપે ગ્રહણ કરાયેલાં પુદ્‌ગલો વિષમ માત્રાએ શ્રોત્રેન્દ્રિયરૂપે વારંવાર પરિણમતાં રહે છે. (सेसं जहा चउरिंदियाणं तहेव जाव निज्जरेंति) બાકીનું સમસ્ત કથન ચતુરિન્દ્રિય જીવોની જેમ સમજવું-અને તે કથન "यावत् निज्जरेंति" સૂત્ર સુધી એ પ્રમાણે જ સમજવું.

ટીકાર્થ—આ સૂત્ર દ્વારા સૂત્રકારે પંચેન્દ્રિય તિર્યંચ જીવોની સ્થિતિ આદિનું અને પંચેન્દ્રિય મનુષ્યોની સ્થિતિ આદિનું કથન કર્યું છે, કારણ કે આ પહેલાં તેમણે તેઈન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોની સ્થિતિ આદિનું વર્ણન આગળનાં સૂત્રોમાં કરી લીધું છે. પંચેન્દ્રિય તિર્યંચ જીવોની સ્થિતિ ઓછામાં ઓછી અંતર્મુહૂર્તની અને વધારેમાં વધારે ત્રણ પલ્યોપમની છે. આ કથન ભોગ ભૂમિયા (યુગલોની અપેક્ષાએ) તિર્યંચોની અપેક્ષાએ કરવામાં આવ્યું છે એમ સમજવું. તેમનો ઉચ્છ્વાસ વિમાત્રાવાળો કહેવાનું કારણ એ છે કે તેઓ કેટલા કાળને આંતરે શ્વાસોચ્છ્વાસ લે છે તે નિશ્ચિતરૂપે કહી શકાતું નથી. તે જીવોમાં બન્ને પ્રકારના આહાર થાય છે. એજ વાતને આહારાભિલાષ સૂત્રમાં બતાવી છે. તે જીવોનો જે અનાભોગનિવર્તિત આહાર હોય છે તે નિરંતરરૂપે લેવાયા કરે છે. તથા આભોગનિવર્તિત આહારની ઈચ્છા ઓછામાં ઓછા અન્તર્મુહૂર્ત પછી અને વધારેમાં વધારે બે ઉપવાસ બાદ થાય છે. આ કથન દેવકુરુ અને ઉત્તરકુરુમાં રહેલાં તિર્યંચ જીવોની અપેક્ષાએ કરાયું છે તેમ જાણવું. આ સિવાય પુદ્‌ગલોના વિધ્વંશ (નાશ) વિષેનું તથા અલ્પ બહુત્વ આદિ વિષેનું જે કથન છે તે ચતુરિન્દ્રિય જીવોના વક્તવ્યમાં કહ્યા પ્રમાણે જ સમજવાનું છે. ત્યાં તે કથનમાં જ્યાં ચતુરિન્દ્રિય શબ્દ આવે ત્યાં તેને બદલે પંચેન્દ્રિય શબ્દ મૂકવાથી તે કથન પંચેન્દ્રિય જીવોને લાગુ પડી શકશે. એ કથનનો કયાં સુધીનો ભાગ પંચેન્દ્રિય જીવોના વિષયમાં લગાડવો જોઇએ ? તો તેના જવાબમાં બતાવ્યું છે કે "नो अचलितं कर्म निर्जरयन्ति" ત્યાં સુધીનો ભાગ તેને લાગુ પાડવો. હવે પંચેન્દ્રિય મનુષ્યના વિષયમાં સૂત્રકાર કહે છે કે આ પ્રમાણે જ મનુષ્યની સ્થિતિ આદિનું વર્ણન પણ સમજી લેવું. પણ તે વર્ણનમાં

આ પ્રમાણે ભિન્નતા રહેલી છે—મનુષ્યોનો જે આભોગનિર્વર્તિત આહાર છે તે ઓછામાં ઓછો એક અન્તર્મુહૂર્ત પછી અને વધારેમાં વધારે ત્રણ ઉપવાસ પછી થાય છે. આ કથન દેવકુરુ અને ઉત્તરકુરુ આદિના યુગલિક મનુષ્યોની અપેક્ષાએ કરવામાં આવ્યું છે તેમ જાણવું. પરિણામ સૂત્રમાં મનુષ્યો દ્વારા ગૃહીત આહાર પુદ્ગલોનું શ્રોત્રેન્દ્રિયની વિમાત્રાએ વારંવાર પરિણમન થવાનું જે કહ્યું છે તેનું તાત્પર્ય એવું છે કે તેમના દ્વારા ગૃહીત આહાર પુદ્ગલો ક્યારેક શ્રોત્રેન્દ્રિયરૂપે, ક્યારેક ચક્ષુરિન્દ્રિયરૂપે, ક્યારેક ઘ્રાણેન્દ્રિયરૂપે, ક્યારેક જિહ્વેન્દ્રિયરૂપે અને ક્યારેક સ્પર્શન ઇન્દ્રિયરૂપે વારંવાર પરિણમ્યા કરે છે. અહીં જે અનાઘ્રાયમાણ, અનાસ્વાદ્યમાન અને અસ્પૃશ્યમાન પુદ્ગલો છે તેમના વિધ્વંસરૂપ કથન અને તેમની અલ્પતા બહુતાનું કથન ચતુરિન્દ્રિય જીવોના કથન પ્રમાણે જ સમજી લેવું. અને "અચલિત કર્મની નિર્જરા થતી નથી" ત્યાં સુધીનું કથન એ સૂત્ર પ્રમાણે સમજવાનું છે ॥સૂ. ૨૨॥

## વાનવ્યન્તરાદિકા ઔર ઉનકી સ્થિતિ આદિ કા નિરૂપણ

**वानव्यन्तरादि निरूपणम्—**

**'वाणमंतराणं ठिइए' इत्यादि ।**

**(वाणमंतराणं ठिइए नाणत्तं)** વાનવ્યન્તરોની સ્થિતિમાં ભેદ છે. **(अवसेसं जहा नागकुमाराणं)** બાકીનું સમસ્ત કથન નાગકુમારોના કથન પ્રમાણે છે. **(एवं-जोइसियाण वि)** જ્યોતિષિક દેવોના સંબંધમાં પણ એ પ્રમાણે જ કથન સમજવું. **(णवरं)** પણ તે કથનમાં શ્વાસોચ્છ્વાસના વિષયમાં આ પ્રમાણે તફાવત છે—જ્યોતિષિક દેવોનો **(उस्सासो)** ઉચ્છ્વાસ **(जहण्णेणं)** ઓછામાં ઓછો **(मुहुत्त-पुहुत्तस्स)** મુહૂર્તપૃથકત્વને આંતરે અને **'उक्कोसेण वि'** વધારેમાં વધારે પણ **(मुहुत्तपुहुत्तस्स)** મુહૂર્ત પૃથકત્વને આંતરે થાય છે. **'आहारो'** તેમનો આહાર **'जहण्णेणं दिवस पुहुत्तस्स'** ઓછામાં ઓછો દિવસપૃથકત્વને આંતરે અને **'उक्कोसेण वि दिवस पुहुत्तस्स'** વધારેમાં વધારે પણ દિવસ પૃથકત્વને આંતરે થાય છે. **(सेसं तहेव)** બાકીનું કથન નાગકુમારોના કથન પ્રમાણે જ સમજવું. **(वेमाणियाणं ठिई ओहिया भाणियव्वा)** વૈમાનિક દેવોની સ્થિતિ 'આયુષ્યકાળ' સામાન્ય જાણવી જોઈએ. **'उस्सासो जहण्णेणं मुहुत्तपुहुत्तस्स, उक्कोसेणं तेत्तीसाए पक्खाणं'** વૈમાનિક દેવોનો શ્વાસોચ્છ્વાસ ઓછામાં ઓછો મુહૂર્તપૃથકત્વને આંતરે અને વધારેમાં વધારે ૩૩ પખવાડિયાંને આંતરે થાય છે. **'आहारो आभोगनिव्वत्तिओ जहण्णेणं दिवसपुहुत्तस्स, उक्कोसेणं तेत्तीसाए वाससहस्साणं'** તેમનો આભોગનિર્વર્તિત આહાર ઓછામાં ઓછો દિવસપૃથકત્વને આંતરે અને વધારેમાં વધારે તેત્રીસ હજાર વર્ષ બાદ થાય છે. **'सेसं चलियाइयं तहेव जाव निज्जरेंति'** બાકીનું સમસ્ત કથન એટલે કે બંધ, ઉદીરણ, વેદન, અપવર્તન, સંક્રમણ, નિધત્ત, અને નિકાચન અચલિત કર્મોનું થાય છે, અને

ચલિતકર્મોની નિર્જરા થાય છે, ઇત્યાદિ સમસ્ત કથન નૈરયિકસૂત્રમાં બતાવ્યા પ્રમાણે જ "चलितं कर्म निर्जरयन्ति, नो अचलितं कर्म निर्जरयन्ति" સુધી સમજવું.

ટીકાર્થ—આ સૂત્ર દ્વારા સૂત્રકારે વાનવ્યન્તર આદિ દેવોની સ્થિતિ આદિનું વર્ણન કર્યું છે. તેમાં તેમણે નાગકુમારદેવોની સ્થિતિ કરતાં વાનવ્યન્તર દેવોની સ્થિતિમાં ભેદ બતાવ્યો છે. બાકીનું સમસ્ત કથન નાગકુમારો પ્રમાણે જ છે. આહારાદિનું જે કથન નાગકુમારોના પ્રકરણમાં કર્યું છે તે સમસ્ત કથન વાનવ્યન્તર દેવોને પણ લાગુ પડી શકે છે, કારણ કે નાગકુમારો અને વ્યન્તર દેવોમાં મોટે ભાગે સમાનધર્મતા છે. વ્યન્તર દેવોની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમની છે. નાગકુમારોની જઘન્યસ્થિતિ દસહજારવર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ બે પલ્યોપમ કરતાં થોડી ઓછી છે. તેઓની સ્થિતિમાં એજ ભેદ છે. આ પ્રમાણે તેમની સ્થિતિનો ભેદ બતાવીને સૂત્રકારે કહ્યું છે કે, વાનવ્યન્તર દેવોનો ઉચ્છ્વાસ, આહાર આદિ નાગકુમાર દેવો જેવો જ છે. હવે સૂત્રકાર જ્યોતિષ્ક દેવોની સ્થિતિ આદિ વિષયમાં " एवं जोइसियाणं " આ સૂત્રપાઠદ્વારા સમાન વક્તવ્યતા પ્રગટ કરે છે. તેમાં તેમણે એવું નિરૂપણ કર્યું છે કે, સ્થિતિ સિવાયનું બધું–ઉચ્છ્વાસ, આહારાદિ–નાગકુમારો પ્રમાણે જ છે. જ્યોતિષ્ક દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમ કરતાં એક લાખ વધારે વર્ષની છે. અને જઘન્ય સ્થિતિ એક પલ્યોપમના આઠમાં ભાગની છે. " नवरं " શબ્દદ્વારા ઉચ્છ્વાસ આદિમાં જે ભેદ બતાવ્યો છે તે આ પ્રમાણે છે–જ્યોતિષ્કના દેવોના શ્વાસોચ્છ્વાસનો કાળ જઘન્ય અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ મુહૂર્ત પૃથકત્વનો છે–તે બન્નેના કાળમાં ભેદ નથી. બેથી શરૂ કરીને નવ સુધીની સંખ્યાનું નામ પૃથકત્વ છે. અહીં જે શ્વાસોચ્છ્વાસનો જઘન્યકાળ મુહૂર્ત પૃથકત્વનો કહ્યો છે તેમાં બે અથવા ત્રણ મુહૂર્ત લીધાં છે. અને ઉત્કૃષ્ટ કાળ મુહૂર્ત પૃથકત્વનો કહ્યો છે તેમાં આઠ અથવા નવ મુહૂર્ત લીધાં છે. તેમના આહારમાં પણ આ પ્રકારની વિશેષતા છે–જ્યોતિષ્કદેવોની આહારાભિલાષાનો જઘન્ય અને ઉત્કૃષ્ટ કાળ દિવસ પૃથકત્વનો કહ્યો છે. બાકીનું સમસ્ત કથન નાગકુમારદેવો પ્રમાણે જ સમજવું. વૈમાનિકદેવોની સ્થિતિ સામાન્ય છે. અને તે પલ્યોપમથી લઈને ૩૩ સાગરોપમ સુધીની સમજવી. અહીં જે પલ્યોપમની સ્થિતિ કહી છે તે સૌધર્મ કલ્પની અપેક્ષાએ જઘન્ય (ઓછામાં ઓછી) સ્થિતિ સમજવી. અને જે સાગરોપમની સ્થિતિ કહી છે તે અનુત્તર વિમાનોની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્થિતિ સમજવી. અહીં જઘન્યની અપેક્ષાએ ઉચ્છ્વાસ કાળ જે મુહૂર્ત પૃથકત્વનો કહ્યો છે તે જઘન્ય સ્થિતિવાળા વૈમાનિક દેવોને અનુલક્ષીને કહેલ છે. અને જે ૩૩ પક્ષનો ઉત્કૃષ્ટ ઉચ્છ્વાસકાળ કહ્યો છે તે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા–અનુત્તર વૈમાનિક દેવોની અપેક્ષાએ કહેલ છે, આભોગનિર્વર્તિત આહારના વિષયમાં જે દિવસપૃથકત્વનો જઘન્યકાળ અને ૩૩ હજાર વર્ષનો ઉત્કૃષ્ટકાળ કહેવામાં આવ્યો છે તે આ નિયમ પ્રમાણે કહેલ છે–જે દેવની જેટલા સાગરોપમની સ્થિતિ હોય છે એટલા પક્ષને આંતરે તેઓ ઉચ્છ્વાસ લે છે અને એટલા હજાર વર્ષને આંતરે તેઓ આહાર લે છે, એજ વાત "जस्सजाइं" ઈત્યાદિ ગાથા દ્વારા સ્પષ્ટ કરવામાં આવી છે. " सेसं चलियाइयं " ઇત્યાદિ સૂત્રનો અર્થ મૂળ સૂત્રમાં બતાવ્યા પ્રમાણે જ છે. ॥ સૂ. ૨૩ ॥

## आत्मारंभादि—

"जीवाणं भंते" ઈત્યાદિ ।

(भंते !) હે ભદન્ત ! (जीवा किं आयारम्भा ?) જીવો શું આત્મારંભી હોય છે ? (परारंभा) કે પરારંભી હોય છે ? (तदुभयारम्भा) તદુભયારંભી હોય છે ? કે (अणारम्भा) અનારંભી હોય છે ?

(गोयमा !) હે ગૌતમ ! (अत्थे गइयाजीवा आयारम्भा वि) કેટલાક જીવો આત્મારંભી પણ છે, (परारम्भा वि) પરારંભી પણ છે, (तदुभयारम्भा वि) તદુભયારંભી પણ છે, (णो अणारम्भा) પણ અનારંભી નથી. (अत्थे गइया जीवा णो आयारम्भा) કેટલાક જીવો આત્મારંભી નથી, (नो परारम्भा) પરારંભી નથી, (नो तदुभयारम्भा) તદુભયારંભી નથી, (अणारम्भा) પણ અનારંભી છે.

(से केणट्ठणं भंते ! एवं वुच्चइ) હે ભદન્ત ! આપ શા કારણે એવું કહો છો કે (अत्थेगइया जीवा आयारम्भा वि एवं पडिउच्चारेव्वं) કેટલાક જીવો આત્મારંભી પણ છે ? આ જગ્યાએ પૂર્વોક્ત બધા પ્રશ્નોનું પુનરુચ્ચારણ કરવું જોઈએ.

(गोयमा !) ગૌતમ ! (जीवा दुविहा पण्णत्ता) જીવોના બે પ્રકાર કહ્યા છે. (तं जहा) તે આ પ્રમાણે છે–(संसारसमावण्णगा य असंसारसमावण्णगा य) (૧) સંસાર સમાપન્નક જીવ (સંસારી જીવ) (૨) અસંસાર સમાપન્નક જીવ (तत्थणं जे ते असंसार समावण्णगा तेणं सिद्धा) તેમાંથી સિદ્ધોને અસંસાર સમાપન્નક કહે છે. (सिद्धाणं नो आयारम्भा जाव अणारम्भा) સિદ્ધ આત્મારંભી નથી, પરારંભી નથી, તદુભયારંભી નથી પણ અનારંભી હોય છે. (तत्थणं जे ते संसारसमावण्णगा ते दुविहा पण्णत्ता) તે સંસાર સમાપન્નક જીવો છે તેના બે પ્રકાર છે. (तं जहा) તે પ્રકારો આ પ્રમાણે છે–(संजया य असंजया य) સંયત અને અસંયત. (तत्थणं जे ते संजया ते दुविहा पन्नत्ता) તેમાંના સંયતના જે બે પ્રકાર છે તે (तंजहा) આ પ્રમાણે છે–(पमत्त संजया य अपमत्तसंजया य) (૧) પ્રમત્ત સંયત અને (૨) અપ્રમત્ત સંયત, (तत्थणं जे ते अप्रमत्तसंजया तेणं नो आयारम्भा नो परारम्भा जाव अणारम्भा) તેમાંના જે અપ્રમત્ત સંયત જીવો હોય છે તેઓ આત્મારંભી નથી, પરારંભી નથી, તદુભયારંભી નથી પણ અના· રંભી છે. (तत्थणं जे ते पमत्तसंजया ते सुहजोगं पडुच्च नो आयारम्मा, नो परारम्भा, जाव अणारम्भा) જે પ્રમત્તસંયત જીવો હોય છે તેઓ શુભ યોગની અપેક્ષાએ આત્મારંભી નથી, પરારંભી નથી, તદુભયારંભી નથી, પણ અનારંભી છે. (असुहजोगं पडुच्च आयारम्भा वि जाव नो अणारम्भा) અશુભયોગની અપેક્ષાએ તેઓ આત્મારંભી છે, પરારંભી છે, તદુભયારંભી છે પણ અનારંભી નથી.

( तत्थणं जे ते असंजया ते अविरइं पडुच्च आयारम्भा वि जाव नो अणारम्भा ) જેઓ અસંયત હોય છે તેઓ અવિરતિની અપેક્ષાએ આત્મારંભી પણ છે, પરારંભી પણ છે, તદુભયારંભી પણ છે, પરંતુ અનારંભી નથી. ( **से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ अत्थेगइया जीवा जाव अणारम्भा** ) હે ગૌતમ ! એ કારણે હું એ પ્રમાણે કહું છું કે, કેટલાક જીવો આત્મારંભી પણ છે ત્યાંથી લઇને અનારંભી પણ છે ત્યાં સુધીના કથનને ગ્રહણ કરવું.

ટીકાર્થ—નારક પ્રકરણથી લઈને વાનવ્યન્તર સુધીના પ્રકરણમાં સૂત્રકારે નારક આદિ જીવોના ધર્મનું જે કથન કર્યું છે તે આરંભપૂર્વક જ બને છે. એટલે કે, નારક આદિ જીવોની ધર્મની વક્તવ્યતા જો આરંભપૂર્વક જ થાય છે તો આરંભ તે વક્તવ્યતાનું વિશેષણ બને છે અને વક્તવ્યતા વિશેષ્ય બને છે. તેથી અહીં આપોઆપ એ જિજ્ઞાસા ઉદ્‌ભવે છે કે આરંભ શું છે ? એટલે કે આરંભનું સ્વરૂપ કેવું છે ? એ તો એક સામાન્ય વાત છે કે, જ્યાં સુધી જીવને આરંભના સ્વરૂપનું ભાન ન થાય ત્યાં સુધી તેને નારકાદિ જીવોના ધર્મની વક્તવ્યતાની સમજણ કેવી રીતે પડે ? કારણ કે જે વિશિષ્ટજ્ઞાન હોય છે તે તેના વિશેષણના જ્ઞાનપૂર્વક જ થાય છે. તેથી સૂત્રકારે આરંભરૂપ વિશેષણનું કેવું સ્વરૂપ છે, તેના કેટલા ભેદ છે, ઇત્યાદિ જ્ઞાન જીવોને પ્રાપ્ત થાય તે હેતુથી આત્મારંભ આદિ પ્રકરણનું કથન કર્યું છે. આ પ્રકરણનું નિરૂપણ કરતાં તેઓ કહે છે કે “ **जीवाणं भंते ! किं आयारंभा** ” इत्यादि ‘ જીવ શું આત્મારંભી છે ? ઇત્યાદિ. અહીં ગૌતમસ્વામીએ એવો પ્રશ્ન પૂછ્યો છે કે “ હે ભદન્ત ! જીવ આત્મારંભી છે ? કે પરારંભી છે ? ઉભયારંભી છે ? કે અનારંભી છે ? ” પ્રભુએ તે પ્રશ્નનો આ પ્રમાણે ઉત્તર આપ્યો છે–“ હે ગૌતમ ! કેટલાક જીવો આત્મારંભી પણ છે, કેટલાક જીવો પરારંભી પણ છે, કેટલાક જીવો ઉભયારંભી પણ છે, પણ અનારંભી નથી. તથા કેટલાક જીવો આત્મારંભી નથી, પરારંભી નથી, ઉભયારંભી નથી, પણ અનારંભી છે. ” આરંભ એટલે જીવોની વિરાધના–ઉપદ્રવ. સામાન્ય રીતે “ આસ્રવદ્વારમાં પ્રવૃત્તિ કરવી ” એવો તેનો ભાવાર્થ થાય છે. “ **अत्थेगइया** ”માં “ **अत्थि** ” પદ અવ્યયરૂપે છે. અને તેનો પ્રયોગ બહુવચન “ **सन्ति** ”ના અર્થમાં પણ કરાય છે. અહીં તે પદ “ **सन्ति** ”ના અર્થમાં વપરાયું છે. આત્માને જે આરંભમાં લગાડે છે અથવા આત્માદ્વારા જેઓ પોતે જ આરંભ કરે છે તેમને આત્મારંભી કહે છે. પરને જે આરંભમાં લગાડે છે–એટલે કે અન્યના દ્વારા જેઓ આરંભ કરાવે છે તેમને પરારંભી કહે છે. આત્મા અને પર એ બન્ને દ્વારા જેઓ આરંભ કરાવે છે તેમને તદુભયારંભી કહે છે. આત્મા, પર, અને ઉભય, એ ત્રણે પ્રકારના આરંભથી જેઓ રહિત હોય છે તેમને અનારંભી કહે છે. આત્મારંભ–આત્મારંભી પણ છે, પરારંભ–પરારંભી પણ છે, ઉભયારંભ–ઉભયારંભી પણ છે. એ

પદોને જે 'ભી' 'પણ' લગાડયો છે તે ભિન્નાશ્રયત્વ અને એકાશ્રયત્વનો પ્રતિપાદક છે. એટલે કે તે પદોની સાથે આવેલો 'अपि' શબ્દ તે પદોમાં ભિન્નાશ્રયત્વ અને એકાશ્રયત્વનું પ્રતિપાદન કરે છે. અહીં કાળભેદથી એકાશ્રયતા થાય છે. તે આ રીતે છે–કાળભેદની અપેક્ષાએ એક જ જીવ કોઇ કાળે આત્મારંભી હોય છે, કોઇ કાળે પરારંભી હોય છે, કોઇ કાળે ઉભયારંભી હોય છે. તેથી કોઈ પણ કાળે જીવ આરંભરહિત હોતા નથી, એ રીતે તેઓ એકાશ્રયી બની રહે છે. તેમનામાં ભિન્નાશ્રયતા આ રીતે ઘટાવી શકાય છે–કેટલાક અસંયત જીવો આત્મારંભી હોય છે, કેટલાક અસંયત જીવો પરારંભી હોય છે, અને કેટલાક અસંયત જીવો ઉભયારંભી હોય છે; તેથી તેઓ કદી પણ આરંભ રહિત હોતા નથી. અનેક જીવોની અપેક્ષાએ આ ભિન્નાશ્રયતા છે.

**કેટલાક જીવો આત્મારંભી, પરારંભી અને ઉભયારંભી હોતા નથી પણ** આરંભરહિત હોય છે એવું જે કહેવામાં આવ્યું છે તે સિદ્ધાદિ જીવોને અનુલક્ષીને કહેલ છે. "**से केणट्ठेणं भंते !**" ઇત્યાદિ જે સૂત્રપાઠ આપવામાં આવ્યો છે તે પ્રશ્નકારની એવી શંકા બતાવવા માટે મૂકયો છે કે "ઉપયોગવત્વાત્મક એક એક ધર્મ સર્વ જીવોમાં મોજૂદ હોવાથી પ્રત્યેક જીવ સમાન છે. છતાં પણ કેટલાક જીવ આત્મારંભી કેટલાક જીવ પરારંભી, કેટલાક જીવ ઉભયારંભી હોય છે એ પ્રકારની વિષમતા આપ કેવી રીતે બતાવો છો ? શંકાકારની તે શંકાનું નિવારણ કરવાને માટે પ્રભુએ કહ્યું છે–"હે ગૌતમ ! જીવના આ પ્રમાણે બે પ્રકાર છે–(૧) સંસાર સમાપન્નક–(સંસારી જીવ) અને (૨) અસંસાર સમાપન્નક (મુક્ત જીવ) આ રીતે જીવ બે પ્રકારનાં છે. તેમાં સંસારથી મુક્ત (મુક્ત જીવો) સિદ્ધોને કહેવાય છે. તે જીવો આત્મારંભી હોતા નથી, પરારંભી હોતા નથી, ઉભયારંભી હોતા નથી પણ આરંભથી રહિત હોય છે. આરંભ શરીરથી થાય છે. સિદ્ધોને શરીર હોતું નથી. તેથી તેમને અનારંભી (આરંભ રહિત) કહ્યા છે. સંસારી જીવો બે પ્રકારના હોય છે–(૧) સંયત અને (૨) અસંયત ગૃહસ્થજન અસંયત હોય છે અને મુનિજન સંયત હોય છે; સંયતના પણ બે પ્રકાર પડે છે–(૧) પ્રમત્ત સંયત અને (૨) અપ્રમત્ત સંયત. સાતમા ગુણસ્થાને પહોંચેલ જીવો અપ્રમત્ત સંયત હોય છે. તેઓ આત્મારંભી હોતા નથી, પરારંભી હોતા નથી, ઉભયારંભી હોતા નથી પણ આરંભથી રહિત હોય છે. છઠ્ઠા ગુણસ્થાનવર્તી જીવો પ્રમત્ત સંયત હોય છે. પ્રમત્ત સંયતોમાં પ્રમાદીપણું અને સંયતરૂપતા હોય છે. તે કારણે તેમનામાં શુભ અને અશુભ યોગ સંભવી શકે છે. તેથી શુભયોગ–શાસ્ત્રોક્ત રીતે ક્રિયા કરવારૂપ શુભયોગની અપેક્ષાએ તેઓ આત્મારંભી હોતા નથી, પરારંભી હોતા નથી, અને ઉભયારંભી પણ હોતા નથી. તેથી તેઓ અનારંભી હોય છે.

શુભયોગ એટલે ઉપયોગપૂર્વક પ્રતિલેખના કરવી, ઉભયકાળ આવશ્યક કરવો, નિરવદ્ય ભિક્ષાથી સંયમયાત્રા નિભાવવી આદિ.

તથા અશુભયોગ (અનુપયુક્ત રૂપે પ્રત્યુપ્રેક્ષણાદિ ક્રિયા કરવારૂપ અશુભયોગ)ની અપેક્ષાએ તેઓ આત્મારંભ આદિ વાળાં હોય છે, આરંભરહિત હોતા નથી. પણ આરંભયુક્ત જ હોય છે. અનુપયુક્તભાવે પ્રત્યુપ્રેક્ષણાદિ ક્રિયા કરવાને કારણે મુનિજન દ્વારા છકાયના જીવોની વિરાધના થાય છે. કહ્યું પણ છે—

પ્રતિલેખનામાં પ્રમત્ત બનેલ મુનિજન પૃથિવીકાય, અપૂકાય, તેજકાય,

વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય, એ છ કાયના જીવોનો વિરાધક થાય છે. શ્રમણનો સમસ્ત પ્રમત્તયોગ આરંભરૂપ જ છે. કહ્યું પણ છે—

"**सव्वो पमत्तजोगो समणस्स उ होइ आरंभो**" શ્રમણનો સમસ્ત પ્રમત્ત-યોગ આરંભરૂપ જ છે." તેથી પ્રમત્ત સંયતનો શુભ અથવા અશુભ યોગ આત્મારંભાદિકના કારણરૂપ હોય છે. અસંયત-અવિરત જે જીવો હોય છે તેઓ અવિરતિથી યુક્ત હોવાને લીધે આત્મારંભી આદિ હોય છે, અનારંભી હોતા નથી. તેનું તાત્પર્ય એવું છે કે—સૂક્ષ્મ એકેન્દ્રિયાદિક જે અસંયત જીવો છે તેમનામા પ્રત્યક્ષ રીતે આત્મારંભતા આદિ નથી. છતાં પણ અવિરતિની અપેક્ષાએ તેમનામાં આત્મારંભતા આદિ છે જ. કારણ કે તેઓ તેમનાથી નિવૃત્ત હોતા નથી. તેથી અસંયત જીવોની અવિરતિ આત્મારંભ આદિના કારણરૂપ બને છે. હે ગૌતમ! તે કારણે મેં એવું કહ્યું છે કે કેટલાક જીવો "**जाव अणारंभा**" આત્મારંભી હોય છે, ત્યાંથી શરૂ કરીને સૂત્રમાં આવેલા "**अणारंभा**" સુધીનો પાઠ ગ્રહણ કરવાનો છે. ॥ સૂ. ૨૪ ॥

## નૈરયિકોં કી આત્મારમ્ભાદિ વક્તવ્યતા કા નિરૂપણ

નરકાદિ જીવોનું આત્મારંભાદિ વક્તવ્ય—

"**नेरइयाणं भंते! किं आयारंभा**" इत्यादि।

(**भंते**) હે ભદન્ત! (**नैरयिका**) નારક જીવો (**किं**) શું (**आयारम्भा, परारंभा, तदुभयारंभा, अणारंभा?**) આત્મારંભી છે, પરારંભી છે, ઉભયારંભી છે, કે અનારંભી છે? (**गोयमा!**) હે ગૌતમ! (**नेरइया**) નારક જીવો (**आयारंभा वि जाव णो अणारंभा**) આત્મારંભવાળા પણ છે, પરારંભવાળા પણ છે, ઉભયારંભવાળા પણ છે, પણ આરંભથી રહિત નથી. (**से केणट्ठेणं भंते एवं वुचइ?**) હે ભદન્ત! આપ, શા કારણે એ પ્રમાણે કહો છો?

(**गोयमा!**) હે ગૌતમ! (**अविरतिं पडुच्च**) અવિરતિની અપેક્ષાએ એવું કહું છું (**एवं असुरकुमारा वि**) અસુરકુમારો વિષે પણ એ પ્રમાણે જ કથન સમજવું (**जाव पंचिंदियतिरिक्खजोणिया, मणुस्सा जहा जीवा, नवरं सिद्ध विरहिया भाणियव्वा**) પચેન્દ્રિય તિર્યંચ યોનિ સુધીના બધા જીવોનું વક્તવ્ય નારક જીવો પ્રમાણે જ સમજવું. મનુષ્યોનું વક્તવ્ય સામાન્ય જીવસૂત્રની જેમ જાણવું. અહીં વિશેષતા એટલી છે કે અહીં સિદ્ધોનો તેમાં સમાવેશ કરવાનો નથી. (**वाममंतरा जाव वेमाणिया जहा नेरईया**) વાનવ્યંતરોથી લઈને વૈમાનિકો સુધીનું કથન નારક જીવો પ્રમાણે જ સમજવું. (**सलेस्सा जहा ओहिया**) સામાન્ય રીતે જેવી જીવોની વક્તવ્યતા કહી છે એવી જ વક્તવ્યતા લેશ્યાયુક્ત જીવોની જાણવી. (**कण्हलेसस्स नीललेसस्स काउलेसस्स जहा ओहिया जीवा**) કૃષ્ણ લેશ્યાવાળાં, નીલ લેશ્યાવાળાં અને કાપોતલેશ્યાવાળાં

જીવોનું કથન સામાન્ય જીવસૂત્ર પ્રમાણે સમજવું. (**नवरं**) વિશેષતા એ વાતની છે કે (**पमत्त अप्रमत्ता न भाणियव्वा**) સામાન્ય જીવોના કથનમાં જે પ્રમત્ત અને અપ્રમત્ત જીવ વિષેનું કથન કરાયું છે તે અહીં લાગુ પાડવાનું નથી. (**तेउलेसस्स पम्हलेसस्स सुक्कलेसस्स जहा ओहिया जीवा नवरं-सिद्धा न भाणियव्वा**) તેજોલેશ્યાવાળાં જીવોનું, પદ્મલેશ્યાવાળાં જીવોનું અને શુકલલેશ્યાવાળાં જીવોનું વક્તવ્ય સામાન્ય જીવસૂત્રની જેમ જ સમજવું. પણ તેમાં વિશેષતા એ બાબતમાં રહી છે કે તેજોલેશ્યા આદિ કથનોમાં સિદ્ધ જીવોની ગણતરી કરવી જોઇએ નહીં.

ટીકાર્થ—સૂત્રકારે આ સૂત્રદ્વારા ચોવીસ દંડકોમાં આત્મારંભ આદિનું નિરૂપણ કર્યું છે–સૌથી પહેલો પ્રશ્ન ગૌતમસ્વામીએ એ પૂછ્યો છે કે નારક જીવો આત્મારંભી છે? કે પરારંભી છે? કે ઉભયારંભી છે? કે અનારંભી છે? એ પ્રશ્ન અને મહાવીરસ્વામી દ્વારા અપાયેલો જવાબ સહેલાઇથી સમજી શકાય તેવો છે. વળી ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે કે હે ભદન્ત! આપ એવું શા કારણે કહો છો કે નારક જીવો આત્મારંભી પણ છે, પરારંભી પણ છે, ઉભયારંભી પણ છે, પણ અનારંભી નથી? પ્રભુએ તેના જવાબમાં બતાવ્યું છે કે તેઓ અવિરતિવાળાં હોવાથી તેમ કહ્યું છે. પ્રાણાતિપાત આદિથી વિરમવું તેનું નામ વિરતિ છે. નારક જીવોમાં તે વિરતિ હોતી નથી. કારણ કે ત્યાં ચાર ગુણસ્થાન સુધીના જ ગુણસ્થાનો હોય છે. વિરતિનો સંબંધ પાંચમાં ગુણસ્થાનથી થાય છે. પાંચમું ગુણસ્થાન તો ત્યાં હોતું જ નથી, એવું સિદ્ધાન્તનું કથન છે. તેથી તે અવિરતિની અપેક્ષાએ નારક જીવો આત્મારંભી પણ હોય છે, પરારંભી પણ હોય છે, ઉભયારંભી પણ હોય છે, પણ અનારંભી (આરંભ રહિત) હોતા નથી. હે ગૌતમ! આ અવિરતિ રૂપ કારણથી આ પ્રમાણે કહ્યું છે. કારણ કે ત્યાં વિરતિનો અભાવ હોય છે.

પંચેન્દ્રિય તિર્યંચ યોનિના જીવોની આગળ જે '**यावत्**' શબ્દનો પ્રયોગ થયો છે તે દ્વારા નાગકુમાર આદિ નવ ભવનપતિ દેવો, પૃથિવીકાય આદિ પાંચ સ્થાવર જીવો અને દ્વીન્દ્રિય આદિ ત્રણ વિકલેન્દ્રિય જીવોને અહીં ગ્રહણ કરવામાં આવ્યા છે. તે જીવોના વિષયમાં આત્મારંભ આદિનું કથન નરક જીવોના આત્મારંભ આદિના કથનાનુસાર સમજવું. "**मणुस्सा जहा जीवा**" આ કથનનું તાત્પર્ય એવું છે કે માણસોમાં સંયત અને અસંયત, પ્રમત્ત અને અપ્રમત્ત, એ પ્રકારના ભેદોનો સદ્‌ભાવ હોય છે. તે કારણે મનુષ્યોના વિષયમાં આત્મારંભ આદિનું કથન જીવસૂત્રમાં જે પ્રમાણે તે કથન થયું છે તે પ્રમાણે જ સમજવું. પણ સંસાર સમાપન્ન (સંસારી) અને અસંસાર સમાપન્ન (મુક્ત) આ પ્રમાણે બે ભેદવાળા તેઓ છે તે પ્રકારનું વિધ્યસૂત્ર અહીં કહેવું જોઈએ નહીં, કારણ કે તે સંયતઅસંયત અને પ્રમત્ત અપ્રમત્ત મનુષ્ય સંસારમાં જ રહેનારા હોય છે, એજ વાત "**नवरं**" શબ્દ દ્વારા સૂત્રકારે દર્શાવી છે. તેથી આ વક્તવ્યતામાં તે વક્તવ્યતા કરતાં એ ભેદ છે કે મનુષ્યની વક્તવ્યતામાં જીવ સંબંધી સિદ્ધ ભેદ અહીં લાગુ પડતો નથી.

કારણ કે સિદ્ધો આરંભરહિત હોય છે. "**वाणमंतरा जाव वेमाणिया**" આ પ્રકારનું કથન એ કારણે કર્યું છે કે જેમ નારક જીવો અસંયત હોય છે તેમ વાનવ્યંતરથી લઈને વૈમાનિક સુધીના દેવો પણ અસંયત હોય છે તેથી નારક જીવોના વક્તવ્યાનુસાર જ તેમનું વક્તવ્ય બતાવ્યું છે.

પહેલાં આરંભકત્વ આદિ ધર્મો દ્વારા જે જીવોનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે જીવો લેશ્યાવાળાં અને લેશ્યા વિનાના પણ હોય છે. તેથી લેશ્યાયુક્ત જીવોનું નિરૂપણ આત્માઆરંભકત્વ આદિ ધર્મો દ્વારા કરતાં સૂત્રકાર કહે છે કે "**सलेस्सा जहा ओहिया**" જેના દ્વારા જીવ કર્મોથી યુક્ત બને છે તેનું નામ લેશ્યા છે. એટલે કે કૃષ્ણાદિ દ્રવ્યના સચિવતારૂપ સંબંધથી જીવનું જે શુભ અને અશુભ પરિણામ થાય છે તેનું નામ લેશ્યા છે. કહ્યું પણ છે કે—

કૃષ્ણાદિ દ્રવ્યના સંસર્ગથી સ્ફટિક મણિમાં જેવું પરિણમન થાય છે એવું જ પરિણમન કૃષ્ણાદિ દ્રવ્યના સંબંધથી આત્મામાં થાય છે. એનું નામ જ લેશ્યા છે. કહેવાનો ભાવાર્થ એ છે કે અતિ સ્વચ્છ એવો સ્ફટિક મણિ જેમ નીલ, પીત આદિ દ્રવ્યના સંયોગથી નીલ અથવા પીત રંગનો પ્રતિભાસિત થવા લાગે છે, અને તેણે પોતાની સ્વાભાવિક સ્વચ્છતા જાણે કે છોડી દીધી હોય એવું લાગે છે, એજ પ્રમાણે સ્વાભાવિક રીતે નિર્મળ એવો જીવ પણ જેના સંબંધથી પોતાની સ્વાભાવિક નિર્મળતાને છોડીને જેના સંબંધથી તેના જેવું જ પરિણમન પામે છે. તેને લેશ્યા કહે છે. એ લેશ્યાવાળાં જીવોનું કથન સામાન્ય જીવોના (નરક આદિ વિશેષણોથી રહિત સામાન્ય જીવોના) કથન પ્રમાણે જ જાણવું એટલે કે નારક આદિ વિશેષણોથી રહિત જેવાં જીવો સામાન્ય રીતે "**जीवा णं भंते! किं आयारम्भा, परारम्भा**" આ પૂર્વોક્ત દંડક દ્વારા કહેવામાં આવ્યા છે, એવી જ રીતે લેશ્યાવાળાં જીવોનું વક્તવ્ય પણ વિશેષણોથી રહિત કરીને સામાન્ય રૂપે કરવું જોઈએ. લેશ્યાવાળાં જીવોમાં અસંસાર-સમાપન્નત્વ (મુક્ત) રૂપ વિશેષણ સંભવી શકતું નથી. પણ સંસારસમાપન્નત્વ (સંસારી) અને અસંસાર સમાપન્નત્વ (મુક્ત) રૂપ વિશેષણો સિવાયના સંયત, અસંયત આદિ વિશેષણો તેમને લગાડવાં જોઈએ, કારણ કે લેશ્યાવાળાં જીવોમાં પણ સંયત અસંયત આદિ વિશેષણો ઘટાવી શકાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે લેશ્યાવાળાં જીવોનું વક્તવ્ય સામાન્ય જીવોના વક્તવ્ય પ્રમાણે જ કરવું જોઈએ. સામાન્ય જીવોનું વક્તવ્ય કરતી વખતે જીવના સંસારી અને મુક્ત એવા બે પ્રકાર કહ્યા છે. લેશ્યાવાળાં જીવોમાં મુક્તનો ભેદ સંભવી શકતો જ નથી કારણ કે મુક્ત જીવોમાં કોઈ પણ લેશ્યા હોતી નથી. આ રીતે લેશ્યાવાળાં જીવોને અસંસારસમાપન્ન (મુક્ત) વિશેષણ લાગી શકતું નથી. જો અસંસારસમાપન્નક (મુક્ત) વિશેષણની અસંભવતા હોય તો સંસારસમાપન્નક (સંસારી) વિશેષણ પણ તેને લાગી શકે નહીં કારણ કે તે બન્ને પરસ્પર સાપેક્ષ વિશેષણ શબ્દો છે. તેથી તે

બન્ને વિશેષણો લેશ્યાવાળાં જીવોમાં ન હોય તો પણ તે વિશેષણો સિવાયના સંયત અસંયત આદિ અન્ય જીવોને લાગુ પડતાં વિશેષણો એ લેશ્યાવાળાં જીવો સાથે ઘટાવી શકાય છે તો તે વિશેષણો તેમને લગાડવાં જોઈએ. હવે ત્યાં આ પ્રમાણે પાઠક્રમ થશે–" **स लेस्साणं भंते ! जीवा किं आयारम्भा** " ઈત્યાદિ જે પ્રમાણે પહેલાં કહ્યું છે તે પ્રમાણે કહેવું જોઈએ. તેમાં ફક્ત એટલી જ વિશિષ્ટતા થશે કે જીવને સ્થાને " સલેશ્યા " પદ લાગશે. આ રીતે આ એક આલાપક (વક્તવ્ય) બની જાય છે. તથા કૃષ્ણાદિ છ લેશ્યાઓના ભેદની અપેક્ષાએ બીજાં છ આલાપક પણ થાય છે. આ રીતે સાત આલાપક બને છે. તેમાંના કૃષ્ણ લેશ્યાવાળાં, નીલ લેશ્યાવાળાં, અને કાપોત લેશ્યાવાળાં જીવસમૂહનું વક્તવ્ય સામાન્ય જીવોના વક્તવ્ય પ્રમાણે જ છે એમ સમજવું. આ પ્રમાણે જ્યારે કૃષ્ણ લેશ્યાવાળાં, નીલ લેશ્યાવાળાં અને કાપોત લેશ્યાવાળા જીવોનું કથન સામાન્ય જીવોના કથન પ્રમાણે કહેવામાં આવ્યું છે ત્યારે તેમાં પ્રમત્ત અને અપ્રમત્ત સંબંધી વક્તવ્ય કહેવાનું વિધાન પ્રાપ્ત થાય છે, તો તે વિધાન કરવું ન પડે તે માટે સૂત્રકાર કહે છે " **पमत्त अपमत्त न भाणियव्वा** " પૂર્વોક્ત વક્તવ્યમાં પ્રમત્ત અને અપ્રમત્તનો સમાવેશ કરવો જોઈએ નહીં. એટલે કે કૃષ્ણાદિ ત્રણ લેશ્યાવાળાં જીવોનું કથન સામાન્ય જીવોની જેમ જ સમજવું પણ ત્યાં જીવના જે પ્રમત્ત અને અપ્રમત્ત વિશેષણો છે તેમનો ત્યાગ કરવો. કારણ કે અપ્રશસ્ત ભાવવાળી કૃષ્ણાદિ લેશ્યાઓમાં સંયતપણું હોતું નથી. તથા એવું જે કથન કરવામાં આવ્યું છે કે–" પૂર્વે સાધુપણાને પામેલો જીવ કોઇ પણ લેશ્યામાં હોય છે. " તે કથન દ્રવ્યલેશ્યાની અપેક્ષાએ થયેલું સમજવું. ભાવરૂપ કૃષ્ણાદિ લેશ્યાઓની અપેક્ષાએ નહીં કારણ કે ભાવરૂપ કૃષ્ણાદિ લેશ્યાઓમાં પ્રમત્તાદિ વિશેષણોનો અભાવ કહેલો છે. ત્યાં આપ્રમાણે સૂત્રનું ઉચ્ચારણ કરવું જોઈએ— " **कण्हलेस्साणं भंते ! जीवा किं आयारंभा, परारंभा, तदुभयारंभा, अणारंभ ? गोयमा ! आयारंभा वि, परारम्भा वि, तदुभयारम्भा वि, णो अणारम्भा** " " **से केणट्ठेणं भंते ! एवं वुचइ ? गोयमा ! अविरइं पडुच** " કૃષ્ણ લેશ્યાના વક્તવ્યની જેમ જ નીલ લેશ્યા અને કપોત લેશ્યાનું વક્તવ્ય પણ સમજવું. તથા તેજોલેશ્યા, પદ્મલેશ્યા, અને શુકલ લેશ્યાવાળાં જીવોનું વક્તવ્ય પણ સામાન્ય જીવોના વક્તવ્ય પ્રમાણે જ સમજવું, પણ તેમાં સિદ્ધોનો સમાવેશ કરવો જોઇએ નહીં. એટલે કે કેવળ તેજોલેશ્યાદિક આલાપકોમાં સિદ્ધ જીવોની ગણતરી કરવી જોઇએ નહીં. કારણ કે સિદ્ધ જીવો લેશ્યારહિત હોય છે. તેજોલેશ્યાવાળાં જીવોનું વક્તવ્ય આ પ્રમાણે થવું જોઇએ–

**" तेजोलेसाणं भंते ! जीवा किं आयारम्भा, परारम्भा, तदुभयारम्भा, अणारम्भा ? " गोयमा ! अत्थेगइया आयारंभा वि, परारंभा वि, तदुभयारंभा वि, णो अणारंभा, अत्थेगइया नो आयारंभा, नो परारंभा, नो तदुभयारंभा, अणारंभा, से केणट्ठेणं भंते एवं वुचइ ? गोयमा ! दुविहा तेऊलेस्सा पण्णत्ता तं जहा–संजया य**

असंजया य " इत्यादि. આ સૂત્રોનો અર્થ સ્પષ્ટ છે. એજ પ્રમાણે પદ્મલેશ્યા અને શુકલલેશ્યાનું વક્તવ્ય પણ સમજવું. ॥ સૂ. ૨૫ ॥

॥ નારક આદિ જીવોનું આત્મારંભ આદિ વક્તવ્ય સમાપ્ત ॥

## જ્ઞાનાદિ વત્કવ્યતા કા નિરૂપણ

ज्ञानादि वक्तव्यता—

" इह भविए भंते ! णाणे " इत्यादि।

( भंते ! ) હે ભદન્ત ! ( णाणे इहभविए, णाणे परभविए, णाणे तदुभय भविए ? ) શું જ્ઞાન ઐહિભવિક હોય છે, કે પારભવિક હોય છે, કે તદુભય-પારભવિક હોય છે? (गोयमा ! ) હે ગૌતમ ! ( इह भविए वि नाणे, परभविए वि नाणे, तदुभयभविए वि नाणे ) જ્ઞાન ઐહિભવિક પણ હોય છે, જ્ઞાન ભવિક પણ હોય છે, જ્ઞાન તદુભય ભવિક પણ હોય છે. ( दंसणे वि एवमेव ) દર્શનના વિષયમાં પણ એ પ્રમાણે જ સમજવું. ( इह भविए भंते ! चरित्ते, परभविए चरि , त भय भविएचरित्ते ? ) હે ભદન્ત ! ચારિત્ર ઐહિભાવક હોય છે. કે પારભવિક હોય છે કે તદુભય ભવિક હોય છે ? ( गोयमा ! ) હે ગૌતમ ! ( इह भविएचरित्त ) ચારિત્ર ઐહિભવિક હોય છે. ( नो परभविए चरित्ते ) ચારિત્ર પારભવિક હોતું નથી. ( नो तदुभयभविए चरित्त ) અને તદુભય ભવિક ચારિત્ર પણ હોતું નથી. ( एवं तवे संजमे ) તપ અને સંયમની બાબતમાં પણ એ પ્રમાણે જ સમજવું.

ટીકાર્થ—આરંભને ભવના કારણરૂપ ગણ્યો છે. તે વાતનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર ભવના તથા અભવના કારણરૂપ જે જ્ઞાનાદિક ગણાય છે. તેનું " इह भविए नाणे " ઈત્યાદિ સૂત્રોદ્વારા નિરૂપણ કરે છે—

વર્તમાન ભવમાં જ જે જ્ઞાન ટકે છે તે જ્ઞાનને ઐહભવિક જ્ઞાન કહે છે. વર્તમાન ભવ પછીના ભવમાં જે જ્ઞાન જીવની સાથે જાય છે તે જ્ઞાનને પારભવિક જ્ઞાન કહે છે. તથા જે જ્ઞાન આ ભવમાં અને પરભવમાં જીવની સાથે કાયમ રહે છે તે જ્ઞાનને તદુભયભવિક જ્ઞાન કહે છે. હવે ગૌતમ સ્વામીનો એ પ્રશ્ન છે કે જ્ઞાન ઐહિભવિક છે, પારભવિક છે, કે તદુભયભવિક છે ? તેના જવાબમાં પ્રભુએ કહ્યું છે કે જ્ઞાન ઐહિભાવક પણ છે, પારભવિક પણ છે અને તદુભય ભવિક પણ છે. જેના દ્વારા જીવાદિક પદાર્થોને જાણી શકાય છે તેનું નામ જ્ઞાન છે. તે જ્ઞાન આગળ કહ્યા પ્રમાણે ઐહિભવિક પણ હોય છે, પારભવિક પણ હોય છે, અને તદુભય ભવિક પણ હોય છે. ઐહિભવિક જ્ઞાન આ ભવમાં જ–વર્તમાન ભવમાં જ–જીવની સાથે રહે છે, તે ભવાન્તરમાં સાથે જતું નથી. પારભવિક જ્ઞાન જ પરભવમાં જીવની સાથે જાય છે. તદુભયભવિક જ્ઞાનમાં દ્વિતીય ભવમાં સાથે જનારા જ્ઞાનનો સમાવેશ થતો નથી કારણ કે બીજા ભવમાં જીવની સાથે જનારૂં જ્ઞાન તો પારભવિક જ્ઞાન જ છે. તેથી તદુભયભવિક જ્ઞાનમાં વર્તમાન ભવ અને તૃતીય આદિ

ભવની ગણના થાય છે. તેથી તદુભયભવિક જ્ઞાનનો એવો અર્થ કરવો જોઈએ કે જે જ્ઞાન વર્તમાન ભવમાં જીવની સાથે રહે છે અને તૃતીયાદિ ભવમાં પણ જીવની સાથે સાથે રહે છે તે જ્ઞાનને તદુભયભવિક જ્ઞાન કહે છે. આ ભવથી જૂદા હોવાને કારણે પર પરતર આદિ ભવોને પણ પરભવરૂપે ગણવામાં આવે છે. વર્તમાન ભવમાં પ્રાપ્ત કરેલું જે જ્ઞાન પરભવમાં સાથે જતું નથી તેને ઐહિભાવિક જ્ઞાન કહે છે. આ ભવમાં પ્રાપ્ત કરેલું જે જ્ઞાન પછીના ભવમાં સ્મૃતિરૂપે સાથે સાથે જાય છે તે જ્ઞાનનું નામ પારભવિક જ્ઞાન છે. અને આ ભવમાં પઠિત જે જ્ઞાન પરભવમાં તથા પરતરાદિ ભાવોમાં સાથે સાથે જાય છે તે જ્ઞાનને ઉભયભવિક જ્ઞાન કહે છે. દર્શન પણ ઐહિભવિક, પારભવિક અને ઉભયભવિક હોય છે. કારણ કે દર્શન વિના જ્ઞાન થતું નથી. જ્ઞાન ઐહિભવિક આદિ રૂપ છે તો દર્શન પણ ઐહિભવિક આદિ રૂપ હોય છે. તેથી જ સૂત્રકારે "दंसणं वि एवमेव" એ પ્રમાણે કહ્યું છે. મોક્ષમાર્ગનો અધિકાર ચાલતો હોવાથી અહીં દર્શન શબ્દ દ્વારા સમ્યકત્વ ગ્રહણ કરાયેલ છે તે દર્શન દર્શનમોહનીય કર્મના ક્ષય, ક્ષયોપશમ આદિ દ્વારા શ્રદ્ધારૂપે પ્રગટ થાય છે. તેથી જ કહ્યું છે કે- "सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः" સમ્યગ્દર્શન, સમ્યક્‌જ્ઞાન, અને સમ્યક્‌ચારિત્ર, એ ત્રણેની એકતા મોક્ષનો માર્ગ છે. જ્યાં ફક્ત જ્ઞાન દર્શન એ બેને જ ગ્રહણ કર્યાં હોય ત્યાં દર્શન શબ્દ દ્વારા સામાન્ય બોધ રૂપ જ્ઞાનને જ ગ્રહણ કરાયું છે એમ સમજવું.

ચારિત્રના વિષયમાં જે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે તેનો જે જવાબ આપવામાં આવ્યો છે તેમાં કહ્યું છે કે ચારિત્ર વર્તમાન ભવમાં જ જીવની સાથે રહે છે. તે પારભવિક કે તદુભયભવિક હોતું નથી. અન્ય જન્મોમાં ઉપાર્જિત અષ્ટકર્મોનો નાશ કરવાને માટે જે આચારિત કરવામાં આવે છે તેનું નામ ચારિત્ર છે. અથવા આત્મામાંથી આઠ કર્મોને દૂર કરવાને માટે સામાયિક આદિરૂપ જે આચરણ કરાય છે તેને ચારિત્ર કહે છે. તે ચારિત્ર સામાયિક આદિના ભેદથી પાંચ પ્રકારનું કહ્યું છે. અથવા સર્વવિરતિ અને દેશ-વિરતિના ભેદથી બે પ્રકારનું પણ કહ્યું છે. તે ચારિત્ર પારભવિક કે ઉભય-ભવિક હોતું નથી કારણ કે આ ભવમાં ચારિત્રયુક્ત બનેલો જીવ પરભવમાં એ ચારિત્રથી જ ચારિત્રવાળો બનતો નથી. કારણ કે ગ્રહણ કરાયેલું ચારિત્ર જીવ જ્યાં સુધી જીવતો હોય ત્યાં સુધી જ તેની સાથે રહે છે. તે કારણે તેને "यावज्जीवावधिक" કહેલ છે. તથા ચારિત્રમાં ભલે દેશવિરતિવાળો જીવ હોય કે સર્વવિરતિવાળો જીવ હોય તેની ઉત્પત્તિ દેવોમાં જ થાય છે. કારણ કે સિદ્ધાંતનું એવું વચન છે કે "अणुव्वयमहव्वयाई न लहइ देवाउगं मोत्तुं" દેવોમાં વિરતિનો અત્યંત અભાવ હોય છે, તેથી ત્યાં ચારિત્ર હોતું જ નથી. અને મોક્ષની બાબતમાં વિચાર કરીએ તો જે ચરિત્રવાળા જીવને મોક્ષની પ્રાપ્તિ થઇ છે તે મુક્તજીવની અપેક્ષાએ મોક્ષમાં પણ ચારિત્રનો અભાવ જ હોય છે. કર્મોનો ક્ષય કરવાનો માટે જ ચારિત્ર ધારણ કરાય છે.

મોક્ષમાં તો તેમના કર્મોનો ક્ષય થઈ ચુકયો જ હોય છે તેથી ત્યાં ચારિત્રનું કોઈ પ્રયોજન જ રહેતું નથી.

જ્યારે ચારિત્ર ગ્રહણ કરવામાં આવે છે ત્યારે "હું આ ચારિત્રને જીવનપર્યન્ત ધારણ કરૂં છું" એવા વિચારથી ગ્રહણ કરાય છે, અને જ્યારે જીવનનો અન્ત આવે છે ત્યારે તે ચારિત્ર પણ સમાપ્ત થઇ જાય છે તથા ચારિત્ર અનુષ્ઠાન રૂપ હોય છે–અને તે અનુષ્ઠાન શરીરથી જ થાય છે, શરીર વિના થતું નથી. સિદ્ધાવસ્થામાં શરીરનું અસ્તિત્વ તો રહેતું જ નથી. તેથી ત્યાં અનુષ્ઠાનરૂપ ચારિત્ર સંભવી શકતું નથી. તેથી તો એવું કહેવામાં આવે છે કે–" सिद्धे नो चरित्ती, नो अचरित्ती, नो चरित्ताचरित्ती "–સિદ્ધો ચારિત્રી નથી, અચારિત્રી નથી, અને ચારિત્રા–ચારિત્રી પણ નથી." મોક્ષમાં અનુષ્ઠાન રૂપ ચારિત્રનો અભાવ હોવાથી સિદ્ધો ચારિત્રવાળા નથી, અવિરતિનો અભાવ હોવાથી અચારિત્રી પણ નથી અને ચારિત્રાચરિત્રી પણ નથી.

**તપ અને સંયમના વિષયમાં પણ ચારિત્રની પ્રમાણે જ વક્તવ્ય સમજવું**, કારણ કે તે બન્ને ચારિત્ર રૂપ જ હોય છે, જેના દ્વારા આઠ પ્રકારના કર્મો બળી જાય છે તેનું નામ તપ છે. તે તપના અનશનાદિ બાર ભેદ છે. જેના દ્વારા આત્મા સાવદ્યવ્યાપારથી વિરક્ત થાય છે તેને સંયમ કહે છે. તે સંયમના પૃથિવીકાય સંયમ આદિ ૧૭ પ્રકાર કહ્યા છે. ॥સૂ. ૨૬॥

## અસંવૃત અનગાર કા નિરૂપણ

### અસંવૃત–અનગાર–નિરુપણ—

'असंवुडेणं भंते' इत्यादि ।

( भंते ! ) હે ભદન્ત ! ( असंवुडे अणगारे ) અસંવૃત અણગાર ( किं ) શું ( सिज्जइ ) સિદ્ધ થાય છે ? ( बुज्झइ ) બુદ્ધ થાય છે ? ( मुचइ ) મુક્ત થાય છે ? ( परिनिव्वाइ ) પરિનિર્વૃત થાય છે ? ( सव्वदुक्खाणमंतं करेइ ) સમસ્ત દુઃખોનો અંત કરે છે ?

( गोयमा ! ) હે ગૌતમ ! ( णो इणट्ठे समट्ठे ) આ અર્થ સમર્થ–બરાબર નથી (તમે પૂછ્યા પ્રમાણે કંઈ પણ બનતું નથી ) ( से केणट्ठेणं जाव णो अंतं करेइ ) હે ભદન્ત ! આપ શા કારણે એવું કહો છો કે અસંવૃત્ત અણગાર સિદ્ધ થતા નથી, બુદ્ધ થતા નથી, મુક્ત થતા નથી, પરિનિર્વૃત થતા નથી, અને સમસ્ત દુઃખોનો અંત કરતા નથી? ( गोयमा ! ) હે ગૌતમ ! ( असंवुडे अणगारे आउयवज्जाओ सत्तकम्मपगडीओ सिढिलबंधणबद्धाओ धणियबंधणबद्धाओ पकरेइ ) અંસંવૃત્ત અણગારોએ આયુષ્કર્મ સિવાયની સાત કર્મ પ્રકૃતિયોને પહેલાં જે શિથિલ બાંધી હતી સાતે કર્મ કૃતિયોને તેઓ ગાઢતર બંધથી બાંધવા માંડે છે. ( हस्सकालठिइयाओ दीहकालठिइयाओ पकरेइ) ઓછી કાળ સ્થિતિવાળી પ્રકૃતિયોને તેઓ દીર્ઘકાળ

સ્થિતિવાળી બનાવવા માંડે છે. ( **मंदाणुभावाओ तिव्वाणुभावाओ पकरेइ** ) જે પ્રકૃતિયો મંદ અનુભાગવાળી હતી તે પ્રકૃતિયોને તે તીવ્ર અનુભાગવાળી બનાવી દે છે. ( **अप्पपएसगाओ बहुप्पएसगाओ पकरेइ** ) અલ્પ પ્રદેશ બંધવાળી પ્રકૃતિયોને તે બહુ પ્રદેશબંધવાળી કરી નાખે છે. ( **आउयं च णं कम्मं सिय बंधइ, सिय नो बंधइ** ) આયુ કર્મનો બંધ તો કયારેક તે કરે પણ છે અને કયારેક નથી પણ કરતો ( **अस्साया वेयणिज्जं च णं कम्मं भुज्जो भुज्जो उवचिणइ** ) અશાતા-વેદનીય કર્મને તો તે વારંવાર એકઠું કરતો રહે છે. ( **अणाइयं च णं अणवयग्गं दीहमद्धं चाउरंत संसारकंतारं अणुपरियट्टइ** ) તથા તે અનાદિ અનંત સ્વભાવવાળા અને જેનો કાળ અથવા રસ્તો ઘણો લાંબો છે. એવા ચાર ગતિવાળા સંસારરૂપી વનમાં ભ્રમણ કર્યા કરે છે.

ટીકાર્થ—સમ્યગ્દર્શન, જ્ઞાન, અને ચારિત્ર, એ મોક્ષના માર્ગ છે. આ સૂત્રાનુસાર સમ્યગ્દર્શન આદિ ત્રણેને મોક્ષપ્રાપ્તિના સાધનો બતાવ્યાં છે. આ રીતે તે ત્રણેમાં સમાન કારણુતા હોવા છતાં પણ દર્શનમાં જ મોક્ષ પ્રાપ્તિ માટે પ્રધાન કારણુતા હોવાથી તેને માટે જ યત્ન કરવો જોઇએઃ— કહ્યું પણ છે—" **भट्ठेण चरित्ताओ सुट्ठुयर दंसणं गहेयव्वं ।**

**सिज्झंति चरणरहिया, दंसणरहिया न सिज्झन्ति ॥१॥**

ચારિત્રથી ભ્રષ્ટ થયેલ વ્યક્તિએ દર્શનને તો અવશ્ય અંગીકાર કરી રહેવું જોઇએ. કારણ કે ચારિત્રથી રહિત બનેલી વ્યક્તિ સિદ્ધપદ પામી શકે છે પણ સમ્યગ્દર્શનથી પતિત થયેલ વ્યક્તિ-એટલે કે સમ્યગ્દર્શનથી રહિત વ્યક્તિ કદી પણ સિદ્ધ બની શકતી નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે ચરિત્રથી રહિત વ્યક્તિની સિદ્ધિ સંભવી શકે છે, પણ દર્શનથી રહિત વ્યક્તિની સિદ્ધિ કોઇ પણ રીતે સંભવી શકતી નથી. ગાથાનો એ પ્રમાણે અર્થ છે. ॥૧॥

આ પ્રમાણે જે વ્યક્તિ દર્શનને જ ચારિત્ર વિના મોક્ષનું કારણ માને છે તેને સમજાવવાને માટે સૂત્રકાર કહે છે કે " **असंवुडे** " ઈત્યાદિ.

જેણે આસ્રવરૂપ દ્વારને નિરુદ્ધ કરી નાખ્યું છે તેને 'સંવૃત' કહે છે. જે સંવૃત નથી એટલે કે જે આસ્રવો સેવનાર છે એવો અણગાર-ગૃહરહિત મુનિ અંતિમભવ પ્રાપ્ત થયા પછી શું સિદ્ધિગમન યોગ્ય બને છે? શું તે કેવળજ્ઞાની બનીને સ્વપર પર્યાયોથી યુક્ત સમસ્ત જીવાજીવ આદિ પદાર્થોનું યથાર્થ સ્વરૂપ જાણે છે ? " **किं मुच्चइ** " કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને શું તે પ્રતિસમય ભવોપગ્રાહી કર્મોમાંથી મુક્ત થતો રહે છે ? " **परिनिव्वाइ** " તેના પૂર્વગૃહીત કર્મપુદ્ગલોનો જેમ જેમ ક્ષય થતો જાય તેમ તેમ તે શું શીતળ થતો જાય છે ? " **सव्वदुक्खाणमंतं करेइ** " અને શું તે અંતિમ ભવના આયુષ્યના અંતિમ સમયમાં સમસ્ત કર્માંશોનો ક્ષય કરીને શારીરિક અને માનસિક દુઃખોનો અંત કરે છે ? આ પ્રકારના તે પ્રશ્નો છે.

ભગવાને તે પ્રશ્નોનો આ પ્રમાણે જવાબ આપ્યો છે–

**"गोयमा ! णो इणट्ठे समट्ठे"** –"नायमर्थः समर्थः" હે ગૌતમ ! અસંવૃત અણગાર સિદ્ધિપદ પ્રાપ્ત કરતા નથી. ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને પૂછે છે કે હે ભદન્ત ! આપ એવું શા કારણે કહો છો કે અસંવૃત અણગાર સિદ્ધ થતા નથી....ત્યાંથી સમસ્ત દુઃખોનો નાશ કરતા નથી. ત્યાં સુધીનું કથન અહીં **'यावत्'** પદથી ગ્રહણ કરવાનું છે. એટલે કે **"भंते ! एवं वुच्चइ असंवुडेणं अणगारे णो सिज्झइ, नो बुज्झइ, नो मुच्चइ, नो परिनिव्वाइ"** આ પાઠનો તેમાં **'यावत्'** પદથી સમાવેશ કરવાનો છે. અસંવૃત મુનિને શા કારણે મુક્તિ પ્રાપ્ત થતી નથી તે સમજાવવા માટે ભગવાન કહે છે કે "હે ગૌતમ ! અસંવૃત અણગાર પહેલાં અશુભ પરિણામના કંઈક અભાવને લીધે કર્મપ્રકૃતિયોનો બંધ શિથિલરૂપે બાંધ્યા કરતો હતો. હવે એજ પ્રકૃતિયોનો બંધ તે ગાઢરૂપે બાંધવા માંડે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે એક ભવમાં એક જ વાર માત્ર અન્તર્મુહૂર્તકાળમાં આયુષ્યકર્મનો બંધ પડે છે. તે આયુષ્કર્મને છોડીને બાકીની જ્ઞાનાવરણીય આદિ સાત કર્મપ્રકૃતિયોને તેણે પહેલાં શિથિલ બન્ધનરૂપે–કર્મોની એક બીજાની સાથે સ્પૃષ્ટતા રૂપે, અથવા નિબદ્ધતા રૂપે, અથવા નિધત્તતા રૂપે,– બાંધેલી હતી. શિથિલ બન્ધનરૂપે બાંધવાનું કારણ એ હતું કે પૂર્વાવસ્થામાં તેના અશુભતર પરિણામ કંઈક પ્રમાણમાં ઓછાં હતાં. તે કારણે જ તેણે તે સાત પ્રકૃતિયોને શિથિલ બંધનરૂપે બાંધી હતી. અહીં અસંવૃત ભાવનો અધિકાર હોવાથી બંધ અશુભ જ લેવો જોઈએ, શુભ નહીં શિથિલ બંધ નથી બાંધેલી તે કર્મપ્રકૃતિયોને તે અસંવૃત અણગાર કેવી કરે છે એ સૂત્રકારે **"घणिय बंधन बद्धाओ"** પર દ્વારા સ્પષ્ટ કર્યું છે. આ પદ દ્વારા તેઓ સમજાવે છે કે જે સાતકર્મપ્રકૃતિયોને તેણે થોડા અશુભતર ભાવને અભાવે શિથિલ બંધન રૂપે બાંધી હતી એજ કર્મપ્રકૃતિયોને હવે તે દઢતર બંધનરૂપે બાંધે છે, એટલે કે તે પ્રકૃતિયોને તે બદ્ધઅવસ્થાવાળી, અથવા નિધત્તઅવસ્થાવાળી, અથવા નિકાચિત્ત અવસ્થાવાળી કરે છે. તેનું કારણ એ છે કે અશુભયોગરૂપ અસંવૃતતા ગાઢતર રૂપે પ્રકૃતિબંધમાં કારણરૂપ બને છે. એવું કહ્યું પણ છે કે–યોગથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ બંધાય છે. વારંવાર અસંવૃતતા થવાથી તે પ્રકૃતિયોને તે એવી જ બનાવે છે. તે અસંવૃતતાની બીજી શી અસર થાય છે તે સૂત્રકાર **"हस्सकालट्ठिइयाओ"** વાકય દ્વારા સ્પષ્ટ કરે છે. તેઓ કહે છે કે જે કર્મપ્રકૃતિયોની સ્થિતિ સ્તોક (અલ્પ) કાળની હોય છે તે કર્મપ્રકૃતિયોની સ્થિતિ તે દીર્ઘકાળની કરે છે. ગૃહીત કર્મોનું આત્મામાં રહેવું તેનું નામ સ્થિતિ છે. અસંવૃતતા કષાયરૂપે સ્થિતિબંધમાં કારણરૂપ બને છે. સિદ્ધાંતમાં એવું કહ્યું છે કે–કષાયથી સ્થિતિબંધ અને અનુભાગબંધ, એ બે બંધ બંધાય છે. અનુભાગ નામનો વિપાક છે, અને તે વિપાક રસ વિશેષરૂપ પડે છે. જે કર્મપ્રકૃતિયોનો રસવિપાક મન્દ હોય છે અથવા હીનરસવાળી જે પ્રકૃતિયો

હોય છે, એ પ્રકૃતિયોમાં તે અસંવૃતતા તીવ્રરસ કરી નાંખે છે-એટલે કે અસંવૃતતા તે પ્રકૃતિયોને તીવ્રરસ દેનારી બનાવી દે છે, કારણ કે અસંવૃતતા કષાયરૂપ જ છે અને કષાય જ અનુભાગબંધનું કારણ હોય છે. "अप्पपएसग्गाओ" ઇત્યાદિ. એજ રીતે અલ્પપ્રદેશ પરિમાણવાળી પ્રકૃતિઓને તે બહુ પ્રદેશ પરિમાણવાળી બનાવી નાખે છે. "પ્રદેશ" શબ્દનો અર્થ "કર્મદલિક" થાય છે. અને "અગ્ર" શબ્દનો અર્થ "પરિમાણુ" થાય છે. જે પ્રકૃતિઓનો પ્રદેશાગ્ર અલ્પ છે તેને અલ્પ પ્રદેશાગ્ર પ્રકૃતિઓ કહે છે. એટલે કે અલ્પ પરિમાણવાળા પ્રદેશોવાળી જે પ્રકૃતિયો હોય છે તેમને બહુસંખ્યક પ્રદેશોવાળી બનાવવી તેનું નામ બહુપ્રદેશાગ્ર છે. આ પ્રકારની (અલ્પ પ્રદેશ પરિમાણવાળી) પ્રકૃતિયોને તે પ્રકારની બહુપ્રદેશ પરિમાણવાળી બનાવનાર તે અસંવૃતભાવ જ છે. પ્રદેશબંધ યોગથી જ થાય છે. અને તે અસંવૃતભાવ યોગરૂપ જ હોય છે. "आउ यं च णं कम्मं" "અસંવૃત અણુગાર આયુષ્યકર્મનો બંધ ક્યારેક બાંધે છે અને ક્યારેક બાંધતો નથી." આ પ્રમાણે જે કથન કરાયું છે તેનું તાત્પર્ય આ પ્રમાણે છે-પરભવના આયુષ્ક કર્મનોબંધ ગૃહીત આયુના ત્રીજા ભાગમાં જ થાય છે, એ પહેલાં થતો નથી. તેથી અસંવૃત સાધુ પણ જ્યારે તેના આયુષ્કકર્મનો ત્રીજો ભાગ બાકી રહે છે ત્યારે તેમાં પરભવના આયુનો બંધ બાંધે છે, તે સિવાયના બીજા સમયોમાં નહીં. તેથી જ "स्यात् बध्नाति स्यान्नबध्नाति" એવું કહેવામાં આવ્યું છે. "असाया वेयणिज्जं च णं कम्मं" એ પ્રમાણેના કથનનું તાત્પર્ય એવું છે કે જે કર્મ દ્વારા દુઃખ ઉત્પન્ન થાય છે. એવા કર્મનો-અસાતા વેદનીયનોને સંગ્રહ કરે છે.

શંકા—અસાતાવેદનીય કર્મનો સાત કર્મ પ્રકૃતિયોમાં સમાવેશ થઇ જાય છે, "शिथिलबंधनबद्धाः गाढबन्धनबद्धाः प्रकरोति" આ કથન દ્વારા આપે એ વાત તો સ્પષ્ટ કરી જ છે કે જીવે જે સાત કર્મ પ્રકૃતિયોને પહેલાં શિથિલ બંધનથી બાંધી હતી તે કર્મપ્રકૃતિયોને તે ગાઢ બંધનથી બાંધે છે. એ કથન દ્વારા જ એ વાત જાણી શકાય છે કે જીવ અસાતાવેદનીયનો પણ ઉપચય કરે છે. તો તેનો ફરી ઉલ્લેખ કરવાની શી જરૂર છે? ઉત્તર-"આસ્રવરૂપ દ્વારોનો નિરોધ કરનારો જીવ અસાતવેદનીય કર્મનો ઉપચય (સંગ્રહ) કરીને અત્યંત દુઃખને ભોગવવાને પાત્ર બને છે." એ વાતનું પ્રતિપાદન કરવાને માટે એવું કહ્યું છે. આ પ્રકારનું કથન સાંભળીને જીવોને અસંવૃતતાનો ભય ઉદ્ભવે અને તેઓ અસંવૃત અવસ્થાનો પરિત્યાગ કરે એ હેતુથી અસંવૃતતાના પરિત્યાગ માટે અસાતવેદનીય કર્મનું પૃથક્પણે પ્રતિપાદન કરવું આવશ્યક સમજીને એમ કહેવામાં આવ્યું છે.

"अणाइयं च णं" અસંવૃતઅણગાર સંસારરૂપી વનમાં જ પરિભ્રમણ કરતો રહે છે એ વાત સૂત્રકાર હવે બતાવે છે. તે સંસાર કાંતાર કેવું છે? તે સંસારરૂપી વન અનાદિ-આદિ રહિત છે, અથવા અજ્ઞાતિક છે. જેમાં પોતાનું કોઈ સ્વજન કે કુટુંબી નથી એવું છે. અથવા ઋણાતીત છે. અહીં

ઋણ શબ્દનો લાક્ષણિક અર્થ 'ઋણ જન્ય દુઃખ છે." તેથી પણ વધારે દુઃખવાળું આ સંસારકાંતાર છે. દેણદાર માણસને જે દુઃખ અનુભવવું પડે છે તેના કરતાં પણ વધારે દુઃખ આ સંસારમાં પરિભ્રમણ કરનારને અનુભવવું પડે છે. અથવા '**अणातीत**' છે—અત્યંત પાપયુક્ત છે. વળી તે સંસાર કેવો છે તે બતાવવા સૂત્રકાર કહે છે કે—"**अणवयग्गं**" અનવદગ્ર છે. 'અનવદગ્ર' એટલે અવદગ્ર નહીં એવું. "**अवयग्ग**" ગામઠી શબ્દ છે અને તે 'અન્ત' નો વાચક છે એટલે તેનો અર્થ 'અન્તરહિત' થાય છે. અથવા "**अणवयग्ग**" ની સંસ્કૃત છાયા "**अनवदग्र**" પણ થાય છે. એ દૃષ્ટિએ વિચાર કરતાં અનવત (નિકટ), अग्र (અન્ત) જેનો—એટલે કે જેનો અન્ત નિકટ હોય છે તેને 'અનવતાગ્ર' કહે છે. અને જે એવો નથી તેને અનવનતાગ્ર કહે છે. અહીં નિષેધાર્થમાં '**नञ्**' તત્પુરુષ સમાસ થયો છે. અને "**न**" વર્ણનો લોપ થયો છે. જેનો અન્ત નિકટ નથી એવું આ સંસારરૂપી વન છે. અથવા—આ સંસારકાંતાર "અનવતાગ્ર" છે. અનવગત એટલે અપરિચ્છિન્ન—અજ્ઞાત, અને અગ્ર એટલે પરિમાણ. જેનું પરિમાણ અજ્ઞાત હોય છે તેને અનવગતાગ્ર કહે છે- એજ કારણે આ સંસારકાંતાર દીર્ઘકાળ વાળું અને લાંબા માર્ગવાળું છે. તે ચાતુરન્ત—નરકાદિ ચાર ગતિરૂપ અથવા પૂર્વાદિ ચાર દિશારૂપ ચાર વિભાગો વાળું છે. હે ગૌતમ! પૂર્વોક્ત કારણોને લીધે હું એવું કહું છું કે અસંવૃત અણગાર અનંત સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. "**नो सिज्झइ जाव नो सव्वदुक्खाणमंतं करेइ**" તે સિદ્ધ થતો નથી, બુદ્ધ થતો નથી, મુક્ત થતો નથી, પરિનિર્વૃત થતો નથી અને સમસ્ત દુઃખોનો અંત કરતો નથી. ॥ **સૂ૦ ૨૭** ॥

## સંવૃત અનગાર કા નિરૂપણ

### संवृतानगार निरूपण—

"**संवुडेणं भंते अणगारे**" ઇત્યાદિ ।

(**संवुडे णं भंते! अणगारे सिज्झइ, जाव सव्वदुक्खाणमंतं करेइ?**) **હે** ભદન્ત! સંવૃત અણગાર શું સિદ્ધ બને છે? "તે શું સમસ્ત દુઃખોનો અન્ત લાવી દે છે?" ત્યાં સુધીનું વકતવ્ય આગળના સૂત્રાનુસાર સમજવું (**हंता सिज्झइ जाव अंतं करेइ**) હા, તે સિદ્ધ પદ પામે છે, બુદ્ધ બને છે, મુકત થાય છે, પરિનિર્વૃત્ત થાય છે અને સમસ્ત દુઃખોનો નાશ કરે છે.

(गोयमा ! संवुडे अणगारे आउयवज्जाओ सत्तकम्मप्पगडीओ घणिय बंधन-बद्धाओ सिढिलबंधनबद्धाओ पकरेइ, दीहकालट्ठिइयाओ हस्सकालट्ठिइयाओ पकरेइ, तिव्वाणुभावाओ मंदाणुभावाओ पकरेइ, बहुप्पएसग्गाओ अप्पपएसग्गाओ पकरेइ) હે ગૌતમ ! સંવૃત અણુગારે આયુકર્મ સિવાયની જે સાત કર્મ પ્રકૃતિયોને પહેલાં ગાઢતર બંધનથી બાંધી હતી તે કર્મ પ્રકૃતિયોને તે શિથિલ બંધનવાળી કરવા લાગી જાય છે, તથા તે દીર્ઘકાળની સ્થિતિવાળી કર્મ પ્રકૃતિયોને અલ્પ-કાળવાળી કરવા માંડે છે. તીવ્રભાગવાળી કર્મપ્રકૃતિયોને તે મંદ અનુભાગવાળી બનાવવા માંડે છે અને બહુ પ્રદેશબંધવાળી પ્રકૃતિયોને તે અલ્પપ્રદેશબંધવાળી કરવા માંડે છે. (आउयं च णं कम्मं न बंधइ) તે આયુષ્કકર્મનો બંધ બાંધતો નથી. ( असायावेयणिज्जं च णं कम्मं नो भुज्जो भुज्जो उवचिणाइ ) અસાતા વેદનીય કર્મનો તે વારંવાર સંગ્રહ કરતો નથી. ( अणादियं च णं कम्मं अण-वदग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारं वीईवयइ ) અનાદિ અને અનંત તથા દીર્ઘકાળવાળા અને દીર્ઘમાર્ગવાળા ચાર ગતિવાળા અથવા ચાર દિશારૂપ વિભાગોવાળા સંસારકાંતારને તે પાર કરે છે. ( से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ संवुडे अणगारे सिज्झइ जाव अंतं करेइ ) હે ગૌતમ ! ઉપરોકત કારણે હું એવું કહું છું કે સંવૃત અણુગાર સિદ્ધ બને છે, મુકત બને છે, પરિનિ-વૃંત થાય છે અને સમસ્ત દુઃખોનો અંત કરી નાખે છે.

ટીકાર્થ—સૂત્રકારે આગળના સૂત્રમાં એ વાત બતાવી છે કે અસંવૃત અણુગારને સંસારમાં પરિભ્રમણ કરવારૂપ ફળની પ્રાપ્તિ થાય છે–આ રીતે અસંવૃતતાનું સંસાર પરિભ્રમણરૂપ ફળ સૂત્રકારે દર્શાવ્યું છે. તે અસંવૃતાવસ્થા કરતાં સંવૃતાવસ્થા તદ્દન ભિન્ન છે. તેથી સંવૃતાવસ્થાનું શું ફળ પ્રાપ્ત થાય છે એ વાતનું સ્પષ્ટીકરણ કરવાને માટે સૂત્રકારે " संवुडेणं " ઇત્યાદિ પાઠ મૂકયો છે. તેમાં ગૌતમ સ્વામીએ મહાવીર પ્રભુને એ પ્રશ્ન પૂછયો છે કે, હે ભદન્ત ! સંવૃત અણુગાર શું કરે છે ? તેમના તે પ્રશ્નનો ઉત્તર આ સૂત્ર દ્વારા આપ્યો છે. સંવૃત અણુગાર પ્રમત્તસંયત, અપ્રમત્તસંયત આદિ જીવ હોય છે. સંવૃત અણુગારના બે ભેદ છે-(૧) ચરમશરીર સંવૃત અણુગાર અને (૨) અચરમ શરીરી સંવૃત અણુગાર. તેમાના ચરમ શરીરી સંવૃત અણુગારની અપેક્ષાએ " संवुडेणं " સૂત્ર કહેવામાં આવ્યું છે તેમ સમજવું. તથા અચરમ શરીરી સંવૃત અણુગારની અપેક્ષાએ આ સૂત્રનો અર્થ પરંપરાથી છે તેમ સમજવું. કહેવાનું તાત્પર્ય એ છે કે આ સૂત્રનો જે સાક્ષાત્ અર્થ છે તે ચરમ શરીરી અણુગારની અપેક્ષાએ છે અને તેનો જે પરંપરા અર્થ છે તે અચરમશરીરી અનગારની અપેક્ષાએ છે તેમ સમજવું જોઈએ.

શંકા—જો અચરમશરીરીસંવૃતઅણુગારને મોક્ષરૂપ ફળ પરંપરાથી પ્રાપ્ત થતું હોય તો તે ફળ અસંવૃત અણુગારને પણ પ્રાપ્ત થશે. કારણ કે શુકલપાક્ષિક જે અસંવૃત અણુગાર છે તેમને અવશ્ય મોક્ષ પ્રાપ્તિ થવાનું કહ્યું

છે. તેથી સંવૃત અણગાર અને અસંવૃત અણગાર, એ બન્નેમાં ફળ પ્રાપ્તિની અપેક્ષાએ ભેદનો અભાવ હોવાને કારણે અભેદ જ હોય છે ?

ઉત્તર—એવું કહેવું જોઇએ નહીં. તેનો ભાવ નહીં સમજવાને કારણે આ પ્રકારની શંકા તમે કરી છે. જે અચરમશરીરી સંવૃત અણગાર હોય છે તેમને પણ ક્યારેક મુક્તિની પ્રાપ્તિ થશે. અને જે અસંવૃત અણગાર છે તેમને પણ ક્યારેક તો મુક્તિ પ્રાપ્ત થશે—આ દૃષ્ટિએ વિચાર કરતાં બંને પરંપરારૂપે મુકિત પ્રાપ્ત કરશે એ સિદ્ધ થાય છે. અને તે કારણે જ બંનેમાં પારંપર્યની સમાનતા જણાય છે. છતાં પણ અચરમશરીરી સંવૃત અણગાર અને અસંવૃત અણગારની પરંપરામાં જે અન્તર છે તે આ પ્રમાણે છે—સંવૃત અણગારની પરંપરા વધારેમાં વધારે સાત—આઠ ભવ પ્રમાણવાળી હોય છે. સિદ્ધાંતમાં એવું કથન છે કે “ચારિત્રની આરાધનાનું આરાધન કરીને જીવ ઓછામાં ઓછા સાત—આઠ ભવ પછી સિદ્ધ બને છે.” આ રીતે ચારિત્રનું
“આયુકર્મ સિવાયની જે સાત કર્મ પ્રકૃતિયોને સંવૃત અણગારે પહેલાં ગાઢ બંધનથી બાંધી હતી તેમને તે શિથિલ બંધનથી બાંધવા મંડી જાય છે.” વગેરે. “घणियबंधनबधाद्धो” આદિ સમસ્ત પદોનો અર્થ અસંવૃત અણગારના સૂત્રમાં કર્યા પ્રમાણે જ સમજવાનો છે, પણ અહીં સંવૃતઅણગારની વાત હોવાથી તે અર્થની વિરુદ્ધ અર્થ લેવાનો છે. ત્યાં તે કર્મ પ્રકૃતિયો ગાઢતર બનવાની વાત આવે છે અહીં તેમનો હ્રાસ બતાવ્યો છે. તે આયુષ્કકર્મનો બંધ બાંધતો નથી, એવું જે કહેવામાં આવ્યું છે તે ચરમશરીરીની અપેક્ષાએ કહેવામાં આવ્યું છે તેમ સમજવું. એજ પ્રમાણે “તે અસાતવેદનીય કર્મનો વારંવાર ઉપચય કરતો નથી.” એ કથનની બાબતમાં પણ સમજવું “**अणाइयं,**

“આયુકર્મ સિવાયની જે સાત કર્મ પ્રકૃતિયોને સંવૃત અણગારે પહેલાં ગાઢ બંધનથી બાંધી હતી તેમને તે શિથિલ બંધનથી બાંધવા મંડી જાય છે.” વગેરે. “घणियबंधनबधाद्धो” આદિ સમસ્ત પદોનો અર્થ અસંવૃત અણગારના સૂત્રમાં કર્યા પ્રમાણે જ સમજવાનો છે, પણ અહીં સંવૃતઅણગારની વાત હોવાથી તે અર્થની વિરુદ્ધ અર્થ લેવાનો છે. ત્યાં તે કર્મ પ્રકૃતિયો ગાઢતર બનવાની વાત આવે છે અહીં તેમનો હ્રાસ બતાવ્યો છે. તે આયુષ્કકર્મનો બંધ બાંધતો નથી, એવું જે કહેવામાં આવ્યું છે તે ચરમશરીરીની અપેક્ષાએ કહેવામાં આવ્યું છે તેમ સમજવું. એજ પ્રમાણે “તે અસાતવેદનીય કર્મનો વારંવાર ઉપચય કરતો નથી.” એ કથનની બાબતમાં પણ સમજવું “**अणाइयं,**

अणवयग्गं, दीहमद्धं, चाउरन्त संसारकंतारं" આ પદોની વ્યાખ્યા અસંવૃત અણગારનાં સૂત્રમાં જે પ્રમાણે કહી છે તે પ્રમાણે જ સમજવી. તેથી હે ગૌતમ! હું એવું કહું છું કે, સંવૃત અણગાર "सिज्झइ जाव अंतं करेइ" સિદ્ધ બને છે. 'यावत्' તે સમસ્ત દુઃખોનો અંત કરે છે. અહીં 'यावत्' પદ દ્વારા બુદ્ધ બને છે, મુકત બને છે, અને પરિનિર્વૃત બને છે નો સમાવેશ કરવો જોઈએ.

ભાવાર્થ—સંવૃત અણગાર અને અસંવૃત અણગારની પ્રવૃત્તિ જુદા જુદા પ્રકારની હોવાથી તેમના કથનમાં ભિન્નતા રહેલી છે. આ સૂત્ર ચરમશરીરી સંવૃત અણગારની અપેક્ષાએ કહેલું છે. તેથી અસંવૃત અણગાર સિદ્ધ થતો નથી, બુદ્ધ થતો નથી, પણ સંવૃત અણગાર સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, ઇત્યાદિ કથન બરાબર છે. તથા અસંવૃત અણગારના પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગ બંધ અને પ્રદેશબંધ જેવાં હોય છે તેનાથી તદ્દન વિપરીત તે બધા બંધ સંવૃત અણગારના હોય છે. અસંવૃત અણગાર આયુકર્મનો બંધ પણ કરે છે ત્યારે તે સંવૃત અણગાર આયુકર્મનો બંધ કરતો નથી. તે સંસાર કાંતારમાં અપાર્ધ પુદ્ગલ પરાવર્તકાલ સુધી ભટકતો રહે છે. ત્યારે આ (સંવૃત અણગાર) આ ભવમાં કે સાત આઠ ભવમાં સંસાર કાંતારને પાર જતો રહે છે. ॥ સૂ૦૨૮ ॥

## અસંયત જીવોં કે અધિકાર કા નિરૂપણ

### असंयत जीव—

"जीवे णं भंते! असंजए" इत्यादि ।

(जीवे णं भंते! असंजए अविरए अप्पडिहय पच्चक्खाय पाव कम्मे इओचुए पेच्चा देवे सिया?) હે ભદન્ત! અસંયત, અવિરત, પાપકર્મને જેમણે પ્રતિહત કર્યું નથી, પ્રત્યાઘાત નથી કર્યો એવો જીવ અહીંથી મૃત્યુ પામીને પરલોકમાં શું દેવ બને છે?

(गोयमा!) હે ગૌતમ! (अत्थेगइए देवेसिया, अत्थेगइए णो देवे–सिया) તેમાંના કેટલાક જીવો દેવ થાય છે અને કેટલાક જીવો દેવ થતા નથી. (से केणट्ठेणं भंते! एवं वुच्चइ जीवे णं जाव इओ चुए पेच्चा अत्थेगइए देवे सिया अत्थेगइए नो देवेसिया?) હે ભદન્ત! આપ શા કારણે એવું કહો છો કે અહીંથી આયુષ્ય પૂરૂં થતાં મરીને કોઇ એક જીવ દેવ થાય છે અને કોઈ એક જીવ દેવ થતો નથી? (गोयमा!) હે ગૌતમ! (जे इमे जीवा गामागर नगर निगम रायहाणि खेड कब्बड मडंब दोहमुहपट्टणा सम संवाह सण्णिवेसेसु अकाम तण्हाए, अकामछुहाए, अकाम बंभचरे वासेणं) જે જીવો ગ્રામ, આકર, નગર, નિગમ, રાજધાની, ખેટ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પટ્ટન, આશ્રમ, સંવાહ, તથા સન્નિવેશ, એ સ્થાનોમાં અકામ તૃષ્ણા દ્વારા, અકામ

ક્ષુધા દ્વારા, અકામ બ્રહ્મચર્યવાસ દ્વારા ( अकामसीतातवदंसमसग अकाम अण्हाणग-सेयजल्ल मल पंक परिदाहेणं ) અકામ શીત, આતપ, મચ્છરોના ડંસ દ્વારા ઉદ્ભવેલ દુઃખોને સહન કરવા દ્વારા, અકામ સ્નાન, સ્વેદ, જલ્લ, મેલ, તથા પંક વડે ઉદ્ભવતા કષ્ટ દ્વારા, ( अप्पतरो वा भुज्जतरो वा कालं अप्पाणं परिकिलेसंति ) થોડા કાળ સુધી કે લાંબા કાળ સુધી પોતાની જાતને પરિકિલેશિત કરે છે. ( परिकिलेसित्ता ) અને કલેશિત કરીને ( कालमासे कालंकिच्चा ) જો મૃત્યુ પ્રાપ્ત કરે છે તો તેવા જીવો મરીને ( अन्नयरेसु वाणमंतरेसु देवलोगेसु देवत्ताए उववत्तारो भवंति ) વાનવ્યંતર દેવલોકોમાંના કોઇ પણ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે. ( से तेण ट्ठेणं गोयमा ! एवं वुच्चइ जीवे णं असंजए जाव इ-ओचुओ पेच्चा अत्थेगइए देव सिया अत्थेगइए नो देवसिया ) તે કારણે હે ગૌતમ ! હું કહું છું કે, કેટલાક અસંયત જીવ ( यावत् ) અહીંનું આયુષ્ય પૂરૂં થતાં મરીને દેવ થાય છે તો કેટલાક અસંયત જીવ દેવ થતા પણ નથી.

ટીકાર્થ—સંવૃત અવસ્થાવાળા હોવાથી અણગાર સિદ્ધપદ પામે છે એવું પહેલાં કહેવામાં આવ્યું છે, હવે એ પ્રશ્ન ઉદ્ભવે છે કે જે જીવો સંવૃત નથી, એટલે કે વિશિષ્ટ ગુણોથી રહિત છે–તેઓ મરીને પરભવમાં દેવ થાય છે કે નહીં ? આ પ્રશ્ન “ जीवे णं भंते ” થી લઇને “ देवेसिया ” સુધીનાં પદો દ્વારા પૂછવામાં આવ્યો છે. ૧૭ પ્રકારના સંયમથી રહિત અસાધુ જીવને અસંયત કહે છે. પ્રાણાતિપાત આદિ પ્રવૃત્તિથી રહિત જીવને અવિરત કહે છે. અથવા તપશ્ચરણ આદિમાં વિશેષરૂપે લીન ન રહેનાર જીવને અવિરત જીવ કહે છે. જેણે ભૂતકાળમાં કરેલાં પાપકર્મોને નિન્દાદિ દ્વારા દૂર કરી નાખ્યાં છે, અને ભવિષ્ય કાળમાં થનારાં પ્રાણાતિપાત આદિ પાપકર્મોથી વિરમવાના જેણે પ્રત્યા-ખ્યાન કર્યાં છે, એવા જીવને “ પ્રતિહત પ્રત્યાખ્યાત પાપકર્મા ” કહે છે. એવો જે જીવ નથી તેને “ અપ્રતિહત પ્રત્યાખ્યાત પાપકર્મા ” કહે છે.

આ કથન દ્વારા તેનામાં ભૂતકાળ અને ભવિષ્યકાળના પાપકર્મોનો અભાવ બતાવવામાં આવ્યો છે. તથા “ असंयतः अविरतः ” પદો દ્વારા તે જીવના વર્તમાન કાળનાં પાપનું અસંવરણ પ્રગટ કરવામાં આવ્યું છે. અથવા “ अप्रतिहत प्रत्याख्यात पापकर्मा ”નો એવો અર્થ થાય છે કે જેણે મરણકાળ પહેલાં જ તપશ્ચરણ આદિ દ્વારા પાપ કર્મોનો ક્ષય કર્યો નથી અને આસ્રવનો નિરોધ કરીને મરણ કાળે પણ જેણે પોતાનાં પાપ કર્મોનો વિનાશ કર્યો નથી એવા જીવને “ અપ્રતિહત પ્રત્યાખ્યાત પાપકર્મા ” કહે છે. અથવા જેણે સમ્યક્દર્શનની પ્રાપ્તિ દ્વારા પાપકર્મોને દૂર કર્યાં નથી તથા સર્વવિરતિને સ્વીકારીને જેણે જ્ઞાનાવરણીય આદિ અશુભ કર્મના પરિત્યાગ કર્યો નથી એવા જીવને “ અપ્રતિહત પ્રત્યાખ્યાત પાપકર્મા ” કહે છે. “ इतः” તેથી પ્રત્યક્ષરૂપે પ્રાપ્ત થયેલા મનુષ્ય આદિ ભવથી “चु ओ” મરીને “पेच्चा” પરલોકમાં-અન્ય જન્મમાં “देवसिया” દેવ થાય છે કે નહીં ? એવો પ્રશ્ન ગૌતમ

સ્વામીએ પૂછયો છે. તેના જવાબમાં ભગવાને કહ્યું છે-" હે ગૌતમ અહીંથી મરીને કોઈ એક જીવ પરભવમાં દેવ બને છે અને કોઇ એક જીવ દેવ બનતો નથી." ત્યારે ગૌતમ સ્વામી પૂછે છે કે હે ભદન્ત ! " केणट्ठेणं " શા કારણે આપ એવું કહો છો કે " इओ चुओ " અહીંથી મરીને કોઈ એક જીવ પરભવમાં દેવ થાય છે અને કોઈ એક જીવ પરભવમાં દેવ થતો નથી? તે પ્રશ્નનો ભગવાને એવો ઉત્તર આપ્યો છે કે હે ગૌતમ! પ્રત્યક્ષ દેખાતા મનુષ્ય અથવા પંચેન્દ્રિય તિર્યંચ જીવો કે જે ગ્રામમાં, (કાંટા આદિથી ઘેરાયેલા સ્થાનરૂપ ગામમાં) આકરમાં, (સુવર્ણ આદિ ધાતુઓની ઉત્પત્તિવાળા સ્થાનરૂપ આકારમાં) અઢાર પ્રકારના કરથી રહિત નગરમાં, વધારે પ્રમાણે વણિક્જનોના નિવાસવાળા નિગમમાં, અથવા-જ્યાં શેઠીયાઓની મુખ્ય વસ્તી છે એવા સ્થાન રૂપ નિગમમાં, રાજધાનીમાં, (રાજા પોતે જ્યાં રહેતો હોય તે નગરમાં) ખેટમાં (માટીના કિલ્લાથી ચારે તરફ ઘેરાયેલા સ્થાનરૂપ ખેટમાં) કર્બટમાં, (ખરાબ નગરમાં) મડંબમાં, (ચારે તરફ અઢી કોશના વિસ્તારમાં વસ્તી વિનાના સ્થાનમાં) દ્રોણમુખમાં (જળમાર્ગ અને સ્થળમાર્ગ વાળા સ્થાનમાં) પત્તનમાં, (જ્યાં અનેક દેશોમાંથી આવેલી વસ્તુઓ વેચાતી હોય તે સ્થાનમાં) (પત્તનના બે ભેદ છે-જળપત્તન અને સ્થળ પત્તન. જ્યાં નૌકાઓ દ્વારા જઇ શકાય છે તે જળપત્તન અને જ્યાં ગાડી આદિથી જવાય છે તેને સ્થળ પત્તન કહે છે-અથવા ગાડાં આદિ દ્વારા કે નૌકા દ્વારા જ્યાં જઇ શકાય છે તે સ્થળને પત્તન કહે છે અને જ્યાં ફક્ત નૌકાઓ દ્વારા જ જવાય છે તે સ્થળને પટ્ટણ કહે છે, કહ્યું પણ છે કે-જ્યાં ગાડી દ્વારા, ઘોડા દ્વારા અને નૌકાઓ દ્વારા અવર જવર થાય છે તેને 'પત્તન' કહે છે અને જ્યાં ફક્ત નૌકાઓ દ્વારા જ અવર જવર થાય છે તેને 'પટ્ટણ' કહે છે) આશ્રમમાં (પહેલાં તાપસો વડે વસાયેલું અને ત્યાર બાદ બીજા લોકો પણ ત્યાં વસ્યાં હોય એવું સ્થાન) સંવાહમાં, (ધાન્ય રક્ષાને માટે ખેડૂતો દ્વારા બનાવાયેલું દુર્ગમ ભૂમિસ્થાન કે જે પર્વતના શિખર પર હોય છે. અને જેમાં મનુષ્યો રહેતાં હોય છે તે સ્થાનને સંવાહ કહે છે.) (અથવા-જ્યાં ઘણા પથિકો આવીને થોભતા હોય તેવા સ્થાનમાં) અને સન્નિવેશમાં (જ્યાં આવીને સાર્થવાહ આદિ વસ્યા હોય એવા સ્થાનમાં) અકામ તૃષ્ણાથી (નિર્જરા કરવાની ભાવનાથી રહિત જીવોની પ્યાસને સહન કરવાની જે ક્રિયા તેને અકામતૃષ્ણા કહે છે. અહીં 'કામ' શબ્દનો અર્થ નિર્જરા કરવાની અભિલાષા થાય છે. તે અભિલાષાથી રહિત વ્યક્તિઓની જે તૃષ્ણા-તૃષા-પ્યાસ પરીષહ હોય છે તેને અકામતૃષા-તૃષ્ણા કહે છે. અથવા નિર્જરા કરવાની ભાવના વિના જ અનિચ્છાએ જે પિપાસા-પિપાસા પરીસહને

સહન કરવા પડે છે તેને અકામતૃષા કહે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, નિર્જરા કરવાની અભિલાષા વિના કેવળ જળ પ્રાપ્તિના અભાવ આદિ કારણોને લીધે જે પિપાસા પરીષહને સહન કરવામાં આવે છે તેને અકામતૃષ્ણા કહે છે) અકામ ક્ષુધાથી, (નિર્જરા કરવાની ઈચ્છા વિના જે ક્ષુધા પરીષહને સહન કરવામાં આવે છે એટલે કે ભોજન ન મળવાને કારણે જે ક્ષુધાજન્ય દુઃખોને સહન કરવામાં આવે છે તેનું નામ અકામક્ષુધા છે.) અકામ બ્રહ્મચર્ય વાસથી, (સ્ત્રી આદિની પ્રાપ્તિ ન થવાથી બ્રહ્મચર્યનું સેવન કરવાથી અથવા "હું બ્રહ્મચર્યનું પાલન કરૂં. તેથી મારાં કર્મોની નિર્જરા થશે." એ પ્રકારની ભાવના રાખ્યા વિના કેવલ વિષય સેવનના સાધનરૂપ સ્ત્રી આદિની પ્રાપ્તિ ન થવાને કારણે બ્રહ્મચર્યમાં રહેવું-રહેવાની અભિલાષા તો નથી પણ સાધનોના અભાવે રહેવું પડે છે તેનું નામ અકામબ્રહ્મચર્યાવાસ છે,) (અકામતૃષા, અકામક્ષુધા અને હવે પછી આવતાં પદોમાં પણ એજ પ્રમાણે સમજવું) અકામ શીતથી, (નિર્જરા કરવાની ઇચ્છા વિના હેમન્ત ઋતુની ઠંડી સહન કરવાથી—જો કે ઠંડી સહન કરવાની ઇચ્છા નથી પણ ઠંડીનું નિવારણ કરવાના સાધનોને અભાવે ઠંડીને સહન કરવી તેનું નામ અકામશીત છે,) અકામ આતપ સહન કરવાથી, અકામ દંશમશક જન્ય દુઃખ સહન કરવાથી (મચ્છર આદિ જંતૂઓના દંશરૂપ પરીષહને સહન કરવાથી) અકામ અસ્નાન જન્ય સંતાપ સહન કરવાથી, સ્વેદજન્ય, જલ્લજન્ય, મલજન્ય, અને પંકજન્ય સંતાપોને અનિચ્છા પૂર્વક સહન કરવાથી, આમ ઉપરોક્ત પ્રકારે જે જીવ પોતાના આત્માને થોડા સમય સુધી કે વધારે સમય સુધી પીડિત કરે છે તેઓ (कालमासे) મૃત્યુના સમયે "कालं किच्चा" મરીને "अन्नयरेसु" કોઇ એક "वाणमंतरेसु देवलोगेसु" વાનવ્યન્તરોના દેવલોકમાં "देवत्ताए" દેવરૂપે "उववत्तारो" ઉત્પન્ન થાય છે. અહીં "अप्पतरं वा भुज्जतरं वा" માં જે એ "वा" પદ આવ્યાં છે તે દેવત્વ સંબંધી સમત્વના અભિધાયક છે. તેના દ્વારા એવું સમજવું કે સામાન્ય રીતે દેવ પદની પ્રાપ્તિ જીવને બન્ને અવસ્થામાં થાય છે, પણ જે અલ્પકાલિક અકામ નિર્જરા કરનાર જીવો હોય છે તેમને જે દેવપદની પ્રાપ્તિ થાય છે તે સામાન્યરૂપે થાય છે, અલ્પકાલિક હોય છે અને તે વિશેષ સુખસમૃદ્ધિથી રહિત હોય છે. અને જે જીવો બહુકાલ સુધી અકામ નિર્જરા કરનારા હોય છે તેમને જે દેવપદ પ્રાપ્ત થાય છે તે વિશિષ્ટ પ્રકારનું હોય છે. એ કારણે અહીં એવું કહેવામાં આવ્યું છે કે એ અસંયત આદિ વિશેષણોથી યુક્ત જીવોમાંના કેટલાક જીવો અહીંથી મરીને દેવ થાય છે અને કેટલાક જીવો દેવ થતા નથી ॥ સૂ૦ ૨૯ ॥

“केरिसाणं भंते ! तेसिं वाणमंतराणं” इत्यादि ।

(भंते !) હે ભદન્ત! (तेसिं वाणमंतराणं देवाणं देवलोया केरिसाणं पण्णत्ता ?) તે વાનવ્યન્તર દેવોના દેવલોક કેવા પ્રકારના કહ્યા છે ? (गोयमा!) હે ગૌતમ ! (से जहा नामए) તેઓ આ પ્રકારના છે-(इह मणुस्स लोगम्मि) આ મનુષ્ય લોકમાં જેવાં (असोग वणेइ वा) અશોકવન અથવા (चंपक वणेइ वा) ચંપકવન, અથવા (चूयवणेइ वा) આમ્રવન, અથવા (तिलग वणेइ वा) તિલક વૃક્ષવન, અથવા (लाउय वणेइ वा) આલાબુ-તુમ્બીવન, (તુમ્બીની લતાને પણ અલાબુ કહે છે.) અથવા (निग्गोह वणेइ वा) ન્યગ્રોધવન-વટવૃક્ષોનું વન, અથવા (छत्तोह वणेइ वा) છત્રોધવન, (એક પ્રકારના વૃક્ષને છત્રોધ કહે છે.) અથવા (सण वणेइ वा) શણનું વન, અથવા (अयसि वणेइ वा) અળસીનું વન, અથવા (कुसुंभ वणेइ वा) કસૂંબાનું વન, અથવા (सिद्धत्थ वणेइ वा) સરસવનું વન, અથવા (बंधुजीवग वणेइ वा) બંધુજીવકનું વન, (બંધુજીવક એક પ્રકારના ફૂલનું વૃક્ષ હોય છે જેને દુપહરિયા વૃક્ષ કહેવામાં આવે છે.) (णिच्चं) સદા (कुसमिय-माइय-लवइय-थवइय-गुलुइय-गोच्छिय-जमलिय-जुयलिय विणमिय-पणमिय सुविभत्तापिंडी मंजरी वडिंसगधरे) ફૂલોથી યુક્ત, મોરપિચ્છ સમાન ઉગી નીકળેલાં પુષ્પોથી યુક્ત, લવકિત-પલ્લવોથી યુક્ત, સ્તબકિત-ઉદ્ભૂત પુષ્પોના ગુચ્છોથી યુક્ત, ગુલ્મિત-લતા સમૂહથી વીંટળાયેલાં. ગુચ્છિત પાંદડાંના સમૂહરૂપ ગુચ્છોથી યુક્ત, (જો કે શબ્દકોશ આદિમાં ‘સ્તબક’ અને ‘ગુચ્છ’ને સમાનાર્થી કહ્યા છે પણ અહીં પુષ્પોના સમૂહને માટે ‘સ્તબક’ અને પર્ણોના સમૂહને માટે ‘ગુચ્છ’ શબ્દ વપરાયો છે.) યમલયુક્ત, (તે વૃક્ષો સમશ્રેણીમાં ઉગેલાં હોવાથી યમલના જેવાં લાગતાં હતાં તેથી યમલિત વિશેષણનો પ્રયોગ થયો છે.) યુગલિત, (તે વૃક્ષો એકત્ર ઉત્પન્ન થયેલાં હોવાથી યુગલયુક્ત કહ્યાં છે.) વિનમિત, (પુષ્પો અને ફળોના ભારથી લચી પડેલાં) પ્રણમિત (પુષ્પો અને ફળોના ભારથી વધારે પ્રમાણમાં ઝૂકેલાં) તથા (सुविभक्त पिण्डीमञ्जर्यवतंसकधर) અત્યંત વિભાગવાળી-પરસ્પર છૂટી છૂટી પિંડી, લુંબી અને મંજરીરૂપ જેના કર્ણાભૂષણો છે એવા વૃક્ષોને ધારણ કરનારી (અહીં કુસમિત આદિ શબ્દોનો કર્મધારય સમાસ કરવો એઈએ.) (सिरीए) વનશ્રીથી (अईव अईव उवसोभेमाणे-उवसोभेमाणे चिट्ठइ) અત્યંત શોભાયમાન હોય છે. (एवमेव) એજ પ્રમાણે (तेसिं वाणमंतराणं देवाणं) એ વાણવ્યંતર દેવોના (देवलोगा) દેવલોકો (जहण्णेणं) જઘન્યની અપેક્ષાએ (दसवाससहस्सठिइएहिं) દસ હજાર વર્ષની ભવસ્થિતિવાળા અને (उक्कोसेणं पलिओवमट्ठिइएहिं) વધારેમાં વધારે એક પલ્યોપમની સ્થિતિવાળા (बहुहिं) અનેક (वाणमंतरेहिं देवेहिं) વાણવ્યંતર દેવોથી અને (देवीहिं) દેવીઓથી (आइण्णा) વ્યાપ્ત એટલે કે

પોતપોતાનાં આવાસ સ્થાનની મર્યાદાનું ઉલ્લંઘન કર્યા વિના દેવ દેવીઓના સમૂહથી વ્યાપ્ત થયેલ, ( **विइण्णा** ) વિકીર્ણ થયેલ એટલે કે પોત પોતાના આવાસ સ્થાનોની સીમાનું ઉલ્લંઘન કરીને દેવો અને દેવીઓના સમૂહથી અધિષ્ઠિત થયેલ, ( **उवत्थडा** ) ઉપસ્તીર્ણ થયેલાં-નિરંતર ક્રીડા કરવામાં લીન થયેલા દેવો અને દેવીઓના સમૂહથી ઉપરા ઉપર આચ્છાદિત થયેલાં, (**संथडा**) સંસ્તૃત-એક બીજાની સ્પર્ધાથી ક્રીડા કરવામાં આસક્ત બનેલા તથા ચારે તરફથી અવર જવર કરતાં દેવ દેવીઓના સમૂહથી આચ્છાદિત થયેલાં (**फुडा** ) શયન, આસન આદિ પરિભોગો વડે ભોગવાતાં, અથવા દેવ અને દેવીઓની બહુલતાથી યુક્ત, અથવા વ્યન્તર દેવો અને દેવીઓના સમુદાયની કાન્તિરૂપ કિરણો વડે જ્યાંનો અંધકાર નષ્ટ થઇ જવાને કારણે પ્રકાશથી યુક્ત બનેલાં, (**ओगाढगाढा**) સમસ્ત ક્રીડા સ્થાનોમાં પરિભોગ કરવાની ઇચ્છાવાળા દેવદેવીઓથી જેમનો અધોભાગ પણ વ્યાપ્ત થાય છે એવાં ( **सिरीए** ) દેવલોકની લક્ષ્મીથી ( **अईव** ) અતિશય ( **उवसोभेमाणार चिट्ठंति** ) શોભાયમાન છે એટલે કે અત્યંત શોભાવાળાં છે. ( **एरिसगाणं** ) પૂર્વોક્ત સ્વરૂપવાળા ( **गोयमा !** ) હે ગૌતમ ! ( **तेसिं णं वाणमंतराणं देवाणं देवलोगा पण्णत्ता** ) તે અકામ નિર્જરાવાળા વાણવ્યંતર દેવોના દેવલોક બતાવ્યા છે. એટલે કે અકામ નિર્જરાને પ્રભાવે જે મનુષ્ય આદિ જીવો આ ભવમાંથી મૃત્યુ પામીને પરલોકમાં વાણવ્યંતર દેવોમાં જન્મ ધારણ કરે છે તેમના આવાસો કેવાં હોય છે તેનું વર્ણન ઉપર પ્રમાણે છે. હવે પ્રકરણાર્થનો ઉપસંહાર કરતાં ગૌતમ સ્વામી કહે છે કે ( **सेवं भंते ! सेवं भंते !** ) હે ભદન્ત ! “ હે ભદન્ત ! આપે જે પ્રમાણે કહ્યું એવાં જ એ છે, એવાં જ એ છે. ” તે કથનમાં કોઇ પણ અંતર નથી. આ પ્રમાણે કહીને ( **भगवं गोयमे** ) ભગવાન ગૌતમે ( **समणं भगवं महावीरं वंदइ नमंसइ** ) ભગવાન મહાવીરને વંદણા કરી અને નમસ્કાર કર્યાં. ( **वंदित्ता नमंसित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ** ) વંદણા નમસ્કાર કરીને ૧૭ પ્રકારના સંયમ અને ૧૨ પ્રકારનાં તપથી પોતાના આત્માને ભાવિત કરતાં વિચારવા લાગ્યા. “ **सेवं भंते ! सेवं भंते !** ” એવું બે વાર કહેવાનું કારણ ગૌતમ સ્વામીના હૃદયમાં રહેલી ભક્તિની અતિશયતા છે, ॥ સૂ૦ ૩૦ ॥

॥ પહેલા શતકનો પહેલો ઉદ્દેશક સમાપ્ત ॥

## શતક ૧ ઉદ્દેશક ૨—

બીજા શતકમાં જે જે વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે તેની આછી રૂપરેખા પહેલાં આપવામાં આવે છે. એક જીવ દ્વારા સ્વયંકૃત દુઃખ ભોગવાય છે કે નહીં ? હા, ભોગવાય છે પણ ખરું અને નથી પણ ભોગવાતું. તે વેદન અને અવેદનનું કારણ એ ક્રમથી ૨૪ દંડક. એક અનેક જીવ સંબંધી પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષનું વર્ણન. સ્વયંકૃત આયુનું વેદન થાય છે અને નથી પણ થતું, તેના કારણનું પ્રદર્શન આ ઉદ્દેશકમાં થયું છે. પૂર્વપક્ષ ઉત્તરપક્ષ શું સમસ્ત નારક જીવોના શરીર, શ્વાસોચ્છ્વાસ અને આહાર સમાન હોય છે ? એવો પ્રશ્ન અને નથી હોતાં એવો ઉત્તર, અને તેના કારણનું કથન. નારક જીવોની લેશ્યાઓ સરખી હોય છે કે નહીં એવો પ્રશ્ન અને નથી હોતી એવો ઉત્તર, અને તેના કારણનું એ પ્રમાણે પ્રદર્શન કે કોઇ નારક જીવ મહાશરીરવાળાં હોય છે તો કોઇ નાનાંશરીરવાળાં હોય છે. નારકજીવો શું સમાન કર્મવાળાં હોય છે એવો પ્રશ્ન અને નથી હોતાં એવો ઉત્તર તથા તેનું એવું કારણ બતાવ્યું છે કે તેમાં કેટલાંક પૂર્વોપપન્નક (પૂર્વોત્પન્ન) હોય છે અને કેટલાક પશ્ચાદુપપન્નક હોય છે. નારકજીવો શું સમાન વર્ણવાળાં હોય છે ? નથી હોતાં. એ પ્રમાણે પ્રશ્નોત્તર અને તેના કારણનું પ્રદર્શન. સમસ્ત નારક જીવોની લેશ્યા સમાન હોય છે શું ? એવો પ્રશ્ન અને નથી હોતી એવો ઉત્તર અને તેના કારણનું પ્રદર્શન. નારક જીવોનું દુઃખ સમાન હોય છે શું ? એવો પ્રશ્ન અને નથી હોતું તેવો ઉત્તર, તથા તેમાં સંજ્ઞિભૂતત્વ અને અસંજ્ઞિભૂતત્વ કારણ. નારક જીવોની ક્રિયાઓ શું સમાન હોય છે? એવો પ્રશ્ન, નથી હોતી એવો ઉત્તર, અને તેમાં કારણ સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, અને મિશ્રદૃષ્ટિરૂપ ક્રિયાવિભાગ છે. નારક જીવોનું આયુષ્ય શું સમાન હોય છે, અને તેઓ બધાં શું સાથે જ ઉત્પન્ન થાય છે? એવો પ્રશ્ન, તેનો નકારમાં ઉત્તર અને તેનું કારણ (૧) સમાયુષ્ક સમોપપન્નક. (૨) સમાયુષ્ક વિષમોપપન્નક, (૩) વિષમાયુષ્ક સમોપપન્નક, અને (૪) વિષમાયુષ્ક વિષમોપપન્નક છે. એ પ્રકારે નારક ચાર પ્રકારના છે. અસુરકુમારોના સંબંધમાં બધો વિચાર પહેલાની જેવો જ છે, આહાર, કર્મ, વર્ણ અને લેશ્યાઓમાં ભેદ છે. સ્તનિતકુમાર અને પૃથિવીકાયમાં પહેલાં જેવો જ વિચાર છે. આહાર, કર્મ, વર્ણ અને લેશ્યાઓના વિષયમાં નૈરયિકોની સાથે તે બન્નેનું સાદૃશ્ય પ્રદર્શન. સમસ્ત પૃથિવીકાયિક જીવોને એક સરખી પીડા થાય છે,

બાકીનું નારકજીવો પ્રમાણે જ. તથા—દ્વીન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિય, અને પંચેન્દ્રિય તિર્યંચોમાં નારકો સાથે સમાનતા, ક્રિયાભેદ, તિર્યંચ, સંયતાસંયત અને અસંયત છે. એવું કથન મનુષ્ય નૈરયિકો જેવાં છે, આહારભેદ અને ક્રિયાભેદનું કથન. વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક અસુરકુમાર જેવાં છે. જ્યોતિષ્ક વૈમાનિકોમાં વેદના ભેદ. લેશ્યાયુક્ત નૈરયિક આદિ ચોવીસ દંડકમાં પ્રથમની જેમ વિચાર તુલ્યતા અને વિશેષતાનું કથન. એ પૂર્વોક્ત વિષયોનો આ શતકના બીજા ઉદ્દેશકમાં સંગ્રહ થયો છે.

લેશ્યા કેટલી? પ્રજ્ઞપના સૂત્રની સાક્ષી. કેટલા પ્રકારનો સંસાર—સંસ્થાન કાળ? તેના ચાર ભેદ. નૈરયિક સંસાર સંસ્થાન કાળ કેટલા પ્રકારનો છે? ત્રણ પ્રકારનો છે. શૂન્ય, અશૂન્ય અને મિશ્રકાળ. તિર્યક્ સંસાર સંસ્થાન કાળ કેટલા પ્રકારનો છે? અશૂન્ય અને મિશ્રના ભેદથી બે પ્રકારનો; દેવ મનુષ્ય નૈરયિક જેવાં છે. નૈરયિક જીવોના કાળનો અલ્પ બહુત્વની દૃષ્ટિએ વિચાર. સર્વ જીવોના કાળનો અલ્પબહુત્વની અપેક્ષાએ વિચાર. જીવ અન્તિમ ક્રિયા દ્વારા કર્મનો નાશ કરે છે કે નહીં? નાશ કરે છે અને નથી પણ કરતો. પ્રજ્ઞાપના સૂત્રની સાક્ષી. અસંયત ભવ્ય દ્રવ્ય દેવ, અખંડિત સંયમી, ખંડિત સંયમી, અખંડિત સંયમાસંયમી, ખંડિત સંયમાસંયમી, અસંજ્ઞી, તાપસ, કાપર્દિક, ચરક પરિવ્રાજક, કિલ્વિષક, તિર્યંચ, આજીવિક, આભિયોગિક, વેષધર, અને સમ્યકત્વ રહિત. એ કયા દેવલોકમાં જાય છે તેનું ક્રમશઃ કથન. અસંજ્ઞીનાં આયુષ્યના કેટલા ભેદ છે? એવો પ્રશ્ન અને ચાર ભેદ છે એવો ઉત્તર. અસંજ્ઞી જીવ કેટલા પ્રકારનું આયુ બાંધે છે? એવો પ્રશ્ન અને ચારે પ્રકારનું આયુ બાંધે છે એવો ઉત્તર. ચારે પ્રકારના આયુનો જઘન્ય અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ વિચાર—એટલે કે અલ્પ બહુત્વનો વિચાર. ઉદ્દેશકની સમાપ્તિ. ગૌતમનો વિહાર. આ સમસ્ત વિષયનું સંક્ષેપમાં આ ઉદ્દેશકમાં પ્રતિપાદન કરવામાં આવશે.

પહેલા ઉદ્દેશકનું નિરૂપણ થઈ ગયું. હવે ક્રમપ્રાપ્ત બીજા ઉદ્દેશકનું નિરૂપણ શરૂ થાય છે, " **ना गतं विदध्यात्** " આ નિયમાનુસાર પ્રથમ અને દ્વિતીય ઉદ્દેશકનો સંબંધ આ પ્રમાણે છે—પહેલા ઉદ્દેશકમાં ચલનાદિ ધર્મ· વિશિષ્ટ કર્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે, અને આ બીજા ઉદ્દેશકમાં પણ એજ કર્મનું નિરૂપણ કરવામાં આવશે. આ રીતે બન્ને જગ્યાએ એક કર્મનું નિરૂપણ હોવાથી એક કાર્યકારિત્વરૂપ સંબંધ છે એ સમજાવ્યું છે. કારણ કે, પ્રથમ ઉદ્દેશકનું જે કાર્ય છે એજ કાર્યનું દ્વિતીય ઉદ્દેશકમાં પણ નિરૂપણ કરાઈ રહ્યું છે—આ રીતે તે બનેમાં એક કાર્યકારિત્વરૂપ સંબંધ ઘટાવી શકાય છે.

અહીં શતકની શરુઆતમાં કહેલી " **रायगिह चलणदुक्खे** " **इत्यादि.** આ ઉદ્દેશકાર્થ સંગ્રહ ગાથામાં જે દ્વિતીય દ્વાર દુઃખરૂપ કહેવામાં આવ્યું છે,

એજ દ્વિતીય દ્વારરૂપ દુઃખનું આ બીજા ઉદ્દેશકમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. આ કથનના પ્રક્રમને નિમિત્તે પૂર્વોક્ત જ સૂત્રની સ્મૃતિ કરાવતાં સૂત્રકાર "**रायगिहे नयरे**" ઇત્યાદિ સૂત્ર કહે છે—

"**रायगिहे नयरे समोसरणं**" इत्यादि ।

## રાજગૃહ નગરમેં સમવસરણ કા નિરૂપણ

(**रायगिहे नयरे समोसरणं**) રાજગૃહ નગરમાં ભગવાન મહાવીર પધાર્યા. (**परिसा णिग्गया**) પરિષદ નીકળી (**जाव एवं वयासी**) ત્યાંથી શરૂ કરીને આ પ્રમાણે બોલ્યા, ત્યાં સુધીનું કથન આગળ મુજબ સમજવું. એટલે કે ભગવાનનાં દર્શન કરવાને માટે તથા ધર્મશ્રવણ કરવાને માટે પરિષદ આવી અને ધર્મશ્રવણ કરીને લોકો પોત પોતાને સ્થાને ગયા. ત્યારે ગૌતમ સ્વામીએ ભગવાનને પૂછ્યું. (**जीवेणं भंते ! सयं कडं दुक्खं वेएइ ?**) હે ભદન્ત ! શું જીવ સ્વયંકૃત દુઃખનું વેદન કરે છે ? (**गोयमा !**) હે ગૌતમ ! (**अत्थेगइयं वेएइ अत्थेगइयं नो वेएइ**) જીવ કોઈક કર્મનું વેદન કરે છે અને કોઇક કર્મનું કરતો નથી. (**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ**) આપ શા કારણે એમ કહો છો કે (**अत्थेगइयं वेएइ, अत्थेगइयं नो वेएइ**) જીવ કોઈ એક કર્મનું વેદન કરે છે અને કોઇ એક કર્મનું વેદન કરતો નથી ? (**गोयमा !**) હે ગૌતમ ! (**उदिण्णं वेएइ**) જીવ ઉદીર્ણ કર્મનું વેદન કરે છે. (**अणुदिण्णं नो वेएइ**) અનુદીર્ણ કર્મનું વેદન કરતો નથી. (**से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ**) હે ગૌતમ ! તે કારણે હું એમ કહું છું કે (**अत्थेगइयं वेएइ, अत्थेगइयं नो वेएइ**) જીવ કોઈક કર્મનું વેદન કરે છે અને કોઈક કર્મનું વેદન કરતો નથી. (**एवं चउवीस दंडएणं जाव वेमाणिए**) ચોવીસ દંડકમાં વૈમાનિકો સુધી આ પ્રમાણે જ સમજવું. હવે બહુવચનની અપેક્ષાએ પૂછે છે–(**जीवाणं भंते ! सायंकडं दुक्खं वेदेंति ?**) હે ભદન્ત ! સમસ્ત જીવો શું સ્વયંકૃત દુઃખનું વેદન કરે છે ? (**गोयमा !**) હે ગૌતમ ! (**अत्थेगइयं वेदेंति अत्थेगइयं नो वेदेंति**) જીવો કેટલાક દુઃખકર્મનું વેદન કરે છે અને કેટલાકનું વેદન કરતા નથી. (**से केण ट्ठेणं**) હે ભદન્ત ! આપ એવું શા કારણે કહો છો ? (**गोयमा!**) હે ગૌતમ ! (**उण्णिण्णं वेदेंति नो अनुदिण्णं वेदेंति**) તેઓ ઉદીર્ણ દુઃખનું વેદન કરે છે, અનુદીર્ણ દુઃખનું વેદન કરતા નથી. (**से तेणट्ठेणं–एवं जाव वेमाणिया**) તેથી હું કહું છું કે જીવો કેટલાક દુઃખકર્મનું વેદન કરે છે અને કેટલાક દુઃખકર્મનું વેદન કરતા નથી. ચોવીસ દંડકમાં વૈમાનિક દેવો સુધીમાં આ પ્રમાણેજ સમજવું. (**जीवे णं भंते ! सयंकडं आउयं वेएइ**) હે ભદન્ત ! જીવ સ્વયંકૃત આયુકર્મનું વેદન કરે છે કે નથી કરતો ? (**गोयमा अत्थेगइए वेएइ अत्थेगइए नो वेएइ**) હે ગૌતમ ! જીવ કોઇ આયુકર્મનું વેદન કરે છે

અને કોઇકનું વેદન કરતો નથી. ( जहा दुक्खेणं दो दंडगा तहा आउएणं दो दंडगा एगत्तपुहत्तिया ) આ રીતે એક વચન અને બહુવચનનો આશ્રય લઇને દુઃખકર્મના વિષયમાં વૈમાનિક દેવો સુધીને લાગુ પડતાં જેમ બે દંડકો કહ્યા છે, એવા જ પ્રકારના એકવચન અને બહુવચનવાળા બે દંડકો આયુકર્મના વિષયમાં પણ કહેવા જોઈએ. ( एगत्तेणं जाव वेमाणिया, पुहुत्तेणं वि तहेव ) એકવચનમાં વૈમાનિકો સુધી અને બહુવચનમાં પણ વૈમાનિકો સુધી એ દંડક કહેવા જોઈએ

ટીકાર્થ—" रायगिहे नयरे " આ વાક્યથી પ્રથમ ઉદ્દેશકનું " तेणं कालेणं तेणं समएणं " ઇત્યાદિ ચોથું સૂત્ર જોવું જોઇએ. " समोसरणं " આ પદથી શરૂ થતું પહેલા ઉદ્દેશકનું પાંચમું સૂત્ર જોઈ જવું. " परिस्सा निग्गया " આ પદથી શરૂ થતાં પહેલા ઉદ્દેશકના છટ્ઠા સૂત્રનો વિચાર કરવો જોઇએ. " जाव एवंवयासी " અહીં " यावत् " પદ દ્વારા " तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्सजेट्ठे अंतेवासी इंदभूई अणगारे " ઇત્યાદિ સાતમા સૂત્રમાં આવતા પાઠથી લઈને આઠમા સૂત્રમાં આવતો " विणएणं पंजलिउडे पज्जुवासमाणे" સુધીનો પાઠ ગ્રહણ કરવામાં આવ્યો છે એમ સમજવું જોઈએ. ગૌતમ સ્વામી વિનયથી બન્ને હાથ જોડીને અને પર્યુપાસના કરીને નીચે પ્રમાણે બોલ્યા—

" जीवेणं भंते ! " इत्यादि। હે ભદન્ત ? જીવ સ્વયંકૃત દુઃખનું વેદન કરે છે ખરો ? એટલે કે જીવ પોતે ઉપાર્જિત કરેલાં કર્મોને ભોગવે છે કે નહીં, એવો આ પ્રશ્નનો ભાવાર્થ છે. અહીં ' દુઃખ ' શબ્દ દ્વારા દુઃખના કારણરૂપ કર્મને લેવામાં આવ્યું છે. સાંસારિક સુખ અને દુઃખના કારણરૂપ કર્મ હોય છે-અને શું તે જીવ દ્વારા વેદવામાં આવે છે ? ત્યારે ભગવાને તે પ્રશ્નનો આ પ્રમાણે જવાબ આપ્યો છે-" હે ગૌતમ ! કોઇક જીવ સ્વયંકૃત કર્મનું વેદન કરે છે અને કોઇક જીવ કર્મનું વેદન કરતો નથી. " ત્યારે ગૌતમસ્વામી ભગવાન મહાવીરસ્વામીને પૂછે છે કે હે ભદન્ત ! આપ શા કારણે એવું કહો છો કે કોઇક જીવ સ્વયંકૃત કર્મનું વેદન કરે છે અને કોઇક જીવ સ્વયંકૃત કર્મનું વેદન કરતો નથી ? ત્યારે પ્રભુએ તેમને જવાબ આપ્યો કે- હે ગૌતમ ! જે કર્મ ઉદયાવલિકામાં પ્રવેશ કરી ચૂકયું છે તેનું ફળ દેવાને માટે પ્રાપ્ત થઈ ચૂકયું છે, તે કર્મને " ઉદીર્ણકર્મ " કહે છે. તે ઉદીર્ણકર્મનું જીવ વેદન કરે છે. અને જે અનુદીર્ણકર્મ હોય છે તેનું વેદન કરતો નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે, જે કર્મ ઉદયમાં આવે છે તેનું જ વેદન જીવ કરે છે, કારણ કે તે કર્મ જ વેદનને યોગ્ય હોય છે. જે કર્મ ઉદયમાં આવતું નથી તેનું વેદન જીવ કરતો નથી. એજ વાત " अणुदिण्णं नो वेएइ " આ પદ દ્વારા બતાવવામાં આવી છે. વળી બીજી એ વાત પણ ધ્યાનમાં લેવા જેવી છે કે, બંધાવસ્થા પછી તુરત જ કર્મ ઉદયમાં આવી જતું નથી. એટલે કે કર્મનો બંધ બાંધ્યા પછી તુરત જ કર્મ ઉદયમાં આવતું નથી પણ જે કર્મોનો બંધ જીવે બાંધ્યો હોય તે કર્મોમાંનું કોઈ એક જ કર્મ કે જે તે સમયે અવશ્ય વેદનને યોગ્ય હોય છે તે પોતાના અબાધકાળ બાદ ઉદયમાં

આવે છે. અને એજ કર્મનું જીવ વેદન કરે છે, અન્યનું નહીં એમ કહેવાય છે. તે કારણ એમ કહેવામાં આવ્યું છે કે કોઈ એક કર્મનું જીવ વેદન કરે છે અને કોઇ એક કર્મનું વેદન કરતો નથી. કરેલાં કર્મો વેદન કર્યા વિના શાંત પડતાં નથી. એટલે કે છૂટતાં નથી. "कडाण कम्माण ण मोक्ख अत्थि" એ વાત જ આ સૂત્રમાં કહી છે-"કૃતકર્મોનો મોક્ષ થતો નથી." એટલે કે જે કર્મો બાંધવામાં આવ્યાં છે તેનો ઉપભોગ કર્યા વિના તે કર્મોનો નાશ થતો નથી. બીજે સ્થાને પણ એજ વાત કહી છે—

"ना भुक्तं क्षीयते कर्म, कल्पकोटिशतैरपि।
अवश्यमेव भोक्तव्यं, कृतं कर्मशुभाशुभम् ॥ १ ॥

## કૃતકર્મ ભોગને કા નિરૂપણ

સેંકડો કરોડ કલ્પકાળ વ્યતીત થવા છતાં પણ ફલ ભોગવ્યા વિના કર્મનો નાશ થતો નથી. જીવે કરેલાં શુભ અને અશુભકર્મો (એટલે કે તે કર્મોનો વિપાક) જીવે અવશ્ય ભોગવવા જ પડે છે. કર્તાને છોડીને કર્મ કદી પણ અન્ય સ્થાને જતું નથી.

કહ્યું પણ છે કે—"यथा धेनुसहस्रेषु, वत्सो गच्छति मातरम्।
एवमात्मकृतं कर्म, मानवः प्रतिपद्यते ॥ २ ॥"

જેવી રીતે હજારો ગાયોના સમૂહમાં પણ વાછરડું તેની માતા પાસે જાય છે એવી જ રીતે કર્મ કરનાર મનુષ્યની પાસે જ આત્મકૃત કર્મ જાય છે. એટલે કે આત્મકૃતકર્મ તેને અવશ્ય પોતાનું ફળ આપે છે. કેવલી ભગવાન જે કેવલી-સમુદ્ઘાત કરે છે તે કરવાનું પ્રયોજન એજ હોય છે કે એ સમુદ્ઘાતમાં બાકીના કર્મોની સ્થિતિને આયુકર્મની સ્થિતિ બરાબર કરવામાં આવે છે અને જેટલો ભોગ બાકી રહ્યો હોય છે તેટલો ભોગવીને તે કર્મોનો નાશ કરવામાં આવે છે. આ રીતે શાસ્ત્ર પ્રતિપાદિત કેવલીસમુદ્ઘાત પણ ભોગ દ્વારા કર્મનો વિનાશ કરવાને માટે જ કરાય છે, તેથી એ વાત નિશ્ચિત છે કે ભોગવ્યા વિના કર્મોનો નાશ થતો નથી. ભોગવવું એજ કર્મની ઉદયાવસ્થા છે. તે

કારણે જ એવું કહ્યું છે કે કોઇક જીવ જે કર્મોનો બંધ બાંધે છે તે સમસ્ત કર્મો એજ સમયે ભોગવતો નથી પણ જે કર્મ તેના અબાધકાળ પછી ઉદયમાં આવ્યું હોય છે તે જ એક કર્મને તે સમયે ભોગવે છે બાકીના કર્મોને જુદા જુદા કાળે તેમના ઉદયાનુસાર ભોગવતો રહે છે. અહીં જે એમ કહેવામાં આવ્યું છે કે કોઇ એક કર્મને ભોગવે છે અને કોઇ એકને ભોગવતો નથી તે કથનનું તાત્પર્ય એ છે કે-તે જીવે એક સમયમાં કર્મ તો અનેક બાંધેલ છે પણ તેમાંથી જે કર્મ ઉદયમાં આવી જાય છે એજ કર્મને જીવ ભોગવે છે, પણ ઉદયમાં આવેલા તે એક કર્મની સાથે સાથે જ બાંધેલાં બીજાં કર્મોને તે સમયે જ ભોગવશે નહીં. તેથી કોઇ એક કર્મનો ભોગ કરે છે અને કોઈ એક કર્મનો ભોગ કરતો નથી. આ દંડક એક જીવની અપેક્ષાએ કહેલ છે. એજ પ્રમાણે એક નારક જીવનો આશ્રય લઈને નૈરયિક સંબંધી એકવચનવાળું દંડક સમજવું આ રીતે વૈમાનિક દેવો સુધીના ચોવીસ દંડક એકવચનવાળાં બનાવી લેવાં જોઈએ. એજ વાત "**नेरइयाणं भंते ! सयंकडं इत्यादि**" પદ દ્વારા બતાવવામાં આવી છે. હવે બહુવચનનો આશ્રય લઇને "**जीवाणं भंते !**" ઇત્યાદિ સૂત્રોનું સૂત્રકાર કથન કરે છે-"**जीवाणं भंते ! सयंकडं दुक्खं वेदेंति**" હે પૂજ્ય ! અનેક જીવો સ્વયંકૃત દુઃખકર્મનું વેદન નરે છે કે નહીં ? હા, કેટલાક જીવો કોઈ એક કર્મનું વેદન કરે છે અને કેટલાક જીવો તેનું વેદન નથી પણ કરતાં. તેનું કારણ બતાવવાનું કહેવામાં આવતાં ભગવાન મહાવીરે કહ્યું કે-તેઓ ઉદીર્ણ કર્મનું વેદન કરે છે, પણ અનુદીર્ણ કર્મનું વેદન કરતાં નથી. આ પ્રમાણે જ એકવચન અને બહુવચનનો આશ્રય લઈને વૈમાનિકદેવો સુધી સમજવું.

શંકા—એક વચનવાળા પ્રશ્નથી જે અર્થનો બોધ થાય છે એજ બોધ બહુવચનવાળા પ્રશ્નથી પણ થાય છે. તો બહુવચનયુક્ત પ્રશ્ન શા માટે અહીં મૂકયો છે?

ઉત્તર—એવું ન કહેવું જોઇએ-કારણ કે તેમાં અભિપ્રાયની વિશેષતા છે. તેને તમે સમજ્યા જ નથી તે વિશેષતા આ પ્રમાણે છે-કોઇ એક વસ્તુમાં જે એક વચન ઘટિત અર્થ રહેલો હોય છે તેના કરતાં બહુવચન ઘટિત અર્થમાં વિશેષતા જણાય છે. જેમ કે જીવની અપેક્ષાએ સમ્યકત્વની મતિજ્ઞાનની, શ્રુતજ્ઞાનની અને અવધિજ્ઞાનની સ્થિતિ છાસઠ સાગરોપમ કરતાં પણ કાંઇક વધારે કહી છે. પણ જ્યારે અનેક જીવોની અપેક્ષાએ તે સ્થિતિનો વિચાર કરવામાં આવે છે ત્યારે તે સમ્યકત્વ આદિની સ્થિતિ શાસ્ત્રમાં સર્વાદ્ધા-સર્વકાળની કહી છે. તેથી સમ્યકત્વ આદિની જેમ અહીં પણ એકવચન અને બહુવચનની અપેક્ષાએ અર્થવિશેષતા સંભવે છે. આ દૃષ્ટિથી પ્રશ્ન કરનારનો પ્રશ્ન અસંગત નથી. અથવા-જે શિષ્યો અત્યંત અવ્યુત્પન્ન મતિવાળા છે,તેમને સમજાવવાને માટે પણ બહુવચન વિષયક પ્રશ્ન સંગત જ છે. નરકાદિ વ્યવહારમાં આયુની પ્રધાનતા હોવાથી આયુનો આશ્રય લઇને "**जीवेणं भंते !**"

ઇત્યાદિ બે દંડક સૂત્રકારે કહ્યાં છે. ગૌતમે પ્રશ્ન પૂછયો છે કે હે ભદન્ત ! જીવ પોતાની મારફત બંધાયેલા આયુનું વેદન કરે છે કે નહીં ? ત્યારે ભગવાને જવાબ આપ્યો કે હે ગૌતમ ! કોઇ એક જીવ એક આયુનું વેદન કરે છે અને કોઇ એક જીવ તેનું વેદન કરતો નથી. જેમ કે–પહેલા શ્રેણિક રાજાએ સાતમી નરકમાં જવા યોગ્ય આયુકર્મનાં દલિકોનું ઉપાર્જન કરી લીધું હતું. અર્થાત્ સાતમી નરકમાં જવા યોગ્ય કર્મ દલિકોનો સંગ્રહ કરી લીધો હતો પણ બંધ નહીં કર્યો હોવાથી ફરી કાળાન્તરે જ્યારે તેનાં પરિણામ વિશેષ શુભ થયાં ત્યારે તેના પ્રભાવથી તેણે પહેલી નરકમાં જવા યોગ્ય આયુકર્મનો બંધ બાંધ્યો. તેથી એવાં આયુકર્મની અપેક્ષાએ એવું કહેવામાં આવે છે કે કોઇ એક જીવ પૂર્વબદ્ધ આયુનું વેદન કરતો નથી, કારણ કે તે અનુદીર્ણ હોય છે. પરંતુ જે પર્યાયમાં જીવને જવાનું છે એ પર્યાયને યોગ્ય આયુકર્મનો બંધ જીવે કર્યો અને તે ત્યાં ઉત્પન્ન પણ થઈ ગયો, ત્યારે ઉદય પ્રાપ્ત તે આયુકર્મનું તે જીવ અવશ્ય વેદન કરે છે, કારણ કે તે રૂપે તે આયુકર્મ ઉદયમાં આવી રહ્યું હોય છે. “जहा दुक्खेणं दो दंडगा” જેવી રીતે દુઃખકર્મની અપેક્ષાએ એકવચન અને બહુવચનનો આશ્રય કરીને બે દંડક કહ્યાં છે. “तहा आउएणंवि दो दंडगा एगत्त पुहत्तिया” એજ પ્રમાણે આયુકર્મની અપેક્ષાએ એકવચન અને બહુવચનનો આશ્રય કરીને બે દંડક સમજવા જોઈએ. એક જીવની અપેક્ષાએ પ્રથમ દંડક અને અનેક જીવોની અપેક્ષાએ બીજો દંડક છે. “एगत्तेणं जाव वेमाणिया, पुहत्तेणं वि तहेव” એકવચનની અપેક્ષાએ નારકથી લઇને વૈમાનિક સુધી ચોવીસ દંડક સમજવા, એજ પ્રમાણે બહુવચનની અપેક્ષાએ નારકથી લઈને વૈમાનિક સુધી ચોવીસ દંડક સમજવા જોઇએ, ॥ સૂ૦ ૧ ॥

## નારક જીવોં કે સ્વરૂપ કા નિરૂપણ

હવે સૂત્રકાર આહારાદિ વડે ચોવીસ દંડકની પ્રરૂપણા કરતાં “नेरइयाणं भंते” ઇત્યાદિ સૂત્ર કહે છે—

“नेरइयाणं भंते ! सव्वे समाहारा” ઇત્યાદિ ।

(भंते !) હે પૂજ્ય ! (सव्वे नेरइया समाहारा ?) શું સમસ્તનારક જીવો

સમાન આહારવાળા હોય છે? ( सव्वे समसरीरा ) શું સમસ્ત નારક જીવો સમાન શરીરવાળા હોય છે? ( सव्वे समुस्सास नीसासा ) શું સમસ્ત નારક-જીવો સમાન ઉચ્છ્વાસ–નિઃશ્વાસવાળાં હોય છે? ( गोयमा! नो इणट्ठे समट्ठे ) હે ગૌતમ! આ અર્થ બરાબર નથી ( से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ) હે ભદન્ત! આપ શા કારણે એવું કહો છો કે ( नेरइया नो सव्वे समाहारा, नो सव्वे समसरीरा, नो सव्वे समुस्सास नीसासा ? ) સમસ્ત નારકજીવો સમાન આહારવાળાં, સમાન શરીરવાળાં અને સમાન ઉચ્છ્વાસનિઃશ્વાસવાળાં હોતાં નથી? ( गोयमा ! ) હે ગૌતમ! ( नेरइया दुविहा पण्णत्ता ) નારક જીવો બે પ્રકારના હોય છે. ( तं जहा ) તે આ પ્રમાણે છે–(महासरीरा य अप्पसरीरा य ) એક મહાશરીરવાળાં અને બીજા અલ્પ શરીરવાળાં. (तत्थणं) એમાં (जे) જે (महासरीरे) ઘણાં ભારે શરીરવાળાં નારક જીવો છે. ( तेणं ) તેઓ (बहुतराए पोग्गले आहारेंति) ઘણી મોટી સંખ્યામાં પુદ્ગલોનો આહાર કરે છે, (बहुतराए पोग्गले परिणामेंति) અને બહુસંખ્યક પુદ્ગલોને પોતાના શરીરરૂપે પરિણમાવે છે, ( बहुतराए पोग्गले उस्ससंति ) બહુસંખ્યક પુદ્ગલોને ઉચ્છ્વાસરૂપે ગ્રહણ કરે છે, ( बहुतराए पोग्गले नीससंति ) બહુસંખ્યક પુદ્ગલોને નિઃશ્વાસરૂપે છોડે છે, ( अभिक्खणं आहारेंति ) વારંવાર આહાર કરે છે, ( अभिक्खणं परिणामेंति ) વારંવાર પરિણમાવે છે, ( अभिक्खणं उससंति, अभिक्खणं नीससंति ) વારંવાર ઉચ્છ્વાસ લે છે, અને વારંવાર નિઃશ્વાસ છોડે છે. ( तत्थण जे ते अप्पसरीरा ) તથા જે અલ્પશરીરવાળાં નારક જીવો છે ( तेणं अप्पतराए पोग्गले आहारेंति ) તેઓ અલ્પતર પુદ્ગલોનો આહાર કરે છે, (अप्पतराए पोग्गले परिणामेंति) અલ્પતર પુદ્ગલોનું પોતાના શરીરરૂપે પરિણમન કરે છે, ( अप्पतराए पोग्गले उससंति ) અલ્પતર પુદ્ગલોને શ્વાસરૂપે ગ્રહણ કરે છે, (अप्पतराए पोग्गले नीससंति) અલ્પતર પુદ્ગલોને નિઃશ્વાસરૂપે છોડે છે. ( आहच्च आहारेंति ) કયારેક આહાર કરે છે, ( आहच्च परिणामेंति ) કયારેક પરિણમાવે છે, ( आहच्च उससंति ) કયારેક શ્વાસ લે છે, અને ( आहच्च नीससंति ) કયારેક નિઃશ્વાસ લે છે. ( से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ–नेरइया नो सव्वे समाहारा, नो सव्वे समसरीरा, नो सव्वे समुस्सास निस्सासा ) તે કારણે હે ગૌતમ! હું એવું કહું છું કે સમસ્ત નારક જીવો સમાન આહારવાળાં હોતાં નથી. સમસ્ત નારક જીવો સમાન શરીરવાળાં હોતાં નથી અને સમસ્ત નારક જીવો સમાન શ્વાસોચ્છ્વાસવાળાં હોતા નથી.

ટીકાર્થ—આ સૂત્ર દ્વારા સૂત્રકાર આહારાદિ દ્વારા ચોવીસ દંડકનું નિરૂપણ કરવાને માટે ક્રમ પ્રાપ્ત નારક જીવોનું નિરૂપણ કરી રહ્યા છે—ગૌતમસ્વામીએ સૌથી પહેલો પ્રશ્ન એ પૂછ્યો કે હે ભદન્ત! સમસ્ત નારક જીવો શું સમાન આહારવાળાં હોય છે? સમાન અવગાહનાવાળાં હોય છે? અને શું સમાન ઉચ્છ્વાસ નિઃશ્વાસવાળાં હોય છે? તે પ્રશ્નનો મહાવીર પ્રભુએ એવો જવાબ આપ્યો કે હે ગૌતમ! સમસ્ત નારક જીવો એવાં હોતાં નથી, કારણ કે, નારક જીવોના બે પ્રકાર કહ્યા છે. (૧) જેમના શરીર ઘણાં જ

મોટાં હોય છે એવાં નારક જીવો અને (૨) નાનાં શરીરવાળાં નારક જીવો. અહીં શરીરનું મોટાપણું અને નાનાપણું, એ બંને આપેક્ષિક છે. તેમાંનું અલ્પપણું જઘન્ય અવગાહની અપેક્ષાએ છે. નારક જીવોની જઘન્ય (ઓછામાં ઓછી) અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ હોય છે. ઉત્કૃષ્ટ અવગાહનાની અપેક્ષાએ મહત્વ-મોટાપણું છે. નારક જીવોની ઉત્કૃષ્ટ (વધારેમાં વધારે) અવગાહના ૫૦૦ (પાંચ સો) ધનુષપ્રમાણ હોય છે. આ બન્ને પ્રકારના પરિણામો ભવધારણીય શરીરની અપેક્ષાએ સમજવા જોઈએ. ઉત્તર વૈક્રિય શરીરની અપેક્ષાએ જઘન્ય (ઓછામાં ઓછું) અલ્પત્વ અંગુલના સંખ્યાતમાં ભાગ પ્રમાણ સમજવું, અને મહત્ત્વ (મોટાપણું) એક હજાર ધનુષ પ્રમાણ સમજવું. મરણ સુધી સાથે રહેનારૂં જે શરીર તેને ભવધારણીય શરીર કહે છે. અને ઇચ્છા પૂર્વક શરીરને નાનું મોટું કરવું તે ઉત્તરવૈક્રિય શબ્દનો અર્થ છે. અહીં શરીરના અલ્પત્વ અને મહત્વની જે વાત કરવામાં આવી છે એ વાત દ્વારા " નારક જીવો સમાન શરીરવાળાં હોય છે કે નહીં " એ પ્રશ્નનો ઉત્તર આપવામાં આવ્યો છે.

શંકા : સૂત્રમાં સૌથી પહેલો આહાર વિષેનો પ્રશ્ન મૂકયો છે. અને અહીં જવાબમાં શરીરનું અલ્પત્વ મહત્ત્વ પહેલાં બતાવવામાં આવ્યું છે. આહારના વિષયમાં જે પહેલો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે તેનો ઉત્તર પાછળ આપવામાં આવ્યો છે, આગળ આપવામાં આવ્યો નથી. તો આ પ્રમાણે ઉલટો ક્રમ શા માટે લેવામાં આવ્યો છે ?

ઉત્તર : પહેલાં શરીરની વિષમતાનું કથન કરીને ત્યાર બાદ આહાર વિષેના પ્રશ્નનો ઉત્તર આપવાનું કારણ એ છે કે-જ્યાં સુધી શરીરની વિષમતા બતાવવામાં ન આવે ત્યાં સુધી આહારની તથા શ્વાસોચ્છ્વાસની વિષમતા સરળતાથી સમજી શકાય નહીં. એ વિષમતા સરળતાપૂર્વક સમજી શકાય તે હેતુથી એવું કર્યું છે. તેથી પહેલાં શરીર વિષયક પ્રશ્નનો ઉત્તર દેવો એ વાત યુક્તિયુક્ત જ લાગે છે. આહાર અને શ્વાસોચ્છ્વાસના વિષયમાં ગૌતમ સ્વામીએ જે પ્રશ્ન પૂછયો તેના જવાબમાં પ્રભુએ કહ્યું કે " મોટાં શરીરવાળાં નારકો અલ્પ શરીરવાળાં નારકો કરતાં " **बहुतराए पोग्गले आहारेंति** " બહુસંખ્યક પુદ્‌ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે. તેઓ મહાશરીરવાળાં હોવાથી એવું બને છે. લોકમાં પણ સામાન્ય રીતે એવું જોવામાં આવે છે કે જેમનું શરીર મોટું હોય છે તેઓ '**महाशी**' વધારે ભોજન કરનારા હોય છે અને જેમનું શરીર નાનું હોય છે તેઓ '**अल्पाशी**' ઓછું ખાનારા હોય છે. જેમકે હાથી અને સસલું.

આ કથન બાહુલ્યની અપેક્ષાએ કરવામાં આવ્યું છે. નહીં તો એવું પણ બને છે કે જે મહાકાય હોય છે તે ઓછું ખાનાર હોય છે અને જે અલ્પકાય હોય છે તે વધારે ખાનાર હોય છે. ઉદાહરણ રૂપે એ પ્રકારના માણસો બતાવી શકાય છે. પણ અહીં જે આહારવિષયક કથન છે તે બાહુલ્યની અપેક્ષાએ કરવામાં આવ્યું છે. કહેવાનું તાત્પર્ય એ છે કે કોઇ જાડા શરીરવાળો માણસ થોડો આહાર લે છે અને નાના શરીરવાળો માણસ વધારે આહાર લે છે, એવું પણ જોવા મળે છે. તેથી શરીરના મોટાપણા કે અલ્પપણાને આહારની અધિકતા કે ન્યૂનતાના કારણરૂપ કે નિયમ રૂપે ગણી શકાય નહીં, પણ મોટે ભાગે એવું જ બને છે.

અધિકાંશને આ નિયમ લાગુ પડતો હોવાથી એવું કહેવામાં આવ્યું છે કે મહાશરીરી નારક જીવો વધારે આહાર કરે છે અને અલ્પશરીરી નારક જીવો ઓછો આહાર કરે છે. અહીં એવું સમજવું જોઇએ નહીં કે કેટલાક મહાશરીરી મનુષ્યોની જેમ મહાશરીરી નારકો ઓછો આહાર લે છે અને અલ્પશરીરી મનુષ્યોની જેમ અલ્પશરીરી નારકો વધારે આહાર લે છે તથા તે નારક જીવો ઉપપાતાદિ સવેદના અનુભવ સમયને છોડીને બાકીના સમયે અસાતાવેદનીય કર્મને ઉદયાધીન હોય છે. તેથી જેમ જેમ તેઓ મહાશરીરવાળાં બનતાં જાય છે તેમ તેમ મહાદુઃખનો અનુભવ કરે છે અને આહારની તીવ્ર અભિલાષાવાળાં બને છે.

" बहुतराए पोग्गले परिणामेंति " તેઓ વધારે પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે તેથી આહાર રૂપે ગ્રહણ કરાયેલાં તે પુદ્ગલોનું પરિણમન પણ વધારે પ્રમાણમાં થાય છે. કારણ કે આહારરૂપે ગ્રહણ કરાયેલાં પુદ્ગલોના પ્રમાણે જ તે પરિણમન થાય છે, જો કે શંકાકારે આહાર પરિણામના વિષયમાં પ્રશ્ન કર્યો નથી, પણ આહારનું કાર્ય પરિણામ (ગૃહીત પુદ્ગલોનું પરિણમન) છે, તે દૃષ્ટિએ તેનું અહીં કથન કર્યું છે. કારણ કે આહારના કથનની સાથે આહારનું પરિણામ પણ કહેવા યોગ્ય હોય છે. " बहुतराए पोग्गले उस्ससंति " તે મહાકાય નારક જીવો વધારે પુદ્ગલોને ઉચ્છ્વાસ રૂપે ગ્રહણ કરે છે. " बहुतराए पोग्गले नीससंति " અને તેઓ વધારે પુદ્ગલોને નિઃશ્વાસરૂપે બહાર કાઢે છે મહાશરીરવાળા જીવો મહાઉચ્છ્વાસ અને નિઃશ્વાસવાળાં હોય છે. તથા દુઃખી લોકોની બાબતમાં પણ એવું જ બને છે. નારક જીવો દુઃખી હોવાથી વધારે પુદ્ગલોને ઉચ્છ્વાસ રૂપે ગ્રહણ કરે છે અને નિઃશ્વાસ રૂપે બહાર કાઢે છે. હવે આહારના કાળમાં રહેલી વિષમતા બતાવવામાં આવે છે–" अभिक्खणं आहारेंति " તે મહાકાય નારકો વારંવાર આહારરૂપે પુદ્ગલોને ગ્રહણ કરે છે. એટલે કે નાનાં શરીરવાળાં નારકો કરતાં મોટાં શરીરવાળાં નારકો વધારે શીઘ્રતાથી આહાર લે છે " अभिक्खणं उस्ससंति " " अभिक्खणं नीससंति " મહાશરીરવાળાં નારક જીવો વધારે દુઃખી હોવાને લીધે નિરન્તર શ્વાસોચ્છ્વાસ લીધા કરે છે અને છોડયાં કરે છે "तत्थणं जे ते अप्पसरीरा ते णं अप्पतराए पोग्गले आहारेंति" એક નારક જીવનાં કરતાં વધારે અલ્પ શરીરવાળો નારક જીવ તેના કરતાં અલ્પતર પુદ્ગલોને આહાર રૂપે ગ્રહણ કરે છે—

" अप्पतराए पोग्गले परिणामेंति " અલ્પતર પુદ્ગલોનું પરિણમન કરે છે, " अप्पतराए पोग्गले उस्ससंति " અલ્પતર પુદ્ગલોને શ્વાસરૂપે પરિણમાવે છે, " अल्पतराए पोग्गले नीससंति " અલ્પતર પુદ્ગલોને નિઃશ્વાસરૂપે બહાર કાઢે છે આ સમસ્ત પદોની વ્યાખ્યા મહાકાયના સૂત્રમાં કહેવામાં આવેલાં આ પદોની વ્યાખ્યા પ્રમાણે સમજવી પણ અહીં મહત્ત્વની અપેક્ષા અલ્પત્વનો વ્યત્યય કરવો જોઈએ. "आहच्च आहारेंति" આદિ પદોનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે.

અલ્પશરીરવાળા જે નારક જીવો છે, એટલે કે જે નારક જીવો અન્યની અપેક્ષાએ અલ્પશરીરી છે તેઓ અન્યના કરતાં વધારે લાંબે લાંબે આંતરે આહાર લે છે, એટલે કે કયારેક આહાર લે છે અને કયારેક નથી પણ લેતા. કયારેક આહાર લેતા નથી તેનું તાત્પર્ય એવું નથી કે તેઓ બિલકુલ આહાર જ લેતા નથી પણ તેનું તાત્પર્ય એવું છે કે મહાકાય નારક જીવોની અપેક્ષાએ અલ્પકાય નારક જીવોના આહાર નહીં ગ્રહણ કરવાના કાળમાં મોટું અંતર–વ્યવધાન પડે છે. " आहच्च ऊससंति आहच्च नीससंति " અલ્પશરીરવાળાં હોવાને કારણે જ તેઓ મહાશરીરવાળાં નારકો કરતાં ઓછાં દુઃખી રહે છે, તેથી તેઓ થોભી થોભીને શ્વાસ લે છે અને ઉચ્છવાસ બહાર કાઢે છે. પહેલાં એવું જે કથન કરવામાં આવ્યું છે કે નારકજીવો નિરન્તર શ્વાસાદિ ક્રિયા કરે છે, તે કથન મહાકાય નારકોને અનુલક્ષીને થયું સમજવું. અથવા તેઓ કયારેક આહાર લેતા નથી, અને કયારેક શ્વાસ લેતા નથી એવું જે કહેવામાં આવ્યું છે તેનો ભાવાર્થ એવો પણ થાય છે કે અપર્યાપ્ત અવસ્થામાં નારક જીવો અલ્પશરીરવાળાં હોય છે તે લોમાહારની અપેક્ષાએ આહાર કરતા નથી અને અપર્યાપ્તક હોવાને કારણે જ ઉચ્છ્વાસ લેતા નથી, અન્ય સમયમાં પર્યાપ્તક થાય ત્યારે આહાર, શ્વાસોચ્છ્વાસ આદિ ગ્રહણ કરે છે તેથી એવું કહ્યું છે કે " आहच्च आहारेंति, आहच्च ऊससंति " અપર્યાપ્ત કાળમાં નારક જીવો લોમાહાર આદિ લેતા નથી, તેથી તેઓ રોમાહારાદિની અપેક્ષાએ આહાર નથી કરતા તેમ કહ્યું છે. " से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ नेरइया सव्वे नो समाहारा इत्यादि " હે ગૌતમ ! તેથી જ મેં એવું કહ્યું છે કે સમસ્ત નારક જીવો સમાન આહારવાળાં હોતાં નથી, સમાન શરીરવાળાં હોતાં નથી, સમાન ઉચ્છવાસ નિઃશ્વાસવાળાં હોતાં નથી ।।સૂ.૨।।

## નારક જીવોં કે કર્મ વર્ણાદિ વિષય કા નિરૂપણ

હવે સૂત્રકાર કર્મવર્ણ આદિ વિષયનું પ્રતિપાદન કરે છે–

'नेरइयाणं भंते ! सव्वे समकम्मा' इत्यादि ।

(भंते) હે ભદન્ત ! (नेरइयाणं सव्वे समकम्मा ?) સમસ્ત નારક જીવો શું સમાન કર્મવાળાં હોય છે ? (गोयमा !) હે ગૌતમ !

(गोयमा !) હે ગૌતમ ! (णो इणट्ठे समट्ठे) આ અર્થ સમર્થિત નથી. એટલે કે એવું બનતું નથી. (से केणट्ठेणं) હે ભદન્ત ! આપ એવું શા કારણે કહો છો ? (गोयमा !) હે ગૌતમ ! (नेरइया दुविहा पण्णत्ता) નારક જીવો બે પ્રકારના કહ્યા છે. (तं जहा) તે બે પ્રકારો આ પ્રમાણે છે–

(पुव्वोववण्णगा, पच्छोववण्णगा) પૂર્વોપપન્નક અને પશ્ચાદુપપન્નક.

(तत्थणं जे ते पुव्वोववण्णगा) તેમાંના જે પૂર્વોપપન્નક નારકો છે (तेणं अप्पकम्मतरागा) તેઓ અલ્પ કર્મવાળાં હોય છે અને (तत्थणं जे ते पच्छोववण्णगा तेणं महाकम्मतरागा) પશ્ચાદુપપન્નક જે નારકો છે તેઓ મહાકર્મવાળાં હોય છે. (से तेण ेणं गोयमा!) એ કારણે હે ગૌતમ! હું એવું કહું છું કે સમસ્ત નારક જીવો સમાન કર્મવાળાં હોતાં નથી.

(नेरइयाणं भंते सव्वेसमवन्ना?) હે ભદન્ત! શું સમસ્ત નારક જીવો સમાન વર્ણવાળાં હોય છે? (गोयमा!) હે ગૌતમ! (णो इण े समट्ठे) એ અર્થ સમર્થિત નથી.

એટલે કે સમસ્ત નારકો સમાન વર્ણવાળાં હોતાં નથી. (से केणट्ठेणं?) કે ભદન્ત! આપ શા કારણે એવું કહો છો? ઇત્યાદિ પ્રશ્નનું સ્વરૂપ (तह चेव) તેવી જ રીતે સમજી લેવું. ભગવાન કહે છે-(गोयमा!) હે ગૌતમ! नेरइया दुविहा पन्नत्ता) નારક જીવો બે પ્રકારના કહ્યા છે. (तंजहा) તે બે પ્રકારો આ પ્રમાણે છે-(पुव्वोववन्नगा य पच्छोववण्णगाय) (૧) પૂર્વોપપન્નક અને (૨) પશ્ચાદુપપન્નક (तत्थणं जे ते पुव्वोववन्नगा ते णं विसुद्धवन्नतरागा) તેમાંના જે પૂર્વોપપન્નક નારક જીવો હોય છે તેઓ વિશુદ્ધ વર્ણવાળાં હોય છે, અને (तत्थणं जे ते पच्छोववन्नगा, तेणं अविसुद्ध वन्नतरागा) જેઓ પશ્ચાદુપપન્નક હોય છે તેઓ અવિશુદ્ધ વર્ણવાળાં હોય છે. (से तेण ेणं गोयमा! एवं वुच्चइ०) તે કારણે હે ગૌતમ! હું એવું કહું છું કે સમસ્ત નારક જીવો સમાન વર્ણવાળાં હોતાં નથી.

(नेरइयाणं भंते! सव्वे समलेस्सा?) હે ભદન્ત! સમસ્ત નારક જીવો શું એક સરખી લેશ્યાવાળાં હોય છે? (गोयमा! णो इणट्ठे समट्ठे) હે હે ગૌતમ! એવું હોતું નથી. (से केणट्ठेणं जाव नो सव्वे समलेस्सा?) હે ભદન્ત! આપ શા કારણે એવું કહો છો કે સમસ્ત નારક જીવો સમાન લેશ્યાવાળાં હોતાં નથી? (गोयमा!) હે ગૌતમ! (नेरइया दुविहा पण्णत्ता) નારક જીવો બે પ્રકારના કહ્યા છે. (तंजहा) તે પ્રકારો આ પ્રમાણે છે. (पुव्वोववण्णगा य पच्छोववण्णगा य) પૂર્વોપપન્નક અને પશ્ચાદુપપન્નક.

(तत्थणं जे ते पुव्वोववण्णगा तेणं विसुद्धलेस्सतरागा) તેમાંના જે પૂર્વો-

પન્નક નારક જીવો છે તેઓ વિશુદ્ધ લેશ્યાવાળાં હોય છે, (**तत्थणं जे ते पच्छोववण्णगा ते णं अविसुद्ध लेस्सतरागा**) અને જે પશ્ચાદુપન્નક નારક જીવો હોય છે તેઓ અવિશુદ્ધ લેશ્યાવાળાં હોય છે, (**से तेणट्ठेणं एव.**) હે ગૌતમ! તે કારણે હું એવું કહું છું કે સમસ્ત નારક જીવો સમાન લેશ્યા-વાળાં હોતાં નથી.

(**नेरइयाणं भंते! सव्वे समवेयणा?**) હે ભદન્ત! સમસ્ત નારક જીવો શું એક સરખી વેદનાવાળાં હોય છે? (**गोयमा! णो इणट्ठे समट्ठे**) હે ગૌતમ! એ વાત બરાબર નથી–તેઓ સમાન વેદનાવાળાં હોતાં નથી. (**से केणट्ठेणं**) હે ભદન્ત! આપ એવું શા કારણે કહો છો? (**गोयमा!**) હે ગૌતમ! (**नेरइया दुविहा पण्णत्ता**) નારક જીવો બે પ્રકારના કહ્યા છે (**तंजहा**) તે પ્રકારો આ પ્રમાણે છે—

(**सण्णिभूया य असण्णि भूया य**) (૧) સંજ્ઞિભૂત અને (૨) અસંજ્ઞિ-ભૂત, (**तत्थणं जे ते सण्णिभूया ते णं महावेयणा**) તેમાંના જે સંજ્ઞિભૂત નારક જીવો છે તેઓ મહાવેદનાવાળાં હોય છે, અને (**तत्थणं जे ते असण्णिभूया ते णं अप्पवेयणतरागा**) જે અસંજ્ઞિભૂત નારક જીવો હોય છે તેઓ અલ્પ વેદનાવાળાં હોય છે. (**से तेणट्ठेणं गोयमा!**) હે ગૌતમ! તે કારણે મેં એવું કહ્યું છે કે સમસ્ત નારક જીવો સમાન વેદનાવાળાં હોતાં નથી. (**नेरइयाण भंते! सव्वे समकिरिया?**) હે ભદન્ત! સમસ્ત નારકજીવો શું સમાન ક્રિયાવાળાં હોય છે? (**गोयमा! णो इणट्ठे समट्ठे**) હે ગૌતમ! સમસ્ત નારકો સમાન ક્રિયાવાળાં હોતાં નથી. (**से केणट्ठेणं**) હે ભદન્ત! આપ શા કારણે એવું કહો છો? (**नेरइया तिविहा पण्णत्ता**) નારક જીવો ત્રણ પ્રકારના કહ્યા છે, (**तं जहा**) તે પ્રકારો આ પ્રમાણે છે–(**सम्मदिट्ठी, मिच्छदिट्ठी, सम्मामिच्छदिट्ठी**) (૧) સમ્યગ્દૃષ્ટિ, (૨) મિથ્યાદૃષ્ટિ, અને (૩) સમ્યગ્મિથ્યાદૃષ્ટિ. (**तत्थणं जे ते सम्मदिट्ठी तेसिणं चत्तारि किरियाओ पन्नत्ताओ**) તેમાંના જે સમ્યગ્દૃષ્ટિ નારક જીવો છે તેઓ ચાર ક્રિયાઓ કરે છે' (**तं जहा**) તે આ પ્રમાણે છે–(**आरंभिया, परिग्गहिया, मायावत्तिया, अपच्चक्खाण किरिया**) (૧) આરંભિકી ક્રિયા (૨) પારિગ્રહિકી ક્રિયા, (૩) માયા પ્રત્યયા ક્રિયા અને (૪) અપ્રત્યાખ્યાન ક્રિયા (**तत्थणं जे ते मिच्छदिट्ठी**) જે મિથ્યાદૃષ્ટિ નારક

જીવો હોય છે ( तेसिणं पंच किरियाओ कज्जंति ) તેમની પાંચ ક્રિયાઓ હોય છે, (तं जहा) તે આ પ્રમાણે છે-(आरंभिया, जाव जाव मिच्छा दंसण वत्तिया) (૧) પ્રારંભિકી ક્રિયા, (૨) પારિગ્રહિકી ક્રિયા, (૩) માયા પ્રત્યયા ક્રિયા, (૪) અપ્રત્યાખ્યાન ક્રિયા અને (૫) મિથ્યાદષ્ટિ પ્રત્યયા ક્રિયા ( एवं सम्म मिच्छादिट्ठी णं वि-से तेणट्ठेणं गोयमा ! ) એજ પ્રમાણે સમ્યગ્‌મિથ્યાદષ્ટિ નારક જીવોની બાબતમાં પણ સમજવું. એ કારણે, હે ગૌતમ ! મેં એવું કહ્યું કે સમસ્ત નારકો સમાન ક્રિયાવાળાં હોતાં નથી, ( नेरइयाणं भंते ! सव्वे समाउया सव्वे समोववन्नगा ?) હે ભદન્ત ! સમસ્ત નારક જીવો શું સમાન આયુવાળાં હોય છે? સમોપપન્નક હોય છે? ( गोयमा ! ) હે ગૌતમ ! ( णो इणट्ठे समट्ठे ) આ અર્થ સમર્થ નથી. ( से केणट्ठेणं ) હે ભદન્ત ! આપ શા કારણે એવું કહો છો ? (गोयमा ! ) હે ગૌતમ ! ( नेरइया चउव्विहा पन्नत्ता) નારક જીવો ચાર પ્રકારના કહ્યા છે, ( तंजहा ) તે આ પ્રમાણે છે- ( अत्थेगइया समाउया समोववन्नगा) (૧) કોઇ કોઇ સમાન આયુવાળાં અને સમોપપન્નક, ( अत्थेगइया समाउया विसमोववन्नगा ) (૨) કોઇ કોઇ સમાન આયુવાળાં અને વિષમોપપન્નક, ( अत्थेगइया विसमाउया समोववन्नगा ) (૩) કોઇ કોઈ વિષમ આયુવાળાં અને સમોપપન્નક, ( अत्थे गइया विसमाउया विसमोववन्नगा ) (૪) કોઇ કોઇ વિષમ આયુવાળાં અને વિષમોપપન્નક હોય છે. ( से तेणट्ठेणं गोयमा ! ) આ કારણે, હે ગૌતમ ! મેં એવું કહ્યું છે.

ટીકાર્થ—સૂત્રકારે આ સૂત્રમાં કર્મ, વર્ણ આદિ દ્વારા નારક જીવોનું નિરૂપણ કર્યું છે-નારક જીવોની કર્મસમાનતાના વિષયમાં ગૌતમ સ્વામીએ જે પ્રશ્ન કર્યો, અને મહાવીર પ્રભુએ તેનો જે ઉત્તર આપ્યો તે સ્પષ્ટ છે. પછી જ્યારે ગૌતમ સ્વામીએ પ્રભુને પૂછયું કે આપ શા કારણે એવું કહો છો, તેના જવાબમાં પ્રભુએ "पुव्वोवण्णगाय पच्छोव वण्णगाय" એવું કહ્યું છે કે નારક જીવોના બે પ્રકાર છે-(૧) પૂર્વોપપન્નક-પહેલાં ઉત્પન્ન થયેલ અને (૨) પશ્ચાદુપપન્નક-પાછળથી ઉત્પન્ન થયેલ. પૂર્વોપપન્નક નારક જીવોને અલ્પ કર્મવાળાં કહેવાનું કારણ એ છે કે તેમણે પોતાના આયુકર્મને અને તેનાથી ભિન્ન એવી સાત મૂલ પ્રકૃતિયોને વધારે પ્રમાણમાં ભોગવી લીધેલ હોય છે. તેથી વેદનની અપેક્ષાએ કર્મોમાં અલ્પત્વનો સદ્‌ભાવ હોવાથી તેમને અલ્પકર્મવાળાં કહ્યા છે. તથા પશ્ચાદુપપન્નક નારકજીવોને મહાકર્મવાળાં કહેવાનું કારણ એ છે કે તેમણે હજી સુધી પોતાના આયુકર્મને અને તેનાથી ભિન્ન એવી સાત મૂળપ્રકૃતિયોને અલ્પપ્રમાણમાં જ વેદિત કરી છે-તેને પછીના સમયમાં ઘણો ખરો ભાગ ભોગવવાનો બાકી હોય છે. તેથી તેમને બહુ કર્મવાળાં દર્શાવ્યા છે. આ કથન સમાન સ્થિતિવાળાં નારકજીવોની અપેક્ષાએ કરવામાં આવ્યું છે એમ સમજવુ ભિન્ન ભિન્ન સ્થિતિવાળાં નારક જીવોને આ કથન લાગુ પડી શકતું નથી. જો ભિન્ન ભિન્ન સ્થિતિવાળાં નારકોને પણ તે કથન લાગુ પાડવામાં

આવે તો આ કથનમાં વિરોધાભાસ પડશે. જેમકે–રત્નપ્રભા પૃથિવી કે જ્યાં એક સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ, અને દસ હજાર (૧૦૦૦) વર્ષની જઘન્ય સ્થિતિ છે, ત્યાં કોઈ એક પૂર્વોત્પન્નક નારકજીવ કે જેની ઉત્કૃષ્ટ સ્થિતિનો મોટો ભાગ વ્યતીત થઇ ગયો છે અને ત્યાં રહેવાનો માત્ર એક પલ્યોપમ કાળ જ બાકી રહ્યો છે, એ સમયે ત્યાં કોઇ એક બીજો નારકજીવ દસ હજાર વર્ષનું જઘન્ય આયુ લઇને ઉત્પન્ન થાય-એવી સ્થિતિમાં પલ્યોપમનું જેનું આયુષ્ય બાકી છે તે પૂર્વોપપન્નક નારકજીવ અને જેનું દસ હજાર (૧૦૦૦૦) વર્ષનું જઘન્ય આયુષ્ય છે એવા પશ્ચાદુપપન્નક નારક જીવ, એ બન્નેમાંથી પૂર્વોત્પન્નક નારક જીવને અલ્પકર્મવાળો કેવી રીતે માની શકાય ? તેના કરતાં પાછળ ઉત્પન્ન થયેલા દસ હરજાર (૧૦૦૦૦) વર્ષના જઘન્ય આયુવાળા નારક જીવને જ અલ્પતર કર્મોવાળો ગણી શકાય. તેથી સમાનસ્થિતિવાળા નારકજીવોની અપેક્ષાએજ આ સૂત્ર કહેવામાં આવ્યું છે તેમ સમજવું જોઇએ. "**से तेण ट्ठेणं**" હે ગૌતમ ! તે કારણે હું એવું કહું છું કે સમસ્ત નારક જીવો સમાન કર્મવાળા હોતાં નથી. એજ પ્રમાણે નારક જીવો સમાન વર્ણવાળાં હોતાં નથી તેનું કારણ એ છે કે પૂર્વોત્પન્ન નારકજીવોનાં અશુભવર્ણનામકર્મ મોટે ભાગે ક્ષય પામી ચૂકયાં હોય છે અને પશ્ચાદુપપન્નક નારકજીવોનાં અશુભ-વર્ણ–નામકર્મને મોટે ભાગે ભોગવવાના બાકી હોય છે. તે કારણે પશ્ચાદુપપન્નક નારકોને અવિશુદ્ધ વર્ણવાળાં કહ્યાં છે. લેશ્યાના વિષયમાં જે એવું કહેવામાં આવ્યું છે કે સમસ્ત નારકજીવો સમાન લેશ્યાવાળાં હોતાં નથી, તો તેમાં લેશ્યા શબ્દ દ્વારા ભાવલેશ્યા ગ્રહણ કરવી–દ્રવ્યલેશ્યા નહીં; કારણ કે તે વર્ણ-રૂપ પડે છે. અને વર્ણરૂપ પડવાને કારણે તેનું કથન વર્ણદ્વાર દ્વારા કરવામાં આવી ગયું છે. પૂર્વોપપન્નક નારક જીવો કર્મોની અધિકતર નિર્જરાવાળાં હોવાને કારણે વિશુદ્ધ લેશ્યાવાળાં કહ્યાં છે, અને જે પશ્ચાદુપપન્નક નારકજીવો હોય છે તેમને હજી બહુતર કર્મોને ભોગવવાના બાકી હોય છે, તે કારણે તેમને અવિશુદ્ધ લેશ્યાવાળાં કહ્યાં છે. વેદના સૂત્રના વિષયમા નારકજીવોમાં સરખી વેદનાનો અભાવ કહ્યો છે. તેનું કારણ તેમનામાં રહેલી સંજ્ઞિભૂતતા અને અસંજ્ઞિભૂતતા છે. 'સંજ્ઞા' શબ્દનો અર્થ અહીં 'સમ્યગ્દર્શન' લેવામાં આવ્યો છે. આ સંજ્ઞા જેને હોય છે તેને 'સંજ્ઞી' કહે છે. સંજ્ઞિત્વને પ્રાપ્ત નારકજીવોને સંજ્ઞિભૂત કહેવામાં આવ્યા છે. અથવા–"ચ્વિ" પ્રત્યયના યોગથી "સંજ્ઞિભૂત"ની જગ્યાએ "સંજ્ઞીભૂત" એવું પદ બની જાય છે. તેનો અર્થ આ પ્રમાણે છે–જેઓ પહેલાં અસંજ્ઞી હતા પણ હવે સંજ્ઞી થયા હોય છે તેમને સંજ્ઞીભૂત કહે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે–મિથ્યાદર્શનને છોડીને સમ્યગ્દર્શનરૂપ જન્મથી જેઓ ઉત્પન્ન થયા છે તેમને સંજ્ઞિભૂત કહે છે. એ સંજ્ઞિભૂત નારકજીવોને મહાવેદનાવાળાં કહેવાનું કારણ એ છે કે–સંજ્ઞાવાળાં હોવાને કારણે પૂર્વકૃત કર્મવિપાકને ભોગવતાં ભોગવતાં તેઓ પશ્ચાત્તાપ કરે છે કે "અરે રે ! ભયંકર વિષયરૂપ વિષમ જાળમાં લીન થઇને અમે પૂર્વ-જન્મમાં સમસ્ત દુઃખોનો નાશ કરનાર સર્વજ્ઞ પ્રરૂપીત ધર્મનું આચરણ કર્યું નહીં, પણ તેથી વિપરીત મિથ્યાત્વનું સેવન કર્યું. તેથી અમારે આ અપાર

દુઃખો ભોગવવા પડે છે. ” આ પ્રકારનું માનસિક દુઃખ તેઓ અનુભવ્યા કરે છે. તેથી તેમને મહાવેદનાવાળાં કહ્યાં છે. તથા–**तत्थ णं जे ते असण्णिभूया ते णं खलु अप्पवेयणतरागा** ” જે અસંજ્ઞિભૂત-મિથ્યાદષ્ટિ નારકજીવો હોય છે તેઓ અલ્પવેદનાવાળાં હોય છે. કારણ કે દુઃખના અનુભવ કરવા છતાં પણ તેઓ એવું સમજતા નથી કે આ દુઃખ અમારાં જ કર્મોનું ફળ છે. તેથી તેમને પશ્ચાત્તાપ માનસિક સંતાપ થતો નથી. આ રીતે પશ્ચાત્તાપથી રહિત હોવાને કારણે તેમને અલ્પવેદનાવાળાં કહ્યાં છે. અથવા સંજ્ઞી એટલે સંજ્ઞીપંચેન્દ્રિય જીવ. સંજ્ઞીપંચેન્દ્રિયની યોનિમાંથી નારકત્વ પામેલા જીવોને સંજ્ઞીભૂત નારકો કહે છે. એવાં સંજ્ઞીભૂત નારક જીવોએ પહેલાં સંજ્ઞીપંચેન્દ્રિય યોનિમાં તીવ્રતર અશુભ અધ્યવસાયના કારણે અશુભતર કર્મનો બંધ બાંધ્યો હોય છે. તે કારણે તેઓ મહાનરકોમાં ઉત્પન્ન થયા હોય છે, અને ત્યાં મહાવેદનાઓ ભોગવતા હોય છે. અસંજ્ઞિભૂત એવાં હોતાં નથી. કારણ કે તેઓ પહેલાં અસંજ્ઞી હતા. અને તે અવસ્થામાંથી મરીને તેઓ નરક યોનિમાં ગયા હોય છે. તેમણે અસંજ્ઞી હોવાને કારણે આગલી યોનિમાં તીવ્રતર અશુભ અધ્યવસાયને અભાવે અલ્પ અશુભ કર્મનો બંધ બાંધ્યો હોય છે અને તે કારણે અલ્પ વેદનાવાળી રત્નપ્રભા નરકોમાં તેમની ઉત્પત્તિ સંભવિત છે. તેથી તેઓ અલ્પવેદનાવાળાં હોય છે. અથવા સંજ્ઞિભૂત એટલે પર્યાપ્તક-શરીરાદિ સમસ્ત પર્યાપ્તિ જેમની પૂર્ણ થઇ ગઇ હોય એવાં જીવો અને અસંજ્ઞિભૂત એટલે અપર્યાપ્તક જીવો. સંજ્ઞીભૂત નારક જીવો મહાવેદનાવાળાં હોય છે, કારણ કે પર્યાપ્તક અવસ્થામાં અનુભૂતિ થાય છે. જે અપર્યાપ્તક હોય છે તેઓ અલ્પવેદનાવાળાં હોય છે, કારણ કે પર્યાપ્તિથી શૂન્ય હોવાને કારણે તેમને સ્ફુટ અનુભૂતિ થવી સંભવિત હોતી નથી, કારણ કે પર્યાપ્તિ જ જીવોને દુઃખોના અનુભવનું કારણ હોય છે. આ કારણે અસંજ્ઞિભૂત નારક જીવોને અલ્પવેદનાવાળાં કહ્યાં છે.

ક્રિયાસૂત્રમાં જે એમ કહેવામાં આવ્યું છે કે સમસ્ત નારકજીવો એક સરખી ક્રિયાવાળાં હોતાં નથી, તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે કરવામાં આવ્યું છે-આરમ્ભિકી આદિ જે પાંચ ક્રિયાઓ કર્મબન્ધના કારણરૂપ હોય છે તે ક્રિયાઓ તે નારકોમાં એક સરખી હોતી નથી. કારણ કે તે નારક જીવોમાં સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ અને સમ્યક્ મિથ્યાદષ્ટિ, એ ત્રણ પ્રકારના નારક–જીવો હોય છે. ‘**तत्थ णं जे ते सम्मद्दिट्ठी तेसिणं चत्तारि किरियाओ पणत्ताओ**’ તેમાંના જે સમ્યગ્દષ્ટિ નારક જીવો હોય છે તેમને ચાર ક્રિયાઓ હોય છે–(૧) આરંભિકી, (૨) પારિગ્રહિકી, (૩) માયા પ્રત્યયા, અને (૪) અપ્રત્યાખ્યાન ક્રિયા.

મિથ્યાદષ્ટિ નારકજીવોને તથા સમ્યક્ મિથ્યાદષ્ટિ નારક જીવોને

ઉપરોક્ત ચાર ક્રિયાઓ અને પાંચમી મિથ્યાદર્શન પ્રત્યયા, એ પાંચ ક્રિયાઓ હોય છે. તે ક્રિયાઓનો અર્થ આ પ્રમાણે છે-જે ક્રિયામાં પૃથિવીકાય આદિ જીવોનું ઉપમર્દન થતું હોય તે ક્રિયાને આરંભિકી ક્રિયા કહે છે. એટલે કે જે ક્રિયામાં આરંભ કારણરૂપ છે તે ક્રિયાને આરંભિકી ક્રિયા કહે છે.

શરીરાદિનું મમત્વ જે ક્રિયાના કારણરૂપ હોય છે તે ક્રિયાને પારિગ્રહિકી ક્રિયા કહે છે. કપટ અને ક્રોધ આદિનું નામ માયા છે. જે ક્રિયાના કારણરૂપ એ માયા હોય છે તે ક્રિયાનું નામ માયાપ્રત્યયા ક્રિયા છે. પ્રત્યાખ્યાન એટલે નિવૃત્તિ, અને નિવૃત્તિના અભાવનું નામ અપ્રત્યાખ્યાન છે. તે અપ્રત્યાખ્યાનથી જે ક્રિયા થાય છે તે ક્રિયાને અપ્રત્યાખ્યાન ક્રિયા કહે છે. કુદેવ આદિમાં શ્રદ્ધા રાખવી તેનું નામ મિથ્યાદર્શન છે. જે ક્રિયાના કારણ રૂપ તે મિથ્યાદર્શન હોય છે તે ક્રિયાને મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા કહે છે. શાસ્ત્રમાં મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ, એ કર્મબંધનાં કારણો બતાવ્યાં છે, અને અહીં આરંભિકી આદિ ક્રિયાઓને તેના કારણરૂપ દર્શાવી છે. આ રીતે કથનમાં પૂર્વાપર વિરોધ જણાય છે. પણ એવી શંકા કરવી જોઈએ નહીં. કારણ કે આરંભ અને પરિગ્રહ પદો દ્વારા યોગનો સમાવેશ થઈ જાય છે, અને યોગ આરંભ પરિગ્રહ રૂપ જ હોય છે. માયા પ્રત્યયા આદિ બાકીનાં પદો દ્વારા મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને પ્રમાદ, એ કર્મબંધનાં કારણોનું ગ્રહણ થઈ જ જાય છે, તે કારણે હે ગૌતમ! સમસ્ત નારક જીવો સમાન ક્રિયાવાળાં હોતાં નથી.

આયુ અને સમોપપન્નકના વિષયમાં જે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે અને તેનો જે જવાબ આપવામાં આવ્યો છે, તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે- નારક જીવોમાં કેટલાક એવાં હોય છે કે જેમનું આયુ સમાન હોય છે અને સાથે સાથે જ ઉત્પન્ન થયા હોય છે. જેમ કે કેટલાક જીવો દસ હજાર વર્ષનું આયુ બાંધીને સાથે સાથે જ નારક પર્યાયે ઉત્પન્ન થયા હોય છે તેમને " **समाउया समोववन्नगा** " કહ્યા છે, આ પહેલો ભંગ છે. કેટલાંક એવાં જીવો હોય છે કે જેમનું આયુ સમાન હોય છે પણ જેઓ નરકમાં નારક પર્યાયે આગળ પાછળ ઉત્પન્ન થયા હોય છે, તેમને " **समाउया विसमोववन्नगा** " કહે છે, આ બીજો ભંગ છે. કેટલાક એવાં જીવો હોય છે કે જેમનું આયુ સાગરોપમ જેટલી હોય છે કેટલાક એવા જીવો હોય છે કે જે દસ હજાર વર્ષની સ્થિતિ હોય છે પણ સાથે સાથે નારકપર્યાયમાં ઉત્પન્ન થયા હોય છે, એવાં નારક-જીવોને " **विसमाउया समोववन्नगा** " કહે છે, આ ત્રીજો ભંગ થયો. તથા કેટલાક નારકજીવો એવાં હોય છે કે તેમની સ્થિતિ સમાન હોતી નથી

(જેમ કે કેટલાકની સાગરોપમની સ્થિતિ હોય છે, તો કેટલાકની દસ હજાર વર્ષની સ્થિતિ હોય છે) અને તેઓ સાથે ઉત્પન્ન પણ થયા હોતા નથી, (કોઈ વહેલા ઉત્પન્ન થયા હોય છે અને કોઇ મોડા ઉત્પન્ન થયા હોય છે) તે નારક જીવોને "**विसमाउया विसमोववन्नगा**" કહે છે, આ ચોથો ભંગ થયો. આ ભંગોને બતાવવાથી એ વાત સ્પષ્ટ થાય છે કે સમસ્ત નારક જીવોનું આયુ એક સરખું હોતું નથી અને તેઓ બધા એક સાથે ઉત્પન્ન થતા નથી. તે કારણે હે ગૌતમ એવું કહેવામાં આવ્યું છે કે નારક જીવો સમાન આયુવાળાં હોતાં નથી અને બધા નારક જીવો એક સાથે ઉત્પન્ન પણ થતા નથી. ॥ સૂ. ૩ ॥

## અસુરકુમારાદિ વત્કવ્યતા કા નિરૂપણ

**અસુરકુમારાદિની વ્યક્તવ્યતા—**

**असुरकुमाराणं भंते ! सव्वे समाहारा ' इत्यादि ।**

(**भंते !**) હે ભદન્ત ! (**सव्वे असुरकुमाराणं**) સમસ્ત અસુરકુમારો (**समाहारा ?**) શું સમાન આહારવાળા હોય છે ? (**सव्वे समसरीरा ?**) સમસ્ત અસુરકુમારો શું સમાન શરીરવાળા હોય છે? (**सव्वे समुस्सास नीसासा ?**) સમસ્ત અસુરકુમારો શું સમાન ઉચ્છ્વાસ નિઃશ્વાસવાળા હોય છે? (**जहा नेरइया तहा भाणियव्वा**) હે ગૌતમ ! અસુરકુમારો વિષેના બધા પ્રશ્નોના ઉત્તર નૈરયિક પ્રકરણમાં નારકો સંબંધી આ વિષયમાં પૂછેલા પ્રશ્નોના ઉત્તર પ્રમાણે જ સમજવા. (**नवरं**) પણ તે જવાબોમાં આ પ્રમાણે વિશેષતા છે– (**कम्म-वण्ण-लेस्साओ-परिवण्णे अव्वाओ**) અસુરકુમારોનાં કર્મ, વર્ણ અને લેશ્યાઓ નારક જીવોનાં કર્મ, વર્ણ અને લેશ્યાઓ કરતાં વિપરીત હોય છે, એમ સમજવું.

જેમકે (**पुव्वोववण्णा महाकम्मतरा, अविसुद्ध वण्णतरा, अविसुद्ध लेस्सतरा**) જે અસુરકુમારો પૂર્વોપપન્ન–પહેલાં ઉત્પન્ન થયેલા હોય છે તેઓ

મહાકર્મતર, અવિશુદ્ધ વર્ણતર અને અવિશુદ્ધ લેશ્યવાળા હોય છે, (**पच्छोववण्णापसत्था**) અને જે અસુકુમારો પશ્ચાદુપપન્નક-પાછળથી ઉત્પન્ન થયેલા હોય છે તેઓ પ્રશસ્ત હોય છે. (**सेसं तहेव एवं जाव थणिय कुमाराणं**) બાકીનું બધું નારક જીવો પ્રમાણે જ સમજવું. સ્તનિતકુમાર સુધીના દેવોમાં આ પ્રમાણે જ સમજવું.

ટીકાર્થ—નારકજીવોના આહાર, શરીર, શ્વાસ આદિનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર અસુરકુમારોના આહાર, શરીર, શ્વાસ આદિનું નિરૂપણ કરવાને માટે "**असुरकुमाराणं**" ઇત્યાદિ સૂત્રો કહે છે. આ સૂત્રમાં નારક પ્રકરણમાં પૂછ્યા પ્રમાણેના નવ પ્રશ્નો પૂછ્યા છે અને તેમના ઉત્તર દીધા છે. પહેલો પ્રશ્ન એ છે કે સમસ્ત અસુરકુમારોનો આહાર શું એક સરખો હોય છે? બીજો પ્રશ્ન એ છે કે સમસ્ત અસુરકુમારો શું એક સરખાં શરીરવાળા હોય છે? ત્રીજો પ્રશ્ન એ છે કે સમસ્ત અસુરકુમારો શું સમાન ઉચ્છ્વાસ નિઃશ્વાસવાળા હોય છે? ચોથો પ્રશ્ન એ છે કે સમસ્ત અસુરકુમારો શું સમાન કર્મવાળા હોય છે? પાંચમો પ્રશ્ન એ છે કે સમસ્ત અસુરકુમારો શું સમાન વર્ણવાળા હોય છે? છટ્ઠો પ્રશ્ન એ છે કે સમસ્ત અસુરકુમારો શું સમાન લેશ્યાવાળા હોય છે? સાતમો પ્રશ્ન એ છે કે સમસ્ત અસુરકુમારો શું સમાન વેદનાવાળા હોય છે? આઠમો પ્રશ્ન એ છે કે સમસ્ત અસુરકુમારો શું સમાન ક્રિયાવાળા હોય છે? અને નવમો પ્રશ્ન એ છે કે સમસ્ત અસુરકુમારો શું સમાન આયુષ્યવાળા અને સમોપપન્નક હોય છે? આ પ્રશ્નોનું સમાધાન કરવાને માટે સૂત્રકારે કહ્યું છે-"**जहा नेरइया तहा भाणियव्वा**" એટલે કે નારક જીવો પ્રમાણે જ અસુરકુમારોના આહાર, શરીર, ઉચ્છ્વાસ આદિનું વર્ણન સમજવું, જે વર્ણન નારક પ્રકરણમાં આપેલું છે. તેમાં આ પ્રમાણે વિશેષતા છે-ભવધારણીય શરીરની અપેક્ષાએ અસુરકુમારોનાં શરીરનું અલ્પત્વ જઘન્ય (ઓછામાં ઓછું) અંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણ છે અને તેમનું મહત્ત્વ ઉત્કૃષ્ટની અપેક્ષાએ (વધારેમાં વધારે સાત હાથ પ્રમાણ છે તથા ઉત્તરવૈક્રિયની અપેક્ષાએ અસુરકુમારોનાં શરીરનું અલ્પત્વ ઓછામાં ઓછું અંગુલના સંખ્યાતમાં ભાગપ્રમાણ અને તેમનાં શરીરનું મહત્ત્વ વધારેમાં વધારે એક લાખ યોજન પ્રમાણ છે. આહારના વિષયમાં એવું છે કે મહાશરીરવાળા અસુરકુમારો બહુતર પુદ્ગલોનો આહાર કરે છે અને તે બહુતર પુદ્ગલોનો આહાર તેમના મનોભક્ષણરૂપ આહારની અપેક્ષાએ સમજવો જોઈએ. દેવોમાં મુખ્યત્વે એ પ્રકારનો આહાર થાય છે. શાસ્ત્રમાં પણ પ્રધાનતા (મુખ્યતા)ની અપેક્ષાએ જ વસ્તુઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે. મહાશરીરવાળાં નારકજીવો જેમ અલ્પશરીરવાળાં નારકો કરતાં વધારે પુદ્ગલોનો આહાર લે છે તેમ મહાશરીરવાળા અસુરકુમારો અલ્પશરીરવાળા અસુરકુમારો કરતાં વધારે પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે. નારક સૂત્રમાં "**अभीक्ष्णं आहारयन्ति, अभीक्ष्णं उच्छ्वसन्ति**" એવું કહ્યું છે. અસુરકુમારો એક ઉપવાસને આંતરે આહાર લે છે અને સાત સ્તોક આદિને આંતરે શ્વાસોચ્છ્વાસ લે છે તેની અપેક્ષાએ આહાર અને ઉચ્છ્વાસના વિષયમાં "**अभीक्ष्णं**" એવું પ્રતિપાદિત થયું છે

કારણ કે વધારેમાં વધારે એક હજાર વર્ષથી પણ થોડા વધારે આંતરે આહાર લેનારા અને એક પક્ષ કરતાં થોડા વધારે સમયે ઉચ્છ્વાસ લેનારા અસુર-કુમારોની અપેક્ષાએ અલ્પશરીરવાળા અસુરકુમારો અલ્પકાલિક આહાર અને ઉચ્છ્વાસ લેનાર હોય છે. તેથી " अमीक्ष्णमाहरयन्ति अमीक्ष्णं उच्छ्वसन्ति " એવું સમજાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે નારકસૂત્રમાં " अमीक्ष्णं आहारयन्ति, अमीक्ष्णं उच्छ्वसन्ति " એવું કહ્યું છે, અને એવું જ કથન અસુરકુમારોના આહાર અને ઉચ્છ્વાસની બાબતમાં પણ કર્યું છે. તેથી અહીં એવી શંકા ઉદ્ભવી શકે છે કે અસુરકુમારોના આભોગનિવર્તિત આહારનો જઘન્ય-કાળ એક ઉપવાસને આંતરે અને ઉચ્છ્વાસનો સાત સ્તોકને આંતરે કહેલ છે. તો "નારક પ્રકરણમાં કહેલ अमीक्ष्णं आहरन्ति अमीक्ष्णं उच्छ्वसन्ति" આ કથન અસુરકુમારોના વિષયમાં કેવી રીતે સુસંગત હોઇ શકે? તે શંકાનું નિવારણ કરવાને માટે અહીં એવું કહેવામાં આવ્યું છે કે જે અસુરકુમારો એક હજાર વર્ષને આંતરે આહાર લે છે અને એક પક્ષ કરતાં થોડા વધારે સમયે ઉચ્છવાસ લે છે તેમની અપેક્ષાએ એક ઉપવાસને આંતરે આહાર લેનારા અને સાત સ્તોકને આંતરે ઉચ્છવાસ લેનારા અસુરકુમારોની તે ક્રિયા-ઓને અનુલક્ષીને અભીક્ષણ આહારરૂપતા અને અભીક્ષણ શ્વાસોચ્છ્વાસ રૂપતાનું કથન ગ્રહણ કરાયું છે. તથા જે " आहृत्य आहरंति आहृत्य उच्छ्वसन्ति " એ રીતે આહાર અને ઉચ્છ્વાસમાં જે કદાચિતતા પ્રગટ કરી છે તેનું કારણ એવું છે કે મહાશરીરવાળાં અસુરકુમારો કરતાં અલ્પ શરીરવાળા અસુરકુમારોના આહાર અને ઉચ્છ્વાસમાં વધારે પ્રમાણમાં આંતરો ( અંતરાલતા ) પડે છે. કારણ આ બહુતર અંતરાલમાં તેઓ આહાર અને ઉચ્છ્વાસ લેતા નથી, ત્યાર બાદ લે છે. આ પ્રકારની વિવક્ષાના સદ્ભાવમાં મહાશરીરવાળા અસુર-કુમારોમાં પણ તે અન્તરાલ છે, પણ ત્યાં તે ઘણું જ સૂક્ષ્મ છે તેથી વિવક્ષિત થયું નથી. તે કારણે " अमीक्ष्ण " એવું કહેવામાં આવ્યું છે. આ રીતે મહા-શરીરવાળા અસુરકુમારોના આહાર અને ઉચ્છ્વાસમાં થોડું અંતર છે અને અલ્પશરીરવાળા અસુરકુમારોના આહાર અને ઉચ્છવાસમાં ઘણું મોટું અંતર છે, એ વાત સિદ્ધ થાય છે. જેમકે સૌધર્મ દેવલોકના દેવોનું શરીર સાત હાથપ્રમાણ હોય છે. આ રીતે તેઓ મહાશરીવાળા હોવાથી તેમના આહારનો આંતરો બે હજાર વર્ષનો કહ્યો છે, અને તેમનો ઉચ્છ્વાસ બે પક્ષને આંતરે લેવાય છે એમ કહ્યું છે. અનુત્તર વિમાનવાસી દેવોનું શરીર એક હાથપ્રમાણ હોય છે. તે રીતે તેઓ અલ્પશરીરવાળા હોવાથી તેત્રીસ ૩૩ હજાર વર્ષને આંતરે આહાર ગ્રહણ કરે છે અને તેત્રીસ ૩૩ પક્ષને આંતરે ઉચ્છવાસ લે છે, એમ કહ્યું છે. એવી જ રીતે આ અસુરકુમાર દેવો અભીક્ષણ આહાર અને ઉચ્છવાસ ગ્રહણ કરે છે, તે કથનથી તેમને અલ્પસ્થિતિવાળા દર્શાવ્યા છે અને તેમનાથી ભિન્નને વૈમાનિક દેવોની માફક તેમનાથી ઉલટી સ્થિતિવાળા મહાસ્થિતિવાળા દર્શાવ્યા છે એમ જણાય છે. અથવા પર્યાપ્તાવસ્થામાં મહા-શરીરવાળા અસુરકુમાર દેવો લોમાહારની અપેક્ષાએ અભીક્ષણ–નિરંતર આહાર કરે છે, તથા યથોક્ત (કહ્યા પ્રમાણે) પ્રમાણુથી થવા છતાં પણ તેમનો ઉચ્છ્વાસ

પરિપૂર્ણ ભવની અપેક્ષાએ વારંવાર થાય છે એવું કહેવામાં આવે છે. અપર્યાપ્તાવસ્થામાં તો અલ્પશરીરવાળા અસુરકુમારો લોમાહાર લેતા નથી ત્યારે તો તેઓ ઓજ આહાર જ લે છે. તેથી તેઓ "ક્યારેક આહાર કરે છે" એમ કહેવાય છે. તે વાતની અપેક્ષાએ સૂત્રકારે "**आहत्याहारयन्ति**" "ક્યારેક આહાર કરે છે અને ક્યારેક આહાર કરતા નથી", એવું કહ્યું છે. એજ પ્રમાણે અપર્યાપ્તાવસ્થામાં તેઓ ઉચ્છ્વાસ લેતા નથી–પર્યાપ્તાવસ્થામાં લે છે. તે કારણે "**आहत्य उच्छ्वसन्ति**" "ક્યારેક શ્વાસ લે છે અને ક્યારેક લેતા નથી," એવું કહ્યું છે. "**नवरं कम्मवण लेस्साओ परिवण्णेयव्वाओ**" નારક જીવો કરતાં અસુરકુમારોમાં કર્મ, વર્ણ અને લેશ્યાઓ ઊલટાં કહેવા જોઈએ. હવે સૂત્રકાર તે વિષયનું સ્પષ્ટીકરણ કરે છે-નારક જીવોના કર્મ, વર્ણ અને લેશ્યાઓનું જે પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું છે તે પ્રમાણે અસુરકુમારોના વર્ણ, કર્મ અને લેશ્યાઓનું વર્ણન નથી પણ તેમના કરતાં વિપરીત ક્રમે કર્મ, વર્ણ અને લેશ્યાઓનું વર્ણન થયું છે. તે વર્ણન આ પ્રમાણે છે– "**पुव्वोववण्णा महाकम्मतरा, अविसुद्धवण्णतरा अविसुद्धलेस्सतरा**" પૂર્વોત્પન્ન અસુરકુમારો મહાકર્મવાળા, અવિશુદ્ધ વર્ણવાળા, અને અવિશુદ્ધ લેશ્યાવાળા હોય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે નારકપ્રકરણમાં પૂર્વોત્પન્ન નારકોને અલ્પકર્મવાળા, વિશુદ્ધ વર્ણવાળા અને વિશુદ્ધ લેશ્યાવાળા કહ્યા છે પણ અસુરકુમારોની બાબતમાં તો તેનાથી ભિન્ન વર્ણન છે અને તે વર્ણન ઉપર કહ્યા પ્રમાણે છે.

શંકા—પૂર્વોત્પન્ન નારકજીવો અલ્પકર્મવાળાં, વિશુદ્ધવર્ણવાળાં અને શુભતર લેશ્યાવાળાં હોય છે પણ પૂર્વોત્પન્ન અસુરકુમારો એવાં હોતા નથી પણ તેમના કરતાં વિપરીત કર્મ, વર્ણ અને લેશ્યાવાળા હોય છે. તો તેનું કારણ શું છે?

ઉત્તર—પૂર્વોત્પન્ન અસુરકુમારદેવોનું અંતઃકરણ અતિકંદર્પ અને દર્પથી યુક્ત હોય છે. તેઓ નરકોમાં પોત પોતાનાં કર્મો અનુસાર દુઃખ ભોગવતા નારક જીવોને અનેક પ્રકારની યાતનાઓ દ્વારા વધારે દુઃખી કરે છે. એ રીતે તેઓ અત્યંત અશુભકર્મનો સંચય કરે છે. તે કારણે શાસ્ત્રકારોએ પૂર્વોત્પન્ન અસુરકુમારો કંદર્પ ક્રીડાને લીધે મહાકર્મવાળા કહ્યા છે.

અથવા જે અસુરકુમારો બદ્ધાયુષ્ક કર્મવાળા છે, એટલે કે જે અસુરકુમારોએ ભવિષ્યમાં મળનારી ગતિનું આયુષ્કકર્મ બાંધી લીધું છે તેમને તિર્યંચ આદિ ગતિને યોગ કર્મપ્રકૃતિયો બાંધવાને કારણે મહાકર્મવાળા કહ્યા છે. ફલોપભોગથી પૂર્વોત્પન્ન અસુરકુમારોનાં શુભ કર્મ ક્ષીણ થઈ જવાને કારણે તેમનો શુભવર્ણ અને શુભતર લેશ્યાઓ ઘટી જાય છે. તે કારણે તેઓ અશુભવર્ણવાળા અને અશુભતર લેશ્યાવાળા હોય છે.

તથા—"**पच्छोववण्णा पसत्था**" જેઓ પશ્ચાદુત્પન્ન હોય છે તેઓ પ્રશસ્ત હોય છે. એટલે કે પશ્ચાદુત્પન્ન અસુરકુમારો અબદ્ધાયુષ્ક હોવાથી

અલ્પકર્મવાળા છે, કારણ કે તેમણે મહાકર્મ બાંધ્યા નથી. અને તેમનાં શુભકર્મ ક્ષીણ નહીં થવાને કારણે તેઓ શુભવર્ણ અને શુભતર લેશ્યાવાળા હોય છે. વેદનાદિકનું વક્તવ્ય નારકોની જેમ જ સમજવું. જો કે અસુરકુમારોનું વેદનાસૂત્ર નારકપ્રકરણમાં બતાવેલાં નારકોના વેદનાસૂત્રના જેવું જ છે. તો પણ ભાવનામાં ભેદ છે. તે ભેદ આ પ્રમાણે છે–જે અસુરકુમારો સંજ્ઞિભૂત છે તેમને પોતાના દ્વારા કરાયેલી ચારિત્રની વિરાધના યાદ આવે છે અને તેથી તેના ચિત્તમાં સંતાપ થાય છે. તે કારણે તેમને મહાવેદનાવાળા કહ્યા છે. અથવા–સંજ્ઞિભૂત અસુરકુમાર કે જે પૂર્વભવમાં પણ સંજ્ઞિ જીવરૂપ હતા તેઓ અથવા સંજ્ઞિભૂત પર્યાપ્ત અવસ્થાવાળા જે અસુરકુમારો છે તેઓ શુભ-વેદનાની અપેક્ષાએ મહાવેદનાવાળા હોય છે અને અસંજ્ઞિભૂત અસુરકુમારો અલ્પવેદનાવાળા હોય છે. બાકીના ક્રિયાસૂત્ર અને અયુષ્ક સૂત્રને નારકપ્રકરણના નારકોના ક્રિયાસૂત્ર અને આયુષ્કસૂત્ર પ્રમાણે જ સમજવા. તે ક્રિયાસૂત્ર આ પ્રમાણે છે–"असुरकुमाराणं भंते!" इत्यादि–હે ભદન્ત! શું સમસ્ત અસુરકુમારો એક સરખી ક્રિયાવાળા હોય છે?

ઉત્તર—"गोयमा! णो इणट्ठे समट्ठे" હે ગૌતમ! તે અર્થ બરાબર નથી. પ્રશ્ન—"से केणट्ठेणं भंते?" હે ભદન્ત! આપ શા કારણે એવું કહો છો? ઉત્તર—"गोयमा! असुरकुमारा तिविहा पण्णत्ता" હે ગૌતમ! અસુરકુમારો ત્રણ પ્રકારના કહ્યા છે. "(तजहा)" તે પ્રકારો આ પ્રમાણે છે—

"सम्मद्दिट्ठी, मिच्छादिट्ठी, सम्मामिच्छादिट्ठी" સમ્યક્દષ્ટિ, મિથ્યાદષ્ટિ, અને સમ્યક્મિથ્યાદષ્ટિ. "तत्थणं जे ते सम्मद्दिट्ठी तेसिणं चत्तारिकिरियाओ पन्नत्ता" તેમાંના સમ્યક્દષ્ટિ અસુરકુમારોની ચાર ક્રિયાઓ કહી છે "(तंजहा)" તે આ પ્રમાણે છે—

"आरंभिया, परिग्गहिया, मायावत्तिया, अप्पचक्खाणकिरिया" આરંભિકી, પારિગ્રહીકી, માયા પ્રત્યયા, અને અપ્રત્યાખ્યાન ક્રિયા. "तत्थणं जे ते मिच्छादिट्ठी तेसिणं पंचकिरियाओ कज्जंति" જે અસુરકુમારો મિથ્યાદષ્ટિ છે તેમની પાંચ ક્રિયાઓ હોય છે. "तंजहा" તે આ પ્રમાણે છે–

"आरंभिया जाव मिच्छादंसण वत्तिया" આરંભિકીથી લઈને મિથ્યા-દર્શન પ્રત્યયા સુધીની "एवं सम्मामिच्छीदिट्ठीणं पि से तेणट्ठेणं गोयमा!" એજ પ્રમાણે સમ્યક્મિથ્યાદષ્ટિ અસુરકુમારોને પણ એજ પાંચ ક્રિયાઓ હોય છે. તે કારણે, હે ગૌતમ! મેં એવું કહ્યું છે કે સમસ્ત અસુરકુમારો એક સરખી ક્રિયાવાળા હોતા નથી.

હવે આયુષ્કોપપત્તિ સૂત્રનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે,

"असुरकुमाराणं भंते! सव्वे समाउया सव्वे समोववन्नगा?"

હે ભદન્ત! સમસ્ત અસુરકુમારો શું એક સરખા આયુષ્યવાળા હોય છે? અને તે સૌનો ઉત્પાદ એક સરખો હોય છે? "गोयमा! णो इणट्ठे समट्ठे" હે ગૌતમ! એ પ્રમાણે હોતું નથી. "से केणट्ठेणं भंते!" હે ભદન્ત! એવું આપ શા કારણે કહો છો? "गोयमा! असुरकुमारा चउव्विहा पण्णत्ता" હે ગૌતમ! અસુરકુમારો ચાર પ્રકારના હોય છે. "तंजहा" તે

પ્રકારો આ પ્રમાણે છે–" अत्थेगइया समाउया समोववन्नगा " કેટલાક અસુર-કુમારો સમાન આયુવાળા અને સાથે ઉત્પન્ન થયેલા હોય છે, " अत्थेगइया समाउया विसमोववन्नगा " કોઈ કોઇ અસુરકુમારો સમાન આયુવાળા હોય છે પણ આગળ પાછળ ઉત્પન્ન થયેલા હોય છે. " अत्थे गइया विसमाउया समोववन्नगा " કોઇ કોઇ અસુરકુમારો વિષમ આયુવાળા હોય છે પણ સાથે સાથે ઉત્પન્ન થયેલા હોય છે, અને " अत्थेगइया विसमाउया विसमोववन्नगा " કેટલાક અસુરકુમરો વિષમ આયુવાળા હોય છે અને વિષમ ઉત્પત્તિવાળા હોય છે. " एवं जाव थणियकुमाराणं " આ પ્રમાણેનું પૂર્વોક્ત સમસ્ત કથન સ્તનિતકુમારો સુધીના દેવોને લાગુ પાડવું જોઇએ. અહીં " यावत् " શબ્દ દ્વારા " નાગકુમાર, સુપર્ણકુમાર, વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાક, ઉદધિકુમાર, દિશાકુમાર, અને વાયુકુમાર " આ આઠ ભવનપતિ દેવોને ગ્રહણ કરવા જોઇએ તે આઠનું વક્તવ્ય પણ અસુરકુમારો પ્રમાણે જ સમજવું. ।સૂ. ૪।

## પૃથિવીકાયિકાદિ ચતુરિન્દ્રિયાન્ત જીવોં કા નિરૂપણ

**पृथिवीकायादिक चतुरिन्द्रियान्त जीवप्रस्ताव—**

હવે સૂત્રકાર પૃથિવીકાયથી લઈને ચતુરિન્દ્રિય સુધીના જીવોના આહા-રાદિનુ નિરૂપણ કરવાને માટે " पुढवीकाइयाणं " વગેરે સૂત્રો કહે છે.

( पुढवी काइयाणं ) પૃથિવીકાયિકોના ( आहार कम्मवन्नलेस्सा ) આહાર, કર્મ, વર્ણ અને લેશ્યા ( जहा नेरइयाणं ) નારકજીવો પ્રમાણે જ સમજવા. એટલે કે આહાર, કર્મ, વર્ણ અને લેશ્યાનું પ્રતિપાદન કરનારાં ચાર સૂત્રો નારક સૂત્રની જેમ જ કહેવા. તે સૂત્રોમાં નારકોની જગ્યાએ પૃથિવી-કાયિક શબ્દ મૂકવો. ( पुढवीकाइयाणं भंते ! सव्वे समवेयणा ? ) હે ભદન્ત ! શું સમસ્ત પૃથ્વીકાય જીવો એક સરખી વેદનાવાળા હોય છે ? ( हंता ! गोयमा ! सव्वे समवेयणा ) હા, ગૌતમ ! સમસ્ત પૃથ્વીકાય જીવો એક સરખી વેદનાવાળા હોય છે. ( से केणट्ठेणं भंते ! एवं वुच्चइ सव्वे समवेयणा ) હે ભદન્ત ! આપ શા કારણે એવું કહો છો કે સમસ્ત પૃથ્વીકાય જીવો સમાન વેદનાવાળા હોય છે ? ( गोयमा ! ) હે ગૌતમ ! (पुढविकाइया सव्वे असन्नी असन्निभूया अणिदाए वेयणं वेदेंति से तेणट्ठेणं.)

સમસ્ત પૃથ્વીકાય જીવો અસંજ્ઞી છે, અસંજ્ઞિભૂત છે તેથી તેઓ અના-ભોગ રૂપે વેદના ભોગવે છે. તેથી હું એવું કહું છું કે સમસ્ત પૃથ્વીકાય જીવો એક સરખી વેદનાવાળા હોય છે. ( पुढविकाइयाणं भंते ! सव्वे समकिरिया ) હે ભદન્ત ! શું સમસ્ત પૃથ્વીકાય જીવો એક સરખી ક્રિયાવાળા હોય છે? ( हंता समकिरिया ) હા, તેઓ સરખી ક્રિયાવાળા હોય છે. (से केणट्ठेणं भंते एवं० ) હે ભદન્ત ! આપ શા કારણે એવું કહો છો ? ( गोयमा ! ) હે ગૌતમ !

( पुढविकाइया सव्वे माई मिच्छद्दिट्ठी ) સમસ્ત પૃથ્વીકાય જીવો માયાવી અને મિથ્યાદષ્ટિ છે. ( ताणं णियइयाओ पंचकिरियाओ कज्जंति ) તેથી તેઓ પાંચ ક્રિયાઓ નિયમપૂર્વક કરે છે. ( तंजहा) તે ક્રિયાઓ આ પ્રમાણે છે–(आरंभिया जाव मिच्छादंसणवत्तिया) આરંભિકી ક્રિયાથી લઇને મિથ્યાદર્શન પ્રત્યયા સુધીની પાંચ ક્રિયાઓ. (से तेणट्ठेणं) હે ગૌતમ ! તે કારણે હું એવું કહું છું કે સમસ્ત પૃથ્વીકાય જીવો એક સરખી ક્રિયાવાળા હોય છે. ( समाउया समोववण्णा जहा नेरइया तहा भणियव्वा ) સમાયુષ્કતા અને સમોપપન્નતાના વિષયમાં નારકોની જેમ જે પૃથ્વીકાયોમાં પણ સમજવું. ( जहा पुढविकाइया तहा जाव चउरिंदिया) પૃથ્વીકાય જીવોના વિષયમાં આ જે કથન થયું છે તે કથન દ્વીન્દ્રિય, તેઇન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોના વિષયમાં પણ થયેલું સમજવું.

ટીકાર્થ—" पुढवीकाइयाणं आहारकम्मवन्नलेस्सा जहा नेरइयाणं " નારકોના આહાર, કર્મ, વર્ણ અને લેશ્યા સંબંધી જે ચાર સૂત્રો છે તે સૂત્રો પ્રમાણે જ પૃથ્વીકાયના આહાર, કર્મ, વર્ણ અને લેશ્યાનું પ્રતિપાદન કરનારાં સૂત્રો સમજવા. તે સૂત્રોમાં 'નારક'ની જગ્યાએ 'પૃથ્વીકાય' શબ્દ મૂકવાથી પૃથ્વીકાય સંબંધી ચાર સૂત્રો બની શકશે જો કે તે ચાર સૂત્રોમાં નારકોનાં સૂત્રો સાથે સમાનતા છે છતાં પણ આહાર વિષેના સૂત્રમાં આ પ્રમાણેનો ભાવ સમજવો. પૃથ્વીકાય જીવોની અવગાહના (શરીરનું પ્રમાણ) જઘન્ય અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલું છે તેથી તેઓ અલ્પશરીરવાળા છે. પણ આ આગમ વચન પ્રમાણે તેમનામાં મહાશરીરતા સમજવી–"पुढवी काइए पुढवी काइयस्स ओगाहणट्ठयाए च उट्ठाणवडिए" પૃથ્વીકાયિકની અવગાહનાર્થતાએ ચાર પ્રકાર પાડયા છે (चतुस्थानपतित=ચાર પ્રકાર) તે ચાર પ્રકારો આ પ્રમાણે છે–અસંખ્યાત ભાગ હીન, અથવા સંખ્યાત ભાગ હીન ૧, સંખ્યાત ગુણ હીન અથવા અસંખ્યાત ગુણ હીન ૨ અસંખ્યાત ભાગ વૃદ્ધ અથવા સંખ્યાત ભાગ વૃદ્ધ ૩ સંખ્યાત ગુણ વૃદ્ધ અથવા અસંખ્યાત ગુણ વૃદ્ધ. ૪

જો કે પૃથ્વીકાય જીવો અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ શરીરવાળા છે, છતાં પણ તેમાંના કેટલાકનું શરીર અસંખ્યાત ભાગ હીન અથવા સંખ્યાત ભાગ હીન હોય છે ? કેટલાંકનું સંખ્યાતગુણ હીન અથવા અસંખ્યાત ભાગ ઓછા હોય છે ૨. અર્થાત્–કેટલાકનું શરીર અસંખ્યાતભાગ હીન તથા સંખ્યાત ભાગ હીન હોય છે. ૩. કેટલાકનું શરીર સંખ્યાતગુણ વૃદ્ધ તથા અસંખ્યાતગુણવૃદ્ધ હોય છે ૪. આ રીતે પૃથ્વીકાયિક જીવો અવગાહનાની અપેક્ષાએ ' चतुःस्थानपतित ' કહેવાય છે. આ રીતે પૃથ્વીકાયના બધા જીવો અલ્પ શરીરવાળા અને મહાશરીરવાળા હોય છે. તેમાંના જે મહાશરીરવાળા પૃથ્વીકાયના જીવો છે તેઓ લોમાહાર વડે વધારે પુદ્ગલોનો વારંવાર આહાર કરે છે, વારંવાર શ્વાસ લે છે, કારણ કે તેઓ મહાશરીરવાળા હોય છે. અલ્પશરીરવાળા પૃથ્વીકાયના જીવો પોતાના અલ્પશરીરને કારણે અલ્પઆહાર કરે છે અને ઓછા શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે, તેમના આહાર અને ઉચ્છ્વાસની કદાચિતતા પર્યાપ્ત અને

અપર્યાપ્ત અવસ્થાની અપેક્ષાએ સમજવી, પૃથ્વીકાયના જીવોની વેદના અને ક્રિયામાં નારકીના જીવો કરતાં જે ભેદ છે તે હવે બતાવવામાં આવે છે.—પહેલાં ગૌતમ સ્વામી વેદનાની બાબતમાં પ્રશ્ન કરે છે " सव्वे समवेयणा " હે પૂજ્ય ? સમસ્ત પૃથ્વીકાયના બધા જીવો શું સમાન વેદનવાળા હોય છે ? ઉત્તર–હે ગૌતમ ! પૃથ્વીકાયના બધા જીવો સમાન વેદનાવાળા હોય છે.

પ્રશ્ન--" से केणट्ठेणं भंते " હે પૂજ્ય ! આપ શા કારણે એવું કહો છો કે પૃથ્વીકાયના બધા જીવો એક સરખી વેદનાવાળા હોય છે ? ત્યારે પ્રભુએ જવાબ આપ્યો કે હે ગૌતમ ! પૃથ્વીકાયના બધા જીવો " असन्नी " અસંજ્ઞી–મિથ્યાદષ્ટિવાળા તથા મન વિનાના હોય છે. " असन्निभूया " તેઓ અસંજ્ઞીભૂત–અસંજ્ઞીરૂપે ઉત્પન્ન થાય છે, તેથી તેઓ " अनिदया " અનાભોગરૂપે વેદનાને ભોગવતા રહે છે. અર્થાત્ તેઓ વેદના ભોગવવા છતાં પણ મિથ્યાદૃષ્ટિ હોવાથી તથા મનરહિત હોવાથી મત્ત અને મૂર્ચ્છિત વ્યક્તિની જેમ આ પૂર્વે ઉપાર્જન કરેલાં અશુભ કર્મોનું ફળ છે. " એ સમજી શકતા નથી. તેથી તેઓ " अनिदया वेदनां वेदयन्ति " " અનાભોગરૂપે વેદના ભોગવતા રહે છે " એવું કહ્યું છે. " से तेणट्ठेणं० " હે ગૌતમ ! તે કારણે હું એવું કહું છું કે પૃથ્વીકાયના બધા જીવો એક સરખી વેદનાવાળા હોય છે. હવે ક્રિયાના વિષયમાં ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને પ્રશ્ન પૂછે છે કે " पुढवीकाइयाणं भंते सव्वे समकिरिया " હે પૂજ્ય ! શું પૃથ્વીકાયના બધા જીવો એક સરખી ક્રિયાવાળા હોય છે ?

ઉત્તર—" हंता समकिरिया " હા, પૃથ્વીકાયના બધા જીવો સરખી ક્રિયા-વાળા હોય છે. ફરી ગૌતમ સ્વામી પૂછે છે " से केणट्ठेणं भंते० " હે પૂજ્ય ! આપ શા કારણે એવું કહો છો કે પૃથ્વીકાયના બધા જીવો એક સરખી ક્રિયા-વાળા હોય છે ? ઉત્તર–" पुढवीकाइया सव्वे माई मिच्छाहिट्ठी " પૃથ્વીકાયના બધા જીવો માયાવી અને મિથ્યાદષ્ટિ હોય છે. માયાવી જીવ સામાન્ય રીતે પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય છે. એવું કહ્યું છે કે–ઉન્માર્ગનો ઉપદેશ કરનાર, માર્ગનો નાશ કરનાર, ગૂઢ હૃદયવાળો, માયાવી વૃત્તિવાળો, શઠ સ્વભાવવાળો અને શલ્યવાળો જીવ તિર્યંચ ગતિના આયુષ્યનો બંધ બાંધે છે.

એજ કારણે પૃથ્વીકાયના જીવોને માયાવી કહ્યા છે. અથવા અહીં " માયા " શબ્દ અનન્તાનુબંધી કષાયને બતાવનાર છે. કારણ કે પૃથ્વીકાયના જીવો અનન્તાનુબંધી કષાયના ઉદયવાળા હોય છે, તેથી તેઓ મિથ્યાદષ્ટિ છે એટલે કે મિથ્યાત્વના ઉદયથી યુક્ત વૃત્તિવાળા છે. " ताणं णियइयाओ पंच-किरियाओ " તે પૃથ્વીકાયના જીવોને નિયમથી પાંચ ક્રિયાએ લાગે છે તે પાંચ

ક્રિયાઓ આ પ્રમાણે છે-(૧) આરંભિકી ક્રિયા, (૨) પારિગ્રહિકી, (૩) માયા-પ્રત્યયા, (૪) અપ્રત્યાખ્યાનક્રિયા અને (૫) મિથ્યાદર્શનપ્રત્યયા. "**से तेणट्ठेणं**" ઉપર કહેલા કારણોને લીધે હે ગૌતમ ! મેં એવું કહ્યું છે કે પૃથ્વીકાયના બધા જીવો એક સરખી ક્રિયાવાળા હોયછે. "**समाउया समोववन्नगा**" સમાયુષ્ક અને સમોત્પન્નના વિષયમાં "**जहा नेरइया तहा भाणियव्वा**" નારકોના જીવો પ્રમાણે જ સમજવું. સમાયુષ્ક સમોપપન્નકના વિષયમાં જે ભંગચતુષ્ટય (ચારભાંગા) થાય છે તે આ બીજા ઉદ્દેશાના ત્રીજા નારક સૂત્રમાં બતાવેલી ચોભંગી પ્રમાણે જ સમજવા, "**जहा पुढवीकाइया तहा जाव चउरिंदिया**" જેવું નારકોનું વર્ણન કર્યું છે. તેવું જ ચૌઇન્દ્રિય સુધીના જીવોનું વર્ણન પણ સમજવું. અહીં "યાવત્" પદથી અપૂકાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક વનસ્પતિકાયિક, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય તથા ચતુરિન્દ્રિય એ બધા જીવોનું પણ વર્ણન સમજવું. અહીં મહાશરીરતા અને અલ્પશરીરતા તે પ્રત્યેક જીવની અવગાહના અનુસાર જાણવી. તથા બેઇન્દ્રિય આદિ જીવ કવલ આહાર પણ ગ્રહણ કરે છે.॥સૂ૦૫

હવે સૂત્રકાર પંચેન્દ્રિય તિર્યંચયોનિવાલા જીવોનું નિરૂપણ કરે છે—

"**पंचिंदियतिरिक्खजोणिया**" ઇત્યાદિ ।

## પઞ્ચેન્દ્રિય તિર્યગ્યોનિક જીવોં કા નિરૂપણ

(**पंचिंदियतिरिक्खजोणिया**) પંચેન્દ્રિય તિર્યંચયોનિવાળા જીવોનું નિરૂપણ (**जहा णेरइया**) નારકીના જીવોના વર્ણન પ્રમાણે જ સમજવું (**णाणत्तं किरियासु**) પરંતુ ક્રિયામાં ભેદ છે તે કહે છે. (**पंचंदियतिरिक्खजोणिया णं भंते ! सव्वे समकिरिया ?**) હે પૂજ્ય ! પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળા બધાય જીવો શું એક સરખી ક્રિયાવાળા હોય છે ? (**गोयमा ! णो इणट्ठे समट्ठे**) હે ગૌતમ ! આ અર્થ બરાબર નથી (**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ**) હે પૂજ્ય ! આપ શા કારણે એવું કહો છો ? (**गोयमा !**) હે ગૌતમ ! (**पंचिंदियतिरिक्खजोणिया तिविहा पण्णत्ता**) પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળા જીવો ત્રણ પ્રકારના છે. (**तं जहा**) તે આ પ્રમાણે છે. (**सम्मद्दिट्ठी, मिच्छादिट्ठी, सम्मामिच्छादिट्ठी**) સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ અને સમ્યક્ મિથ્યાદષ્ટિ (મિશ્રદષ્ટિ) (**तत्थणं जे सम्मदिट्ठी ते दुविहा पण्णत्ता**) તેમાં જે સમ્યગ્દષ્ટિ જીવો છે તે બે પ્રકારના હોય છે. (**तं जहा**) તે આ પ્રમાણે છે. (**असंजया, संजयासंजया य**) (૧) અસંયત અને ૨ સંયતાસંયત "**तत्थणं जे ते संजयासंजया तेसिणं तिण्णि किरियाओ**

कज्जंति ) તેમાં જે સંયતાસંયત પંચેન્દ્રિય તિર્યંચો છે તેઓને ત્રણ ક્રિયાઓ હોય છે. ( तंजहा ) તે આ પ્રમાણે છે-( आरंभिया, परिग्गहिया, मायावत्तिया) (૧) આરંભિકી, (૨) પારિગ્રહિકી અને (૩) માયા પ્રત્યયા. ( असंजयाणं चत्तारि, मिच्छादिट्ठीणं पंच, सम्मामिच्छादिट्ठीणं पंच ) અસંયત પંચેન્દ્રિય તિર્યંચોને ચાર ક્રિયા હોય છે, મિથ્યાદૃષ્ટિ પંચેન્દ્રિય તિર્યંચોને પાંચ ક્રિયા હોય છે અને સમ્યક્ મિથ્યાદૃષ્ટિ ( મિશ્રદૃષ્ટિ ) પંચેન્દ્રિય તિર્યંચોને પણ પાંચ ક્રિયાઓ હોય છે.

ટીકાર્થ—" पंचेंदियतिरिक्खजोणिया जहा नेरइया " નું તાત્પર્ય એ છે કે પંચેન્દ્રિય તિર્યંચયોનિના જીવોનું વર્ણન નારક પ્રકરણમાં લખેલા નારક જીવોના વર્ણન પ્રમાણે જ સમજવાનું છે. પણ અહીં જે વિશેષતા છે તે નીચે પ્રમાણે છે–જે મહાશરીરવાળા પંચેન્દ્રિય તિર્યંચો છે તેઓ નિરંતર આહાર કરે છે, નિરંતર શ્વાસોચ્છ્વાસ લે છે, એવું જે કહેવામાં આવ્યું છે તે સંખ્યાત વર્ષના આયુષ્યવાળાં પંચેન્દ્રિય તિર્યંચ જીવોની અપેક્ષાએ જ જાણવું કારણ કે જ્ઞાનીઓને એવું જ જોવામાં આવ્યું છે. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળાં તિર્યંચોની અપેક્ષાએ એમ કહેવામાં આવ્યું નથી. કારણ કે તેઓ બે દિવસને આંતરે કવલ આહાર ગ્રહણ કરે છે એવું આગમોમાં દર્શાવેલ છે. અલ્પ શરીરવાળાં તિર્યંચ પંચેન્દ્રિય જીવોના આહાર અને ઉચ્છ્વાસના વિષયમાં તો એવું કહ્યું છે કે " येऽल्पशरीरास्ते आहत्याहारयन्ति आहत्योच्छ्वसन्ति " અલ્પ શરીરવાળાં પંચેન્દ્રિય તિર્યંચો કયારેક આહાર કરે છે અને કયારેક આહાર કરતા નથી, કયારેક શ્વાસોચ્છ્વાસ લે છે અને કયારેક શ્વાસોચ્છ્વાસ લેતા નથી. તો તે આહાર અને ઉચ્છ્વાસની કદાચિતતા સૂત્રની પ્રમાણતાથી જાણવી જોઈએ. લોમાહારની અપેક્ષાએ તો મહાશરીરવાળાં અને અલ્પ શરીરવાળાં, એ બધાં નિરન્તર અહાર ગ્રહણ કરે છે એ વાત બરાબર ઘટાવી શકાય છે. અથવા–અલ્પશરીરવાળાં તિર્યંચોમાં આહાર અને ઉચ્છ્વાસની જે કદાચિતતા કહી છે તે પર્યાપ્ત અને અપર્યાપ્તની અપેક્ષાએ સમજવી જોઈએ. કારણ કે પર્યાપ્ત અવસ્થામાં આહારાદિનો સદ્ભાવ હોય છે અને અપર્યાપ્ત અવસ્થામાં તેનો સદ્ભાવ હોતો નથી કર્મ સૂત્રમાં એવું જે કહેવામાં આવ્યું છે કે "જે પૂર્વે ઉત્પન્ન થયેલ છે તેઓ અલ્પ કર્મવાળાં હોય છે. અને જે પછી ઉત્પન્ન થયેલ છે તે ભારે કર્મી છે" તો તે કથન તદ્ભવવેદ્ય ( તે ભવમાં વેદવાના ) આયુષ્ય આદિ કર્મની અપેક્ષાએ સમજવું. વર્ણ સૂત્રમાં અને લેશ્યા સૂત્રમાં જે એમ કહ્યું છે કે " જે પૂર્વે ઉત્પન્ન થયેલ છે તે શુભવર્ણવાળાં છે અને શુભલેશ્યાવાળાં છે." તે કથન યૌવન અવસ્થાની અપેક્ષાએ જાણવું. તથા પાછળથી ઉત્પન્ન થયેલાને જ અશુભવર્ણવાળાં કહેવામાં આવ્યા છે તે તેમની બાલ્યાવસ્થાની અપેક્ષાએ કહેવામાં આવેલ છે તેમ સમજવું, કારણ કે લોકમાં એવું જ જોવામાં આવે છે. વેદના સૂત્રના વિષયમાં–" જે સંજ્ઞિભૂત છે તેઓ મહાવેદનાવાળાં છે, અને જે અસંજ્ઞિભૂત છે તે અલ્પ વેદનાવાળાં છે, " ઈત્યાદિ સમસ્ત કથન નારક સૂત્ર પ્રમાણે જ સમજવું, પણ નારકીના જીવો કરતાં પંચેન્દ્રિય તિર્યંચ જીવોમાં જે ભેદ છે તે આ પ્રમાણે છે–" पंचेदिय० इत्यादि " ગૌતમ સ્વામીએ

મહાવીર પ્રભુને પૂછ્યું કે, હે પૂજ્ય ! શું બધાય પંચેન્દ્રિય તિર્યંચ જીવોની ક્રિયાઓ એક સરખી હોય છે ? ત્યારે તેના જવાબમાં પ્રભુએ કહ્યું કે, બધાય પંચેન્દ્રિય તિર્યંચ જીવો એક સરખી ક્રિયાવાળા હોતા નથી તેનું કારણ એ છે કે પંચેન્દ્રિય તિર્યંચ જીવો ત્રણ પ્રકારના હોય છે-(૧) સમ્યક્ દૃષ્ટિ, (૨) મિથ્યા દૃષ્ટિ અને (૩) સમ્યગ્ મિથ્યા દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ પંચેન્દ્રિય તિર્યંચ જીવોના પણ અસંયત અને સંયતાસંયત એવા બે ભેદ હોય છે. તેમાં જે સંયતાસંયત પંચેન્દ્રિય તિર્યંચો છે તેઓ સ્થૂલ પ્રાણાતિપાત ( હિંસા ) આદિથી નિવૃત્ત ( નિવર્તેલા ) હોવાને કારણે સંયત અને સૂક્ષ્મ પ્રાણાતિપાત ( હિંસા ) આદિથી અનિવૃત્ત ( નહિ નિવૃત્ત થયેલા ) હોવાને કારણે અસંયત હોય છે. તેથી તેમને સંયતાસંયત-વિરતાવિરત-દેશવિરત કહે છે. તેઓ આરંભથી ઉત્પન્ન થયેલી આરંભિકી ક્રિયા, પરિગ્રહથી ઉત્પન્ન થયેલી પારિગ્રહિકી ક્રિયા અને માયાથી ઉત્પન્ન થયેલી માયાપ્રત્યયા ક્રિયા, એ ત્રણ ક્રિયાઓ કરે છે. અસંયત તિર્યંચ પંચેન્દ્રિયો પૂર્વોક્ત ત્રણ ક્રિયાઓ અને ચોથી અપ્રત્યાખ્યાનક્રિયા, એ ચાર ક્રિયાઓ કરે છે. તથા જે મિથ્યાદૃષ્ટિ પંચેન્દ્રિય તિર્યંચો છે તેઓ પૂર્વોક્ત ચાર ક્રિયાઓ અને પાંચમી મિથ્યાદર્શનપ્રત્યયા, એ પાંચ ક્રિયાઓ કરે છે. સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ પંચેન્દ્રિય તિર્યંચો પણ એજ પાંચ ક્રિયાઓ કરે છે ॥ સૂ૦ ૬ ॥

## મનુષ્યો કે આહાર આદિ કા નિરૂપણ

હવે સૂત્રકાર મનુષ્યોના આહારાદિનું નિરૂપણ કરે છે—

" मणुस्सा जहा णेरइया " इत्यादि ।

( मणुस्सा जहा णेरइया ) મનુષ્યોનું વર્ણન નારકોના વર્ણન પ્રમાણે જ સમજવું ( णाणत्तं ) પણ તેમાં જે ભેદ છે તે આ પ્રમાણે છે-( जे महासरीरा ते बहुतराए पोग्गले आहारेंति ) જેઓ મહાશરીરવાળા હોય છે તે મનુષ્યો વધારે પુદ્ગલોનો આહાર કરે છે. અને ( ते आहच्च आहारेंति ) તેઓ થોભી થોભીને ( રહી રહીને ) આહાર કરે છે. ( जे अप्पसरीरा ते अप्पतराए पोग्गले आहारेंति ) જેઓ અલ્પ શરીરવાળા હોય છે તેઓ અલ્પ પુદ્ગલોનો આહાર કરે છે અને ( अभिक्खणं आहारेंति ) નિરંતર આહાર કરે છે, ( सेसं जहा नेरइयाणं जाव वेयणा ) વેદના સુધીનું બાકીનું બધુંયે વર્ણન નારકીના જીવોની જેમ જ જાણવું, ( मणुस्साणं भंते ! सव्वे समकिरिया ? ) હે પૂજ્ય ! શું બધાય મનુષ્યો એક સરખી ક્રિયાવાળા હોય છે ? ( गोयमा ! ) હે ગૌતમ ! ( णो इणट्ठे समट्ठे ) આ અર્થ બરાબર નથી એટલે કે બધાય મનુષ્યો એક સરખી ક્રિયાવાળા નથી. ( से केणट्ठेणं भंते० ! ) હે પૂજ્ય ! આપ શા કારણે એવું કહો છો ? ( गोयमा ! ) હે ગૌતમ ! ( मणुस्सा तिविहा पण्णत्ता ) મનુષ્યો ત્રણ પ્રકારના કહ્યા છે. ( तं जहा ) તે આ પ્રમાણે છે-( सम्मादिट्ठी, मिच्छादिट्ठी, सम्मामिच्छादिट्ठी, ) સમ્યક્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યક્ મિથ્યાદૃષ્ટિ ( तत्थणं जे ते सम्मदिट्ठी ) તેમાં જે સમ્યક્દૃષ્ટિ મનુષ્યો છે ( ते तिविहा पण्णत्ता ) તેમના ત્રણ પ્રકાર છે. ( तं जहा ) તે આ પ્રમાણે છે. (संजया संजयासंजया असंजया)

સંયત, સંયતાસંયત અને અસંયત ( तत्थणं जे ते संजया दुविहा पण्णत्ता ) તેમાં જે સંયત ( સંયમી ) મનુષ્યો છે તે બે પ્રકારના છે ( तं जहा ) તે આ પ્રમાણે છે. ( सरागसंजया य वीयरायसंजया य ) સરાગ સંયત ( સંયમી ) અને વીતરાગ સંયત ( સંયમી ) ( तत्थ णं जे वीयराग संजया ) તેમાં જે વીતરાગ સંયત ( સંયમી ) છે ( तेणं अकिरिया ) તેઓ ક્રિયા વિનાના હોય છે ( तत्थ णं जे ते सरागसंजया ते दुविहा पण्णत्ता ) જે સરાગ સંયત (સંયમી ) છે. તેના બે પ્રકાર કહ્યા છે. ( तं जहा ) તે આ પ્રમાણે–( पमत्तसंजया य अपमत्तसंजया य ) પ્રમત્ત સંયત અને અપ્રમત્ત સંયત. ( तत्थणं जे ते अपत्त संजया तेसिणं एगा मायावत्तिया किरिया कज्जइ ) તેમાંના જે અપ્રમત્ત સંયતિ મનુષ્યો હોય છે તેમને એક માયા પ્રત્યયા ક્રિયા જ હોય છે, (तत्थणं जे ते पमत्तसंजया तेसिणं दो किरियाओ कज्जंति ) જે પ્રમત્ત સંયત હોય છે તેમને બે ક્રિયાઓ હોય છે. ( तं जहा ) તે આ પ્રમાણે છે–( आरंभिया मायावत्तिया ) (૧) આરંભકી ક્રિયા અને (૨)માયાપ્રત્યયા ક્રિયા (तत्थ णं जे ते संजयासंजया तेसि णं आइल्लाओ तिण्णि किरियाओ ) જે સંયતાસંયત મનુષ્યો હોય છે તેમને શરૂઆતની ત્રણ ક્રિયાઓ હોય છે. ( तं जहा ) તે આ પ્રમાણે છે ( आरंभिया, पारिग्गहिया, मायावत्तिया ) (૧) આરંભિકી, (૨) પારિગ્રહિકી, અને (૩) માયાપ્રત્યયા. ( असंजयाणं चत्तारि किरियाओ कज्जंति ) અસંયત સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોને ચાર ક્રિયાઓ હોય છે. ( तं जहा ) તે આ પ્રમાણે છે. ( आरंभिया, पारिग्गहिया, मायावत्तिया, अपच्चक्खाणवत्तिया ) (૧) આરંભિકી, (૨) પારિગ્રહિકી, (૩) માયાપ્રત્યયા અને (૪) અપ્રત્યાખ્યાન પ્રત્યયા. ( मिच्छादिट्ठीणं पंच ) મિથ્યાદૃષ્ટિ મનુષ્યોને પાંચ ક્રિયાઓ હોય છે. ( तं जहा ) તે આ પ્રમાણે છે. ( आरंभिया, परिग्गहिया, मायावत्तिया, अपच्चक्खाणवत्तिया ) (૧) આરંભિકી, (૨) પારિગ્રહિકી, (૩) માયાપ્રત્યયા. (૪) અપ્રત્યાખ્યાન પ્રત્યયા અને (૫) (मिच्छादंसणवत्तिया) મિથ્યાદર્શન પ્રત્યયા એ પાંચ જાણવી. (सम्मामिच्छादिट्ठीणं पंच) સમ્યગ્ મિથ્યાદષ્ટિ (મિશ્રદષ્ટિ)ની પણ એજ પાંચ ક્રિયાઓ હોય છે.

ટીકાર્થ—" *मणुस्सा जहा नेरइया* " માણસોનું વર્ણન નારકોના વર્ણન જેવું જ છે. " णाणत्तं " પણ તેમાં નીચે મુજબ ભેદ છે—

મનુષ્યોમાં જે મહાશરીરવાળા મનુષ્યો છે તેઓ 'बहुतरान् पुद्गलान् आहरन्ति' ઘણા વધારે પુદ્ગલોનો આહાર કરે છે, વધારે પુદ્ગલોનું પરિણમન કરે છે, વધારે પુદ્ગલોને ઉચ્છ્વાસ રૂપે ગ્રહણ કરે છે અને વધારે પુદ્ગલોને નિઃશ્વાસ રૂપે બહાર કાઢે છે તથા–" ते आहत्याहरन्ति " તે મહાશરીરવાળા મનુષ્ય થોભી થોભીને (રહી રહીને) આહાર કરે છે–મતલબ કે ક્યારેક કરે છે અને ક્યારેક નથી કરતા. નારકસૂત્રમાં " अभिक्खणं आहारेन्ति " કહ્યું છે, તેની જગ્યાએ મનુષ્યસૂત્રમાં " आहच्च आहारेन्ति " એ પ્રમાણે સમજવું. બન્નેમાં આટલો ભેદ છે. દેવકુરુ આદિના યુગલિયા મનુષ્યો મહાશરીરવાળા હોય છે તેઓ ક્યારેક ક્યારેક જ કવલ આહારરૂપે આહાર ગ્રહણ કરે છે. તાત્પર્ય કે, " अट्ठमभत्तस्स आहारो " તેઓ ત્રણ દિવસે આહાર લે છે " जे अप्पसरीरा ते अप्पतराए पोग्गले आहारेन्ति" અલ્પશરીરવાળા મનુષ્યો ઓછા પુદ્ગલોને આહાર

રૂપે ગ્રહણ કરે છે. અને વારંવાર આહાર કરે છે. જેમ બાળક થોડું થોડું ખાય છે પણ તે વારંવાર ખાય છે તેમ અલ્પશરીરવાળા મનુષ્યો પણ થોડું ખાય છે. અને વારંવાર ખાય છે. અલ્પશરીરવાળા સંમૂર્ચ્છિમ મનુષ્યો પણ ઓછો આહાર કરે છે અને વારંવાર કરે છે. "**सेसं जहा नेरइयाणं**" બાકીનું બધું વર્ણન નારકીના જીવો પ્રમાણે જ જાણવું. ક્યાં સુધી તે પ્રમાણે જાણવું ઉત્તર–'**वेयणा**' વેદના સુધીનું વર્ણન તે પ્રમાણે જાણવું. તાત્પર્ય એ છે કે આહાર, શરીર, ઉચ્છ્વાસ, કર્મ. વર્ણ, લેશ્યા અને વેદના માટે સમસ્ત સૂત્રોનું વર્ણન નૈરયિકસૂત્રો પ્રમાણે જ સમજવું. વર્ણ અને લેશ્યાના વિષયમાં પૂર્વે ઉત્પન્ન થયેલ મનુષ્યોનો જે શુદ્ધ વર્ણ અને શુદ્ધ લેશ્યા કહેલ છે તે જુવાનીની અપેક્ષાએ કહેલ છે, અથવા સંમૂર્ચ્છિમ મનુષ્યોની અપેક્ષાએ કહેલ છે. ક્રિયા સૂત્રમાં જે વિશેષતા છે તેને સૂત્રકાર પોતે જ પ્રકટ કરે છે "**माणुस्साणं भंते ! इत्यादि**" ગૌતમસ્વામી પૂછે છે કે હે ભદન્ત! શું બધા મનુષ્યો એક સરખી ક્રિયાવાળા હોય છે? તેના જવાબમાં પ્રભુ કહે છે કે, "**णो इणट्ठे समट्ठे**" હે ગૌતમ તે અર્થ બરાબર નથી. બધા મનુષ્યો એક સરખી ક્રિયાવાળા હોતા નથી. તેનું કારણ શું છે? પ્રભુ કહે છે કે, તેનું કારણ તેમની ત્રિવિધતા છે. એ ત્રિવિધતા પણ વિવિધતાવાળી છે. જેમ કે મનુષ્યોના સંયત, સંયતાસંયત અને અસંયત એવા ત્રણ મુખ્ય ભેદ છે. સંયતના બે ભેદ છે. (૧) સરાગસંયત અને (૨) વીતરાગસંયત. અક્ષીણ કષાયવાળા અને અનુપશાંત કષાયવાળાને સરાગસંયત કહે છે. અને ઉપશાન્ત કષાયવાળા તથા ક્ષીણકષાયવાળાને વીતરાગ સંયત કહે છે. વીતરાગ સંયત; રાગ રહિત હોવાથી આરંભ આદિથી રહિત હોય છે. મતલબ કે, આરંભ આદિના અસદ્‌ભાવને લીધે તેઓ ક્રિયારહિત હોય છે. સરાગસંયતના બે ભેદ છે–(૧) પ્રમત્તસંયત અને (૨) અપ્રમત્તસંયત. અપ્રમત્તસંયતને માયાપ્રત્યયા નામની એક જ ક્રિયા હોય છે. કારણ કે, તેને માત્ર કષાયનો અંશ હોય છે. પ્રમત્તસંયતને બે ક્રિયાઓ હોય છે. (૧) આરંભિકી અને (૨) માયાપ્રત્યયા સમસ્ત પ્રમત્તયોગ આરંભ રૂપે છે. તે કારણે પ્રમત્તસંયત આરંભિકી ક્રિયા કરે છે, અને કષાય ક્ષીણ ન થવાને કારણે માયાપ્રત્યયા ક્રિયા કરે છે. દેશવિરતિથી યુકત મનુષ્યોને ત્રણ ક્રિયાઓ હોય છે–૧ આરંભિકી, ૨ માયાપ્રત્યયા અને તીન પારિગ્રહિકી અને અવિરતિ સમ્યગ્‌દૃષ્ટિ યુકત મનુષ્યને ચાર ક્રિયાઓ હોય છે.–૧ આરંભિકી, ૨ પારિગ્રહિકી ૩ માયાપ્રત્યયા અને ૪ અપ્રત્યાખ્યાન પ્રત્યયા મિથ્યાદૃષ્ટિ મનુષ્યોને ઉપર પ્રમાણે ચાર અને પાંચમી મિથ્યાદર્શન પ્રત્યયા, એ પાંચ ક્રિયાઓ હોય છે. અને સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ મનુષ્યોને આરંભિકીથી લઈને મિથ્યાદર્શનપ્રત્યયા સુધીની પાંચે ક્રિયાઓ હોય છે. ॥ સૂ૦ ૭ ॥

મનુષ્યોના આહારાદિનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર દેવોના આહારાદિનું વર્ણન કરે છે—"वाणमंतर–जोइस" इत्यादि ।

(वाणमंतर–जोइस–वेमाणिया जहा असुरकुमारा) વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોનું કથન અસુરકુમારો પ્રમાણે જ છે. (नवरं वेयणाए णाणत्तं) પણ વેદનામાં ફેરફાર (जोइसवेमाणिया) જ્યોતિષી અને વૈમાનિક દેવો (माया मिच्छादिट्ठी उववन्नगा य अप्पवेयणतरागा) કે જે માયા મિથ્યાદૃષ્ટિરૂપે ઉત્પન્ન થાય છે, તેઓ થોડી વેદનાવાળા હોય છે અને જે (अमायिसम्मदिट्ठी उववन्नगा य महावेयणातरागा भाणियव्वा) અમાયી સમ્યક્ દૃષ્ટિરૂપે ઉત્પન્ન થાય છે તેઓ મહા-વેદનાવાળા હોય છે એમ સમજવું.

ટીકાર્થ—"वाणमंतर–जोइस–वेमाणिया" વાણવ્યંતર, જ્યોતિષી, અને વૈમાનિક દેવો અસુરકુમારો જેવા જ છે, તેનું તાત્પર્ય એ છે કે તેમના આહાર, શરીર શ્વાસોચ્છ્વાસ, કર્મ, વર્ણ, લેશ્યા અને વેદના વગેરે બધું અસુરકુમારોના આહાર શરીર, વગેરેના જેવાં જ છે. વાણવ્યંતર આદિ દેવોના શરીરની ઉંચાઇ નીચાઈ દરેકની અવગાહનાના પ્રમાણથી જ જાણવી પણ વેદનામાં તફાવત છે. એટલે કે, તેમનો આહાર વગેરે બધું અસુરકુમારો પ્રમાણે જ છે. પણ વેદના અસુર-કુમારો જેવી નથી. અસુરકુમારોના પ્રકરણમાં એવું કહ્યું છે કે, જે અસુરકુમારો અસંજ્ઞિભૂત હોય છે. તેઓ અલ્પવેદનાવાળા હોય છે, અને જે સંજ્ઞિભૂત હોય છે તેઓ મહાવેદનાવાળા હોય છે. વ્યંતરોમાં પણ એજ પ્રમાણે કહેલ છે. સંજ્ઞિભૂત વ્યન્તરો મહાવેદનાવાળા અને અસંજ્ઞિભૂત વ્યંતરો અલ્પવેદના-વાળા હોય છે, અસુરકુમારો અને વ્યંતરોમાં અસંજ્ઞી જીવો પણ ઉત્પન્ન થાય છે. એ વાત આ ઉદ્દેશામાં જ કહેવામાં આવશે. અસંજ્ઞી જીવો જઘન્યની અપેક્ષાએ ભવનવાસીઓમાં અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ વાણવ્યંતરોમાં ઉત્પન્ન થાય છે. આ રીતે પ્રકરણની પર્યાલોચનાથી સમજી શકાય તેમ છે કે જે વાણ-વ્યંતરો અસંજ્ઞિરૂપે ઉત્પન્ન થાય છે. તેઓ અલ્પવેદનાવાળા હોય છે. જ્યારે સંજ્ઞિરૂપે ઉત્પન્ન થનારા વિશેષ વેદનાવાળા હોય છે. જ્યોતિષી અને વૈમાનિક દેવોમાં અસંજ્ઞી જીવો ઉત્પન્ન થતાં જ નથી, તે કારણે 'વેદના પદમાં જે ભેદ પડયો છે. તે ભેદને " मायिमिच्छादिट्ठीउववन्नगा य, अप्पवेयणतरागा, अमायि सम्मदिट्ठीउववन्नगा य महावेयणतरागा भाणियव्वा जोइसवेमाणिया " આ સૂત્ર-પાઠ દ્વારા દર્શાવવામાં આવેલ છે. તાત્પર્ય એ છે કે છે જ્યોતિષી અને વૈમાનિક દેવો માયી મિથ્યાદષ્ટિ હોય છે. તેઓ અલ્પવેદનાવાળા હોય છે. અને જે અમાયીસમ્યગ્દૃષ્ટિ હોય છે તેઓ મહાવેદનાવાળા હોય છે. આ કથન શુભવેદનાની અપેક્ષાએ કરવામાં આવ્યું છે. ॥ સૂ. ૮ ॥

સલેશી જીવોનો વિચાર

કૃષ્ણ આદિ લેશ્યાઓના ભેદથી યુકત ચોવીસ દંડકોનું જ આહાર આદિ નવ પદો દ્વારા નિરૂપણ કરતાં સૂત્રકાર પ્રથમ સાત દંડક કહે છે. નારક આદિ-રૂપ એક દંડક અને ૬ લેશ્યાઓના ૬ દંડક. એમ સાત દંડક થાય છે. **'सलेस्साणं भंते ! नेरइया सव्वे समाहारगा' इत्यादि ।**

**(सलेस्साणं भंते नेरइया सव्वे समाहारगा)** હે **પૂજ્ય**? શું બધી લેશ્યાવાળા નારક જીવો સમાન આહારવાળા હોય છે? **(ओहियाणं सलेस्साणं सुक्कलेस्साणं एएसि णं तिण्हं एक्को गमो)** ઔધિક, સલેશી અને શુકલલેશ્યાવાળા, એ ત્રણેનો એક સરખો અધિકાર જાણવો **( कण्हलेस्साणं, नीललेस्साणं पि एक्को गमो)** કૃષ્ણ લેશ્યાવાળા અને નીલલેશ્યાવાળાનો પણ એક સરખો અધિકાર જાણવો **(नवर)** પણ વેદનામાં વિશેષતા છે તે આ પ્રમાણે છે **( वेदणाए मायिमिच्छादिट्ठीउववन्नगा य अमायिसम्मादिट्ठीउववन्नगा य भाणियव्वा )** માયા અને મિથ્યાદૃષ્ટિપણે ઉત્પન્ન થયેલા અને અમાયી સમ્યક્ દૃષ્ટિપણે ઉત્પન્ન થયેલા અહીં કહેવા જોઇએ. **(मणुस्सा किरियासु सराग वीयराग पमत्तापमत्ता न भाणियव्वा** તથા મનુષ્ય વિષેના ક્રિયા સૂત્રમાં કૃષ્ણ અને નીલલેશ્યામાં મનુષ્યને સરાગસંયત, વીતરાગ-સંયત, પ્રમત્તસંયત અને અપ્રમતસંયત મનુષ્યોને ન કહેવા. **( काउलेस्साण वि एसेव गमो)** કાપોત લેશ્યાવાળાઓનો પણ આ પ્રમાણે જ અધિકાર જાણવો **( नवरं )** પણ તેમાં એટલી વિશેષતા છે કે **( नेरइया जहा ओहिए दंडए तहा भाणियव्वा )** કાપોતલેશ્યાવાળા નારકીના જીવોને ઔધિક દંડકની જેમ કહેવા જોઇએ. **(तेउलेस्सा पम्हलेस्सा जस्स अत्थि जहा ओहिआ दंडओ तहा भाणियव्वा)** તેજોલેશ્યા અને પદ્મલેશ્યાવાળાને ઔધિક દંડકની જેમ જ સમજવા- **(नवरं)** પણ તેમાં એટલી વિશેષતા છે કે **(मणुस्सा सरागा, वीयरागा न भाणियव्वा)** મનુષ્યોના સરાગી અને વીતરાગી આવા બે ભેદ ન કરવા **( गाहा )** ગાથા– **( दुक्खाउए उदिण्णे आहारे कम्मवन्न लेस्सा य ! सम्मवेयण समकिरिया समाउए चेव बोधव्वा )** દુઃખ કર્મ અને આયુષ્ય, ઉદીર્ણ હોય તો જ વેદવામાં આવે છે. અનુદીર્ણ નહીં. આહાર, કર્મ વર્ણ લેશ્યા, સમવેદના, સમક્રિયા અને સમઆયુષ્યના વિષયમાં પહેલાં કહ્યા પ્રમાણે જ સમજવું.

ટીકાર્થ—સલેશ્ય એટલે લેશ્યાથી યુક્ત. એટલે કે લેશ્યાથી યુકત જે હોય, છે તેને સલેશ્ય–લેશ્યવાળા–કહેવામાં આવે છે. અહીં એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે જે નારક જીવો લેશ્યાવાળા હોય છે તેઓ શું સમાન આહાર-વાળા હોય છે? “**नेरइया सव्वे समाहारगा**” આ સૂત્રમાં “આહાર, શરીર, ઉચ્છવાસ, કર્મ, વર્ણ, લેશ્યા, વેદના, ક્રિયા, અને ઉપપાત એ નવ પદોવાળા

આ લેશ્યાપદથી યુકત નારકાદિ ચોવીસ દંડક છે” એ સૂચિત કરાયું છે. આ વિષયમાં પહેલાંની જેમ જ પ્રશ્નોત્તર થવા જોઈએ. જેમ કે–હે પૂજ્ય ! લેશ્યાવાળા સમસ્ત નારક જીવો શું સમાન આહારવાળા હોય છે? શું એકસરખાં શરીરવાળા હોય છે? શું સમાન ઉચ્છ્વાસ નિઃશ્વાસવાળા હોય છે? શું બધાં સમાન કર્મવાળા હોય છે? શું સઘળા સમાન વર્ણવાળા હોય છે? શું એકસરખી લેશ્યાવાળા હોય છે? શું એકસરખી વેદનાવાળા હોય છે? શું એકસરખી ક્રિયાવાળા હોય છે? અને શું લેશ્યાવાળા સમસ્ત નારકજીવો એક સાથે ઉત્પન્ન થાય છે? આ પ્રમાણે જ બાકીના ૨૩ દંડકમાં પણ યોજિત કરવું જોઈએ. આ પ્રમાણે આ એક દંડક બની જાય છે. તથા “કૃષ્ણલેશ્યા આદિ છ લેશ્યાઓથી યુક્ત નારકાદિ પદરૂપ બીજાં પણ છ દંડક બની જાય છે. અને તેમાં પણ પૂર્વોક્ત નવપદોનો આલાપક યોજી શકાય છે.” એમ પણ સૂચિત કરવામાં આવ્યું છે. આ રીતે બનેલાં તે સાતે દંડકોનાં સૂત્રોને સંક્ષેપમાં દર્શાવવા માટે જે દંડકનું જે રીતે વક્તવ્ય છે તે દંડકને તે રીતે બતાવતાં સૂત્રકાર કહે છે—

“ओहियाणं” ઇત્યાદિ. ઔઘિકોનો, સલેશ્યાનો, અને શુકલલેશ્યાવાળાનો, એ ત્રણેનો એક સરખો સૂત્રપાઠ છે. ઔઘિક એટલે વિશેષણ રહિત સામાન્ય નારક આદિ જીવો, સલેશ્ય એટલે લેશ્યાવાળા નારક આદિ જીવો અને શુકલ-લેશ્યાનો ભાવાર્થ સાતમાં દંડક મારફત કહેવા યોગ્ય શુકલલેશ્યાવાળા જીવો. એ ત્રણેનો એક સરખો જ પાઠ છે. માત્ર “લેશ્યાવાળા, તથા શુકલલેશ્યાવાળા” એવાં જે વિશેષણો છે તે વિશેષણોના ભેદથી જ ભેદ થાય છે. તાત્પર્ય એ છે કે સામાન્ય દંડક પ્રમાણે જ એટલે કે ઔઘિક પ્રકરણમાં કહેવામાં આવેલ સૂત્રની માફક જ લેશ્યાવાળાઓનું અને શુકલલેશ્યાવાળાઓનું સૂત્ર છે. તથા “जस्स अत्थि” આગળ આવનાર પદના સંબંધથી જેને શુકલલેશ્યા છે તેનો પણ આ દંડકમાં જ પાઠ કહેવો જોઈએ એવો ભાવ અહિં સમજવો. આ કારણે આ પ્રકરણમાં પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય અને વૈમાનિક, દેવોનો અધિકાર કહેવો જોઈએ. પણ નારકાદિ કહેવા જોઈએ નહીં, કારણ કે નારક, ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષીમાં, તથા વૈમાનિકોમાંના સુધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, અને બ્રહ્મ દેવલોકમાં શુકલલેશ્યાનો અભાવ હોય છે. “कण्हलेस्साणं नीललेस्साणं पि एक्को गमो” એટલે કે કૃષ્ણલેશ્યાવાળાનો અને નીલલેશ્યાવાળાનો પણ ઔઘિકરૂપે એક સરખો જ સૂત્રપાઠ જાણવો આ રીતે સામાન્ય અંશનું પ્રતિપાદન કરીને જે અંશ વિલક્ષણ છે–એટલે કે સામાન્ય અંશની અપેક્ષાએ બન્નેના સૂત્રપાઠમાં ભેદ ન હોવા છતાં પણ જે અંશની અપેક્ષાએ તેમનામાં ભેદ રહેલો છે તે “नवरं वेयणाए” “વેદનામાં ભેદ છે.”

તે સૂત્ર દ્વારા બતાવેલ છે. કૃષ્ણલેશ્યા-દંડકમાં અને નીલલેશ્યા-દંડકમાં વેદના સૂત્રમાં "**दुविहा णेरइया पण्णत्ता सन्निभूया य असन्निभूया य**" નારક બે પ્રકારના કહ્યા છે—(૧) સંજ્ઞિભૂત અને અસંજ્ઞિભૂત" એવો ઔધિક દંડકમાં સૂત્રપાઠ કહ્યો છે. તે પાઠ અહીં ભણવો નહીં. કારણ કે અસંજ્ઞી જીવો પહેલી નરકમાં જ ઉત્પન્ન થાય છે. "**असण्णी खलु पढमं**" એવું આગમનું કથન છે જ્યારે પહેલી નરકમાં (રત્નપ્રભા) કૃષ્ણલેશ્યા અને નીલલેશ્યાનો અભાવ હોય છે.

શંકા—જો આ પાઠ પૂર્વોક્ત રીતે બોલાવાનો ન હોય તો કેવી રીતે બોલવો જોઇએ તે કહો.

ઉત્તર—"**मायिमिच्छादिट्ठीउववन्नगा य अमायिसम्मादिट्ठी उववन्नगा य भाणियव्वा**" આ પ્રમાણે તે પાઠ વાંચવો જોઈએ. માયીમિથ્યાદૃષ્ટિને મહાવેદના થાય છે કારણ કે તેઓ સૌથી અધિક અશુભ સ્થિતિને ઉત્પન્ન કરે છે. અને જ્યારે અશુભ સ્થિતિ અતિશય વધારે હોય ત્યારે મહાવેદના થાય એ સ્વાભાવિક જ છે. તથા જે અમાયિ સમ્યગ્દૃષ્ટિ હોય તેઓ અલ્પવેદનાવાળાં હોય છે. "**मणुस्सा किरियासु**" ક્રિયાપ્રતિપાદક સૂત્રોમાં સરાગ, વીતરાગ, પ્રમત્ત, અપ્રમત્ત કહેવું નહીં. તાત્પર્ય એ છે કે-" મનુષ્ય પદના ક્રિયાસૂત્રના ઔધિક દંડકમાં જો કે મનુષ્યોના ત્રણ પ્રકાર કહ્યા છે-સંયત, અસંયત અને સંયતાસંયત, તેમાં સંયતના બે પ્રકાર છે-સરાગસંયત અને વીતરાગસંયત. અને સરાગસંયત પણ બે પ્રકારના કહ્યા છે-પ્રમત્તસંયત અને અપ્રમત્તસંયત, ઇત્યાદિ પાઠ ત્યાં આવેલ છે. પણ અહીં મનુષ્યવિષયક ક્રિયાસૂત્રમાં કૃષ્ણલેશ્યા અને નીલલેશ્યા દંડકમાં એવું કહેવું નહીં. કારણ કે કૃષ્ણલેશ્યા અને નીલલેશ્યાના ઉદયમાં સંયમનો ઉદય થતો નથી. એટલે કે તેના સદ્ભાવમાં સંયમનો અભાવ કહ્યો છે, તથા એવું જે કહેવામાં આવ્યું છે કે "**पुव्वपडिवन्नओ पुण अन्नयरीए उ लेसाए**" જે જીવે પૂર્વે સયંમ ગ્રહણ કર્યો હોય છે. એવો કોઇ પણ જીવ સયમાવથામાં છ લેશ્યાઓમાંથી કોઇ પણ એક લેશ્યામાં હોઈ શકે છે. આ કથન કૃષ્ણાદિ દ્રવ્યરૂપ લેશ્યાની અપેક્ષાએ કહ્યું છે એમ સમજવું. "**काउ-लेस्साण वि**" કાપોતલેશ્યાવાળાનો સૂત્રપાઠ પણ નીલ અને કૃષ્ણલેશ્યાના સૂત્રપાઠ પ્રમાણે જ સમજવો. પણ તેમાં આ પ્રકારની વિશેષતા છે.-"**नेरइया जहा ओहिए दंडए तहा भाणियव्वा**" વેદના સૂત્રમાં નારકોને ઔધિક દંડક પ્રમાણે જ સમજવા તે આ પ્રમાણે છે-નારક જીવ બે પ્રકારના કહ્યા છે.-(૧) સંજ્ઞિભૂત અને (૨) અસંજ્ઞિભૂત. અસંજ્ઞિ જીવો પ્રથમ નરકમાં જ ઉત્પન્ન થાય છે, અને ત્યાં કાપોતલેશ્યા જ હોય છે તેથી કહ્યું છે કે-"**काउलेस्साण वि**" તથા

તથા " तेउलेस्सा पम्हलेस्सा जस्स अत्थि " જે જીવને તેજોલેશ્યા અને પદ્મલેશ્યા એવા જીવની અપેક્ષાએ "जहा ओहिओ दंडओ तहा भाणियव्वा" ઔધિકદંડક પ્રમાણે જ તે બન્નેનાં દંડક કહેવા જોઈએ. તાત્પર્ય એ છે કે તેજોલેશ્યાવાળા અને પદ્મલેશ્યાવાળા જીવોનાં બે દંડક ઔધિકદંડકના જેવાં જ સમજવા. જીવોને આ પ્રમાણે લેશ્યાઓ હોય છે-નારક, વિકલેન્દ્રિય, તેજ:કાયિક અને વાયુકાયિક જીવો પહેલી ત્રણ લેશ્યાવાળા હોય છે. ભવનપતિ, પૃથિવીકાયિક, અપ્કાયિક, વનસ્પતિકાયિક અને વ્યન્તરદેવો પહેલી ચાર લેશ્યાવાળા હોય છે. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો છ લેશ્યાવાળા હોય છે. જ્યોતિષી દેવોને એક તેજોલેશ્યા જ હોય છે. વૈમાનિક દેવોને તેજ:, પદ્મ અને શુકલ એ ત્રણ પ્રશસ્ત લેશ્યાઓ હોય છે કહ્યું પણ છે

કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા અને તેજોલેશ્યા એ ચારે લેશ્યાઓ ભવનપતિ દેવો અને વ્યન્તરદેવોને હોય છે. જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાનમાં તેજોલેશ્યા હોય છે. સનત્કુમાર, માહેન્દ્ર અને બ્રહ્મલોકમાં પદ્મલેશ્યા હોય છે. અને તે પછીના દેવલોકોમાં શુકલલેશ્યા હોય છે. ॥ ૧ ॥ ૨ ॥

અને—" पुढवी आउवणस्सइबायरपत्तेय लेस चत्तारि " પૃથિવી, અપ્, વનસ્પતિ એટલે બાદરવનસ્પતિ અને પ્રત્યેક વનસ્પતિને કૃષ્ણ, નીલ, કાપોત અને તેજ એ ચાર લેશ્યાઓ હોય છે. " गब्भयतिरियनरेसु छल्लेस्सा तिण्णि सेसाणं" ગર્ભજ તિર્યંચો અને મનુષ્યોમાં છ લેશ્યાઓ હોય છે અને બાકીના જીવોને ત્રણ લેશ્યા હોય છે. "नवरं मणुस्सा सरागा वीयरागा न भाणियव्वा" ઔધિક દંડકના ક્રિયાસૂત્રમાં મનુષ્યના સરાગ અને વીતરાગ વિશેષણો કહ્યાં છે. પણ અહીં તેજોલેશ્યા અને પદ્મલેશ્યાનાં બન્ને સૂત્રોમાં મનુષ્યોના સરાગત્વ અને વીતરાગત્વ, એ ભેદ કહેવા નહીં કારણકે તેજોલેશ્યા અને પદ્મલેશ્યામાં વીતરાગતાની અસંભવતા છે. વીતરાગતા તો શુકલલેશ્યામાં જ હોય છે. પરંતુ અહીં મનુષ્યના પ્રમત્ત અને અપ્રમત્ત એ બે ભેદ તો જરૂર કહેવા જોઈએ. અહીં "दुक्खाउए उदिण्णे " ઈત્યાદિ જે ગાથા કહી છે તે પ્રથમ ઉદ્દેશકથી લઈને અહીં સુધીના સૂત્રાર્થની સૂચક છે. જો કે સૂત્રના વ્યાખ્યાનમાં જ તેનો અર્થ આવી જાય છે. તો પણ શિષ્યોને સમજાવવાને માટે અહીં ફરીથી તેની વ્યાખ્યા કરવામાં આવે છે. દુ:ખ અને આયુષ્ય, એમનું વેદન ઉદીર્ણ થતાં જ થાય છે. અનુદીર્ણ હોય ત્યારે થતું નથી. આ પ્રમાણે એક વચન અને બહુવચન આ બે વચનોથી ચાર દંડક અહીં કહેવામાં આવ્યાં છે. તે ચાર દંડકોને આ ઉદ્દેશકની શરૂઆતમાં

જોઈ લેવા જોઈએ. તે દંડકો આ પ્રમાણે કહ્યાં છે. "जीवेणं भंते ! सयंकडं दुक्खं वेदेइ આ એક વચનથી તથા " जीवाणं भंते ! सयंकडं दुक्खं वेदेंति" આ પ્રમાણે બહુવચનથી બે દંડક બની જાય છે. તથા जीवेणं भंते ! सयकडं आउयं वेदेइ " આ એક વચનથી તથા " जीवाणं भंते ! सयंकडं आउयं वेदेंति" આ પ્રમાણે બહુવચનથી એમ બીજાં બે દંડક બને છે. આ રીતે કુલ ચાર દંડક થાય છે. "आहारेत्यादि" " नेरइया किं समाहारा "इत्यादि તથા "नेरइया किं सव्वे संमकम्मा" તથા ' किं समवन्ना" તથા "किं समलेस्सा," તથા ' किं समवेयणा" તથા "किं सनकिरिया" તથા किं समाउया समोववन्नगा " આ રીતે બીજા ઉદ્દેશકની શરૂઆતથી લઈને લેશ્યાવાળા જીવોના પ્રકરણ સુધી જે જે વિષયનું (દુઃખ, આયુષ્યક, આહાર આદિ પદાર્થનું) પ્રતિપાદન કરવામાં આવ્યુ છે તે સઘળા પદાર્થોનો આ ગાથામાં સંગ્રહ કરવામાં આવ્યો છે. ॥ સૂ૦ ૯ ॥

## લેશ્યા કે સ્વરૂપ કા નિરૂપણ

લેશ્યાવિચાર—

લેશ્યાવાળા નારક જીવોનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર લેશ્યાના સ્વરૂપનું નિરૂપણ કરે છે–कइ णं भंते! लेस्साओ इत्यादि ।

(भंते।) હે પૂજ્ય! ( लेस्साओ कइ णं पण्णत्ताओ ) લેશ્યાઓ કેટલી કહી છે? (गोयमा!) હે ગૌતમ ! (छ लेस्साओ पण्णत्ताओ) લેશ્યાઓ છ કહી છે. (तंजहा) તે આ પ્રમાણે છે. ( किण्हलेस्सा जाव सुक्कलेस्सा ) કૃષ્ણલેશ્યામાંથી માંડીને શુકલેશ્યા સુધીના છ લેશ્યાઓ છે. (लेस्साणं बीओ उद्देशो भाणियव्वो जाव इड्ढी) લેશ્યાઓનું સ્વરૂપ સમજવા માટે પ્રજ્ઞાપનાસૂત્રના ૧૭માં પદનો "ऋद्धि" સૂત્ર સુધીનો બીજો ઉદ્દેશો વાંચી લેવો.

**ટીકાર્થ**—ગૌતમે અહીં પ્રભુને પ્રશ્ન પૂછયો છે કે હે ભદંત ! લેશ્યાઓ કેટલી હોય છે ? ત્યારે પ્રભુએ તેમને સમજાવ્યું છે કે હે ગૌતમ ! લેશ્યાઓ છ પ્રકારની છે. ૧ કૃષ્ણલેશ્યા, ૨ નીલલેશ્યા, ૩ કાપોતલેશ્યા, ૪ તેજોલેશ્યા, ૫ પદ્મલેશ્યા ૬ શુકલલેશ્યા જેના સંબંધથી આત્મામાં કર્મપુદ્ગલો ચોંટી જાય છે. એટલે કે જેને કારણે આત્માની સાથે કર્મપુદ્ગલો સંબંધ પ્રાપ્ત કરે છે. તેનું નામ લેશ્યા છે. તે લેશ્યા જીવના યોગના પરિણામરૂપ ( વ્યાપાર ) હોય છે. કારણ કે જ્યારે યોગનો નિરોધ થાય છે ત્યારે તેનો અભાવ થાય છે. " तदभावे तदभाव: " આ નિયમાનુસાર કારણના અભાવે કાર્યનો અભાવ હોય તે સ્વાભાવિક બાબત છે. યોગ એ કારણ છે અને લેશ્યા તેનું કાર્ય છે. શરીર નામકર્મનું જે વિશેષ પરિણામ છે તેને યોગ કહે છે. લેશ્યાનું સ્વરૂપ સમજવા માટે પ્રજ્ઞાપના સૂત્રના ૧૭માં પદનો બીજો ઉદ્દેશક " ऋद्धि " પદ સુધી વાંચી જવાનું અહીં કહેલ છે. એજ વાત " जाव इड्ढी " પદ મારફત દર્શાવી છે.

તે પાઠ ટૂંકાણમાં આ પ્રમાણે છે-નારક જીવોને કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યા એ ત્રણ લેશ્યાઓ હોય છે. તિર્યંચયોનિના જીવોને છ લેશ્યાઓ હોય છે, એકેન્દ્રિય જીવોને ચાર લેશ્યાઓ હોય છે. પૃથિવીકાય, અપ્કાય અને વનસ્પતિકાયને ચાર લેશ્યાઓ હોય છે. તેજસ્કાય, વાયુકાય, દ્વીન્દ્રિય ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોને ત્રણ લેશ્યાઓ હોય છે. પંચેન્દ્રિય તિર્યંચ યોનિના જીવોને છ લેશ્યાઓ હોય છે. ત્યાંથી શરૂ કરીને 'एएसिणं भंते ! जीवाणं कण्हलेस्साणं जाव सुक्कलेस्साणं कयरे कयरेहिंतो अप्पिड्ढिया वा महिड्ढिया वा ?" गोयमा ! कण्हलेस्सेहिंता नीललेस्सा महिड्ढिया, नीललेस्साहिंतो काबोयलेस्सा महिड्ढिया " હે પૂજ્ય ! કૃષ્ણલેશ્યાવાળાથી લઇને શુકલલેશ્યા સુધીના જીવોમાં કયી લેશ્યાવાળા જીવો કયી લેશ્યાવાળા જીવો કરતાં અલ્પઋદ્ધિવાળા હોય છે ? અને કયા જીવો કરતાં મહાઋદ્ધિવાળા હોય છે ? ઉત્તર—હે ગૌતમ ! કૃષ્ણલેશ્યા વાળા જીવો કરતાં નીલલેશ્યાવાળા જીવો વધારે ઋદ્ધિવાળા છે, નીલલેશ્યાવાળા જીવો કરતાં કાપોતલેશ્યાવાળા જીવો અધિક ઋદ્ધિવાળા છે, આ પ્રમાણે આગળ પણ સમજવું. " અહીં સુધીનો સૂત્રપાઠ સમજવો. ॥ સૂ૦ ૧૦ ॥

## સંસાર સંસ્થાન કાલ કા નિરૂપણ

સંસાર સંસ્થાનકાલની વક્તવ્યતા—

આ સંસાર અનાદિ છે. કેટલાક લોકો એવું માને છે કે આ અનાદિ સંસારમાં જીવની સ્થિતિ સદા એકસરખી જ રહે છે, અને તે કારણે તેઓ એવું કહે છે કે પશુ મરીને પશુ અવસ્થા જ પ્રાપ્ત કરે છે તો તેમની તે માન્યતા ભૂલ ભરેલી છે. આ પ્રકારનાં વાકયો વડે તેઓ લોકોને ઠગી રહ્યા છે તેથી લોકોને સમજાવવા માટે તથા વિપ્રલંભક (ખોટી વાતો કરનારાઓના) વાકયોમાં અસારતાનું પ્રતિપાદન કરવાને માટે ગૌતમસ્વામી મહાવીર પ્રભુને પૂછે છે-

" जीवस्स णं भंते ! तीयद्धाए " इत्यादि ।

( भंते ) હે પૂજ્ય ! ( तीयद्धाए आदिट्ठस्स ) અતીતકાળમાં ( ભૂતકાળમાં ) આદિષ્ટ ( વિવક્ષિત ) જીવનો ( कइविहे संसारसंचिट्ठणकाले पण्णत्ते ?) કેટલા

પ્રકારનો સંસારસંસ્થાનકાળ કહ્યો છે. (ગોયમા!) હે ગૌતમ! (चउव्विहे संसारसंचिट्ठणकाले पण्णत्ते) ચાર પ્રકારનો સંસારસંસ્થાનકાળ કહેલ છે. (तंजहा) તે આ પ્રમાણે છે (णेरइयसंसारसंचिट्ठणकाले, तिरिक्खजोणियसंसारसंचिट्ठणकाले, मणुस्ससंसारसंचिट्ठणकाले, देवसंसारसंचिट्ठणकाले) નારકસંસાર સંસ્થાનકાળ, તિર્યંચ-સંસારસંસ્થાનકાળ, મનુષ્યસંસારસંસ્થાનકાળ અને દેવસંસારસંસ્થાનકાળ. (णेरइयसंसारसंचिट्ठणकाले णं भंते! कइविहे पण्णत्ते?) હે પૂજ્ય! નારકોનો સંસારસંસ્થાનકાળ કેટલા પ્રકારનો કહ્યો છે? (ગોયમા!) હે ગૌતમ! (तिविहे पण्णत्ते) ત્રણ પ્રકારનો કહ્યો છે. (तंजहा) તે આ પ્રમાણે-(सुन्नकाले असुन्नकाले मिस्सकाले) શૂન્યકાળ, અશૂન્યકાળ અને મિશ્રકાળ. (तिरिक्खजोणिय-संसारसंचिट्ठणकाल-पुच्छा) હે પૂજ્ય! તિર્યંચોનો સંસારસંસ્થાનકાળ કેટલા પ્રકારનો છે? (ગોયમા!) હે ગૌતમ! (दुविहे पण्णत्ते) બે પ્રકારનો કહ્યો છે, (तंजहा) તે આ પ્રમાણે છે-(असुन्नकाले मिस्सकाले) ૧ અશૂન્યકાળ અને ૨ મિશ્રકાળ. (मणुस्साण य देवाण जहा नेरइया णं) મનુષ્યો તથા દેવોનો સંસારસંસ્થાનકાળ નારકોના સંસારસંસ્થાનકાળ પ્રમાણે જ ત્રણ પ્રકારનો સમજવો. (एयस्स णं भंते! नेरइयसंसारसंचिट्ठणकालस्स सुन्नकालस्स असुन्नकालस्स मिस्सकालस्स य कयरे कयरे हिंतो अप्पे वा बहुए वा तुल्ले वा विसेसाहिए वा?) હે પૂજ્ય! નારકજીવોનો જે સંસારસંસ્થાનકાળ શૂન્ય, અશૂન્ય અને મિશ્રના ભેદથી ત્રણ પ્રકારનો કહ્યો છે, તેમાંનો કયો કોનાથી અલ્પ છે? કયો કોનાથી વધારે છે? કયો કોનાથી બરાબર છે? અને કયો કોનાથી વિશેષાધિક છે? (ગોયમા!) હે ગૌતમ! (सव्वत्थोवे असुन्नकाले) બધાથી અલ્પ (થોડો) અશૂન્યકાળ છે. (मिस्सकाले अणंतगुणे) અશૂન્યકાળ કરતાં મિશ્રકાળ અનંત ગણો અધિક છે. (सुन्नकाले अणंतगुणे) શૂન્યકાળ મિશ્રકાળ કરતાં અનંતગણો વધારે છે. (तिरिक्खजोणियाण सव्वत्थोवे असुन्नकाले, मिस्सकाले अणंतगुणे) તથા તિર્યંચયોનિના જીવોનો જે સંસારસંસ્થાનકાળ અશૂન્ય અને મિશ્રના ભેદથી બે પ્રકારનો કહ્યો છે તેમાંથી અશૂન્યકાળ સૌથી થોડો છે, અને મિશ્રકાળ તેના કરતાં અનંતગણો અધિક છે. (मणुस्साण य देवाण य जहा नेरइयाणं) મનુષ્યો અને દેવોના સંસારસંસ્થાનકાળના પ્રકારો નારકજીવોના સંસારસંસ્થાનકાળના પ્રકાર જેવાં જ છે. (एयस्स णं भंते! णेरइयसंसारसंचिट्ठणकालस्स जाव देवसंसारसंचिट्ठणकालस्स जाव विसेसाहिए वा) હે પૂજ્ય! નારક સંસારસંસ્થાનકાલ થી લઇને દેવસંસારસંસ્થાન-કાળ સુધીના કાળમાં કયો કાળ કયા કાળથી અલ્પ છે? ત્યાંથી લઇને કયો કાળ કયા કાળથી વિશેષાધિક છે? ત્યાં સુધી સમજવું. (ગોયમા!) હે ગૌતમ! (सव्वत्थोवे मणुस्ससंसारसंचिट्ठणकाले, नेरइयसंसारसंचिट्ठणकाले असंखेज्जगुणे, देवसंसारसंचिट्ठणकाले, असंखेज्जगुणे, तिरिक्खजोणियसंसारसंचिट्ठणकाले अणंतगुणे) સૌથી અલ્પ મનુષ્યસંસારસંસ્થાનકાળ છે. તેનાથી અસંખ્યાતગણો નારક સંસારસંસ્થાનકાળ છે. નારકોથી પણ અસંખ્યાગણો દેવસંસારસંસ્થાનકાળ છે. અને તેનાથી અનંતગણો તિર્યંચસંસારસંસ્થાનકાળ છે.

ટીકાર્થ—"હે પૂજ્ય! ભૂતકાળમાં આદિષ્ટ જીવનો સંસારસંસ્થાનકાળ

કેટલા પ્રકારનો કહ્યો છે ?" આ પ્રશ્નમાં 'જીવ' પદ દ્વારા સામાન્ય જીવો ગ્રહણ કરવામાં આવેલ નથી પણ નારક આદિ વિશેષણોથી યુક્ત જીવો ગ્રહણ કરેલ છે. એ વાત ' આદિષ્ટ ' પદથી જાણી શકાય છે. આ નારકજીવો છે, આ તિર્યંચ જીવો છે. આ મનુષ્ય જીવો છે, આ દેવજીવો છે. આ રીતે જે જીવો વિશેષિત થાય છે તેનું આદિષ્ટ-વિવક્ષિત પદ સૂચન કરે છે. પસાર થયેલ ભૂતકાળને ( अतीताद्धा ) અતીતકાળ કહે છે-એક ભવમાંથી બીજા ભવમાં ગમન કરવારૂપ ક્રિયાનું નામ સંસાર છે. તે સંસારની જે અવસ્થાન ક્રિયા છે તેને સંસારસંસ્થાન કહે છે તેનો જે કાળ (અવસર) છે તેને સંસારસંસ્થાનકાળ કહે છે.

અનિર્દિષ્ટ ( નિર્દેશ કર્યા વિના ) નામવાળો અમુક જીવ ભૂતકાળમાં કઇ કઇ ગતિમાં રહેલો હતો ? તેના જવાબમાં મહાવીર પ્રભુએ કહ્યું કે, હે ગૌતમ ! જીવનો સંસારસંસ્થાનકાળ ઉપાધિ ભેદથી ચાર પ્રકારનો છે-(૧) નારકસંસારસંસ્થાનકાળ, (૨) તિર્યંચ યોનિક સંસારસંસ્થાનકાળ, (૩) મનુષ્ય સંસારસંસ્થાનકાળ અને (૪) દેવસંસારસંસ્થાનકાળ. તેમાં નારકસંસારસંસ્થાનકાળના ( નારકભવ સંબંધી સ્થિતિ કાળના ) ત્રણ પ્રકાર છે-(૧) શૂન્યકાળ, (૨) અશૂન્યકાળ અને (૩) મિશ્રકાળ. શૂન્યકાળનો ભાવાર્થ આ પ્રમાણે છે-સાતે પૃથ્વીઓમાં ( નરકોમાં ) વર્તમાન સમયે જેટલા નારકજીવો મોજૂદ છે. તેઓ ત્યાંથી નીકળી જાય-એટલે કે, મરીને બીજી ગતિમાં જાય-તેમાંનો કોઈ એક પણ જીવ જે સમયે બાકી રહે નહીં તે સમયને શૂન્યકાળ કહે છે. એટલે કે સાતે પૃથ્વીઓ ( નરકો )માં એક પણ નારકજીવ જ્યારે બાકી ન રહે એટલે કે બધાં નારકો મરીને જે સમયે તે સ્થાનને બિલકુલ ખાલી કરી નાંખે તે સમયને શૂન્યકાળ કહે છે. કહ્યું પણ છે કે-"निल्लेविएहिं सव्वेहिं वट्टमाणेहिं सुन्नो उ" વર્તમાન સમયમાં જેટલાં નારક જીવો નરકોમાં છે તે બધા નારકજીવોથી તે સ્થાન નિર્લિપ્ત ( ખાલી ) થઈ જાય ત્યારે તે સમયને શૂન્યકાળ કહેવાય છે. સાતે નરકોમાં વર્તમાનકાળમાં જેટલા નારકો છે તેમાંનો એક પણ જીવ જ્યાં સુધી મરતો નથી અને બીજો કોઇ જીવ ત્યાં આવીને જ્યાં સુધી જન્મતો નથી પણ ત્યાં જેટલા નારકો છે તેટલા જ ત્યાં કાયમ રહે છે એ સમયને નારકોની અપેક્ષાએ અશૂન્યકાળ કહે છે. કહ્યું પણ છે—

" आइट्ठसमइयाणं णेरइयाणं, न जाव एक्को वि ।
उव्वट्टइ अन्नो वा उववज्जइ, सो असुन्नो उ ॥१॥"

વિવક્ષિત ( વર્તમાન ) સમયમાં જેટલા નારકજીવો છે તેમાનો કોઇ પણ જીવ ન મરે અને બીજો કોઇ પણ જીવ ત્યાં ઉત્પન્ન ન થાય એવા કાળનું નામ અશૂન્યકાળ છે. સાતે પૃથ્વીઓ ( નરકો ) માંથી જ્યારે એક, બે,

ત્રણ એવી રીતે બધા નારક જીવો મરી જાય પણ જ્યાં સુધી માત્ર એક જીવ પણ બાકી રહે તેવા કાળને મિશ્રકાળ કહે છે. કહ્યું પણ છે–" **उव्वट्टे एकम्मि वि एक्काइवि ता मीसो धरइ जाव एक्को वि** " મરતાં મરતાં જે કાળમાં એક જ નારક જીવ બાકી રહે છે તે કાળને મિશ્રકાળ કહે છે. " **तिरिक्खजोणिय-ससारसंचिट्ठणकाल पुच्छा** " જ્યારે તિર્યંચયોનિક જીવોના સંસારસંસ્થાનકાળના વિષયમાં ગૌતમે પ્રશ્ન પૂછ્યો ત્યારે પ્રભુએ જવાબ આપ્યો કે હે ગૌતમ ! તિર્યંચયોનિક જીવોનો સંસારસંસ્થાનકાળ અશૂન્યકાળ અને મિશ્રકાળની અપેક્ષાએ બે પ્રકારનો છે. તેમનામાં શૂન્યકાળ હોતો નથી. કારણ કે ત્યાં તેનો સદ્ભાવ જ હોતો નથી.

કેવળ મિશ્રનારકસંસારસંસ્થાનકાળનો વિચાર કરનાર આ સૂત્ર વર્તમાન-કાળ સંબંધી નારકભવને અંગીકાર કરીને તેનો વિચાર કરવામાં પ્રવૃત્ત થયું નથી, પરન્તુ વર્તમાનકાલિક નારક જીવોની બીજી ગતિના ગમન વડે ફરીથી ત્યાં જ ઉત્પત્તિ થવાની બાબતનો વિચાર કરવામાં પ્રવૃત્ત થયું છે. જો કદાચ એવું માનવામાં આવે કે વર્તમાનકાલિક નારકભવનો જ વિચાર કરવામાં આ સૂત્ર પ્રવૃત્ત થયું છે તો અશૂન્યકાળ કરતાં મિશ્રકાળમાં અનંતગુણત્વનું કથન કે જે સૂત્ર દ્વારા પ્રતિપાદિત થયું છે તે સંગત થઇ શકે નહીં. કહ્યું પણ છે–

**" एयं पुण ते जीवे, पडुच्च सुत्तं न तब्भवं चेव ।**
**जइ होज्ज तब्भवंतो, अनंतकालो न संभवइ "॥ १ ॥**

આ સૂત્ર તે જીવોના તે ભવનો આશ્રય લઇને કહેવામાં આવ્યું નથી. જો તેમના તે ભવનો આશ્રય લઇને આ સૂત્ર કહેવામાં આવ્યું છે એમ માનવામાં આવે તો અનંતકાળનો સંભવ રહેતો નથી. એટલે કે અશૂન્યકાળ કરતાં મિશ્રકાળમાં અનંતગણાપણું સંભવી શકતું નથી.

શંકા–શા કારણે અશૂન્યકાળ કરતાં મિશ્રકાળમાં અનંતગણાપણું સંભવી શકતું નથી ?

ઉત્તર—જે નારકો વર્તમાનકાળમાં વિદ્યમાન (મોજૂદ) છે, તેમનું ઉદ્વર્તન તેમના આયુષ્યકાળને અન્તે થાય છે. તેમનું આયુષ્ય તો અસંખ્યાતકાળનું જ હોય છે. તે કારણે ઉત્કૃષ્ટની અપેક્ષાએ બાર મુહૂર્તના અશૂન્યકાળ કરતાં સૂત્રપ્રતિપાદિત મિશ્રકાળમાં અનંતગણાપણું સભવી શકતું નથી. કહ્યું પણ છે–

**" किं कारणमाइट्ठा नेरइया, जे इमम्मि समयम्मि ।**
**ते ठिइकालस्संते जम्हा, सव्वे खविज्जंति " ॥**

વર્તમાનકાળમાં જેટલા નારકજીવો છે તેઓ બધા પોતપોતાના સ્થિતિ કાળને અંતે નરકમાંથી નીકળે છે. તેમના ઓછા વધુપણાના પ્રશ્નનો વિચાર આ પ્રમાણે કર્યો છે–"**एयस्स णं भंते ! णेरइयस्स संसारसंचिट्ठणकालस्स सुन्नकालस्स**

असुन्नकालस्स मीसकालस्स कयरे कयरेहिंतो अप्पे वा बहुए वा तुल्ले वा विसेसाहिए वा''

ગૌતમ સ્વામીએ મહાવીરપ્રભુને એવો પ્રશ્ન પૂછયો કે હે પૂજ્ય ! આપે નારકોના સંસારસંસ્થાનકાળના શૂન્યકાળ, અશૂન્યકાળ અને મિશ્રકાળ એવા જે ત્રણ ભેદ બતાવ્યા તેમાંનો કયો કાળ કયા કાળથી અલ્પ છે, કયો કાળ કયા કાળથી અધિક છે, કયો કાળ કોની બરાબર છે અને કયો કાળ કોના કરતાં વિશેષાધિક છે ? ત્યારે પ્રભુએ તેનો આ પ્રમાણે જવાબ દીધો. હે ગૌતમ ! નારકોના સંસારસંસ્થાનકાળનો અશૂન્યકાળ નામનો ભેદ સૌથી અલ્પ છે. કારણ કે, નારકજીવોના ઉત્પાદ અને ઉદ્વર્તનાનો વિરહકાળ વધારેમાં વધારે બાર મુહૂર્ત પ્રમાણ છે. અશૂન્યકાળની અપેક્ષાએ વિવક્ષિત નારકજીવોનો મિશ્ર નામનો નિર્લેપનાકાળ અનંતગણો હોય છે. કારણ કે નારકજીવોમાં અને ઇતર જીવોમાં ગમનાગમનકાળ એજ આ મિશ્રકાળ છે. અને તે કાળ ત્રસ, વનસ્પતિ આદિના સ્થિતિકાળ સાથે મિશ્રિત થઇને અનંત ગણો થઇ જાય છે. કારણ કે ત્રસ અને વનસ્પતિ આદિ સંબંધી ગમનાગમન અનંત છે. આ નારકજીવોનો નિર્લેપનકાળ વનસ્પતિકાયની સ્થિતિના અનંતમે ભાગે છે. કહ્યું પણ છે—

" थोवो असुन्नकालो, सो उक्कोसेण बारसमुहुत्तो ।
तत्तो य अनंतगुणो, मीसो निल्लेवणा कालो ॥१॥
आगमणगमणकालो, तसाइतरुमीसओ अणंतगुणो,
अह निल्लेवणकालो, अणंतभागे वणद्धाए ॥२॥ "

અશૂન્યકાળ સ્તોક ( અલ્પ ) છે અને તે વધારેમાં વધારે બાર મુહૂર્ત પ્રમાણ છે. તેના કરતાં અનંતગણો મિશ્ર નામનો નિર્લેપનકાળ છે. આ મિશ્રકાળ આગમનગમનરૂપ છે. આ મિશ્રકાળ ત્રસ, વનસ્પતિ આદિના કાળ સાથે મિશ્રિત થઇને અનંત ગણો થઇ જાય છે, નિર્લેપનાકાળ વનસ્પતિકાળના અનંતમે ભાગે હોય છે.

શૂન્યકાળ અનંતગણો છે–કારણ કે વિવક્ષિત સમસ્ત નારક જીવોનું અવસ્થાન ( અસ્તિત્વ ) સામાન્ય રીતે અનંતાનંત કાળ સુધી વનસ્પતિકાયિકોમાં રહે છે. વનસ્પતિકાયિક જીવોમાં જે અનંતાનંતકાળ સુધીનું અવસ્થાન છે એને જ જીવોનો ઉત્કૃષ્ટ નારકભાવાન્તરકાળ શાસ્ત્રમાં કહ્યો છે. કહ્યું પણ છે—

" सुन्नो य अणंतगुणो, सो पुण पायं वणस्सइगयाणं ।
एयं चेव य नारय,–भवंतरं देसियं जेट्ठं ॥ १ ॥

શૂન્યકાળ અનંતગણો છે, અને સામાન્યરીતે વનસ્પતિકાયિકમાં ગયેલા જીવોના તે કાળ હોય છે. પ્રભુએ તેને જ ઉત્કૃષ્ટ નારકભવાન્તરકાળ કહેલ છે.

તિર્યંચ યોનિના જીવોનો તે અલ્પબહુત્વ વિચાર આ પ્રમાણે છે- તિર્યંચ યોનિના જીવનો અશૂન્યકાળ ઓછો છે, અને મિશ્રકાળ અનંતગણો છે. સૌથી ઓછો કાળ અહીં અંતર્મુહૂર્ત જેટલો જ છે, જો કે તે સામાન્ય-રીતે સમસ્ત તિર્યંચોનો કાળ કહ્યો છે પણ અહિં તો વિકલેન્દ્રિય અને સંમૂર્ચ્છિમ જીવોનો જ સમજવાનો છે, કારણ કે શાસ્ત્રમાં વિકલેન્દ્રિય અને સંમૂર્ચ્છિમોનો જ વિરહકાળ અન્તર્મુહૂર્તપ્રમાણ કહ્યો છે કહ્યું પણ છે— " **भिन्नमुहुत्तो विगलेंदिएसु संमुच्छिमेसु वि स एव** " એકેન્દ્રિય જીવોમાં અર્થાત્ વિકલેન્દ્રિય તથા સંમૂર્ચ્છિમોમાં પણ ભિન્ન મુહૂર્ત એટલે અંતર્મુહૂર્ત જ વિરહ વ્યાપ્ત છે. ઉદ્વર્તનના અને ઉપપાતનો વિરહ ન હોવાને કારણે શૂન્યકાળનો પણ ત્યાં અભાવ છે. કહ્યું પણ છે—

**" एसो असंखभागो, वट्टइ उवट्टणोविवायम्मि ।**
**एग निगोए निच्चं, एवं सेसेसु वि स एव ॥१॥ "**

એક નિગોદમાં કાળનો અસંખ્યાતમો ભાગ ઉદ્વર્તનામાં અને ઉપપાતમાં નિત્ય રહે છે. એજ પ્રમાણે બાકીના વિષયોમાં પણ જાણવું. " **सुन्नकाले अणंतगुणे** " શૂન્યકાળ અનંતગણો છે એજ પ્રમાણે જ અન્ય તિર્યંચોમાં પણ સમજવું " **अणुसमयं असंखेज्ज** " આવું કથન હોવાથી પૃથિવ્યાદિકોમાં તો વિરહનો અભાવ જ છે. **मिस्सकाले अणंतगुणे** " મિશ્રકાળ અનંતગણો છે, એટલે કે મિશ્રકાળ નારકો પ્રમાણે જ છે. તિર્યંચોનો શૂન્યકાળ તો હોતો જ નથી કારણ કે ત્યાંથી ઉદ્વૃત્ત વાર્તમાનિક સાધારણ વનસ્પતિઓનું બીજું સ્થાન નથી, કેમકે તે ઘણા હોવાને કારણે બીજે તેમનો સમાવેશ થઈ શકે તેમ ન હોવાથી તે કારણે સામાન્ય રીતે ત્યાંજ તેમની ઉત્પત્તિનો સંભવ હોવાથી " **मणुस्साण य देवाण य जहा णेरइयाणं** " મનુષ્યો અને દેવોના સંસાર-સંસ્થાનકાળનું અલ્પત્વ અને બહુત્વ નારકસંસારસંસ્થાનકાળના અલ્પત્વ અને બહુત્વ પ્રમાણે જ સમજવું. કારણ કે ત્યાં શૂન્યકાળ પણ બાર મુહૂર્ત પ્રમાણનો જ છે. કહ્યું પણ છે—

**" एवं नराऽमराण वि, तिरियाणं नवरि नत्थि सुन्नद्धा !**
**जं निग्गयाणं तेसिं, भायणं अन्नं तओ नत्थि ॥१॥ "**

એજ પ્રમાણે મનુષ્યો, દેવો અને તિર્યંચોના વિષયમાં પણ સમજવું. પણ વિશેષતા એ છે કે, તિર્યંચોને શૂન્યકાળ હોતો નથી. કારણ કે ત્યાંથી ઉદ્વૃત્ત સાધારણ વનસ્પતિરૂપ તિર્યંચોનું સ્થાન તેના સિવાય બીજું કોઈ પણ નથી, હવે નારક આદિ ચારેનું અલ્પબહુત્વ કહેવામાં આવે છે. " **एयस्स णं भंते** ! હે પૂજ્ય ! નારકોના, મનુષ્યોના, તિર્યંચોના અને દેવોના સંસારસંસ્થાનકાળમાં

કોનો સંસારસંસ્થાનકાળ કોના કરતાં અલ્પ છે, કોના કોના કરતાં અધિક છે, કોનો કોની બરાબર છે અને કોનો કોના કરતાં વિશેષાધિક છે? ત્યારે તેના જવાબમાં પ્રભુએ આ પ્રમાણે સમજાવ્યું–હે ગૌતમ! મનુષ્ય સંસારસંસ્થાનકાળ સૌથી ઓછો છે. મનુષ્યોના સંસારસંસ્થાનકાળ કરતાં "नेरइयसंसारसंचिट्ठणकाले असंखेज्जगुणे" નારકોનો સંસારસંસ્થાનકાળ અસંખ્યાત ગણો છે. નારકોના સંસાર સંસ્થાનકાળ કરતાં "देवसंसारसंचिट्ठणकाले असंखेज्जगुणे" દેવોનો સંસારસંસ્થાનકાળ અસંખ્યાત ગણો વધારે છે. દેવોનાસંસારસંસ્થાનકાળ કરતાં "तिरिक्खजोणियसंसारसंचिट्ठणकाले अणंतगुणे" તિર્યંચ યોનિવાળા જીવોનો સંસારસંસ્થાનકાળ અનંતગણો વધારે છે. ॥ સૂ૦ ૧૧ ॥

## અન્તક્રિયા (મોક્ષ વિચાર) કા નિરૂપણ

### અન્તક્રિયા (મોક્ષ) વિચાર

જીવનો સંસારસંસ્થાનકાળ કહ્યો, હવે તેની અંતક્રિયા કહે છે—

"जीवेणं भंते! अंतकिरियं करेज्जा" इत्यादि ।

(जीवेणं भंते! अंतकिरियं करेज्जा?) હે પૂજ્ય! શું જીવ અંતક્રિયા કરે છે? (गोयमा!) હે ગૌતમ! (अत्थेगइए करेज्जा अत्थेगइए नो करेज्जा) હા કોઇ જીવ કરે છે અને કોઈ જીવ કરતા નથી. (अंतकिरियापयं नेयव्वं) આ પ્રશ્નનો વિસ્તારથી અર્થ સમજવા માટે પ્રજ્ઞાપનાસૂત્રનું "अंतक्रिया" નામનું વીસમું પદ જોવું.

ટીકાર્થ—"अन्तक्रिया" એટલે સમસ્ત કર્મોનો અંત (નાશ) કરનારી ક્રિયા. અહીં આ વાત કહેવાનું કારણ એ છે કે–કોઈ એવી શંકા કરે કે જીવનું અવસ્થાન (રહેઠાણ) સંસારમાં જ છે કે સંસારમાંથી કયારેય તેની મુક્તિ પણ થશે? તો તે શંકાનું નિવારણ કરવા માટે આ સૂત્ર લખ્યું છે. આ સૂત્રમાં કહ્યું છે કે જીવની કયારેક અન્તક્રિયા (મુક્તિ) પણ થશે. કેટલાંક જીવો એવાં છે એટલે કે જે ભવ્યજીવો છે. તેઓ તો સમસ્ત કર્મના ક્ષયરૂપ અંતક્રિયા કરશે, તેમણે તે પહેલાં અંતક્રિયા કરી છે અને વર્તમાનકાળમાં પણ તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં અંતક્રિયા કરે છે. તથા કેટલાક જીવો અર્થાત્ જે અભવ્ય છે તેમણે કદી પણ આ સમસ્ત કર્મક્ષયરૂપ અંતક્રિયા કરી નથી, વર્તમાન કાળમાં કરતા નથી અને ભવિષ્યમાં કરશે પણ નહીં. "अंतकिरियापयं नेयव्वं" નું તાત્પર્ય એ છે કે પ્રજ્ઞાપનાસૂત્રનું વીસમું "अंतक्रिया" નામનું જે પદ છે તેનું અનુસંધાન અહીં કરી લેવું જોઈએ. તે આ પદ આ પ્રમાણે છે.

"जीवे णं भंते !" ઇત્યાદિ હે પૂજ્ય! શું જીવ અંતક્રિયા કરે છે? હે ગૌતમ! કોઇ જીવ કરે છે અને કોઇ જીવ કરતા નથી. આ પ્રમાણે જ નૈરયિકોથી વૈમાનિકો સુધી સમજવું. એટલે કે ભવ્યજીવો અંતક્રિયા કરે છે. અને અભવ્યજીવો અંતક્રિયા કરતા નથી. અંગારમર્દકઆચાર્ય, સાધુ લિંગ થવા છતાં પણ અભવ્ય હોવાથી ભવ્યત્વના અભાવને કારણે અંતક્રિયા કરી શકયા નહીં. હે પૂજ્ય! જે જીવો નારક પર્યાયમાં રહેલા છે. તે જીવો તે પર્યાયમાં અંતક્રિયા કરે છે ખરા? હે ગૌતમ! આ અર્થ બરાબર નથી, કારણ કે એમ બનતું નથી. વિશેષતા એ છે કે નારક પર્યાયને છોડીને મનુષ્ય પર્યાયમાં આવેલો નારકજીવ મનુષ્ય બનીને અંતક્રિયા કરી શકે છે, તાત્પર્ય એ છે કે મનુષ્ય પર્યાયમાં ઉત્પન્ન થયેલો ભૂતપૂર્વ નારકજીવજ્ઞાન દર્શન, અને ચારિત્રની આરાધના કરીને અશેષ (સમસ્ત) કર્મોનો નાશ કરીને સિદ્ધપદ પ્રાપ્ત કરી શકે છે. ॥ સૂ० ૧૨ ॥

## ઉપપાત પ્રકરણ કા નિરૂપણ

### ઉપપાતપ્રકરણ

રત્નત્રયની આરાધના કરવા છતાં પણ કર્મ બાકી રહેવાને કારણે કોઇ આત્મા અંતક્રિયાના અભાવે દેવનિકાયોમાં (દેવયોનિમાં) ઉત્પન્ન થાય છે. તેથી દેવવિશેષનું કથન કરવાને માટે સૂત્રકાર કહે છે.--"अह भंते! असंजय" ઇત્યાદિ

"अह भंते! असंजयभवियदव्वदेवाणं" इत्यादि ।

(अह भंते!) હે ભદન્ત! (असंजयभवियदव्वदेवाणं) સંયમરહિત ભવ્ય દ્રવ્ય દેવોનો (अविराहियसंजमाणं) આરાધિત સંયમવાળાઓનો (विराहियसंयमाणं) વિરાધિત સંયમવાળા જીવોનો, (अविराहियसंजमासंजमाणं) અવિરધિત સંયમાસંયમવાળાનો (શ્રાવકોનો), (विराहियसंजमासंजमाणं) વિરાધિત સંયમાસંયમવાળાનો (શ્રાવકોનો), (असण्णीणं) અસંજ્ઞી જીવોનો, (तावसाणं) તાપસોનો, (कंदप्पियाणं) કાન્દર્પિકોનો, (चरकपरिव्वायगाणं) ચરકપરિવ્રાજકોનો, (किव्विसियाणं) કિલ્વિષકોનો, (तेरिच्छियाणं) તિર્યંચયોનિના જીવોનો, (आजीवियाणं) આજીવિકોનો. (आभियोगियाणं) આભિયોગિકોનો, (सलिंग-दंसणवावन्नगाणं) શ્રદ્ધાભ્રષ્ટ સ્વવેષધારકોનો, (एएसि णं देवलोगेसु उववज्जमाणाणं)

એ બધાનો–જો તેઓ દેવલોકમાં ઉત્પન્ન થાય તો (कस्स कहिं उववाए पण्णत्ते) કોનો કયાં ઉપપાત (જન્મ) કહ્યો છે? (गोयमा!) હે ગૌતમ! (असंजय-वियदव्वदेवाणं) સંયમરહિત ભવ્યદ્રવ્યદેવોનો (जहण्णेणं) ઓછામાં ઓછો (भवणवासिसु) ભવનવાસીઓમાં (उक्कोसेण) અને વધારેમાં વધારે (उवरिमगेविज्जएसु) ઉપરિમ ગ્રૈવેયકોમાં ઉપપાત (જન્મ) થાય છે. (अविराहिय संजमाणं) અખંડિત સંયમવાળાનો, (जहण्णेणं सोहम्मे कप्पे) ઓછામાં ઓછો સૌધર્મ કલ્પમાં (उक्कोसेणं) અને વધારેમાં વધારે (सव्वट्ठसिद्धे विमाणे) સર્વાર્થસિદ્ધ વિમાનમાં, (विराहियसंजमाणं जहण्णेणं भवणवासीसु, उक्कोसेणं सोहम्मे कप्पे) વિરાધિત સંયમવાળાનો ઓછામાં ઓછો ભવનવાસીઓમાં અને વધારેમાં વધારે સૌધર્મકલ્પમાં (अविराहियसंजमासंजमाणं) અવિરાધિત સંયમાસંયમવાળાનો (આરાધક શ્રાવકોનો) (जहण्णेणं सोहम्मे कप्पे उक्कोसेणं अच्चुए कप्पे) ઓછામાં ઓછો સૌધર્મ કલ્પમાં અને વધારેમાં વધારે અચ્યુત કલ્પમાં (બારમા દેવલોકમાં) (विराहियसंजमासंजमाणं) વિરાધિત સંયમાસંયમ-વાળાનો (जहण्णेणं भवणवासीसु उक्कोसेणं जोइसिएसु) ઓછામાં ઓછો ભવનવાસીઓમાં અને વધારેમાં વધારે જ્યોતિષી દેવોમાં (असण्णीणं) અસંજ્ઞી જીવોનો (जहण्णेणं भवणवासीसु उक्कोसेणं वाणमंतरेसु) ઓછામાં ઓછો ભવનવાસીઓમાં અને વધારેમાં વધારે વાણવ્યંતરોમાં ઉપપાત થાય છે. (अवसेसा सव्वे जहण्णेणं भवणवासीसु उक्कोसेणं वोच्छामि) તે સિવાયના બાકીના સર્વનો ઓછામાં ઓછો ભવનવાસીઓમાં ઉપપાત થાય છે. ઉત્કૃષ્ટની અપેક્ષાએ તેમનો ઉપપાત કહું છું–(तावसाणं जोइसिएसु) તાપસોનો જ્યોતિષ્ક દેવોમાં, (कंदप्पियाणं सोहम्मे कप्पे) કાંદર્પિકોનો સૌધર્મ કલ્પમાં, (चरगपारिव्वायगाणं बंभलोए कप्पे) ચરક પરિવ્રાજકોનો બ્રહ્મલોક કલ્પમાં, (किब्बिसियाणं) કિલ્વિષિકોનો, (लंतगे कप्पे) લાંતક કલ્પમાં, (तेरिच्छियाणं) તિર્યંચોનો, (सहस्सारे कप्पे) સહસ્રાર કલ્પમાં (आजीवियाण अच्चुए कप्पे) આજીવિકોનો અચ્યુત કલ્પમાં, (आभिओगियाणं अच्चुए कप्पे) આભિયોગિક દેવોનો અચ્યુત કલ્પમાં, (सलिंगि दंसणवावन्नगाणं) અને દર્શનભ્રષ્ટ સ્વવેષધારકોનો, (उवरिमगेविज्जएसु) ઉપરિમ ગ્રૈવેયકોમાં ઉપપાત થાય છે.

ટીકાર્થ—આ સૂત્રમાં "अह" શબ્દ પ્રશ્નાર્થક છે. જેઓ સંયત હોતા નથી તેમને અસંયત કહે છે. અસંયત એટલે ચારિત્રના પરિણામથી (ભાવથી) રહિત જે જીવો ચારિત્રના પરિણામથી (ભાવથી) રહિત છે, પરંતુ દેવત્વ પ્રાપ્તિને યોગ્ય છે–હજી દેવપદ પ્રાપ્ત કર્યું નથી–પણ પ્રાપ્ત કરવાના છે–એવાં જીવોને "ભવ્યદ્રવ્યદેવ" કહ્યા છે. અસંયત જે ભવ્યદ્રવ્યદેવો છે તે જીવોને અસંયતભવ્ય-દ્રવ્યદેવ કહે છે. આ રીતે અહીં કર્મધારય સમાસ થયો છે. કોઈ કોઇ એમ પણ કહે છે કે જે અસંયત સમ્યગ્દષ્ટિ જીવો છે તેઓ અસંયતભવ્યદ્રવ્યદેવ છે. એટલે કે અસંયત ભવ્યદ્રવ્યદેવ વડે ચોથા ગુણસ્થાનવર્તી જીવો લેવામાં આવ્યા છે. કહ્યું પણ છે કે—

**"अणुवय महव्वएहि य, बालतवोऽकामनिज्जराए य।**
**देवाउयं निबंधइ, सम्मद्दिट्ठी य जो जीवो॥ १॥"**

જે જીવ સમ્યગ્દૃષ્ટિ હોય છે તે અણુવ્રત, મહાવ્રત, બાલતપ અને અકામ નિર્જરા વડે દેવતાના આયુષ્યનો બંધ બાંધે છે પણ તે કથન બરાબર નથી, કારણ કે જે અસંયત ભવ્યદ્રવ્યદેવ છે તેમનો ઉપપાત દ્રવ્યચારિત્રની આરાધનાથી વધારેમાં વધારે ઉપરિમ ગ્રૈવેયક સુધી જ કહ્યો છે. જેઓ દેશવિરતિ સમ્યગ્દૃષ્ટિ છે તેમનો ઉપપાત તો ઉપરિમ ગ્રૈવેયક દેવનિકાયમાં થતો જ નથી. કારણ કે દેશવિરતિ શ્રાવકોનું અચ્યુત દેવલોકથી ઉપરના ભાગમાં ગમન કહ્યું નથી. તથા તે અસંયત ભવ્યદ્રવ્યદેવ નિહ્નવ પણ નથી, કારણ કે નિહ્નવોનું આ સૂત્રમાં ભિન્નરૂપે કથન થયું છે. તે કારણે અસંયત ભવ્યદ્રવ્યદેવોને મિથ્યાદૃષ્ટિ જીવો જ સમજવા. પછી ભલે તે ભવ્ય હોય કે અભવ્ય હોય. તે અસંયત ભવ્યદ્રવ્યદેવ શ્રમણના ગુણોને ધારણ કરે છે, સમસ્ત સામાચારી અને અનુષ્ઠાનથી યુક્ત રહ્યા કરે છે, પણ તેઓ દ્રવ્યલિંગી હોય છે-ભાવલિંગી હોતા નથી. તેથી અહીં "અસંયતભવ્યદ્રવ્યદેવ" પદ દ્વારા દ્રવ્યલિંગને ધારણ કરનાર શ્રમણગુણસંપન્ન સાધુ જ ગ્રહણ કરવાના છે એમ સમજવું. તેઓ માત્ર ક્રિયાના પાલનના પ્રભાવથી જ ઉપરિમગ્રૈવેયકોમાં ઉત્પન્ન થાય છે. તેઓ સાધુના બધા અનુષ્ઠાનો કરે તો છે, પરન્તુ ચારિત્રના પરિણામથી (ભાવથી) રહિત થઈને જ કરે છે, તેથી તેમને અસંયત કહ્યા છે.

શંકા—ભવ્ય અથવા અભવ્ય મિથ્યાદૃષ્ટિ જીવોને શ્રમણ ગુણના ધારણ કરનારા કેવી રીતે કહી શકાય ? કારણ કે તેમનામાં શ્રમણગુણધારકતા અસંભવિત છે.

ઉત્તર—જો કે તેમનામાં મિથ્યાદર્શનરૂપ દર્શન મોહનો ઉદય હોય છે, છતાં પણ ચક્રવર્તિ વગેરે અનેક મહારાજાઓ વડે સાધુઓનો સત્કાર થતો જોઈને તેમના મનમાં પણ એવાં માન સત્કાર વગેરે પ્રાપ્ત કરવાની ઇચ્છા જાગે છે. અને એ કારણે પ્રવ્રજ્યા અને ક્રિયાઓના અનુષ્ઠાનો પ્રત્યે તેમને રુચિ ઉત્પન્ન થાય છે તેથી તેઓ શાસ્ત્રોક્ત ક્રિયામાત્રનું મોક્ષ બુદ્ધિએ નહીં પણ સંસાર બુદ્ધિએ અનુષ્ઠાન કરનારા બની જાય છે. "**अविराहियसंजमाणं**" કારણ વશાત્ દોષ થવાનો સંભવ હોવા છતાં પણ જેઓ આલોચના વગેરે કરીને પોતાના સંયમને વિરાધના યુક્ત કરતા નથી તે જીવોને અવિરાધિત સંયમવાળા કહેવામાં આવે છે. એટલે કે દીક્ષાકાળથી લઈને જેમણે પોતાના સંયમના ભાવનો ત્યાગ કર્યો નથી. તેમને અવિરાધિત સંયમવાળા કહેવામાં આવે છે. સંજ્વલન કષાયના યોગથી અથવા પ્રમત્તગુણસ્થાનને કારણે તેમનામાં થોડા માયાદિ દોષો સંભવી શકે છે ખરા, પણ તે મુનિઓ આલોચના વગેરે કરીને ચારિત્ર પરિણામથી ચલિત થતા નથી. "**विराहियसंजमाणं**" દીક્ષા લીધી ત્યારથી જ માયાદિ દોષ દ્વારા જેમનો સંયમ (ચારિત્ર) ખંડિત થતો રહે છે તે જીવોને વિરાધિત સંયમવાળા કહે છે "**अविराहियसंजमासंजमाणं**" જ્યારથી સંયમાસંયમ (દેશવિરતિરૂપ ચારિત્ર) અંગીકાર કર્યો છે-એટલે કે જ્યારથી શ્રાવકવ્રત લીધું

છે ત્યારથી જેમનું તે વ્રત અખંડિત છે તેવા જીવોને અવિરાધિત સંયમાસંયમ-વાળા કહેવામાં આવે છે. " विराहियसंजमासंजमाणं " શ્રાવકવ્રત લઈને જેમણે વચ્ચેથી જ દેશવિરતિ પરિણામ ખંડિત કરી નાખ્યું છે. તેમને વિરાધિત સંયમા-સંયમવાળા જીવો કહેવામાં આવે છે. "असन्नीणं" સંજ્ઞા એટલે મન. આ સંજ્ઞારૂપ મનોલબ્ધિથી રહિત જીવોને અસંજ્ઞી કહેવામાં આવે છે. એટલે કે અકામનિર્જરાવાળા જીવો તથા "तावसाणं" વૃક્ષો પરથી પડેલાં પાન આદિ ખાનાર તથા પંચાગ્નિ તપ કરનારા બાલતપસ્વી જીવો, તથા " कंदप्पियाणं " કાન્દર્પિક જીવો-કંદર્પ એટલે પરિહાસ હંસી મજાક વગેરેનું જેમનામાં અસ્તિત્વ હોય છે, તેમને કાન્દર્પિક કહેવામાં આવે છે. અથવા જેઓ કંદર્પ (કુચેષ્ટા) વડે લોકમાં ઉપહાસયુક્ત વ્યવહાર કરે છે, તેમને કાંદર્પિક કહેવામાં આવે છે. તે કાન્દર્પિકો કંદર્પ અને કૌકુચ્ય એટલે બીભત્સ શબ્દો બોલીને બીજાઓને હસાવવાની ક્રિયા કરનારા હોય છે. તેથી તેઓ માત્ર વ્યવહારમાં જ ચારિત્રવાળા કહેવાય છે. તે સાચા ત્યાગી હોતા નથી. કહ્યું પણ છે-

"कह-कह-कहस्सहसणं, कंदप्पो अणिहुया वउल्लावा ।
कंदप्पकहाकहणं, कंदप्पुवएससंसा य ॥ १ ॥
भुम-नयन-वयण-दसणच्छदेहिं करपायकन्नमाईहिं ।
तं तं करेइ जह जह, हसइ परो अत्तणा अहसं ॥ २ ॥
वाया कुक्कुइओ पुण, तं जं वइ जेण हस्सइ अन्नो ।
नाणाविहजीवरुए कुव्वइ मुहतूरए चेव ॥ ३ ॥ "इति

ખડખડાટ હસવું અનિભૃત વચન ઉલ્લાપ એટલે કે પ્રગટ રૂપમાં બકવાદ કરવો. કંદર્પની કથા કહેવી, કંદર્પનો ઉપદેશ દેવો, કંદર્પની પ્રશંસા કરવી, એ બધા કંદર્પ કહેવાય છે. તે કાન્દર્પિકજનો ભ્રકુટિ, નયન, વદન, હોઠ, હાથ, પગ, કાન વગેરેથી એવી એવી ચેષ્ટાઓ કરે છે, તથા ભમર આદિથી એવી ચેષ્ટાઓ કરે છે કે જે ચેષ્ટાઓ જોઈને મનુષ્યોને હસવું આવે છે, તે સમયે તેઓ પોતે હસતા નથી. પણ વાણી દ્વારા તેઓ કૌકુચ્ય કરે છે. એટલે કે તેઓ એવું બોલે છે કે તેમની વાણી સાંભળનારને હસવું આવે છે. તેઓ અનેક જીવોની બોલી બોલે છે, મુખથી વાજું વગાડે છે. આ રીતે અનેક પ્રકારની ક્રિયાઓ તેઓ કરે છે, આવી બધી ક્રિયાઓ કંદર્પરૂપ જ ગણાય છે. તે પ્રકારની ક્રિયાઓ કરવાને કારણે તેમને કાંદર્પિક કહેવામાં આવે છે. એટલા માટે કહે છે કે—

"जो संजओवि एयासु अप्पसत्थासु भावणं कुणइ ।
सो तव्विहेसु गच्छइ, सुरेसु भइओ चरणहीणो " ॥ १ ॥

જે કોઈ સંયત આ અપ્રશસ્ત ભાવનાઓમાં પોતાની વૃત્તિને દોરે છે. એટલે કે સંયમી પુરૂષો પણ જો અપ્રશસ્ત હાસ પરિહાસમાં પોતાની માનસિક વૃત્તિઓને ખેંચાવા દે છે તો તે સંયમી પણ તે પ્રકારના દેવોમાં જન્મ ધારણ કરે છે. અગર ચારિત્રહીન હોય તો તેને માટે ભજના છે 'ભજના'નું તાત્પર્ય આ પ્રમાણે છે.

એવા તે, દેવલોકમાં જન્મ ધારણ કરે પણ ખરા અને ન પણ કરે. ઉપરોક્ત ગાથાનો આ અર્થ છે. આ પ્રમાણે પૂર્વોક્ત ક્રિયાઓ કરનાર જીવને કાંદર્પિક કહે છે.

"**चरगपरिव्वायगाणं**" ભિક્ષાને માટે જે એક ઘેરથી બીજા ઘેર જાય છે તેને ચરક કહેવામાં આવે છે. પુત્ર, કલત્ર આદિને છોડીને જે ફર્યા કરે છે તેને પરિવ્રાજક કહેવામાં આવે છે. ચરક જે પરિવ્રાજક છે, તેને ચરક પરિવ્રાજક કહેવામાં આવે છે. ત્રિદંડી સંન્યાસીને ચરકપરિવ્રાજક કહેવામાં આવે છે. અથવા કુચ્છોટક આદિને ચરક તથા કપિલમતાનુયાયીઓને પરિવ્રાજક કહેવામાં આવે છે. "**किव्विसियाणं**" કિલ્વિષ એટલે પાપ જેમનામાં પાપ મોજૂદ છે તેમને કિલ્વિષિક કહેવામાં આવે છે. જેઓ વ્યવહારમાં ચારિત્રવાળા હોવા છતાં પણ જ્ઞાની તથા ગુરુ વગેરેના અવર્ણવાદ બોલે છે તે કિલ્વિષિક કહેવાય છે, કહ્યું પણ છે–

"**णाणस्स केवलीणं, धम्मायरियस्स सव्वसाहूणं ।**
**माई अवन्नवाई, किव्विसियं भावणं कुणइ ॥ १ ॥**"

જે જ્ઞાનનો, કેવલીઓનો, ધર્માચાર્યોનો અને સાધુઓનો અવર્ણવાદ કરે છે, તેમની સાથે માયાચારીનો ભાવ રાખે છે, તેને કિલ્વિષિક કહેવામાં આવે છે. એ કિલ્વિષિક કૈલ્વિષિક (પાપયુક્ત) ભાવના કરે છે. "**तेरिच्छियाणं**" દેશવિરતિનું પાલન કરનારા ગજ, અશ્વ વગેરે તિર્યંચ જીવો. તથા "**आजीवियाणं**" પાખંડી ખાસ કરીને આજીવિક, તથા નગ્નત્વને ધારણ કરનારા ગોશાલકના શિષ્યો, અથવા ખ્યાતિ, લાભ, માન વગેરેની પ્રાપ્તિ માટે તપસ્યા વગેરે કરનારા. "**आभिओगियाणं** વિદ્યા, મંત્ર વગેરેથી અન્યને પોતાને વશ કરવા, તેમ મારણ, મોહન, ઉચ્ચાટન, આદિ કરવા તેનું નામ '**अभियोग**' છે. અને તે અભિયોગ કરનારને "આભિયોગિક" કહેવામાં આવે છે. અભિયોગ બે પ્રકારના હોય છે. કહ્યું પણ છે.–

"**दुविहो खलु अभिओगो, दव्वे भावे य होइ नायव्वो ।**
**दव्वमि होति जोगा, विज्जा मंता य भावम्मि ॥ १ ॥**"

આ અભિયોગ દ્રવ્ય અને ભાવથી થાય છે. તેના બે પ્રકાર કહ્યા છે. (૧) દ્રવ્ય-અભિયોગ અને (૨) ભાવ અભિયોગ. આ બે પ્રકારનો અભિયોગ જેમનામાં મોજૂદ હોય છે તેમને આભિયોગિક કહેવામાં આવે છે. અથવા અભિયોગ દ્વારા જેઓ પોતાનો વ્યવહાર (આજીવિકા વગેરે) ચલાવે છે તેમને પણ આભિયોગિક કહેવામાં આવે છે. તે આભિયોગિક વ્યવહારની અપેક્ષાએ ચારિત્રશાળી હોવા છતાં પણ મંત્રાદિનો પ્રયોગ કરતા હોવાથી તેમને આભિયોગિક કહેવામાં આવે છે. તાત્પર્ય એ છે કે વ્યવહારની દૃષ્ટિએ તો તેઓ ચારિત્રનું પાલન કરતા હોય છે, પણ મંત્રાદિના પ્રયોગથી તેઓ લોકો પર પોતાનો પ્રભાવ જમાવતા હોય છે. તેથી તેમને આભિયોગિક ગણવામાં આવે છે. કહ્યું પણ છે–

"कोउय-भूईकम्मे, पसिणा-पसिणे निमित्तमाजीवी ।
इड्ढि-रस-साय-गुरुओ, अभिओगं भावणं कुणइ ॥ १ ॥"

કૌતુક. ભૂતિકર્મ, પ્રશ્નાપ્રશ્ન, અને નિમિત્ત મારફત પોતાનો નિર્વાહ ચલાવનારા તથા ઋદ્ધિગર્વ, રસગર્વ અને શાતા ગર્વથી ભારે બનેલા એવા જીવો અભિયોગની ભાવના કરે છે. સૌભાગ્ય-શૃંગાર વગેરેને માટે સ્નાન કરવું અથવા તો લોકોને આશ્ચર્ય ચકિત કરનારી ક્રિયાઓ કરવી તેનું નામ કૌતુક છે. તાવ વગેરેના નિવારણ માટે ભસ્મ વગેરે દવાઓ આપવી તેનું નામ ભૂતિકર્મ છે. સ્વપ્ન વિદ્યાને કહેવી તેનું નામ પ્રશ્નાપ્રશ્ન છે. ઇત્યાદિ ક્રિયાઓ દ્વારા જે પોતાની આજીવિકા ચલાવે તે આભિયોગિક કહેવાય છે. "सलिंगिदंसणवावन्नगाणं" સાધુના વેષને તો ધારણ કર્યો હોય પણ જે દર્શનથી ભ્રષ્ટ થયેલ હોય એવા સાધુને "સલિંગિદર્શનવ્યાપન્નક" કહેવામાં આવે છે. સદોરક મુહપત્તી, રજોહરણ આદિને ધારણ કરવા તે મુનિનો વેષ કહેવાય છે, મુનિનો આ પ્રકારનો વેષ ધારણ કરવા છતાં પણ જે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થયેલ હોય એવા નિહ્નવ જનને સલિંગિવ્યાપન્નક કહેલ છે. ઉપરોક્ત બધા જીવોની જો દેવલોકમાં ઉત્પત્તિ થાય તો કયા જીવની કયા દેવલોકમાં ઉત્પત્તિ થાય છે, એવો પ્રશ્ન ગૌતમ સ્વામીએ પૂછયો છે. ત્યારે પ્રભુએ તેનો આ પ્રમાણે જવાબ દીધો છે-હે ગૌતમ! "असंजयभवियदव्वदेवाणं." જો અસંયત ભવ્યદ્રવ્યદેવની ઉત્પત્તિ દેવલોકમાં થાય તો તેઓ ઓછામાં ઓછા ભવનવાસી દેવોમાં અને વધારેમાં વધારે ઉપરના ગ્રૈવેયકમાં ઉત્પન્ન થાય છે તેનાથી આગળના દેવલોકોમાં તેમની ઉત્પત્તિ થતી નથી. એજ પ્રમાણે સંયમની જેમણે વિરાધના કરી નથી એવા જીવોની જો દેવલોકમાં ઉત્પત્તિ થાય તો ઓછામાં ઓછા સૌધર્મ દેવલોકમાં અને વધારેમાં વધારે સર્વાર્થસિદ્ધ વિમાનમાં તેઓ ઉત્પન્ન થાય છે. જેમણે સંયમ અંગીકાર કરીને તેની વિરાધના કરી હોય તેવાં જીવોની ઉત્પત્તિ ઓછામાં ઓછી ભવનવાસી દેવોમાં અને વધારેમાં વધારે સૌધર્મ દેવલોકમાં થાય છે.

શંકા—દ્રૌપદીએ સુકુમાલિકાના ભવમાં સંયમની વિરાધના કરી હતી. છતાં તે મરીને ઇશાન નામના બીજા દેવલોકમાં ગઈ છે સાંભળવામાં આવ્યું છે. જ્યારે વિરાધિત સંયમવાળાનો જન્મ વધારેમાં વધારે સૌધર્મકલ્પમાં થાય છે એવું કહેલ છે. તો આ વાત કેવી રીતે સંગત હોઈ શકે? શું આ કથન શાસ્ત્રથી વિરુદ્ધ થતું નથી?

ઉત્તર—દ્રૌપદીએ સુકુમાલિકાના ભવમાં સંયમની જે વિરાધના કરી હતી તે કેવળ ઉત્તર ગુણોમાં થઈ હતી-જે બકુશત્વ કરનારી હતી અર્થાત્ શરીરના ઉપકરણ તથા વિભૂષા વગેરેથી સંયમને મલીન કરનારી હતી. મૂલગુણોમાં તે વિરાધના થઈ ન હતી. જ્યારે સંયમની વિરાધના મૂલગુણવિશિષ્ટ હોય છે. ત્યારે તે વિરાધના સૌધર્મકલ્પમાં જ ઉત્પન્ન કરાવનારી હોય છે-તેનાથી ઉપરના

દેવલોકમાં ઉત્પન્ન કરાવનારી હોતી નથી. જો સામાન્ય વિરાધનાથી જ સૌધર્મ કલ્પપર્યંત જ ઉત્પત્તિ થતી હોય તો બકુશ (એક પ્રકારના સાધુ) આદિકોની–કે જેઓ ઉત્તર ગુણોની પ્રતિસેવા–વિરાધના–વાળા હોય છે તેઓની અચ્યુત આદિ દેવલોકમાં કેવી રીતે ઉત્પત્તિ થઈ શકે ? કારણ કે તેઓ પણ થોડા પ્રમાણમાં સંયમના વિરાધક તો હોય છે જ. છતાં તેમની ઉત્પત્તિ અચ્યુત આદિ કલ્પમાં થાય છે એમ સાંભળ્યું છે.

"**अविराहियसंजमासंजमाणं जहण्णेणं सोहम्मे कप्पे**" દેશવિરતિરૂપ શ્રાવકના આચાર ધારણ કરીને તેની વિરાધના ન કરનાર જીવોની ઉત્પત્તિ જઘન્યની અપેક્ષાએ સૌધર્મકલ્પમાં અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ અચ્યુતકલ્પમાં થાય છે. જે જીવોએ દેશવિરતિરૂપ પરિણામોનું વચ્ચેથી જ ખંડન કર્યું છે તેમની ઉત્પત્તિ જઘન્યની અપેક્ષાએ ભવનપતિ દેવોમાં અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ જ્યોતિષી દેવોમાં થાય છે. મનોલબ્ધિરહિત–અકામ નિર્જરાવાળા–અસંજ્ઞી જીવોની ઉત્પત્તિ જઘન્યની અપેક્ષાએ ભવનવાસીઓમાં અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ વાણવ્યંતરોમાં થાય છે.

શંકા—"**चमरबलि सागरमहियं**" ચમરેન્દ્રનું આયુષ્ય સાગરોપમ અને બલિઇન્દ્રનું આયુષ્ય સાગરોપમથી કાંઈક અધિક, એવું કહેવામાં આવ્યું છે. આ કથન વડે અસુરોની ઋદ્ધિ વધારે દર્શાવવામાં આવી છે, અને "**पलिओवमुक्कोसं वंतरियाणं**" વ્યંતરોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યોપમનું કહ્યું છે. આ કથન વડે તેમની ઋદ્ધિ અલ્પ જ બતાવી છે. તો અહીં ભવનપતિની અપેક્ષાએ વાણવ્યંતરોને વધારે ઋદ્ધિવાળા શા કારણે બતાવ્યા છે ?

ઉત્તર—જેટલા આગમો છે. તે બધાં સર્વજ્ઞ દ્વારા પ્રતિપાદિત થયેલાં છે તથા પ્રવાહરૂપે તેઓ બધાં નિત્ય છે. તે કારણે તેમનામાં સ્વતઃ પ્રમાણતા છે. તેમનામાં પરતઃ પ્રમાણતા નથી. તેથી પ્રમાણભૂત શાસ્ત્રના કથનમાં વિપરીતતા સંભવી શકતી નથી, તથા તે સર્વજ્ઞનું કથન છે તેથી એવું અનુમાન કરવું જોઈએ કે કોઇ કોઇ ભવનપતિદેવો એવા પણ હોય છે કે જેમની ઋદ્ધિ વાણવ્યંતર દેવોથી ઓછી હોય છે અને કોઇ કોઇ વ્યંતરદેવો એવા હોય છે કે જેમની ઋદ્ધિ ભવનપતિથી વધારે હોય છે તેમની અપેક્ષાએ જ અહીં વાણવ્યંતરોમાં મહાઋદ્ધિત્વ બતાવવામાં આવેલ છે આ રીતે અહીં કોઇ વિરોધાભાસ રહેતો નથી

"**अवसेसा सव्वे जहणेण्णं भवणवासिसु**" તાપસોથી લઈને સલિંગિદર્શનવ્યાપન્નક સુધીના બાકીના બધા જીવોની ઉત્પત્તિ જઘન્યની અપેક્ષાએ ભવનવાસી દેવોમાં થાય છે. ઉત્કૃષ્ટની અપેક્ષાએ તાપસોની ઉત્પત્તિ જ્યોતિષી દેવોમા. કાંદર્પિકોની ઉત્પત્તિ સૌધર્મકલ્પમાં, ચરક પરિવ્રાજકોની બ્રહ્મલોક

કલ્પમાં, કિલ્વિષકોની લાંતક કલ્પમાં (છટ્ઠા દેવલોકમાં), તિર્યંચોની સહસ્રાર કલ્પમાં, આજીવિકોની બારમા દેવલોકમાં, આભિયોગિકોની પણ બારમાં દેવલોકમાં અને સલિંગિદર્શન વ્યાપન્નકની ઉત્પત્તિ ઉપરના ગ્રૈવેયક સુધી થાય છે.॥સૂ૦૧૩॥

## અસંજ્ઞિ જીવો કી આયુ કા નિરૂપણ

### અસંજ્ઞિ આયુષ્ક વિચાર—

અસંજ્ઞી જીવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે એવું કહ્યું છે. જીવનું કોઈ પણ યોનિમાં ઉત્પન્ન થવું તે આયુષ્યકર્મને અધીન છે તે કારણે સૂત્રકાર હવે અસંજ્ઞી જીવોના આયુષ્યનું નિરૂપણ કરે છે—

"**कइविहेणं भंते !**" इत्यादि ।

( **कइविहेणं भंते ! असन्निआउए पन्नत्ते ?** ) હે પૂજ્ય ! અસંજ્ઞી જીવોનું આયુષ્ય કેટલા પ્રકારનું કહ્યું છે? ( **गोयमा ! चउव्विहे असन्निआउए पन्नत्ते** ) હે ગૌતમ? અસંજ્ઞી જીવોનું આયુષ્ય ચાર પ્રકારનું કહ્યું છે. (**तंजहा**) તે આ પ્રમાણે છે ( **नेरइयअसन्निआउए** ) નૈરયિક અસંજ્ઞી આયુષ્ય, ( **तिरिक्खजोणियअसन्निआउए** ) તિર્યંચયોનિક અસંજ્ઞી આયુષ્ય ( **मणुस्स असण्णिआउए** ) મનુષ્ય અસંજ્ઞી આયુષ્ય, ( **देव असन्नि आउए** ) દેવ અસંજ્ઞી આયુષ્ય. ( **असण्णीणं भंते ! जीवे किं णेरइयाउयं पकरेइ ?** ) હે પૂજ્ય ! અસંજ્ઞી જીવો નારકના આયુષ્યનો બંધ બાંધે છે ખરા? (**तिरिक्खजोणियाउयं पकरेइ?**) શું તે તિર્યંચ યોનિકજીવના આયુષ્યનો બંધ બાંધે છે? (**मणुस्साउयं पकरेइ ?**) શું તે મનુષ્યના આયુષ્યનો બંધ બાંધે છે? ( **देवाउयं पकरेइ ?** ) શું તે દેવના આયુષ્યનો બંધ બાંધે છે?

( **गोयमा !** ) હે ગૌતમ ! ( **णेरइयाउयंपि पकरेइ, तिरिक्खजोणियाउंपि पकरेइ, मणुस्साउयंपि पकरेइ, देवाउयंपि पकरेइ** ) નારકના આયુષ્યનો બંધ પણ બાંધે છે, તિર્યંચ યોનિના આયુષ્યનો બંધ પણ બાંધે છે, મનુષ્યના આયુષ્યનો બંધ પણ બાંધે છે, અને દેવતાના આયુષ્યનો બંધ પણ બાંધે છે. (**णेरइयाउयं पकरेमाणे जहण्णेणं दसवाससहस्साइं उक्कोसेणं पलिओवमस्स असंखेज्जइभागं**

पकरेइ ) જો તે અસંજ્ઞી જીવો નારકીના આયુષ્યનો બંધ બાંધે છે તો ઓછામાં ઓછા દસ હજાર વર્ષનો અને વધારેમાં વધારે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણુ આયુષ્યનો બંધ બાંધે છે, ( तिरिक्खजोणियाइउयं पकरेमाणे जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं पलिओवमस्स असंखेज्जइभागं पकरेइ ) જો તે અસંજ્ઞી જીવો તિર્યંચ યોનિના આયુષ્યનો બંધ બાંધે તો ઓછામાં ઓછા એક અંતર્મુહૂર્ત પ્રમાણુ અને વધારેમાં વધારે એક પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ પ્રમાણુ આયુષ્યનો બંધ બાંધે છે, ( मणुस्साउयंपि एवं चेव देवाउए जहा नेरइयाउए ) મનુષ્યના આયુષ્યનો બંધ પણ એજ પ્રમાણે જાણુવો, અને અસંજ્ઞી-જીવો દેવાયુષ્યનો બંધ નરકાયુષ્ય પ્રમાણે જ બાંધે છે.

(एयस्स णं भंते ! नेरइयअसन्निआउयस्स तिरिक्खजोणिय असन्निआउयस्स, मणुस्सअसन्निआउयस्स देवअसन्निआउयस्स य कयरेहिंतो अप्पे वा बहुए वा तुल्ले वा, विसेसाहिए वा ? ) હે પૂજ્ય ! નારકી અસંજ્ઞી આયુષ્યવાળા, તિર્યંચ યોનિક. અસંજ્ઞી આયુષ્યવાળા મનુષ્ય અસંજ્ઞી આયુષ્યવાળા અને દેવઅસંજ્ઞી આયુષ્યવાળા જીવોમાં કોણુ કોનાં કરતાં અલ્પ છે, કોણુ કોના કરતાં વધારે છે. કોણુ કોના બરાબર છે અને કોણુ કોના કરતાં વિશેષાધિક છે ? ( गोयमा ! ) હે ગૌતમ ! ( सव्वत्थोवे देवअसन्निआउए ) સૌથી ઓછા દેવ અસંજ્ઞી આયુષ્ય-વાળા છે. ( मणुस्सअसन्निआउए असंखेज्जगुणे ) તેમના કરતાં મનુષ્ય અસંજ્ઞી આયુષ્યવાળા અસંખ્યાતગણા છે. ( तिरियअसन्निआउए असंखेज्जगुणे ) મનુષ્ય અસંજ્ઞી આયુષ્યવાળાથી તિર્યંચ અસંજ્ઞી આયુષ્યવાળા અસંખ્યાત ગણા અધિકછે. ( नेरइए असन्निआउए असंखेज्जगुणे ) અને તિર્યંચ અસંજ્ઞી આયુષ્યવાળાથી નારક અસંજ્ઞી આયુષ્યવાળા જીવો અસંખ્યાત ગણા છે “ सेवं भंते ! सेवं भंते! त्ति ” હે પૂજ્ય ! એ બધુ એ પ્રમાણે જ છે હે પૂજ્ય ! એ બધુ એ પ્રમાણે જ છે.

ટીકાર્થ—“ कइविहेणं भंते ! ” હે પૂજ્ય ! કેટલા પ્રકારના “ असन्नि आउए पन्नत्ते ” અસંજ્ઞિઆયુષ્યવાળા જીવો કહ્યા છે ? પ્રભુ તે પ્રશ્નનો આ પ્રમાણે જવાબ આપે છે–“ गोयमा ! ” હે ગૌતમ ! “ चउव्विहे असन्निआउए

**पण्णत्ते** ” ચાર પ્રકારના અસંજ્ઞિ આયુષ્યવાળા જીવો કહ્યા છે. આ ભવમાં અસંજ્ઞિ રૂપે જન્મીને જે જીવો પરભવ યોગ્ય આયુષ્યનો બંધ બાંધે છે તે જીવોને અસંજ્ઞિઆયુષ્યવાળા કહે છે.

તે અસંજ્ઞિઆયુષ્યવાળા જીવો ચાર પ્રકારના કહ્યા છે–(૧) નૈરયિક અસંજ્ઞિ આયુષ્યવાળા, (૨) તિર્યંચ યોનિક અસંજ્ઞિઆયુષ્યવાળા, (૩) મનુષ્ય અસંજ્ઞિ આયુષ્યવાળા અને (૪) દેવ અસંજ્ઞિઆયુષ્યવાળા. જે અસંજ્ઞી જીવો નૈરયિક પ્રાયોગ્ય આયુષ્યનો બંધ બાંધે છે તેને નૈરયિક અસંજ્ઞિઆયુષ્યવાળા કહે છે. જે અસંજ્ઞી જીવ તિર્યંચ યોનિવાળા જીવોનો પ્રાયોગ્ય આયુષ્યનો બંધ બાંધે છે તેને તિર્યક્યોનિક અસંજ્ઞી આયુષ્યવાળા કહે છે. જે અસંજ્ઞી જીવ મનુષ્યના પ્રાયોગ્ય આયુષ્યનો બંધ બાંધે છે તેને મનુષ્ય અસંજ્ઞી આયુષ્ય-વાળા કહે છે. જે અસંજ્ઞી જીવો દેવોના પ્રાયોગ્ય આયુષ્યનો બંધ બાંધે છે તેને દેવઅસંજ્ઞી આયુષ્યવાળા કહે છે. “ **असंज्ञिन आयुः इति असंज्ञ्यायुः** ” અસંજ્ઞીનું આયુ તે અસંજ્ઞ્યાયુ એવું તો સંબંધ માત્રથી પણ થાય છે. જેમ કે “ **भिक्षोः पात्रं** ” ભિક્ષુનું પાત્ર, તે ‘ **भिक्षुपात्र** ’ ભિક્ષુપાત્ર કહેવાય છે. તેથી અસંજ્ઞીજીવોનો કૃતત્વરૂપ સંબંધ વિશેષ દર્શાવવાને માટે સૂત્રકાર ‘**असण्णीणं**’ ઇત્યાદિ સૂત્રો કેહે છે—“ **असण्णी णं भंते ! जीवे किं नेरइयाउयं पकरेइ** ” હે પૂજ્ય ! શું અસંજ્ઞી જીવો નૈરયિક આયુષ્યનો બંધ બાંધે છે ? અહીં “ **पकरेइ** ” (**प्रकरोति**) નો અર્થ “બંધ બાંધે છે.” એવો થાય છે. એજ પ્રમાણે શું તે “**तिरिक्ख जोणियाउयं पकरेइ** ” તિર્યંચ યોનિના જીવના આયુષ્યનો બંધ બાંધે છે ? “**मणुस्साउयं पकरेइ**” શું તે મનુષ્યના આયુષ્યનો બંધ બાંધે છે ? “**देवाउयं पकरेइ**” શું તે દેવતાના આયુષ્યનો બંધ બાંધે છે ? આ પ્રશ્નનો પ્રભુએ આ પ્રમાણે જવાબ આપ્યો–હે ગૌતમ ! અસંજ્ઞી જીવો નૈરયિકના આયુષ્યનો પણ બંધ બાંધે છે, તિર્યગ્ યોનિક જીવોના આયુષ્યનો પણ બંધ બાંધે છે, મનુષ્યના આયુષ્યનો પણ બંધ બાંધે છે અને દેવતાના આયુષ્યનો પણ બંધ બાંધે છે. તાત્પર્ય એ છે કે, અસંજ્ઞી જીવો નારક, તિર્યંચ મનુષ્ય અને દેવ, એ ચારે ગતિઓના આયુષ્યનો બંધ બાંધે છે, નૈરયિક વગેરેના આયુષ્યનો બંધ કરતો તે અસંજ્ઞી જીવ ત્યાં ઓછામાં ઓછી કેટલી સ્થિતિ પ્રાપ્ત કરે છે અને વધારેમાં વધારે કેટલી સ્થિતિ પ્રાપ્ત કરે છે ? આ વિષયનું સ્પષ્ટીકરણ કરવાને માટે સૂત્રકાર કહે છે કે જો તે અસંજ્ઞી જીવો નૈરયિક જીવોના આયુષ્યનો બંધ બાંધે તો ઓછામાં ઓછા દસ હજાર વર્ષ પ્રમાણ અને વધારેમાં વધારે પલ્યોપમના અસંખ્યાતમાં ભાગપ્રમાણ આયુષ્યનો બંધ બાંધે છે. અહીં દસ હજાર વર્ષનું પ્રમાણ જે ઓછામાં ઓછું આયુષ્ય કહ્યું છે તે રત્નપ્રભા નામની પહેલી પૃથ્વીના (નરક) પહેલા પ્રસ્તટની ( પાથડાની ) અપેક્ષાએ કહેલ છે, એમ સમજવું. તથા પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ પ્રમાણનું જે વધારેમાં વધારે આયુષ્ય કહ્યું છે તે રત્નપ્રભા ( પહેલી ) પૃથ્વીના ( નરકના ) ચોથા પ્રસ્તટમાં (પાથડામાં) રહેલા મધ્યમ સ્થિતિવાળા નારકોની અપેક્ષાએ કહેલ છે એમ જાણવું.

શંકા—આ જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ પહેલી પૃથ્વી (નરક)ના પહેલા

અને ચોથા પ્રસ્તટના (પાથડાની) મધ્યમ સ્થિતિવાળા નારકોની અપેક્ષાએ કહેલ છે, એવું આપ શા કારણ કહો છો?

ઉત્તર—રત્નપ્રભા પૃથ્વીના પહેલા પ્રસ્તટમાં (પાથડામાં) જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની કહી છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ નેવું હજાર વર્ષની કહી છે. તથા રત્નપ્રભા પૃથ્વીના બીજા પ્રસ્તટમાં જઘન્ય સ્થિતિ દસ લાખ વર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ નેવું લાખ વર્ષની કહી છે. રત્નપ્રભા પૃથ્વીના ત્રીજા પ્રસ્તટમાં જઘન્ય સ્થિતિ નેવું લાખ વર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક કોટી (કરોડ) પૂર્વની કહી છે. રત્નપ્રભા પૃથ્વીના ચોથા પ્રસ્તરમાં જઘન્ય સ્થિતિ એક કોટિ (કરોડ) પૂર્વની અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમના દસમાં ભાગ જેટલી કહી છે. આ રીતે પહેલી નરકના ચોથા પ્રસ્તટમાં મધ્યમ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગપ્રમાણ સિદ્ધ થઈ જાય છે.

તિર્યંચના સૂત્રમાં એવું જે કહ્યું છે કે અસંજ્ઞી જીવો ઓછામાં ઓછા અન્તર્મુહૂર્તપ્રમાણ અને વધારેમાં વધારે એક પલ્યોપમના અસંખ્યાતમાં ભાગપ્રમાણ આયુષ્યનો બંધ બાંધે છે–તે કથન તિર્યંચયુગલીયાજીવોની અપેક્ષાએ જાણવું. "मणुस्साउयं पि एवं चेव" મનુષ્યના આયુષ્યના વિષયમાં પણ એમ જ સમજવું, એટલે કે જો અસંજ્ઞી જીવો મનુષ્ય આયુષ્યનો બંધ બાંધે તો ઓછામાં ઓછા અન્તર્મુહૂર્તપ્રમાણ અને વધારેમાં વધારે પલ્યોપમના અસંખ્યાતમાં ભાગપ્રમાણ આયુષ્યનો બંધ બાંધે છે. આ કથન પણ યુગલીયા મનુષ્યોને અનુલક્ષી ને કરાયું છે. "देवाउए जहा नेरइयाउए" અસંજ્ઞીજીવો જો દેવતાના આયુષ્યનો બંધ બાંધે તો નારકોના આયુષ્ય જેટલી જ જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્યની સ્થિતિનો બંધ બાંધે છે. આ કથન ભવનપતિ અને વાણવ્યંતરદેવોની અપેક્ષાએ કરવામાં આવ્યું છે, તેમ જાણવું.

"एयस्स णं भंते ! नेरइयअसन्निआउयस्स तिरिक्खजोणियअसन्निआउयस्स मणुस्सअसन्निआउयस्स देवअसन्निआउयस्स कयरे कयरेहिंतो अप्पे वा बहुए वा तुल्ले वा विसेसाहिए वा ?" નૈરયિક અસંજ્ઞીઆયુષ્યવાળા જીવો, તિર્યગ્યોનિક અસંજ્ઞીઆયુષ્યવાળા જીવો, મનુષ્ય અસંજ્ઞીઆયુષ્યવાળા જીવો અને દેવઅસંજ્ઞી આયુષ્યવાળા જીવો,–એ ચારે આયુષ્યવાળા જીવોમાં કયા જીવો કોના કરતાં અલ્પ છે, કયા કોના કરતાં વધારે છે, કયા કોની બરાબર છે, અને કયા જીવો કોની કરતાં વિશેષાધિક છે? ગૌતમસ્વામીના ઉપરોક્ત ચારે પ્રશ્નોના ઉત્તર મહાવીરપ્રભુએ આ પ્રમાણે આપ્યા છે–હે ગૌતમ! તેઓમાં દેવઅસંજ્ઞી આયુષ્યવાળા જીવો સૌથી અલ્પ છે, મનુષ્ય અસંજ્ઞી આયુષ્યવાળા જીવો તેનાથી અસંખ્યાતગણા વધારે છે, તિર્યગ્યોનિક અસંજ્ઞીઆયુષ્યવાળા જીવો તેના કરતાં પણ અસંખ્યાતગણા વધારે, છે અને તિર્યગ્યોનિક અસંજ્ઞીઆયુષ્યવાળા જીવો કરતાં નૈરયિક અસંજ્ઞી આયુષ્યવાળા જીવો અસંખ્યાતગણા વધારે છે. આ પ્રમાણે "एयस्स णं भंते! ઇત્યાદિ સૂત્રો અસંજ્ઞી જીવોમાં અલ્પતા અધિકતા

વગેરે જે કથન કરાયું છે. તે કથન આયુષ્યના ઓછાવત્તાની અપેક્ષાએ કરવામાં આવ્યું છે તેમ જાણવું. ભગવાને જે કહ્યું તેની અનુમોદના કરતાં શ્રી ગૌતમ સ્વામી કહે છે. " **सेवं भंते ! सेवं भंते ! त्ति** " હે પૂજ્ય! આપના કહેવા પ્રમાણે જ તે હકીકત છે, એ પ્રમાણે જ છે." અહીં જે દ્વિરૂક્તિ કરવામાં આવી છે તે ભગવાનના વચનોમાં શ્રદ્ધા અને ભક્તિની અધિકતાનું સૂચન કરે છે, " त्ति " પદ એ બતાવે છે કે ગૌતમસ્વામીએ આ પ્રમાણે કહીને શ્રદ્ધા અને ભક્તિપૂર્વક ભગવાનને વંદણા નમસ્કાર કર્યા, અને વંદણા નમસ્કાર કરીને સંયમ તથા તપથી આત્માને ભાવિત કરતા થકા પોતાના ઉચિત સ્થાને બેસી ગયા ॥ સૂ. ૧૪ ॥

॥ દ્વિતીય ઉદ્દેશક સમાપ્ત ॥

## તૃતીય ઉદ્દેશક કે વિષયો કા સંક્ષેપ સે નિરૂપણ

## ત્રીજો ઉદ્દેશક પ્રારંભ

ત્રીજા ઉદ્દેશકમાં નીચેના વિષયોનું નિરૂપણ કરાયું છે—

કાંક્ષામોહનીયકર્મ શું જીવકૃત છે? કાંક્ષામોહનીયકર્મના ઉપાર્જનપ્રકાર, તેના ચાર ભેદ અને તેમાં ચતુર્થપક્ષનો સ્વીકાર. નારક આદિ ચોવીસ દંડકમાં કાંક્ષામોહનીયનો વિચાર. ચોવીસ દંડકના સંબંધમાં કાંક્ષામોહનીયમાં ત્રણકાળવિષયક વિચાર, ચય, ઉપચય, ઉદીરણ, વેદન અને નિર્જરાનું નિરૂપણ. કાંક્ષામોહનીયકર્મના વેદનપ્રકાર. વેદનકારણનું પ્રદર્શન. સન્દેહ, સ્વધર્મનો ત્યાગ કરીને પરધર્મનો સ્વીકાર. ફલાશંકા સંદિગ્ધતા, જિનભાષિત વચનોમાં સત્યતા. સ્વીકાર કરનાર અને તે પ્રમાણે આચરણ કરનારમાં આરાધકતા, અસ્તિત્વ, નાસ્તિત્વ પરિણામનો વિચાર. પ્રયોગ, **સ્વભાવ, કાંક્ષામોહનીયબંધ,** તેના પ્રકાર અને કારણોનું પ્રદર્શન. પ્રમાદ અને યોગનો વિચાર, પ્રમાદજનક યોગ, યોગજનક વીર્ય, વીર્યજનક શરીર, શરીરજનક જીવ ઉત્થાન કર્મ આદિનું અસ્તિત્વ. ઉદીરણ, ગર્હણ એના સંવરણમાં કોની ઉદીરણા, શું ઉદીરણયોગ્યની ઉદીરણા? અથવા ઉત્થાનાદિ દ્વારા ઉદીરણા? અનુદીર્ણનું ઉપશમન. આગળ મુજબ પ્રદર્શન પ્રકાર, ઉદયપ્રાપ્ત કર્મોનું નિર્જરણ, નારકજીવોથી લઇને સ્તનિતકુમાર સુધીના જીવોના વિષયમાં વેદનાનો વિચાર, પૃથ્વીકાયિક જીવોને શું કાંક્ષામોહનીયનું વેદન થાય છે? એવો પ્રશ્ન 'हाँ થાય છે.' એવો ઉત્તર. " શું તેમને તર્ક, સંજ્ઞા, પ્રજ્ઞા, મન અને વચન હોય છે?" એવો પ્રશ્ન " નથી હોતાં " એવો ઉત્તર. " **तथापि वेदयन्ति** " આ જિનોક્ત વચનમાં સત્યતા. આ પ્રમાણે ચતુરિન્દ્રિય સુધીના જીવોનો વિચાર. સામાન્ય જીવની જેમ પંચેન્દ્રિય તિર્યંચથી લઈને વૈમાનિક સુધીનો વિચાર. " શ્રમણ, કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે કે નથી કરતા?" એવો પ્રશ્ન " વેદન કરે છે" એવો ઉત્તર.

"કેવી રીતે વેદન કરે છે?" એવો પ્રશ્ન, "જ્ઞાન, દર્શન, ચારિત્ર, વેષ, પ્રવચન, પ્રવચનાભ્યાસી પુરુષ, કલ્પ, માર્ગ, મત, ભંગ, નય, નિયમ અને પ્રમાણના ભેદોને જોઇને સંદેહયુક્ત થવાથી, સ્વધર્મ પરિત્યાગ કરવાથી, કલુષાશંકા થવાથી અનૈયત્ય (અનિશ્ચિતતા) વિપરીતતા પ્રાપ્ત કરવાથી શ્રમણો કાંક્ષામોહનીયકર્મનું વેદન કરે છે" એવો ઉત્તર.

બીજા ઉદ્દેશકની સમાપ્તિ કરીને કર્મસંબંધી વેદના વગેરેનો વિચાર કરવાને માટે હવે સૂત્રકાર ત્રીજા ઉદ્દેશકની શરૂઆત કરે છે. તેનો આગળના ઉદ્દેશકની સાથે આ જાતનો સંબંધ છે-બીજા ઉદ્દેશકના છેવટના સૂત્રમાં આયુવિશેષનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તે આયુ મોહાત્મક દોષના સદ્ભાવે જ સંભવી શકે છે, તેથી ત્રીજા ઉદ્દેશકની શરૂઆતમાં સૂત્રકાર મોહનીયવિશેષનું નિરૂપણ કરે છે. તથા આદિમાં સંગ્રહગાથામાં જે "कंखपओगे" એવું ત્રીજા દ્વારરૂપે કહેવામાં આવ્યું છે તેને બતાવતાં સૂત્રકાર આ સૂત્ર કહે છે—

"जीवाणं भंते ! कंखामोहणिज्जे" ઇત્યાદિ !

## કાંક્ષામોહનીય કર્મ કા નિરૂપણ

મૂલાર્થ-(**जीवाणं भंते ! कंखामोहणिज्जे कम्मे कडे ?**) હે ભદન્ત ! જીવનું કાંક્ષામોહનીયકર્મ શું જીવકૃત હોય છે? (**हंता कडे**) હા, હોય છે. (**से भंते ! किं देसेणं देसे कडे, देसेणं सव्वे कडे, सव्वेणं देसे कडे, सव्वेणं सव्वे कडे ?**) હે ભદન્ત ! શું કાંક્ષામોહનીયકર્મનો એક અંશ એક દેશકૃત હોય છે? કે એક દેશથી કાંક્ષામોહનીયકર્મનો સમસ્ત અંશ કૃત હોય છે? કે સર્વદેશથી કાંક્ષા-મોહનીયનો એક દેશ કૃત હોય છે? કે સર્વદેશથી કાંક્ષામોહનીયનો સર્વદેશ કૃત હોય છે? (**गोयमा ! नो देसेणं देसे कडे, नो देसेणं सव्वे कडे, नो सव्वेणं देसे कडे, सव्वेणं सव्वे कडे**) હે ગૌતમ ! તે કાંક્ષામોહનીયકર્મ દેશથી દેશ કૃત નથી, દેશથી સર્વ કૃત નથી, સર્વથી દેશ કૃત નથી પણ સર્વથી સર્વકૃત છે. (**नेरइयाणं भंते ! कंखामोहणिज्जे कम्मे कडे ?**) હે ભદન્ત ! નૈરયિકનું કાંક્ષા-મોહનીયકર્મ શું કૃત હોય છે? (**हंता कडे जाव सव्वेणं सव्वे कडे एवं जाव वेमाणियाणं दंडओ भाणियव्वो**) હા, નારકનું કાંક્ષામોહનીયકર્મ કૃત છે. તે સર્વથી સર્વકૃત છે ત્યાં સુધી સમજવું. આ પ્રમાણે જ વૈમાનિકો સુધીનું દંડક કહેવું જોઈએ.

ટીકાર્થ—અહીં ગૌતમસ્વામીએ મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછ્યો છે કે હે ભદન્ત ! શું જીવોનું કાંક્ષામોહનીયકર્મ શું જીવકૃત હોય છે? 'કૃત' એટલે ક્રિયા વડે જેની પ્રાપ્તિ થાય છે તે. એટલે કે જીવનું જે કાંક્ષામોહનીયકર્મ છે તે શું જીવકૃત ક્રિયા વડે નિષ્પાદિત થાય છે? જે આત્માને સત્ અને અસત્ના વિવેકથી શૂન્ય બનાવે છે તેનું નામ મોહનીય છે. "**मोहयति विकलं करोति आत्मानम् इति मोहनीयम्**" એવી મોહનીય શબ્દની વ્યુત્પત્તિ થાય છે. ચારિત્રમોહનીય કર્મ પણ આત્માને સત્ અને અસત્ના વિવેકથી

રહિત બનાવે છે તેથી અહીં તેને ગ્રહણ કરવાનું ન હોવાથી 'મોહનીય' પદની સાથે કાંક્ષાપદ મૂકયું છે. કાંક્ષામોહનીય એટલે દર્શનમોહનીય કર્મ. અન્ય દર્શનને ગ્રહણ કરવું તેનું નામ કાંક્ષા છે તે કાંક્ષાથી જે આત્માને મોહિત કરે છે તેને કાંક્ષામોહનીય કહે છે. તાત્પર્ય એ છે કે મોહનીયની સાથે કાંક્ષા પદ મૂકવાથી ચારિત્રમોહનીયની વ્યાવૃત્તિ (નિવૃત્તિ) થઇ જાય છે, કારણ કે તે (ચારિત્રમોહનીય) કાંક્ષાથી આત્માને મોહિત કરતું નથી. જુદા જુદા એકાન્તપ્રરૂપક મતોને ગ્રહણ કરવા, અર્થાત્ અનેકાન્તપ્રરૂપક ધર્મમાં શ્રદ્ધા ન રાખતાં જુદા જુદા એકાન્તપ્રરૂપક ધર્મોમાં શ્રદ્ધા રાખવી તેનું નામ કાંક્ષા છે. તે કાંક્ષાથી જીવ દર્શનમોહનીય કર્મનો બંધ બાંધે છે. કાંક્ષામોહનીયનું બીજું નામ મિથ્યાત્વમોહનીય પણ છે. તેથી કાંક્ષામોહનીય એટલે મિથ્યાત્વમોહ-નીય પણ કહેવાય છે, કાંક્ષાપદ ઉપલક્ષક પદ છે. કારણ કે તેની મારફત શંકા વગેરે ગ્રહણ કરાયેલ છે " कडे " એટલે કૃત-ક્રિયાનિષ્પાદિત

ભગવાને તે પ્રશ્નનો આ પ્રમાણે જવાબ દીધો છે-" હે ગૌતમ! " हंता " હા હોય છે " એટલે કે જે કાંક્ષામોહનીય કર્મ તે જીવ વડે અવશ્ય કરાયેલ હોય છે. તે કારણે જ તેને કર્મ કહેવામાં આવે છે. તાત્પર્ય એ છે કે જેટલાં કર્મો તે બધાં જીવ વડે જ કરાયેલાં હોય છે. જો તે જીવથી કરાયાં ન હોય તો તેમને કર્મ કહી શકાય જ નહીં. એજ પ્રમાણે જો કાંક્ષામોહનીય કર્મરૂપ છે તે પણ અવશ્ય જીવ દ્વારા જ કરાયું હોય છે. અન્યથા તેને કર્મ કહી શકાય નહીં કાંક્ષામોહનીયકર્મ ક્રિયા નિષ્પાદ્ય છે-તેનું તાત્પર્ય એ છે કે જીવ મન, વચન અને કાયાની ક્રિયા વડે તેને નિષ્પન્ન (સિદ્ધ) કરે છે. તેથી ક્રિયાવડે સિદ્ધ થયેલું હોવાથી તે પણ કર્મરૂપ જ છે. આ કર્મ જીવને પર પદાર્થોમાં મોહ ઉત્પન્ન કરાવે છે. અને એજ એનું કામ છે.

શંકા—કેવળ " મોહનીયકર્મ " એવો પ્રયોગ કરવો જોઈએ. છતાં મોહ-નીયની સાથે " કાંક્ષા " પદનો વિશેષણ તરીકે શા કારણે પ્રયોગ કર્યો છે?

સમાધાન—મોહનીયકર્મના બે પ્રકાર કહ્યા છે-(૧) ચારિત્રમોહનીય અને (૨) દર્શનમોહનીય. અહીં દર્શનમોહનીય કર્મ જ ગ્રહણ કરવાનું છે. તેથી દર્શનમોહનીય કર્મનો સંગ્રહ કરવાને માટે જ 'મોહનીય' પદની સાથે 'કાંક્ષા' પદ મૂકયું છે. " કાંક્ષામોહનીય " શબ્દનો અર્થ આ પ્રમાણે છે- અન્ય દર્શનોનો સ્વીકાર એટલે કાંક્ષા તે કાંક્ષારૂપ જે મોહનીય તેને કાંક્ષામોહ-નીય કહે છે. તેનું બીજું નામ મિથ્યાત્વમોહનીય પણ છે. ક્રિયા કરવાના ચાર પ્રકાર છે એટલે કે લોકમાં ક્રિયા કરવાની ચાર પદ્ધતિ જોવામાં આવે છે-જેમ કે કોઇ માણસ કોઈ વસ્તુને ઢાંકવાની ક્રિયા કરે તો તે તેને ચાર પ્રકારે ઢાંકી શકે છે-(૧) પોતાના શરીરના હાથ આદિ અવયવ વડે તે મનુષ્ય તે વસ્તુનો એક દેશ પણ (ભાગ) ઢાંકી શકે છે, (૨) અને એજ હાથ આદિ અવયવ વડે તે સંપૂર્ણ વસ્તુને પણ ઢાંકી શકે છે, (૩) પોતાના સંપૂર્ણ શરીર વડે વસ્તુના એક ભાગને તે ઢાંકી શકે છે, અને (૪) પોતાના સમસ્ત શરીરથી તે સમસ્ત વસ્તુને પણ ઢાંકી શકે છે. તાત્પર્ય એ છે કે કોઈ પણ જીવ

પોતાના શરીરના અવયવથી એટલે એક ભાગથી પદાર્થના એક દેશ રૂપ અવયવનું આચ્છાદન કરી શકે છે. કોઈ શરીરના અવયવથી અવયવીરૂપ સંપૂર્ણ પદાર્થનું આચ્છાદન કરી દે છે, કોઇ સમસ્ત શરીર વડે પદાર્થના એક દેશ (ભાગ) નું આચ્છાદન કરી દે છે અને કોઈ સમસ્ત શરીર વડે સમસ્ત પદાર્થનું આચ્છાદન કરી દે છે.

આ રીતે (૧) અવયવ દ્વારા અવયવમાં ક્રિયા, (૨) અવયવદ્વારા અવયવીમાં ક્રિયા, (૩) અવયવી દ્વારા અવયવમાં ક્રિયા અને (૪) અવયવી દ્વારા અવયવીમાં ક્રિયા–આ ચાર ભાંગા રૂપ ભેદ થઇ જાય છે. એ ચાર ભાંગામાંથી કયા ભાંગાની અપેક્ષાએ જીવ કાંક્ષામોહનીય કર્મનો બંધ બાંધે છે–એટલે કે ક્રિયા કરવાના આ ચાર ભાંગામાંથી ક્રિયા કરવાની કઈ પદ્ધતિ દ્વારા આત્મા કાંક્ષા મોહનીય કર્મનો બંધ બાંધે છે? એ પ્રશ્ન રૂપ વાતને "**से भंते ! किं देसेणं देसे कडे? देसेणं सव्वे कडे ? सव्वेणं देसे कडे ? सव्वेणं सव्वे कडे ?**" આ સૂત્રપાઠ દ્વારા દર્શાવવામાં આવેલ છે કે–(૧) હે ભદન્ત ! શું જીવના એક અંશરૂપ દેશથી કાંક્ષામોહનીય કર્મનો એક અંશ કરાયો હોય છે? કે (૨) જીવના એક અંશ દ્વારા સમસ્ત કાંક્ષામોહનીય કર્મ કરાયું હોય છે? કે (૩) જીવના સર્વ અંશ દ્વારા કાંક્ષામોહનીય કર્મનો એક અંશ કરાયો હોય છે. ? કે (૪) જીવના સર્વ અંશ દ્વારા સમસ્ત કાંક્ષા મોહનીયકર્મ કરાયું હોય છે? પ્રભુએ એ પ્રશ્નોનો આ પ્રમાણે ઉત્તર આપ્યો છે–હે ગૌતમ ! જીવના એક દેશ દ્વારા તે કાંક્ષામોહનીય કર્મ એક દેશરુપે કરાતું નથી, અને જીવના એક દેશ દ્વારા પણ તે કાંક્ષામોહનીય કર્મ સર્વાંશ રૂપે કરાતું નથી, અને જીવના સર્વાંશો દ્વારા તે કાંક્ષામોહનીયકર્મ એકદેશરૂપે કરાતું નથી, પરન્તુ જીવના સર્વાંશો દ્વારા જ તે કાક્ષામોહનીય કર્મ સર્વાંશે કરાયું છે, આ પ્રમાણે ક્રિયા કરવાની ચાર પદ્ધતિમાંથી અહીં છેલ્લી પદ્ધતિ લેવામાં આવી છે.

શંકા—"**सव्वेणं सव्वे कडे**" એટલે કે "જીવના સમસ્ત પ્રદેશો દ્વારા તે સમસ્ત કાંક્ષામોહનીય કર્મ કરાયું છે" એવું આપ કેવી રીતે કહો છો?

ઉત્તર––જીવનો એવો સ્વભાવ છે કે તે એક સમયમાં જેટલાં બાંધવા યોગ્ય કર્મ પુદ્‌ગલોનો બંધ બાંધે છે. તેટલાં કર્મપુદ્‌ગલોને તે પોતાના સમસ્ત આત્મપ્રદેશો સાથે વિશિષ્ટ રૂપે અવગાઢ કરી લે છે–જોડી લે છે, તે કર્મપુદ્‌ગલોનું બંધન કરવામાં જીવના સમસ્ત પ્રદેશોનો વ્યાપાર (પ્રવૃત્તિ) થાય છે. તેથી જ "**सव्वेणं सव्वे कडे**" એવું કહ્યું છે. એવું બનતું નથી કે "એક સમયમાં કાંક્ષામોહનીયકર્મનો કેટલોક અંશ બંધાય, અને બીજા સમયમાં બીજો કેટલોક અંશ બંધાય, ત્રીજા સમયમાં વળી બીજો કેટલોક અંશ બંધાય, અને એ રીતે કેટલાય સમયોમાં કાંક્ષામોહનીયકર્મનો બંધ બંધાય, કારણ કે કાંક્ષામોહનીય કર્મના સર્વાંશો એક જ સમયે જીવના સમસ્ત પ્રદેશોની સાથે બંધ પામે છે, તેથી એક જ કાળમાં સમસ્ત આત્મપ્રદેશોની સાથે કાંક્ષા મોહનીય કર્મ સર્વાંશે બંધદશાને પ્રાપ્ત થતું હોવાથી "**सव्वेणं सव्वं कयं**"

એમ કહેવામાં આવેલ છે. આ રીતે ચોથા ભાંગાનો જ અહીં સ્વીકાર થયો છે, બાકીના ત્રણ ભાંગાનો સ્વીકાર થયો નથી. તે કારણે જ એવું કહ્યું છે કે "एगपएसोगाढं सव्वपएसेहिं कम्मुणो जोग्गं बंधइ जहुत्तहेउं" એક પ્રદેશમાં અવગાઢ થયેલ કર્મપુદ્ગલોનો બંધ, જીવ સર્વ પ્રદેશોથી યથોક્ત હેતુઓદ્વારા એટલે કે મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ આદિ કારણો દ્વારા-બાંધે છે. અહીં એક પ્રદેશાવગાઢનું તાત્પર્ય આ પ્રમાણે છે-જે પ્રદેશો જીવદ્રવ્યોની અપેક્ષાએ અને કર્મદ્રવ્યની અપેક્ષાએ સમાન છે, તે પ્રદેશોમાં જે કર્મ અવગાઢ (જોડાયેલા) છે તેને એક પ્રદેશાવગાઢ કર્મ કહે છે. તે એક પ્રદેશાવગાઢ કર્મના બંધનમાં જીવના સમસ્ત પ્રદેશોની પ્રવૃત્તિ થાય છે. તે કારણે જીવ પોતાના સમસ્ત પ્રદેશોથી એક સમયમાં બંધન યોગ્ય તથા સમાન પ્રદેશોમાં અવગાઢ થયેલ સમસ્ત કર્મનો પૂર્વોક્ત કારણોપૂર્વક બંધ બાંધે છે. એટલે કે એક પ્રદેશાવગાઢ કર્મ બાંધવામાં જીવના સમસ્ત પ્રદેશો સક્રિય થાય છે. તેથી એક સમયમાં જીવ જેટલાં કર્મ બાંધી શકે છે એટલાં સમસ્ત કર્મોને તે બાંધે છે અથવા "सव्वेणं" એટલે સર્વ, "जं किंचि यत् किंचित्" એટલે જેટલાં છે તેટલાં બધાં અર્થાત્ સમસ્ત કાંક્ષામોહનીયકર્મ સમસ્ત જીવપ્રદેશો વડે જ કરાયેલ હોય છે-કોઈ એક દેશ (ભાગ)થી તે કરાયેલ નથી. આ પ્રકરણની આગળના પ્રકરણમાં "जीवाणं भंते" ઈત્યાદિ સૂત્ર દ્વારા સામાન્ય રૂપે જીવના સંબંધમાં બધું કહેવામાં આવ્યું છે.-આ જાતના સામાન્ય વિવેચનથી વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી, તેથી વિશેષરૂપે વિવેચન કરવાને માટે નારક આદિ ૨૪ દંડકના વિષયમાં ગૌતમસ્વામી પ્રશ્ન પૂછે છે-"नेरइयाणं भंते" ઈત્યાદિ "હે પૂજ્ય ! શું નારક જીવોનું કાંક્ષામોહનીય કર્મ કૃત હોય છે ?" એટલે કે શું નારક જીવો દ્વારા કાંક્ષામોહનીય કર્મ ઉપાર્જિત કરાયેલું હોય છે ? પ્રભુએ તેના જવાબ રૂપે કહ્યું "हंता ! कडे" હા, નારક જીવોથી કાંક્ષામોહનીયકર્મ કૃત (ઉપાર્જિત) હોય છે, "जाव सव्वेणं सव्वे कडे" અને ને તેમની મારફત તમામ આત્મપ્રદેશોથી સમસ્ત રૂપે (સર્વાંશે) ઉપાર્જિત કરાયું હોય છે. અહીં જે "यावत्" પદ મૂકયું છે તે એ દર્શાવે છે કે પહેલાં પૂછાયેલા પ્રશ્નો અને ઉત્તરો પ્રમાણે જ અહીં પણ બધા પ્રશ્નો અને ઉત્તરો સમજવા "एवं जाव वेमाणियाणं दंडओ भाणियव्वो" આ પ્રમાણે જ વૈમાનિકો સુધીના દંડક પણ કહેવાં જોઈએ જેવી રીતે સામાન્ય જીવની અપેક્ષાએ તથા નારકજીવ વિશેષની અપેક્ષાએ વિશેષરૂપે કાંક્ષામોહનીય કર્મમાં દંડક કહેવામાં આવેલ છે, એજ પ્રમાણે વૈમાનિક દેવો સુધીના પ્રત્યેક જીવ વિષયક દંડકો પણ કહેવા જોઇએ તે આ પ્રમાણે છે-"वेमाणियाणं भंते ! कंखामोहणिज्जे कडे ?" "हंता ! कडे" ઇત્યાદિ-"હે ભદન્ત ! વૈમાનિક દેવોનું કાંક્ષામોહનીય કર્મ શું કૃત (ક્રિયા દ્વારા નિષ્પાદ્ય) હોય છે? એટલે કે શું વૈમાનિક દેવો વડે કાંક્ષામોહનીયકર્મ ઉપાર્જિત કરાયેલું હોય છે ?" "હા,

ગૌતમ ! હોય છે" "से भंते ! किं देसेणं देसे कडे ? देसेणं सव्वे कडे ? सव्वेणं देसे कडे ? सव्वेणं सव्वे कडे ?' "હે પૂજ્ય ! તેમનું તે કાંક્ષામોહનીય કર્મ શું દેશથી દેશકૃત હોય છે, કે દેશથી સર્વકૃત હોય છે ? કે સર્વથી (સમસ્ત આત્મ પ્રદેશોથી) દેશકૃત હોય છે, કે સર્વથી સર્વકૃત હોય છે ?" "હે ગૌતમ ! આ વાત એમ નથી. એટલે કે તે દેશથી દેશકૃત પણ નથી, દેશથી સર્વકૃત પણ નથી, સર્વથી દેશકૃત પણ નથી, પણ સર્વથી સર્વકૃત હોય છે. આ રીતે પહેલાના ત્રણ ભાંગાઓનો અસ્વીકાર કરીને ચોથા ભાંગાનો જ સ્વીકાર કરાયો છે. ॥ સૂ૦ ૧ ॥

કાંક્ષામોહનીય કર્મ જીવકૃત છે. એ વાત પહેલાં કહેવાઇ ગઇ છે. કર્મ ક્રિયા દ્વારા ઉત્પન્ન થાય છે. અને ક્રિયા ત્રણ કાળ વિષયક હોય છે. તેથી કર્મ જનક અને કાલત્રય વિષયક ક્રિયાઓ દર્શાવતાં સૂત્રકાર કહે છે–"जीवाणं भंते !" इत्यादि।

(जीवाणं भंते !) હે પૂજ્ય ! જીવોએ (कंखामोहणिज्जं) કાંક્ષામોહનીય કર્મ (करिंसु) શું ભૂતકાળમા કરેલ છે ? (हंता करिंसु) હા ભૂતકાળમાં કરેલ છે. (ते भंते किं देसेणं देसं करिंसु०, एएणं अभिलावेणं दंडओ भाणियव्वो जाव वेमाणियाणं) તો હે પૂજ્ય ! ભૂતકાળમાં જીવે જે કાંક્ષામોહનીયકર્મ કર્યું છે તે શું તેમના એક આત્મ પ્રદેશ વડે એક દેશથી તે સમયે કરાયું હોય છે, ઇત્યાદિ પહેલાંની જેમ જ અભિલાપ કરીને દંડક કહેવાં જોઈએ અને તે દંડક વૈમાનિક દેવો સુધી કહેવાં જોઇએ(एवं करेंति, एत्थ वि दंडओ जाव वेमाणियाणं एवं करिस्संति, एत्थ वि दंडओ जाव वेमाणियाणं") એજ પ્રમાણે હે પૂજ્ય ! શું જીવ વર્તમાનકાળમાં કાંક્ષામોહનીય કર્મ કરે છે ? "હા, કરે છે." તો શું તેઓ પોતાના એક દેશથી (આત્મપ્રદેશથી) એક દેશરૂપે કરે છે ? ઈત્યાદિ કથન વડે પહેલાની જેમ જ અહીં પણ વૈમાનિક સુધીનાં દંડકો કહેવાં જોઈએ, તથા હે પૂજ્ય ! શું જીવ ભવિષ્યકાળમાં કાંક્ષામોહનીય કર્મનો બંધ બાંધશે ? "હા, બાંધશે" તો શું તેઓ પોતાના એક દેશથી તેને એક દેશરૂપે બાંધશે ? ઇત્યાદિ કથન પહેલાંની જેમ જ અહીં પણ વૈમાનિક દેવોના દંડક સુધી કહેવું (एवं चिए, चिणिंसु, चिणंति, चिणिस्संति, उवचिए, उवचिणिंसु, उवचिणंति, उवचिणिस्संति, उदीरेंसु, उदीरेंति, उदीरिस्संति, वेदेंसु, वेदेंति, वेदिस्संति, निज्जरेंसु, निज्जरेंति, निज्जरिस्संति) એજ પ્રમાણે નીચેના પ્રશ્નો પણ પૂછવા–હે પૂજ્ય ? કાંક્ષામોહનીય કર્મ શું જીવો દ્વારા ચિત એટલે એકઠા કરાયેલ હોય છે ? "હા હોય છે." ઈત્યાદિ પૂર્વોક્ત સમસ્ત પ્રશ્નોત્તરી રૂપ કથન "ચિત" ના વિષયમાં પણ થવું જોઈએ. એજ પ્રમાણે કાંક્ષામોહનીય કર્મનું ચયન જીવોએ ભૂતકાળમાં કર્યું છે, વર્તમાનકાળે તેઓ તેનું ચયન કરે છે અને ભવિષ્યમાં પણ કરશે. કાંક્ષામોહનીયકર્મ જીવો વડે ઉપચિત થયેલ હોય છે, તેમણે

ભૂતકાળમાં તેનો ઉપચય કર્યો છે, વર્તમાનકાળે તેઓ તેનો ઉપચય કરે છે, અને ભવિષ્યમાં તેઓ તેનો ઉપચય કરશે. કાંક્ષામોહનીયકર્મની ઉદીરણા જીવોએ ભૂતકાળમાં કરી છે, વર્તમાનકાળે તેઓ તેની ઉદીરણા કરે છે અને ભવિષ્યમાં પણ તેઓ તેની ઉદીરણા કરશે. કાંક્ષામોહનીયકર્મનું વેદન જીવોએ ભૂતકાળમાં કર્યું છે, વર્તમાનકાળે તેઓ તેનું વેદન કરે છે અને ભવિષ્યમાં પણ તેઓ તેનું વેદન કરશે. જીવોએ ભૂતકાળમાં કાંક્ષામોહનીયકર્મની નિર્જરા કરી છે, વર્તમાનમાં તેઓ તેની નિર્જરા કરે છે અને ભવિષ્યમાં પણ તેઓ તેની નિર્જરા કરશે. ગાથા (**कड–चिय–उव-चिय, उदीरिया, य वेइया य निज्जिन्ना। आदितिए चउभेया, तियभेया, पच्छिमा तिन्नि**) કૃતમાં, ચિતમાં, અને ઉપચિતમાં, તે પ્રત્યેકમાં ચાર ચાર ભેદ કહેવા જોઈએ અને ઉદીરિત, વેદિત અને નિર્જીર્ણ, તે પ્રત્યેકમાં ત્રણ ત્રણ ભેદ કહેવા જોઈએ.

ટીકાર્થ—ગૌતમસ્વામીએ મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછ્યો કે હે પૂજ્ય ! શું જીવોએ ભૂતકાળમાં કાંક્ષામોહનીયકર્મ ઉપાર્જિત કર્યું છે એટલે કે–ભૂતકાળમાં જીવોએ શું ક્રિયા વડે કાંક્ષામોહનીયકર્મ ઉપાર્જિત કર્યું હોય છે ? ત્યારે પ્રભુએ તેમને જવાબ આપ્યો કે હા, ભૂતકાળમાં જીવોએ કાંક્ષામોહનીયકર્મનું ક્રિયા વડે ઉપાર્જન કર્યું હોય છે. જેવી રીતે વર્તમાન સમયે પણ જીવ પોતાની ક્રિયાઓ દ્વારા કર્મનું ઉપાર્જન કરે છે, તેવીજ રીતે ભૂતકાળમાં પણ તેમણે પોતાની ક્રિયાઓ દ્વારા આ કર્મનું ઉપાર્જન કર્યું હોય છે. જો તેઓ ભૂતકાળમાં કર્મનું ઉપાર્જન કરતા ન હોત તો સંસારનું જે અનાદિપણું છે તે સંભવી શકે નહીં. આ જીવોમાં કોઇ સુખી અને કોઈ દુઃખી દેખાય છે તે વાત સંસારના અનાદિપણાના અભાવે સંભવી શકે નહીં. તેથી એમ જ માનવું જોઇએ કે સંસાર અનાદિ છે. કર્મોના ઉપાર્જનથી જ સંસારનું આ પ્રકારનું અનાદિપણું સંભવી શકે છે. તેથી એ વાત સિદ્ધ થાય છે કે જીવોએ ક્રિયા દ્વારા ભૂતકાળમાં કાંક્ષામોહનીયકર્મનું ઉપાર્જન કર્યું છે. પ્રભુનું આ કથન સાંભળીને ગૌતમસ્વામી મહાવીર પ્રભુને ફરીથી પૂછે છે કે હે પૂજ્ય ! જીવોએ પોત પોતાની ક્રિયાઓ વડે આ કર્મનું જે ઉપાર્જન કર્યું છે. તે ઉપાર્જન તેમણે ક્રિયા દ્વારા કયા પ્રકારે કર્યું છે ? શું જીવોએ પોતાના એકદેશથી–એટલે કે પોતાના આત્મપ્રદેશો-માંના કોઇ પણ એકાદિ આત્મપ્રદેશની ક્રિયાથી, આ કાંક્ષામોહનીયકર્મનું એકદેશથી ઉપાર્જન કર્યું છે કે સર્વદેશથી આત્માના સમસ્ત પ્રદેશોમાં થયેલી ક્રિયાથી તેને એકદેશરૂપે ઉપાર્જિત કર્યું છે ?" ઈત્યાદિ કથન દ્વારા પહેલાંની જેમ જ અહીં પણ ચતુર્ભંગી યોજવી જોઇએ. તે ચતુર્ભંગી આ પ્રમાણે છે–સૂત્રમાં "**देसेणं देसं करिंसु**" આ એક ભાંગો તો બતાવી દેવામાં આવ્યો છે. બાકીના ત્રણ ભંગ આ પ્રમાણે છે–"**देसेणं सव्वं करिंसु, सव्वेणं देसं करिंसु,** અને **सव्वेणं सव्वं करिंसु**" આ ભાંગાઓમાં "**सव्वेणं सव्वं करिंसु**" આ છેલ્લા ભાંગાનો જ અહીં સ્વીકાર થયો છે.

"**एएणं अभिलावेणं दंडओ भाणियव्वो जाव वेमाणियाणं**" આ સૂત્રનો હેતુ એ છે કે નારક જીવોના પ્રકરણમાં ભૂતકાળની ક્રિયાના વિષયમાં તેવાં

દંડકો વૈમાનિક સુધીના કહેવામાં આવ્યાં છે એવાં જે દંડકો અહીં કહેવા જોઈએ. હવે સૂત્રકાર કાંક્ષામોહનીયકર્મમાં વર્તમાનકાળની ક્રિયા જન્યતા દર્શાવવાને માટે કહે છે કે–" **एवं करेंति** " જીવ વર્તમાનકાળમાં પણ આ કાંક્ષામોહનીયકર્મનું ક્રિયા દ્વારા ઉપાર્જન કરતા રહે છે. આ વર્તમાનકાળ વિષયક કાંક્ષામોહનીયકર્મના પ્રકરણમાં પણ નારકીના દંડકથી લઈને વૈમાનિકો સુધીનાં દંડકો વર્તમાન ક્રિયાની અપેક્ષાએ કહેવાં જોઇએ. ભવિષ્યકાળમાં પણ જીવ કાંક્ષામોહનીય કર્મનું ક્રિયા દ્વારા ઉપાર્જન કરશે, એ વાત દર્શાવવાને માટે સૂત્રકાર ફરમાવે છે કે " **एवं करिस्संति** " જેમ જીવોએ ભૂતકાળમાં આ કાંક્ષા-મોહનીયકર્મનું ક્રિયાદ્વારા ઉપાર્જન કર્યું છે, તેમ ભવિષ્યકાળમાં પણ તેઓ કરશે. અહીં પણ નારકીના જીવોથી લઈને વૈમાનિકો સુધીના ભવિષ્યકાળ વિષયક દંડકો ભવિષ્યકાળની ક્રિયાને જોડીને કહેવાં જોઇએ. કૃતકર્મનો જ ચય, ઉપચય વગેરે થાય છે. તેથી સૂત્રકાર હવે તે વાતને દર્શાવવાને માટે " **एवं चिए** " ઇત્યાદિ સૂત્રો કહે છે. કહેવાનો આશય એ છે કે જે કર્મ ઉપાર્જિત હોય છે, તેનોજ ચય, ઉપચય આદિ થાય છે, તેથી તે કર્મમાં ચય, ઉપચય આદિ દર્શાવવા યોગ્ય જ છે. કર્મમાં પ્રદેશ અનુભાગ આદિની વૃદ્ધિ થવી તેનું નામ "**चय**" છે. જ્યારે કાંક્ષામોહનીય કર્મમાં પ્રદેશ, અનુભાગ વગેરેથી વૃદ્ધિ થાય છે ત્યારે તે " ચિત " કહેવાય છે. તેનામાં આ ચિત (ચયન ) ત્રિકાળવિષયક હોય છે. જીવોએ આ કાંક્ષા. મોહનીયનો ચય ભૂતકાળમાં કર્યો છે, વર્તમાનમાં કરે છે અને ભવિષ્યકાળમાં પણ કરશે. "**चिणिंसु, चिणंति, चिणिस्संति**" આ પદોદ્વારા સૂત્રકારે '**चय**'માં ત્રિકાળતા દર્શાવી છે. " **चिणिंसु** " પદથી તેમાં ભૂતકાળ વિષયતા, " **चिणंति** " પદથી તેમાં વર્તમાન. કાળ વિષયતા, અને " **चिणिस्संति** " પદથી તેમાં ભવિષ્યકાળવિષયતા પ્રગટ થાય છે. **उपचिय**–પ્રદેશ, અનુભાગ આદિની વારંવાર વૃદ્ધિ થવી તેનું નામ " ઉપચય " છે–જ્યારે કાંક્ષામોહનીય કર્મમાં પ્રદેશ, અનુભાગ આદિ વારંવાર વધતા રહે છે ત્યારે તેને ઉપચિત કહે છે. તેમાં તે ઉપચય ત્રિકાળવિષયક થાય છે–જીવોએ કાંક્ષામોહનીયકર્મનો ઉપચય ભૂતકાળમાં કર્યો છે, વર્તમાનકાળમાં કરે છે અને ભવિષ્યમાં પણ તેઓ તેનો ઉપચય કરશે. " **उवचिणिंसु, उव-चिणंति, उवचिणिस्संति** " આ ક્રિયાપદો વડે સૂત્રકારે " ઉપચય "ની ત્રિકાળ. વિષયતા પ્રગટ કરી છે. " **उवचिणिंसु** " પદ વડે ભૂતકાળવિષયતા, "**उवचिणंति**" પદ વડે વર્તમાનકાળ વિષયતા અને **उवचिणिस्संति** " પદ વડે ભવિષ્યકાલવિષયતા દર્શાવવામાં આવેલ છે. એ વાત તો આગળ કહેવાઇ ગઈ છે, કે કર્મોમાં પ્રદેશ, અનુભાગ ( કર્મફળ ) આદિનો વધારો થવો તેનું નામ " ચય " છે, અને પ્રદેશ અનુભાગ આદિમાં વારંવાર વૃદ્ધિ થવી તેનું નામ " ઉપચય " છે. અથવા–કર્મપુદ્ગલોનું માત્ર ઉપાદાન ( ગ્રહણ ) કરવું તેનું નામ " ચય " છે. અને અબાધાકાળ સિવાયના અન્યકાળમાં ગ્રહણ કરવામાં આવેલાં કર્મપુદ્ગલોનું વેદન કરવાને માટે જે નિષેચન નિષેક (સંચય) છે તેનું નામ " ઉપચય " છે. નિષેચનનું સ્વરૂપ આ પ્રમાણે છે–પ્રથમ સ્થિતિમાં જીવ બહુતર કર્મદલિકોનું

નિષેચન (સંચય) કરે છે. ત્યાર બાદ બીજી સ્થિતિમાં વિશેષહીન-ચયહીન-ઘણું ઓછું-નિષેચન (સંચય) કરે છે. આ રીતે ઉત્કૃષ્ટ સ્થિતિ સુધીમાં વિશેષહીન (ઘણું ઓછું) નિષેચન (સંચય) કરે છે. કહ્યું પણ છે કે—

પોતાના અબાધાકાળને છોડીને પ્રથમસ્થિતિમાં-પ્રથમ સમયમાં-બહુતર દ્રવ્યનું અને એજ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિ સુધીમાં બાકીના સમસ્ત કર્મદલિકોનું નિષેચન (સંચય) કરે છે. આ કૃત, ચિત અને ઉપચિત, એ ત્રણેમાંના પ્રત્યેકના ચાર ચાર ભેદ છે-એક સામાન્યકાળની ક્રિયાની અપેક્ષાએ અને બીજાં ત્રણ ભેદ ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળની અપેક્ષાએ થાય છે. કર્મના ચય, અને ઉપચયનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર ઉદીરણાનું નિરૂપણ કરે છે. "उदीरेंसु" જીવોએ ભૂતકાળમાં આ કાંક્ષામોહનીય કર્મની ઉદીરણા કરે છે. "उदीरेंति" વર્તમાનકાળમાં તેઓ તે કર્મની ઉદીરણા કરે છે, "उदीरिस्संति" અને ભવિષ્યકાળમાં પણ તેઓ તેની ઉદીરણા કરશે. અનુદિત (ઉદયમાં નહીં આવેલા) કર્મોને એક પ્રકારના કરણ વડે ઉદયાવલિકામાં લાવવું તેનું નામ ઉદીરણા છે. "वेदेंसु" "वेदेंति" "वेदिस्संति" શુભ અશુભ કર્મના ઉદયનો અનુભવ કરવો તેનું નામ વેદન છે-જીવોએ આ કાંક્ષામોહનીયકર્મનું ભૂતકાળમાં વેદન કર્યું છે, વર્તમાનમાં તેઓ તેનું વેદન કરી રહ્યા છે અને ભવિષ્યમાં પણ તેઓ તેનું વેદન કરશે.

"निज्जरेंसु" જીવોએ ભૂતકાળમાં કાંક્ષામોહનીયકર્મની નિર્જરા કરી છે, "निज्जरेंति" વર્તમાનકાળમાં તેઓ તેની નિર્જરા કરતા રહે છે, અને "निज्जरिस्संति" ભવિષ્યકાળમાં પણ તેઓ તેની નિર્જરા કરશે. આત્મપ્રદેશો-માંથી કર્મપ્રદેશોનું થોડે થોડે અંશે દૂર થવું તેનું નામ નિર્જરા છે. અહીં જે "कड, चिय" ઇત્યાદિ સંગ્રહગાથા છે. તેનો ભાવ આ પ્રમાણે છે-પૂર્વોક્ત પ્રકારે કૃત, ચિત, ઉપચિત, ઉદીરિત, વેદિત અને નિર્જીર્ણ આ છ પદ કાંક્ષા-મોહનીય કર્મમાં છે. એટલે કે કાંક્ષામોહનીય કર્મ કૃત હોય છે, કાંક્ષામોહનીય કર્મ ચિત હોય છે, કાંક્ષામોહનીય કર્મ ઉપચિત પણ છે, વગેરે. આ છ પદોમાંના પહેલા ત્રણ પદોમાં (કૃત, ચિત અને ઉપચિતમાં) ચાર ચાર ભેદ છે, અને છેલ્લાં ત્રણ પદોમાંનું (ઉદીરિત, વેદિત અને નિર્જીર્ણમાં) પ્રત્યેક પદ ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણ કાળની ક્રિયારૂપ ભેદવાળું હોય છે. કારણ કે તે ત્રણેમાં સામાન્ય ક્રિયારૂપ ભેદ નથી. અને કૃત, ચિત અને ઉપચિતમાં સામાન્ય ક્રિયારૂપ, ભૂતક્રિયારૂપ, વર્તમાન ક્રિયારૂપ અને ભવિષ્યની ક્રિયારૂપ એમ ચાર ભેદ છે.

શંકા—શરૂઆતના ત્રણ સૂત્રોમાં જેમ સામાન્ય ક્રિયાનાં સૂચક કૃત, ચિત અને ઉપચિત એ ત્રણ પદ કહ્યાં છે, એજ પ્રમાણે પાછળના ત્રણ આલાપકોમાં ઉદીરિત, વેદિત અને નિર્જીર્ણરૂપ સામાન્ય ક્રિયાસૂચક ત્રણ પદો કેમ કહ્યાં નથી ?

સમાધાન—કૃત, ચિત અને ઉપચિત જે કર્મો હોય છે તેઓ ઘણા કાળ

સુધી પણ રહે છે, તેથી તે કૃત, ચિત અને ઉપચિતમાં ત્રણ કાળની ક્રિયાઓ બતાવવા ઉપરાંત સામાન્યક્રિયાના કાળને-લાંબાકાળ સુધીની સ્થિતિના સત્તાકાળને બતાવવાને માટે ચિરાવસ્થાનસ્વરૂપ કૃતત્વ ચિતત્વ આદિ ધર્મની અપેક્ષાએ કૃત, ચિત અને ઉપચિત એ ત્રણેને સામાન્ય ક્રિયાનાં સૂચક પદ કહેવામાં આવ્યાં છે. જે કર્મો ઉદીરણારૂપ, વેદનારૂપ અને નિર્જીર્ણરૂપ હોય છે તે લાંબા કાળ સુધી રહેતાં નથી. તેથી ત્રિકાળવર્તી ક્રિયા દ્વારા જ ઉદીરણ, વેદન આદિનું કથન કરાયું છે. તેનો ભાવ એ છે કે ઉદીરણા આદિનું ઘણા કાળ સુધી અસ્તિત્વ રહેતું નથી. તે કારણે તેમના વિષયમાં સામાન્ય કાળનું પ્રતિપાદન ન કરતાં ફક્ત ત્રણ કાળની ક્રિયાઓનું જ કથન કરવામાં આવ્યું છે. કારણ કે તેમનામાં ત્રિકાળવર્તી ક્રિયા હોય છે, પણ સામાન્ય ક્રિયા હોતી નથી, ॥ સૂ૦ ૨ ॥

જીવો કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે, એવું પહેલા પ્રકરણમાં કહેવામાં આવ્યું છે. એવાં કર્મોનું વેદન કરવાના કારણો કયાં કયાં હોય છે-આ રીતે કારણોનું પ્રતિપાદન કરવાને માટે પ્રસ્તાવના પૂર્વક સૂત્રકાર સૂત્ર કહે છે.

" **जीवा णं भंते ! कंखामोहणिज्जं कम्मं वेदेंति** " ઇત્યાદિ.

( **जीवा णं भंते ! कंखामोहणिज्जं कम्मं वेदेंति** ) હે પૂજ્ય ! શું જીવો કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે ? ( **हंता गोयमा ! वेदेंति** ) હા, ગૌતમ ! જીવો કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે. ( **कह णं भंते ! जीवा कंखामोहणिज्जं कम्मं वेदेंति** ) હે પૂજ્ય ! જીવો કાંક્ષામોહનીય કર્મનું વેદન કયા પ્રકારે કરે છે ? ( **गोयमा ! तेहिं तेहिं कारणेहिं संकिया, कंखिया, वितिगिच्छिया, भेयसमावन्ना, कलुससमावन्ना, एवं खलु जीवा कंखामोहणिज्जं कम्मं वेदेंति** ) હે ગૌતમ ! તે તે કારણો વડે શંકિત થઈને કાંક્ષિત થઇને, વિચિકિત્સાયુક્ત થઇને, ભેદ-સમાપન્ન થઈને, કલુષસમાપન્ન થઇને જીવો કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે.

ટીકાર્થ—ગૌતમસ્વામીએ મહાવીર પ્રભુને વિનયપૂર્વક પૂછ્યું, " હે ભદન્ત ! શું જીવો કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે ? " પ્રભુએ જવાબ આપ્યો "હા, તેઓ તેનું વેદન કરે છે.

શંકા—આગળના પ્રકરણમાં જ એ વાત બતાવવામાં આવી છે, કે જીવો કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે, વગેરે તો અહીં તેના વેદનના સંબંધમાં ફરીથી પ્રશ્ન પૂછવો તે યોગ્ય નથી.

ઉત્તર—શંકા ઠીક છે. પણ અહીં જે પ્રશ્ન કરવામાં આવ્યો છે તે વેદનના કારણોનું પ્રતિપાદન કરવા માટે પૂછાયો છે. આ રીતે પુનરુક્તિ દોષ લાગતો નથી.

જે વાત પહેલાં કહેવાઇ હોય એજ વાત શાસ્ત્રકાર ફરીથી કહે તો તે

કાંઇને કાંઇ કારણ છે, એમ અનુમાન કરવું જોઈએ. પ્રતિપાદિત વિષયનું ફરીથી પ્રતિપાદન કરવાના કારણો આ પ્રમાણે હોય છે–પ્રતિષેધ, અનુજ્ઞા અથવા એક પ્રકારના હેતુનું કથન. એટલે કે આગળની હકીકતનો પ્રતિષેધ ( નિષેધ ) કરવા માટે, આગળની વાતમાં અનુમતિ દેવાને માટે, અથવા તો આગળની વાતના નિર્ણયમાં કોઈ વિશેષ કારણનું કથન કરવા માટે એક વાર કહેલી વાત ફરીથી કહેવામાં આવે છે, એવો આ ગાથાનો ભાવ છે. હવે સૂત્રકાર કાંક્ષામોહનીય કર્મના વેદનનું કારણ કહે છે—“ **कह णं** ” ઇત્યાદિ.

“ હે પૂજ્ય ! જીવો કાંક્ષામોહનીય કર્મનું વેદન કેવી રીતે કરે છે ? ત્યારે તેના જવાબ રૂપે પ્રભુ કહે છે કે–હે ગૌતમ ! “ **तेहिं तेहिं** ” ઇત્યાદિ. તે તે લોકપ્રસિદ્ધ અન્ય દર્શનોના શ્રવણરૂપ તથા કુતીર્થિકોના સંસર્ગરૂપ કારણ વિશેષોથી ઉત્પન્ન થયેલ શંકાદિ કારણોથી “ **संकिया** ”–જીવાદિક વિષયોમાં તેમને શંકા ઉદ્ભવે છે કે પ્રતિપાદિત કરાયેલાં જીવાદિ તત્ત્વો છે કે નહીં ? અથવા ધર્માસ્તિકાય આદિ જે અત્યંત ગહન પદાર્થો છે તેમના અસ્તિત્વની બાબતમાં તેમના મનમાં શ્રદ્ધા રહેતી નથી. બુદ્ધિ મંદતાને કારણે આવું બનતું હોય છે. આ રીતે તેમના હૃદયમાં થોડા પ્રમાણમાં કે વધુ પ્રમાણમાં સંશય પેદા થાય છે. “ **कंखिया** ” તે કારણને લીધે તેઓ બૌદ્ધ આદિ દર્શનોમાં અભિલાષાયુક્ત બને છે–એટલે કે મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયથી અન્ય દર્શનનો સ્વીકાર કરવાની ઇચ્છાવાળા બને છે. “ **वितिगिच्छिया** ” યુક્તિ અને આગમો દ્વારા સિદ્ધ થયેલ હોવા છતાં પણ તે તે કારણોને લઈને તેઓ જિનોક્ત અર્થમાં ફળની બાબતમાં સંદેહવાળા બની જાય છે, અને એવો વિચાર કરવા લાગી જાય છે કે અમે તપસ્યા કરીને જે મહાન કષ્ટ સહી રહ્યા છીએ તેમજ જે પરિશ્રમ ઉઠાવી રહ્યા છે, તે રેતીના કોળીયાની માફક નિઃસાર છે. તાત્પર્ય કે–ભવિષ્યકાળમાં તેનું ફળ મળશે કે નહીં મળે ? “ **भेयसमावन्ना** ” રાગદ્વેષને જીતનાર જિનેશ્વરદેવનું આ શાસન હશે કે નહીં હોય ? એવી દ્વિધા વૃત્તિ તેમના હૃદયમાં જન્મે છે. અટલે કે જૈનશાસન પ્રત્યે પણ તેમનામાં સંદેહ જાગે છે. અથવા જે કારણે તેઓ શંકા, કાંક્ષા, આદિથી યુક્ત બન્યા છે, તે કારણે જ તેમની બુદ્ધિ દ્વિધામાં પડી જાય છે તેથી તેમને “ **भेयसमापन्ना** ” કહ્યા છે. “ **कलुससमावन्ना** ” એટલે કે આ વાત આ પ્રમાણે નથી, એવી રીતે તેઓ મતિની–બુદ્ધિની–મલિનતા પ્રાપ્ત કરે છે. આ રીતે જ જીવો કાંક્ષામોહનીયકર્મનું વેદન કરે છે. ॥ સૂ૦ ૩ ॥

## જિનોદિત કે સત્યત્વ કા પ્રતિપાદન

હવે સૂત્રકાર જિનકથિત વાત જ સત્ય છે–જિનેન્દ્ર દેવે જે કહ્યું છે તે જ સત્ય છે. એ વાત બતાવે છે "**से नूणं भंते !**" ઇત્યાદિ.

(**से नूणं भंते ! तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइयं ?**) હે પૂજ્ય ! શું એજ સત્ય અને નિઃશંક છે કે જે જિનેન્દ્ર દેવોએ કહ્યું છે ? (**हंता गोयमा ! तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइयं**) હા, ગૌતમ ! એજ સત્ય અને નિઃશંક છે કે જે જિનેન્દ્ર દેવોએ કહ્યું છે.

ટીકાર્થ—તાત્પર્ય એ છે કે રાગદ્વેષ આદિને જીતનારા જિનેન્દ્ર દેવોએ જે તત્ત્વની પ્રરૂપણા કરી છે **એજ** તત્ત્વ સત્ય છે અને નિર્વિવાદ છે, અને એ તત્ત્વ જ નિઃશંક-શંકા આદિ દોષથી રહિત છે. જિનેન્દ્ર વડે પ્રરૂપિત તત્ત્વ એ કારણે સત્ય છે કે તે પૂર્વાપર વિરોધથી રહિત છે. તેઓ વસ્તુતત્ત્વના યથાર્થ સ્વરૂપનું પ્રતિપાદન કરે છે. તે કારણે તેમાં શંકા આદિ દોષોને અવકાશ જ રહેતો નથી. તેથી જ તેને નિઃશંક કહેલ છે. અન્ય પુરુષો વડે પ્રતિપાદિત તત્ત્વ સત્ય અને નિઃશંક નહીં હોવાનું કારણ એ છે કે તેઓ રાગદ્વેષ વગેરેથી યુક્ત મનવાળા હોય છે. તે કારણે તેમનાં વાક્યોમાં પ્રમાણુતા હોતી નથી. ॥ સૂ૦ ૪ ॥

"જિનકથિત તત્ત્વ જ સત્ય છે." એમ માનનાર મનુષ્ય કેવો હોય છે તે સૂત્રકાર બતાવે છે—"**से नूणं भंते ! एवं मणं**" ઇત્યાદિ.

## ભગવદ્વક્ય કે શ્રદ્ધાપૂર્વક આરાધકત્વ કા નિરૂપણ

(**से नूणं भंते ! एवं मणं धारेमाणे, एवं करेमाणे, एवं चिट्ठमाणे, एवं संवरेमाणे आणाए आराहए भवइ ?**) હે પૂજ્ય ! જિનોક્ત તત્ત્વ જ સત્ય અને નિઃશંક છે, એ વાતને પોતાના મનમાં ધારી રાખનાર, જિનોક્ત તપ. સંયમ આદિ સર્વ ક્રિયાઓને આચરનાર અને એ પ્રકારની જ ચેષ્ટા કરનાર તેમજ સમિતિ, ગુપ્તિ વગેરેમાં પ્રયત્નશાળી, તથા મતમતાંતરો અને હિંસા વગેરેથી પોતાના મનને દૂર રાખનાર મનુષ્ય જ શું જ્ઞાનાદિ સેવનરૂપ જિનેશ્વરની આજ્ઞાનો આરાધક હોય છે ? એટલે કે પાલન કરનાર હોય છે ? (**हंता गोयमा ! एवं मणं धारेमाणे जाव भवइ**) હે ગૌતમ ! જે મનુષ્ય જિનોક્ત તત્ત્વજ સત્ય અને નિઃશંક છે એમ ચોક્કસ માને છે ત્યાંથી લઈને મતમતાન્તરોથી તથા હિંસા વગેરેથી મનને દૂર રાખે છે ત્યાં સુધીના પૂર્વોક્ત ગુણવાળો મનુષ્ય જ જ્ઞાનાદિ-સેવનરૂપ જિનેશ્વરની આજ્ઞાનો આરાધક હોય છે. અહીં "**यावत्**" પદ વડે "**एवं पकरेमाणे, एवं चिट्ठमाणे, एवं संवरेमाणे**" વગેરે પદોનો સમાવેશ થઇ જાય છે. ॥ સૂ૦ ૫ ॥

—અસ્તિત્વ નાસ્તિત્વનું વિવેચન—

શંકા—જિનેન્દ્રદેવે જે તત્ત્વ કહ્યું છે છે તે સત્ય જ છે. એવું આપ શા કારણે કહો છો? જો તેના જવાબમાં તમે એમ કહેતા હો કે અમે તો માત્ર કહેવાની ખાતર જ છીએ તો એમ કહેવામાં કંઇ જ મહત્ત્વ નથી. કારણ કે કહેવા માત્રથી કોઇ વસ્તુની સિદ્ધિ થતી નથી. જો કહેવા માત્રથી જ ઇચ્છિત વસ્તુની સિદ્ધિ થઇ જતી હોય તો અગ્નિમાં શીતલતાની સિદ્ધિ પણ સરલતાથી કરી શકાશે.

ઉત્તર—જે વસ્તુ જે ધર્મવાળી છે, જે સ્વરૂપવાળી છે, જે પરિણામવાળી છે, એ વસ્તુની તે સ્વરૂપે જ જિનેન્દ્રદેવે પ્રરૂપણા કરી છે. તેના યથાર્થ સ્વરૂપને જ જિનેન્દ્રદેવે પ્રરૂપિત કર્યું છે. તેથી જિનપ્રવેદિત તત્ત્વ જ સત્ય છે તે દર્શાવવાને માટે સૂત્રકાર કહે છે કે—"**से नूणं भंते! अत्थित्तं**" ઇત્યાદિ.

(**से नूणं भंते! अत्थित्तं अत्थित्ते परिणमइ? नत्थित्तं नत्थित्ते परिणमइ?**) **હે** પૂજ્ય! શું એ વાત નિશ્ચિત છે કે અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે અને નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે? (**हंता गोयमा! जावपरिणमइ**) હા, ગૌતમ! એ વાત નિશ્ચિત છે કે અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે અને નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે. (**जं णं भंते! अत्थित्त अत्थित्ते परिणमइ, नत्थित्तं नत्थित्ते परिणमइ**) હે પૂજ્ય! જો અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમતું હોય અને નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમતું હોય (**तं किं पओगसा वा वीससा वा?**) તો શું તે પ્રયોગથી (જીવના વ્યાપારથી) પરિણમે છે કે વિસ્રસાથી (સ્વાભાવિક રીતે જ) પરિણમે છે? (**गोयमा! पओगसा वि तं वीससा वि तं**) હે ગૌતમ! તે પ્રયોગથી પણ પરિણમે છે અને સ્વભાવથી (એટલે પોતાની મેળે) પણ પરિણમે છે. (**जहा ते भंते! अत्थित्तं अत्थित्ते परिणमइ, तहा ते नत्थित्तं नत्थित्ते परिणमइ, जहा ते नत्थित्तं नत्थित्ते परिणमइ तहा ते अत्थित्तं अत्थित्ते परिणमइ?**) હે પૂજ્ય! જેમ આપનું અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમી રહ્યું છે, એજ પ્રમાણે શું આપનું નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમી રહ્યું છે? જેમ આપનું નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમી રહ્યું છે, એજ પ્રમાણે શું આપનું અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમી રહ્યું છે? (**हंता गोयमा! जहा मे अत्थित्तं अत्थित्ते परिणमइ, तहा मे नत्थित्तं नत्थित्ते परिणमइ, जहा मे नत्थित्तं नत्थित्ते परिणमइ तहा मे अत्थित्तं अत्थित्ते परिणमइ**) હા, ગૌતમ! જેવી રીતે મારું અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમી રહ્યું છે એવી જ રીતે મારું નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમી રહ્યું છે. અને જેવી રીતે મારું નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમી રહ્યું છે એવી જ રીતે મારું અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમી રહ્યું છે. (**से नूणं भंते! अत्थित्तं अत्थित्ते गमणिज्जं?**) હે પૂજ્ય! શું

અસ્તિત્વ અસ્તિત્વમાં જવા લાયક છે ? (**जहा परिणमइ दो आलावगा, तहा गमणिज्जेण वि दो आलावगा भाणियव्वा**) હે ગૌતમ ! જેવી રીતે "**परिणमइ**" પદની સાથે બે આલાપક કહ્યા છે એજ પ્રમાણે "ગમનીય" પદની સાથે પણ બે આલાપક કહેવા જોઈએ. (**जाव तहा मे अत्थित्तं अत्थित्ते गमणिज्जं**) "જેવી રીતે મારું અસ્તિત્વ અસ્તિત્વમાં ગમનીય છે" ત્યાં સુધી તે આલાપક કહેવા.

ટીકાર્થ—આ સૂત્ર દ્વારા સૂત્રકાર એ સ્પષ્ટ કરવા માગે છે કે જિનેશ્વરે કહેલી વાત જ શા કારણે સત્ય છે. એ વિષયનો જ અહીં વિચાર કરવામાં આવે છે. "**अत्थित्तं अत्थित्ते परिणमइ**" અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે. આંગળી વગેરે વસ્તુઓનું આંગળી વગેરે રૂપે હોવું એજ એમનું સત્ત્વ–અસ્તિત્વ છે. જે પદાર્થ જેવો છે તેજ રૂપે તેનું રહેવું તેનું નામ જ અસ્તિત્વ છે.

જેટલા પદાર્થો છે તે બધા પોતાના સ્વરૂપમાં હોય છે, પરના સ્વરૂપમાં હોતા નથી. જો આ વાતને માનવામાં ન આવે તો સર્વભાવોમાં એકરૂપતાની પ્રસક્તિ (પ્રસંગ) થઇ જશે. તેથી એજ માનવું પડશે કે સમસ્ત વસ્તુઓ પોતાના સ્વરૂપની અપેક્ષાએ અસ્તિત્વરૂપ છે, અને પરસ્વરૂપની અપેક્ષાએ નાસ્તિત્વરૂપ છે. ઘટ (ઘડો) ઘટરૂપે જ સત્ છે પટરૂપની અપેક્ષાએ તે સત્ રૂપ નથી, પણ અસત્‌રૂપ જ છે. અહીં સત્ત્વ (અસ્તિત્વ) ઋજુત્વ વગેરે પર્યાયરૂપે જ જાણવાં જોઈએ. કારણ કે આંગળી વગેરે વસ્તુઓનું જે અસ્તિત્વ છે તે કેટલેક અંશે ઋજુત્વ આદિ પર્યાયોથી અભિન્ન છે. તાત્પર્ય એ છે કે પ્રત્યેક પદાર્થોની સત્તા જુદા જુદા સમયે જુદા જુદા પ્રકારની હોય છે–એજ પદાર્થનું અસ્તિત્વ છે " અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે." તેનું તાત્પર્ય એ છે કે જે આંગળી વગેરે વસ્તુઓ પહેલાં ઋજુત્વ આદિ અસ્તિત્વરૂપે પરિણમેલ હતી એજ વસ્તુઓ સમયાન્તરે વક્રાદિરૂપ અસ્તિત્વ પર્યાયમાં બદલાઇ જાય છે, એટલે કે વસ્તુનું ઋજુત્વ આદિરૂપ જે સત્ત્વ–અસ્તિત્વ છે તે આગળ જતાં વક્રાદિરૂપ સત્ત્વમાં પરિણમી જાય છે. આ રીતે " અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે." આ કથન વડે એ વાત સ્પષ્ટ થાય છે કે એક દ્રવ્યની પ્રકારાન્તરથી જે સત્તા છે એજ સત્તા પ્રકારાન્તરરૂપ સત્તામાં બદલાઈ જાય છે. જેમ કે માટીરૂપ દ્રવ્યની પિંડપ્રકારરૂપ સત્તા ઘટપ્રકારરૂપ સત્તામાં પરિણમી જાય છે.

"**नत्थित्तं नत्थित्ते परिणमइ**" "નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે." તેનું તાત્પર્ય આ પ્રમાણે છે–આંગળી વગેરેનું અંગુઠા વગેરે રૂપે ન થવું એજ તેનું નાસ્તિત્વ છે. અંગુઠા વગેરેનું જે સ્વરૂપ છે તે આંગળી વગેરેનું નથી. અને આંગળી વગેરનું જે સ્વરૂપ છે તે અંગુઠા વગેરેનું નથી. આ રીતે આંગળી વગેરેમાં અંગુઠા વગેરેનારૂપે રહેવાનો જે અભાવ છે, એજ આંગળીનું નાસ્તિત્વ છે. આ રીતે આંગળી વગેરેનું અંગુઠા વગેરે રૂપે જે અસત્ત્વ છે તે અસત્ત્વ અંગુઠા વગેરેમાં ભાવરૂપ જ છે. તેથી આંગળી વગેરેનું નાસ્તિત્વ અંગુઠા વગેરેના અસ્તિત્વરૂપે નિવડે છે. આ અંગુઠા વગેરેનું અસ્તિત્વરૂપ જે આંગળી વગેરેનું નાસ્તિત્વ છે તે પર્યાયાન્તરથી અંગુઠા વગેરેના અસ્તિત્વરૂપે પરિણમે છે. જેમ કે મૃત્તિકા દ્રવ્યનું (માટીનું) નાસ્તિત્વ તંતુ વગેરેરૂપ છે અને તે માટીના નાસ્તિત્વરૂપ પટમાં રહે છે. અથવા—"**अस्तित्वं अस्तित्वे परिणमति**"

આ સૂત્ર પાઠનો અર્થ આ પ્રમાણે છે-" અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે એટલે કે તે સદ્વસ્તુરૂપ છે" આ પક્ષે ધર્મ અને ધર્મીમાં અભેદ માની લેવામાં આવેલ છે. તાત્પર્ય કે અસ્તિત્વ ધર્મ છે, અને સદ્વસ્તુ ધર્મી છે. તાત્પર્ય એ છે કે જો અસ્તિત્વને સદ્વસ્તુરૂપ માની લેવામાં આવે તો ધર્મ અને ધર્મીમાં અભેદ આવી જાય છે. કારણ કે અસ્તિત્વ વસ્તુનો ધર્મ છે તે પોતે ધર્મી નથી. ધર્મી તો સદ્વસ્તુ છે. તેથી અહીં ધર્મ અને ધર્મીમાં અભેદ માનવામાં આવ્યો છે. તથા-અસ્તિત્વ અસ્તિત્વમાં-સત્ત્વમાં પરિણમે છે એટલે કે સત્ સત્રૂપ જ હોય છે-તે અત્યન્ત વિનાશી હોતું નથી. કારણ કે પર્યાયાન્તરગમનરૂપ વિનાશ જ ત્યાં થતો હોય છે. પ્રદીપ વગેરેનો જે વિનાશ છે તે પણ અંધકારરૂપ પર્યાયાન્તરરૂપે જ પરિણમે છે. અથવા-"**नत्थित्तं नत्थित्ते**" નાસ્તિત્વ નાસ્તિત્વરૂપે પરિણમે છે. તેનું આ પ્રમાણે તાત્પર્ય છે-નાસ્તિત્વ એટલે અત્યંતાભાવ અત્યંતાભાવરૂપ જે ખરવિષાણાદિ (ગધેડાને શીંગડાં) છે. તે નાસ્તિત્વરૂપ જ છે. તે ખરવિષાણાદિરૂપ નાસ્તિત્વ અત્યંતાભાવરૂપે જ પરિણમે છે કારણ કે અસતરૂપ (નાસ્તિત્વરૂપ) એ ખરવિષાણાદિકોનું કોઇ પણ કાળે સત્ત્વ (અસ્તિત્વ) રૂપે પરિણમન થતું નથી. કહ્યું પણ છે કે—

"અસત્ સતરૂપ નથી હોતું, અને સત્ અસતરૂપ નથી હોતું" અથવા- "**अस्तित्वं अस्तित्वे परिणमति नास्तित्वं नास्तित्वे परिणमति**" નો ત્રીજો અર્થ આ પ્રમાણે થાય છે-ધર્મીની સાથે અભેદ હોવાથી સત્ને અસ્તિત્વ કહે છે. એવું જે અસ્તિત્વરૂપ સત્ છે તે અસ્તિત્વરૂપ સત્માં પરિણમે છે. જેમ કે ઘટ (ઘડો) ઘટત્વમાં (ઘટત્વ જાતિમાં) પરિણમે છે. એજ પ્રમાણે "નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે." તેનું તાત્પર્ય આ પ્રમાણે છે-નાસ્તિત્વરૂપ જે અસત્ છે તે અસત્માં પરિણમે છે જેમ કે અઘટ અઘટરૂપે પરિણમે છે.

"**हंता गोयमा ! जाव परिणमइ**" આ સૂત્ર પાઠ દ્વારા પૂર્વોક્ત પ્રકારે ગૌતમે પૂછેલા પ્રશ્નનો જવાબ પ્રભુએ આપ્યો છે. અહીં "**यावत्**" શબ્દથી "અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે અને નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે" એ પૂર્વોક્ત કથન લેવામાં આવ્યું છે.

હવે સૂત્રકાર પદાર્થોના જુદાં જુદાં પરિણમન થવાના કારણો દર્શાવવાને નિમિત્તે કહે છે.-"**जं णं भंते !**" ઇત્યાદિ. જ્યારે ગૌતમને પ્રભુએ સમજાવ્યું કે અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે અને નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે, ત્યારે તેમને સંદેહ થયો કે આ પ્રકારના પરિણમનનું કારણ શું છે? આ પ્રકારનું પૃથક્ પૃથક્ પરિણમન શું પરપ્રયોગથી થાય છે કે સ્વભાવથી થાય છે? "**पओगसा**" ની સંસ્કૃત છાયા "**प्रयोगेण**" છે. "**पओगसा**" માં જે સકારનો પ્રયોગ કર્યો છે તે આર્ષ હોવાથી કરાયો છે. પ્રયોગ એટલે જીવનો વ્યાપાર (જીવની પ્રવૃત્તિ) અને વિસ્રસા એટલે સ્વભાવ.

પ્રભુએ તેમના પ્રશ્નનો આ પ્રમાણે જવાબ દીધો "હે ગૌતમ! આ પ્રકારનું જે ભિન્નભિન્નરૂપે પરિણમન થાય છે એટલે કે અસ્તિત્વ અસ્તિત્વમાં અને

નાસ્તિત્વ નાસ્તિત્વમાં જે પરિણમે છે તેમાં પ્રયોગ અને સ્વભાવ બન્ને નિમિત્તરૂપ હોય છે, જેમ કે કુંભારના વ્યાપાર (પ્રવૃત્તિ)થી માટીનો પિંડ ઘડારૂપે પરિણમે છે, અથવા આંગળી આદિની ઋજુતા (સીધાપણું) પુરુષના વ્યાપારથી વક્રરૂપે (વાંકાપણે) પરિણમે છે. અસ્તિત્વનું અસ્તિત્વમાં પર પ્રયોગથી પરિણમન થવાનું ઉપરનું દૃષ્ટાન્ત છે. વિસ્રસા (સ્વભાવથી) પરિણમન થવાનું દૃષ્ટાન્ત નીચે મુજબ છે-જેમ કે સફેદ વાદળાંઓ કાળાં વાદળાંરૂપે પરિણમે છે આ પરિણમનમાં પુરુષ વગેરેની પ્રવૃત્તિ (પ્રયોગ) કારણરૂપ નથી. પરંતુ એ તો સ્વભાવથી જ (પોતાની મેળે જ) થયા કરે છે. "प्रयोगेणापि विस्रसयापि" માં જે "अपि" શબ્દનો પ્રયોગ કર્યો છે તે દ્વારા સૂત્રકાર એ બતાવે છે કે અસ્તિત્વાદિના પરિણમનમાં સ્વભાવ અને પ્રયોગ એ બન્ને કારણરૂપ હોય છે. એટલે કે માટીનું ઘટરૂપે પરિણમન થવાનું કારણ પ્રયોગ છે અને શ્વેત વાદળોનું કૃષ્ણવાદળોમાં પરિણમન થવાનું કારણ વિસ્રસા–સ્વભાવ છે. નાસ્તિત્વનું નાસ્તિત્વરૂપે પરિણમન થવાનું કારણ પણ પ્રયોગ અને સ્વભાવ જ છે. તેના ઉદાહરણો પણ ઉપર બતાવ્યા પ્રમાણે સમજવા. કારણ કે પટ વગેરેની અપેક્ષાએ માટીના પિંડ વગેરેમાં નાસ્તિત્વરૂપતા આવી જ જાય છે. તાત્પર્ય એ છે કે પટ આદિની અપેક્ષાએ જેમ માટીનો પિંડ નાસ્તિત્વરૂપ છે એજ પ્રમાણે ઘટ (ઘડો) પણ નાસ્તિત્વરૂપ જ છે. તેથી જે દૃષ્ટિએ નાસ્તિવ રૂપ એવામાટીના-પિંડનું, નાસ્તિત્વરૂપ થયેલ ઘડાનારૂપે જે પરિણમન થાય છે તે નાસ્તિત્વનું નાસ્તિત્વરૂપ પરિણમન થવાનું પ્રયોગનિમિત્તક દૃષ્ટાન્ત છે. એજ પ્રમાણે નાસ્તિ-ત્વનું નાસ્તિત્વરૂપ પરિણમન થવામાં વિસ્રસા (સ્વભાવ) નિમિત્તક દૃષ્ટાન્ત પણ સમજવું જોઇએ. પ્રયોગ અને વિસ્રસારૂપ નિમિત્તો અસ્તિત્વ અને નાસ્તિત્વના પરિણમનમાં સમાનરૂપે જ કારણભૂત છે, તથા તીર્થંકર ભગવાનનો પણ તેજ અભિપ્રાય છે, તે વાત દર્શાવવાને માટે સૂત્રકાર કહે છે–" जहा ते भंते " ઈત્યાદિ અથવા સામાન્યરૂપે અસ્તિત્વ અને નાસ્તિત્વનું પરિણમન કહ્યું છે એટલે કે પૂર્વસૂત્રમાં પ્રયોગ-જન્ય અને વિસ્રસાજન્ય (સ્વભાવજન્ય) જે પરિણમન કહ્યું છે તે સામાન્યરૂપે જ કહ્યું છે. સામાન્યરૂપે કહેલી વાત કયાંક અતિશયવાળી વસ્તુમાં અન્યરૂપે પણ રજુ થાય છે. તાત્પર્ય એ છે કે જે વાત સામાન્યરૂપે કહી હોય છે તે સર્વત્ર એજ રૂપે રહે એવો કોઈ નિયમ નથી, કારણ કે કોઈ વિશિષ્ટ જગ્યાએ તે વાત તે રૂપે નથી પણ હોતી. અહીં ભગવાન અતિશયવાન્ તો છે–તેથી આ સામાન્યરૂપે કહેલી વાત ભગવાનમાં પણ એજ પ્રકારે છે કે અન્ય પ્રકારે છે? તે પ્રકારના સંદેહથીયુક્ત થવાથી ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે કે—

" जहा ते भंते " ઇત્યાદિ. હે પૂજ્ય ! જેવી રીતે આપનું અસ્તિત્વ પ્રયોગ અને વિસ્રસારૂપે અસ્તિત્વમાં પરિણમે છે એવી રીતે આપનું નાસ્તિત્વ શું પ્રયોગ અને વિસ્રસારૂપે નાસ્તિત્વમાં પરિણમે છે? જેવી રીતે આપનું નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે, એવી જ રીતે શું આપનું અસ્તિત્વ

અસ્તિત્વમાં પરિણમે છે ? આ પ્રશ્નના જવાબરૂપે મહાવીર પ્રભુએ તેમને કહ્યું– "हंता गोयमा !" હા ગૌતમ ! "जहा मे अत्थित्तं" ઈત્યાદિ. આ સૂત્રપાઠનો અર્થ સ્પષ્ટ છે.

હવે સૂત્રકાર પૂર્વોક્ત સ્વરૂપવાળા અર્થની સત્યરૂપે પ્રજ્ઞાપનીયતા પ્રકટ કરવાના હેતુથી કહે છે–"से णूणं" ઈત્યાદિ । હે પૂજ્ય ! શું અસ્તિત્વ અસ્તિત્વમાં ગમનીય છે? એટલે કે પ્રજ્ઞાપનીય છે ? હા ગૌતમ ! અસ્તિત્વ અસ્તિત્વમાં ગમનીય છે એટલે કે જે સત્ છે તે સતરૂપે જ પ્રરૂપણીય હોય છે. "जहा परिणमइ दो आलावगा, तहा गमणिज्जेण वि दो आलावगा भाणियव्वा जाव तहा मे अत्थित्तं अत्थित्ते गमणिज्जं" જેવી રીતે "परिणमइ" (પરિણમે છે) આ પદની સાથે બે આલાપક કહ્યા છે, એજ પ્રમાણે "ગમનીય" વડે પણ બે આલાપક કહેવા જોઈએ. "મારું અસ્તિત્વ અસ્તિત્વમાં ગમનીય છે," ત્યાં સુધી તે બે આલાપક કહેવા જોઈએ. તાત્પર્ય એ છે કે જેમ "अत्थित्तं अत्थित्ते परिणमइ" થી લઈને "पओगसावि तं वीससावि तं" સુધી પરિણમનને આધારે પરિણમનવિષયક બે આલાપક થાય છે, એજ પ્રમાણે "से नूणं भंते अत्थित्तं अत्थित्ते गमणिज्जं" થી લઈને "पओगसावि तं वीससावि तं" ત્યાં સુધી ગમનીયનો આધાર લઈને ગમનીયવિષયક એક આલાપક, તથા "जहा ते भंते ! अत्थित्तं अत्थित्ते गमणिज्जं" થી લઈને "तहा मे अत्थित्तं अत्थित्ते गमणिज्जं" સુધીનો આ બીજો આલાપક થાય છે. આ બીજો આલાપક સમાનતાસૂચક છે. એટલે કે અસ્તિત્વ અને નાસ્તિત્વરૂપ પરિણમનની સમાનતાનો સૂચક છે અને પહેલું દંડક તે બંન્નેનાં ભેદનું સૂચક છે ।।સૂ. ૬।।

આ રીતે ભગવાન સંબંધી વસ્તુપ્રજ્ઞાપનાવિષયક સમાનતાનું કથન કરીને હવે સૂત્રકાર એજ સમાનતાને શિષ્યાદિ સંબંધમા બતાવતાં કહે છે—

"जहा ते भंते !" ઇત્યાદિ ।

## અત્રેહાદિગમનીય કા નિરૂપણ

(जहा ते भंते ! एत्थं गमणिज्जं, तहा ते इहं गमणिज्जं, जहा ते इहं गमणिज्जं तहा ते एत्थं गमणिज्जं) હે પૂજ્ય ! જેવી રીતે સ્વકીય પરકીયનો આશ્રય લીધા વિના સ્વાભાવિક પ્રવૃત્તિથી અથવા ઉપકાર બુદ્ધિથી આપે આપની પાસે રહેલા મારા જેવા આપના શિષ્યમાં જેવી રીતે સમાનતા રૂપે વસ્તુને ગમનીય કહી છે એજ પ્રકારે-સમાનતા રૂપે અથવા ઉપકાર બુદ્ધિથી ગૃહસ્થ, પાખંડી વગેરે લોકોમા પણ શું તે વસ્તુ પ્રકાશનીય કહી છે? અથવા–જે રીતે વસ્તુ ગૃહસ્થ, પાંખડી, વગેરે લોકોમાં ગમનીય કહી છે એજ પ્રમાણે

તે વસ્તુ શું તે વસ્તુ મારામાં પ્રકાશનીય કહી છે? અથવા તે બંનેનો આ અર્થ પણ થાય છે-જેવી રીતે પોતાના આત્મામાં સુખપ્રિયત્વ આદિ પ્રરૂપણીય છે એજ પ્રમાણે શું તે બીજાના આત્મામાં પણ પ્રરૂપણીય હોય છે? અથવા- જેવી રીતે તે બીજા આત્મામાં ગમનીય (પ્રરૂપણીય) હોય છે એવી રીતે શું પોતાના આત્મામાં પણ પ્રરૂપણીય હોય છે? હા ગૌતમ! જેવી રીતે મારા સંબંધી અસ્તિત્વ નાસ્તિત્વ અહીં ગમનીય (પ્રરૂપણીય) છે "यावत्" એવી રીતે બીજા સંબંધે પણ અસ્તિત્વ નાસ્તિત્વ ગમનીય છે. ॥ સૂ૦ ૭ ॥

**॥ કાંક્ષામોહનીયકમ વેદનનું વક્તવ્ય સમાપ્ત ॥**

## કાંક્ષામોનીયકર્મ બન્ધ કે સ્વરૂપ કા નિરૂપણ

પ્રસંગવશાત્ કાંક્ષામોહનીયકર્મના વેદનનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર કાંક્ષામોહનીય કર્મના બંધનું કથન કરે છે—"**जीवाणं भंते! कंखामोहणिज्जं कम्मं बंधंति**" इत्यादि ।

(**जीवा णं भंते! कंखामोहणिज्ज कम्मं बंधंति?**) હે પૂજ્ય! શું જીવો કાંક્ષા-મોહનીયકર્મનો બંધ બાંધે છે? (**हता गोयमा! बंधंति**) હા, ગૌતમ! તેઓ તેનો બંધ બાંધે છે. (**कह णं भंते! जीवा कंखामोहणिज्जं कम्मं बंधंति**) હે પૂજ્ય! જીવો કયા પ્રકારે કાંક્ષામોહનીય કર્મનો બંધ બાંધે છે? (**गोयमा! पमायपच्चया जोग निमित्तं च**) હે ગૌતમ! પ્રમાદને કારણે તથા યોગનિમિત્તથી જીવો કાંક્ષામોહનીયકર્મનો બંધ બાંધે છે. (**से णं भंते! पमाए किंपवहे?**) હે પૂજ્ય! તે પ્રમાદ શાથી ઉત્પન્ન થાય છે? (**गोयमा! जोगप्पवहे**) હે ગૌતમ! તે પ્રમાદ યોગથી ઉત્પન્ન થાય છે. (**से णं भंते! जोए किंपवहे?**) હે પૂજ્ય! તે યોગ શાથી ઉત્પન્ન થાય છે? (**गोयमा! वीरियप्पवहे**) હે ગૌતમ! તે યોગ વીર્યથી ઉત્પન્ન થાય છે? (**से णं भंते! वीरिएकिंपवहे?**) હે પૂજ્ય! તે વીર્ય શાથી ઉત્પન્ન થાય છે? (**गोयमा! सरीरप्पवहे**) હે ગૌતમ! તે વીર્ય શરીરથી ઉત્પન્ન થાય છે. (**से णं भंते! सरीरे किंपवहे?**) હે પૂજ્ય! તે શરીર શાથી ઉત્પન્ન થાય છે? (**गोयमा! जीवप्पवहे**) હે ગૌતમ! તે શરીર, જીવથી ઉત્પન્ન થાય છે. (**एवं सति अत्थि उट्ठाणेइ वा, कम्मेइ वा बलेइ वा, वीरिएइ वा, पुरिसकारपरक्कमेइ वा**) આમ થવાથી ઉત્થાન છે, કર્મ છે, બળ છે, વીર્ય છે, પુરુષકારપરાક્રમ છે.

ટીકાર્થ—જીવ કાંક્ષામોહનીય કર્મનો બંધ કઇ રીતે બાંધે છે? એ વાતનું આ સૂત્રમાં સ્પષ્ટીકરણ કર્યું છે. ગૌતમે પ્રભુને પૂછ્યું કે હે પૂજ્ય! શું જીવ કાંક્ષામોહનીય કર્મનો બંધ બાંધે છે? પ્રભુએ તેનો જવાબ હકારમાં આપ્યો. ત્યારે ગૌતમસ્વામી બીજો પ્રશ્ન પૂછે છે કે જીવ જે કાંક્ષામોહનીય કર્મનો બંધ બાંધે છે, તે બંધ કયા કારણોથી બાંધે છે? તેના જવાબમાં પ્રભુએ તેમને સમજાવ્યું કે જીવ કાંક્ષામોહનીય કર્મનો બંધ બે કારણોથી બાંધે છે. તેમાંનું એક કારણ પ્રમાદ છે અને બીજું કારણ યોગ છે. આત્માને જે અત્યંત વિમોહિત કરે છે તેનું નામ પ્રમાદ છે. મદ્યાદિકના ભેદથી પ્રમાદના પાંચ પ્રકાર કહ્યા છે. જેમ કે—

મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા, એ પાંચ પ્રમાદો જીવને આ સંસારમાં પાડે છે. અથવા–પ્રમાદ મારફત અહીં મિથ્યાત્વ, અવિરતિ, અને કષાય એ ત્રણ બંધના હેતુઓને ગ્રહણ કરવામાં આવ્યા છે. અથવા પ્રમાદના આઠ પ્રકાર પણ કહ્યા છે. જેમ કે—

અજ્ઞાન, સંશય, મિથ્યાજ્ઞાન, રાગ, દ્વેષ, મતિભ્રંશ, ધર્મપ્રત્યે અનાદર, અને યોગોનું દુષ્પ્રણિધાન (દુષ્ટપ્રવૃત્તિ) આ આઠ પ્રમાદ છોડવા યોગ્ય છે, એમ તીર્થંકરોએ કહેલ છે. મન, વચન અને કાયાનો જે વ્યાપારવિશેષ (પ્રવૃત્તિ) હોય છે તેનું નામ યોગ છે. તે યોગ જેમાં નિમિત્ત ( હેતુ ) હોય છે. તેને યોગનિમિત્ત કહે છે, યોગનિમિત્ત એટલે યોગના કારણરૂપ. “યોગનિમિત્ત” પદ ક્રિયાનું વિશેષણ છે. આ રીતે મિથ્યાત્વ, અવિરતિ, અને કષાય, એ ત્રણ તથા યોગ, એમ બધા મળીને ચાર બંધના હેતુ ( નિમિત્ત ) હોય છે. “योगनिमित्तं च” અહીં જે “च” મૂકયો છે તે સમુચ્ચયાર્થક છે. તેની મારફત એમ દર્શાવવામાં આવ્યું છે કે જેમ કર્મબંધના કારણરૂપ પ્રમાદ ગણાય છે તેમ યોગ પણ તેના કારણરૂપ છે. તાત્પર્ય કે પ્રમાદ અને યોગ એ બન્ને મળીને પણ કર્મબંધના કારણરૂપ છે. પ્રમાદ આદિમાં કાર્યકારણ ભાવ દર્શાવવાને માટે સૂત્રકાર કહે છે–“से णं भंते!” इत्यादि । હે પૂજ્ય! તે પ્રમાદ શાથી ઉત્પન્ન થાય છે? સૂત્રમાં આવતા “प्रवाह” શબ્દનો અર્થ “ઉત્પન્ન થવું” એમ થાય છે. ઉત્તર–હે ગૌતમ! તે પ્રમાદ યોગથી ઉત્પન્ન થાય છે. એટલે કે યોગરૂપ કારણો મળવાથી પ્રમાદની ઉત્પત્તિ થાય છે. મન, વચન અને કાયાના વ્યાપાર ( પ્રવૃત્તિ )ને યોગ કહે છે. હવે ફરીથી પ્રશ્ન કરવામાં આવે છે કે તે યોગ શાથી ઉત્પન્ન થાય છે? ઉત્તર–તે પ્રમાદથી

ઉત્પન્ન થયેલ યોગની ઉત્પત્તિ વીર્યથી થાય છે. વીર્યાન્તરાય કર્મના ક્ષય અને ક્ષયોપશમથી ઉત્પન્ન થતા જીવનાં જે પરિણામવિશેષ (ઉત્સાહ) છે તેને જ વીર્ય કહે છે. તે વીર્યની ઉત્પત્તિ શરીરથી થાય છે. તેનો આશય આ પ્રમાણે છે-

વીર્ય બે પ્રકારનું હોય છે-(૧) સકરણક અને (૨) અકરણક. લેશ્યાથી રહિત તથા સમસ્ત જ્ઞેય અને દૃશ્ય પદાર્થોને કેવળજ્ઞાન અને કેવળદર્શનથી જાણનાર, સર્વજ્ઞ કેવળી ભગવાનનું જે અપરિસ્પન્દ (ચેષ્ટી વિનાનું) અપ્રતિઘ (અસ્ખલિત) પરિણામ (ઉત્સાહ) છે. તેને "અકરણક વીર્ય" કહે છે. તે અકરણક વીર્યનો ઉલ્લેખ અહીં કર્યો નથી. પણ અહીં તો સકરણક વીર્યનો જ ઉલ્લેખ કરેલ છે, કારણ કે તેનો જ અધિકાર છે. તે સકરણક વીર્યનું સ્વરૂપ આ પ્રમાણે છે-લેશ્યાથી યુક્ત તથા મન, વચન અને કાયારૂપ યોગવાળા જીવનો જે પરિસ્પન્દાત્મક (ચેષ્ટાવાળો) વ્યાપાર છે એને જ "સકરણક વીર્ય" કહે છે. એવા સકરણક વીર્યનું જનક શરીર જ છે. કારણ કે શરીર વિના આ પ્રકારના વીર્યની ઉત્પત્તિ થવી અસંભવિત છે. જો કે જીવના પરિણામ વિશેષરૂપ જે વીર્ય છે તે જીવથી જ ઉત્પન્ન થાય છે-શરીરથી નહીં-પરન્તુ શરીર વિનાનો જે જીવ હોય તેની મારફત એવું પરિણામ સંભવી શકતું જ નથી. તેથી જ અહીં શરીરસંપન્ન જીવના પરિણામને વીર્ય કહેવામાં આવેલ છે. બાધકની ગેરહાજરીમાં ઉદ્દેશ્યતાવચ્છેદક ધર્મ વિધેયનો પ્રયોજક થાય છે. ઉદ્દેશ્યમાં રહેનાર ધર્મને ઉદ્દેશ્યતાવચ્છેદક કહેવામાં આવે છે. અહીં શરીરસહિત જીવ ઉદ્દેશ્ય છે જેમકે "ધનવાન્ સુખી" અહીં સુખરૂપ કાર્યનું ઉદ્દેશ્યતાવચ્છેદક ધન પ્રયોજક હોય છે. કારણ કે જ્યાં સુધી પુરૂષની પાસે ધન હોય છે ત્યાં સુધી તેને સુખ રહે છે. ધનના અભાવમાં સુખનો અભાવ થઇ જાય છે. એ જ પ્રમાણે આ વિષયમાં પણ શરીર, વચન અને મનથી યુક્ત જે જીવ છે તેનું જ પરિણામ વીર્ય છે. આ પ્રમાણે આમાં પણ ઉદ્દેશ્યતાવચ્છેદક શરીર છે અને વીર્ય વિધેય છે. વીર્ય જીવનું પરિણામ હોવા છતાં પણ ઉદ્દેશ્યતાવચ્છેદક શરીર વીર્યનું પ્રયોજક છે. એટલા માટે જ વીર્યને શરીરજનિત કહેવામાં આવે છે. તેથી અહિં વીર્યને સકરણક વીર્યરૂપે કહ્યું છે. કરણ સહિત હોય તેને સકરણક કહે છે. અહીં કરણ શરીર છે. આ રીતે આ વિષયમાં પણ વીર્ય શરીરજન્ય સિદ્ધ થઈ જાય છે. શરીરના વ્યાપારના અભાવે અયોગી કેવલી ભગવાનનું અકરણ વીર્ય કહેવાય છે, તેથી અહીં અયોગી કેવલી ભગવાનમાં જે વીર્ય છે તે શુદ્ધ જીવનું જ પરિણામ છે. જ્યારે શરીરયુક્ત જીવમાં જે વીર્ય છે તે શુદ્ધ જીવનું પરિણામ નથી, તે તો શરીર સ્પંદન-કંપનયુક્ત જીવનું પરિણામ છે.

શંકા—જેવી રીતે શરીરયુક્ત જીવનના પરિણામરૂપ વીર્યને આપ વિશે-

ષણરૂપ શરીરજન્ય માની રહ્યા છો એજ પ્રમાણે વીર્યને વાણી અને મનજન્ય પણ માનવું જોઇએ. તાત્પર્ય એ છે કે-તમે એમ કહો છો કે શરીરવાળા જીવનું વીર્ય શરીરથી જન્ય હોય છે, પણ વચન અને મનથી જન્ય હોતું નથી. એમ શા કારણે કહો છો ? કારણ કે જેવી રીતે જીવનું વિશેષણ શરીર છે, એવી રીતે વચન અને મન પણ જીવનાં વિશેષણ છે. તેથી ઉદ્દેશ્યતાવચ્છેદક જેવું શરીર છે એજ પ્રમાણે ઉદ્દેશ્યતાવચ્છેદક વચન અને મન પણ હોવાં જોઇએ ?

ઉત્તર—જો કે શરીર, વચન અને મનથી યુક્ત જે જીવ છે તે જીવના પરિણામ વિશેષ વીર્ય છે. આ રીતે સકરણક વીર્યમાં શરીરજન્યત્વની જેમ મન અને વચનનું જન્યત્વ પણ સંભવી શકે છે. છતાં પણ "પ્રધાન (મુખ્ય વસ્તુ) ની અપેક્ષાએ જ વ્યવહાર થાય છે." એ નિયમ અનુસાર શરીર, વચન અને મન, એ ત્રણેમાં શરીરની જ પ્રધાનતા છે-વચન અને મનની નથી. કારણ કે તે બન્ને શરીરના આશ્રિત હોય છે. शरीराधिष्टानक-જેમનું અધિષ્ઠાન શરીર જ છે. તે વચન અને મનનું શરીર ન હોય તો અસ્તિત્વ જ સંભવી શકતું નથી. તેથી વીર્યમાં શરીરજન્યત્વ જ કહેવામાં આવેલ છે. વળી એ વાત સર્વજ્ઞપ્રરૂપિત હોવાથી સકરણક વીર્યને શરીરજન્ય જ માનવું જોઈએ. એ કારણે જ "गोयमा ! सरीरप्पवहे वीरिए" આ વીર્ય શરીરથી ઉત્પન્ન થાય છે, એવું કહેલ છે.

ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે કે હે ભદન્ત ! શરીર શાથી ઉત્પન્ન થાય છે ? પ્રભુએ જવાબ આપ્યો કે હે ગૌતમ ! શરીર જીવથી ઉત્પન્ન થાય છે. એટલે કે જીવરૂપ કારણવિશેષને લઇને જ શરીરની ઉત્પત્તિ થાય છે. પ્રત્યક્ષમાં પણ એજ જોવામાં આવે છે કે ગર્ભથી લઈને અંતિમ શ્વાસોચ્છ્વાસ સુધી શરીર જીવાધિષ્ઠિત જ હોય છે. જો કે શરીરને માટે એકલો જીવ જ કારણરૂપ નથી, કર્મ પણ કારણરૂપ છે, પણ જે કર્મ થાય છે તે પણ જીવકૃત જ હોય છે તેથી કર્મ કરતાં જીવમાં પ્રધાનતા છે, અને "પ્રધાનની અપેક્ષાએ જ વ્યવહાર થયા કરે છે." તે ન્યાયને આધારે શરીરનું કારણ જીવને ગણ્યો છે. પ્રમાદ આદિ પદોમાં ઉત્પાદક-ઉત્પાદ્યની શૃંખલાનું જે કથન કરવામાં આવ્યું છે તેમાં પ્રયોજન શું છે ? તેના સમાધાનને માટે સૂત્રકાર કહે છે કે "एवं सइ" ઇત્યાદિ. શરીર જીવથી ઉત્પન્ન થાય છે, એ વાતનું પ્રતિપાદન થઈ ગયું છે. એટલે જ હવે તે શરીરમાં ઉત્થાન આદિ ક્રિયાઓ થાય છે, એ વાતને સૂત્રકાર પ્રકટ કરે છે- "उट्ठाणेइ वा" ઉર્ધ્વીભવન (ઉભા થવું) રૂપ ક્રિયાવિશેષનું નામ ઉત્થાન છે. અહીં "इति" શબ્દ તે ઉપદર્શન અર્થમાં વપરાયો છે. "वा" શબ્દ વિકલ્પ અને સમુચ્ચય અર્થનો સૂચક છે. "कम्मेइ वा" ઉત્ક્ષેપણ (ઉપર ફેંકવું), પ્રક્ષેપણ (ચારે બાજુ ફેંકવું) તથા ભ્રમણ વગેરેરૂપ ક્રિયાને કર્મ કહેવામાં આવે છે. "बलेइ वा" શરીરના સામર્થ્યનું નામ બળ છે. "वीरिएइ वा" જીવથી ઉત્પન્ન થતી શક્તિનું નામ વીર્ય છે. "पुरिसक्कार-

**परक्कमेइ वा** " પુરુષપણાનું અભિમાન તેને પુરુષકાર કહેવામાં આવે છે અને ઇષ્ટ વસ્તુના સાધક પુરુષકાર ( પુરુષાર્થ ) રૂપ પરાક્રમ છે. અથવા પુરૂષક્રિયા કે પુરુષ પ્રયત્નને પુરુષકાર અને શત્રુ નિરાકરણ ક્રિયાને પરાક્રમ કહે છે.

શંકા—સ્ત્રીક્રિયાને ગ્રહણ નહીં કરતાં, પુરુષક્રિયાને જ અહીં ગ્રહણ કરવાનું કારણ શું છે?

ઉત્તર—સ્વાભાવિક રીતે જ સ્ત્રીક્રિયા કરતાં પુરુષક્રિયા વધારે પ્રકર્ષવાળી ( બળવત્તર ) હોય છે, તે કારણે અહિં પુરુષક્રિયાને જ ગ્રહણ કરી છે, ગોશાલક મતના અનુયાયીઓ એમ કહે છે કે ઉત્થાન વગેરે ક્રિયાઓની અવશ્યકતા જ નથી. કારણ કે તે ક્રિયાઓ પુરુષાર્થની–એટલે કે પુરુષના પ્રયોજનની સાધક હોતી નથી. એટલે કે ઉત્થાન આદિ ક્રિયાઓ અસાધક હોવાથી ગોશાલકના મતમાં તેમની આવશ્યકતા જ નથી. અમારા મત પ્રમાણે તો નિયતિને જ સર્વકાર્યની સાધક ગણી છે. " નિયતિથી જ સમસ્ત કાર્યોની સિદ્ધિ થતી રહે છે, ઉત્થાનાદિ ક્રિયાઓથી નહીં " કહ્યું પણ છે કે " મનુષ્યને જે શુભ કે અશુભ વસ્તુ મળવા યોગ્ય હોય છે તેની પ્રાપ્તિ તેને નિયતિના પ્રભાવથી અવશ્ય થાય છે. જીવ ભલે ગમે તેટલો પ્રયત્ન કરે પણ જે બનવાનું નથી તે કદી બનતું નથી, અને જે બનવાનું હોય છે તે અવશ્ય બને જ છે, એમાં કોઈ ફેર પડતો નથી, વળી " અવશ્ય બનનાર ભાવોનો પ્રતિકાર છે જ નહીં " એ નીતિ અનુસાર તથા કાંટાની તીક્ષ્ણતા વગેરે જોવાથી એ સિદ્ધ થાય છે કે નિયતિ જ કારણ રૂપ છે, પુરુષાર્થ કારણ રૂપ નથી, એવું ગોશાલકમતાનુયાયીઓ માને છે. પણ આ જાતની માન્યતા બરાબર નથી, કારણ કે એવું માનવાથી પ્રત્યક્ષ દેખાતા પુરુષાર્થના અપલાપનો (અભાવનો) પ્રસંગ પ્રાપ્ત થશે. તમારે એમ ન કહેવું જોઈએ કે પુરુષાર્થ કરવા છતાં પણ કયારેય પણ કાર્યની સિદ્ધિ થતી દેખાતી નથી તેથી નિયતિ જ કારણભૂત છે. અમે તો એમ કહીએ છીએ કે એકલી નિયતિજ કાર્યસાધક છે. એ વાત બરાબર નથી. જેવી રીતે પુરુષાર્થની અપેક્ષા વગરની નિયતિ કાર્ય સાધવાને અસમર્થ છે. એજ પ્રમાણે નિયતિની અપેક્ષા વગરનો પુરુષાર્થ પણ કાર્ય સાધવાને માટે અસમર્થ છે. કારણ કે જેવી રીતે ઘડાની ઉત્પત્તિ દંડ ચક્ર, માટી, કુંભાર અને દોરી, એ બધા એકત્ર થવાથી જ થાય છે અને એ બધાને સમુદાયરૂપે જ ઘડાની રચનામાં કારણરૂપ ગણવામાં આવે છે, એવી જ રીતે કાળ, સ્વભાવ, કર્મ નિયતિ અને પુરુષાર્થ એ બધાંય એકત્ર થાય છે ત્યારેજ તેમના દ્વારા કાર્યની સિદ્ધિ થાય છે. તેથી કાળ, સ્વભાવ નિયતિ પુરુષાર્થ વગેરે સમુદાયરૂપે જ કાર્યના સાધક હોવાથી તેમનામાં કારણતા માનવામાં આવી છે. જ્યારે ખરી હકીકત આ પ્રમાણે છે કે તમે તો માત્ર નિયતિમાં જ કાર્યસાધકતા છે. પુરુષાર્થ વગેરેમાં કાર્યસાધકતા નથી, એમ માનો છો તે બરાબર નથી, જો તમારા કથન પ્રમાણે માનવામાં આવે તો પુરૂષાર્થ વગેરેમાં કારણતા સિદ્ધ કરનારા પ્રત્યક્ષ વગેરે જે પ્રમાણો છે તે પ્રમાણો સાથે અવશ્ય–વિરોધાભાસ થશે, માટે તે વિરોધ દૂર કરવાને નિયતિની સાથે પુરુષાર્થ વગેરે પણ કારણભૂત છે એવું સ્વીકારવું જ જોઈએ ॥સૂ.૮॥

અહીં સુધીના પ્રકરણમાં કાંક્ષામોહનીય કર્મનું વેદન અને સહેતુક બંધાદિકનું કથન કર્યું. હવે સૂત્રકાર કાંક્ષામોહનીયકર્મના ઉદીરણ અને ઉદીરણાસંબંધી વસ્તુનું કથન કરે છે—"से नूणं भंते! अप्पणा चेव" इत्यादि ।

(से नूणं भंते! अप्पणा चेव उदीरेइ, अप्पणा चेव गरहइ, अप्पणा चेव संवरेइ?) હે પૂજ્ય! શું જીવ પોતે જ કાંક્ષામોહનીય કર્મની ઉદીરણા કરે છે? શું તે જાતે જ તેની ગર્હા કરે છે? શું તે જાતે જ તેનો સંવર કરે છે? (हंता गोयमा!) હા ગૌતમ! (अप्पणा चेव० तं चेव उच्चारेयव्वं) જીવ જાતે જ કાંક્ષામોહનીયકર્મની ઉદીરણા કરે છે, જીવ જાતે જ તેની ગર્હા કરે છે, અને જીવ જાતે જ તેનો સંવર કરે છે. આ પ્રકારના પૂર્વોક્ત પાઠનું કથન અહીં કરવું જોઈએ (जं तं भंते! अप्पणा चेव उदीरेइ, अप्पणा चेव गरहइ, अप्पणा चेव संवरेइ, तं किं उदिण्णं उदीरेइ, अणुदिण्णं उदीरेइ, अणुदिण्णं उदीरणाभवियं कम्मं उदीरेइ, उदयाणंतरपच्छाकडं कम्मं उदीरेइ?) હે પૂજ્ય! જો જીવ પોતે જ કાંક્ષામોહનીય કર્મની ઉદીરણા કરે છે, જો તે પોતે જ તેની ગર્હા કરે છે, અને જો જીવ પોતે જ તેનો સંવર કરે છે. તો શું તે ઉદીર્ણની ઉદીરણા કરે છે? કે અનુદીર્ણની ઉદીરણા કરે છે? કે અનુદીર્ણ એટલે કે ઉદીરણામાં નહીં આવેલ પણ ઉદીરણાને યોગ્યની ઉદીરણા કરે છે? કે ઉદયાનન્તર પશ્ચાત્કૃતકર્મની ઉદીરણા કરે છે? (गोयमा!) હે ગૌતમ! (नो उदिण्णं उदीरेइ) જીવ ઉદીર્ણની ઉદીરણા કરતો નથી, (नो अणुदिण्णं उदीरेइ) અનુદીર્ણની ઉદીરણા કરતો નથી, (अणुदिण्णं उदीरणाभवियं कम्मं उदीरेइ) પણ જે કર્મ અનુદીર્ણ એટલે ઉદીરણામાં નથી આવેલા પણ ઉદીરણાને યોગ્ય હોય છે તે જ કર્મની જીવ ઉદીરણા કરે છે. (णो उदयानंतर पच्छाकडं कम्मं उदीरेइ) જે કર્મ ઉદયાનન્તર પશ્ચાત્કૃત (ઉદય પછી પાછળથી કરાયેલા) તેની પણ ઉદીરણા જીવ કરતો નથી (जं तं भंते! अणुदिण्णं उदीरणाभवियं उदीरेइ तं किं उट्ठाणेणं, कम्मेणं, बलेणं वीरिएणं, पुरिसकार परक्कमेणं, अणुदिण्णं, उदीरणाभवियं उदीरेइ?) હે પૂજ્ય જો જીવ ઉદયમાં નહિ આવેલા પણ ઉદીરણાને યોગ્ય કર્મની ઉદીરણા કરે છે તો શું તે ઉદયમાં નહિ આવેલા પણ ઉદીરણાને યોગ્ય કર્મની ઉદીરણા ઉત્થાનથી કર્મથી બળથી, વીર્યથી કે પુરુષકારપરાક્રમથી કરે છે? (उदाहु) અથવા તો अणुट्ठाणेणं, अकम्मेणं, अबलेणं, अविरिएणं' अपुरिसक्कारपरक्कमेणं, अनुदिण्णं उदीरणाभवियं कम्मं उदीरेइ?) અનુત્થાનથી, અકર્મથી, અબળથી, અવીર્યથી, અપુરુષકાર પરાક્રમથી જીવ અનુદીર્ણ પણ ઉદીરણાને યોગ્ય કર્મની ઉદીરણા કરે છે,? (गोयमा) હે ગૌતમ! तं उट्ठाणेण वि. कम्मेण वि बलेणवि वीरिएण वि, पुरिसक्कारपरक्कमेण वि अनुदिण्णं उदीरणाभवियं कम्मं उदीरेइ) જીવ અનુદીર્ણ પણ ઉદીરણાને યોગ્ય કર્મની ઉદીરણા ઉત્થાનથી કર્મથી

બળથી, વીર્યથી અને પુરુષકારપરાક્રમથી પણ કરે છે. ( णो तं अणुट्ठाणेण, अकम्मेणं, अबलेण, अवोरिएणं अपुरिसक्कारपरक्कम्मेण अणुदिण्णं उदीरणाभवियं कम्मं उदीरेइ ) પરંતુ અનુદીર્ણ પણ ઉદીરણાને યોગ્ય કર્મની ઉદીરણા જીવ અનુત્થાન, અકર્મથી, અબળથી, અવીર્યથી, અને અપુરુષકારપરાક્રમથી કરતો નથી. ( एवं सइ अत्थि उट्ठाणेइ वा, कम्मेइ वा बलेइ वा, वीरिइवा पुरिसक्कार-परक्कमेइ वा ) જો એમ છે તો ઉત્થાન પણ છે. કર્મ પણ છે, બળ પણ છે, વીર્ય પણ છે, પુરુષકારપરાક્રમ પણ છે જ

(से नूणं भंते अप्पणा चेव उवसामेइ, अप्पणा चेव गरहइ, अप्पणा चेव संवरेइ ?) હે પૂજ્ય ! જીવ શું પોતાની જાતે જ કાંક્ષામોહનીય કર્મનો ઉપશમ કરે છે ? શું પોતાની જાતે જ તેની ગર્હા કરે છે ? શું પોતાના જાતે જ તેનો સંવર કરે છે ? हंता गोयमा ! एत्थ वि तहेव भाणियव्वं ) હા ગૌતમ ! અહીં પણ તે પ્રમાણે જ સમજવું (કહેવું) જોઈએ ( नवरं–अणुदिण्णं उवसामेइ सेसा पडिसे-हेयव्वा तिण्णि ) વિશેષતા એ છે કે જીવ અનુદીર્ણ ઉપશમાવે છે. બાકીના ત્રણે વિકલ્પોનો અહિં નિષેધ કરવો જોઇએ, (जं तं भंते ! अणुदिण्णं उवसामेइ तं किं उट्ठाणेणं जाव पुरिसक्कारपरक्कमेइ वा ) હે પૂજ્ય ! જીવ જો અનુદીર્ણને ઉપશમાવે છે તો શું તેને ઉત્થાનથી કે કર્મથી. બળથી, વીર્યથી કે પુરુષકાર-પરાક્રમથી ઉપશમાવે છે ? ઇત્યાદિ અહીં 'यावत्' શબ્દથી પૂર્વનો પ્રશ્ન અને ઉત્તરનો બધો પાઠ કહેવો જોઈએ અહીં સુધી કે ' જો એવું છે તો ઉત્થાન કર્મ બાલ વીર્ય પુરુષકાર પરાક્રમ છે. '

(से नूण भंते ! अप्पणा चेव वेदेइ, अप्पणा चेव गरहइ) હે પૂજ્ય ! શું તે પોતે જ તેનું વેદન કરે છે, શું તે પોતે જ તેની ગર્હા કરે છે ? (एत्थ वि सच्चेव परिवाडी ) અહીં પણ પૂર્વોક્ત રીતે સમસ્ત પરિપાટીનું કથન કરવું જોઈએ. (नवरं) વિશેષતા એ છે કે (उदिन्नं वेदेइ णो अणुदिन्नं वेएइ एवं जाव पुरिसक्कारपरि-क्कमेइ वा ) ઉદીર્ણનું વેદન કરે છે. પણ અનુદીર્ણનું વેદન કરતો નથી. આ પ્રમાણે " પુરુષકારપરાક્રમ છે " અહીં સુધીનું કથન લેવાનું છે. ( से नूणं भंते ! अप्पणा चेव निज्जरेंति, अप्पणा चेव गरहइ ? ) શું જીવ પોતાની જાતે જ તેની નિર્જરા કરે છે ? શું જીવ પોતાની જાતે જ તેની ગર્હા કરે છે ? (एत्थ वि

सच्चेव परिवाडी–नवरं उदयाणंतरपच्छाकडं कम्मं निज्जरेइ, एवं जाव परक्कमेइ वा ) અહીં પણ પૂર્વોક્ત પરિપાટી જ સમજવી વિશેષતા એ છે કે ઉદયાનન્તરપશ્ચાત્કૃતકર્મની નિર્જરા કરે છે. ' પુરુષકારપરાક્રમ છે." ત્યાં સુધીનું કથન અહીં પણ ગ્રહણ કરવું.

ટીકાર્થ—"से नूणं भंते" ઇત્યાદિ પદો દ્વારા ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને પૂછે છે કે "भंते" હે પુજ્ય! શુ જીવ "तं" તે કાંક્ષામોહનીયકર્મની તથા ઉપલક્ષણથી સમસ્ત કર્મની પણ "अप्पणा चेव" પોતાની જાતે જ "उदीरेइ" ઉદીરણા કરે છે? "अप्पणा चेव गरहइ" અને શું જીવ પોતાની જાતે જ સ્વકૃત કર્મની ગર્હા કરે છે? "अप्पणा चेव संवरेइ" અને શું જીવ પોતાની જાતે જ તેનું સંવરણ (સંવર) કરે છે?

વર્તમાનકાળમાં નવાં કર્મોનો બંધ ન બાંધવો એટલે કે આસ્રવોનો નિરોધ કરવો તેનું નામ સંવર છે. ગૌતમના પ્રશ્નોનો પ્રભુએ આ પ્રમાણે જવાબ આપ્યો "हंता गोयमा!" હા ગૌતમ! "अप्पणा चेव" જીવ પોતાની જાતે જ કર્મની ઉદીરણા કરે છે, તે પોતાની જાતે જ તેની ગર્હા કરે છે અને પોતાની જાતે જ તે તેનું સંવરણ કરે છે. અહીં જે "तं तहेव उच्चारेयव्वं" એ પાઠ આપ્યો છે તેના વડે "अप्पणा चेव, उदीरेइ अप्पणा चेव गरहइ अप्पणा चेव सवरेइ" પૂર્વોક્ત પાઠનો સમાવેશ કરવાનું કહેવામાં આવેલ છે. "उदीरणा" નો અર્થ આ પ્રમાણે છે–ભવિષ્યકાળમાં વેદવાને યોગ્ય જે કર્મો છે તેમને કરણવિશેષ વડે ખેંચીને ખપાવવા માટે ઉદયાવલિકામાં લાવવા તેનું નામ ઉદીરણા છે. આથી "કર્મબંધ વગેરે કરવામાં જીવનોજ અધિકાર છે અન્યનો એટલે કે અજીવ વગેરેનો નહીં" આ વાત દર્શાવવામાં આવી છે. તાત્પર્ય એ છે કે કર્મની ઉદીરણા વગેરે કરવામાં મુખ્ય કારણ જીવ જ છે. કહ્યું પણ છે—

"अणुमेत्तो वि न कस्सइ. बंधो परवत्थुपच्चया भणिओ"

**કોઈપણ જીવને થોડા સરખો પણ કર્મબંધ અન્ય પદાર્થના નિમિત્તથી કહ્યો નથી** અહીં જે "परवस्तुप्रत्ययात्', એવું કહેવામાં આવેલ છે તેથી એજ ફલિત થાય છે કે કર્મબંધ કરવામાં જીવ સિવાય બીજું કોઈ પણ નિમિત્ત નથી એટલે કે કર્મબંધ કરવામાં જીવ પોતે જ નિમિત્તરૂપ છે. "अप्पणा चेव गरहइ"નું તાત્પર્ય એ છે કે જીવને જ્યારે કર્મના સ્વરૂપનું જ્ઞાન થાય છે ત્યારે કર્મનાં કારણોની તે ગર્હા ( ગુરુ સાક્ષીએ નિંદા ) કરવા લાગી જાય છે. આ રીતે બોધ પામેલા જીવ પોતાની મારફત ભૂતકાળમાં થયેલાં કર્મોની નિંદા કરવા મંડી જાય છે. તેથી તે "अप्पणा चेव संवरेइ" આસ્રવના મિથ્યાત્વ અવ્રત વગેરે કારણોનો નિરોધ કરી નાખે છે. તેથી તે વર્તમાનકાળમાં નવાં કર્મોનો બંધ બાંધતો નથી. જો કે ગર્હા(નિંદા) આદિ કરવામાં ગુરુ આદિની પણ સહાયતા જીવને મળે છે, છતાં પણ અહીં તેમની પ્રધાનતા દર્શાવી નથી. તેનું કારણ એ છે કે જીવના વીર્યની જ તેમાં પ્રધાનતા રહેલી હોય છે તેથી તેને જ અહીં

કારણરૂપ માનેલ છે. તેથી જ "अप्पणा चेव" એવું કથન થયું છે. ગુર્વાદિકો તો જીવના વીર્યોલ્લાસમાં જ કારણ રૂપ બને છે.

આ પ્રમાણે સમજી લીધા પછી ગૌતમ સ્વામી ઉદીરણાના વિષયમાં મહાવીર પ્રભુને આ પ્રમાણે પ્રશ્ન પૂછે છે-"जं तं भंते !" ઇત્યાદિ હે પૂજ્ય ! જો જીવો તે કર્મની "अप्पणा चेव" પોતાની જાતે જ "उदीरेइ" ઉદીરણા કરે છે. "अप्पणा चेव गरहइ" પોતાની જાતે જ તેની ગર્હા (નિંદા) કરે છે, "अप्पणा चेव संवरेइ" પોતાની જાતે જ કર્મનો સંવર કરે છે, "तं किं" તો શું તે જીવ "उदिण्णं उदीरेइ" ઉદીર્ણ કર્મની જ ઉદીરણા કરે છે ? "अनुदिण्णं उदीरेइ" કે અનુદીર્ણ કર્મની ઉદીરણા કરે છે ? કે "अणुदिण्णं उदीरणाभवियं कम्मं उदीरेइ" અનુદીર્ણ પણ ઉદીરણા થવા યોગ્ય કર્મની ઉદીરણા કરે છે ? "उदयाणंतर-पच्छाकडं कम्मं उदीरेइ ?" કે ઉદયાનન્તર પશ્ચાત્‌કર્મની ઉદીરણા કરે છે ? આ પ્રકારે ચાર પ્રશ્નો અહીં પૂછવામાં આવ્યા છે. પ્રભુએ તે પ્રશ્નોના આ પ્રમાણે જવાબ આપ્યા-"नो उदिण्णं" ઇત્યાદિ.-

"(गोयमा !) હે ગૌતમ ! જીવ "णो उदिण्णं उदीरेइ" ઉદીર્ણ કર્મની ઉદીરણા કરતો નથી. કારણ કે જે કર્મ ઉદીર્ણ હોય છે તેની ઉદીરણા થઈ ગઈ હોય છે, તેથી ફરીથી તેની ઉદીરણા થતી નથી જો ઉદીર્ણ કર્મની ફરીથી ઉદીરણા થવાની વાત માની લેવામાં આવે તો ઉદીરણાનો કદી અંત જ ન આવે એટલે કે ઉદીર્ણ કર્મની ઉદીરણા થતી નથી. આ રીતે પહેલા ભેદનું સ્પષ્ટીકરણ થઇ ગયું હવે બીજા ભેદનું નિરાકરણ કરવાને માટે સૂત્રકાર કહે છે "नो अनुदिण्णं उदीरेइ" જીવ અનુદીર્ણ કર્મની ઉદીરણા પણ કરતો નથી. અનુદીર્ણના બે અર્થ થઇ શકે છે-(૧) જેની ઉદીરણા ઘણા કાળે પછી થવાની છે તે કર્મને અનુદીર્ણ કર્મ કહે છે (૨) અને જેની ઉદીરણા આગળ કદી થવાની નથી તે કર્મને પણ અનુદીર્ણ કર્મ કહે છે. તાત્પર્ય એ છે કે જે કર્મ ઉદયાવલિકામાં આવ્યું નથી તે કર્મને અનુદીર્ણ કર્મ કહે છે. એવું જે અનુદીર્ણ કર્મ હોય છે તેની ઉદીરણા વર્તમાનકાળમાં અને ભવિષ્યત્કાલમાં થતી નથી. એટલે કે અનુદીર્ણ કર્મની ઉદીરણા થતી નથી. આ રીતે બીજા ભેદનું નિરાકરણ પણ થઇ ગયું.

હવે ત્રીજા ભેદનો સ્વીકાર કરતાં સૂત્રકાર કહે છે કે-"अनुदिण्णं उदीरणा भवियं कम्मं उदीरेइ" જે કર્મ સ્વરૂપથી અનુદીર્ણ છે પણ પછીના સમયમાં જ ઉદીરણા થવાને યોગ્ય છે તે કર્મને "અનુદીર્ણ ઉદીરણાભવિક" કહેવામાં આવેલ છે. ઉદીરણાની યોગ્યતાવાળાં હોવાને કારણે એવા કર્મની જ જીવ ઉદીરણા કરે છે. એટલે કે એવાં કર્મ વિશિષ્ટ યોગ્યતાને કારણે ઉદીરણાને લાયક બની જાય છે. આ રીતે આ ત્રીજા ભેદનો સ્વીકાર કરવામાં આવ્યો છે. હવે ચોથા ભેદનું સ્પષ્ટીકરણ કરવાને માટે સૂત્રકાર કહે છે-"णो उदयाणंतरपच्छाकडं कम्मं उदीरेइ" ઉદયાનન્તર પશ્ચાત્‌કર્મની ઉદીરણા પણ જીવ કરતો નથી-જે

કર્મ ઉદયમાં આવી ગયું હોય છે તે કર્મ ઉદયમાં આવ્યા પછી પશ્ચાત્કૃત થઇ જાય છે–એટલે કે તે ભૂતકાલિક બની જાય છે. તેથી ઉદયમાં આવી ચૂકવાને કારણે તે કર્મ ઉદીરિત થતું નથી–એટલે કે ઉદીરણાનો વિષય બનતું નથી. કારણ કે તેનું સત્ત્વ (અસ્તિત્વ) જ રહેતું નથી. અસ્તિત્વ રહિત (અસત્ ) ની ઉદીરણા થતી નથી–સત્ (અસ્તિત્વ વાળા) કર્મની જ ઉદીરણા થાય છે.

શંકા—જેવી રીતે પહેલા સૂત્રમાં " उदीरण ", " गर्हण " અને "संवरण" એ ત્રણ પદોનો સમાવેશ કરવામાં આવ્યો છે, એવી જ રીતે " उदिण्णं उदीरेइ " સૂત્રમાં " तं किं उदिन्नं उदीरेइ " ઇત્યાદિ સૂત્ર અનુસાર ગર્હણ અને સંવરણ એ બે પદોને છોડીને ફક્ત ઉદીરણા પદને જ કેમ ગ્રહણ કર્યું છે ? શંકા કરનારનો હેતુ એ છે કે " ઉદીર્ણ " પદની સાથે " उदीरेइ " એ એક જ ક્રિયાપદને જોડયું છે, તેવી રીતે " गरहइ " અને " संवरइ " એ બે ક્રિયા પદોને જોડયાં નથી તો એ બે પદોને નહીં જોડવાનું શું કારણ છે ?

સમાધાન—ઉદીરણ, અનુદીર્ણ; અનુદીર્ણ ઉદીરણા ભવિક અને ઉદયાનન્તર પશ્ચાત્ કૃત, એ ચાર વિશેષણોમાં ફક્ત ઉદીરણાની અપેક્ષાએ જ વિશેષનો સદ્ભાવ છે.ગર્હણ અને સંવરણમાં તેમની અપેક્ષાએ વિશેષનો અભાવ છે. એટલે કે ગર્હણ અને સંવરણનો સબંધ તે ચાર વિશેષણોમાંથી કોઇ પણ વિશેષણની સાથે યોજાતો નથી તેથી તે બન્ને ક્રિયાપદોને ઉપલા વિશેષણોની સાથે જોડવામાં આવ્યા નથી.

પ્રશ્ન—જો એ પ્રમાણે જ હકીકત છે તો પૂર્વ સૂત્રમાં ગર્હણ અને સંવરણને શા માટે લેવામાં આવ્યાં છે ?

ઉત્તર—કર્મની ઉદીરણામાં ગર્હણ અને સંવરણ પ્રાયઃ ઉપાયભૂત છે, એ વાત દર્શાવવાને માટે જ તે પદોને ગ્રહણ કરવામાં આવ્યાં છે. હવે ઉદીરણામાં માત્ર પુરુષવીર્ય જ કારણભૂત નથી પણ કાળ સ્વભાવ વગેરે અનેક વસ્તુઓ કારણભૂત છે એટલે કે ઉદીરણા થવામાં જેવી રીતે પુરુષવીર્ય કારણભૂત છે એવી જ રીતે કાળ, સ્વભાવ વગેરે બીજાં પણ કારણો છે, એ વાતનું પ્રતિપાદન કરવા માટે સૂત્રકાર " जं तं " ઇત્યાદિ રૂપથી કહે છે–હે પૂજ્ય ! સ્વભાવથી જે કર્મ અનુદીર્ણ છે પણ તુરત જ તે કર્મની ઉદીરણા થવાની છે એવા અનુદીર્ણ ઉદીરણાભવિક કર્મની ઉદીરણા જીવ કરતો હોય તો " किं उट्ठाणेणं " શું ઉત્થાનથી તે અનુદીર્ણ ઉદીરણાભવિક કર્મની ઉદીરણા જીવ કરે છે ? કે "कम्मेणं" ઉત્ક્ષેપણ આદિ કર્મથી, (ક્રિયાથી) જીવ તેની ઉદીરણા કરે છે ? કે "बलेन" શારીરિક બળથી તેની ઉદીરણા કરે છે ? કે "वीरिएणं" જીવપ્રભવ વીર્યથી તેની ઉદીરણા કરે છે ? કે " पुरिसक्कारपरक्कमेणं " પુરુષકાર પરાક્રમથી અનુદીર્ણ ઉદીરણાભવિક કર્મની ઉદીરણા કરે છે ? " उदा हु " અથવા તો अणुट्ठाणेणं, अकम्मेणं, अबलेणं, अवीरिएणं, अपुरिसक्कारपरक्कमेणं, अनुदिण्णं उदीरणाभवियं कम्मं उदीरेइ ? " તે અનુત્થાનથી, અકર્મથી, અબળથી, અવીર્યથી અને અપુરુષકારપરાક્રમથી; અનુદીર્ણ ઉદીર્ણાભવિક કર્મની ઉદીરણા કરે છે ?

આ પ્રશ્નના જવાબમાં ભગવાન કહે છે કે હે ગૌતમ ! " तं उट्ठाणेण वि " જીવ ઉત્થાનથી પણ, " कम्मेण वि " કર્મથી પણ, " बलेण वि " બળથી પણ वीरिएण वि " વીર્યથી પણ, पुरिसक्कारपरक्कमेण वि " અને પુરુષકાર પરાક્રમથી પણ અનુદીર્ણ ઉદીરણાભવિક કર્મની ઉદીરણા કરે છે. આ રીતે વિધિ પક્ષનું કથન કરીને સૂત્રકાર નિષેધ પક્ષનું પણ કથન કરે છે કે જીવ અનુત્થાન આદિ વડે અનુદીર્ણ ઉદીરણાભવિક કર્મની ઉદીરણા કરતો નથી. એટલે કે ઉત્થાન કર્મ વગેરે વિના જીવ કર્મની ઉદીરણા કરતો નથી, " જીવ ઉદીરણાને યોગ્ય કર્મની ઉદીરણા ઉત્થાન વગેરેની મારફત જ કરે છે" આ કથનથી જે સાર નીકળે છે તે બતાવવાને માટે શાસ્ત્રકાર પોતે જ કહે છે કે-જ્યારે ઉત્થાન વગેરેથી જ ઉદીરણા સાધ્ય છે, ત્યારે ઉત્થાન વગેરે તેનાં કારણો છે. એ વાત નક્કી થઈ છે અને તેથી ઉત્થાન પણ છે, કર્મ પણ છે, બળ પણ છે, વીર્ય પણ છે અને પુરુષકારપરાક્રમ પણ છે ? એ વાત પણ નિર્વિવાદ સિદ્ધ થઈ જાય છે. અહીં સુધીના પ્રકરણમાં કાંક્ષામોહનીયકર્મની ઉદીરણાનું કથન કરવામાં આવ્યું છે, હવે એજ કાંક્ષામોહનીય કર્મના ઉપશમનું કથન કરવામાં આવે છે—

" से नूणं भंते ! " ઇત્યાદિ ગૌતમ સ્વામી પ્રભુને પૂછે છે કે હે પૂજ્ય ! શું આ જીવ કાંક્ષામોહનીયકર્મનો ઉપશમ પોતાની જાતે જ કરે છે ? " વગેરે કાંક્ષામોહનીય કર્મનો જ ઉપશમ થાય છે, તેથી જ કહ્યું છે કે ઉપશમ મોહનીયકર્મનો થાય છે. ચાર ઘાતિયા કર્મનો ક્ષયોપશમ થાય છે. આઠે કર્મોના ઉદય ક્ષય અને પરિણામ થાય છે. "ઉપશમ" પદનો અર્થ આ પ્રમાણે છે-ઉદીર્ણ કર્મનો ક્ષય તથા અનુદીર્ણ કર્મનો વિપાકથી તથા પ્રદેશથી અનનુભવન-અર્થાત્ વિપાક તથા પ્રદેશથી અનુદીર્ણ કર્મના ઉદય સર્વથા રોકાઇ ગયેલ હોય તેને ઉપશમ કહે છે. અનાદિ કાળથી જે મિથ્યાદૃષ્ટિવાળા જીવો છે તેમને જ્યારે ઔપશમિક સમ્યક્ત્વનો લાભ મળે છે ત્યારે જ આ ઉપશમ છે, તથા જે જીવો ઉપશમ શ્રેણીમાં ગયા હોય છે તેમને જ આ ઉપશમ થાય છે " अप्पणा चेव गरहइ, अप्पणा चेव संवरेइ " હે પૂજ્ય ! શું જીવ જાતે જ નિંદા કરે છે? શું જીવ જાતે જ સંવર કરે છે ? અને જીવ જાતેજ પોતાનાં કર્મનું ઉપશમ કરે છે ? ભગવાને ગૌતમના પ્રશ્નનો આ પ્રમાણે ઉત્તર આપ્યો કે "हंता गोयमा" હા ગૌતમ! "एत्थ वि तहेव भाणियव्वं " અહીં પણ પૂર્વોક્ત રીતે જ કથન કરવું, એટલે કે જીવ પોતે જ નિંદા કરે છે, જીવ પોતે જ સંવર કરે છે, અને જીવ પોતે જ પોતાનાં કર્મોનો ઉપશમ કરે છે, "नवरं"

પણ અહીં એટલી વિશેષતા છે કે " अणुदिण्णं उवसामेइ " અનુદીર્ણ કર્મનો જ ઉપશમ કરે છે. પણ ઉદીર્ણ કર્મનો ઉપશમ થતો નથી તેનું તો માત્ર વેદન જ થાય છે. " सेसा पडिसेहेयव्वा " આ સૂત્રનું આ પ્રમાણે તાત્પર્ય છે. કોઈ એવો પ્રશ્ન કરે કે ઉદીર્ણનો ઉપશમ થાય છે? કે અનુદીર્ણનો ઉપશમ થાય છે? કે અનુદીર્ણ ઉદીરણાભવિક કર્મનો ઉપશમ થાય છે? કે ઉદયાનન્તરપશ્ચાત્કૃત કર્મનો ઉપશમ થાય છે? તો તેનો આ પ્રમાણે જવાબ છે–" ઉદીર્ણનો ઉપશમ થતો નથી, અનુદીર્ણ ઉદીરણાભવિક કર્મનો પણ ઉપશમ થતો નથી, તેમજ ઉદયાનન્તરપશ્ચાત્ કૃત કર્મનો પણ ઉપશમ થતો નથી. આ રીતે ત્રણ પ્રશ્નોનો નિષેધ કરીને, 'અનુદીર્ણ કર્મનો જ ઉપશમ થાય છે' એ પ્રશ્નનો સ્વીકાર કરવામાં આવ્યો છે, એમ સમજવું.

પ્રશ્ન—હે પૂજ્ય! " अणुदिन्नं " જો જીવ અનુદીર્ણ કર્મનો " उवसामेइ " ઉપશમ કરે છે તો શું જીવ તે ઉપશમ " उट्ठाणेणं " ઉત્થાનથી કરે છે? કે **यावत्** પુરુષકારપરાક્રમથી કરે છે? અહીં " यावत् " પદથી ઉદીરણા સૂત્રોમાં કહેલા સમસ્ત પ્રશ્નો અને ઉત્તરોનો સંગ્રહ કરવો.

ઉદીર્ણ કર્મનું વેદન થાય છે. તેથી સૂત્રકાર હવે વેદન સૂત્રનું કથન કરે છે—

**से नूणं भंते !** ઈત્યાદિ, હે પૂજ્ય? શું જીવ " अप्पणा चेव " જાતે જ કર્મનું વેદન કરે છે? શું જીવ જાતે જ કર્મની નિંદા કરે છે? ત્યારે પ્રભુએ તે પ્રશ્નોનો આ પ્રમાણે જવાબ આપ્યો–"एत्थ वि सच्चेव परिवाडी" અહીં પણ પૂર્વોક્ત પરિપાટી–સૂત્રપદ્ધતિ જ ગ્રહણ કરવી, એટલે કે ઉદીરણા સૂત્રના આલાપક પ્રમાણે જ સમસ્ત આલાપક અહીં પણ કહેવા. " नवर " પણ તેમાં આટલી વિશેષતા છે. ઉદીર્ણ કર્મોનું જ જીવ વેદન કરે છે–અનુદીર્ણનું વેદન કરતો નથી. કારણ કે અનુદીર્ણ કર્મનું વેદન થતું નથી. જો અનુદીર્ણ કર્મનું પણ વેદન માની લેવામાં આવે તો ઉદીર્ણ અને અનુદીર્ણ કર્મમાં કોઇ ભેદ જ ન રહે. એજ વાત " णो अणुदिन्नं वेएइ " આ સૂત્રથી બતાવવામાં આવી છે કે અનુદીર્ણ કર્મનું વેદન થતું નથી " एवं जाव पुरिसक्कारपरक्कमेइ वा " એવી રીતે ઠેઠ પુરુષકારપરાક્રમ સુધી જાણી લેવું આ નિષેધ સૂત્રથી બાકીના બે વિકલ્પોનો પણ નિષેધ કરાયો છે તે બે વિકલ્પો આ પ્રમાણે છે–" णो अणुदिण्णं उदीरणाभवियं कम्मं वेएइ, णो उदयाणंतरपच्छाकडं कम्मं वेएइ " જેવી રીતે જીવ અનુદીર્ણ કર્મનું વેદન કરતો નથી એવી જ રીતે અનુદીર્ણ તથા ઉદીરણાભવિક કર્મનું પણ વેદન કરતો નથી, અને જે કર્મ ઉદયાનન્તરપશ્ચાત્કૃત છે તેનું વેદન પણ જીવ કરતો નથી. અહીં " यावत् " પદથી એ સૂચન કરવામાં આવેલ છે કે ઉદીરણાસૂત્રમાં કહેલ સમસ્ત પાઠ અહીં પણ કહેવો, એટલે કે ઉદીરણા સૂત્રમાં જે પ્રશ્નો અને ઉત્તરો છે તે અહીં વેદન સૂત્રમાં પણ કહેવા. અને " पुरिसक्कारपरक्कमेइ वा " સૂત્ર સુધીનો પાઠ પણ ગ્રહણ કરવો.

જે કર્મનું વેદન થાય છે તેની નિર્જરા થાય છે. તેથી હવે સૂત્રકાર નિર્જરા સૂત્રનું નિરૂપણ કરતાં કહે છે કે-" **से नूणं भंते ! अप्पणा चेव निज्जरेइ, अप्पणा चेव गरहइ** " હે પૂજ્ય ! શું જીવ પોતાની જાતે જ કર્મની નિર્જરા કરે છે? અને શું જીવ પોતાની જાતે જ કર્મની નિંદા કરે છે? ઉત્તર-હા, ગૌતમ ! જીવ પોતાની જાતે જ કર્મની નિર્જરા કરે છે અને પોતાની જાતે જ કર્મની નિંદા કરે છે.

આત્મપ્રદેશોમાંથી કર્મપુદ્‌ગલોનું થોડું થોડું દૂર થવું-અલગ થવું-તેનું નામ નિર્જરા છે. આ નિર્જરાના સંબંધમાં પણ ઉદીરણાના સૂત્રમાં કહેલી પરિપાટી પ્રમાણે જ કથન કરવું. પરંતુ નિર્જરામાં એટલો ફેર છે કે "**उदयाणंतर-पच्छाकडं कम्मं निज्जरेइ** " જીવ એવા કર્મની જ નિર્જરા કરે છે કે જે કર્મ ઉદયાનન્તરપશ્ચાત્કૃત હોય છે. અહીં પહેલાના ત્રણ વિકલ્પો છોડીને ચોથા વિકલ્પનો જ સ્વીકાર કર્યો છે. એનું કારણ એ છે કે જે કર્મોનો રસ ભોગવી લેવાય છે એવાં કર્મો જ જીવ પ્રદેશોથી જુદાં થાય છે. આ રીતે કર્મોનું આત્મપ્રદેશોથી અલગ થવું એને જ નિર્જરા કહેવામાં આવે છે. ઉદીરણ, ઉપશમ, વેદન અને નિર્જરા સંબંધી પૂર્વોક્ત સૂત્રોના અર્થનો સંગ્રહ કરનારી જે ગાથા સૂત્રકારે મૂકી છે તે ગાથાનો અર્થ આ પ્રમાણે છે.

ત્રીજા વિકલ્પથી (અનુદીર્ણ ઉદીરણાભવિક વિકલ્પથી) જીવ કર્મની ઉદીરણા કરે છે એટલે કે એવા કર્મની જ જીવ ઉદીરણા કરે છે કે જે કર્મ અનુદીર્ણ હોય છે અને અનુદીર્ણ કર્મનો જ જીવ ઉપશમ કરે છે-અન્ય અવસ્થાવાળા કર્મોનો ઉપશમ કે ઉદીરણા જીવ કરતો નથી. જે કર્મ ઉદીર્ણ હોય છે તેનું જ જીવ વેદન કરે છે. અને જે કર્મ ઉદયાનન્તરપશ્ચાત્‌કૃત હોય છે તેની જ જીવ નિર્જરા કરે છે. અહીં કાંક્ષામોહનીય કર્મનું વેદન, ઉદીરણ, ઉપશમ અને ઉપશાંત કર્મનું નિર્જરણ એ બધાં ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષકારપરાક્રમથી થાય છે પરંતુ તે અનુત્થાન, અકર્મ, અબળ, અવીર્ય અને અપુરુષાકાર પરાક્રમથી થતા નથી. એ ભાવ છે. ॥સૂ૦૯॥

આ કાંક્ષામોહનીયકર્મબંધ સ્વરૂપનું નિરૂપણ સમાપ્ત થયું.

**નૈરયિકાદિ પ્રકરણ—**

કાંક્ષામોહનીય કર્મના વેદનથી લઇને નિર્જરા સુધીના સૂત્રસમુદાયને નારકી વગેરે ચોવીસ દંડકોની સાથે જોડતાં સૂત્રકાર કહે છે કે—" **नेरइयाणं भंते ! कंखामोहणिज्जं कम्मं वेएंति** " ઇત્યાદિ ।

( **नेरइयाणं भंते ! कंखामोहणिज्जं कम्मं वेएंति ?** ) હે પૂજ્ય ! નારકીના જીવો શું કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે ? ( **जहा ओहिया जीवा तहा नेरइया जाव थणियकुमारा** ) હે ગૌતમ ! અહીં પણ સામાન્ય જીવોના સંબંધમાં જેવી રીતે પૂર્વે કહેવામાં આવેલ છે તેવી જ રીતે નારકોના સંબંધમાં પણ સમજવું. અને એ પ્રમાણે જ સ્તનિતકુમાર સુધી જાણવુ. ( **पुढविक्काइयाणं भंते ! कंखामोहणिज्जं कम्मं वेएंति ?** ) હે પૂજ્ય ! શું પૃથ્વીકાયિક જીવો કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે ? ( **हंता, वेएंति** ) હા, ગૌતમ ! તેઓ પણ કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે. ( **कह णं भंते ! पुढविकाइया कंखामोहणिज्जं कम्मं वेएंति ?** ) હે પૂજ્ય ! પૃથ્વીકાયિક જીવો કેવી રીતે કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે ? ( **गोयमा !** ) હે ગૌતમ ! ( **तेसिणं जीवाणं णो एवं तक्काइ वा, सण्णाइ वा, पण्णाइ वा, मणोइ वा, वईत्त वा** ) તે જીવોમાં એવો તર્ક નથી, એવી સંજ્ઞા નથી, એવી પ્રજ્ઞા નથી, એવું મન નથી, અને વચન પણ નથી. ( **अम्हे कंखमोहणिज्जं कम्मं वेएमो** ) કે જેથી પંચેન્દ્રિય જીવોની જેમ તેઓ એમ જાણી શકે કે અમે કાંક્ષામોહનીય કર્મનું વેદન કરીએ છીએ. ( **वेएंति पुण ते** ) છતાં પણ તેઓ તેનું વેદન તો અવશ્ય કરે જ છે. ( **से नूणं भंते ! तमेव सच्चं नीसंकं जं जिणेहिं पवेइयं ?** ) હે પૂજ્ય શું એજ સત્ય અને નિઃશંક છે કે જે જિનેન્દ્રોએ કહ્યું છે ? હા, ગૌતમ ! જે જિનેશ્વરોએ કહ્યું છે તેજ સત્ય અને નિઃશંક છે. ( **सेसं तं चेव जाव पुरिसक्कारपरक्कमेइ वा, एवं जाव चउरिंदियाणं, पंचिंदियतिरिक्खजोणिया जाव वेमाणिया जहा ओहियाजीवा** ) પુરુષકારપરાક્રમ છે.' ત્યાં સુધીનો બાકીનો તમામ પાઠ પૂર્વોક્ત રીતેજ સમજવો. એવી જ રીતે ઠેઠ ચતુરિન્દ્રિય જીવો સુધી પણ જાણવું. પણ પંચેન્દ્રિય તિર્યંચ-યોનિકોનું કથન તથા વૈમાનિકો સુધીનું કથન સામાન્ય જીવોના કથન પ્રમાણેજ જાણવું.

ટીકાર્થ—" नैरयिका " નારક જીવો " भंते " હે પૂજ્ય ! " कंखामोहणिज्जं कम्मं " કાંક્ષામોહનીય કર્મનું " वेएंति " વેદન કરે છે ? આ પ્રકારનો પ્રશ્ન ગૌતમસ્વામી પૂછે છે. પ્રભુ મહાવીરસ્વામી તેનો આ પ્રમાણે જવાબ આપે છે– " जहा ओहिया " જેવું સામાન્ય જીવોના વિષયમાં કહ્યું છે તેવું " नेरइया " નારકોના વિષયમાં પણ જાણવું. તાત્પર્ય એ છે કે સામાન્ય જીવોના સંબંધમાં કાંક્ષામોહનીય કર્મના વેદન, ઉદીરણ, નિર્જરણ વગેરેનું જેવું કથન પહેલાં સામાન્ય જીવો અંગે કરાયું છે એવું જ કથન નારક જીવોના સંબંધમાં કાંક્ષા-મોહનીય કર્મના વેદન, ઉદીરણ વગેરેનું પણ સમજવું. " जाव थणियकुमारा " કાંક્ષામોહનીય કર્મનું વેદન વગેરે જેવી રીતે સામાન્ય જીવોને થાય છે. તેવી જ રીતે સ્તનિતકુમાર સુધીના જીવોને પણ કાંક્ષામોહનીય કર્મનું વેદન વગેરે થાય છે તેમ સમજવું. અહીં કોઈને એવી શંકા થાય કે કાંક્ષામોહનીય કર્મનું વેદન કરવાના શંકા, કાંક્ષા વગેરે જે પ્રકારો કહ્યા છે તે તો માત્ર પંચેન્દ્રિય જીવોને જ સંભવી શકે છે તો પછી એકેન્દ્રિય જીવોને તે કેવી રીતે સંભવી શકે ? તેથી સૂત્રકાર તેમને જવાબરૂપે પૃથ્વીકાયિક જીવોના વેદન પ્રકાર વગેરે કહે છે–" पुढविक्काइयाणं भंते ! " ઇત્યાદિ. હે પૂજ્ય ! પૃથ્વીકાયિક જીવો શું કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે ? ત્યારે પ્રભુ કહે છે કે–" हंता वेएंति " હે ગૌતમ ! હા, તેઓ કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે. સંજ્ઞા આદિથી રહિત હોવાને કારણે એકેન્દ્રિય પૃથ્વીકાયિક જીવો કાંક્ષામોહનીય કર્મનું વેદન કેવી રીતે કરી શકે છે ? એજ વાત " कह णं " ઇત્યાદિ સૂત્રપાઠ વડે પૂછવામાં આવી છે, ગૌતમ પૂછે છે કે "भंते!" પૂજ્ય! "कह णं" કેવીરીતે "पुढविकाइया" પૃથ્વીકાયિક જીવો "कंखामोहणिज्जं कम्मं वेएंति" કાંક્ષામોહનીય કર્મનુ વેદન કરે છે ? ભગવાન મહાવીર સ્વામીએ જવાબ આપ્યો કે " गोयमा ! " હે ગૌતમ ! "तेसिणं जीवाणं " તે પૃથ્વીકાયિક એકેન્દ્રિય જીવોને "णो एवं तक्काइ वा" એવો તર્ક હોતો નથી કે જેવો પંચેન્દ્રિય મનુષ્ય આદિ જીવોને હોય છે. તર્કનું તાત્પર્ય આ પ્રમાણે છે–" આવી રીતે બનશે અથવા આવી રીતે નહીં બને એ પ્રકારના વિમર્શ(વિચાર)ને તર્ક કહે છે." એવા વિચારરૂપ તર્ક એકેન્દ્રિય જીવોમાં હોતો નથી. " सण्णाइ वा " અર્થાવગ્રહરૂપ જ્ઞાનનું નામ સંજ્ઞા છે. તે સંજ્ઞા પણ એકેન્દ્રિય જીવોમાં હોતી નથી. " पण्णाइ वा " બધા પદાર્થોના વિશિષ્ટ જ્ઞાનને પ્રજ્ઞા કહે છે તે પ્રજ્ઞા પણ એકેન્દ્રિય જીવોમાં હોતી નથી. " मणेइ वा " એક પ્રકારના સ્મરણાદિરૂપ મતિજ્ઞાનનો ભેદ મન છે તે પણ તેમને હોતું નથી. " वईइ वा " વચન પણ તેમને હોતું નથી. " अम्हे णं कंखामोहणिज्जं कम्मं वेएमो " અમે કાંક્ષામોહનીય કર્મનું વેદન કરીએ છીએ એવા પ્રકારનો અનુભવ તે પૃથ્વીકાયિક જીવોને થતો નથી. છતાં પણ " वेएंति पुण ते " તેઓ કાંક્ષા-મોહનીય કર્મનું વેદન તો કરતા જ હોય છે.

શંકા—તર્ક સંજ્ઞા આદિથી રહિત હોવા છતાં પણ પૃથ્વીકાયિક જીવો કાંક્ષામોહનીય કર્મનું વેદન તો કરે જ છે, એવું આપે જે કહ્યું તે આપનું કથન ફક્ત કથન જ છે. કારણ કે તેનું પ્રતિપાદન કરવા માટે આપે કોઈ પ્રબળ પ્રમાણ આપ્યું નથી. તેથી પ્રમાણના અભાવરૂપ કથનમાં કેવી રીતે શ્રદ્ધા રાખી શકાય ? આ પ્રકારની શંકાનું નિવારણ કરવાને માટે ગૌતમસ્વામી ભગવાનને પૂછે છે–" से नूणं भंते ! " હે પૂજ્ય ! " तमेव सच्चं नीसंकं जं जिणेहिं पवेइयं ? " શું એજ સત્ય અને નિઃશંક છે જે જિનેન્દ્રદેવોએ પ્રરૂપ્યું છે ? હા, ગૌતમ ! એજ સત્ય અને નિઃશંક છે જે જિનેન્દ્રોએ પ્રરૂપ્યું છે. તેનો ફલિતાર્થ એ છે કે સમસ્ત પ્રમાણોમાં આગમોને જ શ્રેષ્ઠ (મૂર્ધન્ય) પ્રમાણ માનેલ છે. આ આગમ આપ્તવચનરૂપ ( જ્ઞાનીના વચનરૂપ ) હોય છે, આપ્ત તેને જ કહી શકાય કે જે રાગદ્વેષ વગેરેથી રહિત હોય. તેથી સર્વદોષ રહિત એવા વીતરાગનાં વચનો જ આપ્તોચ્ચરિત ( સર્વજ્ઞો વડે કહેવાયેલા ) હોવાથી સ્વતઃ પ્રમાણરૂપ જ છે તેથી જ્યારે એવાં સ્વતઃ પ્રમાણરૂપ સર્વજ્ઞના વચનો જ પૃથ્વીકાયિક જીવોને કાંક્ષામોહનીય કર્મનું વેદન કરનારા બતાવે છે ત્યારે તે વાતનું પ્રતિપાદન કરવાને માટે અન્ય પ્રમાણોની આવશ્યક્તા જ રહેતી નથી. કારણ કે રાગદ્વેષથી રહિત અને સર્વહિતપ્રતિપાદક એવા જિનેન્દ્ર દેવોએ જે કહ્યું જે તે તદ્દન સત્ય છે–બાધારહિત છે. તેથી તેમાં રજમાત્ર પણ સંશય કરવો જોઈએ નહીં " सेसं तं चेव " બાકીનું તમામ કથન ઔધિક પ્રકરણમાં–સામાન્ય જીવોના પ્રકરણમાં કહ્યા પ્રમાણે જ સમજવું. તે આ પ્રમાણે છે– " हंता गोयमा ! तमेय सच्चं नीसंकं जं जिणेहिं पवेइयं ? " " से नूणं भंते ! एवं मणे धारमाणे " ઇત્યાદિ. હે ગૌતમ ! એજ સત્ય અને નિઃશંક છે કે જે જિનેન્દ્ર દેવોએ પ્રવેદિત કર્યું છે. અને " તે પ્રમાણે મનમાં ધારણ કરતાં " ઇત્યાદિ તમામ કથન અહીં પણ કહેવું અને " से नूणं भंते ! अप्पणा चेव निज्जरेइ, अप्पणो चेव गरहइ " ઇત્યાદિ સૂત્રોનો " पुरिसक्कारपरक्कमेइ वा " સુધી પાઠ કહેવો જોઇએ. " एवं जाव चउरिंदियाणं " આ સૂત્રપાઠથી એવું સૂચન કર્યું છે કે પૃથ્વીકાયિક જીવોના સંબંધમાં જેવું કથન કરવામાં આવ્યું છે તેવું જ કથન અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાયના જીવોના સંબંધમાં પણ કહેવું જોઇએ. એજ પ્રકારનું કથન દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોના સંબંધમાં પણ કહેવું જોઇએ. તથા પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જીવોથી લઈને વૈમાનિક દેવો સુધીના જીવોના સંબંધમાં પણ ઔધિક જીવોના વર્ણન પ્રમાણે જ વર્ણન કરવું. પરંતુ વર્ણનમાં પ્રશ્નસૂત્રો તથા ઉત્તરસૂત્રો ઔધિક જીવોને બદલે તે જીવોને અનુલક્ષીને કહેવાં જોઇએ.॥સૂ.૧૦॥

અહીં કોઈને કદાચ એવી આશંકા થાય છે કે-" આ પૂર્વોક્ત વર્ણનથી એ જાતનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે સમસ્ત જીવોને કાંક્ષામોહનીય કર્મનું વેદન કરવું પડે છે એ સમસ્ત જીવોમાં શ્રમણ નિર્ગ્રન્થોનો પણ સમાવેશ થઇ જાય છે. તેથી તેમને પણ કાંક્ષામોહનીય કર્મનું વેદન કરવું પડતુ હશે. પણ તેમને માટે એ વાત સંભવિત નથી. કારણ કે તેઓ હંમેશાં જિનાગમના પરિશીલનથી (સ્વાધ્યાયથી) શુદ્ધ બુદ્ધિવાળા હોય છે. આમ છતાં પણ જો શ્રમણો પણ કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે તો સંસારથી ભય પામેલા અને મોક્ષાભિલાષી એવાં જે જીવો છે, તેમની મહાવ્રતોનું પાલન કરવાની શ્રદ્ધા જ ડગી જાય અને તેથી તેઓ સંયમમાં સ્થિર જ ન રહી શકે. જો આમ બને તો ધીરે ધીરે સાધુ પરંપરા તૂટતી જ જાય." આ શંકાના કારણે ગૌતમસ્વામી મહાવીર પ્રભુને પ્રશ્ન પૂછે છે—"**अत्थि णं भंते ! समणा वि निग्गंथा**" ઇત્યાદિ ।

## શ્રમણ કે વિષય મેં કાંક્ષામોહનીય કર્મ કે વેદન કા સ્વરૂપ

(**अत्थि णं भंते ! समणा वि निग्गंथा कंखामोहणिज्जं कम्मं वेएंति ?**) હે પૂજ્ય ! શું શ્રમણ નિર્ગ્રન્થો પણ કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે? (**हंता अत्थि**) હા, ગૌતમ તેઓ તેનું વેદન કરે છે. (**कह णं भंते ! समणा निग्गंथा कंखामोहणिज्जं कम्मं वेएंति ?**) હે પૂજ્ય ! કેવી રીતે શ્રમણ નિર્ગન્થો કાંક્ષા-મોહનીય કર્મનું વેદન કરે છે? (**गोयमा ! तेहिं तेहिं कारणेहिं नाणंतरेहिं दंसणंतरेहिं, चरित्तंतरेहिं, लिंगंतरेहि, पवयणंतरेहिं, पावयणंतरेहिं, कप्पंतरेहिं, मग्गंतरेहिं, मयंतरेहि, भंग्गंतरेहिं, णयंतरेहिं, नियमंतरेहिं, संकिया, कंखिया, वितिगिच्छिया, भयसमावन्ना, कलुससमावन्ना एवं खलु समणा णिग्गंथा कंखा-मोहणिज्जं कम्मं वेएंति**) હે ગૌતમ ! નીચે દર્શાવેલાં કારણ જેવાં કે જ્ઞાનાન્તર, દર્શનાન્તર, ચારિત્રાન્તર, લિંગાન્તર, પ્રવચનાન્તર, પ્રાવચનિકાન્તર, કલ્પાન્તર, માર્ગાન્તર, મતાન્તર, ભંગાન્તર, નયાન્તર, નિયમાન્તર અને પ્રમાણાન્તર વગેરે કારણોને લીધે શ્રમણ નિર્ગ્રન્થો શંકાવાળા, કાંક્ષાવાળા વિચિકિત્સાવાળા, ભેદસમાપન્ન અને કલુષસમાપન્ન થઈને કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે (**से नूण भंते ! तमेव सच्चं नीसंकं ज जिणेहिं पवेइयं ?**) હે પૂજ્ય ! શું એજ સત્ય અને નિઃશંક છે કે જે જિનેન્દ્ર દેવોએ પ્રવેદિત કર્યું છે? (**हंता गोयमा ! तमेव सच्चं नीसंक एवं जाव पुरिसक्कारपरक्कमेइ वा**) હા, ગૌતમ ! એજ સત્ય અને નિઃશંક છે કે જે જિનેન્દ્ર દેવોએ કહેલ છે. ત્યાંથી લઇને પુરુષાકાર પરાક્રમ છે ત્યાં સુધીનું કથન ગ્રહણ કરવું, (**सेवं भंते ! सेवं भंते !**) હે પૂજ્ય ! એ પ્રમાણે જ છે એ પ્રમાણે જ છે (**त्ति**) આ પ્રમાણે કહીને તપ અને સંયમથી આત્માને ભવિત કરતા ગૌતમસ્વામી રહેવા લાગ્યા. ॥ સૂ૦૧૧ ॥

ટીકાર્થ—ગૌતમસ્વામી મહાવીર પ્રભુને પૂછે છે-" अत्थि णं भंते ! समणा वि णिग्गंथा " ઇત્યાદિ. મહાવ્રતધારી શ્રમણ નિર્ગ્રંથોને પણ શું કાંક્ષામોહનીય કર્મનું વેદન કરવું પડે છે? અહીં " શ્રમણ " પદ વડે મહાવ્રતધારી મુનિવરો ગ્રહણ કરવાના છે. "अपि" પદ આશ્ચર્ય દર્શક છે તે આ પ્રમાણે છે-મહાવ્રતધારી સાધુજનોની બુદ્ધિ તો જિનાગમના અભ્યાસથી નિર્મળ જ રહ્યા કરતી હોય, એવા મહાવ્રતધારી સાધુઓને પણ કાંક્ષામોહનીય કર્મના વેદનની સંભાવના છે, એવું કહેવામાં આવે ત્યારે સાંભળનારને એક વખત તો જરૂર આશ્ચર્ય થયા વગર રહે જ નહિ. બૌદ્ધ ભિક્ષુઓને પણ શ્રમણ કહે છે. અહીં "શ્રમણ" પદથી બૌદ્ધ ભિક્ષુઓ લેવાના નથી પણ મહાવ્રતધારી મુનિવરો જ "શ્રમણ" પદથી લેવાના છે. એ વાતને બતાવવાને માટે જ સૂત્રમાં શ્રમણની સાથે " निग्गंथा " પદ મૂકયું છે. બાહ્ય અને આભ્યંતર પરિગ્રહથી જે રહિત હોય છે તેમને નિર્ગ્રંથ કહે છે. બૌદ્ધ ભિક્ષુઓ એવા નિર્ગ્રંથ હોતા નથી પણ મહાવ્રતધારી મુનિરાજો જ એવા નિર્ગ્રંથ હોય છે. તેથી અહીં જૈન સાધુઓ સંબંધી જ હકીકત જાણવી.

ભગવાને તેના જવાબમાં જે " हंता गोयमा " એવું કથન કર્યું છે તેનું કારણ એ છે કે તમામ સંસારી જીવોને હંમેશાં કર્મનું વેદન કરવું જ પડતું હોય છે સાધુ પણ સિદ્ધની અપેક્ષાએ કર્મસહિત હોવાથી સંસારી ગણાય છે. અહિ જે " अत्थि " " अस्ति " પદ કહેલ છે તેથી પૂર્વોક્ત પ્રશ્નોત્તર સૂત્ર અહીં કહેવાં જોઇએ. તે આ પ્રમાણે છે-"हंता अत्थि गोयमा ! समणा वि णिग्गंथा कंखामोहणिज्जं कम्मं वेएंति ,, હા, ગૌતમ ! નિર્ગ્રંથ શ્રમણો પણ કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે. " हंता " શબ્દ સ્વીકારના અર્થમાં અને "अस्ति" "છે" ના અર્થમાં વપરાયો છે. નિર્ગ્રંથ શ્રમણોને પણ કાંક્ષામોહનીય કર્મનુ વેદન કરવું પડે છે. એવો તેનો ભાવ છે. વળી ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને પૂછે છે કે " હે પૂજ્ય ! જો નિર્ગ્રંથ શ્રમણોને પણ કાંક્ષામોહનીય કર્મનું વેદન કરવું પડે છે, તો તેઓ કેવી રીતે તેનું વેદન કરે છે ? એજ વાત "कहण्णं" ઇત્યાદિ સૂત્રો વડે બતાવી છે. તે પ્રશ્નના જવાબ રૂપે મહાવીર પ્રભુ કહે છે કે હે ગૌતમ ! " तेहिं तेहिं कारणेहिं " નીચે દર્શાવેલાં કારણોને લીધે શ્રમણ નિર્ગ્રંથોને પણ કાંક્ષામોહનીય કર્મનું વેદન કરવું પડે છે. તે કારણો આ પ્રમાણે છે- " णाणंतरेहिं " ઈત્યાદિ જ્ઞાનાન્તરો વગેરેથી " संकिया " શંકિત થયેલા, અને એ પ્રમાણે આગળના બીજાં પદો સાથે પણ તેમનો સંબંધ જોડવો. જ્ઞાનાદિ સંબંધી શંકાનું સ્વરૂપ આગળ કહેવામાં આવશે, અથવા-જ્ઞાનાન્તરવડે અહીં જ્ઞાનવિશેષ લેવાનું છે આ રીતે " જ્ઞાનવિશેષોમાં શંકિત થયેલા તે શ્રમણ નિર્ગ્રંથો કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે " એવો અર્થ કરવો જોઇએ. " दंसणंतरेहिं " દર્શનાન્તરો વડે " चरितंतरेहिं " ચારિત્રાન્તરો વડે, " लिंगंतरेहिं " લિંગાન્તરો વડે, " पवयणंतरेहिं " પ્રવચનાન્તરો વડે, " पावयणंतरेहिं " પ્રાવચનિકાન્તરો વડે, " कप्पंतरेहिं કલ્પાન્તરો વડે, " मग्गंतरेहिं " માર્ગાન્તરો વડે,

"मयंतरेहिं" મતાન્તરો વડે, "भंगंतरेहिं" ભંગાન્તરો વડે, 'णयंतरेहिं" નયાન્તરો વડે. "नियमंतरेहिं" નિયમાન્તરો વડે, અને "पमाणंतरेहिं" પ્રમાણાન્તરો વડે, "संकिया" શંકાયુક્ત થયેલ-દેશથી કે સર્વરૂપે શંકા પામેલ-એટલે કે જ્ઞાનાન્તરથી લઈને પ્રમાણાન્તર સુધીના તમામ કારણોને લઇને જિનપ્રતિપાદિત જીવાદિક પદાર્થોમાં શંકા વગેરે કરતા મુનિયો કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે. તથા "कंखिया" પર દર્શનને (બીજાના ધર્મને) ગ્રહણ કરવાની ઇચ્છા રાખનાર, "वितिगिच्छिया" આ કરણીનું આ ફળ મળશે કે નહિં? એવી જાતનો સંશય જેના હૃદયમાં ઉત્પન્ન થયો છે તેવા, "भेयसमावन्ना" બુદ્ધિવિપર્યાસ રૂપ ભેદ જેમનામાં ઉદ્ભભવ્યો છે તેવા, "कलुससमावन्ना" જિનેશ્વરભગવાને કહેલ તમામ વાર્તા સત્ય છે કે નહીં? એવા પ્રકારની બુદ્ધિની મલિનતા જેનામાં પેદા થઈ છે તેવા શ્રમણ નિર્ગ્રન્થો પણ "एवं" એવી રીતે "खलु" અવશ્ય કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે, શ્રમણ નિર્ગ્રંથોને કારણોને લીધે જ્ઞાનાદિકમાં શંકા વગેરે જાગે છે. તેનું સ્વરૂપ હવે બનાવવામા આવે છે— જ્ઞાનના વિષયમાં મુનિવરોને આ જાતની શંકા ઉદ્ભભવે છે-તેમના મનમાં એવા વિચાર આવે છે કે અવધિજ્ઞાનથી મનઃપર્યય જ્ઞાનને અલગ શા માટે માનવું જોઈએ? કારણ કે પરમાણુ આદિ સૂક્ષ્મદ્રવ્યથી માંડીને તમામ રૂપીદ્રવ્ય અવધિજ્ઞાન વડે જાણી શકાય છે અને અવધિજ્ઞાન પણ એક પ્રકારનું તો નથી જ. તે તો અસંખ્ય પ્રકારનું છે. તેમજ મનઃપર્યય જ્ઞાનનો વિષય પણ રૂપી દ્રવ્યજ છે, અને તે પણ મનોદ્રવ્ય માત્ર રૂપ જ હોય છે, મનોદ્રવ્ય કે જે મનઃપર્યય જ્ઞાનનો વિષય છે, તેને અવધિજ્ઞાનથી પણ ગ્રહણ કરી શકાય છે કારણ કે તે પણ રૂપીદ્રવ્ય છે તો ફરી અવધિજ્ઞાનથી મનઃપર્યવ જ્ઞાનને ભિન્ન શા માટે ગણ્યું છે? આ જાતના કારણોને લીધે નિર્ગ્રંથ શ્રમણોને પણ જ્ઞાનની બાબતમાં શંકા ઉત્પન્ન થતી હોય છે તો તેમની શંકાનું સમાધાન આ પ્રમાણે કરી શકાય છે—

જો કે અવધિજ્ઞાનથી પણ મનોદ્રવ્યને જાણી શકાય છે છતાં પણ અવધિજ્ઞાનનું મનઃપર્યયજ્ઞાન વ્યાપ્ય છે, એટલે કે જ્યાં જ્યાં અવધિજ્ઞાન હશે ત્યાં ત્યાં મનઃપર્યયજ્ઞાન હશે જ એવો નિયમ નથી. તેથી અવધિજ્ઞાન કરતાં મનઃપર્યયજ્ઞાન વ્યાપ્ય છે માટે તેનો અન્તર્ભાવ (સમાવેશ) અવધિજ્ઞાનમાં થઇ શકતો નથી, તે બન્ને જ્ઞાનનાં સ્વાભાવમાં ભિન્નતા રહેલી છે સામાન્ય નિયમ એવો છે કે જેમના સ્વભાવમાં ભિન્નતા હોય તેમનો એકનો બીજાની અંદર સમાવેશ થતો નથી જેમ કે સોનાનો ઘડો અને માટીનો ઘડો એ બન્ને ભિન્ન સ્વભાવવાળા હોવાથી તેમનો એક બીજામાં સમાવેશ કરી શકાતો નથી. આ બન્ને જ્ઞાનમાં આ રીતે સ્વભાવની ભિન્નતા છે-મનઃપર્યયજ્ઞાન ફક્ત મનોદ્રવ્યને જ ગ્રહણ કરે છે, વળી તેમાં મનઃપર્યય દર્શન થતું નથી. ત્યારે અવધિજ્ઞાન મનોદ્રવ્ય સિવાયના દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે અને તેમાં અવધિદર્શન પણ હોય છે, આ પ્રમાણે અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનમાં

સ્વભાવ ભેદ હોવાથી તેમનામાં ભિન્નતા જણાય છે. સારાંશ એ છે કે મનઃપર્યય જ્ઞાન રૂપીદ્રવ્યમાં પણ માત્ર મનોદ્રવ્યને જ ગ્રહણ કરે છે અને દર્શનથી રહિત હોય છે જ્યારે અવધિજ્ઞાન તમામ રૂપીદ્રવ્યોને જાણે છે અને અવધિ દર્શનથી યુક્ત હોય છે. એજ વાત નીચેની પંક્તિઓ વડે સમજાવવામાં આવી છે-**मनःपर्ययज्ञानं व्याप्यविषयकं दर्शनरहितं च, अवधिज्ञानं व्यापकविषयकं दर्शन-समन्वितं च** " આ રીતે સ્વભાવ ભેદને લીધે બન્ને જ્ઞાનની વચ્ચે પાણી અને અગ્નિ જેવો ભેદ બતાવ્યો છે. આ રીતે બન્ને જ્ઞાનમાં ભેદ હોવા છતાં પણ તેઓ (કેટલાક શ્રમણ નિર્ગ્રંથો) જ્ઞાનના વિષયમાં શંકિત બની જાય છે તે કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે.

દર્શનના વિષયમાં શ્રમણ નિર્ગ્રંથો આ પ્રકારે શંકિત બને છે—

સામાન્ય બોધનું નામ દર્શન છે. એમાં જો ઇન્દ્રિયોના નિમિત્તથી અને અનિન્દ્રિય એટલે મનના નિમિત્તથી થયેલ પદાર્થોના સામાન્ય જ્ઞાનને દર્શન કહેવામાં આવે છે તો પછી ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન રૂપ બે ભેદ પાડવાની જરૂર શી છે ? જો ઇન્દ્રિયજન્ય અને અનિન્દ્રિય (મન) જન્ય સામાન્ય બોધરૂપ દર્શનના ભેદ જ પાડવા હોય તો ચક્ષુદર્શનની જેમ શ્રોત્રદર્શન, ઘ્રાણદર્શન, રસનાદર્શન, સ્પર્શદર્શન અને મનોદર્શન, એ રીતે દર્શનના છ ભેદ પાડવા જોઇએ- બેજ ભેદ શા માટે ? આ રીતે દર્શનની બાબતમાં તેમને શંકા ઉદ્ભવે છે. પરન્તુ તેમની શંકાનું સમાધાન આ રીતે કરી શકાશ છે-પદાર્થના બે પ્રકાર હોય છે-એક સામાન્ય રૂપ અને બીજો વિશેષરૂપ ક્યારે ક વસ્તુનો સામાન્યરૂપે નિર્દેશ થાય છે અને ક્યારેક વિશેષ રૂપે નિર્દેશ થાય છે. અહિં ચક્ષુદર્શનનો નિર્દેશ વિશેષરૂપે થયો છે અને અચક્ષુદર્શનનો નિર્દેશ સામાન્ય રૂપે થયો છે જો કે દર્શનના વિભાગ બીજી રીતે પણ થઇ શકે છે, છતાં પણ ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન એવા જે બે ભેદ કહ્યા છે તેની પાછળ એ આશય છે કે ઈન્દ્રિયો બે પ્રકારની છે (૧) પ્રાપ્યકારી અને (૨)અપ્રાપ્યકારી. જો કે મન તો અપ્રાપ્યકારી જ છે. પણ ચક્ષુ ઇન્દ્રિય પણ મનને અનુસરનારી છે તેથી ચક્ષુ ઇન્દ્રિયથી પ્રાપ્ત થતા દર્શનને (સામાન્યબોધને) ચક્ષુદર્શન કહેવામાં આવેલ છે મનોદર્શન અને ચક્ષુ સિવાયની બીજી ઇન્દ્રિયોવડે ઉત્પન્ન થતાં દર્શનને અચક્ષુદર્શન કહેવામાં આવેલ છે.

અથવા—સમ્યક્ત્વને પણ દર્શન કહે છે. તેમાં આ પ્રકારની શંકા ઉદ્ભવે છે-કે સમ્યકત્વના બે ભેદ છે-(૧) ક્ષાયોપશમિક અને (૨) ઔપશમિક તેમાં ક્ષાયોપશયિક સમ્યકત્વનું આ પ્રકારનું સ્વરૂપ છે-જ્યારે ઉદીર્ણ મિથ્યાત્વનો ક્ષય થાય છે અને અનુદીર્ણ મિથ્યાત્વનો ઉપશમ થાય છે ત્યારે ક્ષાયોપશયિક સમ્યકત્વ થાય છે. ઉપશમ એટલે સત્તામાં મોજાદ રહેવું તે. ઔપશમિક સમ્ય-કત્વનું લક્ષણ આ પ્રમાણે છે-

ઉદીર્ણ મિથ્યાત્વ ક્ષીણ થઇ ગયું હોય, અને અનુદીર્ણ મિથ્યાત્વ ઉપશાન્ત હોય ત્યારે જીવ એક અંતર્મુહૂર્તકાળ સુધી ઔપશમિક સત્યકત્વને પ્રાપ્ત કરે છે આ રીતે ક્ષાયોપશમિક સમ્યકત્વ અને ઔપશમિક સમ્યકત્વનું લક્ષણ એકજ હોવાથી તે બન્ને સમ્યકત્વમાં કોઇ ભેદ આપણને દેખાતો નથી. છતાં પણ શાસ્ત્રમાં તેમની વચ્ચે ભેદ બતાવ્યો છે એ કેવી રીતે સંગત હોઇ શકે ? એવી દર્શનના વિષયમાં શ્રમણ નિર્ગ્રંથોને શંકા થાય છે પણ તે શંકાનું સમાધાન આ પ્રમાણે છે-ક્ષાયોપશમિક સમ્યકત્વમાં અને ઔપશમિક સમ્યકત્વમાં લક્ષણની ભિન્નતા છે જ કારણ કે ક્ષાયોપશમિક સમ્યકત્વમાં ઉદીર્ણ કર્મોનો ક્ષય અને અનુદીર્ણ કર્મોનો વિપાકાનુભવની અપેક્ષાએ તો ઉપશમ જ રહે છે પરન્તુ પ્રદેશાનુભવની અપેક્ષાએ કર્મોનો ઉપશમ રહેતો નથી પણ ઉદયજ રહે છે.

**અર્થાત્** ક્ષાયોપશમિક સમકિતમાં પ્રદેશાનુભવન થાય છે પરંતુ ઔપશમિક સમકિતમાં પ્રદેશાનુભવ હોતો નથી આ પ્રમાણે બન્નેનું લક્ષણ ઉપલક રીતે એક સરખું લાગવા છતાં પણ વિશેષ વિચારણાથી બન્નેમાં ભેદ દેખાય છે. કહ્યું પણ છે—

" वेएइ " ઇત્યાદિ.

ક્ષાયોપશમિક ભાવોમાં વિપાકાનુભવનું વેદન થતું નથી. પરંતુ સત્કર્મનું (વિદ્યમાન કર્મનું) જ વેદન થાય છે. અને ઉપશાન્ત કષાયવાળો જીવ આ સત્કર્મનું પણ વેદન કરતો નથી.

આ પ્રમાણે સમાધાન થઇ શકતું હોવા છતાં પણ શ્રમણો દર્શનના વિષયમાં વિશેષ વિચારણાના અભાવે શંકિત થાય છે.

તેઓ ચારિત્રના વિષયમાં પણ કયારેક આ પ્રમાણે વિચાર કરવાથી શંકિત બને છે-ચારિત્રના બે પ્રકાર છે-(૧) સામાયિક ચારિત્ર અને (૨) છેદોપસ્થાપનીય ચારિત્ર સામાયિક ચારિત્ર સર્વસાવદ્યવિરતિરૂપ છે. તથા છેદોપસ્થાપનીય ચારિત્ર પણ મહાવ્રતરૂપ હોવાથી સર્વસાવદ્યવિરતિરૂપ જ છે. આ રીતે બન્ને પ્રકારનાં ચારિત્રમાં સર્વસાવદ્યવિરતિરૂપતા હોવાથી કોઇ ભેદ દેખાતો નથી છતાં તે બન્ને પ્રકારના ચારિત્રમાં શા કારણે શાસ્ત્રમાં ભેદ બતાવ્યો હશે ? એવી શંકા તેમને ઉદ્ભવે છે તેનું સમાધાન આ પ્રમાણે છે.

પહેલા તીર્થંકર આદિનાથના સાધુઓ ઋજુજડ હતા અને છેલ્લા તીર્થંકર મહાવીર પ્રભુના સાધુઓ વક્રજડ હતા તેથી તેમને આશ્વાસન આપવા માટે સામાયિક ચારિત્ર અને છેદોપસ્થાપનીય ચારિત્ર એમ બે ભેદ પાડવામાં આવેલ છે ઉપરના બન્ને ચારિત્રના બે ભેદ પાડવાથી મહાવ્રતો અંગીકાર કર્યા પછી સામાયિક ચારિત્રમાં થોડી પણ અશુદ્ધિ આવતાં તેની આલોચના કરી લેવાથી વ્રત ખંડિત થતું નથી અને તેથી અમે ચારિત્રવાન છીએ એવી માન્યતાથી તેઓ સંતોષ પામે છે અને ફરી પાળવામાં વિશેષ સાવધાન રહે છે અને જો એક સામાયિકને જ ચારિત્ર માની લેવામાં આવે તો સામાયિક ચારિત્રમાં અશુદ્ધિ આવી જતાં અમારા ચારિત્રનો ભંગ થયો-કારણ કે ચારિત્ર

એક સામાયિક રૂપ જ છે એવો તેમનો પોતાની જાત ઉપર અવિશ્વાસ ઉત્પન્ન થાત અને તેથી ખેદ પામીને આર્તધ્યાન કર્યા કરે એમ ન થાય તે માટે ચારિત્રના સામાયિક અને છેદોપસ્થાપનીય એવા બે ભેદ પાડવામાં આવ્યા છે કહ્યું પણ છે—“ રિઉ૦ ” ઈત્યાદિ.

પહેલા અને છેલ્લા તિર્થંકરના સાધુઓ અનુક્રમે ઋજુજડ અને વક્રજડ હોય છે. તેથી તેમને સામાયિક ચારિત્રની પછી વ્રતોનું આરોપણુ કહ્યું છે કારણુ કે સામાયિક ચારિત્રમાં થોડી સરખી અશુદ્ધિ આવી જવાથી પુનઃ વ્રતારોપણથી અને છેદથી શુદ્ધિ થઇ જાય છે.

આ રીતે ચારિત્રના સંબંધમાં કથન હોવા છતાં પણુ તેમને તે બાબતમાં શંકા થાય છે.

તથા સાધુના વેષ વિષે પણુ તેમને શંકા થયા કરે છે. જેમ કે બીજા તીર્થંકરથી લઇને તેવીસમા સુધીના તીર્થંકરોએ એવું કહ્યું છે કે સાધુએ જેવાં મળે એવાં વસ્ત્રો ધારણુ કરવાં જોઈએ. પણુ પહેલા અને છેલ્લા તીર્થંકરે એવું કહ્યું છે કે સાધુઓએ પ્રમાણુ સહિત અને સફેદ વસ્ત્રો જ ધારણુ કરવાં જોઇએ. આ જાતના કથનને લીધે સર્વજ્ઞના વચનમાં પણુ વેષના વિષયમાં પરસ્પર વિરોધાભાસ જણાય છે, એવી શંકા થાય છે. પરન્તુ તે શંકાનું સમાધાન આ પ્રમાણે છે–સર્વજ્ઞના કથનમાં કદી પણુ પરસ્પર વિરોધ હોતો નથી. શિષ્યોમાં ઋજુજડ, વક્રજડ અને ઋજુપ્રાજ્ઞ શિષ્યો હોય છે તેમની અપેક્ષાએ તીર્થંકરોએ એવો ઉપદેશ આપ્યો છે. કારણુ કે એવા ઉપદેશથી જ તેમનો ઉપકાર થતો હોય છે. વસ્તુસ્થિતિ આ પ્રમાણે હોવા છતાં પણુ તેમને આ વિષયમાં શંકા વગેરે થયા કરે છે.

એજ પ્રમાણે પ્રવચનમાં પણુ તેમને શંકા થાય છે–જેમ કે મધ્યમ તીર્થંકરોના પ્રવચનમાં ચાર મહાવ્રતરૂપ ધર્મનું કથન થયું છે અને પહેલા અને છેલ્લા તીર્થંકરના પ્રવચનમાં પાંચ મહાવ્રતરૂપ ધર્મનું કથન થયું છે તો તે પ્રકારના કથનમાં વચ્ચેના બાવીસ તીર્થંકરોના અને પહેલા તથા છેલ્લા તીર્થંકરોના પ્રવચનમાં વિરોધ જણાય છે, એવી શંકા તેમને થાય છે. પરન્તુ તેનું સમાધાન આ રીતે કરી શકાય છે–પાંચ મહાવ્રતરૂપ ધર્મની વસ્તુ ચાર મહાવ્રતરૂપ ધર્મમાં આવી જાય છે, જેમ કે ચોથા મહાવ્રતનો પરિગ્રહમાં સમાવેશ થઇ શકે છે. કારણુ કે સ્ત્રીઓ પણુ પરિગ્રહરૂપ જ હોય છે. તેથી જેમણે પરિગ્રહનો ત્યાગ કર્યો હોય છે તેઓ સ્ત્રીઓને પણુ પરિગ્રહરૂપ ગણીને તેમનો ત્યાગ કરે છે.

તેમજ પ્રવચન કરનારાઓના સંબંધમાં પણુ તેમને આ જાતની શંકા થાય છે-જે પ્રવચનને ભણે અથવા જાણે તે પ્રાવચનિક કહેવાય છે. તે અગિયાર ગણધરોના નવ ગચ્છ હોય છે. વળી એમ પણુ કહ્યું છે કે કાળની અપેક્ષાએ બહુશ્રુત સાધુ પણુ પ્રાવચનિક કહેવાય છે. તે પ્રવચન કરનારા-ઓમાંથી એક, એક રીતે કોઇ તત્ત્વ સમજાવે છે બીજો બીજી રીતે સમજાવે છે–તો તેમાં સત્ય તત્ત્વ કયું સમજવું ? કોના કથનમાં વિશ્વાસ મૂકવો ? આ પ્રકારની શંકા તેમને થાય છે. તેનું સમાધાન આ પ્રમાણે છે-ચારિત્રમોહનીય

કર્મના ક્ષયોપશમ વિશેષથી અને ઉત્સર્ગ તથા અપવાદ માર્ગને કારણે પ્રવચન કરનારાઓની વિવિધ પ્રકારની શૈલી હોય છે.

પરન્તુ એ પ્રવચનની શૈલી અગર જિનાગમને અનુરૂપ હોય તો મોક્ષમાર્ગની સાધક હોવાને કારણે પ્રમાણભૂત મનાય છે. કલ્પ એટલે આચારના વિષયમાં પણ તેમને આ પ્રકારની શંકા થાય છે કે (જિનકલ્પિક તથા સ્થવિરકલ્પિક સાધુઓના જે આચાર હોય છે તેને કલ્પ કહે છે.)

જિનકલ્પિક સાધુઓનાં નગ્નત્વ વગેરે મહાકષ્ટકારક આચારો જ કર્મક્ષય કરવાને સમર્થ બને. પણ સ્થવિરકલ્પિક સાધુઓનાં વસ્ત્ર પાત્ર વગેરે ગ્રહણ કરવારૂપ ઓછાં કષ્ટોવાળાં આચારો કર્મોનો ક્ષય કરવાને સમર્થ કેવી રીતે બની શકે? આ પ્રકારની શંકા તેમને થાય છે તો તેનું સમાધાન આ પ્રમાણે કરી શકાય-બન્ને કલ્પો એટલે આચારો કર્મનો ક્ષય કરનારાં છે. અવસ્થાભેદની અપેક્ષાએ તે બંનેમાં સાર્થકતા છે, એટલા માટે જ તીર્થંકરો વડે તે બન્ને અવસ્થાની પ્રરૂપણા કરવામાં આવી છે. માર્ગના વિષયમાં પણ તેમને આ પ્રકારની શંકા થાય છે-જેમ કે શાસ્ત્રનું અધ્યયન તપપૂર્વક જ કરવું જોઈએ. આ બાબતમાં કેટલાકની એવી માન્યતા છે કે જ્યાં સુધી શાસ્ત્રનું અધ્યયન ચાલુ હોય ત્યાં સુધી આયંબિલવ્રત કરવું જોઈએ. કોઈનો એવો, અભિપ્રાય છે કે ઉપવાસ કરવો જોઈએ. ત્યારે કોઇનો અઠમ તપ કરવાનો અભિપ્રાય છે. આ રીતે પરસ્પરમાં ભેદ જણાય છે. તો કયા અભિપ્રાયને સાચો માનવો? તે શંકાનું સમાધાન આ રીતે કરી શકાય-શિષ્યોની શક્તિ પ્રમાણે આચાર્ય અથવા ગુરુ જે યોગ્ય લાગે તે તપ કરાવી શકે છે. તથા સ્થવિર કલ્પના આચાર પ્રમાણે આયંબિલ, ઉપવાસ વગેરે પણ એકબીજાના વિરોધી નથી, આ રીતે ઉપરોક્ત બધી માન્યતાઓ સત્ય છે, કારણ કે તે દરેકમાં જિનેન્દ્ર ભગવાનની આજ્ઞા રહેલી છે. કહ્યું પણ છે.—"असढेण" ઇત્યાદિ.

અશઠ (સમજુ) વડે જેનું આચરણ થાય છે, જે અસાવદ્ય-પાપરહિત હોય, તથા જેનો કોઈ પણ સ્થળે કોઈ પણ વ્યક્તિ તરફથી નિષેધ ન કરાયો હોય અને જે બહુમત (ઘણા લોકો વડે માન્ય) હોય તેને આચરિત આચરણ કરાયેલ કહેવાય છે. આ રીતે તમામ કરણી ભગવાનની આજ્ઞામાં છે.

વળી મત વિષે પણ તેમને આ પ્રમાણે શંકા થાય છે-(તમામ આચાર્યોનો આગમમાં જે સરખો અભિપ્રાય હોય છે તેને મત કહે છે.) તેમાં કેટલાક એવું કહે છે કે કેવળી ભગવાનને કેવલજ્ઞાન અને કેવલદર્શનની પ્રાપ્તિ એક જ સાથે થાય છે. જો એમ ન હોત તો જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ક્ષયની નિરર્થકતા હોવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. એજ પ્રમાણે આ વિષયમાં કોઈ કોઇ આચાર્યો એમ પણ કહે છે કે કેવળી ભગવાનને કેવળજ્ઞાન અને કેવલદર્શનની પ્રાપ્તિ એક સાથે થતી નથી. પણ તે બંનેની પ્રાપ્તિ જુદા જુદા સમયે થાય છે. કારણ કે જીવનો એવો જ સ્વભાવ છે. જેવી રીતે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં

પોત પોતાનાં કર્મના આવરણનો ક્ષયોપશમ એક સાથે થવા છતાં પણ તે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વારાફરતી જ ઉત્પન્ન થાય છે, એક જ્ઞાનના ઉપયોગમાં બીજા જ્ઞાનના ક્ષયોપશમનો અભાવ હોય છે એવું પણ નથી. કારણ કે તેમના ક્ષયોપશમનો સમય છાસઠ સાગરપ્રમાણવાળો કહ્યો છે. આ રીતે જૂદા જૂદા મત ધરાવનારા આચાર્યોના અભિપ્રાય જોઈને તેમના મનમાં એવો વિચાર થાય છે કે કયા આચાર્યનો મત સ્વીકારવો ? આ પ્રમાણે તેમના મનમાં શંકા જન્મે છે. તેનું સમાધાન આ પ્રમાણે છે-જેનો મત આગમ અનુસાર હોય તે સત્ય માનીને સ્વીકારવો. અને જેનો મત આગમ અનુસાર ન હોય તેને સત્ય માની શકાતો નથી. આપણને એ કેવી રીતે ખબર પડે કે અમુક મતજ આગમ અનુસાર છે? અને અમુક મત આગમ અનુસાર નથી ? આ વાત તો બહુશ્રુત જ જાણી શકે છે-અન્ય કોઈ જાણી શકતું નથી. તો સામાન્ય બુદ્ધિવાળાને સત્ય અને અસત્ય મતની સમજણ કેવી રીતે પડે ? તો આ બાબતમાં એવો વિચાર કરવો જોઈએ કે સંપ્રદાયના દોષથી આચાર્યોમાં મત ભેદ હોય છે. પરંતુ તીર્થંકરોનાં વચનમાં ભેદ હોતો નથી. કારણ કે તેઓ રાગદ્વેષ રહિત હોવાથી જુદી જુદી પ્રરૂપણા કરતા નથી તેમનો મત તો એવો છે કે જ્ઞાન અને દર્શન એક સાથે પ્રાપ્ત થતાં નથી. પણ વારાફરતી થાય છે. કારણ કે એક સમયે બે ઉપયોગ હોઇ શકે નહીં. રાગદ્વેષથી રહિત હોવાને કારણે તીર્થંકરોના મતમાં એક વાકયતા યુક્તિયુક્ત જ છે. કહ્યું પણ છે—" अणुवक्कय " ઈત્યાદિ.

જિનેન્દ્ર ભગવંતો સ્વયં અનુપકૃત હોય છે. એટલે કે તેમના ઉપર કોઈનો ઉપકાર હોતો નથી પરંતુ તેઓ અન્યનું ભલું કરવાને તત્પર રહે છે. તેઓ યુગપ્રવર હોય છે, તેઓ રાગદ્વેષથી રહિત હોય છે જેથી તેઓ અસત્ય કે વિપરીત બોલતા નથી.

તેથી એવું જ માનવું જોઈએ કે સંપ્રદાયના દોષને કારણે જ આચાર્યોમાં પરસ્પર મતભેદ પડે છે પરંતુ આગમના અભિપ્રાયમાં કોઇ ભેદ હોતો નથી. આ પ્રમાણે તેમની શંકાનું સમાધાન સમજવું.

તથા ભાંગાઓના વિષયમાં પણ તેમને શંકા થાય છે. તે ભાંગા બે, ત્રણ, ચાર વગેરે જાતના હોય છે. તેમાં હિંસાના વિષયમાં ચાર ભાંગા (ભેદ) કહ્યા છે જેમ કે-(૧) દ્રવ્યથી હિંસા, ભાવથી હિંસા નહીં, (૨) ભાવથી હિંસા દ્રવ્યથી હિંસા નહીં, (૩) દ્રવ્યથી પણ હિંસા નહીં અને ભાવથી પણ હિંસા નહીં, (૪) અને દ્રવ્યથી પણ હિંસા અને ભાવથી પણ હિંસા. આ ચાર ભાંગામાં પહેલો જ ભાંગો બરાબર લાગતો નથી, કારણ કે પહેલા ભાંગામાં હિંસાનું લક્ષણ ઘટાવી શકાતું નથી-ઈર્યાસમિતિપૂર્વક ગમન કરતાં મુનિના પગનું દ્રવ્યનિમિત્ત મળતાં કીડી વગેરેનું મરી જવું તેનું નામ દ્રવ્યહિંસા છે પણ તે દ્રવ્યહિંસારૂપ ગણાય નહિં. કારણ કે તેમાં હિંસાનું લક્ષણ ઘટાવી શકાતું નથી. પ્રમાદના યોગથી પ્રાણોનો નાશ થવો તેનું નામ હિંસા છે. કહ્યું પણ છે—" जो उ पमत्तो " ઇત્યાદિ.

પ્રમાદી પુરુષના યોગના લીધે જે જીવો માર્યા જાય છે તેને જ હિંસા કહે છે. આ રીતે હિંસા કરનાર પ્રમાદી જીવ અવશ્ય હિંસક હોય છે. પણ ઈર્યાસમિતિપૂર્વક ચાલતા મુનિમાં પ્રમાદનો યોગ હોતો નથી. તેથી એવી સ્થિતિમાં જીવના પ્રાણોનો નાશ થવા માત્રથી જ તેમને હિંસક માની શકાય નહીં.

આ રીતે " **प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा** " આ લક્ષણનો અભાવ હોવાથી કેવળ દ્રવ્યથી થયેલ હિંસાને હિંસા કેવી રીતે કહી શકાય? પણ શાસ્ત્રમાં તેને હિંસા કહેલી છે. તેથી તે વિષે તેમને શંકા થાય છે. તેનું સમાધાન આ પ્રમાણે છે–હિંસાનું જે લક્ષણ ઉપર બતાવ્યું છે તે દ્રવ્યહિંસાનું લક્ષણ નથી. પણ દ્રવ્ય અને ભાવહિંસાનું લક્ષણ છે. પ્રાણીઓનું મરણ એજ દ્રવ્યહિંસા છે. કારણ કે લોકમાં મરણ જ દ્રવ્યહિંસારૂપ પ્રસિદ્ધ છે અને આ દ્રવ્યહિંસા પહેલા ભાંગામાં ઘટાવી શકાય છે આ પ્રમાણે શંકાનું સમાધાન થવા છતાં પણ આ વિષયમાં તેમના મનમાં શંકા આદિ થયા જ કરે છે.

તેમજ નયના વિષયમાં પણ તેમને શંકા થયા કરે છે. દ્રવ્યાર્થિક વગેરે નય છે. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ વસ્તુમાં નિત્યતા છે. અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ એજ વસ્તુમાં અનિત્યતા છે, એવી માન્યતા છે તો આ વિષયમાં તેમને શંકા થાય છે કે જે વસ્તુ દ્રવ્યાર્થિક નયના અભિપ્રાયથી નિત્ય છે તેજ વસ્તુ પર્યાયાર્થિક નયના અભિપ્રાયથી અનિત્ય કેવી રીતે હોઇ શકે? કારણ કે નિત્યતા અને અનિત્યતા તો વિરોધી ગુણો છે તે બન્નેનો એક જ વસ્તુમાં એક સાથે કેવી રીતે સમાવેશ થઇ શકે? માટે એ વાત જ અશક્ય છે તો તેનું સમાધાન આ પ્રમાણે છે–અપેક્ષાભેદથી નિત્યતા અને અનિત્યતાનો સદ્ભાવ એક જ વસ્તુમાં હોઈ શકે છે જો નિત્યતા અને અનિત્યતાને વસ્તુમાં અપેક્ષાકૃત ન માનીએ તો તેમનો યુગપત્ (એક સાથે) સમાવેશ થવો બેશક અસંભવિત ગણાય પણ વસ્તુમાં જે નિત્યતા માનવામાં આવે છે તે દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ મનાય છે કારણ કે દ્રવ્યાર્થિક નયનો વિષય દ્રવ્ય છે. અનિત્યતા જે મનાય છે તે

પર્યાયાર્થિક નયની અપેક્ષાએ મનાય છે. પર્યાયાર્થિક નયનો વિષય પર્યાયો છે. અપેક્ષા ભેદથી એક જ વસ્તુમાં બન્નેનો સમાવેશ થતો પ્રત્યક્ષ જોવા મળે છે જેમ કે-એક જ પુરૂષમાં પુત્રની અપેક્ષાએ પિતૃત્વ અને તેના પિતાની અપેક્ષાએ પુત્રત્વ એ બે ધર્મોનો સમાવેશ થતો દેખાય છે. આ પ્રમાણે તેમની શંકાનું સમાધાન કરવા છતાં પણ તેમની શંકા દૂર થતી નથી.

તેમજ નિયમના વિષયમાં પણ તેમને શંકા થયા કરે છે. વ્રતપ્રત્યાખ્યાનને નિયમ કહે છે. જો સર્વ પાપની વિરતિરૂપ સામાયિક કરવામાં આવે તો પછી નવકારસી, પોરસી વગેરે અન્ય નિયમો કરવાથી શો લાભ છે? કારણ કે સામાયિક મારફત જ બધા પાપની નિવૃત્તિ થઈ જ જાય છે તો પછી શાસ્ત્રમાં પોરસી વગેરે નિયમોનો કર્તવ્યકોટિમાં સમાવેશ શા માટે કર્યો છે? આ વિષયમાં તેમની શંકાનું સમાધાન આ પ્રમાણે છે-સામાયિક વ્રતમાં સર્વપાપ નિવૃત્તિ થઇ જતી હોવા છતાં પણ પોરસી વગેરે જે અન્ય નિયમો આચરવામાં આવે છે તે નિયમો પ્રમાદનો નાશ કરનારા અને અપ્રમાદ ભાવના વર્ધક હોય છે. તેથી અપ્રમાદના હેતુરૂપ હોવાથી તેમનો પણ કર્તવ્યકોટિમાં સમાવેશ કર્યો છે. કહ્યું પણ છે—“ **सामाइए** ” ઇત્યાદિ.

સર્વપાપ વિરતિરૂપ સામાયિક કરવા છતાં પણ પોરસી વગેરે બીજા નિયમો અપ્રમાદ ભાવની વૃદ્ધિ કરનારા હોવાથી કરવા યોગ્ય છે તાત્પર્ય એ છે કે તે નિયમો પ્રમાદનો નાશ કરનારા હોવાથી ગુણકારી છે તેથી જ પ્રભુની તે પ્રકારની આજ્ઞા છે.

તેમજ પ્રમાણના વિષયમાં પણ તેમને શંકા થાય છે-પ્રત્યક્ષ વગેરે પ્રમાણો છે. તેમાંથી આગમ પ્રમાણમાં તેમને શંકા થાય છે-આગમમાં એવું કહ્યું છે કે સૂર્ય સમ પૃથ્વીથી આઠ સો યોજન ઉપર ચાલે છે. પરન્તુ ચક્ષુઇન્દ્રિય જન્ય પ્રત્યક્ષ પ્રમાણ તો સૂર્યની ભૂમિમાંથી નીકળતો જ જુવે છે. તો બન્ને વાતમાંથી કઇ વાતને સાચી માનવી? તેનું સમાધાન આ પ્રમાણે છે-આપણી આંખો સૂર્યને ભૂમિમાંથી નીકળતો જ પ્રત્યક્ષ દેખે છે તે પ્રત્યક્ષ સત્ય નથી. કારણ કે સૂર્ય તો અહીંથી ઘણો દૂર છે તેથી સૂર્ય ભૂમિમાંથી નીકળતો જે આંખથી પ્રત્યક્ષ દેખાય છે તે તો ભ્રમ છે. આ પ્રકારનું સમાધાન મળવા છતાં પણ તેમના મનમાંથી શંકા જતી નથી.

આ ઉદ્દેશકનો અર્થસંગ્રહ અહીં આ પ્રમાણે છે-શ્રમણ નિર્ગ્રંથોને કાંક્ષામોહનીય કર્મનું વેદન થાય છે કે નહીં? આ પ્રશ્નનો ઉત્તર-“ હા, તેઓ પણ કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે. ” “ તેઓ શા કારણે તેનું વેદન કરે છે? ” આ પ્રશ્નના ઉત્તરરૂપે કહેવામાં આવ્યું છે કે જ્ઞાન-જ્ઞાનમાં અંતરથી લઇને પ્રમાણ-પ્રામાણમાં અંતર સુધીના જે કારણો ઉપર વર્ણવ્યા છે, તે કારણોને લીધે તેઓ કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે. તાત્પર્ય એ છે કે જ્ઞાનજ્ઞાનમાં અંતર વગેરે કારણોને લીધે જિનેન્દ્ર પ્રતિપાદિત તત્ત્વોમાં શ્રમણ નિર્ગ્રંથોને શંકા વગેરે ઉત્પન્ન થાય છે. આ રીતે શંકાશીલ થવાથી શ્રમણ નિર્ગ્રંથો પણ કાંક્ષામોહનીય કર્મનું વેદન કરે છે. આ પ્રકારનું યુક્તિયુક્ત

ભગવાનનું કથન સાંભળીને ગૌતમે ભગવાનનાં વચનમાં પોતાની અતિશય શ્રદ્ધા દર્શાવતાં કહ્યું, " से नूणं भंते ! " ઈત્યાદિ. હે પૂજ્ય ! જિનેન્દ્ર દેવો વડે પ્રતિપાદિત તત્ત્વ જ સર્વથા બાધારહિત છે અને શંકારહિત છે. એટલે કે તીર્થંકર દેવોએ જે તત્ત્વ બતાવેલ છે તેજ તત્ત્વ સર્વથા સત્ય અને શંકા વગેરેથી રહિત છે. રાગદ્વેષ વગેરેથી રહિત જ્ઞાની પુરુષો વડે પ્રતિપાદિત સામાન્ય-વિશેષાત્મક, નિત્યત્વ અનિત્યત્વ વગેરે ધર્મોથી યુક્ત વસ્તુ-પદાર્થ પણ તે તે રૂપે હોવાને કારણે એકાન્ત સત્ય જ છે. ગૌતમે જે વાત પ્રકટ કરી તેનું સમર્થન કરતાં પ્રભુ તેમને કહે છે કે " हंता गोयमा ! " ઈત્યાદિ. " હા ગૌતમ ! એજ સત્ય અને નિઃશંક છે કે જે જિનેન્દ્રદેવોએ કહેલ છે. " આ કથન "પુરુષકાર પરાક્રમ છે ' અહીં સુધી સમજી લેવું. એટલે કે આમ હોવાથી ઉત્થાન છે, બળ છે, કર્મ છે, વીર્ય છે, પુરુષાકાર પરાક્રમ છે, એ બધું છે. પ્રકરણનો ઉપસંહાર કરતાં સૂત્રકાર કહે છે કે-" सेवं भंते ! " હે પૂજ્ય ! આપે જે પ્રતિપાદિત કર્યું છે તે સત્ય જ છે. તેમાં શંકાદિ દોષોને સ્થાન જ નથી. ' આ પ્રમાણે કહીને ગૌતમસ્વામીએ શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યાં. વંદન નમસ્કાર કરીને સંયમ અને તપથી આત્માને ભવિત કરતા થકા તેઓ પોતાના સ્થાને બેસી ગયા. ॥ સૂ૦૧૧ ॥

॥ જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજકૃત ભગવતીસૂત્રની પ્રિયદર્શિની વ્યાખ્યાના પહેલા શતકનો ત્રીજો ઉદ્દેશક સમાપ્ત ॥૧-૩॥

## ચતુર્થ ઉદ્દેશક કી અવતરણિકા

## ચોથા ઉદ્દેશકનો પ્રારંભ

પહેલાં તો ચોથા ઉદ્દેશકમાં આવતા વિષયોનો સંક્ષિપ્તમાં પરિચય આપવામાં આવે છે-પ્રશ્ન-કર્મપ્રકૃતિયો કેટલી છે ? ઉત્તર-આઠ કર્મપ્રકૃતિયો છે. પ્રકૃતિયોના વિષયમાં ગાથા. પ્રશ્ન-ઉપસ્થાન વીર્યથી કે અવીર્યથી ? ઇત્યાદિ. ઉત્તર-બાલવીર્યથી. વીર્યનાભેદનો વિચાર. અપક્રમણ, ઉપશાંતમોહનીય સ્વતઃ ઉપક્રમે છે કે પરતઃ ઉપક્રમે છે ? એ પ્રશ્ન, અને સ્વતઃ ઉપક્રમે છે એવો ઉત્તર. રુચિ અને અરુચિનો વિચાર. પ્રશ્ન કૃતકર્મ વેદન કર્યાં વિના છૂટે છે કે નહીં ? ઉત્તર-નથી છૂટતાં. અને તેનું કારણ દર્શાવવામાં આવ્યું છે, કર્મની દ્વિવિધતા. સર્વજ્ઞે જાણ્યું છે કે જીવ આભ્યુપગમિકી, ઔપક્રમિકી વેદના દ્વારા કર્મનું વેદન કરશે એવું પ્રતિપાદન. પ્રશ્ન-પુદ્ગલ હતાં, છે, અને હશે ? ઉત્તર-એવું જ છે. એજ પ્રમાણે સ્કન્ધમાં કાળવૃત્તિત્વનું પ્રદર્શન, એજ પ્રમાણે જીવમાં

પણ ત્રિકાળવૃત્તિત્વ. પ્રશ્ન-સંયમ માત્રથી જ છદ્મસ્થ મનુષ્યો સિદ્ધ થયા છે? થાય છે? થશે? અને તેનો નકારમાં ઉત્તર. તેનું કારણ બતાવવું-આધોવધિક, પરમાધોવધિક કેવળી શું સિદ્ધ થયા છે? એવો પ્રશ્ન. કેવળી થઇને સિદ્ધ થયા છે એવો ઉત્તર. ઉદ્દેશકની પરિસમાપ્તિ. વિસ્તારપૂર્વક વિષયજ્ઞાનને નિમિત્તે ચોથા ઉદ્દેશકની વ્યાખ્યા કરવામાં આવે છે. સંબંધ કથન—

ત્રીજા ઉદ્દેશકમાં કર્મનું ઉદીરણ, વેદન વગેરેનું કથન થયું છે. હવે ચોથા ઉદ્દેશકમાં એજ કર્મના ભેદ વગેરેને બતાવવા માટે તેમજ દ્વાર ગાથામાં કથિત પ્રકૃતિને કહેવાને માટે સૂત્રકાર કહે છે—"**कइ णं भंते! कम्मप्पगडीओ पण्णत्ताओ?** ઈત્યાદિ.

## કર્મપ્રકૃતિ કે સ્વરૂપ કા નિરૂપણ

મૂલાર્થ—(**भंते!**) હે પૂજ્ય! (**कइ णं**) કેટલી (**कम्मप्पगडीओ**) કર્મપ્રકૃતિયો (**पण्णत्ताओ?**) કહી છે? ઉત્તર—(**गोयमा!**) હે ગૌતમ! (**अट्ठ कम्मप्पगडीओ पण्णत्ताओ**) આઠ કર્મપ્રકૃતિઓ કહેલી છે. (**कम्मप्पगडीए पढमो उद्देसो नेयव्वो**) કર્મપ્રકૃતિના વિષયમાં પ્રથમ ઉદ્દેશક અહીં જાણવો જોઈએ. ક્યાં સુધી જાણવો જોઇએ, તે બતાવવા માટે કહે છે કે (**जाव अणुभागो समत्तो**) "અનુભાગ સમાપ્ત" સુધી જાણવો. પ્રજ્ઞાપના (પન્નવણા) સૂત્રના તેવીસમા 'કર્મકૃતિ' નામના પદનો પહેલો ઉદ્દેશક અહીં "અનુભાગ સમાપ્ત" પદ સુધી ગ્રહણ કરવો. પ્રજ્ઞાપનાના તેવીસમા પદના પ્રથમ ઉદ્દેશકમાં જેટલા અર્થ કહ્યા છે તેની સંગ્રહગાથા આ પ્રમાણે છે-(**कइ पयडी**) કર્મપ્રકૃતિયો કેટલી છે? (**कह बंधइ**) જીવ કેવી રીતે પ્રકૃતિયોનો બંધ બાંધે છે? (**कइहिं ठाणेहिं बंधई पयडी**) કેટલાં સ્થાનો વડે જીવ પ્રકૃતિયોનો બંધ બાંધે છે? (**कइ वेदेइ पयडी**) જીવ કેટલી પ્રકૃતિયોનું વેદન કરે છે? (**अणुभागो कइविहो कस्स**) તથા કયા કર્મનો કેટલા પ્રકારનો રસ છે? આ પ્રમાણે ગાથાનો ટૂંકાણમાં અર્થ છે. "**कइ पगडीओ**" પ્રકૃતિયો કેટલી છે? આ પ્રથમ દ્વાર છે. તે આ પ્રમાણે છે-"**कइ णं भंते! कम्मप्पगडीओ पण्णत्ताओ?** હે પૂજ્ય! કર્મપ્રકૃતિયો કેટલી કહી છે? "**गोयमा! अट्ठ कम्मप्पगडीओ पण्णत्ताओ?** હે ગૌતમ કર્મપ્રકૃતિયો આઠ કહી છે. (**तंजहा**) તે આ પ્રમાણે છે-"**णाणावरणिज्जं**" જ્ઞાનાવરણીયથી લઇને અન્તરાય સુધીની આઠ કર્મપ્રકૃતિયો છે. "**कह बंधइ**" આ બીજું દ્વાર છે. "**कह णं भंते! जीवे अट्ठ कम्मप्पगडीओ**

बंधइ ?" હે પૂજ્ય ! જીવ આઠ કર્મપ્રકૃતિયોનો બંધ કેવી રીતે બાંધે છે? "गोयमा ! णाणावरणिज्जस्स कम्मस्स उदएणं दंसणावरणिज्जं कम्मं नियच्छइ" હે ગૌતમ ! જીવ જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી દર્શનમોહનીય કર્મને પ્રાપ્ત કરે છે. "दंसणमोहणिज्जस्स कम्मस्स उदएणं मिच्छत्तं नियच्छइ मिच्छत्तेणं उदिन्नेणं एवं खलु जीवे अट्ठ कम्मप्पगडीओ बंधइ" દર્શનમોહનીય નામની કર્મપ્રકૃતિના ઉદયથી જીવ મિથ્યાત્વને પ્રાપ્ત કરે છે. અને મિથ્યાત્વના ઉદયથી જીવ આઠ કર્મપ્રકૃતિયોનો બંધ બાંધે છે.

શંકા—આ પ્રકારના કથનથી તો અહીં ઇતરેતરાશ્રય દોષ લાગવાનો સંભવ રહે છે? કારણ કે મિથ્યાત્વનો ઉદય થવાથી કર્મબંધ થાય છે અને કર્મબંધ થવાથી મિથ્યાત્વનો ઉદય થાય છે. માટે ઉપરનો દોષ લાગે છે?

સમાધાન—બીજાંકુર પ્રવાહની જેમ કર્મબંધનો પ્રવાહ પણ અનાદિ છે. તેથી અહીં ઇતરેતરાશ્રયને દોષરૂપ માનવામાં આવેલ નથી.

"कइहिं ठाणेहिं" આ ત્રીજું દ્વાર છે. "जीवे णं भंते ! णाणावरणिज्जं कम्मं कइहिं ठाणेहिं बंधइ ? गोयमा ! दोहिं ठाणेहिं बंधइ-तंजहा-रागेण य दोसेण य" વગેરે. હે પૂજ્ય ! જીવ કેટલા સ્થાનો વડે જ્ઞાનાવરણીય કર્મનો બંધ બાંધે છે? હે ગૌતમ ! જીવ બે સ્થાનો વડે જ્ઞાનાવરણીય કર્મનો બંધ બાંધે છે. તે બે સ્થાન આ પ્રમાણે છે-(૧) રાગ અને (૨) દ્વેષ "कइ वेएइ य पयडी" આ ચોથું દ્વાર છે. તે આ પ્રમાણે છે-"जीवे णं भंते ! कइ कम्मप्पगडीओ वेएइ ? गोयमा ! अत्थेगइए वेएइ, अत्थेगइए नो वेएइ, जे वेएइ से अट्ठ" ઇત્યાદિ. હે પૂજ્ય ! જીવ કેટલી કર્મપ્રકૃતિયોનું વેદન કરે છે? હે ગૌતમ ! કોઇ જીવ કર્મપ્રકૃતિયોનું વેદન કરે છે અને કોઇ જીવ કર્મપ્રકૃતિયોનું વેદન કરતો નથી. જે જીવ કર્મપ્રકૃતિયોનું વેદન કરે છે તે આઠ કર્મપ્રકૃતિયોનું જીવ વેદન છે. 'जीवेणं भंते ! णाणावरणिज्जं कम्मं वेएइ ? गोयमा ! अत्थेगइए वेएइ, अत्थेगइए नो वेएइ" હે પૂજ્ય ! જીવો જ્ઞાનાવરણીય કર્મનું વેદન કરે છે? હે ગૌતમ ! કોઇ જીવો જ્ઞાનાવરણીય કર્મનું વેદન કરે છે જેમ કે છદ્મસ્થ જીવો. અને કોઈ જીવો જ્ઞાનાવરણીય કર્મનું વેદન કરતા નથી, જેમ કે કેવળી ભગવંતો.

## ઉપસ્થાનાપક્રમણ (સ્વીકાર કરના ઔર હટના) કે સ્વરૂપ કા નિરૂપણ

"णेरइएणं भंते ! णाणावरणिज्जं कम्मं वेएइ ? गोयमा ! णियमा वेएइ" ઇત્યાદિ. હે પૂજ્ય ! શું નારકીના જીવો જ્ઞાનાવરણીય કર્મનું વેદન કરે છે? હા, ગૌતમ! અવશ્ય વેદન કરે છે. "अणुभागो कइविहो कस्स" આ પાંચમું દ્વાર છે તે આ પ્રમાણે છે-"णाणावरणिज्जस्स णं भंते ! कम्मस्स कइविहे अणुभागे पण्णत्ते ? गोयमा ! दसविहे अणुभागे पण्णत्ते, तं जहा-सोयावरणे सोयविन्नाणावरणे" ઇત્યાદિ. હે પ્રભો ! જ્ઞાનાવરણીય કર્મનો કેટલા પ્રકારનો અનુભાગ (રસ) કહ્યો છે? હે ગૌતમ ! તે દસ પ્રકારનો કહ્યો છે-શ્રોત્રાવરણ, શ્રોત્રવિજ્ઞાનાવરણ, અહીં "શ્રોત્ર" (કાન) પદ દ્રવ્યેન્દ્રિયનું બોધક છે. અને "શ્રોત્રવિજ્ઞાન" પદ ભાવેન્દ્રિયનું બોધક છે. આ રીતે શ્રોત્રાવરણ તે દ્રવ્યેન્દ્રિયનું આવરણ છે. અને શ્રોત્રવિજ્ઞાનાવરણ તે ભાવેન્દ્રિયનું આવરણ છે. પાંચ પ્રકારની દ્રવ્યેન્દ્રિયો

હોવાથી દ્રવ્યેન્દ્રિયાવરણ પણ પાંચ પ્રકારના, અને ભાવેન્દ્રિય પણ પાંચ પ્રકારની હોવાથી ભાવેન્દ્રિયાવરણ પણ પાંચ પ્રકારના થાય છે તેમને એકત્ર કરવાથી દસ પ્રકાર થાય છે. બાકીની વિગત માટે પ્રજ્ઞાપનાનું તેવીસમું પદ જોઈલેવું।।સૂ.૧।।

શરૂઆતમાં કર્મોનો વિચાર કર્યો. તમામ કર્મોમાં મોહનીય કર્મ મુખ્ય છે. તેથી હવે મોહનીય કર્મની અપેક્ષાએ સૂત્રકાર કહે છે–"जीवे णं भंते ! मोहणिज्जे"ઈત્યાદિ.

મૂલાર્થ—(भंते !) હે ભગવન્! (कडेणं मोहणिज्जेणं कम्मेणं) કૃતમોહનીય કર્મ (उदिण्णेणं) ઉદયમાં આવે ત્યારે (जीवे) જીવ (उवट्ठाएज्जा) શું ઉપસ્થાન કરે છે? એટલે કે પરલોક ક્રિયામાં અભ્યુપગમ કરે છે? તાત્પર્ય એ છે કે જીવે બાંધેલ મોહનીય કર્મ જ્યારે ઉદયમાં આવે છે ત્યારે શું જીવ પરલોક સંબંધી ક્રિયાઓનો સ્વીકાર કરે છે? આ પ્રશ્નનો જવાબ આપતાં પ્રભુ કહે છે (हंता उवट्ठाएज्जा) હા, ગૌતમ! જીવ ત્યારે ઉપસ્થાન કરે છે–એટલે કે મોહનીય કર્મના ઉદયમાં પારલૌકિક ક્રિયાઓનો સ્વીકાર કરે છે. (से भंते! किं वीरियत्ताए उवट्ठाएज्जा, अवीरियत्ताए उवट्ठाएज्जा ?) હે ભગવન્! શું તે જીવ વીર્યથી ઉપસ્થાન કરે છે કે અવીર્યથી ઉપસ્થાન કરે છે?

ભગવાન કહે છે, કે (गोयमा!) હે ગૌતમ! (वीरियत्ताए उवट्ठावेज्जा) તે વીર્યને લઈને ઉપસ્થાન કર છે, પણ (णो वीरियत्ताए उवट्ठावेज्जा) વગર વીર્યે ઉપસ્થાન નથી કરતા. પછી ગૌતમ પ્રશ્ન કરે છે કે હે પૂજ્ય! (जइ वीरियत्ताए उवट्ठावेज्जा) જો તે વીર્યને લઈને ઉપસ્થાન કરે છે તો (किं बालवीर्यताए उवट्ठावेज्जा) શું બાલવીર્યને લઈને ઉપસ્થાન કરે છે અથવા (पंडियवीरियत्ताए उवट्ठावेज्जा) પંડિતવીર્યને લઈને ઉપસ્થાન કરે છે, અથવા (बालपंडियवीरियत्ताए उवट्ठावेज्जा) શું બાલપંડિતવીર્યને લઈને ઉપસ્થાન કરે છે? એના જવાબમાં ભગવાન જણાવે છે કે (गोयमा!) હે ગૌતમ! તે (बालवीरियत्ताए उवट्ठावेज्जा) બાલવીર્યને લઈને ઉપસ્થાન કરે છે. પણ (णा पंडियवीरियत्ताए उवट्ठावेज्जा) પંડિતવીર્યને લઈને ઉપસ્થાન કરતા નથી. એજ પ્રમાણે (णा बालपंडियवीरियत्ताए उवट्ठाएज्जा) બાલપંડિતવીર્યને લઈને પણ જીવ ઉપસ્થાન કરતા નથી. તે પછી ગૌતમ પ્રશ્ન કરે છે કે (भंते!) હે પૂજ્ય! જીવના (कडेणं मोहणिज्जेणं कम्मेणं) પોતાના કહેલ મોહનીય કર્મ

જ્યારે ( उदिण्णेणं ) ઉદીરિત થાય છે ત્યારે તેને લીધે (जीवे णं) જીવ ( अवक्कमेज्जा ) શું અપક્રમણ કરે છે ? અર્થાત્ શું ઊંચા ગુણસ્થાનથી નીચા ગુણસ્થાનમાં આવી જાય છે ? ભગવાન જવાબ આપે છે કે હે ગૌતમ! (हंता अवक्कमेज्जा) હા, ગૌતમ ! કરેલ મોહનીય કર્મની ઉદીરણા થવાથી જીવ ઉચ્ચગુણસ્થાનથી નીચેના ગુણસ્થાનમાં આવીને અપક્રમણ કરે છે. ગૌતમ પૂછે છે કે ( भंते ! ) હે પૂજ્ય ! ( से जाव बालपंडियवीरियत्ताए अवक्कमेज्जा) તે જીવ જો અપક્રમણ કરે છે તો શું તે બાલવીર્યને લઇને કરે છે અથવા પંડિતવીર્યને લઇને કરે છે, અગર શું બાલપંડિતવીર્યને લઇને અપક્રમણ કરે છે ? ભગવાન ફરમાવે છે કે (गोयमा !) હે ગૌતમ ! ( बालवीरियत्ताए अवक्कमेज्जा ) પંડિતવીર્યને લઇને અપક્રમણ કરે છે, પણ ( नो पंडियवीरियत्ताए अवक्कमेज्जा ) પંડિતવીર્યને લઈને અપક્રમણ નહિ કરે છે. (सिय बालपंडियवीरियत्ताए अवक्कमेज्जा) બાલ-પંડિતવીર્યને લઈને કોઈ વખતે અપક્રમણ કરે છે, અને કોઇ વખતે નથી પણ કરતો, એજ રીતે ( जहा उदिण्णेणं दो आलावगा तहा उवसंतेण वि दो आलावगा भणियव्वा ) જેમ ઉદીરણા પદને લઈને બે આલાપક કહેલ છે, તેમજ ઉપશાન્ત પદને લઈને પ્રશ્નોત્તરના ઉપસ્થાન અપક્રમણ રૂપે બે આલાપકો સમજાવાં જોઇએ. પણ (नवरं) ઉદીરણાના બે આલાપકોની અપેક્ષાએ આ ઉપ-શાન્તના બે આલાપકોમાં વિશેષ તફાવત એ છે કે (उवट्ठाएज्जा पंडियवीरियत्ताए अवक्कमेज्जा बालपंडियवीरियत्ताए) ઉપસ્થાન પંડિત વીર્યને લઇને થાય છે, અને અપક્રમણ બાલપંડિત વીર્યને લઇને થાય છે તે પછી ગૌતમ પ્રશ્ન કરે છે કે ( भंते ) હે પૂજ્ય ! જો અપક્રમણ કરે છે, તે શું (आयाए अवक्कमइ अणायाए अवक्कमइ )આત્માથી અપક્રમણ કરે છે અથવા અનાત્માથી કરે છે ? અર્થાત્ પોતાની મેળે જ અપક્રમણ કરે છે, અથવા કોઈ બીજાથી અપક્રમણ કરે છે ? ભગવાન્ કહે છે કે (गोयमा) હે ગૌતમ ! (आयाए अवक्कमइ नो अणायाए अवक्कमइ) તે જીવ આત્મા વડે જ અપક્રમણ કરે છે, નહિ કે અનાત્માથી પણ (मोहणिज्जं कम्मं वेएमाणे) મોહનીય કર્મનું વેદન કરતાં આત્મા વડે અપક્રમણ કરે છે. તે પછી ગૌતમ પૂછે છે કે (भंते) હે ભદન્ત ! ( से कहमेयं एवं) તે આ પ્રમાણે કયા કારણથી થાય છે ? ભગવાન કહે છે (गोयमा !) હે ગૌતમ ! (पुव्विं से एयं एवं रोयइ) પહેલા તેને આ રીતે ગમે છે અને (इयाणीं से एयं एवं नो रोयइ) આ વખતે તેને આ પ્રમાણે ગમતું નથી ( एवं खलु एयं एवं) માટે આ અપ-ક્રમણ આ પ્રકારે થાય છે. ॥ સૂ. ૨ ॥

ટીકાર્થ—ગૌતમ પૂછે છે કે "जीवेणं भंते !" હે પૂજ્ય ! "मोहणिज्जेणं कडेणं कम्मेणं ) પોતે કરેલ મોહનીય કર્મ "उदिण्णेणं' જ્યારે ઉદયભાવ થાય છે, ત્યારે જીવ શું "उवट्ठावेज्जा" ઉપસ્થાન કરે છે, શું પરલોક સંબંધી ક્રિયાને સ્વીકારે છે ? અર્થાત્ મોહનીયકર્મનો ઉદયભાવ–પ્રાપ્ત થવાથી જીવ શું પરલોક સંબંધી ક્રિયા સ્વીકારે છે ? આ ગૌતમનો પ્રશ્ન છે. ભગવાન જવાબ આપે છે કે હે ગૌતમ ! "हंता उवट्ठावेज्जा" હા, ગૌતમ ! ઉદય પામેલ મોહનીય કર્મ વડે જીવ પરલોક સંબંધી ક્રિયાને સ્વીકારે છે, ગૌતન પૂછે છે કે અગર મોહનીય કર્મને ઉદય વડે જો જીવ ઉપર પરલોક સંબંધી ક્રિયાને

સ્વીકારે છે, તો "से भंते ! किं वीरियत्ताए उवट्ठावेज्जा अवीरियत्ताए उवट्ठावेज्जा" તે શું વીર્યતાથી ઉપસ્થાન કરે છે? કે અવીર્યતાથી ઉપસ્થાન કરે છે? ભગવાન્ કહે છે કે गोयमा ! वीरियत्ताए उवट्ठावेज्जा णो अवीरियत्ताए उवट्ठावेज्जा હે ગૌતમ ! વીર્યતાથી ઉપસ્થાન કરે છે. "वीर्यतया" એ "वीरियत्ताए" પદની છાયા છે. "वीर्यतया" એટલે "वीर्ययोगात्" વીર્યના યોગથી "वीर्यम् अस्य अस्तीति वीर्यः" આ વ્યુત્પત્તિ અનુસાર વીર્ય એટલે પ્રાણી એવો અર્થ થાય છે. અહીં "आर्शादिभ्योऽच्"આ સૂત્રથી "अच्" કરવાથી વીર્ય શબ્દનો પ્રાણી એવો અર્થ થાય છે. વીર્યનો-જીવનો જે ભાવ તેનું નામ વીર્યતા છે. તે વીર્યભાવ "પ્રાણીપણું" એ રૂપે લેવાય છે. અથવા "वीर्यमेव वीर्यता" એવા અર્થમાં "तल्" પ્રત્યય જોડવાથી "वीर्यता" શબ્દ બને છે. અથવા "वीर्याणां भावो वीर्यता" વીર્યોનો જે ભાવ તેનું નામ વીર્યતા છે. આ વીર્યતાથી જીવ પારલૌકિક ક્રિયાઓમાં ઉપસ્થાન કરે છે કે અવીર્યતાથી-વીર્યના અભાવથી પારલૌકિક ક્રિયાઓમાં ઉપસ્થાન કરે છે? ઉપસ્થાનમાં વીર્ય કારણરૂપ છે કે નથી? એવો આ પ્રશ્નનો આશય છે "વીર્ય" ઉપસ્થાનમાં કારણભૂત છે. કારણ કે વીર્યના અભાવથી તો ઉપસ્થાન થઇ શકતું જ નથી. "કારણના અભાવે કાર્યનો પણ અભાવ જ હોય છે." એ વાત સમજાવવાને માટે કહે છે કે હે ગૌતમ ! જીવ "वीरियत्ताए उवट्ठावेज्जा" વીર્યના યોગથી જ ઉપસ્થાન કરે છે. કારણ કે ઉપસ્થાનમાં વીર્યની આવશ્યકતા રહે જ છે તેથી વીર્યમાં ઉપસ્થાનની કારણભૂતતા રહેલી છે. જીવ જે ઉપસ્થાન કરે છે તે વીર્યના યોગથી જ કરે છે. આ રીતે વીર્યમાં ઉપસ્થાનની કારણભૂતતાનું સમર્થન કરીને હવે વીર્યમાં તેની અકારણતાનું સમર્થન કરતાં સૂત્રકાર કહે છે કે "णो अवीरियत्ताए उवट्ठावेज्जा" અવીર્યથી ઉપસ્થાન થતું નથી.

ઉપસ્થાનમાં વીર્ય કારણરૂપ હોય તો કયા વીર્યની અપેક્ષાએ જીવ ઉપસ્થાન કરે છે? વીર્ય બાલ પંડિત વગેરે ભેદથી અનેક પ્રકારનું હોય છે તે કારણે આ પ્રશ્ન ઉદ્ભવે છે. કે કયા વીર્યને લઇને જીવ ઉપસ્થાન કરે છે? એ આશયથી ગૌતમસ્વામી પૂછે છે કે "जइ वीरियत्ताए उवट्ठावेज्जा, किं बालवीरियत्ताए उवट्ठाएज्जा, पंडियवीरियत्ताए उवट्ठाएज्जा, बालपंडियवीरियत्ताए उवट्ठाएज्जा ?" જો જીવ વીર્યના યોગથી ઉપસ્થાન કરે છે તો શું તે બાલવીર્યના યોગથી ઉપસ્થાન કરે છે, કે પંડિતવીર્યના યોગથી ઉપસ્થાન કરે છે, કે બાલપંડિતવીર્યના યોગથી ઉપસ્થાન કરે છે? જે જીવને સમ્યક્ પ્રકારે અર્થનો બોધ થતો નથી એવા જીવને બાલ (મિથ્યાદૃષ્ટિ) જીવ કહે છે. સદ્બોધના કાર્યરૂપ જે વિરતિ છે તેનો બાલજીવમાં અભાવ રહે છે. તાત્પર્ય એ છે કે સમ્યક્ અર્થબોધથી રહિત અને સદ્બોધના કાર્યરૂપ વિરતિથી રહિત જીવને જ બાલજીવ કહે છે. તેનું બીજું નામ મિથ્યાદૃષ્ટિ છે. એવા મિથ્યાદૃષ્ટિ બાલજીવની જે વીર્યતા છે તેને બાલવીર્યતા કહે છે. એવી બાલવીર્યતાથી શું જીવ ઉપસ્થાન કરે છે? અથવા પંડિતવીર્યતાથી ઉપસ્થાન કરે છે? સર્વ સાવદ્ય (પાપકારી) કર્મોના ત્યાગીને સૈદ્ધાંતિક પરિભાષામાં પંડિત

કહે છે. તેનાથી ભિન્ન પ્રકારના જીવને ખરી રીતે અપંડિત માનવામાં આવે છે. સાવદ્ય કર્મ કરનારાઓ અજ્ઞાની હોવાને કારણે તેમનામાં પાંડિત્યનો અભાવ હોય છે કહ્યું પણ છે—" तद् ज्ञानमेव " ઇત્યાદિ.

તે જ્ઞાનને વાસ્તવિક જ્ઞાન જ કહી ન શકાય કેમ કે જેની હાજરીમાં રાગદ્વેષ વગેરેનો સમૂહ આત્મામાં ઉદિત થતો રહે. શું અંધકારમાં એવી શક્તિ છે કે તે સૂર્યના ઉદય થતાં ટકી શકે? જેમ સૂર્યનો ઉદય થતાં અંધકારને જવું જ પડે છે તેમ જ્ઞાનનો ઉદય થતાં રાગદ્વેષ વગેરેને પણ જવું જ પડે છે.

રાગદ્વેષ રહિત દશાવાળા પંડિતની વીર્યતાને પંડિતવીર્યતા કહે છે. શું તે પંડિતવીર્યતાથી જીવ ઉપસ્થાન કરે છે? કે બાલપંડિતવીર્યતાથી ઉપસ્થાન કરે છે? અમુક અંશે વિરતિના અભાવથી બાલ અને અમુક અંશે વિરતિના સદ્દભાવે પંડિત એવો જે દેશવિરતિવાળો તે શ્રાવક કહેવાય છે તેને બાલ-પંડિત કહે છે. એવા બાલપંડિતની વીર્યતાને બાલપંડિતવીર્યતા કહે છે. શું જીવ તે બાલપંડિત વીર્યતાથી ઉપસ્થાન કરે છે? જ્યાં સુધી જીવમાં મિથ્યાત્વનો ઉદય રહે છે ત્યાં સુધી તેને મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે, એવા મિથ્યાદૃષ્ટિ જીવને બાલવીર્યતાવાળો કહેવાય છે. તેથી આ જગ્યાએ એવું કહ્યું છે કે જીવનું ઉપસ્થાન બાલવીર્યતાથી જ થાય છે. પંડિતવીર્યતાથી કે બાલપંડિત વીર્યતાથી જીવનું ઉપસ્થાન થતું નથી. તે કારણે મહાવીરસ્વામીએ ગૌતમસ્વામીના પ્રશ્નોના જવાબરૂપે કહ્યું છે કે " गोयमा ! बालवीरियत्ताए उवट्ठाएज्जा, णो पंडियवीरियत्ताए उवट्ठाएज्जा, णो बालपंडियवीरियत्ताए उवट्ठाएज्जा " હે ગૌતમ! જીવનું જે ઉપસ્થાન થાય છે. તે બાલવીર્યતાથી થાય છે. તે પંડિતવીર્યતાથી તેમજ બાલપંડિત વીર્યતાથી થતું નથી. તાત્પર્ય એ છે કે બાલવીર્યતા જ જીવના ઉપસ્થાનમાં કારણભૂત છે. સૂત્રકારે જે " णो पंडियवीरियत्ताए उवट्ठावेज्जा, णो बालपडियवीरियत्ताए उवट्ठाएज्जा " એવું નિષેધાત્મક કથન કર્યું છે તેથી એ વાત પ્રકટ કરી છે કે સમસ્ત વાક્ય અવધારણ સહિત હોય છે. એ નિયમ પ્રમાણે જો ઉપસ્થાન બાલવીર્યતાને કારણે થતું હોય તો પંડિતવીર્યતા અને બાલપંડિતવીર્યતાને કારણે થાય જ નહીં.

ઉપસ્થાનની ઉલટા અર્થની ક્રિયા તે અપક્રમણ છે. ઉપસ્થાનનું વર્ણન કરતી વખતે ઉપસ્થાન વિરોધી અપક્રમણ ક્રિયાનું સ્મરણ થઈ આવે છે, જેવી રીતે છાયાનું ભાન થતાં છાયાના વિરોધી સૂર્યના તડકાનું સ્મરણ થાય છે. " स्मृतस्य चोपेक्षाऽनर्हत्वम् " " જેની યાદ આવે તે વિષયની ઉપેક્ષા કરવી જોઈએ નહીં. " એ નિયમ અનુસાર ઉપસ્થાનનું કથન કરીને હવે સૂત્રકાર અપક્રમણનું કથન કરે છે—" जीवे णं भंते " ઇત્યાદિ.

( भंते ! ) હે પૂજ્ય! जीवेणं ) શું જીવ ( कडेणं मोहणिज्जेणं कम्मेणं ) કરાયેલ મોહનીય કર્મના ( उदिण्णेणं ) ઉદયથી (अवक्कमेज्जा) અપક્રમણ કરે છે? એટલે કે ઉત્તમ ગુણસ્થાનમાંથી હીનતર ( નીચા ) ગુણસ્થાનમાં ચાલ્યો જાય

છે શું ? જ્યારે કરાયેલ મોહનીય કર્મ ઉદયમાં આવે છે ત્યારે જીવ ઉત્તમ ગુણ-સ્થાનમાંથી નીચા ગુણસ્થાનમાં જાય છે ? એવો આ પ્રશ્ન છે. મોહનીય કર્મના ઉદયથી જીવ નીચા ગુણસ્થાનને પ્રાપ્ત કરે છે એ બતાવવાને માટે ભગવાન મહાવીરસ્વામી જવાબ આપે છે કે-( हंता अवक्कमेज्जा ) હા, ગૌતમ! મોહનીય કર્મના ઉદયથી જીવ ઉત્તમ ગુણસ્થાનમાંથી હીન ગુણસ્થાનમાં જવા રૂપ અપક્રમણ કરે જ છે. તે અપક્રમણ કયા વીર્યથી થાય છે એ જાણવાને માટે ગૌતમસ્વામી પૂછે છે-(से भंते ! जाव बालपंडियवीरियत्ताए अवक्कमेज्जा ?) હે ભગવન્ ! જીવનું તે અપક્રમણ જો વીર્યતાથી થાય છે તો શું બાલવીર્યતાથી થાય છે, કે પંડિતવીર્યતાથી થાય છે કે, બાલપંડિત વીર્યતાથી થાય છે ? અહીં " यावत् " પદથી પૂર્વોક્ત ઉપસ્થાનનો પાઠક્રમ જોડવો જોઇએ અંતમાં " किं बालवीर्यतया अपक्रामेत्, किं पंडियवीर्यतया अपक्रामेत " આ પાઠનો પણ સંગ્રહ કરાયો છે. જે અર્થ કરતી વખતે લખવામાં આવ્યો છે. ભગવાને તે પ્રશ્નનો આ પ્રમાણે જવાબ આપ્યો " गोयमा ! बालवीरियत्ताए अवक्कमेज्जा, नो पंडियवीरियत्ताए अवक्कमेज्जा, सिय बालपंडियवीरियत्ताए अवक्कमेज्जा, " હે ગૌતમ। જીવનું અપક્રમણ બાલવીર્યતાથી થાય છે. મોહનીય કર્મના ઉદયથી જીવનું જ અધઃપતન થાય છે તે બાલવીર્યતાના પ્રભાવથી જ થાય છે. એવો આ કથનનો આશય છે તેથી બાલવીર્યતા જ અધઃપતનના કારણરૂપ છે. જ્યારે મિથ્યાત્વ મોહનીય કર્મનો ઉદય થાય છે ત્યારે સમ્યક્ત્વમાંથી પડતો જીવ સંયમમાંથી તેમજ દેશસંયમમાંથી પણ પતિત થઇને મિથ્યાદૃષ્ટિ થઇ જાય છે " णो पंडियवीरियत्ताए अवक्कमेज्जा " પંડિતવીર્યતાના પ્રભાવથી જીવનું કોઇ પણ પ્રકારે અપક્રમણ થતું નથી, કારણ કે પંડિતવીર્ય સઘળાં વીર્યથી શ્રેષ્ઠ વીર્ય છે. તેથી પંડિતવીર્યવાળા જીવનું પતન થતું નથી. " सिय बालपंडियवीरियत्ताए अवक्कमेज्जा " ચારિત્રમાં સ્થિત જીવ પંડિતવીર્યના પ્રભાવથી કોઇ પણ કાળે નીચલા ગુણસ્થાનને પામતો નથી.-એટલે કે ઉત્તમ ( ઉપરના ) ગુણ થાનમાંથી નીચેના ગુણસ્થાનમાં તે જતો નથી. પણ બાલવીર્યવાળા જીવનું અધઃપતન અવશ્ય થાય છે. બાલપંડિતવીર્યતાવાળાનું પતન કયારેક થાય છે અને કયારેક નથી પણ થતું. ઉદીર્ણથી ઉલ્ટા અર્થનો શબ્દ ઉપશાન્ત છે. તેથી ઉપશાન્ત વિષયક બે સૂત્રોનું સૂત્રકાર કથન કરે છે—

(जहा उदिण्णेणं दो आलावगा तहा उवसंतेण वि दो आलावगा भाणियव्वा) જેવી રીતે ઉદયના પ્રકરણમાં ઉદય પદની સાથે બે આલાપક કહેવામાં આવ્યા છે એવી જ રીતે ઉપશાંત પદની સાથે પણ બે આલાપક કહેવા જોઇએ. આલાપકો આ પ્રમાણે છે–" जीवेणं भंते ! मोहणिज्जेणं कडेण कम्मेणं, उवसंतेणं उवट्ठावेज्जा ? " " हंता उवट्ठाएज्जा " " जीवेणं भंते ! मोहणिज्जेणं कडेणं कम्मेणं उवसंतेणं अवक्कमेज्जा?" " हंता अवक्कमेज्जा " આ રીતે ઉપશાન્ત વિષયક

આલાપક બને છે. તેમનો અર્થ સ્પષ્ટ છે. "नवरं" પણ તેમાં આટલી વિશેષતા છે–"उवट्ठाएज्जा पंडियवीरियत्ताए, अवक्कमेज्जा बालपंडियवीरियत्ताए" પંડિતવીર્યતા વડે ઉપસ્થાન (ઉપર ચડવાનું) થાય છે અને બાલપંડિતવીર્યતા વડે અપક્રમણ (નીચે પડવાનું) થાય છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે–જીવ વીર્યને કારણે ઉપસ્થાન કરે છે-ઉપર ચડે છે કે અવીર્યને કારણે? જીવ વીર્યને કારણે અપક્રમણ કરે છે કે અવીર્યને કારણે? આ પ્રશ્નોનો જવાબ આ પ્રમાણે આપવો જોઈએ. વીર્યતાના પ્રભાવથી જ જીવ ઉપસ્થાન અને અપક્રમણ કરે છે–અવીર્યતાના પ્રભાવથી કરતો નથી. જો વીર્યતાના પ્રભાવથી જ જીવ ઉપસ્થાન અને અપક્રમણ કરે છે તો એ પ્રશ્ન ઉદ્ભવે છે કે જીવ બાલવીર્ય, પંડિતવીર્ય અને બાલપંડિતવીર્ય એ ત્રણે વીર્યમાંથી કયા વીર્યના પ્રભાવથી ઉપસ્થાન કરે છે અને કયા વીર્યના પ્રભાવથી અપક્રમણ કરે છે? તો તે પ્રશ્નનો "नवरं" પદ દ્વારા જે ઉત્તર આપ્યો છે તે આ પ્રમાણે છે–જો જીવ વીર્યતાથી ઉપસ્થાન કરે છે તો શું તે બાલવીર્યતાથી ઉપસ્થાન કરે છે, કે પંડિતવીર્યતાથી ઉપસ્થાન કરે છે કે બાલપંડિતવીર્યતાથી ઉપસ્થાન કરે છે? તેનો જવાબ આ પ્રમાણે આપ્યો છે-હે ગૌતમ! જીવ જે ઉપસ્થાન કરે છે તે પંડિતવીર્યતાથી કરે છે. બાલવીર્યતાથી બાલપંડિતવીર્યતાથી જીવ ઉપસ્થાન કરતો નથી. અને અપક્રમણ બાલપંડિતવીર્યતાથી થાય છે. બાલવીર્યતાથી કે પંડિતવીર્યતાથી થતું નથી. તે કથનનો આશય આ પ્રમાણે છે–ઉદીર્ણના આલાપકો કરતાં ઉપશાંત આલાપકોમાં એ વિશેષતા છે કે જીવનું મોહનીય કર્મ જ્યારે ઉપશાંત થાય છે ત્યારે તે પંડિતવીર્યતાનું અવલંબન કરીને પરલોક સંબંધી ક્રિયાઓમાં ઉપસ્થાન (સ્વીકાર) કરે છે. કારણ કે મોહનીય કર્મની ઉપશાન્ત અવસ્થામાં પંડિતવીર્યનો જ એક માત્ર સદ્ભાવ રહે છે. આ વિષયમાં કેટલાકનો અભિપ્રાય એવો પણ છે કે મોહનીય કર્મની ઉપશાન્ત દશામાં જીવ મિથ્યાદૃષ્ટિ હોતો જ નથી, પણ સાધુ કે શ્રાવક હોય છે. બીજા અપક્રમણના આલાપકમાં જે "બાલપંડિતવીર્યતાથી અપક્રમણ થાય છે." એમ કહ્યું છે તેનો આશય એ છે કે મોહનીય કર્મ જ્યારે ઉપશાન્ત હોય છે ત્યારે બાલપંડિત વીર્યતાનું અવલંબન લઈને સંયતત્વથી (સંયમીપણાથી) અપક્રમણ કરતો–એટલે કે પાછો હઠતો હઠતો જીવ દેશસંયત (પાંચમાગુણસ્થાનવર્તી) થઈ જાય છે કારણ કે તે સમયે દેશસંયત અવસ્થામાં તે જીવના મોહનો ઉપશમ એકદેશથી જ રહે છે. તેથી તે જીવ મિથ્યાદૃષ્ટિ થતો નથી–કારણ કે મોહના ઉદયમાં જ જીવ મિથ્યાદૃષ્ટિ થાય છે, અને અહીં મોહના ઉપશમનું વક્તવ્ય ચાલી રહ્યું છે.

પહેલાં "अपक्रामेत्" એવું જે કહેવામાં આવ્યું છે તે સંબંધમાં ગૌતમ સ્વામી મહાવીરપ્રભુને પૂછે છે કે "से भंते! आयाए अवक्कमइ, अणायाए अवक्कमइ? હે પ્રભો! જીવ પોતાની જાતે જ અપક્રમણ કરે છે કે અન્યની

સહાયતાથી અપક્રમણ કરે છે? તાત્પર્ય એ છે કે જીવનું જે અપક્રમણ થાય છે તે સ્વયં-પોતાની મારફત થાય છે કે અન્યની મારફત થાય છે? તેનો ઉત્તર પ્રભુ આ પ્રમાણે આપે છે-"गोयमा ! आयाए अवक्कमइ, णो आणायाए अवक्कमइ" હે ગૌતમ! જીવનું અપક્રમણ પોતાની મારફત જ થાય છે. પણ પરથી થતું નથી. તાત્પર્ય એ છે કે પહેલાં આ જીવ પંડિતરુચિવાળો હોવા છતાં પાછળથી તે મિશ્રરુચિવાળો અથવા મિથ્યારુચિવાળો બને તો તેમાં આત્મા પોતે જ કારણરૂપ છે, અન્ય કોઇ કારણરૂપ નથી. એવો કયો જીવ હોય છે તે દર્શાવવાને માટે કહ્યું છે કે " मोहणिज्जं कम्मं वेएमाणे " મોહનીય કર્મનું-મિથ્યાત્વમોહનીય અથવા ચારિત્રમોહનીય કર્મનું વેદન કરનાર જીવ-એટલે કે મોહનીય કર્મના ઉદયવાળો જીવ પોતાની જાતેજ અપક્રમણ કરે છે, પરંતુ બીજાની સહાયતાથી અપક્રમણ કરતો નથી. તે વિષયમાં ગૌતમસ્વામી વળી પૂછે છે કે "से कहमेयं भंते ! एवं" હે પ્રભો! મોહનીય કર્મનું વેદન કરનાર તે જીવનું અપક્રમણ કેવી રીતે થાય છે? તેના ઉત્તરરૂપે પ્રભુ કહે છે કે "गोयमा !" હે ગૌતમ! "पुव्विं से एयं एवं रोयइ" પહેલાં તેને 'તે આ પ્રમાણેજ છે' તેમ લાગતું અને તેથી તે રુચતું હતું. "इयाणिं से एयं एवं नो रोएइ" અને હવે તેને 'તે આ પ્રમાણે જ છે.' એમ લાગતું નથી અને તેથી રુચતું નથી તેનું તાત્પર્ય આ પ્રમાણે છે-અપક્રમણ કરતાં પહેલાં તે અપક્રમણ કરનાર જીવને જીવ અજીવ વગેરેના સ્વરૂપની બાબતમાં તેમજ હિંસા અહિંસા વગેરેના વિષયમાં જિનેન્દ્ર દેવોનાં કથનમાં શ્રદ્ધા હતી-જિનેન્દ્રદેવે કહ્યા પ્રમાણે જ છે એવું તે વખતે તે માનતો હતો. અથવા જિનેન્દ્રદેવે કહ્યા પ્રમાણે જ તે વખતે તે આચરણ કરતો હતો. પરંતુ જ્યારે મોહનીય કર્મનો ઉદય થાય છે ત્યારે જીવાદિક પદાર્થોનું જે સ્વરૂપ જિનેન્દ્રદેવે કહ્યું છે તે તેને રુચતું નથી. એટલે કે તેમાં તેને શ્રદ્ધા રહેતી નથી. અને જિનેન્દ્રદેવે કહ્યા પ્રમાણે તે જીવ આચરણ પણ કરતો નથી.

" एवं खलु एयं एवं " તેથી ઉપર કહ્યા પ્રમાણે તેનું અવશ્ય અપક્રમણ થાય છે. આ કથનનો ભાવાર્થ એ છે કે અપક્રમણ થતાં પહેલાં તે જીવને જિનોક્ત તત્ત્વોમાં શ્રદ્ધા હોય છે, તથા જિનેશ્વરની આજ્ઞાનુસાર સંયમ, તપ વગેરેની પ્રવૃત્તિ કરતો રહે છે, પણ જ્યારે જીવને ચારિત્રમોહનીય કર્મનો ઉદય થાય છે ત્યારે તે જીવ વિપરીત આચારણવાળા બની જાય છે. તે કારણે જ તેનું અપક્રમણ થાય છે. આ રીતે જ્યારે જીવના ચારિત્ર મોહનીય કર્મનું વેદન થતું હોય છે, ત્યારે પણ જીવનું અપક્રમણ થાય છે. ॥સૂ० ૨॥

## કર્મ કે વેદન કિયે બિના ઉસસે મોક્ષ (છુટકારા) નહીં હોને કા કથન

અહીં સુધી મોહનીય કર્મનો વિચાર કર્યો. મોહનીય કર્મ એક પ્રકારનું કર્મ છે. તેથી કર્મવિષયક સામાન્ય ધર્મને આધારે સૂત્રકાર હવે કર્મ સામાન્યનું "से नूणं भंते!" ઇત્યાદિ સૂત્રવડે નિરૂપણ કરે છે—"से नूणं भंते नेरइयस्स" ઇત્યાદિ ।

**મૂલાર્થ**—ગૌતમસ્વામી પૂછે છે "से नूणं भदन्त" હે ભદન્ત! "नेरइयस्स वा तिरिक्खजोणियस्स वा मणुसस्स वा देवस्स वा" નારક જીવને, તિર્યંચયોનિવાળા જીવને, મનુષ્યને અને દેવને "जे कडे पावे कम्मे" જે પાપકર્મ કરેલ છે. "तस्स अवेयइत्ता" તેનું વેદન કર્યા વિના 'नत्थि मोक्खो" મોક્ષ છુટકારો થતો નથી? તેના ઉત્તર આપતાં ભગવાન કહે છે કે "गोयमो" હે ગૌતમ! "नेरइयस्स वा" નારક જીવના તેમજ "तिरिक्खजोणियस्स वा मणुसस्स वा देवस्स वा" તિર્યંચ યોનિવાળા જીવના મનુષ્યના તથા દેવના "जे कडे पावे कम्मे" જે પાપકર્મ કરેલ છે. "तस्स अवेयइत्ता मोक्खो नत्थि" તેનું વેદન કર્યા વગર તે કર્મથી છુટકારો થતો નતી.

ગૌતમસ્વામી ફરી પૂછે છે કે "से केणट्ठेणं भंते! एवं वुच्चइ" હે ભદન્ત! આપ આ પ્રમાણે કયા કારણથી કહો છો કે "नेरइयस्स वा, तिरिक्ख-जोणियस्स वा मणुसस्स वा देवस्स वा" નારકજીવ, તિર્યંચ, મનુષ્ય અને દેવના "जे कडे पावे कम्मे" જે પાપકર્મ કરેલાં છે "तस्स अवेयइत्ता मोक्खो नत्थि" તેનો વેદન કર્યા વગર (ભોગવ્યા વગર) મોક્ષ થતો નથી. તેનો ઉત્તર આપતાં ભગવાન કહે છે કે—"एवं खलु मए गोयमा! दुविहे कम्मे पन्नत्ते" હે ગૌતમ! એ કર્મ બે પ્રકારના બતાવ્યા છે "तं जहा" તે આ પ્રમાણે છે—"पएसकम्मे य अणुभागकम्मे य" એક પ્રદેશકર્મ અને બીજું અનુભાગકર્મ "तत्थ णं जं तं पएसकम्मं तं नियमा वेएइ" તેમાં જે પ્રદેશકર્મ છે તેનું જીવ નિયમથી વેદન કરે છે. "तत्थ णं जं तं अणुभागकम्मं तं अत्थेगइयं वेएइ अत्थेगइयं णो वेएइ" તેમાં જે અનુભાગકર્મ છે તેમાંથી જીવ કેટલાકનું વેદન કરે છે, અને કેટલાકનું વેદન કરતો નથી. "णायमेयं अरहया सुयमेयं अरहया विन्नायमेयं अरहया" વક્ષ્યમાણ કર્મ વેદનના બે પ્રકાર અર્હંત પ્રભુએ જાણ્યા છે. તેઓએ તેનું સ્મરણ જેવું કર્યું છે. તેઓએ તેને વિશેષ રૂપથી જાણ્યા છે. "इम्मं कम्म अयं जीवे अब्भुवगमियाए वेयणाए वेयइस्सइ" આ જીવ આ કર્મને આભ્યુપગમિક વેદના વડે વેદન કરશે. "इमं कम्मं अयं जीवे उवक्कमियाए वेयणाए वेयइस्सइ" તે આ કર્મને આ જીવ ઔપક્રમિક વેદના દ્વારા વેદન કરશે "अहाकम्मं अहानिगरणं जहा जहा तं भगवया दिट्ठं तहा तहा विप्परिणमिस्सइत्ति" યથાકર્મ-બંધાયેલ કર્મ પ્રમાણે અને નિકરણો પ્રમાણે જેવું જેવું કર્મ ભગવાને દેખ્યું છે તેવી તેવી

રીતે છે કર્મમાં પરિણમશે. "से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ नेरइयस्स वा तिरिक्खजोणियस्स वा मणुसस्स वा देवस्स वा जे कडे पावे कम्मे नत्थि तस्स अवेयइत्ता मोक्खो" એ કારણે હે ગૌતમ! હું એ પ્રમાણે કહું છું કે–નૈરયિક, તિર્યગ્યોનિક, મનુષ્ય અથવા દેવ તેમણે જે કર્મ કરેલ છે તેનું વદન (ભોગ) કર્યા વગર તેઓનો મોક્ષ થતો નથી. ॥ સૂ૦ ૩ ॥

ટીકાર્થ—(जे कडे पावे कम्मे) જે પાપકર્મ કરાયાં હોય છે (तस्स अवेयइत्ता) તેમનું વેદન કર્યા વિના (भंते!) હે ભગવન્! (नेरइयस्स वा, तिरिक्खजोणियस्स वा, मणुसस्स वा, देवस्स वा) નારકીના જીવોને તિર્યંચયોનિના જીવોને મનુષ્યોને અને દેવોને (नत्थि मोक्खो) શું મોક્ષ થતો નથી? "जे कडे" "જે કર્મો કર્યાં છે" એટલે કે જીવો વડે પોતાના આત્મપ્રદેશો સાથે કર્મોનો બંધ થયો હોય એવાં "पावे कम्मे" પાપકર્મો–મોક્ષમાં વિઘ્ન કરનારાં જ્ઞાનાવરણીય આદિ કર્મોને પાપકર્મ કહેવામાં આવે છે, "पापकर्म" પદનો અર્થ કેટલાક લોકો "અશુભકર્મ" એવો કરે છે પણ તે અર્થ બરાબર નથી કારણ કે જે રીતે અશુભકર્મ મોક્ષ માટે પ્રતિકૂળ છે, એ રીતે શુભકર્મ પણ મોક્ષને માટે પ્રતિકૂળ જ છે. કારણ કે અશેષ કર્મોના ક્ષયને જ મોક્ષ માનવામાં આવેલ છે. જો પાપ શબ્દનો અર્થ માત્ર અશુભ જ માનવામાં આવે તો પુણ્યરૂપ શુભના સદ્ભાવમાં પણ જીવને મોક્ષની પ્રાપ્તિ થવી જોઇએ. પણ એવું બનતું નથી જ્યાં સુધી જીવને પુણ્યનો સદ્ભાવ હોય છે ત્યાં સુધી તેને સમસ્ત કર્મોના ક્ષયરૂપ મોક્ષની પ્રાપ્તિ સંભવિત નથી. શુભ અને અશુભ કર્મમાં આટલોજ ભેદ છે–અશુભકર્મો નરક તિર્યંચ આદિ ગતિમાં જીવને લઈ જાય છે. જ્યારે શુભકર્મો જીવને દેવાદિ ગતિમાં લઇ જાય છે. આ રીતે તે બંનેમાં બન્ધકત્વ તો સમાન જ છે. એક લોઢાની બેડી રૂપ છે અને બીજું સોનાની બેડી રૂપ છે. કહ્યું પણ છે–"शृंखला स्वर्णजाताऽपि बन्धनाय न संशयः" તેથી મોક્ષમાં વિઘ્ન કરનારાં જ્ઞાનાવરણીય આદિ જે કર્મો છે તેમને જ પાપકર્મો જ કહી શકાય. "પરંતુ" પાપકર્મો એટલે "અશુભકર્મો" એવો અર્થ ઘટાવી શકાય નહીં. એવા પાપ કર્મનો "अवेयइत्ता" અનુભવ કર્યા વિના–ભોગવ્યા વિના શું તે કર્મથી જીવનો મોક્ષ થતો નથી? એટલે કે કર્મનું ફળ ભોગવ્યા વિના શું તે કર્મમાંથી છુટકારો થવારૂપ મોક્ષ જીવને મળતો નથી શું? ગૌતમના તે પ્રશ્નના જવાબમાં મહાવીર પ્રભુ ફરમાવે છે કે (हंता गोयमा!) હા ગૌતમ! (नेरइयस्स वा तिरिक्ख० मणु० देवस्स वा) નારકજીવો, તથા તિર્યંચયોનિના જીવો તથા મનુષ્યો તથા દેવોએ (जे कडे पावे कम्मे) જે પાપ કર્મ કરેલાં હોય છે તેનું વેદન કર્યા વિના (नत्थि तस्स मोक्खो) તે કર્મોમાંથી તેમનો છુટકારો થતો નથી. તાત્પર્ય એ છે કે–નારક જીવો તથા તિર્યંચ, મનુષ્ય અને દેવો વડે જે પાપ-કર્મો પોતાના આત્મપ્રદેશો સાથે બંધાયા હોય છે તે કર્મોનું વેદન કર્યા વિના

(ફળ ભોગવ્યા વિના) મોક્ષ થતો નથી, કર્મનું વેદન કર્યા વિના મોક્ષ ન મળવાનું શું કારણ છે? તે જાણવાને માટે ગૌતમ સ્વામી ફરી પૂછે છે કે "**से केणेट्ठेणं भंते ! एवं वुच्चइ नेरइयस्स वा० मोक्खो**" હે પૂજ્ય! આપ શા કારણે એવું કહો છો કે કૃત પાપકર્મનું વેદન કર્યા વિના નારક જીવોને, તિર્યંચયોનિના જીવોનો મનુષ્યોનો તથા દેવોનો તેમાંથી છુટકારો થતો નથી? એટલે કે તેમનો તે કર્મથી મોક્ષ થતો નથી. તેનો જવાબ આપતાં ભગવાન મહાવીરસ્વામી ફરમાવે છે કે (**एवं खलु मए गोयमा ! दुविहे कम्मे पन्नत्ते**) હે ગૌતમ! મેં બે પ્રકારનાં કર્મ કહ્યાં છે. અહીં "મેં" શબ્દનો પ્રયોગ કરીને મહાવીર સ્વામીએ સર્વજ્ઞ હોવાને કારણે વસ્તુના પ્રતિપાદનમાં પોતાનું સ્વાતંત્ર્ય પ્રકટ કર્યું છે. એ વાત યોગ્ય જ છે કારણ કે જેઓ સર્વજ્ઞ હોતા નથી તેમને વસ્તુનું પ્રતિપાદન કરવામાં સ્વાતંત્ર્ય હોતું નથી. સર્વજ્ઞનેજ વસ્તુના પ્રતિપાદનની સ્વતંત્રતા હોય છે કારણ કે કેવળજ્ઞાનને લીધે તેઓ સમસ્ત પદાર્થોનું યથાર્થ સ્વરૂપ જાણતા હોય છે. માટે જ કહ્યું છે કે "મેં બે પ્રકારનાં કર્મો કહ્યાં છે" તે કર્મો કયાં કયાં છે તે બતાવવાને માટે પ્રભુ કહે છે (तंजहा) તે કર્મો આ પ્રમાણે છે (**पएसकम्मे य अणुभागकम्मे य**) (૧) પ્રદેશકર્મ અને (૨) અનુભાગકર્મ (**तत्थ णं जं तं पएसकम्मं तं नियमा वेएइ**) તેમાનાં જે પ્રદેશકર્મો છે તેનું જીવ અવશ્ય વેદન કરે છે. જેવી રીતે ક્ષીર (દૂધ) અને નીર (પાણી) એક બીજાની અંદર ભળેલાં હોય છે તે પ્રમાણે જીવના આત્મપ્રદેશો સાથે જ કર્મ ઓતપ્રોત થઈ ગયેલાં હોય છે તે કર્મને પ્રદેશકર્મ કહે છે. તે પ્રદેશકર્મનું તો નિયમથી જ (અવશ્ય) વેદન કરાય છે. જો કે પ્રદેશકર્મનો વિપાક (વેદન) અનુભવમાં આવતો નથી, તો પણ કર્મપ્રદેશોનો નાશ તો અવશ્ય થાય છે જ.

એટલે કે જીવ પોતાના આત્મપ્રદેશોથી કર્મપ્રદેશોને અવશ્ય જુદા કરે છે. (**तत्थ णं जं त अणुभागकम्म तं अत्थेगइय वेएइ अत्थेगइयं णो वेएइ**) તથા જે અનુભાગ કર્મ છે તેમાંથી કેટલાંકનું વેદન જીવ કરે છે અને કેટલાંકનું વેદન જીવ કરતો નથી. જે કર્મપ્રદેશો જીવપ્રદેશોની સાથે ક્ષીરનીરની માફક ઓતપ્રોત થયેલાં છે. એ કર્મપ્રદેશોનો સંવેદ્યમાનતા-ભોગવાપણાનો વિષયભૂત (અનુભવરૂપ) જે રસ છે તેનું નામ અનુભાગ છે. તે અનુભાગરૂપ જે કર્મો છે. તેનું નામ અનુભાગ કર્મ છે. તાત્પર્ય એ છે કે જીવ કોઈ અનુભાગકર્મ વિશેષનું વેદન કરે છે અને કોઇ અનુભાગકર્મ વિશેષનું વેદન નથી પણ કરતો જેમ કે મિથ્યાત્વના ક્ષયોપશમ વખતે જીવ મિથ્યાત્વનું અનુભાગકર્મરૂપે વેદન કરતો નથી પણ પ્રદેશકર્મરૂપે તો તેનું વેદન અવશ્ય કરે જ છે. અહીં વેદન યોગ્ય બંને કર્મોનાં બે પ્રકાર છે. એ વાતને કેવલજ્ઞાનીઓ જ જાણી શકે છે. એ બતાવવાને માટે સૂત્રકાર કહે છે કે (**जायमेयं अरहया, सुयमेयं अरहया, विन्नायमेयं अरहया**) ઉપરોક્ત કર્મવેદનના

એ બે પ્રકાર અરિહંત પ્રભુએ જાણ્યા છે. વિશેષ જાણ્યા છે અને તેમણે તેમનું સ્મરણ જેવું કર્યું છે.

શંકા—અરિહંતોને સ્મરણ જ્ઞાન હોતું નથી, કારણ કે તે મતિજ્ઞાનનો ભેદ છે. મતિજ્ઞાન ઇન્દ્રિયોની સહાયતા વિના થતું નથી. તો અહીં "સુયમેયં" પદ શા માટે મૂક્યું છે?

ઉત્તર—શંકાકારની શંકા ઠીક છે પણ "સ્મરણ જેવું કર્યું છે." એમ કહ્યું છે, "સ્મરણ કર્યું છે." એવું કહ્યું નથી. અથવા તેમણે તેનું સ્મરણ કર્યું છે, એમ કહેવાનું તાત્પર્ય એવું પણ છે કે તેમણે તેનું પ્રતિપાદન કર્યું છે.

અરિહંત પ્રભુએ તે કર્મોને દેશ, કાળ આદિના વિભાગરૂપ વિવિધ પ્રકારે જાણ્યા છે. એજ વાત સૂત્રકાર નીચેના સૂત્ર દ્વારા બતાવે છે. (**इमं कम्मं अयं जीवे अब्भुवगमियाए वेयणाए वेयइस्सइ**) જીવ આ કર્મનું આભ્યુપગમિક વેદના વડે વેદન કરશે, પ્રવ્રજ્યાગ્રહણથી લઇને બ્રહ્મચર્ય, ભૂમિશયન, દોરાસહિત મુહપત્તીબંધન, કેશલુંચન વગેરેનો સ્વીકાર કરવો તેનું નામ અભ્યુપગમ છે. તેનાથી થનારી જે વેદના છે તેનું નામ આભ્યુપગમિકી વેદના છે. "वेदयिष्यति" (વેદશે) એવો જે ભવિષ્યત્કાળનો પ્રયોગ કર્યો છે તે એ વાત સમજાવવાને માટે કર્યો છે કે ભવિષ્યત્કાલિક પદાર્થોનું જ્ઞાન તો ફક્ત વિશિષ્ટ જ્ઞાનવાળા કેવળી ભગવંતોમાં જ સંભવી શકે છે, બીજાઓમાં સંભવી શકતું નથી, વર્તમાન અને ભૂતકાળના પદાર્થોનું જ્ઞાન તો અનુભવ વડે બીજા જીવોમાં પણ સંભવી શકે છે.

આ રીતે "આ કર્મ છે અને આ જીવ છે" એ બન્નેનું પ્રત્યક્ષ જ્ઞાન કેવલી ભગવાનને હોય છે, એ વાત બતાવવામાં આવી છે. (**इमं कम्मं अयं जीवे उवक्कमियाए वेयणाए वेयइस्सइ**) આ કર્મનું આ જીવ ઔપક્રમિક વેદના વડે વેદન કરશે, કર્મ વેદનના ઉપાયનું નામ ઉપક્રમ છે. તે ઉપક્રમથી જે વેદના થાય છે તેને ઔપક્રમિક વેદના કહે છે. સ્વયં ઉદયમાં આવેલ અથવા ઉદીરણા કરણ વડે ઉદયમાં લાવવામાં આવેલ કર્મનો અનુભવ કરવો તેનું નામ ઔપક્રમિકી વેદના છે. (**अहाकम्मं, अहा निगरणं जहा जहा तं भगवया दिट्ठं तहा तहा तं विप्परिणमिस्सइ त्ति**) યથાકર્મ બાંધેલા કર્મ અનુસાર અને નિકરણો અનુસાર, જેવું જેવું જે કર્મ ભગવાને દેખ્યું છે, તે તે પ્રકારે તે કર્મ પરિણમશે. અહીં "**इति**" પદ વાકયની પરિસમાપ્તિ બતાવે છે યથાકર્મ એટલે જે પ્રકારે કર્મ બાંધ્યું છે, એજ પ્રકારે, અને **यथानिकरण** એટલે વિપરિણતિના હેતુભૂત નિયત દેશ કાળ વગેરે કરણોની મર્યાદાનું ઉલ્લંઘન નહીં કરવું તે. જે જે પ્રકારે જે કર્મ ભગવાને જોયું છે તે તે પ્રકારે તે કર્મ પરિણામને પ્રાપ્ત કરશે. હવે પ્રકરણના અર્થનો ઉપસંહાર કરતાં સૂત્રકાર કહે છે કે (**से तेण ट्ठेणं गोयमा ! एवं वुच्चइ नेरइयस्स वा० मोक्खो**) હે ગૌતમ ! તે કારણે હું એવું કહું

છું કે નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવનું જે કૃતકર્મ છે તેનું વેદન કર્યા વિના તેઓને મોક્ષ મળતા નથી. ॥ સૂ. ૩ ॥

## પુદલ વિચાર કા નિરુપણ

પહેલાં કર્મનો વિચાર કરવામાં આવ્યો તે કર્મ પુદ્ગલ સ્વરૂપ હોય છે. તે કારણે પુદ્ગલત્વ વ્યાપક ધર્મને નજર સામે રાખીને પુદ્ગલત્વરૂપે પરમાણુ વગેરે પુદ્ગલોનો વિચાર કરતાં સૂત્રકાર " एसणं भंते " ઇત્યાદિ સૂત્રોનું કથન કરે છે. અથવા પરિણામનું વક્તવ્ય ચાલૂ છે એ ખ્યાલથી તેઓ "एसणं भंते" ઇત્યાદિ સૂત્ર દ્વારા પરમાણુ વગેરે પુદ્ગલના પરિણામનું કથન કરે છે-"**एसणं भंते ! पोग्गले**" ઇત્યાદિ.

મૂલાર્થ—ગૌતમસ્વામી પૂછે છે કે **एस णं भंते ! पोग्गले तीत मणंतं सासयं समयं भुवीति वत्तव्वं सिया** હે ભગવાન્ આ પુદ્ગલ અનંત શાશ્વત બીતેલ કાળમાં હતા ? પ્રભુ એ પ્રશ્નનો જવાબ આપતાં કહે છે કે **हंता गोयमा ! एस णं पोग्गले तीयम् णंतं सासयं समयं भुवीति वत्तव्वं सिया** હાં ગૌતમ ! આ પરમાણુરૂપ પુદ્ગલ અનંત શાશ્વતકાળમાં ભૂતકાલમાં હતા એવું કહી શકાય છે? ફરી ગૌતમસ્વામી પૂછે છે કે **एस णं भंते पोग्गले पडुप्पन्नं सासयं समय भवतीति वत्तव्वं सिया** ? હે ભદંત આ પુદ્ગલ વર્તમાન શાશ્વતકાળમાં છે. એવું કહી શકાય છે ? અર્થાત્ જેવી રીતે ભૂતકાળમાં સદ્ભાવ હોવાના લીધે શાશ્વત છે. તેવી જ રીતે વર્તમાનકાળમાં પણ શાશ્વત છે શું ? એનો ઉત્તર આપતાં ભગવાન્ કહે છે **हंता गोयमा ! तं चेव उच्चारेयव्वं** હા ગૌતમ પુદ્ગલ વર્તમાન શાશ્વતકાળમાં છે એવું કહી શકાય છે. ફરી ગૌતમસ્વામી પૂછે છે કે **एस णं भंते! पोग्गले अणागयं अणंतं सासयं समयं भविस्सतीति वत्तव्वं सिया** હે ભદંત આ પુદ્ગલ અનંત અને શાશ્વત ભવિષ્યકાળમાં રહેશે, એવું કહી શકાય છે શું ? ભગવાન કહે છે કે **हंता गोयमा तं चेव उच्चारेयव्वं** હાં ગૌતમ એવું કહી શકાય છે કે આ પુદ્ગલ અનંત અને શાશ્વત એવા ભવિષ્યકાળમાં પણ રહેશે. અને एवं (खंधेग वि तिण्णि आलावगा) એવી જ રીતે સ્કંધની સાથે પણ ભૂત ભવિષ્ય અને વર્તમાનકાળ સબંધી ત્રણ આલાપક કહેવા જોઇએ. એવી જ રીતે સૂક્ષ્મ અને સ્થૂલ સંબંધી ત્રણ ત્રણ આલાપકોને બતાવીને હવે સૂત્રકાર જીવની સાથે ત્રણ આલાપકોનું કથન કરવા માટે કહે છે કે-" **एवं जीवेण वि तिण्णि आलावगा भाणियव्वा** " જેવી રીતે પરમાણુરૂપ સૂક્ષ્મપુદ્ગલની સાથે ત્રણ આલાપક કીધા તેવી જ રીતે જીવની સાથે પણ ત્રણ આલાપક કરવા જોઇએ.

ટીકાર્થ-(एसणं भंते ! पोग्गले तीतमणंत सासयं समयं भुवीति वत्तव्वं सिया) હે ભગવાન ! આ પુદ્ગલ અનંત શાશ્વત અતીતકાળમાં હતું ? રૂપ, રસ, ગંધ અને સ્પર્શથી યુક્ત જે હોય છે. તેનું નામ પુદ્ગલ છે. અહિં સૂત્રમાં પુદ્ગલત્વરૂપ સામાન્ય ધર્મનું કથન કરનારો પુદ્ગલ શબ્દ વપરાયો છે. પણ અહીં

પુદ્ગલ શબ્દ વડે રૂપ, રસ, ગંધ અને સ્પર્શવાળા પરમાણુ રૂપ પુદ્ગલ વિશેષ જ ગ્રહણ કરવામાં આવેલ છે, સ્કન્ધાદિરૂપ પુદ્ગલ ગ્રહણ કરાયા નથી. કારણ કે તેનો વિચાર આ પ્રકરણમાં જ હવે પછીનાં સૂત્રમાં કરવામાં આવ્યો છે. "तीयं" એટલે અતીત–ભૂતકાળ "तीयं"માં જે બીજી વિભક્તિનો પ્રયોગ થયો છે તે "कालाध्वनोरत्यन्तसंयोगे" આ નિયમથીકરાયો છે તેથી "સમસ્ત અતીતકાળમાં" એ પ્રમાણે અર્થ સમજવો. વર્તમાનકાળમાં અને ભવિષ્યકાળમાં પણ એજ પ્રમાણે સમજવું "अणंतं" આ પદમાં પણ સાતમી વિભક્તિનોજ અર્થ સમજવો. "अनन्तं" એટલે જેનો ધ્વંશાત્મક વિનાશ થતો નથી અથવા અનાદિ હોવાને કારણે જે માપથી રહિત છે તેને અનંત કહે છે. "सासयं" એટલે સદા કાળ રહેનારું એ બધાં ભૂતકાળનાં વિશેષણો છે ભૂતકાળ કેવો? તો કહ્યું છે કે અનંત અને શાશ્વત ભૂતકાળ હજી સુધી કદી પણ એવું બન્યું નથી કે લોક કદી પણ ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળથી રહિત હોય, અથવા પુદ્ગલોથી રહિત હોય, તેથી એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે હે ભગવન્! એવા સમયમાં સદ્ભૂતાર્થ હોવાને કારણે પરમાણુરૂપ પુદ્ગલથી શું આ લોક શૂન્ય રહ્યો છે? એટલે કે શું ભૂતકાળમાં પરમાણુનું અસ્તિત્વ હતું? તે પ્રશ્નનો જવાબ પ્રભુ આ પ્રમાણે આપે છે (हंता गोयमा! एस णं पोग्गले अतीतं अणंतं सासयं समयं भुवीति वत्तव्वं सिया) હા ગૌતમ! આ પરમાણુરૂપ પુદ્ગલ અનંત અને શાશ્વત એવા ભૂતકાળમાં હતું, એવું કહી શકાય છે પણ એવું કહી શકાય નહીં કે પરમાણુરૂપ પુદ્ગલ ભૂતકાળમાં કદી પણ ન હતું. કારણ કે પરમાણુરૂપ પુદ્ગલ સ્વયં સદ્ભૂત અર્થરૂપ છે, અસદ્ભૂત અર્થરૂપ નથી. ભૂતકાળમાં શાશ્વત વગેરે ધર્મોનું પ્રતિપાદન કરીને હવે સૂત્રકાર વર્તમાનમાં પણ શાશ્વત વગેરે ધર્મોનું પ્રતિપાદન કરવાના આશયથી કહે છે કે (एस णं भंते! पोग्गले पडुप्पण्णं सासयं समयं भवतीति वत्तव्वं सिया?) હે ભગવન્! તે પુદ્ગલ વર્તમાન શાશ્વતકાલમાં પણ અસ્તિત્વ ધરાવે છે એવું કહી શકાય ખરું? જેવી રીતે ભૂતકાળમાં સદ્ભાવ હોવાને કારણે શાશ્વતત્વ છે એજ પ્રમાણે વર્તમાનકાળમાં પણ શાશ્વતત્વ છે? (हंता गोयमा तं चेव उच्चारेयव्वं) હા ગૌતમ! એમ જરૂર કહી શકાય કે તે પુદ્ગલ વર્તમાન શાશ્વત કાળમાં અસ્તિત્વ ધરાવે છે (एस णं भंते! पोग्गले अणागयं अणंतं सासयं समयं भविस्सतीति वत्तव्वं सिया?) હે ભગવન્! આ પુદ્ગલ અનંત અને શાશ્વત એવા ભવિષ્યકાળમાં રહેશે એમ પણ કહી શકાય ખરું? ઉત્તર (हंता गोयमा! तं चेव उच्चारेयव्वं) હા ગૌતમ! એમ જરૂર કહી શકાય કે આ પુદ્ગલ અનંત અને શાશ્વત એવા ભવિષ્યકાળમાં પણ રહેશે. સદાસદ્ભાવ હોવાથી ભવિષ્યકાળમાં પણ શાશ્વતપણું છે આ રીતે પરમાણુરૂપ પુદ્ગલમાં ત્રિકાળસ્થાયિપણું બતાવીને હવે સૂત્રકાર સ્કન્ધમાં પણ

ત્રિકાળસ્થાયિપણું દર્શાવવાના આશયથી કહે છે કે (एवं खंधेणं वि तिण्णि आलावगा) એજ પ્રમાણે સ્કન્ધની સાથે પણ ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળ સંબંધી ત્રણ આલાપક કહેવા જોઈએ, એટલે કે પુદ્ગલસ્કન્ધ ભૂતકાળમાં હતું, વર્તમાન કાળમાં છે અને ભવિષ્યકાળમાં રહેશે. આ વિષયમાં પુદ્ગલપરમાણુ સૂત્રમાં કહેલાં પ્રશ્નો અને ઉત્તરોનું કથન જાણવું જોઈએ. ત્યાં આ પ્રમાણે સૂત્રપાઠ થવો જોઈએ— "एस णं भंते ! पोग्गलखंधे अतीतं अणंतं सासयं समयं भुवीति वत्तव्वं सिया" આ પ્રમાણે પ્રશ્નસૂત્ર હોવું જોઈએ. અને તેનો આ પ્રમાણે ઉત્તર આપવો જોઈએ. "हंता गोयमा ! एसणं पोग्गलखंधे अतीतं अणंतं सासयं समयं भुवीति वत्तव्वं सिया" એજ પ્રમાણે વર્તમાનકાળ સંબંધી અને ભૂતકાળ સંબંધી પ્રશ્નસૂત્ર અને ઉત્તરસૂત્ર સમજી લેવા. આ રીતે સૂક્ષ્મ પરમાણુ પુદ્ગલ અને સ્થૂળ (સ્કંધ) પુદ્ગલ સંબંધી ત્રણ આલાપકોનું કથન કરીને હવે સૂત્રકાર જીવની સાથે ત્રણ આલાપકોનું કથન કરવાના આશયથી કહે છે–(एवं जीवेणं वि तिण्णि आलावगा भाणियव्वा) જેવી રીતે પરમાણુરૂપ સૂક્ષ્મ પુદ્ગલોની સાથે અને સ્કંધરૂપ સ્થૂળ પુદ્ગલોની સાથે ત્રણે કાળવિષયક ત્રણ ત્રણ આલાપકો બતાવ્યા છે એજ પ્રમાણે જીવની સાથે પણ ત્રણ આલાપક કહેવા જોઈએ. ત્યાં ભૂતકાળ સંબંધી પ્રશ્નસૂત્ર આ પ્રમાણે હોવું જોઈએ. "एस णं भंते ! जीवे अतीतं अणंत सासयं समयं भुवीति वत्तव्वं सिया ?" અને ઉત્તર સૂત્ર આ પ્રમાણે હોવું જોઈએ. "हंता गोयमा ! एसणं जीवे अतीतं अणंतं सासयं समयं भुवीति वत्तव्वं सिया" એજ પ્રમાણે વર્તમાન અને ભૂતકાળ સંબંધી પ્રશ્નસૂત્રો અને ઉત્તરસૂત્રો પણ સમજવા. ॥ સૂ. ૪ ॥

## દ્મસ્થાદિકો કા સિદ્ધિ પ્રકરણ

### છદ્મસ્થાદિ સિદ્ધિપ્રકરણ—

પહેલાં સામાન્યરૂપે જીવના સ્વરૂપનું કથન કરવામાં આવ્યું હતું, હવે વિશેષરૂપે જીવના સ્વરૂપનું પ્રતિપાદન કરવાના આશયથી સૂત્રકાર "छउमत्थेणं

भंते !" ઇત્યાદિ સૂત્ર કહે છે "छउमत्थेणं भंते" ઇત્યાદિ.

મૂલાર્થ—ગૌતમસ્વામી ભગવાનને પૂછે છે કે "छउमत्थेणं भंते ! अणंतं सासयं समयं केवलेणं संजमेणं केवलेणं संवरेणं केवलेणं बंभचेर वासेणं केवलाहिं पवयण माईहिं सिज्झिसु बुज्झिसु जाव सव्वदुक्खाणं अंत करिंसु" હે ભદન્ત ! વીતેલા અનંત શાશ્વત સમયમાં છદ્મસ્થ મનુષ્ય કેવલ સંયમથી, કેવલ સંવરથી, કેવલ બ્રહ્મચર્યવાસથી અને કેવલ પ્રવચનમતાથી સિદ્ધ થયા છે? યાવત્ સર્વ દુઃખોના અંત કરનાર થયા છે શું ? ભગવન્ તેનો ઉત્તર આપતાં કહે છે કે– "गोयमा ! णो इणट्ठे समट्ठे" હે ગૌતમ ! એ અર્થ બરોબર નથી. અર્થાત્ સંયમાદિકથી કોઇ પણ સિદ્ધ થયેલ નથી. તેનું શું કારણ છે? એ વાતને પૂછતાં ગૌતમસ્વામી ફરીથી ભગવાનને પૂછે છે કે "से केणट्ठेणं भंते ! एवं वुचइ तं चेव जाव अंतकरिंसु" હે ભગવાન્ ! આપ એવું શા કારણથી કહો છો કે કેવળ સંયમાદિથી કોઇ પણ છદ્મસ્થ સિદ્ધ થયા નથી યાવત્ તે સર્વ દુઃખોના અંત કરનાર થયા નથી? ભગવાન્ તેનો ઉત્તર આપતાં કહે છે કે– "गोयमा !" હે ગૌતમ ! "जे केइ अंतकरा अंतिमसरीरिया वा जाव सव्वदुःखाणं अंतं करेंसु वा, करिंति वा करिस्संति वा, सव्वे ते उप्पण्णणाणदंसणधरा अरहा जिणा केवली भवित्ता तओ पच्छा सिज्झंति, बुज्झंति मुच्चंति परिनिव्वायंति सव्वदुक्खाणं अंतं करेंसु वा, करेंति वा करिस्संति वा" જે કોઈ અંતકર થયા છે, અન્તિમ શરીરવાળા થયા છે, યાવત્ જેમણે સર્વદુઃખોનો અંત કરેલ છે, વર્તમાનમાં જે કરી રહ્યા છે, અને આગળ પણ કરશે તે બધા જ ઉત્પન્ન જ્ઞાનદર્શનધારી અર્હંત જીન એવં કેવલી થયા પછી જ સિદ્ધ થયા છે, બુદ્ધ થયા છે, મુક્ત થયા છે, પરિનિર્વૃત થયા છે, તેમણે જ સમસ્ત દુઃખોનો અંત કરેલ છે, તેઓ કરે છે, અને આગળ પણ તેઓ જ કરશે. "से तेणट्ठेणं गोयमा ! जाव सव्वदुक्खाणं अंतं करेंसु" તે કારણે હે ગૌમમ ! મેં એવું કહ્યું છે કે કેવળ સંયમાદિથી કોઈ પણ છદ્મસ્થ જીવની સિદ્ધિ થયેલ નથી. થતી નથી, અને ભવિષ્યકાળમાં પણ થશે નહીં. "पडुप्पन्ने वि एवं चेव" પ્રત્યુત્પન્ન વર્તમાનકાળમાં પણ એવું જ જાણી લેવું એવું કહેલ છે. "नवरं" વિશેષતા એ છે કે "सिज्झंति भाणियव्वं" અહિંયાં "सिध्यंति" એ રીતે વર્તમાન

કાલિક ક્રિયાનો પ્રયોગ કરી આલાપક બોલવો જોઈએ. " अणागयं वि एवं चेव " અનાગતકાલમાં પણ આવી જ રીતે પૂર્વોક્ત પ્રકારથી જાણી લેવું. " नवरं " વિશેષતા આ રીતે છે " सिज्झिस्संति भाणियव्वं " અહિં આલાપક બોલતી વખતે ભવિષ્યકાલિક " सेत्स्यंति " એ ક્રિયાપદનો પ્રયોગ કરીને તે આલાપક બોલવો જોઈએ.

હવે સૂત્રકાર અવધિજ્ઞાનના વિષયમાં કહે છે કે " जहा छउमत्थो तहा आहोहिओ वि " જેવી રીતે છદ્મસ્થનું કથન કરેલ છે. તેવીજ રીતે આધોવધિકનું પણ, તથા " तहा परमाहोहिओ वि " પરમાધોવધિકનું પણ કથન જાણી લેવું " तिण्णि तिण्णि अलावगा भाणियव्वा " તેમજ તેના ત્રણ ત્રણ આલાપક કહેવા જોઇએ. હવે સૂત્રકાર કેવલીવિષયક કથન કરે છે. " केवली णं भंते ! मणूसे अतीतं अणंतं सासयं समयं जाव अंतं करेंसु ? " હે ભગવન્ ! વીતેલા અનંત શાશ્વત કાળમાં કેવલી મનુષ્યે અર્થાત્ ભગવાને યાવત્ સમસ્ત દુઃખોનો અંત કર્યો ? પ્રભુએ આ પ્રશ્નનો આવી રીતે ઉત્તર આપ્યો–" हंता गोयमा ! सिज्झिसु जाव अंतं करिंसु " હા ગૌતમ ! જેઓ કેવલી મનુષ્યો થયા છે તેઓ અતીતકાળમાં સિદ્ધિને પામ્યા છે. " एते तिन्नि आलावगा भाणियव्वा छउमत्थस्स जहा " જેવી રીતે છદ્મસ્થના પ્રકરણમાં ભૂત વર્તમાન અને ભવિષ્યકાલ વિષયક ત્રણ પ્રકારના આલાપકો કહેવાય છે તેવી રીતે અહિંયા પણ ત્રણ પ્રકારના આલાપકને કહેવા જોઇએ "सिज्झिंसु, सिज्झंति, सिज्झिस्संति" ભૂતકાળમાં તેઓ સિદ્ધ થયા હતા,વર્તમાનકાળમાં તેઓ સિદ્ધ હોય છે. તથા ભવિષ્યકાળમાં તેઓ સિદ્ધ થશે. "से नूणं भंते ! अतीतं अणंतं सासयं समयं पडुप्पन्न वा सासयं समयं, अणागयं अणंतं वा सासयं समयं जे केइ अंतकरा वा अंतिमसरीरिया वा सिज्झिंसु वा, जाव सव्वदुःखाणं अंतं करेंसु वा करेंति वा, करिस्संति वा" હે ભગવન્ત ! વીતેલા અનંત શાશ્વત કાળમાં, શાશ્વતપ્રત્યુત્પન્નકાળમાં અને અનંત શાશ્વત ભવિષ્યકાળમાં જે કોઇ અંતકર અંતિમશરીરધારી–ચરમશરીરી સિદ્ધ ગતિને પ્રાપ્ત થયા છે. યાવત્ સમસ્ત દુઃખોનો અંત કરવાવાળા થયા છે. વર્તમાનમાં સિદ્ધ ગતિને પ્રાપ્ત કરી રહ્યા છે. અને આગળ પણ જે કરશે તે તમામ ઉત્પન્ન થયેલ કેવળ જ્ઞાન અને કેવળ દર્શનના ધારણ કરનાર અર્હંત, જીન, કેવલી થઇને પછી સિદ્ધ થયા છે, યાવત્ સમસ્ત દુઃખોનો અંત કરશે? તેનો ઉત્તર આપતાં ભગવાન્ ગૌતમસ્વામીને કહે છે કે–" हंता गोयमा ! अतीतं अणंतं सासयं समयं जाव अंतं करिस्संति वा " હા, ગૌતમ ! અતીત અનંત શાશ્વત કાળમાં યાવત્ અંત કરશે. " से नूणं भंते ! उप्पण्णणाणदंसणधरे अरहा जिणे केवली " अलमत्थु "त्ति वत्तव्वं सिया ?" હવે પૂર્ણ જ્ઞાનના વિષયમાં પ્રશ્ન કરતાં ગૌતમસ્વામી પૂછે છે કે હે ભગવન્ ! શું એવું કહી શકાય છે કે જ્યારે ઉત્પન્ન કેવલજ્ઞાન અને ઉત્પન્ન કેવલદર્શનવાળા અર્હંત જીન કેવલી થઇ જાય છે ત્યારે તેને બીજું કોઇ જ્ઞાન પ્રાપ્ત કરવા લાયક ન હોય ત્યારે તેને શું પૂર્ણ જ્ઞાનીકહી શકાય ? તેના ઉત્તરમાં પ્રભુ કહે છે કે " हंता गोयमा ! उप्पण्णणाणदंसणधरे अरहा जिणे केवली "अलमत्थु"त्ति वत्तव्वं सिया" હા, ગૌતમ ! ઉત્પન્ન કેવળ જ્ઞાન અને કેવળ દર્શનધારી અર્હંત જીન " अलमस्तु " પૂર્ણ જ્ઞાનવાળા છે, એવુ કહી શકાય છે. " सेवं भंते ! सेवं भंते ! " હે ભદન્ત ! આપ દેવાનુપ્રિયે જે કહ્યું છે તે એવું જ છે, એવું જ છે.

પછી સિદ્ધ થયા છે, યાવત્ સમસ્ત દુઃખોનો અંત કરશે? તેનો ઉત્તર આપતાં ભગવાન્ ગૌતમસ્વામીને કહે છે કે—"**हंता गोयमा! अतीतं अणंतं सासयं समयं जाव अंतं करिस्संति वा**" હા, ગૌતમ! અતીત અનંત શાશ્વત કાળમાં યાવત્ અંત કરશે. "**से नूणं भंते! उप्पण्णणाणदंसणधरे अरहा जिणे केवली "अलमत्थु" त्ति वत्तव्वं सिया?**" હવે પૂર્ણ જ્ઞાનના વિષયમાં પ્રશ્ન કરતાં ગૌતમસ્વામી પૂછે છે કે હે ભગવન્! શું એવું કહી શકાય છે કે જ્યારે ઉત્પન્ન કેવલજ્ઞાન અને ઉત્પન્ન કેવલદર્શનવાળા અર્હંત જીન કેવલી થઇ જાય છે ત્યારે તેને બીજું કોઇ જ્ઞાન પ્રાપ્ત કરવા લાયક ન હોય ત્યારે તેને શું પૂર્ણ જ્ઞાનીકહી શકાય? તેના ઉત્તરમાં પ્રભુ કહે છે કે "**हंता गोयमा! उप्पण्णणाणदंसणधरे अरहा जिणे केवली "अलमत्थु" त्ति वत्तव्वं सिया**" હા, ગૌતમ! ઉત્પન્ન કેવળ જ્ઞાન અને કેવળ દર્શનધારી અર્હંત જીન "અલમસ્તુ" પૂર્ણ જ્ઞાનવાળા છે, એવુ કહી શકાય છે. "**सेवं भंते! सेवं भंते!**" હે ભદન્ત! આપ દેવાનુપ્રિયે જે કહ્યું છે તે એવું જ છે, એવું જ છે.

ટીકાર્થ—(**छउमत्थेणं भंते! मणुस्से अतीतं, अणंतं, सासयं, समयं केवलेणं, संजमेणं, केवलेणं संवरेणं, केवलेणं बंभचेरवासेणं, केवलाहिं पयवणमाईहिं, सिज्झिसु, बुज्झिसु, जाव सव्वदुक्खाणमंतं करिंसु**) હે ભગવન્! અનંત અને શાશ્વત એવા ભૂતકાળમાં છદ્મસ્થ મનુષ્ય શું ફક્ત સંયમથી કે ફક્ત સંવરથી, કે ફક્ત બ્રહ્મચર્ય પાલનથી, કે ફક્ત પ્રવચનમાતાથી, સિદ્ધ બન્યો છે, યાવત્ સમસ્ત દુઃખોનો અંત કરનાર બન્યો છે? જો કે આત્મા જ્યાં સુધી કેવળ જ્ઞાન રહિત છે. ત્યાં સુધી તેને છદ્મસ્થ કહેવામાં આવે છે. પરંતુ અહીં તે પ્રકારના છદ્મસ્થનો વિચાર કરવામાં આવ્યો નથી. પણ જે જીવને અવધિજ્ઞાન થયું નથી. એટલે કે અવધિજ્ઞાનથી રહિત જે જીવ છે તેને અહીં "છદ્મસ્થ" પદ દ્વારા ગ્રહણ કરવાનો છે. કારણ કે અવધિજ્ઞાનનું સ્વરૂપ આગળ કહેવામાં આવશે. સંયમ સત્તર પ્રકારનો હોય છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને પ્રવચનમાતા કહે છે. ગૌતમ સ્વામીએ અહીં મહાવીર પ્રભુને એવો પ્રશ્ન કર્યો છે કે હે ભગવન્! અવધિજ્ઞાનથી રહિત હોય એવો છદ્મસ્થ મનુષ્ય શું અનંત અને શાશ્વત એવા ભૂતકાળમાં માત્ર ૧૭ પ્રકારના સંયમનું પાલન કરીને જ સિદ્ધ-પદ પામ્યો છે? શું વિશુદ્ધ કેવળજ્ઞાન રૂપ પ્રકાશથી સમસ્ત લોક અલોકને જાણવારૂપ બોધ તે પામ્યો છે? "યાવત્" પદ વડે "**मुच्चिसु परिनिव्वाइंसु, सव्वदुक्खाणमंतं करिंसु**" પદોનો સમાવેશ થયો છે એટલે કે તે છદ્મસ્થ શું સમસ્ત કર્મોથી મુક્ત થયો છે? શું સમસ્ત કર્મકૃત વિકારોથી રહિત થવાને કારણે તે શીતલીભૂત થયો છે? શું તેણે સમસ્ત શારીરિક અને માનસિક દુઃખોનો અંત કર્યો છે? એજ રીતે સંયમનો આશ્રય લઈને પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. એજ પ્રમાણે સંવર, બ્રહ્મચર્ય પાલન અને પ્રવચનમાતા, એ દરેકનો આશ્રય લઈને ઉપરોક્ત પ્રશ્નો પૂછવા જોઇએ. પ્રશ્નનું તાત્પર્ય એ છે કે હે ભગવન્! અનંત અને શાશ્વત એવા ભૂતકાળમાં છદ્મસ્થ જીવ કેવળ સંયમ દ્વારા, માત્ર સંવર વડે, માત્ર બ્રહ્મચર્ય વડે, કે માત્ર આઠ પ્રવચનમાતા વડે, સિદ્ધ થયો છે?

બુદ્ધ થયો છે? મુક્ત થયો છે? પરિનિર્વૃત થયો છે? તથા સમસ્ત દુઃખો નો અંત કરનાર થયો છે ખરો? આ પ્રશ્ન પૂછનાર ગૌતમ સ્વામીનો અભિપ્રાય એવો છે કે-જ્યારે મોહની ઉપશાન્ત અવસ્થા હોય છે ત્યારે સંયમાદિક સર્વ પ્રકારે વિશુદ્ધ રહે છે. અને તે વિશુદ્ધ સંયમાદિક જ સિદ્ધિ પ્રાપ્ત કરવાના કારણરૂપ હોય છે જે સંયમાદિક તે સમયે મોજૂદ છે. એટલે કે છદ્મસ્થ જીવોમાં પણ મોહની ઉપશાન્ત અવસ્થામાં વિશુદ્ધ સંયમ આદિ મોજૂદ હોય છે, તેથી એ પ્રકારનો પ્રશ્ન ઉદ્ભવે છે કે વિશુદ્ધ સંયમ આદિના પ્રભાવથી શું છદ્મસ્થ જીવ પહેલાં કદી પણ સિદ્ધ થયો છે ? પ્રભુએ તેનો જવાબ આ પ્રમાણે આપ્યો-(गोयमा ! णो इणट्ठे समट्ठे) હે ગૌતમ! તે પ્રમાણે થતું નથી, એટલે કે સંયમાદિ વડે ભૂતકાળમાં કોઈ પણ છદ્મસ્થ જીવ સિદ્ધપદ પામ્યો નથી, તેનું કારણ જાણવાને માટે ગૌતમસ્વામી પૂછે છે (से केणट्ठेणं भंते ! एवं वुच्चइ तं चेव जाव अंतं करिंसु) હે ભગવન્! આપ એવું શા કારણે કહો છો કે માત્ર સંયમ વગેરેથી કોઇપણ છદ્મસ્થ સિદ્ધ થયો નથી, બુદ્ધ થયો નથી મુક્ત થયો નથી, પરિનિર્વૃત થયો નથી અને સમસ્ત દુઃખોનો અંતકર્તા થયો નથી? ગૌતમના આ પ્રશ્નનું તાત્પર્ય આ પ્રમાણે છે. માત્ર સંયમ વગેરે કારણોથી કોઇ પણ છદ્મસ્થ જીવ સિદ્ધપદ પામ્યો નથી તેનું કારણ શું છે ? ઉત્તર-( गोयमा ) હે ગૌતમ! ( जे केइ अंतकरा अंतिमसरीरिया वा जाव सव्वदुक्खाणं अंतं करेंसु वा, करेंति वा, करिस्संति वा सव्वे ते उप्पण्णनाणदंसणधरा अरहा जिणा केवली भवित्ता, तओ पच्छा सिज्झंति बुज्झंति, मुच्चंति, परिनिव्वायंति, सव्वदुक्खाणं अंतं करेंसु वा, करेंति वा, करिस्संति वा, )

જે અન્તકર થયા છે, અન્તિમ શરીરવાળા થયા છે, “ यावत् ” જેમણે સમસ્ત દુઃખોનો અંત કરી નાખ્યો છે, વર્તમાનકાળમાં જેઓ તેનો અંત કરી રહ્યા છે અને ભવિષ્યમાં પણ જેઓ તેનો અંત કરશે, તેઓ બધાં ઉત્પન્ન કેવલ જ્ઞાન અને કેવલદર્શનધારી અર્હંત, જિન અને કેવલી થયા પછી જ સિદ્ધ થયા છે, બુદ્ધ થયા છે, મુક્ત થયા છે, પરિનિર્વૃત થયા છે, અને તેમણે જ સમસ્ત દુઃખોનો અંત કર્યો છે, તેઓ જ અંત કરે છે અને ભવિષ્યમાં પણ તેઓ જ અંત કરશે. જે જીવો ભવનો (જન્મમરણનો) અંત કરી નાખે છે તેમને અંતકર કહે છે. ભવનો અંત ઘણા કાળ પછી પણ થાય છે, તે કારણે કહ્યું છે કે-ગૃહીત (ચાલુ) શરીર જ જેમનું અન્તિમ શરીર છે-એ શરીર છોડયા પછી જેમને બીજું શરીર ધારણ કરવાનું નથી. એવા ચરમ શરીરવાળા જીવોને જ અંતિમશરીરી કહે છે. “ जाव ” ( यावत् ) પદથી અહીં “ सिज्झिंसु, सिज्झइ, सिज्झिस्सइ ” આ ક્રિયા પદો ગ્રહણ કરવામાં આવ્યાં છે. ચાર ઘનઘાતી કર્મોના નાશથી ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાન અને કેવળદર્શનને જે ધારણ કરે છે તેમને “उप्पण्णनाणदंसणधरा” કહે છે ઇન્દ્રાદિકદેવો વડે નિરવદ્ય (પાપરહિત) સેવા પામવાને યોગ્ય જેઓ હોય છે તેમને “ अरिहा ” કહે છે જેમણે રાગ દ્વેષ નષ્ટ કર્યા છે તેમને જિન કહે છે? કેવળ જ્ઞાનથી જે યુક્ત હોય છે તેને કેવલી કહે છે. “मुच्चंति”

સમસ્ત કર્મોથી છુટકારો મેળવે છે. ' परिनिव्वायंति " કર્મ સંતાપ દૂર થવાથી બિલકુલ શીતલભૂત થાય છે. અહીં ઉપલક્ષણથી " सिज्झिसु, सिज्झिस्संति " ઇત્યાદિરૂપે ભૂત અને ભવિષ્યકાળને પણ ગ્રહણ કરવો જોઇએ. કારણ કે સિદ્ધ પદની પ્રાપ્તિ થયા વિના સમસ્ત દુઃખોનો અંત થઈ શકતો નથી ( से तेणट्ठेणं गोयमा! जाव सव्वदुक्खाणं अंतं करेंसु ) હે ગૌતમ ! તે કારણે મેં એવું કહ્યું છે કે માત્ર સંયમ વગેરેથી કોઇ પણ છદ્મસ્થ જીવની સિદ્ધિ થઇ નથી, થતી નથી, અને ભવિષ્યકાળમાં થશે પણ નહીં. અહીં ગૌતમ સ્વામીએ પ્રભુને ભૂત-કાળવિષયક પ્રશ્ન પૂછયો, અને ભગવાને તેનો ત્રણે કાળ સંબંધી ઉત્તર દીધો. આ રીતે ભગવાને પોતાના જવાબથી જ ગૌતમ સ્વામીનો વર્તમાન અને ભવિષ્યકાળ વિષે થવાવાળો સંશય દૂર કરી નાખ્યો છે. છતાં પણ મંદમતિ-વાળા શિષ્યો વર્તમાન અને ભવિષ્યકાળ વિષયક બે પ્રશ્ન આલાપકો સરળતાથી સમજી સકે તે આશયથી સૂત્રકારે ( पडुप्पन्नेवि एवं चेव ) " પ્રત્યુત્પન્નમાં–વર્તમાનકાળમાં પણ એમ જ સમજવું " એવું કહ્યું છે. ( नवरं ) વિશેષતા એ છે કે ( सिज्झंति भाणियव्वं ) અહીં " सिध्यन्ति " એ પ્રમાણે વર્તમાન કાળની ક્રિયાનો પ્રયોગ કરીને આલાપક બોલવો જોઇએ. તે આલાપક આ પ્રમાણે છે. " छउमत्थेणं भंते ! मणूसे पडुप्पन्नं सासयं समयं केवलेणं संजमेणं, केवलेणं, संवरेणं केवलेणं बंभचेरवासेणं केवलाहिं पवयणमाईहिं सिज्झंति, बुज्झंति, मुच्चंति, परिनिव्वायंति, सव्वदुक्खाणमंतं करेंति ?" હે ભગવન્ ! શું છદ્મસ્થ મનુષ્ય શાશ્વત એવા વર્તમાનકાળમાં માત્ર સંયમથી, માત્ર સંવરથી, માત્ર બ્રહ્મચર્ય પાલનથી તથા માત્ર પ્રવચનમાતાની આરાધનાથી સિદ્ધ થયા છે, બુદ્ધ થયા છે, સમસ્ત કર્મોથી છુટકારો પામે છે, કર્મ સંતાપ દૂર થવાથી બિલકુલ શીતલીભૂત થાય છે અને શું સમસ્ત દુઃખોના અંતકર્તા થાય છે ? ભવિષ્યકાળનો આલાપક બતાવવાને માટે સૂત્ર-કાર કહે છે કે–(अणागए वि एवं चेव) ભવિષ્યકાળમાં પણ પૂર્વોક્ત કથન અનુસાર સમજવું (नवरं) પરન્તુ તેમાં આ પ્રમાણે વિશેષતા છે. (सिज्झिस्संति भाणियव्वं) અહીં આલાપક બોલતી વખતે ભવિષ્યકાળનું " सेत्स्यन्ति " ક્રિયાપદ વાપરીને આલાપક વાપરવો જોઈએ. તે આલાપક આ પ્રમાણ બનશે–" छउमत्थे णं भंते ! मणूसे अणागयमणंतं सासयं समयं केवलेणं संजमेणं, केवलेणं संवरेणं, केवलेणं बंभचरेवासेणं, केवलाहिं पवयणमाईहिं सिज्झिस्संति, बुज्झिस्संति, मुच्चिस्संति, परिनिव्वाइस्संति, सव्वदुक्खाणमंतं करिस्संति ? " હે ભગવન્ !શું છદ્મસ્થ મનુષ્ય અનંત અને શાશ્વત એવા ભવિષ્યકાળમાં માત્ર સંયમથી, માત્ર સંવરથી, માત્ર બ્રહ્મચર્ય પાલનથી, તથા માત્ર પ્રવચનમાતાની આરાધનાથી સિદ્ધ થશે ? બુદ્ધ થશે ? મુક્ત થશે ? પરિનિર્વૃત થશે ? તથા શું તેઓ સમસ્ત દુઃખોનો અંત કરનાર થશે ? આ વર્તમાનકાલિક અને ભવિષ્યકાલિક બધા પ્રશ્નોનો

ઉત્તર "गोयमा ! णो इणट्ठे समट्ठे" સૂત્ર દ્વારા આપવામાં આવ્યો છે તેનો અર્થ આગળ કહ્યા પ્રમાણે સમજવો.

આ પ્રમાણે છદ્મસ્થ જીવના વિષયમાં ત્રણ કાળ સંબંધી ત્રણ આલાપકનું કથન કરીને હવે સૂત્રકાર અવધિજ્ઞાનના વિષયમાં નીચે પ્રમાણે કહે છે-(जहा छउमत्थो तहा आहोहिओ वि) જેવું છદ્મસ્થનું કથન કર્યું છે તેવું જ કથન અવધિજ્ઞાનીનું તથા (तहा परमाहोहिओ वि) પરમાધોવધિકનું પણ સમજવું. (तिण्णि तिण्णि आलावगा भाणियव्वा) તે દરેક અવધિજ્ઞાનીના ત્રણ ત્રણ આલાપક કહેવાં જોઇએ. કહેવાનું તાત્પર્ય એ છે કે અવધિજ્ઞાનીના વિષયમાં અને પરમઅવધિજ્ઞાનીના વિષયમાં પ્રત્યેકના ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળ સંબંધી ત્રણ ત્રણ આલાપક થાય છે પરમ અવધિજ્ઞાનથી ઓછું જે અવધિજ્ઞાન છે તેનું નામ "अधोऽवधिक" છે. આ અધોવધિકથી જે વ્યવહાર કરે છે એટલે કે રૂપી દ્રવ્યને જાણે છે. તેને આધોવધિક કહે છે. આધોવધિકથી જે ઉત્કૃષ્ટજ્ઞાની હોય છે તેને પરમાધોવધિક જ્ઞાની કહે છે. તે પરમાધોવધિકજ્ઞાની ચરમશરીરી હોય છે.

પરમ અવધિજ્ઞાની સમસ્ત રૂપી દ્રવ્યોને, અસંખ્યાત લોક પરિમિત આ લોકના ખંડોને, અને અસંખ્યાત અવસર્પિણીઓને જાણે છે. હવે સૂત્રકાર કેવલીભગવંતના વિષયમાં કહે છે. (केवलीणं भंते ! मणूसे अतीतं अणंतं सासयं समयं जाव अंतं करेंसु ?) હે ભગવન્! અનંત અને શાશ્વત એવા ભૂતકાળમાં શું કેવળજ્ઞાની મનુષ્યે (यावत्) "સમસ્ત દુઃખોનો નાશ કર્યો છે ? ત્યાં સુધીનું કથન સમજવું. આ પ્રશ્નનો ભાવાર્થ એ છે કે-હે ભગવન્ ! જે કેવળી ભગવંત થયા છે તેઓ શું અનંત અને શાશ્વત એવા ભૂતકાળમાં સિદ્ધ, બુદ્ધ, મુક્ત અને પરિનિર્વૃત્ત થયા છે? કે નથી થયા ? તથા તેમણે સમસ્ત દુઃખોનો નાશ કર્યો છે કે નથી કર્યો ? મહાવીર પ્રભુ તે પ્રશ્નનો આ પ્રમાણે જવાબ આપે છે. (हंता गोयमा ! सिज्झिंसु जाव अंतं करेंसु) હા ગૌતમ ! જે કેવલી ભગવંતો થયા છે તેમણે ભૂતકાળમાં સિદ્ધ પદ પ્રાપ્ત કર્યું છે, અહીં 'સમસ્ત દુઃખોનો અંત કર્યો છે' ત્યાં સુધીનું તમામ કથન સમજવું, (एते तिन्नि आलावगा भाणियव्वा छउमत्थस्स जहा) જે પ્રમાણે છદ્મસ્થના પ્રકરણમાં ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળના ત્રણ આલાપક કહેવામાં આવ્યા છે એજ પ્રમાણે કેવળી ભગવંતો વિષયક ત્રણ આલાપક કહેવા જોઇએ. (सिज्झिंसु, सिज्झंति, सिज्झिस्संति) ભૂતકાળમાં કેવલી ભગવંતો સિદ્ધ થયા હતા, વર્તમાનકાળમાં તેઓ સિદ્ધ થાય છે, તથા ભવિષ્યમાં પણ તેઓ સિદ્ધ થશે.

(से नूणं भंते ! अतीतं अणंतं सासयं समयं पडुप्पण्णं वा सासयं समयं, अणागयं अणंतं वा सासयं समयं जे कइ अंतकरा वा अंतिमसरीरिया वा सिज्झिंसु वा जाव सव्वदुक्खाणं अंतं करेंसु वा करेंति वा, किरिस्संति वा सव्वे ते उप्पण्णनाणदंसणधरा अरहा जिणा केवली भवित्ता तओ पच्छा सिज्झंति, जाव अंतं किरिस्संति वा ?) હે ભગવન્ ! અનંત અને શાશ્વત એવા

ભૂતકાળમાં, શાશ્વત વર્તમાનકાળમાં અને અનંત તથા શાશ્વત ભવિષ્યકાળમાં જે કોઈ અંતકર, અંતિમ શરીરધારી ચરમશરીરી સિદ્ધગતિ પામ્યા છે બુદ્ધ થયા છે, મુક્ત થયા છે, પરિનિર્વૃત થયા છે અને સમસ્ત દુઃખોના અંતકર્તા થયા છે, વર્તમાનકાળમાં પણ તે પ્રમાણે જ કરી રહ્યા છે. અને ભવિષ્યમાં પણ તે પ્રમાણે જ કરવાના છે, તેઓ શું ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાન અને કેવળ દર્શનને ધારણ કરનારા અર્હંત. જિન અને કેવળી થઈને પછી સિદ્ધ, બુધ્ધ, મુક્ત, પરિનિર્વૃત અને સમસ્ત દુઃખોનો અંત કરનાર થયા છે, થાય છે અને થશે? "सिज्झिंसु" પછી જે "यावत्" પદ આવ્યું છે તેની મારફત "सिज्झंति सिज्झिस्संति" ઇત્યાદિ પાઠને ગ્રહણ કરવો જોઈએ. આ પ્રશ્નનો જવાબ મહાવીરસ્વામી આ પ્રમાણે આપે છે- (हंता गोयमा! अतीतं अणंतं सासयं जाव अंतं करिस्संति वा) હા, ગૌતમ! અનંત અને શાશ્વત એવા ભૂતકાળથી શરૂ કરીને "અંત કરશે" ત્યાં સુધીનો પાઠ ગ્રહણ કરવો.

"से नूणं" થી શરૂ કરીને સૂત્રની સમાપ્તિ સુધી ત્રણે કાળનો સંબંધ લગાડીને એવું બોલવું જોઈએ કે હે ગૌતમ! અનંત અને શાશ્વત એવા ભૂતકાળમાં તે ચરમશરીરધારી કેવલી ભગવંતોએ સિદ્ધ પદ પ્રાપ્ત કર્યું છે, શાશ્વત વર્તમાનકાળમાં તે ચરમશરીરધારી કેવલી ભગવંતો મહાવિદેહ ક્ષેત્રની અપેક્ષાએ સિદ્ધિ પ્રાપ્ત કરે છે. તથા અનંત શાશ્વત ભવિષ્યકાળમાં ચરમશરીરધારી કેવળ જ્ઞાન અને કેવળદર્શનને પ્રાપ્ત કરીને સમસ્ત દુઃખોનો નાશ કરશે.

(से नूणं भंते! उप्पण्णनाणदंसणधरे अरहा जिणे केवली "अलमत्थु" त्ति वत्तव्वं सिया?) હવે પૂર્ણજ્ઞાનના વિષયમાં ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને પ્રશ્ન પૂછે છે કે હે પ્રભો! શું એવું કહી શકાય ખરું કે જેમને કેવળજ્ઞાન અને કેવળ દર્શન ઉત્પન્ન થયાં છે એવા અર્હંત જિન તથા ભગવંતોને બીજું કોઈ પણ જ્ઞાન પ્રાપ્ત કરવાનું રહેતુ નથી? એટલે કે તેઓ પૂર્ણ જ્ઞાની છે એમ કહી શકાય ખરું?

ઉત્તર—(हंता गोयमा! उप्पण्णनाणदंसणधरे अरहा जिणे केवली "अलमत्थु"त्ति वत्तव्वं सिया) હા, ગૌતમ! જેમને કેવળજ્ઞાન અને કેવળ દર્શન ઉત્પન્ન થયાં છે એવા કેવળજ્ઞાન કેવળદર્શનધારી અર્હંત જિન "अलमत्थु"त्ति "अलमस्तु" પૂર્ણજ્ઞાની છે. એવું કહી શકાય છે કારણ કે તેનાથી આગળ જ્ઞાનની પરાકાષ્ઠા (ઉત્કૃષ્ટતા) કોઈ છેજ નહિં. એજ જ્ઞાનદર્શનની પરાકાષ્ઠા છે કે જે અર્હંત જિન કેવળીએ પ્રાપ્ત કરી લીધેલ છે. (सेवं भंते सेवं भंते) હે ભગવન્! આપે જે કહ્યું છે તે સાચું જ છે. આપ કહો તે પ્રમાણે જ છે। સૂ. ॥૫॥

॥ જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજકૃત ભગવતીસૂત્રની પ્રિયદર્શિની વ્યાખ્યાના પહેલા શતકનો ચોથો ઉદ્દેશક સમાપ્ત॥૧-૪॥

## પાંચવા ઉદ્દેશક કા વિષય કથન

### પહેલા શતકના પાંચમાં ઉદ્દેશકનો પ્રારંભ—

આ પાંચમાં ઉદ્દેશકમાં કયા કયા વિષયોનું નિરૂપણ કર્યું છે તે પહેલાં સંક્ષેપમાં બતાવવામાં આવે છે–પ્રશ્ન–પૃથ્વી કેટલી છે? રત્નપ્રભાથી તમતમા સુધીની સાત પૃથ્વીઓ છે, એવો ઉત્તર. તે પ્રત્યેક પૃથ્વીમાં નારકોનાં કેટલાં આવાસસ્થાન છે? એ પ્રશ્ન તથા તેનો ઉત્તર, અસુરકુમારોનાં કેટલા આવાસ છે? પૃથ્વીકાયિકોના કેટલા આવાસ છે? જ્યોતિષ્ક દેવોના કેટલા આવાસ છે? કેટલા વિમાનાવાસ છે? એ પ્રશ્નો. બે સંગ્રહ ગાથાઓ, તેમનો ઉત્તર. પ્રશ્ન– નારક જીવો શું ક્રોધ, માન, માયા અને લોભથી યુક્ત હોય છે? તેનો હકારમાં ઉત્તર. ભાંગા, સ્થિતિ, અવગાહના, શરીરસંહનન, સંસ્થાન, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, અજ્ઞાન, યોગ, ઉપયોગ વગેરેનું કથન. અસુરકુમારોના સ્થિતિસ્થાન વગેરેનું કથન. દ્વીન્દ્રિયાદિ જીવોના વિષયમાં પહેલાંની જેમ જ વિચાર. પંચેન્દ્રિય તિર્યંચો મનુષ્ય, વાણવ્યંતર વગેરેનાં સ્વરૂપ વગેરે કથન અને ઉદ્દેશકની સમાપ્તિ.

## નારકાદિ ( ૨૪ ) ચોઇસ દન્ડકો કે આવાસો કા નિરૂપણ

ચોથા ઉદ્દેશકના અંતિમ સૂત્રમાં અર્હંત વગેરેનું વર્ણન કર્યું છે. તે અર્હંત વગેરે પૃથ્વીની ઉપર હોય છે. અથવા અર્હંત વગેરે ક્યારેક પૃથ્વીમાંથી ( નરકમાંથી ) નીકળીને મનુષ્યત્વ પ્રાપ્ત કર્યા પછી અર્હંત પદ પામ્યા હોય છે. તેથી પૃથ્વીનું ( નરકનું ) સ્વરૂપ બતાવવાને માટે સૂત્રકાર “ **कइ णं भंते !** ” ઇત્યાદિ સૂત્ર કહે છે. તથા પહેલા શતકના પ્રારંભે કહેલ સંગ્રહગાથામાં “ **पुढवि** ” નામનું જે પાંચમું દ્વાર કહ્યું છે તેનું પ્રતિપાદન કરવાને માટે સૂત્રકાર “ **कइ णं भंते !** ” ઇત્યાદિ સૂત્ર કહે છે

મૂલાર્થ—શ્રી ગૌતમસ્વામી ભગવાનને પ્રશ્ન કરતાં કહે છે કે **कइ णं भंते! पुढवीओ पन्नत्ताओ?** હે ભગવાન્! પૃથ્વીઓ ( નરકો ) કેટલી કહી છે? આ પ્રશ્નનો ઉત્તર આપતાં ભગવાન કહે છે કે **गोयमा ! सत्त पुढवीओ पन्नत्ताओ** હે ગૌતમ! સાત પૃથ્વી ( નરક ) કહી છે. **तं जहा** તે આ પ્રમાણ છે- **रयणप्पभा जाव तमतमा** રત્નપ્રભાથી તમતમા સુધીની સાત પૃથ્વીઓ છે.

ફરી ગૌતમસ્વામી કહે છે કે-**इमोंसे णं भंते ! रयणप्पभाए पुढवीए कति निरयावास-सयसहस्सा पन्नत्ता ?** હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલા નરકાવાસો કહ્યાં છે ? **गोयमा ! तीसं निरयावाससयसहस्सो पन्नत्ता** હે ગૌતમ ! પ્રથમ રત્નપ્રભા પૃથ્વીમાં ત્રીસ લાખ નરકાવાસો કહ્યાં છે. કઈ પૃથ્વીમાં કેટલા નરકાવાસો છે તે આ ગાથા દ્વારા પ્રકટ કરેલ છે.

**गाहा–तीसाय पन्नवीसा, पन्नरस दसेव या सयसहस्सा ।**
**तिन्निगं पंचूणं पंचेव, अणूत्तरा निरया ॥**

પહેલી પૃથ્વીમાં ત્રીસલાખ, બીજીમાં પચીસલાખ, ત્રીજીમાં પંદરલાખ, ચોથીમાં દસલાખ, પાંચમીમાં ત્રણલાખ, છઠ્ઠીમાં એકલાખમાં પાંચ ઓછાં અને સાતમીમાં પાંચ જ નરકાવાસ છે.

હવે ભવનપતીઓના આવાસો સંબંધી પ્રશ્ન કરતાં ગૌતમસ્વામી કહે છે કે-**केवइया णं भंते ! असुरकुमारावाससयसहस्सा ?** હે ભગવન્ ! અસુરકુમારોનાં આવાસો કેટલા લાખ છે ? ઉત્તર-**एवं** અસુરકુમારોની સંખ્યા આ પ્રમાણે કહી છે-**चउसट्ठी असुराणं** અસુરકુમારોનાં ચોસઠલાખ, **चउरासीई य होइ नागाणं** નાગકુમારોનાં ચોરાસીલાખ, **बावत्तरिं सुवणाणं** સુવર્ણકુમારોનાં બોંતેરલાખ, **वाउ कुमाराण छन्नउई** વાયુકુમારોનાં છન્નુલાખ, **दीवदिसाउदहीणं** દ્વીપકુમાર દિક્કુમાર, ઉદધિકુમાર, **विज्जुकुमारिंद-थणियमग्गीणं** વિદ્યુતકુમાર, સ્તનિતકુમાર, અને અગ્નિકુમાર **छण्हंपि जुयलयाणं** એ છએ યુગલોનાં **छावत्तारिमो सयसहस्सा** છોંતેરલાખ આવાસ છે.

હવે સૂત્રકાર પૃથ્વીકાયિક જીવોનાં આવાસોનું વર્ણન કરવા માટે પ્રશ્ન કરે છે કે-**केवइया णं भंते ! पुढवीकइयावाससयसहस्सा पन्नत्ता ?** હે પ્રભો ! પૃથ્વીકાયિક જીવોનાં કેટલા લાખ આવાસો કહ્યા છે ? તેનો ઉત્તર આપતાં ભગવાન્ કહે છે કે **गोयमा ! असंखेज्जा पुढवीकाइयावाससयसहस्सा पन्नत्ता** હે ગૌતમ પૃથ્વીકાયિક જીવોના અસંખ્યાતલાખ આવાસો કહ્યાં છે. **जाव असंखेज्जा जोइसियविमाणावाससयसहस्सा पन्नत्ता** એજરીતે અહિં "યાવત્"શબ્દથી અપ્કાયિકથી લઈને વ્યંતરદેવો સુધીનાઅને જ્યોતિષ્ક દેવોના અસંખ્યાતલાખ વિમાનાવાસ કહ્યાંછે.

હવે ગૌતમસ્વામી સૌધર્મકલ્પના વિષયમાં પ્રશ્ન કરતાં કહે છે-**सोहम्मेणं भंते ! कप्पे केवइया विमाणावाससयसहस्सा पन्नत्ता ?** હે ભગવન્! સૌધર્મ કલ્પમાં (દેવલોકમાં) કેટલાં લાખ વિમાનાવાસો કહ્યાં છે? આ પ્રશ્નનો ઉત્તર આપતાં ભગવાન કહે છે કે **गोयमा ! बत्तीसं विमाणावाससयसहस्सा पन्नत्ता** હે ગૌતમ! સૌધર્મકલ્પમાં બત્રીસલાખ વિમાનાવાસો કહ્યાં છે. **एवं** એજ પ્રમાણે ઇશાનકલ્પથી લઈને પાંચ અનુત્તર વિમાન સુધીનાં પ્રશ્નસૂત્રો કહેવાં જોઇએ. તેનો ઉત્તર ભગવાન નીચે પ્રમાણે ત્રણ ગાથાઓથી આપે છે. **बत्तीसट्ठावीसा** બત્રીસલાખ વિમાનાવાસ સૌધર્મ કલ્પમાં છે, ૨૮ અઠયાવીસલાખ વિમાનાવાસ, ઈશાનકલ્પમાં, **बारसअट्ठचउरो सयसहस्सा** બારલાખ વિમાનાવાસ સનત્કુમાર કલ્પમાં, આઠલાખ વિમાનાવાસ મહેન્દ્ર કલ્પમાં, બ્રહ્મલોકમાં ચાર લાખ વિમાનાવાસ, **पन्नाचत्तालीसा** લાન્તક કલ્પમાં પચાસહજાર વિમાનાવાસ, મહાશુક્ર કલ્પમાં ચાલીસહજાર વિમાનાવાસ, **छच्चसहस्सा सहस्सारे** સહસ્રાર કલ્પમાં છ હજાર વિમાનાવાસ કલ્પમાં કહ્યા છે. **आणाय पाणाय कप्पे, चत्तारिसयाऽऽरणच्चुए तिण्णि** આનત અને પ્રાણત કલ્પમાં ચારસો વિમાનાવાસ, આરણ અને અચ્યુત કલ્પમાં ત્રણસો વિમાનવાસો કહ્યાં છે. **सत्त विमाणसयाइं चउसु एएसु कप्पेसु** આનતઆદિ કલ્પોમાં સાતસો વિમાનાવાસ છે. **एक्कारसुत्तरं हेट्ठिमेसु** એકસો અગ્યાર વિમાનવાસ ગ્રૈવેયકોમાં **सतुत्तरं सयं च मज्झिमए** એકસો સાત વિમાનવાસ મધ્યમ ગ્રૈવેયકોમાં **सयमेगं उवरिमए** એકસો વિમાનાવાસ ઉપરના ગ્રૈવેયકોમાં છે. **पंचेवाणुत्तरा विमाणा** તથા અનુત્તરોમા પાંચ જ વિમાનવાસ છે. ॥ સૂ. ૧ ॥

" **कइ णं भंते ! पुढवीओ पण्णत्ताओ** " ઇત્યાદિ ।

ટીકાર્થ—(**कइ णं भंते ! पुढवीओ पण्णत्ताओ ?**) હે ભગવન્! પૃથ્વીઓ (નરકો) કેટલી કહી છે? (**गोयमा ! सत्त पुढवीओ पण्णत्ताओ** હે ગૌતમ! પૃથ્વી સાત કહી છે. (**तंजहा**) તે આ પ્રમાણે છે-(**रयणप्पभा जाव तमतमा**) રત્નપ્રભાથી લઈને તમતમા સુધીની. "**यावत्**" પદથી શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા અને તમઃપ્રભા, એ પૃથ્વીઓ પણ ગ્રહણ કરવાની છે. તેમાં રત્નપ્રભા શબ્દનો અર્થ આ પ્રમાણે છે—રત્નપ્રભા પૃથ્વીમાં ત્રણ કાંડ છે—(૧) રત્નકાંડ, (૨) જલકાંડ અને (૩) પંકકાંડ. આ ત્રણ કાંડોમાંની નરકાવાસવાળી જગ્યાને છોડીને પ્રથમ કાંડમાં પ્રાયઃ સર્વત્ર અનેક પ્રકારનાં ઇન્દ્રનીલ વગેરે રત્નો છે. તેથી એવા વિશિષ્ટ સ્થાનનું નામ રત્નપ્રભા પડયું છે. ઇન્દ્રનીલ વગેરે રત્નોની પ્રભા જે પૃથ્વીમાં છે તે પૃથ્વીને રત્નપ્રભા કહે છે. એવી આ શબ્દની વ્યુત્પત્તિ થાય છે૧, શર્કરાની પ્રભા જે પૃથ્વીમાં છે તે પૃથ્વીનું નામ શર્કરાપ્રભા છે૨, વાલુકાની પ્રભા જે પૃથ્વીમાં છે તેને વાલુકાપ્રભા૩, પંકની જે પ્રભા પૃથ્વીમાં છે તેને પંકપ્રભા૪, ધૂમ (ધુમાડા) જેવી પ્રભા જે પૃથ્વીમાં મોજૂદ છે તે પૃથ્વીને ધૂમપ્રભા૫, અંધકારના જેવી પ્રભા જે પૃથ્વીમાં છે તે પૃથ્વીને તમઃપ્રભા૬ તથા ગાઢ અંધકારના જેવી પ્રભા જે પૃથ્વીમાં છે તેને તમસ્તમપ્રભા કહે છે૭.

ઉપરોક્ત સાતે પૃથ્વીમાં નરકાવાસ ( નારકીના રહેઠાણ ) છે તેથી તે નરકાવાસના આવાસોનું વર્ણન કરવાને માટે સૂત્રકાર કહે છે—

**(इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए कइ निरयावाससयसहस्सा पन्नत्ता? )** હે ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વીમાં કેટલા નરકાવાસો કહ્યા છે? નારકીના જીવોને રહેવાના સ્થાનને નરકાવાસ કહે છે. **(गोयमा ! तीसं निरयावाससयसहस्सा पन्नत्ता )** હે ગૌતમ ! પહેલી રત્નપ્રભા પૃથ્વીમાં તીસ લાખ નરકાવાસો કહ્યા છે, કઈ પૃથ્વીમાં કેટલા નરકાવાસો છે તે આ ગાથા દ્વારા પ્રકટ કરેલ છે–પહેલી પૃથ્વીમાં તીસ લાખ, બીજીમાં પચીસ લાખ, ત્રીજીમાં પંદર લાખ, ચોથીમાં દસ લાખ, પાંચમીમાં ત્રણ લાખ, છઠ્ઠીમાં એકલાખમાં પાંચ ઓછા અને સાતમીમાં પાંચ જ નરકાવાસ છે.

હવે ભવનપતિઓનું વર્ણન કરવામાં આવે છે **( केवइया णं भंते ! असुरकुमारावाससयसहस्सा पन्नत्ता ? )** હે ભગવન્ ! અસુરકુમારોનાં કેટલા લાખ આવાસો છે ? **( एवं )** અસુરકુમારોના આવાસોની સંખ્યા આ પ્રમાણે કહી છે– અસુરકુમારોનાં ચોસઠ લાખ, નાગકુમારોનાં ચોરાસી લાખ, સુવર્ણકુમારોનાં બોંતેર લાખ, વાયુકુમારોનાં છન્નું લાખ, તથા દ્વીપકુમાર, દિક્કુમાર, ઉદધિકુમાર, વિદ્યુતકુમાર, સ્તનિતકુમાર અને અગ્નિકુમાર, એ છ યુગલોના છોંતેર (૭૬) લાખ આવાસ છે. અસુરકુમારો બે પ્રકારના હોય છે–એક દક્ષિણ દિશાના અને બીજા ઉત્તર દિશાના. એ વાતને પ્રકટ કરવાને માટે અહીં " યુગલ " પદ મૂકયું છે. તે છએ યુગલમાંના પ્રત્યેક યુગલના છોંતેર–છોંતેર લાખ આવાસ હોય છે. અસુરકુમાર વગેરે દસ યુગલના જે દક્ષિણ દિશામાં તથા ઉત્તર દિશામાં અલગ અલગ વિભાગ છે તે આ પ્રમાણે છે–દક્ષિણ દિશા તરફના અસુરકુમારોનાં ચોંત્રીસ લાખ, નાગકુમારોના ૪૪લાખ, સુવર્ણકુમારોનાં આડત્રીસ લાખ અને વાયુકુમારોનાં પચાસ લાખ ભવનો છે તથા દ્વીપકુમાર વગેરે છમાંના પ્રત્યેકના ચાલીસ ચાલીસ લાખ ભવનો છે. ઉત્તર દિશા તરફના અસુરકુમારનાં ત્રીસ લાખ, નાગકુમારનાં ચાલીસ લાખ, સુવર્ણકુમારનાં ચોંત્રીસ લાખ, અને વાયુકુમારનાં છેંતાલીસ લાખ ભવનો છે. તથા દ્વીપકુમાર વગેરે છમાંના પ્રત્યેકના છત્રીસ–છત્રીસ લાખ ભવનો છે. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે–દક્ષિણ દિશામાં અસુરકુમારોનાં ચોંત્રીસ લાખ ભવનો છે, અને ઉત્તર દિશામાં તેમનાં ત્રીસ લાખ ભવનો છે. આ રીતે બન્નેનો સરવાળો ચોસઠ લાખ થાય છે. નાગકુમારોના જે ચોરાસી લાખ આવાસ કહ્યાં છે તે આ પ્રમાણે છે–દક્ષિણ દિશામાં ચુમ્માલીસ લાખ અને ઉત્તર દિશામાં ચાલીસ લાખ આવાસ તે બન્ને મળીને ચોરાસી લાખ આવાસો થાય છે. સુવર્ણકુમારોનાં જે બોંતેર લાખ આવાસો કહ્યાં છે તે આ પ્રમાણે છે–દક્ષિણ દિશામાં તેમનાં આડત્રીસ લાખ ભવન છે અને ઉત્તર દિશામાં ચોંત્રીસ લાખ ભવન છે. તે બન્ને મળીને બોંતેર લાખ ભવનો થાય છે. વાયુકુમારના જે ૯૬ લાખ આવાસ કહ્યાં છે તેમાંના પચાસ લાખ દક્ષિણ દિશામાં અને

છેંતાલીસ લાખ આવાસ ઉત્તર દિશામાં છે. દ્વીપકુમાર, દિક્કુમાર, ઉદધિકુમાર, વિદ્યુત્કુમાર, સ્તનિતકુમાર અને અગ્નિકુમાર એ છ યુગલોના જે છોંતેર-છોંતેર લાખ આવાસ કહ્યાં છે તે આવાસોમાંના પ્રત્યેકના ચાલીસ-ચાલીસ લાખ આવાસો દક્ષિણ દિશામાં છે અને છત્રીસ-છત્રીસ લાખ આવાસો ઉત્તર દિશામાં છે. એમ છોંતેર-છોંતેર લાખ થાય છે. તે બધાંનો સરવાળો કરવાથી અસુરકુમાર વગેરે ભવનપતિ દેવોનાં કુલ ૭૭૨૦૦૦૦૦ સાત કરોડ અને બોંતેર લાખ ભવન થાય છે.

હવે સૂત્રકાર પૃથ્વીકાયિક જીવોનાં આવાસોનું વર્ણન કરવાના આશયથી કહે છે કે-(**केवइया णं भंते ! पुढविक्काइयावाससयसहस्सा पन्नत्ता ?**) હે પ્રભો! પૃથ્વીકાયિક જીવોનાં કેટલા લાખ આવાસો કહ્યાં છે? (**गोयमा ! असंखेज्जा-पुढविकाइयावाससयसहस्सा पन्नत्ता**) હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવોના અસંખ્યાત લાખ આવાસો કહ્યાં છે. (**जाव-असंखेज्जा जोइसियविमाणावास-सयसहस्सा पन्नत्ता**) એજ પ્રમાણે જ્યોતિષ્ક દેવો સુધીના જીવોના અસંખ્યાત લાખ આવાસો કહ્યાં છે. અહીં "**यावत्**" પદથી અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, દ્વીન્દ્રિયજીવો, તીન્દ્રિયજીવો, ચતુરિન્દ્રિયજીવો, પંચેન્દ્રિયતિર્યંચ મનુષ્ય અને વાણવ્યંતરદેવોને ગ્રહણ કરવા જોઈએ. એ રીતે અપ્કાયિક જીવોથી લઈને વ્યંતરદેવો સુધીના આવાસો તથા જ્યોતિષ્કદેવોનાં વિમાનાવાસો અસંખ્યાત લાખ પ્રમાણ છે, એવું કહેવામાં આવ્યું છે.

હવે સૂત્રકાર સૌધર્મકલ્પના વિષયમાં કહે છે—(**सोहम्मे णं भंते ! कप्पे केवइया विमाणावाससयसहस्सा पन्नत्ता ?**) હે ભગવન્! સૌધર્મ કલ્પમાં (દેવલોકમાં) કેટલા લાખ વિમાનાવાસો કહ્યાં છે? (**गोयमा ! बत्तीसं विमाणावास सयसहस्सा**) હે ગૌતમ! સૌધર્મ કલ્પમાં બત્રીસલાખ વિમાનાવાસો કહ્યાં છે. (**एवं**) એજ પ્રમાણે ઈશાનકલ્પથી લઈને પાંચ અનુત્તર વિમાન સુધીનાં પ્રશ્નસૂત્રો કહેવાં જોઈએ. એ બધા પ્રશ્નોનો ઉત્તર ભગવાને જે ત્રણ ગાથાઓ મારફત આપ્યો છે તે ગાથાઓનો સારાંશ નીચે પ્રમાણે છે—

સૌધર્મ કલ્પમાં બત્રીસલાખ વિમાનાવાસ છે તે વાત તો સૂત્ર દ્વારા જ ઉપર બતાવી દીધી છે. ઈશાન કલ્પમાં અટ્ઠાવીસલાખ વિમાનાવાસ સનત્કુમાર કલ્પમાં બારલાખ વિમાનાવાસ, માહેન્દ્ર કલ્પમાં આઠલાખ વિમાનાવાસ, બ્રહ્મલોકમાં ચારલાખ વિમાનાવાસ, લાન્તક કલ્પમાં પચાસહજાર વિમાનાવાસ. મહાશુક્ર કલ્પમાં ચાલીસ હજાર વિમાનાવાસ, અને સહસ્રાર કલ્પમાં છ હજાર વિમાનાવાસો કહેવામાં આવ્યા છે. આનત અને પ્રાણત કલ્પમાં ચારસો વિમાનાવાસ, આરણ અને અચ્યુત કલ્પમાં ત્રણસો વિમાનાવાસો કહ્યાં છે. આ રીતે આનત, પ્રાણત,

આરણ અને અચ્યુત એ ચારે કલ્પોમાં એકંદરે સાતસો વિમાનાવાસ છે. નીચેનાં ગ્રૈવેયકોમાં એકસો અગિયાર વિમાનાવાસ, મધ્યમ ગ્રૈવેયકોમાં એકસો સાત વિમાનાવાસ અને ઉપરનાં ગ્રૈવેયકોમાં એકસો વિમાનાવાસ છે. તથા અનુત્તરોમાં પાંચ જ વિમાનાવાસ છે. આ રીતે વૈમાનિક દેવોના વિમાનાવાસોની કુલ સંખ્યા ચોરાસીલાખ સત્તાણુંહજાર ને તેવીસની (૮૪૯૭૦૨૩) થાય છે. એ પ્રમાણે ત્રણ ગાથાઓનો અર્થ થાય છે. ॥ સૂ૦ ૧ ॥

## ૨૪ ચોઇસ પ્રકાર કે દણ્ડકોંમેં સ્થિતિસ્થાન કા નિરૂપણ

### સ્થિતિસ્થાનનિરૂપણ—

"संगहो पुढवि-ट्ठिइ-ओगाहण" ઇત્યાદિ ।

મૂલાર્થ—संगहो દ્વાર સંગ્રહ ગાથા વડે નીચેની બાબતો બતાવવામાં આવે છે. पुढवि ट्ठिति ओगाहण પૃથિવ્યાદિ જીવવાસોમાં સ્થિતિ ૧ અવગાહના સ્થાન ૨ सरीरसंघयणमेत्र संठाणे શરીર ૩ સંહનન ૪ સંસ્થાન ૫ लेस्सादिट्ठीणाणे जोगुवओगे य दसट्ठाणा લેશ્યા ૬, દૃષ્ટિ ૭, જ્ઞાન ૮, યોગ ૯ અને ઉપયોગ ૧૦, એ દસ સ્થિતિસ્થાન છે. સ્થિતિસ્થાનોનું નિરૂપણ કરતાં ગૌતમસ્વામી પૂછે છે કે-इमीसे णं भंते ! હે ભગવન્! रयणप्पभाए पुढवीए રત્નપ્રભા પૃથિવીમાં तीसाए निरयावाससयसहस्सेसु તીસલાખ નરકાવાસોમાં एगमेगंसि એક એક निरयावासंसि નરકાવાસમાં અર્થાત્ પ્રત્યેક નરકાવાસમાં नेरइयाणं નારક જીવોના केवइया ठिइट्ठाणा पन्नत्ता કેટલાં સ્થિતિસ્થાન કહ્યાં છે? આ પ્રશ્નનો ઉત્તર આપતાં પ્રભુ કહે છે કે गोयमा ! असंखेज्जा ठिइट्ठाणा पन्नत्ता હે ગૌતમ! નારક જીવોનાં સ્થિતિસ્થાન અસંખ્યાત કહેલાં છે, तं जहा તે આ રીતે છે. जहन्निया ठिई જઘન્યસ્થિતિ દસહજાર વર્ષ આદિની છે. समयाहिया जहन्निया ठिई આ એક સમયઅધિક જઘન્યસ્થિતિ दुसमयाहिया जहन्निया ठिई जाव असंखेज्जसमाहिया जहन्निया ठिई બે સમય અધિક જઘન્યસ્થિતિ યાવત્ અસં-ખ્યાત સમય અધિક જઘન્યસ્થિતિ तप्पाउग्गुक्कोसिया ठिई આ ઉત્કૃષ્ટ સ્થિતિ અનેક પ્રકારની છે.

હવે આ સ્થાનોમાં રહેનારા ક્રોધાદિ ઉપયોગયુક્ત નારક જીવોનું વિભાગ પૂર્વક નિરૂપણ કરવા માટે ગૌતમસ્વામી પૂછે છે-इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु एगमेगंसि निरयावासंसि जहन्नियाए ठिईए वट्टमाणा नेरइया किं कोहोवउत्ता माणोवउत्ता मायोवउत्ता लोभोवउत्ता હે ભગવન્! રત્નપ્રભા પૃથ્વીના ત્રીસલાખ નરકાવાસોમાંના પ્રત્યેક નરકાવાસોમાં જઘન્ય સ્થિતિમાં વર્તમાન નારક જીવો શું ક્રોધોપયુક્ત હોય છે? કે માનોપયુક્ત હોય છે? કે માયોપયુક્ત હોય છે? કે લોભોપયુક્ત હોય છે? આ પ્રશ્નનો ઉત્તર આપતાં ભગવાન્ કહે છે કે गोयमा ! सव्वे वि ताव होज्जा कोहोवउत्ता य

હે ગૌતમ ! સમસ્ત નરકાવાસોમાં જઘન્ય સ્થિતિવાળા ક્રોધોપયુકત હોય છે. ૧ अहवा कोहोवउत्ता य माणोवउत्ते य ઘણા ક્રોધોપયુકત અને કોઇ એક માનોપયુકત अहवा कोहोवउत्ता य माणोवउत्ताय ક્રોધોપયુકત ઘણા અને માનોપયુકત પણ ઘણા ૩ अहवा कोहोवउत्ता य माणोवउत्ते य ઘણા ક્રોધોપયુકત અને કોઇ એક માનોપયુકત ૪ अहवा कोहोवउत्ता य मायोवउत्ता य ઘણા ક્રોધોપયુકત અને માયોપયુકત પણ ઘણા ૫ अहवा कोहोवउत्ता य लोहोवउत्ते य ઘણા ક્રોધયુકત અને કોઇ એક લોભયુકત ૬ कोहोवउत्ता य लोहोवउत्ता य ઘણા ક્રોધયુકત અને લોભોયુકત પણ ઘણા ૭ આ રીતે અસંયોગી એક અને દ્વિકસંયોગીક છ મળીને સાત ભાંગા થાય છે.

હવે ત્રણ સંયોગી બાર ભાંગા કહેવામાં આવે છે. अहवा कोहोवउत्ता य माणोवउत्ते य मायोवउत्ते य અથવા ઘણા ક્રોધોપયુકત અને કોઇ એક માનોપયુકત તેમજ માયોપયુકત પણ કોઈ એક હોય છે ૧ कोहोवउत्ता य माणोवउत्ते य मायोवउत्ता य અથવા ઘણા ક્રોધોપયુકત કોઇ એક માનોપયુકત અને ઘણા માયોપયુકત૨ कोहोवउत्ता य माणोवउत्ता य मायोवउत्ते य અથવા ઘણા ક્રોધયુકત અને માનોપયુકત પણ ઘણા હોય છે અને કોઇ એક માયોપયુકત હોય છે. ૩ कोहोवउत्ता य माणोवउत्ता य मायोवउत्ता य અથવા ઘણા ક્રોધ, માન અને માયાથી એ ત્રણેથી યુકત હોય છે. ૪ एवं कोहमाणलोभेणवि चउ એજ પ્રમાણે ક્રોધમાન અને લોભની સાથે પણ ચાર ભાંગા થાય છે. ૫ एवं कोहमाया लोहेणवि चउ એજ પ્રમાણે ક્રોધ માયા અને લોભની સાથે પણ ચાર ભાંગા થાય છે. ૬ एवं बारस આવી રીતે બધા મળીને ત્રિકસંયોગી બાર ભાંગા થાય છે.

હવે ચાર સંયોગી આઠ ભાંગા કહે છે.—पच्छा माणेण मायाए लोभेण य कोहो भइयव्वो ते कोहं अमुंचता अट्ठ) ત્યાર પછી ક્રોધને રાખીને (ક્રોધની સાથે) માન, માયા અને લોભની સાથે આઠ ભાંગા થાય છે, (एवं सत्तावीसं भंगा णेयव्वा) આ રીતે અસંયોગી ૧ દ્વિ સંયોગી ૬ છ ત્રણ સંયોગી ૧૨ અને ચાર સંયોગી ૮ આઠ મેળવતાં ૨૭ સત્યાવીસ ભાંગા થાય છે.

(इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु एग

मेगंसि निरयावासंसि समयाहियाए जहन्नियाए ठिईए वट्टमाणा नेरइया किं कोहोवउत्ता माणोवउत्ता ? मायोवउत्ता ? लोभोवउत्ता ? હે ભગવન્ આ રત્નપ્રભા પૃથ્વીમાં જે ૩૦ ત્રીસ લાખ નરકાવાસ છે તેમાના પ્રત્યેક નરકાવાસમાં સમયાધિક જઘન્ય સ્થિતિમાં રહેલા નારકજીવો શું ક્રોધોપયુકત હોય છે ? કે માનોપયુકત હોય છે ? કે માયોપયુકત હોય છે ? કે લોભોપયુકત હોય છે ! આ પ્રશ્નનો જવાબ આપતાં મહાવીર પ્રભુ આ પ્રમાણે કહે છે.–(गोयमा !) હે ગૌતમ ! (कोहोवउत्ते य, माणोवउत्ते य, मायोवउत्ते य लोभोवउत्ता य ) કોઇ એક ક્રોધોપયુકત હોય છે. કોઇ એક માનોપયુકત હોય છે. કોઈ એક માયોપયુકત હોય છે, કોઇ એક લોભોપયુકત હોય છે ૧ (कोहोवउत्ता य माणोवउत्ता य मायोवउत्ता य लोभोवउत्ता य) ઘણા ક્રોધોપયુકત હોય છે, ઘણા માનોપયુકત હોય છે. ઘણા માયોપયુકત હોય છે. અને ઘણા લોભોપયુકત હોય છે.૨ अहवा कोहोवउत्ते य माणोवउत्ते य અથવા કોઇ એક ક્રોધોપયુકત અને કોઈ એક માનોપયુકત હોય છે. ૩ ( अहवा कोहोवउत्ता य, माणोवउत्ता य) અથવા કોઇ એક ક્રોધોપયુકત અને ઘણા માનોપયુકત હોય છે. ) एवं असीई भंगा नेयव्वा )આ રીતે એંસી ભાંગા સમજવા. ( एवं जाव संखेज्जसमयाहियाए ठिईए, असंखेज्जसमयाहियाए ठिईए, तप्पाउग्गुक्कोसियाए ठिईए सत्तावीसं भंगा भाणियव्वा ) આ રીતે એક સમય અધિકથી લઇને યાવત ૧૦ દસ સમય સંખ્યાત અસંખ્યાત સમય અધિક જઘન્ય સ્થિતિવાળા નૈરયિકોમાં તથા તત્પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નૈરયિકોમાં ૨૭ સત્યાવીસ સત્યાવીસ ભંગ સમજી લેવા ।। સૂ. ૨ ।।

ટીકાર્થ—( संगहो) સંગ્રહગાથા વડે નીચેની બાબતો બતાવવામાં આવે છે– " पुढवी" ઇત્યાદિ. " पुढवी " અહિં લુપ્ત સાતમી વિભક્તિવાળો નિર્દેશ છે. તથા–પૃથ્વી પદ ઉપલક્ષક છે. તે પદ મારફત પૃથિવ્યાદિ જીવાવાસોમાં (૧) સ્થિતિ એટલે કે સ્થિતિસ્થાન, ( સ્થિતિ શબ્દથી અહીં સ્થિતિસ્થાન લેવાયું છે એમ જાણવું) (૨) અવગાહના સ્થાન, (૩) શરીર, (૪) સંહનન, (૫) સંસ્થાન, (૬) લેશ્યા, (૭) દૃષ્ટિ, (૮) જ્ઞાન, (૯) યોગ, અને (૧૦) ઉપયોગ એ દસ વસ્તુઓનો આ ઉદ્દેશકમાં વિચાર કરવામાં આવ્યો છે. ઉપર મુજબ ગાથાનો અર્થ છે. હવે સૂત્રકાર સૌ પહેલાં રત્નપ્રભા પૃથ્વીમાં સ્થિતિસ્થાનોનું નિરૂપણ કરે છે–( इमीसे णं भंते ! ) હે પૂજ્ય ! આ ( रयणप्पभाए पुढवीए ) રત્નપ્રભા પૃથ્વીમાં ( तीसाए निरयावाससयसहस्सेसु ) આવેલા ત્રીસ લાખ નરકાવાસોમાંના ( एगमेगंसि निरयावासंसि ) પ્રત્યેક નરકાવાસમાં ( नेरइयाणं केवइया ठिइट्ठाणा पण्णत्ता ) નારક જીવોનાં કેટલાં સ્થિતિસ્થાન કહ્યાં છે ? આયુના વિભાગોને " સ્થિતિસ્થાન " કહેલ છે. એટલે કે પ્રત્યેક નારકાવાસમાં રહેનાર નારક જીવોનું કેટલું કેટલું આયુષ્ય કહ્યું છે ? ઉત્તર–( गोयमा ! असंखेज्जा ठिइट्ठाणा पन्नत्ता ) હે ગૌતમ ! તીસલાખ નરકાવાસોમાંથી એકએક નારકાવાસમાં રહેતા નારક જીવોનાં અસંખ્યાત સ્થિતિસ્થાન કહ્યાં છે. તેનું

તાત્પર્ય આ પ્રમાણે છે–પહેલી પૃથ્વીની અપેક્ષાએ નારકની જઘન્ય સ્થિતિ દસહજાર વર્ષની અને ઉત્કૃષ્ટની સ્થિતિ એક સાગરોપમની છે. આ જઘન્ય સ્થિતિમાં એક એક સમયની વૃદ્ધિ કરવાથી અસંખ્યાત સ્થિતિસ્થાનો થઈ જાય છે. ઉત્કૃષ્ટ સ્થિતિ વિષે પણ એજ પ્રમાણે સમજવું. કારણ કે સાગરોપમનાં સમય અસંખ્યાતા હોય છે. જેમ કે–કોઇ નારક જીવની જઘન્યસ્થિતિ દસ હજારવર્ષની છે, કોઇ બીજા નારક જીવની જઘન્ય સ્થિતિ દસહજાર વર્ષ કરતાં એક સમય અધિક છે. કોઇ ત્રીજા નારકજીવની જઘન્ય સ્થિતિ દસહજાર વર્ષ કરતાં બે સમયની અધિક હોય છે આ રીતે સાગરોપમ સુધી સમયોની વૃદ્ધિ અસંખ્યાત વિભાગવાળી હોવાથી તેમનું આયુષ્ય પણ અસંખ્યાત વિભાગવાળું હોય છે. આ રીતે નરકાવાસની અપેક્ષાએ અસંખ્યાતા સ્થિતિસ્થાનો હોય છે. આ નરકાવાસોમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિના વિભાગો કેટલાં છે અને કેવાં છે. તે બીજા સૂત્રોની મદદથી જાણી લેવું. જેમ કે પહેલા પાથડાના નરકાવાસોમાં જઘન્ય સ્થિતિ દસહજાર વર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ નેવું હજાર વર્ષની છે. એ વાત આ સૂત્ર મારફત દર્શાવે છે–" तंजहा " ઈત્યાદિ. ( जहण्णिया ठिई ) " જઘન્ય સ્થિતિ દસહજાર વર્ષ આદિની છે. " આ પ્રથમ સ્થિતિનું સ્થાન થયું ? તે સ્થિતિસ્થાન દરેક નરકમાં જુદાં જુદાં છે. ( समयाहिया जहन्निया ठिई ) આ જઘન્ય એટલે ઓછામાં ઓછી સ્થિતિમાં જ્યારે એક સમય વધી જાય છે ત્યારે બીજું સ્થિતિ સ્થાન બની જાય છે, આ પ્રમાણે એક એક સમય વધતાં વધતાં જ્યારે અસંખ્યાતા સમય સુધી આ જઘન્ય આયુષ્ય વધતું જાય છે ત્યારે તેને અસંખ્યાત સમયાધિક જઘન્યાયુ કહેવાય છે. એજ વાત " दुसमयाहिया " ઇત્યાદિ પદો વડે આ રીતે પ્રકટ કરવામાં આવી છે. " दुसमयाहिया जहन्निया ठिई जाव असंखेज्जसमाहिया जहण्णिया ठिई " હવે સૌથી છેલ્લા સ્થિતિસ્થાનને બતાવવાને માટે સૂત્રકાર કહે છે કે "तप्पाउग्गुक्कोसिया ठिई " " આ ઉત્કૃષ્ટ સ્થિતિ અનેક પ્રકારની છે. " તેથી તેને " तत्प्रायोग्य " આ વિશેષણ વડે બતાવવામાં આવેલ છે. જે નરકવાસની જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ બતાવી છે, તે પણ એક સ્થિતિ સ્થાન છે. તે સ્થિતિસ્થાન પણ અનેક પ્રકારનાં છે, કારણ કે જુદા જુદા નરકાવાસની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્થિતિ પણ જુદી જુદી હોય છે, આ સમસ્ત કથનનું તાત્પર્ય આ પ્રમાણે છે–પ્રથમ પૃથ્વીમાં જે ત્રીસ લાખ નરકાવાસ છે, તે નરકાવાસોમાંના જુદા જુદા નરકાવાસોમાં રહેનાર નારક જીવોની સ્થિતિનાં સ્થાનો અસંખ્યાતા છે. કારણ કે જુદા જુદા નરકાવાસોમાં રહેનારા નારક જીવોની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક સરખી તો હોતી જ નથી. પહેલી પૃથ્વીની અપેક્ષાએ આ કથન થયું છે કે જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમની છે. જુદા જુદા નરકાવાસોની અપેક્ષાએ જઘન્ય સ્થિતિનાં પણ અનેક ભેદો છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિનાં પણ અનેક ભેદો છે. કોઇ જીવની દસ હજાર વર્ષની જઘન્ય સ્થિતિ છે તો કોઈ જીવની " એક સમય અધિક દસ હજાર વર્ષની " જઘન્ય સ્થિતિ છે. આ રીતે કોઈ ત્રીજા નારક જીવની બે સમય અધિક, કોઇની ત્રણ સમય

અધિક, કોઇ ચાર સમય અધિક આ રીતે એક સાગરોપમ સુધી સમયોની અધિકતા હોવાથી સ્થિતિ સ્થાનોનાં પણ અસંખ્યાતા ભેદો થાય છે, એજ રીતે પહેલી નરકના પહેલા પ્રસ્તટની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો ત્યાં પણ આ કથન લાગૂ પડે છે-જેમ કે પહેલા પ્રસ્તટમાં જઘન્યની સ્થિતિ દસ હજાર વર્ષની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ નેવું હજાર વર્ષની છે. ત્યાં પણ જઘન્ય સ્થિતિનું એક સ્થાન અને એક સમયાધિક જઘન્ય સ્થિતિનું બીજું સ્થિતિ સ્થાન થાય છે, અને આ રીતે બે સમયાધિક જઘન્ય સ્થિતિનું ત્રીજું સ્થિતિ સ્થાન થઈ જાય છે. અસંખ્યાતા સમય સુધી એક એક સમયની વૃદ્ધિ થતાં થતાં જે અંતિમ જઘન્ય સ્થિતિ આવે છે તેને અસંખ્યાત સમયાધિક જઘન્ય આયુષ્ય કહે છે. અને આ રીતે તે સ્થિતિનાં અસંખ્યાત સ્થાન થાય છે. આ રીતે નેવું હજાર વર્ષનાં ઉત્કૃષ્ટ આયુષ્ય સુધી અસંખ્યાતા સ્થિતિસ્થાનો બની જાય છે.

પૂર્વોક્ત પ્રકારે સ્થિતિસ્થાનોનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર તે સ્થાનોમાં રહેનારા ક્રોધાદિક ઉપયોગ યુક્ત નારક જીવોનું વિભાગ પૂર્વક નિરૂપણ કરવાને માટે સૂત્રકાર કહે છે કે-( **इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु एगमेगंसि निरयावासंसि जहण्णियाए ठिईए वट्टमाणा नेरइया किं कोहोवउत्ता, माणोवउत्ता, मायोवउत्ता, लोभोवउत्ता ?**) હે પૂજ્ય ! રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંના પ્રત્યેક નરકાવાસોમાં જઘન્ય સ્થિતિમાં વર્તમાન નારક જીવો શું ક્રોધોપયુક્ત હોય છે ? કે માનોપયુક્ત હોય છે ? કે માયોપયુક્ત હોય છે ? કે લોભોપયુક્ત હોય છે ? ઉત્તર-( **गोयमा ! सव्वे वि ताव होज्जा, कोहोवउत्ता य** ) હે ગૌતમ ! સમસ્ત નરકાવાસોમાં રહેલ પ્રથમની જઘન્ય સ્થિતિવાળા સમસ્ત નારક જીવો ક્રોધયુક્ત હોય છે. એટલે કે સમસ્ત નરકાવાસોમાં પ્રથમની જઘન્ય સ્થિતિવાળા નારક જીવો સદા કાળ રહે જ છે. તેમાં ક્રોધાયુક્ત નારકો ઘણા હોય છે. તેથી ક્રોધયુક્ત નારક જીવોમાં સત્તાવીસ ભાંગા થાય છે. અને એક, બે, ત્રણ વગેરે અસંખ્યાત સમયથી અધિક અજઘન્ય સ્થિતિવાળા નારક જીવો ક્યારેક જ હોય છે. તેથી તેમનામાં ક્રોધાદિથી ઉપયુક્ત નારક જીવોની સંખ્યા એકથી અનેક હોય છે. તેથી ત્યાં એંસી ભાંગા થાય છે. એકેન્દ્રિય જીવોમાં તો બધા કષાયોથી ઉપયુક્ત જીવો પૃથ્વી, જળ, તેજ, વાયુ અને વનસ્પતિ ગતિમાં ઘણા જ હોય છે. તેથી ત્યાં ભાંગા થતા નથી. એજ વાતને “ **संभवइ** ” ઇત્યાદિ. ગાથામાં કહેવામાં આવી છે.

જ્યાં વિરહનો સંભવ હોય ત્યાં એંસી ભાંગા કરવા અને જ્યાં વિરહનો સંભવ ન હોય ત્યાં ભાંગા કરવા નહીં અથવા ભાંગા કરવા હોય તો સત્તાવીસ ભાંગા કરવા આ ગાથામાં જે “ વિરહ ” કહ્યો છે તે ક્રોધાદિ ઉપયુક્ત નારક જીવોની સત્તાની અપેક્ષાએ જાણવો-તેમની ઉત્પત્તિની અપેક્ષાએ નહીં. કારણ કે રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્પત્તિ વિરહકાળ ચોવીસ મુહૂર્તનો કહ્યો છે. જો અહિં ઉત્પત્તિની અપેક્ષાએ વિરહકાળ લેવામાં આવે તો જ્યાં સત્તાવીસ ભાંગા કહ્યા

છે ત્યાં પણ ઉત્પત્તિના વિરહના સંભવથી એંસી ભાંગા જ થવા જોઇએ-અને સત્તાવીસ ભાંગાનો તો અભાવ જ હોવો જોઇએ. પણ શાસ્ત્રમાં સત્તાવીસ ભાંગા કહ્યા છે.

તેથી એ સારાંશ નીકળે છે કે ઉત્પત્તિની અપેક્ષાએ વિરહ સમજવો નહીં પણ સત્તાની અપેક્ષાએ જ વિરહ સમજવો. " **सव्वे वि ताव होज्जा कोहोवउत्ता** " દરેક નરકમાં પોતપોતાની સ્થિતિની અપેક્ષાએ જઘન્ય સ્થિતિવાળા નારક જીવો નિરંતર બહુ જ હોય છે. તથા નારકીનો ભવ ક્રોધના ઉદયથી ભરપૂર હોય છે-એટલે કે નારકીનો ભવ ક્રોધની અધિકતાથી સદા કાળ વ્યાપ્ત હોય છે. તે કારણે સમસ્ત નારક જીવો ક્રોધથી ઉપયુક્ત હોય છે. આ પહેલો ભાંગો છે. ( **अहवा** ) ઈત્યાદિ સૂત્ર દ્વારા દ્વિક સંયોગ, ત્રિક સંયોગ, અને ચતુષ્ક સંયોગ સંબંધી ભાંગા બતાવવમાં આવ્યો છે.જે આ પ્રમાણે છે. તેમાંના પહેલા દ્વિકસંયોગમાં ભાંગા આ પ્રમાણે છે-( **कहोवउत्ता य माणावउत्ते य** ) ક્રોધોપયુક્ત માનોપયુક્ત-આ દ્વિક સંયોગમાં છએ ભાંગામાં ક્રોધને બહુવચનથી યુક્ત રાખીને છ ભાંગા કરવામાં આવ્યા છે. તે છ ભાંગા આ રીતે કરવા-(૧) ક્રોધવાળા ઘણા અને માનવાળા કોઇક જ, (૨) ક્રોધવાળા ઘણા અને માનવાળા પણ ઘણા, (૩) ક્રોધવાળા ઘણા અને માનવાળા કોઇ એક જ, (૪) ક્રોધવાળા ઘણા અને માયાવાળા પણ ઘણા, (૫) ક્રોધવાળા ઘણા અને લોભવાળો કોઈ એક જ (૬) ક્રોધવાળા ઘણા અને લોભવાળા પણ ઘણા. આ રીતે દ્વિક સંયોગ વડે ઉપરોક્ત છ ભાંગા થાય છે.

હવે ત્રિક સંયોગ વડે બાર ભાંગા બને છે. અહિં ક્રોધી નારક જીવો ઘણા હોવાથી ક્રોધ દરેક ભાંગામાં બહુવચનમાં રહે છે. હવેબાર ભાંગા નીચે મુજબ જાણવા-(૧) ક્રોધી ઘણા તથા માની અને માયાવી કોઇક જ, (૨) ક્રોધી ઘણા માની કોઇકિ જ માયાવી ઘણા, (૩) ક્રોધી ઘણા માની પણ ઘણા પણ માયાવી કોઇક જ. (૪) ક્રોધી ઘણા, માની અને માયાવી પણ ઘણા, ક્રોધ, માન અને માયા એ પદ્ધતિથી જેમ ચાર ભાંગા ઉપર બતાવ્યા એજ પદ્ધતિથી ક્રોધ, માન અને લોભથી પણ ચાર ભાંગા બને છે. તે આ પ્રમાણે છે. (૧) ક્રોધી ઘણા તથા માની અને લોભી કોઇક જ, (૨) ક્રોધી ઘણા, માની કોઈકિ જ અને લોભી ઘણા, (૩) ક્રોધી ઘણા, માની ઘણા, પણ લોભી કોઈકિ જ. (૪) ક્રોધી ઘણા તેમજ માની અને લોભી પણ ઘણા. એજ પ્રમાણે ક્રોધ, માયા અને લોભથી પણ ચાર ભાંગા બને છે, જે નીચે મુજબ છે. (૧) ક્રોધી ઘણા તથા માયાવી અને લોભી કોઈકિ જ (૨) ક્રોધી ઘણા માયાવી કોઇક જ અને લોભી ઘણા. (૩) ક્રોધી ઘણા, માયાવી ઘણા પણ લોભી કોઇક જ. (૪) ક્રોધી ઘણા અને માયાવી તથા લોભી પણ ઘણા આ રીતે ત્રિક સંયોગીના બાર ભાંગા જાણવા.

ચારના સંયોગથી આઠ ભાંગા નીચે મુજબ થાય છે-(૧) ક્રોધી ઘણા માની માયાવી તથા લોભી કોઇક જ. (૨) ક્રોધી ઘણા, માની, માયાવી કોઇક જ અને લોભી ઘણા, (૩) ક્રોધી ઘણા, માયાવી ઘણા અને માની તથા લોભી કોઇક જ. (૪) ક્રોધી ઘણા, માની કોઇક જ માયાવી તથા લોભી ઘણા આ રીતે માનીને એકવચનમાં રાખીને ચાર ભાંગા બન્યા, હવે માનને બહુવચનમાં રાખીને નીચે મુજબ ચાર ભાંગા બને છે. (૫) ક્રોધી ઘણા માની ઘણા માયાવી તથા લોભી કોઇક જ. (૬) ક્રોધી ઘણા માની ઘણા અને લોભી પણ ઘણા અને માયાવી કોઇક જ. (૭) ક્રોધી ઘણા માની ઘણા માયાવી ઘણા પણ લોભી કોઇક જ, (૮) ક્રોધી ઘણા, માની ઘણા માયાવી તથા લોભી પણ ઘણા. આ રીતે ચારના સંયોગથી આઠ ભાંગા થયા.

આ રીતે જઘન્ય સ્થિતિવાળા નારક જીવોમાં એક, છ, બાર અને આઠ ભાંગાનો સરવાળો કરવાથી કુલ સત્તાવીસ ભંગા થાય છે, જઘન્ય સ્થિતિવાળા નારક જીવો સંબંધી સત્તાવીસ ભાંગોમાં ક્રોધને સર્વત્ર બહુવચનરૂપે લેવાનું કારણ એ છે કે જઘન્ય સ્થિતિમાં રહેનારા ક્રોધી નારક જીવો હંમેશાં ઘણા જ હોય છે.

હવે મૂળ સૂત્રનો અર્થ આપવામાં આવે છે-(गोयमा!) હે ગૌતમ ! જઘન્ય સ્થિતિમાં રહેનારા (**सव्वे वि ताव होज्जा कोहोवउत्ता य, अहवा कोहोवउत्ता य माणोवउत्ते य, अहवा कोहोवउत्ता य माणोवउत्ता य, अहवा कोहोवउत्ता य मायोवउत्ते य, इत्यादि**) એ બધા ક્રોધોપયુક્ત હોય છે, અથવા ઘણા નારકો ક્રોધોપયુકત હોય છે અને કોઇક મનોપયુકત હોય છે. અથવા ઘણા ક્રોધોપયુક્ત અને માનોપયુક્ત હોય છે. અથવા ઘણા ક્રોધોપયુક્ત હોય છે, અને કોઇક માયોપયુક્ત હોય છે. અથવા ઘણા ક્રોધોપયુક્ત અને માયોપયુક્ત હોય છે. અથવા ઘણા ક્રોધોપયુક્ત અને કોઇક લોભોપયુક્ત હોય છે. અથવા ઘણા ક્રોધોપયુક્ત અને લોભોપયુક્ત હોય છે.

ત્રિક સંયોગી ભાંગાઓનું સ્વરૂપ આ પ્રમાણે છે- (**अहवा-कोहोवउत्ता य माणोवउत्ते य, मायोवउत्ते य**) અથવા ઘણા ક્રોધોપયુક્ત હોય છે અને કોઇ એક મનોપયુકત અને માયોપયુક્ત હોય છે.( **कोहोवउत्ताय माणोवउत्ते य मायोवउत्ता य** ) અથવા ઘણા ક્રોધયુકત અને માયાયુકત હોય છે અને કોઈ એક માનોપયુકત હોય છે. (**कोहोवउत्ता य, मणोवउत्ता य, मायोवउत्ते य**) અથવા ઘણા ક્રોધોપયુકત અને માનોપયુકત હોય છે અને કોઇ એક માયોપયુકત હોય છે. (**कोहोवउत्ता य माणोवउत्ता य, मायोवउत्ता य**) અથવા ઘણા ક્રોધ, માન અને માયા એ ત્રણેથી ઉપયુકત હોય છે. (**एवं कोहमाया लोभेण वि चउ**) એજ પ્રમાણે ક્રોધ, માયા અને લોભની સાથે પણ ચાર ભાંગા બનાવવા. (**एवं कोहमाणलोभेण वि चउ**) એજ પ્રમાણે ક્રોધ, માન અને લોભની સાથે પણ ચાર ભાંગા બનાવવા જોઇએ. આ ભાંગાઓને ટીકામાં આગળ બતાવવામાં આવેલ છે. તેથી અહીં તે ભાંગાઓ બતાવવામાં આવ્યા નથી. (**एवं बारस**) આ રીતે તે બધા ભાંગાઓને ભેગા કરવાથી બાર ભાંગા બની જાય છે. (**पच्छा माणेण मायाए लोभेण य कोहो भइयव्वो**) ત્યાર પછી માન, માયા અને લોભની સાથે ક્રોધની ભજના કરવી જોઇએ. (**ते कोहं अमुंचता**) ક્રોધને છોડયા વિના (ક્રોધની સાથે) ચાર સંયોગી આઠ ભાંગા

કરવા જોઈએ. (एवं सत्तावीसं भंगा णेयव्वा) આ રીતે પૂર્વોક્ત પદ્ધતિ અનુસાર એક, છ, બાર અને આઠ ભંગોને ભેગા કરવાથી કુલ સત્તાવીસ ભાંગા બને છે. તે બધા ભાંગાનું સ્પષ્ટીકરણ આગળ ટીકામાં કરવામાં આવ્યું છે.

## રત્નપ્રભામેં સ્થિતિ સ્થાન કા નિરૂપણ

એક સમય અધિક જઘન્ય સ્થિતિની અપેક્ષાએ એંસી ભાંગા બતાવવાને માટે સૂત્રકાર કહે છે કે (इमीसे णं भंते! रयणप्पभाए पुढवीए तीसाए निरयावाससयसहस्सेसु एगमेगंसि निरयावासंसि समयाहियाए जहन्नट्ठिईए वट्टमाणा नेरइया किं कोहोवउत्ता, माणोवउत्ता, मायोवउत्ता लोभोवउत्ता ?) હે ભગવન્! આ રત્નપ્રભા પૃથ્વીમાં જે ત્રીસ લાખ નરકાવાસ છે તેમાંના પ્રત્યેક નરકાવાસમાં સમયાધિક જઘન્ય સ્થિતિમાં રહેલ નારક જીવો શું ક્રોધોપયુક્ત હોય છે? કે માનોપયુક્ત હોય છે? કે માયોપયુક્ત હોય છે? કે લોભોપયુક્ત હોય છે? તેનો જવાબ મહાવીર પ્રભુ આ પ્રમાણે આપે છે-(गोयमा !) હે ગૌતમ! (कोहोवउत्ते य माणोवउत्ते य मायोवउत्ते य लोभोवउत्ते य) કોઈ એક ક્રોધોપયુક્ત હોય છે, કોઈ એક માનોપયુક્ત હોય છે, કોઈ એક માયોપયુક્ત હોય છે, અને કોઈ એક લોભોપયુક્ત હોય છે. (कोहोवउत्ता य माणोवउत्ता य, मायोवउत्ता य, लोभोवउत्ता य) ઘણા ક્રોધોપયુત હોય છે, ઘણા માનોપયુક્ત હોય છે, ઘણા માયોપયુક્ત હોય છે અને ઘણા લોભોપયુક્ત પણ હોય છે. (अहवा कोहोवउत्ते य माणोवउत्ते य) અથવા કોઇ એક ક્રોધયુક્ત હોય છે,અને કોઇ એક માનોપયુક્ત હોય છે. (अहवा कोहोवउत्ते य माणोवउत्ता य) અથવા કોઈ એક ક્રોધયુક્ત હોય છે અને ઘણા માનોપયુક્ત હોય છે. (एवं असीई भंगा नेयव्वा) આ પ્રમાણે ૮૦ ભાંગા બને છે એમ સમજવું (एवं जाव संखेज्जसमयाहियाए ठिई) આ રીતે બે સમયથી શરૂ કરીને સંખ્યાત સમયાધિક સ્થિતિ પર્યન્ત પ્રત્યેકના ૮૦ ભાંગા સમજવા તથા (असंखेज्जसमहियाए ठिईए तप्पाउग्गुक्कोसियाए ठिईए सत्तावीसं भंगा भाणियव्वा) અસંખ્યાત સમયાધિક સ્થિતિમાં તથા વિવક્ષિત નરકાવાસને યોગ્ય ઉત્કૃષ્ટ સ્થિતિમાં પૂર્વોક્ત ૨૭ ભાંગા જ જાણવા કારણ કે ત્યાં નારક જીવો ઘણા હોય છે. આ પ્રમાણે મૂળ સૂત્રનો અર્થ છે. હવે તેનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે–એક સયમથી લઇને સંખ્યાત અધિક સમયવાળી જઘન્યસ્થિતિમાં કેટલીક વખતે નારક જીવો હોતા જ નથી-અને જો કદાચ હોયતો એકપણ હોઇ શકે અને અનેક પણ હોઇ શકે. તથા એક આદિ સંખ્યાત સમયાધિક ઉત્કૃષ્ટ સ્થિતિના નારક જીવો પણ કોઇ સમયમાં જ હોય છે. તેમનામાં ક્રોધાદિ ઉપયુક્ત નારક જીવોની સંખ્યા એક અને અનેક હોઇ શકે છે. તેથી ૮૦ ભાંગા બની જાય છે. તે ભાંગા હવે બતાવવામાં આવે છે. ક્રોધ, માન, માયા. અને લોભમાં એકત્વ સંખ્યાની અપેક્ષાએ ૪ ભાંગા થાય છે, જેમ કે કોઇ એક ક્રોધથી યુકત હાય છે. કોઇ એક માનથી

યુક્ત હોય છે. કોઇ એક માયાથી યુક્ત હોય છે, કોઇ એક લોભથી યુક્ત હોય છે. તથા ક્રોધાદિકોમાં બહુત્વની અપેક્ષાએ ૪ ભાંગા થાય છે. જેમ કે અનેક નારક જીવ ક્રોધોપયુક્ત હોય છે, માનોપયુક્ત હોય છે, માયોપયુક્ત હોય છે. અને લોભોપયુક્ત હોય છે. તે ક્રોધાદિકના દ્વિકસંયોગથી ૨૪ ભંગ થાય છે જેમ કે- ક્રોધ અને માનમાં એકવચન અને બહુ-વચન લઈને ૪ ભાંગા બની જાય છે. એજ પ્રમાણે ક્રોધ અને માયામાં એકવચન અને બહુવચન લઇને બીજા ચાર ભાંગા બને છે. એજ પ્રમાણે ક્રોધ અને લોભમાં એકવચન અને બહુવચન લઈને ૪ ભાંગા બને છે. માન અને માયામાં એક વચન બહુવચન લઇને ચાર ભાંગા બને છે. માન અને લોભમાં એકવચન તથા બહુવચન લઇને ચાર ભાંગા બને છે. તથા માયા અને લોભમાં એક વચન તથા બહુવચન લઈ ને ચાર ભાંગા થાય છે. આ બધા ભાંગાનો સરવાળો ૨૪ થાય છે. તે આ પ્રમાણે છે.

(૧) કોઈ એક નારક જીવ ક્રોધથી ઉપયુકત હોય છે અને માનથી પણ ઉપયુક્ત હોય છે. (૨) કોઈ એક નારક જીવ ક્રોધથી ઉપયુક્ત હોય છે અને અનેક નારક જીવ માનોપયુક્ત હોય છે.(૩) અનેક નારક જીવ ક્રોધયુક્ત હોય છે અને કોઇએક નારક જીવ માનયુક્ત હોય છે. (૪) ઘણા નારક જીવ ક્રોધયુક્ત અને માનયુક્ત હોય છે. (૫) કોઈ એક નારક જીવ ક્રોધયુકત અને કોઇ એક માયાયુકત હોય છે. (૬) કોઇ એક નારક જીવ ક્રોધથી ઉપયુક્ત હોય છે અને અનેક નારક જીવ માયાથી ઉપયુક્ત હોય છે. (૭) અનેક નારક જીવ ક્રોધથી યુક્ત હોય છે અને એક નારક જીવ માયાથી ઉપયુક્ત હોય છે. (૮) અનેક નારક જીવ ક્રોધથી અને માયાથી ઉપયુક્ત હોય છે. (૯) કોઇ એક નારક જીવ ક્રોધ અને લોભથી યુક્ત હોય છે. (૧૦) કોઇ એક ક્રોધથી અને અનેક લોભથી ઉપયુક્ત હોય છે. (૧૧)અનેક નારકજીવ ક્રોધથી ઉપયુક્ત હોય છે તો કોઇ એક નારક જીવ લોભથી ઉપયુક્ત હોય છે. (૧૨) અનેક નારક જીવ ક્રોધ અને લોભથી ઉપયુક્ત હોય છે. (૧૩) કોઇ એક નારક જીવ માનથી અને માયાથી ઉપયુક્ત હોય છે. (૧૪) કોઇ એક નારક જીવ માનથી ઉપયુક્ત હોય છે અને અનેક નારક જીવ માયાથી ઉપયુક્ત હોય છે. (૧૫) અનેક નારક જીવ માનથી ઉપયુક્ત હોય છે અને કોઇ એક નારક જીવ માયાથી ઉપયુક્ત હોય છે. (૧૬) અનેક નારક જીવ માનથી અને માયાથી પણ ઉપયુક્ત હોય છે. (૧૭) કોઇ એક નારક જીવ માનથી અને લોભથી ઉપયુક્ત હોય છે. (૧૮) કોઇ એક નારક જીવ માનથી અને અને અનેક નારક જીવ લોભથી ઉપયુક્ત હોય છે. (૧૯) અનેક નારક જીવ માનયુક્ત અને કોઇ એક નારક જીવ લોભયુક્ત હોય છે. (૨૦) અનેક નારક જીવ માનથી અને લોભથી ઉપયુકત હોય છે. (૨૧) કોઇ એક નારકજીવ

માયાથી અને લોભથી ઉપયુકત હોય છે. (૨૨) કોઈ એક નારક જીવ માયાથી ઉપયુકત હોય છે અને અનેક લોભથી ઉપયુકત હોય છે. (૨૩) અનેક નારક જીવો માયાથી અને કોઇએક લોભથી હોય ઉપયુકત છે. (૨૪) અનેક નારક જીવો માયાથી અને લોભથી ઉપયુકત હોય છે. એ રીતે ૨૪ ભાંગા બને છે.

ત્રણના સંયોગથી આ રીતે ૩૨ ભાંગા બને છે-ક્રોધ, માન, માયા, એ ત્રણે એકવચનમાં રાખીને એક ભાંગો થાય છે. તે ત્રણેમાંથી માયાને બહુવચનમાં મૂકીને બીજો ભાંગો થાય છે. ઉપરના બન્ને ભાંગામાં માનને બહુવચનમાં મૂકીને ત્રીજો તથા ચોથો ભાંગો બને છે. આ રીતે ત્રણના સંયોગથી એ ચાર ભાંગા બની જાય છે. આ ચાર ભાંગામાં ક્રોધને બહુવચનમાં રાખીછે બીજા ચાર ત્રિક સંયોગી ભાંગા બને છે. આ રીતે ક્રોધ, માન, અને માયાના સંયોગથી ત્રિક સંયોગી ૮ આઠ ભાંગા બની જાય છે. એજ પ્રમાણે ક્રોધ, માન અને લોભના સંયોગથી બીજા આઠ ભાંગા બનાવી શકાય છે. એજ પ્રમાણે ક્રોધ' માયા અને લોભના ત્રિકસંયોગી ત્રીજા આઠ ભાંગા બનાવી લેવા જોઇએ. અને માન, માયા તથા લોભના સંયોગથી ત્રિકસંયોગી ચોથા આઠ ભાંગા બનાવી લેવા જોઈએ. તે ૩૨ ભાગાઓનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે.

(૧) કોઇ એક નારક જીવ ક્રોધોપયુકત, માનોપયુકત અને માયોપયુકત હોય છે. આ ત્રણેમાં એક વચન રહેલ છે. (૨) કોઇ એક નારક જીવ ક્રોધોપયુકત અને માનોપયુકત હોય છે અનેક નારક જીવો માયોપયુકત હોય છે. આ ભાંગામાં ક્રોધ અને માનમાં એકત્વ અને માયામાં બહુત્વ હોય છે. (૩) કોઇ એક નારક જીવ ક્રોધોપયુકત, માયોપયુકત હોય છે અને અનેક નારક જીવો માનોપયુક્ત હોય છે. આ ભાંગામાં માનને બહુવચનમાં મૂકયું છે. (૪) કોઇ એક નારક જીવ ક્રોધોપયુક્ત હોય છે. અરે ઘણા નારક જીવો માનોપયુકત હોય તથા માયોપયુકત હોય છે. આ ભાંગામાં માન, અને માયાને બહુવચનમાં મૂકેલ છે. (૫) અનેક નારક જીવો ક્રોધોપયુકત હોય છે અને કોઇ એક નારક જીવ માનોપયુકત અને માયોપયુકત હોય છે. (૬) અનેક નારક જીવ ક્રોધોપયુકત અને માયોપયુકત હોય છે અને કોઇ એક નારક જીવ માનોપયુકત હોય છે. (૭) **અનેક નારક જીવો ક્રોધોપયુકત અને માનોપયુકત હોય છે અને કોઇ એક નારક** જીવ માયોપયુકત હોય છે. (૮) અનેક નારક જીવો ક્રોધોપયુકત, માનોપયુકત અને માયોપયુકત હોય છે. આ ભાંગામાં ત્રણેને બહુવચનમાં મૂકયા છે. (૯) કોઇ એક નારક જીવ ક્રોધોપયુકત, માનોપયુકત અને લોભોપયુકત હોય છે. આ ભાંગા ત્રણેને એક વચનમાં મૂકયાં છે. (૧૦) કોઈ એક નારક જીવ ક્રોધોપયુકત અને માનોપયુકત હોય છે. તથા અનેક નારક જીવો લોભોપયુકત હોય છે. (૧૧) અનેક નારક જીવો ક્રોધોપયુકત અને માનોપયુકત હોય છે તથા કોઇ એક નારક જીવ લોભોપયુકત હોય છે. (૧૨) અનેક નારક જીવો માનયુકત અને લોભયુકત હોય છે તથા કોઇ એક નારક જીવ ક્રોધોપયુકત હોય છે. (૧૩) નારક જીવો ક્રોધોપયુકત હોય છે કોઈ એક માનોપયુકત અને કોઇ એક લોભોપયુકત હોય છે. (૧૪) અનેક નારકો ક્રોધ અને લોભયુકત હોય છે જ્યારે કોઇ એક માનયુકત હોય છે, (૧૫) અનેક નારકો અને માનથી ઉપયુકત અને કોઇ એક

લોભોપયુકત હોય છે. (૧૬) અનેક નારક જીવો ક્રોધોપયુકત, માનોપયુકત અને લોભોપયુકત હોય છે. હવે માનની જગ્યાએ માયાને મૂકવાથી નીચે પ્રમાણે આઠ બીજા ભાંગા બનશે (૧૭) કોઇ એક નારક જીવ ક્રોધોપયુકત, માયોપયુકત અને લોભોપયુકત હોય છે. (૧૮) કોઈ એક નારક જીવ ક્રોધોપયુકત અને માયોપયુકત હોય છે અને ઘણા નારક જીવો લોભોપયુકત હોય છે. (૧૯) કોઇ એક નારક જીવો ક્રોધોપયુકત અને લોભોપયુકત હોય છે. અને ઘણા નારકો માયોપયુકત હોય છે. (૨૦) કોઇ એક નારક જીવ ક્રોધોપયુકત અને ઘણા નારક જીવો માયોપયુકત અને ઘણા લોભોપયુકત હોય છે. (૨૧) ઘણા નારક જીવો ક્રોધોપયુકત અને કોઈ એક નારક જીવ માયોપયુકત અને લોભોપયુકત હોય છે. (૨૨) ઘણા નારક જીવો ક્રોધોપયુકત અને લોભોપયુકત હોય છે. અને કોઇ એક નારક જીવ માયોપયુકત હોય છે. (૨૩) ઘણા નારક જીવો ક્રોધોપયુકત અને માયોપયુકત હોય છે અને કોઇ એક નારક જીવ લોભોપયુકત હોય છે. (૨૪) ઘણા નારક જીવો ક્રોધોપયુકત, માયોપયુકત અને લોભોપયુકત હોય છે. હવે ક્રોધની જગ્યાએ માન મૂકીને ચોથા આઠ ત્રિકસંયોગી ભાંગા નીચે પ્રમાણે બનશે-(૨૫) કોઇ એક નારક જીવ માનોપયુકત, માયોપયુકત અને લોભોપયુકત હોય છે. (૨૬) કોઇ એક નારક જીવ માનોપયુકત, માયોપયુકત હોય છે અને ઘણા લોભોપયુકત હોય છે. (૨૭) કોઇ એક નારક જીવ માનોપયુકત અને ઘણા નારક જીવો માયોપયુક્ત અને કોઈ એક લોભોપયુકત હોય છે. (૨૮) કોઇ એક નારક જીવ માનોપયુકત અને ઘણા માયોપયુકત અને લોભોપયુકત હોય છે. (૨૯) ઘણા નારકો માનોપયુકત અને કોઇ એક નારક માયોપયુકત અને લોભોપયુકત હોય છે. (૩૦) ઘણા નારકો માનોપયુકત અને લોભોપયુકત અને કોઇ એક નારક માયોપયુકત હોય છે. (૩૧) ઘણા નારકો માનોપયુકત અને માયોપયુકત અને કોઈ એક નારક જીવ લોભોપયુકત હોય છે. (૩૨) ઘણા નારકો માનોપયુકત, માયોપયુકત અને લોભોપયુકત હોય છે.

હવે ચતુષ્ક સંયોગ દ્વારા ૧૬ ભાંગા આ પ્રમાણે બને છે.-

ક્રોધ, માન, માયા અને લોભ એ ચારેને એક વચનમાં રાખીને પહેલો ભાંગો બને છે. લોભને બહુવચનમાં રાખીને બીજો ભાંગો બને છે. હવે માયાને બહુ-વચનમાં મૂકીને ત્રીજો તથા ચોથો ભાંગો બનશે. પહેલા બે ભાંગા માયાને એક વચનમાં રાખીને બનેલા છે. અને ત્રીજો ચોથો ભાંગો માયાને બહુવચનમાં રાખીને બને છે. આ રીતે ચાર ભાંગા થાય છે. ઉપરના ચારે ભાંગામાં માનને બહુવચનમાં રાખીને બીજા ચાર ભાંગા બને છે. આ રીતે જે આઠ ભાંગા બને છે તે આઠે માં ક્રોધને બહુવચનમાં રાખીને બીજા આઠ ભાંગા બને છે. પહેલા આઠ ભાંગામાં ક્રોધને એક વચનમાં રાખ્યો છે. આ રીતે કુલ ૧૬ ભાંગા ચારના સંયોગથી બને છે. હવે તે સોળ ભાંગા વિગતથી આપવામાં આવે છે—

(૧) કોઇ એક નારક જીવ ક્રોધોપયુકત, માનોપયુકત, માયોપયુકત અને લોભો-પયુકત હોય છે. (૨) કોઇ એક નારક જીવ ક્રોધોપયુકત, માનોપયુકત, માયો-

પયુકત અને ઘણા નારક જીવો લોભોપયુકત હોય છે. (૩) કોઇ એક નારક જીવ ક્રોધોપયુકત, માનોપયુકત અને લોભોપયુકત હોય છે અને ઘણા નારકો માયોપયુકત હોય છે, (૪) કોઇ એક નારકજીવ ક્રોધોપયુકત અને માનોપયુકત હોય છે અને ઘણા નારક જીવો માયોપયુકત અને લોભોપયુકત હોય છે. (૫) કોઇ એક નારકજીવ ક્રોધોપયુકત, માયોપયુકત અને લોભોપયુકત હોય છે અને અને ઘણા નારક જીવો માનોપયુકત હોય છે. (૬) કોઇ એક નારક જીવ ક્રોધોપયુકત અને માયોપયુકત હોય છે અને ઘણા નારકો માનોપયુકત અને લોભોપયુકત હોય છે. (૭) કોઇ એક નારક જીવ ક્રોધોપયુકત અને લોભોપયુકત હોય છે અને ઘણા નારકો માનોપયુકત અને માયોપયુકત હોય છે. (૮) કોઈ એક નારક જીવ ક્રોધોપયુકત હોય છે અને ઘણા નારક જીવો માનોપયુકત માયોપયુત અને લોભોપયુકત હોય છે. (૯) ઘણા નારક જીવો ક્રોધો-પયુકત, અને કોઇ એક નારક જીવ માનોપયુકત, માયોપયુકત અને લોભોપયુકત હોય છે. (૧૦) ઘણા નારક જીવો ક્રોધોપયુકત અને લોભોપયુકત હોય છે. અને કોઇ એક નારક જીવ માનોપયુકત તથા માયોપયુકત હોય છે. (૧૧) ઘણા નારક જીવો ક્રોધોપયુક્ત અને માયોપયુકત હોય છે અને કોઈ એક નારક જીવ માનોપયુકત અને લોભોપયુકત હોય છે. (૧૨) ઘણા નારક જીવો ક્રોધોપયુકત, માયોપયુકત અને લોભોપયુકત હોય છે અને કોઈ એક નારકજીવ માનોપયુકત હોય છે. (૧૩) ઘણા નારક જીવો ક્રોધોપયુકત અને માનોપયુકત હોય છે અને કોઇ એક નારક જીવ માયોપયુકત અને લોભોપયુકત હોય છે. (૧૪) ઘણા નારક જીવો ક્રોધોપયુકત. માનોપયુકત અને લોભોપયુકત હોય છે અને કોઇ એક નારક જીવ માયોપયુકત હોય છે. (૧૫) ઘણા નારક જીવો ક્રોધોપયુકત માનોપયુકત અને માયોપયુકત હોય છે. અને કોઇ એક નારક જીવ લોભોપયુકત, હોય છે. (૧૬) ઘણા નારક જીવો ક્રોધોપયુકત, માનોપયુકત માયોપયુકત અને લોભોપયુકત હોય છે. આ રીતે ચતુષ્ક સંયોગી ૧૬ ભાંગા અને છે ક્રોધાદિકોના એકવચનમાં ૪ ભાંગા ક્રોધાદિકોના બહુવચનમાં ૪ ભાંગા ક્રોધાદિકોના દ્વિકસંયોગી ૨૪ ભાંગા ક્રોધાદિ કોના ત્રિકસંયોગી ૩૨ ભાંગા અને ક્રોધાદિકોના ચતુષ્કસંયોગી ૧૬ ભાંગા. એ બધા ભાંગાઓનો સરવાળો ૮૦ થાય છે. આ રીતે બે સમયથી શરૂ કરીને સંખ્યાત સમય પર્યંત પ્રત્યેકના એંસી ભાંગા સમજવા. તથા અસંખ્યાત સમયાધિક જે જઘન્ય સ્થિતિ છે તેમાં વિવક્ષિત નરકાવાસને યોગ્ય જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે તેમાં સત્તાવીસ ભાંગા જ થાય છે એમ સમજવું. આ બાબતનું પ્રતિપાદન મૂળ સૂત્રના અર્થમાં કરી દેવામાં આવ્યું છે. ॥ સૂ. ૨ ॥

અવગાહના સ્થાન—

સ્થિતિસ્થાનોનું વિસ્તારપૂર્વક નિરૂપણ કરીને હવે સૂત્રકાર અવગાહના સ્થાનનું નિરૂપણ કરવા માટે સૂત્ર કહે છે—"इमीसे णं भंते!" ઇત્યાદિ ।

સરલ હોવાથી મૂલાર્થ આપવામાં આવેલ નથી.

ટીકાર્થ—(इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए) હે ભગવન્! આ રત્નપ્રભા પૃથ્વીમાં (तीसाए निरयावाससयसहस्सेसु) જે ત્રીસ લાખ નરકાવાસ કહ્યાં છે તેમાં (एगमेगंसि निरयावासंसि) પ્રત્યેક નરકાવાસમાં રહેનારા (नेरइयाणं केवइया ओगाहणा पण्णत्ता ?) નારક જીવોનાં કેટલાં અવગાહનાસ્થાન કહ્યાં છે ?

ઉત્તર—(गोयमा !) હે ગૌતમ ! (असंखेज्जा ओगाहणाठाणा पण्णत्ता) તેમનાં અવગાહના સ્થાન અસંખ્યાત કહ્યાં છે (तंजहा) તે આ પ્રમાણે છે- (जहण्णिया ओगहणा) જઘન્ય અવગાહના (તે જઘન્ય અવગાહના સમસ્ત નરકોમાં અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણુ હોય છે.) (पएसाहिया जहण्णिया ओगाहणा) જ્યારે એક પ્રદેશાધિક થાય છે એટલે કે જ્યારે જઘન્ય અવગાહનામાં એક પ્રદેશની વૃદ્ધિ થાય છે ત્યારે તે જઘન્ય અવગાહનાને "એકપ્રદેશાધિક જઘન્ય અવગાહના" કહે છે. (दुपएसाहिया जहण्णिया ओगाहणा) જ્યારે તે જઘન્ય અવગાહનામાં બે પ્રદેશનો વધારો થાય છે ત્યારે તે જઘન્ય અવગાહનાને "દ્વિપ્રદેશાધિક જઘન્ય અવગાહના" કહે છે, આ રીતે (जाव असंखिज्ज-पएसाहिया जहण्णिया ओगाहणा) અસંખ્યાત પ્રદેશાધિક સુધીની જઘન્ય અવ-ગાહના હોય છે. અહીં "यावत्" પદથી એ સૂચિત કરવામાં આવ્યું છે કે ત્રિપ્રદેશાધિકથી લઈને ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દસપ્રદેશાધિક જઘન્ય અવગાહના તથા સંખ્યાતપ્રદેશાધિક જઘન્ય અવગાહનાનું ગ્રહણુ હોય છે. જેમાં જીવ રહે છે તે ક્ષેત્રને અવગાહના એટલે કે શરીર કહે છે. અથવા-શરીરનું જે આધારભૂત ક્ષેત્ર છે તેને અવગાહના કહે છે. તે અવગાહનાના પ્રદેશની વૃદ્ધિ વડે જે વિભાગો થાય છે તે વિભાગોને અવગાહનાસ્થાન કહે છે. બધી નરકોમાં નારક જીવોની ઓછામાં ઓછી અવગાહના (જઘન્ય અવગાહના) અંગુલના અસંખ્યાતમાં ભાગપ્રમાણુ કહી છે. આ જઘન્ય અવ-

ગાહનામાં એક, બે, ત્રણ વગેરે પ્રદેશોની વૃદ્ધિ થતાં થતાં જ્યાં સુધી તે વૃદ્ધિ અસંખ્યાત પ્રદેશોની વૃદ્ધિ સુધી પહોંચે છે, ત્યાં સુધીની અવગાહનાને પ્રદેશોની વૃદ્ધિયુક્ત જઘન્ય અવગાહના કહી છે. અને તે પ્રદેશવૃદ્ધિને જ અવગાહના-સ્થાનો કહે છે. આ રીતે તે અવગાહનાસ્થાન અસંખ્યાત હોય છે. ( **तप्पा-उग्गुक्कोसिया ओगाहणा** ) તથા વિવક્ષિત નારકને યોગ્ય જે ઉત્કૃષ્ટ અવગાહના હોય છે તેને " તત્પ્રાયોગ્ય ઉત્કર્ષિકા અવગાહના " કહે છે. જેમ કે તેરમા પ્રસ્તટમાં ( પાથડામાં ) રહેનાર નારક જીવોની ઉત્કૃષ્ટ અવગાહના સાત ધનુષ, ત્રણ રત્નિ ( હાથ ) અને છ અંગુલ પ્રમાણ છે. ( **इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए** ) હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં (**तीसाए निरयावाससयसहस्सेसु**) ત્રીસ લાખ નરકાવાસોમાંના ( **एगमेगंसि निरयावासंसि** ) પ્રત્યેક નરકાવાસમાં ( **जहण्णियाए ओगाहणाए वट्टमाणा नेरइया** ) જઘન્ય અવગાહનામાં રહેલ નારક જીવો ( **किं कोहोवउत्ता, माणोवउत्ता, मायोवउत्ता, लोभोवउत्ता ?** ) શું ક્રોધોપયુક્ત હોય છે ? માનોપયુક્ત હોય છે ? માયોપયુક્ત હોય છે ? લોભોપયુક્ત હોય છે ? ભગવાન્ મહાવીરસ્વામી તે પ્રશ્નનો આ પ્રમાણે જવાબ આપે છે–(**गोयमा!**) હે ગૌતમ ! **असीई भंगा भाणियव्वा** ) અહીં એંસી ભાંગા કહેવા જોઈએ. તે એંસી ભાંગા ક્યાં સુધી કહેવા તે દર્શાવવાને માટે કહેવામાં આવ્યું છે કે ( **जाव संखेज्जपएसाहिया जहन्निया ओगाहणा** ) સંખ્યાત પ્રદેશાધિક જઘન્ય અવગાહના સુધી કહેવા. અહીં " **यावत्** " પદ મારફત એક પ્રદેશથી લઈને દસ પ્રદેશ સુધીનો પાઠ લેવામાં આવ્યો છે. આ પ્રમાણે એક પ્રદેશ અધિક જઘન્ય અવગાહનાથી લઈને સંખ્યાત પ્રદેશ અધિક જઘન્ય અવગાહનામાં એંસી ભાંગા કરવા જોઈએ. તથા ( **असंखेज्जपएसाहियाए जहण्णियाए ओगाहणाए वट्टमाणाणं** ) અસંખ્યાતપ્રદેશાધિક જઘન્ય અવગાહનામાં રહેલા અને (**तप्पा-उग्गुक्कोसियाए ओगाहणाए वट्टमाणाणं**) તત્પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ અવગાહનામાં રહેલા નારકોના–( **दोसु वि सत्तावीसं भंगा** ) એ બંનેના પણ સત્તાવીસ ભાંગા થાય છે. તેનું કારણ એ છે કે એક પ્રદેશથી લઈને સંખ્યાત અધિક પ્રદેશવાળી જઘન્ય અવગાહનામાં રહેલ નારક જીવો થોડા હોવાને કારણે તેમનામાં ક્રોધ, માન વગેરેથી યુક્ત એક જીવ પણ હોઈ શકે છે. તે કારણે પહેલાંની જેમ અહીં પણ એંસી ભાંગા બને છે. પણ અસંખ્યાત પ્રદેશાધિક જે જઘન્ય અવગાહના છે તેમાં તથા તત્પ્રાયોગ્ય જે ઉત્કૃષ્ટ અવગાહના છે તેમાં રહેલ નારક જીવો ઘણા જ હોય છે. તે કારણે તેમાં ક્રોધ, માન વગેરેથી ઉપયુક્ત નારક અનેક હોય છે. તેથી ક્રોધમાં બહુવચનાન્તતા આવે છે અને માનાદિકોમાં એક વચનતા તથા બહુવચનતા આવે છે. આ રીતે ત્યાં સત્તાવીસ ભાંગા થાય છે.

શંકા—જે નારક જીવો જઘન્ય સ્થિતિવાળા છે તથા જે નારક જીવો

જઘન્ય અવગાહનવાળા છે, તેમના તેઓ જઘન્ય સ્થિતિવાળા હોવાથી સત્તાવીસ ભાંગા કહ્યા છે અને જઘન્ય અવગાહનાવાળા હોવાથી એંસી ભાંગા કહ્યા છે. આ બન્ને કથનોમાં શું પરસ્પર વિરોધાભાસ નથી?

સમાધાન—જઘન્ય સ્થિતિવાળા જે નારક જીવો છે તેમના જઘન્ય અવગાહના કાળમાં એંસી ભાંગા થાય છે. કારણ કે તે જઘન્ય અવગાહના તેમના ઉત્પત્તિ કાળમાં જ હોય છે. તેથી તે અલ્પ હોય છે. તેનું તાત્પર્ય એ છે કે જઘન્ય સ્થિતિવાળા નારક જીવો જ્યાં સુધી ઉત્પત્તિ કાળમાં જઘન્ય અવગાહનાવાળા રહે છે ત્યાં સુધી તેમના એંસી ભાંગા થાય છે. કારણ કે જઘન્ય સ્થિતિવાળા નારક જીવો ત્યારે ઓછી સંખ્યાવાળા હોય છે તથા જઘન્ય અવગાહનાવાળા જે સત્તાવીસ ભાંગા કહ્યા છે તે જઘન્ય અવગાહનાને ઓળંગી જનારા નારક જીવોની અપેક્ષાએ કહ્યા છે. આ પ્રમાણે હકીકત હોવાથી એંસી અને સત્તાવીસ ભાંગાઓમાં કોઇ વિરોધાભાસ રહેતો નથી. ॥સૂ.૩॥

## રત્નપ્રભા પૃથિવીમેં સ્થિત નારકીય જીવો કે શરીર આદિ કા નિરૂપણ

**શરીરપ્રરૂપણા—**

"**इमीसे णं भंते**" ઇત્યાદિ સૂત્રો વડે હવે સૂત્રકાર શરીર દ્વારનું નિરૂપણ કરે છે—"**इमीसे णं भंते!**" ઇત્યાદિ । મૂલાર્થ સ્પષ્ટ છે.

ટીકાર્થ—(**इमीसे णं भंते! रयणप्पभाए पुढवीए जाव एगमेगंसि निरयावासंसि नेरइयाणं कइ सरीरा पण्णत्ता?**) હે ભગવન્! આ રત્નપ્રભા પૃથ્વીમાં ત્રીસ લાખ નરકાવાસોમાંના પ્રત્યેક નરકાવાસમાં રહેનારા નારક જીવોનાં કેટલાં શરીર કહ્યાં છે? અહીં "**यावत्**" પદ દ્વારા "**तीसाए निरयावाससयसहस्सेसु**" આ પાઠનો અર્થ ગ્રહણ કર્યો છે.

ઉત્તર—(**गोयमा!**) હે ગૌતમ! (**तिन्नि सरीरा पण्णत्ता**) તેમને ત્રણ શરીર કહ્યાં છે. (**तंजहा**) તે આ પ્રમાણે છે-(**वेउव्विए, तेयए, कम्मए**) વૈક્રિય, તૈજસ અને કાર્મણ. જો કે શરીરના આ પ્રમાણે પાંચ પ્રકાર હોય છે-(૧) ઔદારિક, (૨) વૈક્રિયક, (૩) આહારક, (૪) તૈજસ અને (૫) કાર્મણ. પણ અહીં નારકોનો વિષય ચાલતો હોવાથી ત્રણ શરીર કહ્યાં છે. કારણ કે નારક જીવોને ઉપરના ત્રણ શરીર જ હોય છે.

વિવિધ ક્રિયા અથવા વિશિષ્ટ ક્રિયાનું નામ વિક્રિયા છે. તે વિક્રિયા દ્વારા જે પેદા થાય છે તેનું નામ વૈક્રિય છે. તેજસ્ પુદ્ગલોનો જે વિકાર છે તે તૈજસ અને કર્મનો જે વિકાર થાય છે તે કાર્મણ શરીર છે. જેના પ્રભાવથી કર્મપરમાણુઓ આત્મપ્રદેશની સાથે ક્ષીરનીરની જેમ મળી જઈને શરીરરૂપે પરિણમે છે. તે શરીરનું નામ કાર્મણશરીર છે. (**इमीसे णं भंते! जाव वेउव्विय सरीरे वट्टमाणा नेरइया किं कोहोवउत्ता०४?**) હે ભગવન્! વૈક્રિય શરીરમાં રહેલા નારકજીવો શું ક્રોધો-

પયુકત હોય છે ? માનોપયુંકત હોય છે? માયોપયુકત હોય છે? લોભોપયુકત હોય છે ?

ઉત્તર-( गोयमा !) હે ગૌતમ ! ( सत्तावीसं भंगा भाणियव्वा ) અહીં પણ સત્તાવીસ ભાંગા કહેવા. અહીં પણ ભાંગા વિષયમાં પહેલાં કહેલ છે તે પ્રમાણેજ વિચાર કરવો જોઈએ. જેવી રીતે પહેલાં ક્રોધ, માન માયા અને લોભની સાથે એક વચન અને બહુવચનની અપેક્ષાએ સત્તાવીસ ભાંગા કહેવામાં આવ્યા છે તે પ્રમાણે અહીં પણ સત્તાવીસ ભાંગા સમજવા. જો કે આ સૂત્રવડે વૈક્રિય શરીરમાં સત્તાવીસ ભાંગા કહ્યા છે છતાં પણ સ્થિતિ અને અવગાહનાનો આશ્રય લઇને ભાંગાઓની જે પ્રરૂપણા કરી છે તે તો એ પ્રમાણે જ સર્વત્ર કહેવી જોઈએ. નહીં તો ભાંગાઓની પ્રરૂપણા નિષ્ફળ નીવડશે. કારણ કે શરીરાશ્રિત જે ભાંગાઓની પ્રરૂપણા છે તે તો બીજી જગ્યાએ પણ આ સાવકાશ-ફલવતી:( સફળ ) નીવડે છે. બીજી જગ્યાએ પણ આ પ્રમાણે જ સમજવું. " एएणं गमेणं तिन्नि सरीरा भाणियव्वा " આ રીતે વૈક્રિય, તૈજસ અને કાર્મણ શરીર સંબંધી પણ પૂર્વોક્ત પ્રકારના સત્તાવીસ ભાંગા જ સમજવા. જો કે અહીં બાકીના તૈજસ અને કાર્મણ શરીરનો જ ઉલ્લેખ થવો જોઇતો હતો, પણ ત્રણે શરીરનો અહીં જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેનું કારણ એ છે કે તે ત્રણે શરીરમાં અત્યન્ત સામ્યતા રહેલી છે તે સામ્યતા બતાવવાને માટે જ સૂત્રકારે એવું કર્યું છે.

શંકા—જે સમયે જીવ વિગ્રહગતિમાં હોય છે તે સમયે તેને તૈજસ અને કાર્મણ એ બે શરીર જ હોય છે. તેથી તે બે શરીર અલ્પ હોવાથી તેમના૮૦, ૮૦ ભાંગા જ કહેવા જોઇએ તેને બદલે અહીં તેમના ૨૭ ભાંગા જ શા માટે કહ્યાં છે શંકા કરનારની શંકાનું તાત્પર્ય એ છે કે સૂત્રકારે "एएणं गमेणं तिन्नि सरीरा भाणियव्वा" એવો જે સૂત્રપાઠ કહ્યો છે. તેમાં તૈજસ અને કાર્મણ શરીરમાં સત્તાવીસ ભાંગા કહેવા જોઈએ. એમ જે કહ્યું છે તેને બદલે શંકાકાર કહે છે કે, સત્તાવીસ ભાંગા કહેવાં જોઇએ અને એંસી ભાંગા પણ કહેવા જોઇએ. કારણ કે તે બે શરીર વિગ્રહ ગતિમાં પણ હોય છે. તે કારણે તેમાં અલ્પતા આવે છે.

ઉત્તર—અહીં જે તૈજસ અને કાર્મણ શરીર લેવામાં આવ્યાં છે તેમ વૈક્રિય શરીર રહિત લેવામાં આવ્યા નથી, વૈક્રિયશરીરના સાથી હોવાથી જ તેમને અહીં ગ્રહણ કરવામાં આવ્યા છે. તાત્પર્ય એ છે કે વિગ્રહ ગતિમાં જે તૈજસ અને કાર્મણ શરીર હોય છે તે વૈક્રિય શરીરની સાથે હોતાં નથી—સ્વતંત્ર હોય છે. તેથી એવાં સ્વતંત્ર તૈજસ કાર્મણના સત્તાવીસ ભાંગા અહીં કહ્યા નથી. પણ નારક જીવોનાં જે તૈજસ કાર્મણ શરીર વૈક્રિય શરીરની સાથે હોય છે તેને જ ગ્રહણ કરવામાં આવેલ છે તેથી તેમના જ સત્તાવીસ ભાંગા અહીં કહેવામાં આવેલ છે.

## રત્નપ્રભા પૃથિવી કે નરકાવાસમેં સ્થિત નારકજીવોં કે શરીરસંહનન (અસ્થિરચના) કા નિરૂપણ

(इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए जाव नेरइयाणं सरीरया किं संघयणा पण्णत्ता ?) હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસોમાંના પ્રત્યેક નરકાવાસમાં રહેનારા નારક જીવોનાં શરીરનાં સંહનન કેવા પ્રકારનાં કહ્યાં છે ? હાડકાઓનાં સમૂહરૂપ સંહનન ( સંઘયણુ ) હોય છે, તે સંઘયણુના વજ્રઋષભ નારાચ વગેરે છ ભેદ હોય છે. ગૌતમસ્વામી એમ પૂછે છે કે આ છએ પ્રકારમાંથી કયા પ્રકારનું સંઘયણુ નારકોને હોય છે ?

ઉત્તર—(गोयमा !) હે ગૌતમ ! (छण्हं संघयाणं असंघयणी) નારક જીવોનાં શરીર છએ સંઘયણુમાંથી કોઇ પણ સંઘયણુવાળાં નથી. નારક જીવો શા કારણે સંઘયણુરહિત હોય છે, તે હવે બતાવે છે-(नेवट्ठी, नेवच्छिरा, णेव ण्हारूणि) કારણુ કે તેમનાં શરીરોમાં હાડકાં હોતાં નથી, નસો હોતી નથી અને સ્નાયુ પણ હોતાં નથી. ધમનીઓને શિરા કહે છે, અને હાડકાને બાંધનારી શિરાઓને સ્નાયુ કહે છે. સંઘયણુ તો હાડકાં વગેરેના સંચયરૂપ હોય છે. હાડકાં વગેરેના અભાવે હાડકાં વગેરેનાં સંચયરૂપ સંઘયણો નારકોને સંભવી શકતાં નથી તેથી તેમને સંઘયણુ રહિત કહેલ છે. (जे पोग्गला अणिट्ठा अकंता, अप्पिया, असुहा, अमणुन्ना अमणामा एतेसिं सरीर संघयत्ताए परिणमंति) જો કે નારક જીવોનાં શરીર હાડકાં વગેરેથી રહિત હોય છે, એટલે કે તેમને કોઇ પ્રકારનું સંઘયણુ હોતું નથી. તો પણ તેમનું શરીર પુદ્ગલના પરિણામ સ્વરૂપ જ હોય છે-એજ વાત આ સૂત્ર મારફત સૂત્રકારે પ્રકટ કરી છે. જે પુદ્ગલો અનિષ્ટ, અકાન્ત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ અને અમનોમ હોય છે તે પુદ્ગલો નારક જીવોના શરીર સંઘાતરૂપે (શરીર સંચયરૂપે) પરિણમે છે. જે પુદ્ગલો પોતાની અભિલાષા પ્રમાણે હોય છે તેમને ઇષ્ટ કહે છે અને જે પુદ્ગલો પોતાની ઇચ્છા પ્રમાણેનાં હોતાં નથી તેમને અનિષ્ટ કહે છે. અનભિલષિત હોવા છતાં પણ કેટલાંક પુદ્ગલો સુંદર-મજેના હોય છે. જેમ કે કિમ્પાકફલ તે નરકના પુદ્ગલો અનિષ્ટ હોય છે એટલું જ નહીં પણ કિમ્પાકફલની જેમ સુંદર પણ હોતાં નથી-પરન્તુ અકાન્ત-અપ્રિય હોય છે. કેટલાંક પુદ્ગલો અકાન્ત હોવા છતાં પણ પ્રિય હોય છે. જેમ કે કાંટા તે કાંટા એકાન્ત હોવા છતાં પણ ઉંટોને પ્રિય હોય છે. ઉંટ તો તે કંટકોને પણ પ્રેમથી ખાય છે. પણ નારકોનાં પુદ્ગલો એકાન્ત હોવા ઉપરાંત અપ્રિય પણ છે. કેટલાક પદાર્થો એવા હોય છે કે જે અપ્રિય હોવા છતાં પણ શુભ હોય છે. જેમ કે કડવી ઔષધિ પરંતુ નારકોનાં શરીરનાં પુદ્ગલો અપ્રિય હોય છે એટલું જ નહીં પણ કડવી ઔષધિના જેવાં શુભ પણ નથી હોતાં-પરંતુ અશુભ જ હોય છે. કેટલાક પદાર્થો એવા હોય છે કે જે અશુભ હોવા છતાં પણ વિષકન્યા જેવાં મનોજ્ઞ હોય છે. પણ નારકોનાં શરીરનાં પુદ્ગલો અશુભ હોવા ઉપરાંત અમનોજ્ઞ પણ છે-વિષકન્યાની જેમ મનોજ્ઞ નથી. જે વસ્તુ મનને રુચિકર લાગે તેને મનોજ્ઞ કહે છે. કેટલાંક પદાર્થ એવા પણ હોય છે કે જે અમનોજ્ઞ હોવા છતાં દુઃખ દૂર કરવાના ગુણુને કારણે ત્રિફળાની જેમ મનોગમ્ય હોય છે. પણ નારકોના પુદ્ગલો અમનોજ્ઞ હોવા ઉપરાત

પુદ્ગલો અનિષ્ટ હોય છે એટલું જ નહીં પણ કિમ્પાકફલની જેમ સુંદર પણ હોતાં નથી-પરન્તુ અકાન્ત-અપ્રિય હોય છે. કેટલાંક પુદ્ગલો અકાન્ત હોવા છતાં પણ પ્રિય હોય છે. જેમ કે કાંટા તે કાંટા એકાન્ત હોવા છતાં પણ ઉંટોને પ્રિય હોય છે. ઉંટ તો તે કંટકોને પણ પ્રેમથી ખાય છે. પણ નારકોનાં પુદ્ગલો એકાન્ત હોવા ઉપરાંત અપ્રિય પણ છે. કેટલાક પદર્થો એવા હોય છે કે જે અપ્રિય હોવા છતાં પણ શુભ હોય છે. જેમ કે કડવી ઔષધિ પરંતુ નારકોનાં શરીરનાં પુદ્ગલો અપ્રિય હોય છે એટલું જ નહીં પણ કડવી ઔષધિના જેવાં શુભ પણ નથી હોતાં-પરંતુ અશુભ જ હોય છે. કેટલાક પદાર્થો એવા હોય છે કે જે અશુભ હોવા છતાં પણ વિષકન્યા જેવાં મનોજ્ઞ હોય છે. પણ નારકોનાં શરીરનાં પુદ્ગલો અશુભ હોવા ઉપરાંત અમનોજ્ઞ પણ છે-વિષકન્યાની જેમ મનોજ્ઞ નથી. જે વસ્તુ મનને રુચિકર લાગે તેને મનોજ્ઞ કહે છે. કેટલાંક પદાર્થ એવા પણ હોય છે કે જે અમનોજ્ઞ હોવા છતાં દુઃખ દૂર કરવાના ગુણને કારણે ત્રિફળાની જેમ મનોગમ્ય હોય છે. પણ નારકોના પુદ્ગલો અમનોજ્ઞ હોવા ઉપરાત અમનોમ પણ હોય છે. વારંવાર સ્મરણ રૂપે જે મનના વિષય બને છે તેને મનોમ કહે છે. પણ જે એનાથી વિપરીત ગુણવાળાં હોય છે તેને અમનોમ કહે છે. એવાં અનિષ્ટ વગેરે વિશેષણોથી પુદ્ગલો જ નારકોનાં શરીરસંઘાત-શરીરસમય રૂપે પરિણમે છે.

(इमीसेणं भंते ! जाव छण्हं संघयणाणं असंघयणे वट्टमाणा नेरइया किं कोहोवउत्ता४?) હે પ્રભો ! આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાંના પ્રત્યેક નરકાવાસમાં રહેલા સંઘયણમાંથી એક પણ સંઘયણ વગરનાં એટલે કે સંઘયણ રહિત નારક જીવો શું ક્રોધોપયુકત હોય છે. માનોપયુકત હોય છે. માયોપયુકત હોય છે ? લોભોપયુકત હોય છે ?

ઉત્તર—(गोयमा ! सत्तावीसं भंगा) હે ગૌતમ ! તેના પણ ૨૭ ભાંગા સમજવા નારકોના ક્રોધાદિકના વિષયમાં-સામાન્ય પ્રકરણમાં કહેલ ક્રોધાદિકના વિષયમાં-જેવા ૨૭ ભાંગા કહ્યા છે એવા જ અહીં પણ સમજવા-હવે સંસ્થાનદ્વારના વિષયમાં ગૌતમ સ્વામી પૂછે છે-(इमीसे णं भंते! रयणप्पभाए सरीरया किं संठिया पन्नता ?) હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકા વાસોનામાના પ્રત્યેક નરકાવાસમાં રહેતા નારક જીવોનાં શરીર કયા પ્રકારના સંસ્થાનવાળાં હોય છે? ઉત્તર—(गोयमा !) હે ગૌતમ ! (सरीरया दुविहा पण्णत्ता) નારકોનાં શરીર બે પ્રકારનાં કહ્યાં છે. (तं जहा) તે આ પ્રમાણે છે-(भवधारणिज्जा य उत्तरवेउव्विया य) ભવધારણીય શરીર અને ઉત્તરવૈક્રિયશરીર પોતાના જન્મને વ્યતીત કરવો તેનું નામ ભવધારણ છે. તે ભવધારણ જેનું પ્રયોજન છે એવાં શરીરોને

ભવધારણીય શરીર કહે છે. સૌથી પહેલા શ્વાસથી લઇને છેલ્લો શ્વાસ સુધી રહેનારાં જે શરીરો છે તેમને ભવધારણીય શરીર કહે છે એટલે કે જીંદગી સુધી જે શરીર જીવના સાથે રહે છે તે શરીરને ભવધારણીય શરીર કહે છે. પૂર્વ વૈક્રિય શરીરની અપેક્ષાએ જે વૈક્રિયશરીર ઉત્તરકાળમાં જીવની સાથે રહે છે તે શરીરને ઉત્તરવૈક્રિયશરીર કહે છે. (**तत्थणं जे ते भवधारणिज्जा**) તેમાં જે ભવધારણીય શરીર હોય છે (**ते हुंडसठिया पन्नत्ता**) તે હુંડસંસ્થાનવાળાં હોય છે. જે શરીરનાં અવયવોમાં વિષમતા હોય છે. તે શરીરને હુંડસંસ્થાન વાળું કહે છે. **तत्थणं जे ते उत्तरवेउव्विया ते वि हुंड संठिया पन्नत्ता**) તથા ને ઉત્તરવૈક્રિયરૂપ શરીરો હોય છે તેમને પણ હુંડસંસ્થાનયુકત કહ્યું છે. તાત્પર્ય એ છે કે નારક જીવોનાં ભવધારણીય શરીરો જેવી રીતે હુંડસંસ્થાનવાળાં હોય છે એવી જ રીતે તેમનાં ઉત્તરવૈક્રિય શરીરો પણ હુંડસંસ્થાનવાળાં હોય છે.

હવે ક્રોધાદિકોના વિષયમાં પૂછવામાં આવે છે. (**इमीसे णं जाव हुंडसठाणे वट्टमाणा नेरइया किं कोहोवउत्ता ? गोयमा ! सत्तावीसं भंगा** ) હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાંના પ્રત્યેક નરકાવાસમાં હુંડસંસ્થાનમાં રહેલા નારક જીવો શું ક્રોધોપયુકત, માનોપયુકત, માયોપયુકત અને લોભોપયુકત હોય છે ? ઉત્તર–હે ગૌતમ ! અહીં પણ પૂર્વની તેમજ ૨૭ ભાંગા કહેવા જોઈએ એટલે કે હુંડસંસ્થાનયુકત નારક જીવોમાં પણ ૨૭ જ ભાંગા હોય છે ॥ સૂ. ૪ ॥

## રત્નપ્રભામેં સ્થિત નારદ જીવોં કી લેશ્યા કા નિરૂપણ

### લેશ્યા વિચાર

લેશ્યાવાળા જીવો જ જરીર ધારણ કરે છે. તે કારણે શરીરનો વિચાર કર્યા પછી શરીરની કારણભૂત લેશ્યાનું સ્મરણ થઇ આવે છે. તેથી હવે સૂત્રકાર “ **इमीसेणं भंते !** ”ઇત્યાદિ સૂત્રોવડે લેશ્યાનું નિરૂપણુ કરછે. “**इमीसेणं भंते !** ઈત્યાદિ. “ **इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए जाव नेरइयाणं कइ लेस्साओ पन्नत्ता ?** ”

હે પૂજ્ય? આ રત્નપ્રભા પૃથ્વીમાં ૩૦ લાખ નરકા વાસોમાંના પ્રત્યેક નરકા વાસમાં રહેતા નારક જીવોને કેટલી લેશ્યાઓ કહી છે? કર્મપુદ્ગલોને આત્માની સાથે ચોટાડનારી જે પરિણામેની ધારા છે. તેને લેશ્યા કહેવામાં આવે છે. કહ્યું પણ છે—

કૃષ્ણનીલ વગેરે દ્રવ્યના નિમિત્તથી સ્ફટિકરત્ન સમાન આત્માના જે પરિણામ થાય છે તેમાં લેશ્યા શબ્દની પ્રવૃત્તિ હોય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જેવી રીતે કાજળ વગેરે કૃષ્ણ દ્રવ્યના સંબંધથી તથા જપાપુષ્પ વગેરેના સંબંધથી સ્ફટિક રત્નમાં કાળાશ, રતાશ વગેરે દેખાય છે, એવી જ રીતે કૃષ્ણાદિ દ્રવ્યના સંબંધથી આત્મામાં પણ પરિણામ વિશેષ થાય છે. તેનું જ નામ લેશ્યા છે. તે લેશ્યાને લીધે આત્મામાં કર્મપુદ્ગલો આવીને ચોટતાં રહે છે. હવે ગૌતમ સ્વામીએ પૂછેલા પ્રશ્નનો મહાવીર પ્રભુ મારફતે જે ઉત્તર મળ્યો તે બતાવવામાં આવે છે. (**गोयमा ! एगा काउलेस्सा पन्नत्ता**) હે ગૌતમ! એક કાપોતલેશ્યા જ કહી છે. એટલે કે રત્નપ્રભા પૃથ્વીમાં રહેતા નારક જીવોને ફક્ત એક કાપોત· લેશ્યા જ હોય છે–(**इमीसे णं भंते! रयणप्पभाए जाव काउलेस्साए वट्टमाणा०?**) હે પ્રભો? આ રત્નપ્રભા પૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસોમાંના પ્રત્યેક નરકાવાસમાં કાપોતલેશ્યામાં રહેલ નારક જીવો શું ક્રોધોપયુક્ત હોય છે? માનોપયુક્ત હોય છે? માયોપયુક્ત હોયછે? કે લોભોપયુક્ત હોય છે? ઉત્તર–(**गोयमा ! सत्तावीसं भंगा**) હે ગૌતમ! જે પ્રકારે ક્રોધ, માન, માયા અને લોભની અપેક્ષાએ એકવચન બહુવચન વડે ૨૭ ભાંગા આગળ કહેલા છે, એજ પ્રમાણે અહીં પણ ૨૭ જ ભાંગા સમજવા.

## રત્નપ્રભામેં સ્થિત નારક જીવોં કે દ્રષ્ટિ દ્વાર કા નિરૂપણ

### દૃષ્ટિદ્વાર

હવે દૃષ્ટિ દ્વારાનું નિરૂપણ કરવાને માટે સૂત્રકાર નીચેનું સૂત્ર કહે છે– (**इमीसे णं भंते! जाव किं सम्मद्दिट्ठी, मिच्छादिट्ठी, सम्मामिच्छादिट्ठी ?**) હે પૂજ્ય! આ રત્નપ્રભા પૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસોમાં કાપોત લેશ્યામાં રહેલા નારક જીવો શું સમ્યગ્દૃષ્ટિ હોય છે? મિથ્યાદૃષ્ટિ હોય છે? કે સમ્યગ્‌મિથ્યાદૃષ્ટિ હોય છે?

ઉત્તર—(**तिन्नि वि**) હે ગૌતમ! તેઓ ત્રણે પ્રકારના હોય છે. એટલે કે સમ્યગ્દૃષ્ટિ પણ હોય છે, મિથ્યાદૃષ્ટિ પણ હોય છે, અને મિશ્રદૃષ્ટિ પણ હોય છે. (**इमीसे णं जाव सम्मदंसणे वट्टमाणा नेरइया ?**) આ રત્નપ્રભા પૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસોમાં રહેતા સમ્યગ્દૃષ્ટિ નારક જીવો શું ક્રોધોપયુક્ત હોય છે? માનોપયુકત હોય છે? માયોપયુકત હોય છે? લોભોપયુકત હોય છે? ઉત્તર–(**सत्तावीसं भंगा**) અહીં પણ ૨૭ ભાંગા થાય છે, એટલે કે અહીં પણ પહેલાંની જેમ ક્રોધ, માન, માયા અને લોભની અપેક્ષાએ એકવચન અને બહુવચન વડે ૨૭ જ ભાંગા બને છે. (**एवं मिच्छादंसणे वि.**) એવી જ રીતે મિથ્યાદર્શનમાં વર્તમાન નારક જીવોના પણ ૨૭ જ ભાંગા સમજવા. તથા (**सम्मा मिच्छा दंसणे असीति भंगा**) સમ્યક્‌મિથ્યાદર્શનમાં (મિશ્રદૃષ્ટિમાં) વિદ્યમાન નારક જીવોના

૮૦ ભાંગા સમજવા. કારણ કે મિશ્રદૃષ્ટિવાળા નારક જીવો ઓછા હોય છે. તેથી મિશ્રદૃષ્ટિ નારકોની સત્તા પણ કાળની અપેક્ષાએ અલ્પ જ રહે છે.

(इमीसेणं भंते ! जाव किं णाणी अण्णाणी ?) હે પ્રભો ! આરત્નપ્રભા પૃથ્વીમાં

## રત્નપ્રભામેં સ્થિત નારક જીવોં કે જ્ઞાન દ્વાર કા નિરૂપણ

### જ્ઞાનદ્વાર

રહેતા નારક જીવો જ્ઞાની હોય છે કે અજ્ઞાની હોય છે ? ( गोयमा ! ) હે ગૌતમ ( णाणी वि अन्नाणी वि ) તેઓ જ્ઞાની પણ હોય છે અને અજ્ઞાની પણ હોય છે. ( तिण्णि णाणा नियमा, तिण्णि अण्णाणाइं भयणाए ) જે સમ્યક્દૃષ્ટિ જીવો રત્નપ્રભા પૃથ્વીમાં (નરકમાં) ઉત્પન્ન થાય છે તેમનામાં પ્રથમ સમયથી જ ભવપ્રત્યય અવધિજ્ઞાનનો સદ્ભાવ રહે છે. તે કારણે તેઓ નિયમથી જ ત્રણ જ્ઞાનવાળા હોય છે. પણ જે જીવો મિથ્યાદૃષ્ટિ હોય છે તેઓ સંજ્ઞી જીવોમાંથ તથા અસંજ્ઞી જીવોમાંથી ઉત્પન્ન થતા હોય છે. તેમાં જે સંજ્ઞી જીવોમાંથ ઉત્પન્ન થાય છે. તે ભવ પ્રત્યય વિભંગ જ્ઞાન હોવાને કારણે અજ્ઞાની હોય છે. અને જે અસંજ્ઞી જીવોમાંથી ઉત્પન્ન થાય છે. તેમ વિભંગ જ્ઞાનની ઉત્પત્તિ અન્તર્મુ-હૂર્ત પછી થાય છે. તેમનામાં બે અજ્ઞાન તો પહેલેથી જ રહેલાં હોય છે અને વિભંગ જ્ઞાનની ઉત્પત્તિ થતાં ત્રણ અજ્ઞાન થાય છે, પહેલાંના બે અજ્ઞાન તો તેમનામાં છે જ અને અહીં ઉત્પત્તિ થવાથી ત્રીજા વિભંગ જ્ઞાનનો વધારો થયો. આ રીતે તેમનામાં પણ ત્રણ અજ્ઞાન થાય છે. તેથી જ કહ્યું છે કે "तिण्णि अण्णाणाइ भयणाए" ત્રણ અજ્ઞાન ભજનાએ ( વિકલ્પે ) હોય છે-ક્યારેક બે અજ્ઞાન હોય છે અને ક્યારેક ત્રણ અજ્ઞાન હોય છે. તે વિષે "सन्नी" नेरइ एसु-असन्नी नरएसु" ઇત્યાદિ. બે ગાથાઓ છે-

ઔદારિક શરીર છોડીને અવિગ્રહ થવા વિગ્રહ ગતિણી તુરત જ નારકોમાં ઉત્પન્ન થનારો સંજ્ઞી જીવ વિભંગ અથવા અવધિજ્ઞાનને પ્રાપ્ત કરી જ લે છે, તાત્પર્ય એ છે કે સંજ્ઞી જીવ મરણ પછી વિગ્રહગતિથી અથવા અવિગ્રહગતિથી નરકોમાં ઉત્પન્ન થતાં વિભંગજ્ઞાનને અથવા અવધિક્ષાનને પ્રાપ્ત કરી લે છે. પરન્તુ જે અસંજ્ઞી જીવો નરકોમાં ઉત્પન્ન થાય છે. તેઓ ત્યાં પર્યાપ્તાવસ્થામાં જ વિભંગ જ્ઞાન પ્રાપ્ત કરે છે. તેથી નરકોમાં જ્ઞાન તો ત્રણ હોય છે. પરન્તુ જે અજ્ઞાનત્રિક છે તે કોઇ સમયે બે પણ હોય છે અને કોઇ સમયે ત્રણ પણ હોય છે. તે બંને ગાથાઓનું ઉપર મુજબ તાત્પર્ય છે.

( इमीसे णं भंते ! जाव अभिणिबोहियणाणे वट्टमाणा० ) હે પૂજ્ય ! આ રત્નપ્રભા પૃથ્વીમાં અભિનિબોધિક જ્ઞાનવાળા નારક જીવો શું ક્રોધોપયુક્ત હોય છે? માનોપયુક્ત હોય છે? માયોપયુક્ત હોય છે? કે લોભોપયુક્ત હોય છે?

( **सत्तावीसं भंगा** ) હે ગૌતમ! આભિનિબોધિક જ્ઞાનવાળા જે નારક જીવો છે તેમના ક્રોધાદિક વિષયમાં ૨૬ જ ભાંગા પહેલાં કહ્યા પ્રમાણે સમજવા.

( **एवं तिण्णि णाणाइ भाणियव्वा** ) એજ પ્રમાણે ત્રણે જ્ઞાન અને ત્રણ અજ્ઞાના વિષયમાં પણ સમજવું. તાત્પર્ય એ છે કે શ્રતજ્ઞાન અને અવધિજ્ઞાન વાળા નારક જીવોના ક્રોધદિ વિષેના ૨૭ ભાંગા જ સમજવા. એજ પ્રમણે ત્રણ અજ્ઞાનવાળા નારક જીવોના ક્રોધાદિના વિષયમાં પણ ૨૭ ભાંગા સમજવા. અહીં સૂત્રમાં જે " ત્રણ જ્ઞાન " કહ્યાં છે, તે આભિનિબોધિક જ્ઞાનને ( મતિજ્ઞાનને) પણ સાથે ગણીને જ કહેલ છે. નહીં તો બેજ જ્ઞાન કહેવા જોઇતાં હતાં. આ પ્રમાણે " **निन्नि अण्णाणइं त्रीणि अज्ञानानि** " અહીં જો વિભંગ જ્ઞાનની પહેલાં ઉત્પન્ન થયેલ મતિ અજ્ઞાન અને શ્રુતજ્ઞાનનું વર્ણન કરવાનું હોય તો ૮૦ ભાંગા કરવા પડે છે.

## રત્નપ્રભા લેશ્યામેં યોગદ્વાર કા નિરૂપણ

કારણ કે તે અજ્ઞાનોવાળા નારક જીવો અલ્પ હોય છે. પરન્તુ તેમાં જઘન્ય અવગાહનાવાળા જીવોનોજ સમાવેશ થાય છે. તેથી જઘન્ય અવગાહનાની અપેક્ષા-એજ તેમના ૮૦ ભાંગા સમજવા. ( **इमीसे णं भंते! जाव किं मणजोणी, वइ-जोगी, कायजोगी?** ) હે પ્રભો ! આ રત્નપ્રભા પૃથ્વીમાં રહેતા નારક જીવો શું મનોયોગી હોય છે? વચનયોગી હોય છે? કે કાયયોગી હોય છે? ઉત્તર-( **तिन्नि त्रि** ) તેઓ ત્રણે યોગવાળા હોય છે. એટલે કે રત્નપ્રભા પૃથ્વીમાં રહેતા નારકો મનયોગ, વચનયોગ, અને કાયયોગ વાળાં હોય છે. (**इमीसे णं भंते! जाव मणजोए वट्टमाणा नेरइया किं कोहोवउत्ता४?** ) હે પ્રભો ! આ રત્નપ્રભા પૃથ્વીમાં રહેતા મનયોગયુક્ત નારકજીવો શું ક્રોધાદિચતુષ્ટયવાળા હોય છે? તેનો ઉત્તર મહાવીર પ્રભુ આ પ્રમાણે આપે છે-( **सत्तावीसं भंगा** ) હે ગૌતમ! અહીં પણ ૨૭ ભાંગા સમજવા. ક્રોધ, માન, માયા અને લોભમાં એકવચન અને બહુવ-ચનની અપેક્ષાએ પહેલાં કહ્યા પ્રમાણે ૨૭ ભાંગા થાય છે. ( **एवं वइजागे, एवं कायजोए** ) એજ પ્રમાણે વચનયોગ અને કાયયોગમાં પણ સમજવું. એટલે કે જેવી રીતે મનયોગમાં ૨૭ ભાંગા કહ્યા છે, એવી રીતે વચનયોગ અને કાયયોગમાં પણ ૨૭-૨૭ ભાંગા સમજવા. આ યોગદ્વારમાં જો કે માત્ર કાર્મણ કાયયોગમાં ૮૦ ભાંગા સંભવી શકે છે. કારણ કે તેઓ અલ્પ હોય છે-તો પણ અહીં તેમનું વર્ણન કર્યું નથી, અહીં સામાન્ય કાયયોગનું જ વર્ણન કર્યું છે, તેથી " **एवं कायजोए वि** " એવું કહીને સૂત્રકારે અહીં ૨૭ ભાંગા જ કહ્યા છે.

## रत्नप्रभामें स्थिति स्थान का निरूपण

હવે સૂત્રકાર ઉપયોગદ્વારનું નિરૂપણ કરવાના આશયથી પ્રશ્ન સૂત્ર કહે છે-(**इमींसे णं जाव नेरइया किं सागरोवउत्ता वा अणागागोवउत्ता वा ?**) હે પ્રભો ! આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસોમાં રહેનારા નારક જીવો શું સાકાર ઉપયોગવાળા હોય છે કે નિરાકાર ઉપયોગવાળા હોય છે ? વિશેષ અંશને ગ્રહણ કરવાની શક્તિનું નામ આકાર છે. આ આકારથી યુક્ત જે ઉપયોગ છે તે સાકારોપયોગ એટલે કે જ્ઞાનોપયોગ છે, તથા આ આકારથી રહિત જે ઉપયોગ છે તે નિરાકારોપયોગ એટલે કે દર્શનોપયોગ છે. જે ઉપયોગ વસ્તુના વિશેષાંશને ગ્રહણ ન કરતાં માત્ર સામાન્ય અંશને જ ગ્રહણ કરે છે. તે ઉપયોગને નિરાકાર ઉપયોગ કેહે છે, એવાં નિરાકાર ઉપયોગને દર્શનઉપયોગ કહેવામાં આવે છે, " આ ઘટ છે, આ પટ છે " તે રીતે વિશેષ અંશને ગ્રહણ કરનારો જે ઉપયોગ હોય છે તેનું નામ સાકારોપયોગ છે, એવાં સાકારોપયોગ ને જ્ઞાન-ઉપયોગ કહે છે. અહિં સાકાર અને નિરાકારઉપયોગની અપેક્ષાએ એ પ્રશ્ન કરવામાં આવ્યો છે કે આ રત્નપ્રભાપૃથ્વીમાં રહેનારા નારક જીવો શું સાકારોપયુક્ત હોય છે, કે નિરાકારોપયુક્ત હોય છે ? ઉત્તર-(**गोयमा !**) હે ગૌતમ ! (**सागारोवउत्ता वि अणागारोवउत्ता वि**) તે નારક જીવો સાકારઉપયોગવાળા પણ હોય છે અને નિરાકાર ઉપયોગવાળા પણ હોય છે, પ્રશ્ન-(**इमीसे णं जाव साग-**

## शर्करादि शेषपृथिवीकी लेश्या का वर्णन

**रोवओगे वट्टमाणा नेरइया किं कोहोवउत्ता ४ ?**) હે પ્રભો ? આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસોમાં રહેનારા સાકારઉપયોગવાળા નારક જીવો શું ક્રોધોપયુક્ત હોય છે ? માનોપયુક્ત હોય છે ? માયોપયુક્ત હોય છે ? લોભોપયુક્ત હોય છે ? ઉત્તર-(**सत्तावीसं भंगा**) અહીં પણ ૨૭ ભાંગા સમજવા. એટલે કે સાકારોપયુક્ત નારક જીવોમાં ક્રોધ, માન, માયા અને લોભની અપેક્ષાએ એકવચન અને બહુવચન લઈને ૨૭ ભાંગા થાય છે. એજ પ્રમાણે અનાકારોપયોગયુક્ત નારકોમાં પણ ૨૭ ભાંગા થાય છે. રત્નપ્રભા પૃથ્વીમાં રહેનારા નારક જીવોના સંબંધમાં જ આ ઉપરનો સમસ્ત વિચાર કરવામાં આવ્યો છે. હવે શર્કરાપ્રભા વગેરે પૃથ્વીઓમાં રહેનારા જીવોના સંબંધમાં પણ એ બાબતોનો વિચાર

કરવો જોઈએ તેથી બીજી પૃથ્વી વગેરેનું એવું જ પ્રકરણ પ્રકટ કરવાને માટે સૂત્રકાર કહે છે કે-( **एवं सत्त वि पुढवीओ नेयव्वाओ** ) એજ પ્રમાણે એટલે કે પહેલી પૃથ્વીના નારક જીવોના સંબંધમાં લેશ્યા વગેરેના વિષયમાં જેવું કથન કરવામાં આવ્યું છે એવું જ કથન બીજીથી લઈને સાતમી પૃથ્વી સુધીના નારક જીવોના સંબંધમાં પણ સમજવું. " **णाणत्तं लेस्सासु** " પહેલી પૃથ્વીના નારક જીવો કરતાં બીજી ત્રીજી વગેરે પૃથ્વીઓના નારક જીવોના કથનમાં લેશ્યાના વિષયમાં જ માત્ર ભિન્નતા રહેલી છે એ વાત " **णाणत्तं लेस्सासु** " એ વડે સમજાવવામાં આવેલ છે. તાત્પર્ય એ છે કે રત્નપ્રભા પૃથ્વીના નારકો વિષે જેવા આલાપકો કહ્યાં છે એવા આલાપકો બીજી છએ પૃથ્વી વિષે પણ કહેવાં જોઈએ, પરન્તુ પ્રત્યેક પૃથ્વીમાં લેશ્યાઓની ભિન્નતા છે. કયી પૃથ્વીમાં કયી લેશ્યા છે તે નીચેની ગાથા વડે બતાવ્યું છે. રત્નપ્રભા અને શર્કરા પ્રભાના નારક જીવોને એક કાપોતલેશ્યા હોય છે. ત્રીજી વાલુકાપ્રભા નામની પૃથ્વીના ઉપરના નરકાવાસોમાં રહેતા નારકો કાપોતલેશ્યાવાળા અને નીચેના નરકાવાસોમાં રહેનારા નારકો નીલ લેશ્યાવાળા હોય છે. તેથી ત્રીજી પૃથ્વીના નારકોમાં મિશ્રલેશ્યા કહી છે.

ચોથી પંકપ્રભા પૃથ્વીના નારકો નીલ લેશ્યાવાળા હોય છે. પાંચમી ધૂમપ્રભા પૃથ્વીના નારકો નીલ તથા કૃષ્ણરૂપ મિશ્રલેશ્યા વાળા હોય.છે. છઠ્ઠી તમઃપ્રભા પૃથ્વીમાં રહેનારા નારક જીવો કૃષ્ણ લેશ્યાવાળા હોય છે. સાતમી તમસ્તમપ્રભા પૃથ્વીમાં રહેનારા નારક જીવો મહાકૃષ્ણ લેશ્યાવાળા હોય છે, આ પ્રમાણે તે ગાથાનો અર્થ આપવામાં આવ્યો છે.

સૂત્રાભિલાપોમાં જે નરકાવાસોમાં વિવિધતા કહી છે તે " **तीसा य पन्नत्रीसा** " ઇત્યાદિ ગાથાઓ મારફત સમજી લેવી. રત્નપ્રભા પૃથ્વીમાં જે પ્રમાણે સૂત્રાભિલાપ કરવામાં આવ્યો છે એજ પ્રમાણે બીજી પૃથ્વીઓમાં પણ કરી લેવો. જેમ કે " **सक्करप्पभाए णं भंते ! पुढवीए पणवीसाए निरयावाससयसहस्सेसु एगमेगंसि निरयावासंसि कई लेस्साओ पन्नत्ताओ ? गोयमा ! एगा काऊ लेस्सा पन्नत्ता** ) હે પૂજ્ય ! શર્કરાપ્રભા પૃથ્વીમાં જે ૨૫ લાખ નરકાવાસ છે. તે પ્રત્યેક નરકાવાસમાં રહેનારા નારક જીવોની કેટલી લેશ્યાઓ કહી છે ? હે ગૌતમ ! તેમને એક કાપોત લેશ્યા જ હોય છે ( **सक्करप्पभाए णं भंते ! जाव काउलेस्साए वट्टमाणा नेरइया किं कोहोवउत्ता ४ इत्यादि** ) હે પૂજ્ય ! શર્કરાપ્રભા પૃથ્વીના ૨૫ લાખ નરકાવાસોમાંના પ્રત્યેક નરકાવાસમાં રહેલા કાપોતલેશ્યાવાળા નારક જીવો શું ક્રોધોપયુકત હોય છે ? માનોપયુકત હોય છે? માયોપયુકત હોય છે ? લોભોપયુકત હોય છે ? ( **जाव सत्तावीसं भंगा इत्यादि** ) હે ગૌતમ ! સત્યાવીસ ભાંગા હોય છે, ઇત્યાદિ. એજ પ્રમાણે વાલુકાપ્રભાપૃથ્વીથી લઇને તમસ્તમા પૃથ્વી પર્યન્ત સૂત્રાલાપકના પ્રકારોનું વર્ણન કરી લેવું જોઇએ ॥સૂ.૫॥

## લેશ્યાપ્રકરણ સમાપ્ત

## અસુરકુમાર વગેરેના સ્થિતિસ્થાન આદિનું પ્રકરણ

**નારક જીવોનાં સ્થિતિસ્થાન વગેરેનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર અસુર**કુમાર વગેરેના સ્થિતિસ્થાનાદિનું નિરૂપણ કરવાને માટે સૂત્ર કહે છે.–" **चउसट्ठीए णं भंते !**" इत्यादि।

(**चउसट्ठीए णं भंते ! असुरकुमारावाससयसहस्सेसु**) **હે** ભગવન્! ૬૪ લાખ અસુરકુમારાવાસોમાંના (**एगमेगंसि असुरकुमारावासंसि**) પ્રત્યેક અસુરાકુમારાવાસમાં રહેનારા "**असुरकुमाराणं केवइया ठिइट्ठाणा पन्नत्ता ?**" અસુરકુમારોનાં કેટલાં સ્થિતિસ્થાન કહ્યાં છે?

ઉત્તર–"**गोयमा !**" **હે** ગૌતમ! "**असंखेज्जा ठिइट्ठाणा पन्नत्ता**" તેમના અસંખ્યાત સ્થિતિસ્થાન કહ્યાં છે. "**जहण्णिया ठिई जहा नेरइयाणं तहा**" જેવી નારક જીવોની જઘન્ય સ્થિતિ કહી છે એવી જ અસુરકુમારોની પણ જઘન્યસ્થિતિ સમજવી. તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે કર્યું છે. અસુરકુમારોની જઘન્યસ્થિતિ દસ હજાર વર્ષની હોય છે. એક સમય અધિક, બે સમય અધિક, ત્રણ સમય અધિક એ પ્રમાણે અસંખ્યાત સમયાધિક સુધીની જઘન્ય સ્થિતિ અસુરકુમારોની પણ નારકોની માફક જ હોય છે. તે કારણે તેમના અસંખ્યાત સ્થિતિસ્થાનો કહ્યાં છે. તથા તત્પ્રાયોગ્ય ઉત્કર્ષિકા વિવક્ષિત અસુરકુમારાવાસને યોગ્ય જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે પણ એજ પ્રમાણે એક, બે, ત્રણ વગેરે સમયાધિક થતાં થતા અસંખ્યાત સમય અધિક વાળી થાય છે. આ રીતે સ્થિતિસ્થાનના વિષયમાં નારક જીવોની તથા અસુરકુમારોની વકતવ્યતા એકે સરખી છે. તેથી નારક પ્રકરણમાં જે પ્રકારે વિચાર કરવામાં આવ્યો છે તે પ્રમાણે જ અસુરકુમારોના વિષયમાં સમજવું. "**नवरं पडिलोमा भंगा भाणियव्वा**" પણ ભાંગાઓમાં જે ફેરફાર છે તે આ પ્રમાણે છે–અસુરકુમારોના વિષયમાં ભાંગાઓ પ્રતિલોમ (ઉલ્ટા) ક્રમથી કહેવા જોઇએ. એટલે કે નારકોના પ્રકરણમાં ક્રોધ, માન, માયા અને લોભ, આ ક્રમથી ભાંગાઓનો નિર્દેશ કરાયો છે. તેને બદલે અહીં લોભ, માયા,

માન અને ક્રોધ એ ક્રમે ભાંગાઓનો નિર્દેશ કરવો જોઈએ. એજ વાત સૂત્ર· કારે આ સૂત્ર મારફત પ્રકટ કરી છે (सव्वे वि ताव होज्जा लोभोवउत्ता) તાત્પર્ય એ છે કે ગૌતમસ્વામીએ એવો પ્રશ્ન પૂછ્યો છે કે "હે પૂજ્ય ! અસુ· રકુમારવાસમાં રહેનારા અસુરકુમારો શું ક્રોધયુક્ત હોય છે? માનયુક્ત હોય છે? માયાયુક્ત હોય છે? લોભયુકત હોય છે?" ત્યારે તેના જવ બરૂપે પ્રભુએ કહ્યું છે કે ભાંગાઓ પ્રતિલોમથી-વિપરીત ક્રમથી ક્રોધને સ્થાને લોભનું કથન કરીને બનાવવા જોઇએ. જે "सव्वे वि ताव होज्जा लोभोवउत्ता" એ સૂત્ર વડે પ્રકટ કરેલ છે. દેવોમાં પરિગ્રહ સંજ્ઞા વિશેષ હોવાને કારણે તેઓ લોભયુકત હોય છે. અસુરકુમારો પણ દેવો છે. તેથી તેઓ પણ લોભયુકત હોય છે. "अहवा-लोभोवउत्ता य मायोवउत्ते य" ઘણા અસુરકુમારો લોભયુકત હોય છે. અને કોઈએક અસુરકુમાર માયાયુકત હોય છે. "अहवा-लोभोवउत्ता य मायोवउत्ता य" અથવા અનેક અસુરકુમારો લોભોપયુકત હોય છે. અને માયોપયુકત પણ હોય છે. નારક પ્રકરણમાં ક્રોધને બહુવચનમાં મૂકીને અને માન, માયા તથા લોભને એકવચન અને બહુવચનમાં મૂકીને ૨૭ ભાંગા બતાવવામાં આવ્યા છે. જ્યારે અહીં અસુર-કુમારોના પ્રકરણમાં લોભને મુખ્ય કરીને બહુવચનમાં મૂકીને અને માયા, માન તથા ક્રોધને એકવચન બહુવચનમાં અનુક્રમ મૂકીને ૨૭ ભાંગા બનાવવા જોઈએ. જેમ કે-અનેક અસુરકુમારો લોભોયુપકત હોય છે, માયોપયુકત હોય છે, માનો-પયુકત હોય છે અને ક્રોધોપયુકત હોય છે. આ પ્રમાણે દ્વિકસંયોગથી, ત્રિક· સંયોગથી અને ચતુષ્કસંયોગથી નારકો કરતાં પ્રતિલોમ ક્રમે ૨૭ ભાંગા બનાવવા. "एएणं गमेणं णेयव्वं जाव थणियकुमाराणं" જેવી રીતે અસુરકુમારોના લોભપ્રધાન ૨૭ ભાંગા કહ્યા છે, એવી જ રીતે નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુ-ત્કુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર દિગ્કુમાર, વાયુકુમાર, તથા સ્ત-નિતકુમાર સુધીના દેવોના પણ એકવચન બહુવચનને આધારે લોભપ્રધાન ૨૭ ભાંગા જ કહેવા. "णवरं णाणत्तं जाणियव्वं" નારકોમાં અને અસુરકુમાર વગેરે દેવોમાં સંહનન,સંસ્થાન અને લેશ્યાના સૂત્રોમાં ભેદ છે. એમ સમજીને પ્રશ્ન સૂત્ર તથા ઉત્તરસૂત્રો કહેવાં જોઇએ. નારકજીવોઅને અસુરકુમારાદિકોમાં જે ભેદ છે તે આ પ્રમાણે છે-(चउसट्ठीए णं भंते ! असुरकुमारावाससयसहस्सेसु एगमेगंसि असुर-कुमारावासंसि असुरकुमाराणं सरीरगा किं संघयणी? गोयमा! असंघयणी जे पोग्गला इट्ठा, कंता, पिया. मणुन्ना, मणोमा, ते तेसिं संघायत्ता ए परिणमंति-एवं संठाणे वि-नवरं-भव-धारणिज्जा समचउर ससंठाण संठिया, उत्तरवेउव्विया अन्नयरसंठिया, एवं लेस्सासु वि, नवरं-कइ लेस्साओ पन्नत्ताओ ? गोयमा ! चत्तारि-तं जहा-किण्हा, नीला, काऊ, तेऊ-लेस्सा । चउसट्ठीए णं जाव कण्हलेस्साए वट्टमाणा किं कोहोवउत्ता ? गोयमा ! सव्वेवि ताव होज्जा लोभोवउत्ता इत्यादि-एव नीला काऊ तेऊ वि) હે પૂજ્ય ! ચોસઠ લાખ અસુરકુમારાવાસમાંના પ્રત્યેક અસુરકુમારાવાસમાં રહેનાર અસુરકુમારોનાં શરીર

કયા સંહનનવાળાં હોય છે ? ઉત્તર– હે ગૌતમ ! તેમનાં શરીર સંહનન વિનાનાં હોય છે. તેમના શરીર સંઘાતરૂપે જે પુદ્ગલો પરિણમે છે, તે ઈષ્ટ, કાન્ત, પ્રિય મનોજ્ઞ અને મનોમ હોય છે. સંસ્થાન વિષે પણ એમ જ સમજવું. વિશિષ્ટતા એ છે કે તેમનું જે ભવધારણીય શરીર હોય છે તે હુંડસંસ્થાનવાળું હોતું નથી. પણ સમચતુરસ્રસંસ્થાનવાળું હોય છે. તથા જે ઉત્તરવૈક્રિયરૂપ શરીર હોય છે. તે કોઇ એક સંસ્થાનવાળું હોય છે. એજ પ્રમાણે લેશ્યાઓ વિષે પણ સમજવું. પણ લેશ્યાઓમાં આ પ્રમાણે વિશિષ્ટતા છે–પ્રશ્ન હે ભગવન્ ! અસુરકુમારોને કેટલી લેશ્યાઓ હોય છે ? ઉત્તર–હે ગૌતમ ! તેમને આ પ્રમાણે ચાર લેશ્યાઓ હોય છે, (૧) કૃષ્ણ, (૨) નીલ, (૩) કાપોત અને (૪) તેજો લેશ્યા.

**પ્રશ્ન—હે** પૂજ્ય ! ચોસઠ લાખ અસુરકુમારાવાસોમાંના પ્રત્યેક અસુરકુનારાવાસમાં રહેનારા કૃષ્ણલેશ્યાયુકત અસુરકુમારો શું ક્રોધોપયુકત હોય છે ? ઇત્યાદિ.

ઉત્તર—હે ગૌતમ ! સમસ્ત અસુરકુમારો લોભોપયુકત હોય છે, ઈત્યાદિ. એજ પ્રમાણે નીલલેશ્યા, કાપોતલેશ્યા અને તેજોલેશ્યાવાળા અસુરકુમારો વિષે પણ સમજવું નાગકુમાર વગેરેના પ્રકરણોમાં તો–( **चुलसीए नागकुमारावाससयसहस्सेसु** ) ચોર્યાસીલાખ નાગકુમારાવાસમાં ઈત્યાદિરૂપે સૂત્રપાઠ કરવો જોઇએ. " **चउसट्ठी असुराण नागकुमाराणं होइ चुलसीई** " અસુરકુમારોનાં ૬૪ લાખ અને નાગકુમારોનાં ૮૪ લાખ ભવન હોય છે. એવું શાસ્ત્રોમાં કહેલ છે. તેથી ભવન સંખ્યામાં જે ફેરફાર છે તે ધ્યાનમાં રાખીને પ્રશ્નસૂત્રો તથા ઉત્તરસૂત્રો કહેવાં જોઈએ. ॥ સૂ. ૬॥

## ॥ અસુરકુમારાદિના સ્થિતિસ્થાનાદિ સમાપ્ત ॥

## પૃથિવીકાયિકાદિ એકેન્દ્રિય જીવોં કે સ્થિતીસ્થાન આદિ કા નિરૂપણ

## પૃથ્વીકાયિકાદિના સ્થિતિસ્થાનાદિ

હવે પૃથ્વીકાયિક અપ્કાયિક વગેરે એકેન્દ્રિય જીવોનાં સ્થિતિસ્થાન વગેરનું નિરૂપણ કરવાને માટે સૂત્રકાર કહે છે." असंखिज्जेसुणं " ઈત્યાદિ

( **असंखिज्जेसु णं भंते ! पुढवीकाइयावाससयसहस्सेसु** ) હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોનાં અસંખ્યાત લાખ આવાસોમાંના "एगमेगंसि पुढवीकाइयावासंसि" પ્રત્યેક પૃથ્વીકાયિક આવાસમાં રહેનારા " पुढवीकाइयाणं " પૃથ્વીકાયિક જીવોનાં " **केवइया ठिइट्ठाणा पन्नत्ता ?** " કેટલાં સ્થિતિસ્થાન કહ્યાં છે ?

ઉત્તર— ' **गोयमा !** " હે ગૌતમ ! ( **असंखेज्जा ठिइट्ठाणा पन्नत्ता** ) તેમનાં

અસંખ્યાત સ્થિતિસ્થાન કહ્યાં છે. "तंजहा" તે આ પ્રમાણે છે- "जहन्निया ठिई जाव तप्पाउग्गुक्कोसिया ठिई" એક સમય જઘન્યસ્થિતિથી લઇને તત્પ્રાયોગ્ય ઉત્કૃષ્ટસ્થિતિ સુધી પૃથ્વીકાયિક જીવોની જઘન્યસ્થિતિ અન્તર્મુહૂર્તની હોય છે. અહીં "यावत्" પદ વડે "समयाहिया जहण्णिया ठिई, दुसमयाहिया जहण्णिया ठिई, जाव ति,-चउ,-पंच,-छ,-सत्त,-अट्ठ,-नव,-दस,-संखेज्जसमयाहिया जहण्णिया ठिई, असंखेज्जसमयाहिया जहण्णिया ठिई" આ પાઠનો સંગ્રહ કર્યો છે. તેનો અર્થ આ પ્રમાણે છે-એક સમય અધિક જઘન્યસ્થિતિ, બે સમય અધિક જઘન્યસ્થિતિ, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દસ, અને સંખ્યાત સમયાધિક જઘન્યસ્થિતિ, અને અસંખ્યાતસમયાધિક જઘન્યસ્થિતિ સુધીના અસંખ્યાત સ્થિતિસ્થાન સમજવા. "असंखेज्जेसु णं भंते ! पुढवीकाइयावाससयसहस्सेसु एगमेगंसि पुढवीकाइयावासंसि जहण्णियाए ठिईए वट्टमाणा पुढवीकाइया" હે પૂજ્ય ! અસંખ્યાત લાખ પૃથ્વીકાયિકાવાસોમાંના પ્રત્યેક પૃથ્વીકાયિકાવાસમાં જઘન્યસ્થિતિએ રહેનારા પૃથ્વીકાયિક જીવો "किं कोहोवउत्ता, माणोवउत्ता, मायोवउत्ता, लोभोवउत्ता ?" ક્રોધોપયુકત હોય છે ? માનોપયુકત હોય છે ? માયોપયુકત હોય છે ? લોભોપયુકત હોય છે ? શું તે પૃથ્વીકાયિક જીવો ક્રોધ, માન, માયા અને લોભથી યુકત હોય છે? એવો આ પ્રશ્ન છે.

ઉત્તર—(गोयमा) હે ગૌતમ ! "कोहोवउत्ता वि, माणोवउत्ता वि, मायोवउत्ता वि, लोभोवउत्ता वि) તેઓ ક્રોધથી પણ યુકત હોય છે, માનથી પણ યુકત હોય છે, માયાથી પણ યુકત હોય છે, અને લોભથી યુકત પણ હોય છે. "एवं पुढवीकाइयाणं सव्वेसु वि ठाणेसु अभंगयं" આ પૃથ્વીકાયિક જીવોનાં તમામ સ્થાનોમાં અભંગત્વ–ભાંગાઓનો અભાવ છે. કારણ કે એકે એક કષાયથી યુકત પૃથ્વીકાયિક જીવો ઘણા હોય છે. તેથી જ સ્થિતિ, અવગાહના, શરીર, સંહનન, સંસ્થાન, લેશ્યા દૃષ્ટિ, જ્ઞાન, યોગ અને ઉપયોગ એ દસ સ્થાનોમાં ભાંગાઓનો અભાવ (અભંગત્વ) છે. "नवरं" પણ આટલી વિશેષતા છે કે "तेऊलेस्साए असीई भंगा" તેજોલેશ્યામાં ૮૦ ભાંગા છે. પૃથ્વીકાયિક જીવોમાં લેશ્યાદ્વારમાં તેજોલેશ્યા વકતવ્ય છે. એટલે કે પૃથ્વીકાયિક જીવો તેજોલેશ્યાવાળા પણ હોય છે. જ્યારે દેવલોકથી ચ્યવીને એક અથવા અનેક દેવો પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થાય છે ત્યારે તેમને તેજોલેશ્યા હોય છે. તેથી દેવસંબંધી એક અનેક કારણને લીધે ૮૦ ભાંગા થાય છે. પૃથ્વીકાયિક પ્રકરણમાં સૂત્રકારે સ્થિતિસ્થાનદ્વારનું તો નિરૂપણ કર્યું જ છે. પણ જે વિષયનું આ પ્રકરણમાં કથન થયું નથી તે વિષયનું વકતવ્ય નારક પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે જ સમજવું પરંતુ નારક અને પૃથ્વીકાયિકો વચ્ચે જેટલે અંશે ભિન્નતા છે, "णाणत्तं जाणियव्वं" તે ભિન્નતા આગળ કહેલ હોવાથી પ્રશ્નસૂત્રો મારફત સમજી લેવી. તે ભિન્નતા

શરીર, સંહનન, સંસ્થાન, લેશ્યા, દૃષ્ટિ. જ્ઞાન અને યોગ, એ સાત દ્વારોમાં છે જેમ કે " असंखिज्जेसु णं भंते ! पुढवीकाइयावाससयसहस्सेसु जाव पुढवीकाइयाणं कइ सरीरा पण्णत्ता ?" હે પ્રભો અસંખ્યાત લાખ પૃથ્વીકાયિક આવાસોમાંના પ્રત્યેક પૃથ્વીકાયિક આવાસમાં રહેનારા પૃથ્વીકાયિક જીવોનાં કેટલાં શરીર કહ્યાં છે ? " तिन्नि सरीरा पन्नत्ता " હે ગૌતમ ! ત્રણ શરીર કહ્યાં છે. તે શરીરો આ પ્રમાણે છે–ઔદારિક, તૈજસ અને કાર્મણ. તે ત્રણે શરીરવાળા પૃથ્વીકાયિક જીવો ક્રોધ, માન, માયા અને લોભ, એ ચારેથી યુકત હોય છે. તથા–" असंखेज्जेसु णं जाव पुढवीकाइयाणं सरीरगा किं संघयणो ?" હે પૂજ્ય ! અસંખ્યાત લાખ પૃથ્વીકાયિકાવાસોમાં રહેનાર પૃથ્વીકાયિક જીવોનાં શરીર કયા પ્રકારના અને કયા સંહનન વાળાં હોય છે. ઇત્યાદિ સમસ્ત પ્રશ્ન અને ઉત્તર પહેલાં કહ્યા પ્રમાણે જ સમજવા. પરન્તુ પૃથ્વીકાયિક જીવોમાં વિશેષતા એ છે કે તેમના શરીરસંઘાત રૂપે જે પુદ્ગલો પરિણમે છે તે " पोग्गला मणुन्ना, अमणुन्ना, सरीरसंघायत्ताए परिणमंति " પુદ્ગલો મનોજ્ઞ અને અમનોજ્ઞ, એમ બન્ને પ્રકારના હોય છે, એજ પ્રમાણે સંસ્થાનદ્વાર સંબંધી સૂત્રની પણ રચના કરવી જોઇએ. પણ ઉત્તર સૂત્રમાં " हुंडसंठाण-संठिया " એવું કહેવું જોઇએ કે તેમનાં શરીર " હુંડસંસ્થાનવાળાં " હોય છે, પણ ત્યાં શરીર બે પ્રકારનાં હોય છે. એક ભવધારણીય શરીર અને બીજું ઉત્તરવૈક્રિય શરીર, એવા પાઠનું કથન કરવું નહીં કારણ કે પૃથ્વીકાયિક જીવોમાં ભવધારણીય વગેરે બે પ્રકારનાં શરીરોનો અભાવ છે. લેશ્યાદ્વારમાં એવું કહેવું જોઈએ કે "पुढवीकाइयाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?" "गोयमा ! चत्तारि लेस्साओ पण्णत्ताओ-तंजहा-कण्हलेस्सा जाव तेउलेस्सा " હે પૂજ્ય ! પૃથ્વીકાયિક જીવોને કેટલી લેશ્યાઓ હોય છે. ? હે ગૌતમ ! તેમને ચાર લેશ્યાઓ હોય છે –કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, અને તેજોલેશ્યા તેમ ની કૃષ્ણ, નીલ કાપોતલેશ્યાઓમાં અભંગત્વ (ભાંગાઓનો અભાવ) છે માત્ર તેજોલેશ્યામાં જ ૮૦ ભાંગા હોય છે એમ સમજવું. દૃષ્ટિદ્વારમાં એવું કહેવું જોઈએ કે " असखेज्जेसु जाव पुढवीकाइया किं सम्मदिट्ठी, मिच्छादिट्ठी सम्मामिच्छादिट्ठी ? " गोयमा ! नियमा मिच्छादिट्ठी " હે પૂજ્ય ! અસંખ્યાત લાખ પૃથ્વીકાયિકાવાસોમાં રહેતા પૃથ્વીકાયિક જીવો શું સમ્યગ્દૃષ્ટિ હોય છે ? કે મિથ્યાદૃષ્ટિ હોય છે ? કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ હોય છે ? હે ગૌતમ ! તેઓ નિયમા ( ચોક્કસ ) મિથ્યાદૃષ્ટિ જ હોય છે. બાકીનું તમામ વર્ણન પહેલાંની જેમ જ સમજવું જ્ઞાનદ્વારમાં પણ પહેલાંના કથન પ્રમાણે જ કથન સમજવું, પણ તેમાં નીચે પ્રમાણે વિશેષતા છે– ( पुढवीकाइया णं भंते! किं णाणी, अण्णाणी ? गोयमा ! णो णाणी अण्णाणी नियमा दो अण्णाणी " હે ભગવન્! પૃથ્વીકાયિક જીવો જ્ઞાની હોય છે, કે અજ્ઞાની હોય છે ? હે ગૌતમ ! તેઓ નિયમથી જ અજ્ઞાની હોય છે, જ્ઞાની હોતા નથી તેમનામાં મતિઅજ્ઞાન અને શ્રુત અજ્ઞાન, એ બે અજ્ઞાન હોય છે. યોગદ્વારમાં

પણ પહેલાંની જેમ જ કથન છે પણ વિશેષતા નીચે પ્રમાણે–છે, હે પૂજ્ય ! પૃથ્વીકાયિક જીવો શું મનયોગી હોય છે ? કે વચનયોગી હોય છે ? કે કાયયોગી હોય છે ? " હે ગૌતમ ! તેઓ મનયોગી પણ હોતાં નથી વચનયોગી પણ પણ હોતાં નથી પરંતુ માત્ર કાયયોગીજ હોય છે. "**एवं आउक्काइया वि**" પૃથ્વીકાયિક જીવોની જેમજ અપ્કાયિક જીવોનો પણ વિચાર કરવો જોઈએ. અપૂકાયિકજીવોનાં દસેદસ સ્થાન ભાંગા વિનાનાં છે. પરન્તુ તેજોલેશ્યામાં તેમના ૮૦ ભાંગા થાય છે, કારણ કે દેવતાઓ દેવલોકમાંથી અપૂકાયિકમાં પણ ઉત્પન્ન થતા હોય છે, તેજસ્કાયિક અને વાયુકાયિકોનાં બધાં સ્થાનોમાં પણ ભાંગાઓનો અભાવ જ છે. એટલે કે સ્થિતિસ્થાન વગેરે દસે સ્થાનોમાં એ જીવોમાં ભાંગાઓનો અભાવ છે. કારણ કે તે જીવોમાં એક જ કાળે ક્રોધાદિથી યુક્ત અનેક જીવોનો સદ્ભાવ હોય છે. દેવલોકમાંથી આવીને ઉત્પન્ન થનારા દેવો તેજસ્કાય અને વાયુકાયમાં ઉત્પન્ન થતા નથી તે કારણે તે બન્નેમાં તેજોલેશ્યા હોતી નથી. અને તેજોલેશ્યાને અભાવે તેજોલેશ્યાના ૮૦ ભાંગાઓનો પણ તેમાં અભાવ જ હોય છે. અપૂકાયિક વગેરેમાં પૃથ્વીકાયિકોના જેવું જ કથન સમજવું. પણ વાયુકાયિક જીવોના સૂત્રમાં શરીરદ્વારમાં આ પ્રકારની વિશેષતા છે– "હે પૂજ્ય! અસંખ્યાત લાખ વાયુકાયિકાવાસોમાં રહેનારા જીવોનાં કેટલાં શરીર કહ્યાં છે ? હે ગૌતમ! તેમનાં ચાર શરીર કહ્યાં છે, ઔદારિક, વૈક્રિય, તૈજસ અને અને કાર્મણ, ઈત્યાદિ.

(**वणस्सइकाइया इत्यादि**) વનસ્પતિકાયિક જીવોનું વક્તવ્ય પણ પૃથ્વીકાયિકો પ્રમાણે જ સમજવું કારણ કે તેમનાં દસે સ્થાનોમાં ભાંગાઓનો અભાવ જ છે. પરન્તુ પૃથ્વીકાયિકોની જેમ તેજોલેશ્યામાં ૮૦ ભાંગાઓનો સદ્ભાવ છે.

શંકા—દૃષ્ટિદ્વારમાં " પૃથ્વીકાયિક, અપૂકાયિક, અને વનસ્પતિકાયિક જીવો અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદનભાવથી સમ્યકત્વવાળા હોય છે. એવું કહેવું જોઈતું હતું જો તેમને સમ્યકત્વ પ્રાપ્ત થયું છે એવો સ્વીકાર થાય તો જ્ઞાનદ્વારમાં એવું કહી શકાય કે તેઓ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનવાળાં છે. અને તેમનામાં મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાની અલ્પ હોય છે. તેથી સમ્યગ્દર્શનમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના ૮૦ ભાંગા કહેવા જોઈએ. પરંતુ અહિં ૮૦ ભાંગા કેમ કહ્યા નથી ?

ઉત્તર—પૃથ્વીકાયિક અપૂકાયિક અને વનસ્પતિકાયિક જીવોમાં સાસ્વાદન સમકિત અને મતિશ્રુતજ્ઞાન નથી, તે કારણે ગૌતમસ્વામીએ તેની પૃચ્છા પણ અહીં કરી નથી તેથી જ એવું કહેવામાં આવ્યું છે કે " **उभयाभावो पुढवाइएसु विगलेसु होज्ज उववण्णो** " પૃથ્વીકાય વગેરેમાં ઉભયાભાવ છે, તથા વિકલેન્દ્રિય જીવોમાં એટલે કે દ્વિન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોમાં–પૂર્વપ્રતિપન્નક

સમ્યકત્વ હોય છે, ઉભયાભાવનું તાત્પર્ય–પૂર્વપ્રતિપન્નક સમ્યકત્વ અને પ્રતિપદ્યમાન સમ્યકત્વ એ બન્નેના તેમનામાં એટલે કે પૃથ્વીકાય વગેરેમાં અભાવ હોય છે. તાત્પર્ય એ છે કે પૃથ્વીકાય વગેરેમાં ઉત્પન્ન થયેલો જીવ પહેલાં પ્રાપ્ત કરેલાં સમ્યકત્વને બીજા ભવમાં સાથે લાવતો નથી અને ત્યાં પણ સમ્યકત્વ પ્રાપ્ત કરતો નથી. પણ વિકલેન્દ્રિયોમાં ઉત્પન્ન થયેલો જીવ પૂર્વપ્રતિપન્ન સમ્યકત્વને એ પર્યાયમાં ( આ ભવમાં ) પણ સાથેજ લાવે છે. તે કારણે તેને પૂર્વપ્રતિન્નક સમ્યકત્વી કહેલ છે. ॥ સૂ.–૭॥

॥પૃથ્વીકાયિકાદિ જીવોનાં સ્થિતિસ્થાનાદિકનું નિરૂપણ સમાપ્ત॥

## દ્વીન્દ્રિયસે ચતુરરિન્દ્રિ તક કે જીવોં કે સ્થિતિસ્થાન આદિ કા નિરૂપણ

### દ્વીન્દ્રિયાદિ પ્રકરણ

એકેન્દ્રિય જીવોનાં સ્થિતિસ્થાન વગેરેનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર દ્વીન્દ્રિયથી શરૂ કરીને ચતુરિન્દ્રિય સુધીનાં વિકલેન્દ્રિય જીવોનાં સ્થિતિસ્થાન વગેરેનું નિરૂપણ કરવાને માટે સૂત્ર કહે છે—"बेइंदिय" ઇત્યાદિ

બેઇન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિયજીવોમાં આ પ્રમાણે કથન કરવું જોઇએ. ( **जेहिं ठाणेहिं नेरइयाणं असीई भंगा तेहिं ठाणेहिं बेइंदिय,–तेइंदिय,–चउरिंदियाणं असीई चेव** ) જે સ્થાનોમાં નારકજીવોના ૮૦ ભાંગા છે. તે સ્થાનોમાં દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોના પણ ૮૦ ભાંગા છે. તાત્પર્ય એ છે કે જ્યાં જ્યાં નારક જીવોના ૮૦ ભાંગા કહ્યા છે તે સ્થાનોમાં દ્વીન્દ્રિય આદિ જીવોના પણ ૮૦ ભાંગા કહેવા જોઈએ. નારક પ્રકરણમાં એક સમય અધિક આદિ જઘન્યસ્થિતિથી લઇને સંખ્યાત સમયાધિક સુધીના જઘન્યસ્થિતિમાં તથા જઘન્ય અવગાહનામાં, તથા સંખ્યાત પ્રદેશ સુધીની વૃદ્ધિવાળી જઘન્ય અવગાહનામાં મિશ્રદષ્ટિમાં નારક જીવોના જેમ ૮૦ ભાંગા કહેવામાં આવ્યા છે. તેમ વિકલેન્દ્રિય જીવોના મિશ્રદૃષ્ટિરહિત તે સ્થાનોમાં ૮૦ ભાંગા થાય છે, કારણ કે વિકલેન્દ્રિય જીવો અલ્પ હોય છે. તથા એક એક વિકલેન્દ્રિય જીવમાં પણ ક્રોધ, માન, માયા અને લોભનો સદ્ભાવ સંભવી શકે છે, પરંતુ વિકલેન્દ્રિય જીવોમાં તથા એકેન્દ્રિય જીવોમાં મિશ્રદૃષ્ટિવાળા જીવો હોતા નથી, તે કારણે વિકલેન્દ્રિય જીવોના મિશ્રદૃષ્ટિમાં ૮૦ ભાંગા સંભવી શકતા નથી. તેથી 'મિશ્રદષ્ટિ' એમ લખેલ છે. હવે નારક જીવો કરતાં વિકલેન્દ્રિય જીવોમાં જે વિશિષ્ટતા છે તે બતાવવાને માટે સૂત્રકાર કહે છે કે (**नवरं**) તે વિશેષતા આ પ્રમાણે છે.–( **अब्भहिया सम्मत्ते आभिणिबोहिय नाणे सुयनाणे य, एएहिं असीई भंगा** ) સમ્યકત્વમાં, અને

આભિનિબોધિક જ્ઞાનમાં તથા શ્રુતાજ્ઞાનમાં (એ ત્રણે અવિનાભાવી સંબંધમાં હોવાને કારણે) એ ત્રણે સ્થાનોમાં તે વિકલેન્દ્રિય જીવોના ૨૭ ભાંગાઓની જગ્યાએ ૮૦ ભાંગા કહેવા. તાત્પર્ય એ છે કે દૃષ્ટિદ્વારમાં અને જ્ઞાનદ્વારમાં નારક જીવોના ૨૭જ ભાંગા કહેવામાં આવ્યા છે. પરન્તુ વિકલેન્દ્રિય જીવોમાં સાસ્વાદનભાવ હોવાથી સાસ્વાદન સમ્યકત્વ હોય છે. અને મતિજ્ઞાન શ્રુતજ્ઞાન પણ હોય છે. એવા જીવો તેમાં અલ્પ હોય છે. તે કારણે તેમનામાં એકત્વની પણ સંભાવના છે તેથી તેમના ૮૦ ભાંગા થાય છે તથા–" जेहिं ठाणेहिं नेरइयाणं सत्तावीसं भंगा तेसु ठाणेसु सव्वेसु अभंगयं " જે સ્થાનોમાં નારક જીવોના ૨૭ ભાંગા હોય છે. તે સઘળાં સ્થાનોમાં દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોમાં ભાંગાઓનો અભાવ હોય છે. એજ એમની વિલક્ષણતા છે. તેમાં ભાંગા ન બનવાનું કારણ એ છે કે એક જ સમયમાં ક્રોધ, માન માયા અને લોભથી યુક્ત ઘણા જ બેઈન્દ્રિય આદિ જીવોની તેમનામાં સંભાવના હોય છે. વિકલેન્દ્રિય સંબંધી સૂત્રો પૃથ્વીકાયિકો જેવાંજ સમજવા. જેમકે–" असंखिज्जेसु णं भंते ! बेइंदियावाससय सहस्सेसु एगमेगंसि बेइंदियावासंसि बेइंदियाणं केवइया ठिइट्ठाणा पन्नत्ता ?" " गोयमा ! असंखेज्जा ठिइट्ठाणा पण्णत्ता तं जहा–जहन्निया ठिई, जाव तप्पाउग्गुक्कोसिया ठिई, असंखिज्जेसु णं भंते ! बेइंदियावाससयसहस्सेसु एगमेगंसि बेइंदियावासंसि जहण्णियाए ठिईए वट्टमाणा बेइंदिया किं कोहोवउत्ता, माणोवउत्ता मायोवउत्ता, लोभोवउत्ता ? गोयमा ! कोहोवउत्ता वि " ઇત્યાદિ. આ સૂત્રોનો અર્થ આ પ્રમાણે થાય છે.

હે પૂજ્ય! દ્વીન્દ્રિય જીવોનાં અસંખ્યાત લાખ આવાસોમાંના પ્રત્યેક દ્વીન્દ્રિયાવાસમાં રહેતા દ્વીન્દ્રિય જીવોનાં કેટલાં સ્થિતિસ્થાન કહ્યાં છે ? " " હે ગૌતમ ! તેમનાં અસંખ્યાત સ્થિતિસ્થાન કહ્યાં છે " એક જઘન્યસ્થિતિથી લઇને તત્પ્રાયોગ્ય ઉત્કૃષ્ટસ્થિતિ સુધી અહીં ગ્રહણ કરવું જોઈએ " હે પૂજ્ય ! અસંખ્યાતલાખ દ્વીન્દ્રિયાવાસોમાંના પ્રત્યેક દ્વીન્દ્રિયાવાસમાં જઘન્યસ્થિતિમાં રહેલા દ્વીન્દ્રિય જીવો શું ક્રોધયુક્ત હોય છે ? માનયુક્ત હોય છે ? માયાયુક્ત હોય છે ? લોભયુક્ત હોય છે ? " " હે ગૌતમ ! તેઓ ક્રોધથી પણ યુક્ત હોય છે," ઇત્યાદિ. તમામ સૂત્રોનું દ્વીન્દ્રિય જીવ પ્રકરણમાં પણ કથન કરવું વિશેષતા ફકત એટલીજ છે કે દ્વીન્દ્રિયાદિ જીવ પ્રકરણમાં લેશ્યાદ્વારમાં તેજોલેશ્યાનું કથન કરવું નહીં તથા દૃષ્ટિદ્વારમાં આ પ્રમાણે પ્રશ્નસૂત્ર બનાવવું-"હે પૂજ્ય ! દ્વીન્દ્રિય જીવો શું સમ્યગ્દૃષ્ટિ હોય છે, મિથ્યાદૃષ્ટિ હોય છે કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ હોય છે ? " "હે ગૌતમ ! તેઓ સમ્યગ્દૃષ્ટિ પણ હોય છે, મિથ્યાદષ્ટિ પણ હોય છે. પરંતુ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ હોતા નથી. " અહીં સમ્યગ્દર્શનવાળા દ્વીન્દ્રિય જીવો શું ક્રોધાદિથી યુકત હોય છે ? એવો પ્રશ્ન પૂછવો જોઇએ. અને અહીં ૮૦ ભાંગા થાય છે એવો ઉત્તર કહેવો જોઇએ જ્ઞાનદ્વારમાં આ પ્રમાણે પૂછવું—" હે પૂજ્ય ! દ્વીન્દ્રિય જીવો જ્ઞાની હોય છે કે અજ્ઞાની હોય છે ?" ઉત્તર—"હે ગૌતમ ! દ્વીન્દ્રિય જીવો જ્ઞાની

પણ હોય છે અને અજ્ઞાની પણ હોય છે. જો તેઓ જ્ઞાની હોય તો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બે જ્ઞાનવાળા હોય છે. પણ જો તેઓ અજ્ઞાની હોય તો મતિઅજ્ઞાન અને શ્રુત અજ્ઞાન એ બે અજ્ઞાનવાળા હોય છે. બાકીનું સઘળું કથન અહીં પૃથ્વીકાયના જીવો પ્રમાણે સમજવું અર્થાત્ અહીં મતિશ્રુતજ્ઞાનમાં ૮૦ ભાંગા કહેવા જોઇએ. એટલી જ વિલક્ષણતા છે. યોગદ્વારમાં આ પ્રમાણે પ્રશ્ન કરવો-"હે પૂજ્ય ! દ્વીન્દ્રિય જીવો શું મનયોગી હોય છે ? કે વચનયોગી હોય છે? કે કાયયોગી હોય છે?" ઉત્તર-"હે ગૌતમ ! તેઓ મનયોગી હોતા નથી પણ વચનયોગી અને કાયયોગી હોય છે" બાકીનું બધુંય કથન પૃથ્વીકાયિકના જીવ પ્રકરણ પ્રમાણે જ સમજવું. એજ પ્રમાણે પૃથ્વીકાયિક જીવોના સૂત્રોની જેમજ ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય પ્રકરણમાં પણ પ્રશ્નસૂત્ર અને ઉત્તરસૂત્ર સમજવા. તથા જ્યાં જ્યાં દ્વીન્દ્રિય સૂત્રોમાં ભિન્નતા બતાવી છે ત્યાં ત્યાં ત્રીન્દ્રિય ચતુરિન્દ્રિયનાં સૂત્રોમાં પણ ભિન્નતા સમજવી. બીજાં સૂત્રોનાં આલાપકો પણ એ રીતે જ બનાવી લેવાં ॥ સૂ.-૮॥ વિકલેન્દ્રિય પ્રકરણ સામાપ્ત

## પંચેન્દ્રિય તિર્યગ્યોનિક જીવોં કે સ્થિતિસ્થાન આદિ કા વર્ણન

### પંચેન્દ્રિયતિર્યંચપ્રકરણ

વિકલેન્દ્રિય જીવોનાં સ્થિતિસ્થાન વગેરેનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર પંચેન્દ્રિયતિર્યંચ જીવોનાં સ્થિતિસ્થાન વગેરેનું નિરૂપણ કરે છે—"પંચિંદિય' ઇત્યાદિ

ટીકાર્થ-(पंचिंदियतिरिक्खजोणिया जहा नेरइया तहा भाणियव्वा) જે રીતે નારક જીવોનાં સ્થિતિસ્થાન વગેરેનું જઘન્ય અને ઉત્કૃષ્ટ રૂપે પ્રતિપાદન કરવામાં આવ્યું છે, એજ પ્રમાણે જઘન્ય અને ઉત્કૃષ્ટ રૂપે પંચેન્દ્રિય તિર્યંચ યોનિના જીવોનાં સ્થિતિ સ્થાનાદિનું પણ પ્રતિપાદન સમજવું, (नवर) પણ જે બાબતમાં ભિન્નતા છે તે બતાવવાને માટે સૂત્રકાર કહે છે કે-(जेहिं सत्तावीसं भंगा तेहिं अभंगयं कायव्वं) નારકોનાં જે જે સ્થાનોમાં ૨૭ ભાંગા કહેવામાં આવ્યા છે તે તે સ્થાનોમાં અહીં ભાંગાઓનો અભાવ સમજવો. જઘન્ય સ્થિતિ કેટલી છે ? ઉત્કૃષ્ટસ્થિતિ કેટલી છે ? ઇત્યાદિ તમામ કથન નારક પ્રકરણમાં બતાવ્યા પ્રમાણે જ સમજવું. ભાંગાઓનો અભાવ કહેવાનું કારણ એ છે કે એક જ સમયે ક્રોધ, માન, માયા અને લોભથી યુક્ત અનેક તિર્યંચયોનિના જીવોનો સદ્ભાવ હોય છે. આ પંચેન્દ્રિયતિર્યંચ પ્રકરણમાં નારકપ્રકરણ પ્રમાણે જે સૂત્રો છે, તે નીચે મુજબ છે જેમ કે-"पंचिंदियतिरिक्खजोणियाणं भंते! केवइया ठिइट्ठाणा पण्णत्ता ? गोयमा ! असंखेज्जा ठिइट्ठाणा पण्णत्ता ?" હે પૂજ્ય ! પંચેન્દ્રિય તિર્યંચોનાં કેટલાં સ્થિતિસ્થાનો કહ્યાં છે ? હે ગૌતમ ! તેમનાં અસંખ્યાત

સ્થિતિસ્થાન કહ્યાં છે. (तंजहा) તે આ પ્રમાણે છે (जहण्णिया ठिई, **समयाहिया जहण्णिया ठिई, दुसमया जाव तप्पाउग्गुक्कोसिया ठिई**) ઇત્યાદિ. આ બધું **કથન** નારકપ્રકરણમાં કહ્યા મુજબ જ સમજવું. (नवरं) જ્યાં જ્યાં વિશેષતા છે તે આ પ્રમાણે છે. હવે નારક પ્રકરણ કરતાં શરીરદ્વારમાં જે વિશેષતા છે તે બતાવવામાં આવે છે. "હે પૂજ્ય! અંખ્યાત પંચેન્દ્રિય તિર્યંચયોનિકાવાસોમાંના પ્રત્યેક પંચેન્દ્રિય તિર્યક્‌યોનિકવાસમાં રહેતા પંચેન્દ્રિય તિર્યક્‌યોનિક જીવોને કેટલાં શરીર હોય છે.?' ઉત્તર–હે ગૌતમ! તેમને ચાર શરીર હોય છે–(૧) ઔદારિકશરીર, (૨) વૈક્રિયશરીર, (૩) તૈજસ શરીર અને (૪) કાર્મણ શરીર. પંચેન્દ્રિયતિર્યક્‌-યોનિના જીવોમાં અને નારકોમાં એટલો જ ભેદ છે કે નારકોને ત્રણ શરીર હોય છે, પણ પંચેન્દ્રિયતિર્યંચોને ચાર હોય છે. નારકોને એક ઔદારિક શરીર હોતું નથી. જેવી રીતે મિશ્રદષ્ટિવાળા નારકોમાં ક્રોધાદિયુક્તના ૮૦ ભાંગા **કહ્યા છે, એવી જ રીતે પંચેન્દ્રિયતિર્યંચોના મિશ્રદષ્ટિવાળા જીવોમાં પણ ૮૦** ભાંગા થાય છે. તાત્પર્ય એ છે કે નારકપ્રકરણમાં જે સ્થાનોમાં ૮૦ ભાંગા કહ્યા છે. તે સ્થાનમાં અહીં પણ ૮૦ ભાંગા જાણવા, પરન્તુ નારકપ્રકરણમાં જે સ્થાનમાં ૨૭ ભાંગા કહ્યા છે તે સ્થાનમાં અહીં ભાંગાઓનો અભાવ જાણવો એજ વાત સૂત્રકારે "**जेहिं सत्तावीसं भंगा तेहिं अभंगयं कायव्वं, जत्थ असीई तत्थ असीई कायव्वं**" અહિં આ સૂત્રદ્વારા સમજાવી છે. બીજી વિશેષતા સંહનન-દ્વારમાં છે. અહીં આ પ્રમાણે પ્રશ્ન કરવો–"**पंचिंदियतिरिक्खजोणियाणं भंते! केवइया संघयणा पण्णत्ता?**" "હે પૂજ્ય! પંચેન્દ્રિતિર્યક્‌યોનિક જીવોના કેટલાં સંહનન કહ્યાં છે? ઉત્તર—"**गोयमा! छ संघयणा पण्णत्ता तंजहा–वइररिसहनाराय जाव छेवट्टं–ति**" હે ગૌતમ! તેમનાં છ સંહનન કહ્યાં છે. તે આ પ્રમાણે છે–વજ્રઋષભનારાચથી લઈને છેવટ સુધીના છ સંહનનો સમજવા. નારકજીવોમાં **સંહનન હોતાં નથી. પણ પંચેન્દ્રિયતિર્યંચોમાં** સંહનનો હોય છે, એજ પ્રમાણે સંસ્થાનદ્વારમાં પણ આ પ્રમાણે વિશેષતા છે–નારક જીવોને ફક્ત હુંડસંસ્થાન જ હોય છે ત્યારે પંચેન્દ્રિય તિર્યંચોને છએ સંસ્થાન હોય છે. લેશ્યાદ્વારમાં પણ આ પ્રમાણે વિશેષતા છે. નારક જીવોને કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણ જ લેશ્યાઓ હોય છે. પણ પંચેન્દ્રિયતિર્યંચોને છએ લેશ્યાઓ હોય છે. એજ વાત નીચેના સૂત્રપાઠ દ્વારા દર્શાવવામાં આવી છે–"**कइ लेस्साओ पण्णत्ताओ?**" "**गोयमा! छ तंजहा–कण्हलेस्सा जाव सुक्कलेस्सा**" આ પ્રકારે તિર્યક્‌યોનિના જીવોના પ્રકરણમાં વિચાર કરવો જોઇએ ॥ સૂ.–૯॥

**પંચેન્દ્રિયતિર્યગ્‌યોનિક જીવોનું પ્રકરણ સમાપ્ત**

## મનુષ્યપ્રકરણ

પંચેન્દ્રિયતિર્યંચોનાં સ્થિતિસ્થાનાદિનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર મનુષ્યોનાં સ્થિતિસ્થાનાદિનું નિરૂપણ કરવાને માટે " मणुस्सा वि " ઇત્યાદિ. સૂત્રનું કથન કરે છે—( मणुस्सा वि ) જેવી રીતે દસ સ્થાનો મારફત નારકોનું કથન કર્યું છે એવી જ રીતે દસ સ્થાનો મારફત મનુષ્યોનું પણ કથન કરવું જોઇએ. તે દસ સ્થાનોનાં નામ આ પ્રમાણે છે- સ્થિતિસ્થાન ૧, અવગાહનાસ્થાન ૨, શરીરસ્થાન ૩, સંહનનસ્થાન ૪, સંસ્થાનસ્થાન ૫, લેશ્યાસ્થાન ૬, દષ્ટિસ્થાન ૭, જ્ઞાનસ્થાન ૮, યોગસ્થાન૯, અને ઉપયોગસ્થાન૧૦. એ વાતને દર્શાવવાને માટે સૂત્રકાર કહે છે કે ( जेहिं ठाणेहिं नेरइयाणं असीई भंगा तेहिं ठाणेहिं मणुस्साणं वि असीई भंगा भाणियव्वा ) જે સ્થાનોમાં નારક જીવોના ૮૦ ભાંગા કહ્યા છે, એ સ્થાનોમાં મનુષ્યના પણ ૮૦ ભાંગા જ સમજવા. જેમ કે નારક જીવોના પ્રકરણમાં એક સમયથી લઇને સંખ્યાત સમય સુધીની વૃદ્ધિવાળી જઘન્ય સ્થિતિમાં, તથા જઘન્ય અવગાહનામાં, તથા સંખ્યાતપ્રદેશાધિક જઘન્ય અવગાહનામાં અને મિશ્રદષ્ટિમાં ૮૦ ભાંગા બતાવવામાં આવ્યા છે, એજ રીતે મનુષ્ય પ્રકરણમાં પણ એ એ સ્થાનોમાં ૮૦ ભાંગા જ થાય છે. તથા મિશ્રદષ્ટિમાં નારકોના જેમ ૮૦ ભાંગા કહ્યા છે તેમ મનુષ્યોના પણ મિશ્રદષ્ટિમાં ૮૦ ભાંગા જ સમજવા. નારકોની એક સમયાધિક આદિ જઘન્યસ્થિતિમાં, તથા જઘન્ય અવગાહનામાં જે ૮૦ ભાંગા કહ્યા છે તેનું કારણ એ અવસ્થામાં તેમની અલ્પતા છે તેવી જ રીતે મનુષ્યોમાં પણ અલ્પતા છે તેથી ત્યાં ૮૦ ભાંગા હોય છે. હવે નારક જીવોમાં અને મનુષ્યમાં સર્વથા સમાનતા નથી તે બતાવવાને માટે સૂત્રકાર નીચેનું સૂત્ર કહે છે—"जेसु ठाणेसु सत्तावीसं तेसु अभंगयं" જે સ્થાનોમાં નારકોના ૨૭ ભાંગા કહ્યા છે. તે સ્થાનોમાં મનુષ્યના ભાંગા થતા નથી. નારકોના ૨૭ ભાંગાઓનાં સ્થાન જઘન્ય સ્થિતિ, અસંખ્યાત સમયાધિક જઘન્ય સ્થિતિ વગેરે છે, એવી જઘન્યસ્થિતિ સિવાયના બીજા સ્થલે મનુષ્ય સંબંધમાં ભંગાભાવ સમજવો. કારણ કે નારક જીવોમાં ક્રોધનો ઉદય અધિકતર રહે છે. તેથી તે નારકોનાં એવાં સ્થાનોમાં ક્રોધાદિ કારણવાળા ૨૭ ભાંગા જ કહેવા ઠીક છે. પરન્તુ મનુષ્યોમાં તો પ્રત્યેક એટલે ક્રોધ, માન માયા, તથા લોભ એ માટેના ઉપયોગવાળા મનુષ્યો ઘણા જ હોય છે. તેથી તેમના કષાય ઉદયમાં કોઇ ફેરફાર હોતો નથી. તે કારણે મનુષ્યના તે સ્થાનોમાં ભાંગાઓનો અભાવ હોય છે. (नवरं मणुस्साणं अब्भहियं जहण्णियठिईए ) પરન્તુ માણસોની જઘન્યસ્થિતિમાં વિશેષતા છે. " જે સ્થાનોમાં નારકોના ૮૦ ભાંગા કહ્યાં છે તે સ્થાનોમાં મનુષ્યોના પણ ૮૦ જ ભાંગા થાય છે તથા જે સ્થાનોમાં નારકોના ૨૭ ભાંગા કહ્યા છે, તે સ્થાનોમાં મનુષ્યોમાં ભાંગાઓનો અભાવ હોય છે" આ પ્રમાણે કહ્યું છે નારકોની અપેક્ષાએ મનુષ્યોમાં કેવળ એજ વિશેષતા છે કે મનુષ્યોમાં જઘન્ય સ્થિતિમાં ૮૦ ભંગ છે જ્યારે નારકોમાં જઘન્ય સ્થિતિમાં ૮૦ ભાંગા નથી ત્યાં તો તેમના ૨૭જ ભાંગા છે. નારકો કરતાં મનુષ્યમાં એ જ વિશિષ્ટતા છે (आहारए असीई भंगा) આહારક શરીરમાં ૮૦ ભાંગા છે. આ આહારકશરીર

મનુષ્યોનેજ હોયછે અને આહારકશરીરવાળા મનુષ્ય અલ્પ હોયછે. તે કારણે ૮૦ભાંગા કહ્યા છે. નારક જીવોને આહારક શરીર હોતું નથી. તેથી નારકો કરતાં મનુષ્યોમાં આ પણ એક વિશિષ્ટતા હોય છે. સામાન્ય રીતે મનુષ્યસૂત્રો અને નારકસૂત્રોમાં શરીર, સંઘયણ, સંસ્થાન, અને લેશ્યા આ ચાર સ્થાનોની અપેક્ષાએ તથા જ્ઞાનદ્વારની અપેક્ષાએ વિશેષતા છે. તે વિશેષતા હવે બતાવવામાં આવે છે. હે પૂજ્ય ! અસંખ્યાત મનુષ્યાવાસોમાં રહેતા મનુષ્યોનાં કેટલાં શરીર કહ્યાં છે? હે ગૌતમ ! તેમનાં પાંચ પ્રકારના શરીર કહ્યાં છે (૧) ઔદારિક (૨) વૈક્રિય, (૩) આહારક (૪) તૈજસ અને (૫) કાર્મણ હે પૂજ્ય! અસંખ્યાત ઔદારિક શરીરોમાં રહેનારા મનુષ્યો શું ક્રોધોપયુક્ત હોય છે૪? ઇત્યાદિ. હે ગૌતમ ! તેઓ ક્રોધોપયુક્ત પણ હોય છે ? માન, માયા અને લોભયુક્ત પણ હોય છે. આ પ્રકારનાં પ્રશ્ન સૂત્રો અને ઉત્તરસૂત્રો બધા પ્રકારનાં શરીરો વિષે બનાવી લેવા. અહીં વિશેષતા એટલી જ છે કે આહારક શરીરમાં અલ્પતા હોવાને કારણે ૮૦ ભાંગા થાય છે એજ પ્રમાણે સંહનનદ્વારમાં પણ સૂત્રોની રચના કરી લેવી. પણ અહીં જે વિશેષતા છે તે નીચેના પ્રશ્નસૂત્ર અને ઉત્તરસૂત્રમાં બતાવી છે. હે પૂજ્ય ! મનુષ્યને કેટલા પ્રકારનાં સંઘયણ હોય છે ? હે ગૌતમ ! તેમને છ પ્રકારનાં સંઘયણ હોય છે. તે છ પ્રકારો આ પ્રમાણે છે વજ્રઋષભનારાચ સંઘયણથી લઇને છેવટ્ઠુ સંઘયણ સુધીના છ સંઘયણો કહેવા જોઈએ. એજ પ્રમાણે સંસ્થાનદ્વારમાં મનુષ્યોનાં છ સંઠાણ કહ્યાં છે. સમચઉરંસ સંઠાણથી લઈને હુંડસંઠાણ સુધીના સંઠાણો અહીં સમજવા. એજ પ્રમાણે લેશ્યા દ્વારમાં મનુષ્યોને છ લેશ્યાઓ કહી છે. તે છ લેશ્યાઓ કૃષ્ણલેશ્યાથી લઇને શુકલલેશ્યા સુધીની સમજવી તથા જ્ઞાનદ્વારમાં પણ સૂત્રની આ પ્રમાણે રચના થવી જોઈએ." मणुस्साणं भंते ! कइ णाणा पण्णत्ता ! હે પૂજ્ય ! મનુષ્યોને કેટલાં જ્ઞાન કહ્યાં છે ? " गोयमा! पंच-तंजहा-आभिणिबोहियणाणं जाव केवलणाणं" હે ગૌતમ ! મનુષ્યોને આભિનિબોધિક ( મતિ ) જ્ઞાનથી લઈને કેવળજ્ઞાન સુધીના પાંચજ્ઞાન હોય છે. તેમાં કેવળજ્ઞાન સિવાયના ચાર જ્ઞાનમાં કષાયોની બહુલતાને લઇને ભાંગાઓનો અભાવ હોય છે, જ્યારે કેવળજ્ઞાનમાં કષાયોનો ઉદયજ હોતો નથી. કારણ કે તે કેવળજ્ઞાન સમસ્ત કષાયોનો ક્ષય થયા પછી જ પ્રકટ થાય છે. તેથી કષાયાભાવના કારણે ત્યાં ભાંગાઓનો અભાવ છે એવું સમજવું. ॥સૂ.-૧૦॥

## વાનવ્યન્તર આદિકો કે સ્થિતિસ્થાન આદિ કા વર્ણન

### વાણવ્યંતરાદિપ્રકરણ

હવે સૂત્રકાર વાણવ્યંતર આદિ દેવોનાં સ્થિતિસ્થાન વગેરેનું વર્ણન કરવાને માટે સૂત્ર કહે છે-"वाणमंतर" ઇત્યાદિ ( वाणमंतर-जोइस-वेमाणिया जहा भवणवासी ) ભવનપતિ દેવોનાં દસ સ્થાનોનું જેવું વર્ણન કર્યું છે એવુંજ વર્ણન વાણવ્યંતર જ્યોતિષી અને વૈમાનિક દેવોનું પણ સમજવું જે સ્થાનોમાં અસુરાકુમારાદિના ૮૦ભાગા

કહ્યા છે. તે સ્થાનોમાં વાણવ્યંતરાદિના પણ ૮૦ જ ભાંગા સમજવા. અને જ્યાં અસુરકુમારાદિના ૨૭ ભાંગા કહ્યા છે. ત્યાં વાણવ્યંતરાદિના પણ ૨૭ ભાંગા સમજવા. નારકાદિના પ્રકરણમાં ક્રોધને પ્રધાન ગણીને અને માન, માયા અને લોભને ગૌણ ગણીને તેમાં એકવચન અને બહુવચનની અપેક્ષાએ ભાંગાઓની રચના કરવામાં આવે છે, પણ વાણવ્યંતરાદિમાં લોભને પ્રધાન ગણીને અને માયા, માન અને ક્રોધને ગૌણ ગણીને, અને લોભને નિયમથી બહુવચનમાં રાખીને અને ક્રોધ, માન, માયાને એકવચન તથા બહુવચનમાં રાખીને ભાંગાઓની પ્રરૂપણા કરવી જોઈએ. સામાન્ય રીતે ભવનવાસી લોભકષાયવાળા હોય છે તેથી તે બાબતમાં ભવનવાસી દેવો સાથે વ્યંતર દેવોની સમાનતા છે. પરન્તુ જ્યોતિષ્ક દેવોની તેમની સાથે સમાનતા નથી. તે કારણે ભવનવાસી દેવોની સાથે જ્યોતિષ્કોની સર્વથા સમાનતાના પરિહાર માટે સૂત્રકાર કહે છે.—**णवरं णाणत्तं जाणियव्वं जं जस्स जाव अणुत्तरा ।** કે જેની સાથે જે વિષયમાં ભિન્નતા હોય તે શાસ્ત્રાનુસાર અનુત્તરવિમાન સુધી સમજવી, તાત્પર્ય એ છે કે જ્યોતિષ્ક દેવો અને વૈમાનિક દેવો વચ્ચે જે જે દ્વારમાં ભિન્નતા હોય તે ભિન્નતાને શાસ્ત્રના આધારે સમજીને તેમના વિષેના સૂત્રો કહેવાં જોઈએ. લેશ્યાદ્વારમાં આ પ્રમાણે સમજવું જ્યોતિષ્ક દેવોને કેવળ તેજોલેશ્યા જ હોય છે, જ્ઞાનદ્વારમાં આ પ્રમાણે સમજવું જ્યોતિષ્ક દેવોને ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન પણ હોય છે. અહીં વિભંગજ્ઞાન હોવાનું કારણ એ છે કે અસંજ્ઞી જીવોનો ઉપપાત "જન્મ" ત્યાં થતો નથી. તે કારણે અપર્યાપ્તાવસ્થામાં પણ વિભંગજ્ઞાન હોય છે. વૈમાનિક દેવોને તેજોલેશ્યા વગેરે ત્રણ લેશ્યા હોય છે. તેમને ત્રણ જ્ઞાન અથવા ત્રણ અજ્ઞાન હોય છે. વૈમાનિક સૂત્રો આ પ્રમાણે બોલવાં જોઈએ,—"**संखेज्जेसु णं भंते! वेमाणियावाससयसहस्सेसु एगमेगंसि वेमाणियावासंसि केवइया ठिइट्ठाणा पण्णत्ता ?**" ઈત્યાદિ. એ વાત "**जाव वेमाणिया**" એ સૂત્ર મારફત બતાવી છે. હવે ઉદ્દેશકનો ઉપસંહાર કરતાં સૂત્રકાર કહે છે કે "**सेवं भंते ! सेवं भंते ! त्ति जाव विहरइ**" હે પૂજ્ય ! નારકોથી શરૂ કરીને વૈમાનિકો સુધીના જીવોના સ્થિતિસ્થાનાદિના વિષયમાં આપે કહ્યા પ્રમાણે જ તમામ હકીકત છે અને તે હે પૂજ્ય ! બરાબર છે. તથા આપનું કહેવું સાચું જ છે. અહીં "**सेवं भंते !**" નો બે વાર ઉલ્લેખ કરીને મહાવીરસ્વામીમાં ગૌતમે પોતાનો અતિશય આદર તથા અતિશય શ્રદ્ધા પ્રકટ કરેલ છે. આ પ્રમાણે કહીને મહાવીર પ્રભુને વંદણા અને નમસ્કાર કરીને, સંયમ અને તપથી આત્માને ભવિત કરતા ગૌતમસ્વામી વિચારવા લાગ્યા.

॥ જૈનાચાર્ય જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજકૃત ભગવતીસૂત્રની પ્રિયદર્શિનીવ્યાખ્યાના પહેલા શતકનો પાંચમો ઉદ્દેશક સમાપ્ત ॥૧-૫॥

---

**॥ श्री भगवतीसूत्रे प्रथमशतकस्य प्रथमोद्देशतः पञ्चोद्देशात्मकः प्रथमोभागः समाप्तः ॥**

---